# કલામે
# ઇમામે મુબીન

અને

## મૌલાના હાઝર ઇમામના
## મુબારક ફરમાનો

૧

This page left blank for printing purpose



નુર સુલતાન મોહમ્મદ શાહ આગાખાન

This page left blank for printing purpose

# કલામે ઇમામે મુબીન

યાને

મૌલાના હાઝર ઈમામના

## મુબારક ફરમાનો

FOR CIRCULATION AMONGST IMAMI ISMAILIS ONLY

# KALAM E IMAM E MUBIN

## HOLY FIRMANS OF

## MOWLANA HAZAR IMAM SULTAN MOHOMED SHAH

## THE AGAKHAN

(FROM 1885 A. D. TO 1910 A. D.)

# 1

BOMBAY
ISMAILIA ASSOCIATION FOR INDIA.

1950

ફક્ત ઈમામી ઈસ્માઇલીઓ માટે

# કલામે ઇમામે મુબીન

યાને

અવ્વલ ઈમામ હઝરત મૌલા મુરતુઝા અલીથી નસલ બ નસલ
ઉતરી આવેલા ઇમામતના ૪૮ મા જેમાના ધણી

## મૌલાના હાજર ઈમામ
## નુર સુલતાન મોહમ્મદ શાહ આગાખાન સાહેબના
# મુબારક ફરમાનો

(ઇ. સ. ૧૮૮૫ થી ૧૯૧૦ સુધીના)

# ૧

મુંબઈ
ઈસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડીયાનું
પ્રકાશન.
૧૯૫૦

હદિયો

આવૃતિ પહેલી
પ્રત ૩૦૦૦

હિન્દ, પાકિસ્તાન, બરમા રૂા. ૪–૦–૦
પોસ્ટેજ પેકીંગ ખર્ચના રૂા. ૦–૧૪– જુદા
આફ્રિકા વગેરે પોસ્ટેજ પેકીંગ ખર્ચ સાથે શી. ૧૦


●


ALL RIGHTS RESERVED

આ પુસ્તકના સર્વે હક પ્રગટકર્તાએ પોતાને સ્વાધિન રાખેલ છે


★


છાપી પ્રગટ કરનાર:
ઈસમાઇલી એસોસિએશન ફોર ઈન્ડીયા વતી
પ્રેસ એન્ડ પબ્લીસીટી ડીપાર્ટમેન્ટના ઓન. સેક્રેટરી,
મી **વી. એન. હુદા** ઈસમાઇલી પ્રિન્ટીંગ પ્રેસ, ભીમપુરા,
ડોંગરી–મુંબઇ, ૯.

# દીબાચો

## કલામે ઇમામે મુબીનનો બુલંદ મરતબો

*

**"દરેક ચીજ જાહેર ઇમામમાં સમાવેલી છે."**

—કુરઆને શરીફ, સુરા ૩૬, આયાત ૧૨

**"હે લોકો ખરેખર તમારા પરવરદિગાર તરફથી સાબિતી આવી છે અને અમે તમારી તરફ જાહેર નુર મોકલ્યું છે."**

—કુરઆને શરીફ, સુરા ૪, આયાત ૧૭૫.

હકતઆલાએ જગતની ઉત્પત્તિ કરી તેના પહેલાના ઝમાનાથી તે હ૦ આદમ અ૦ની ઉત્પતિ સુધી અને હ૦ આદમ અ૦ થી આખર ઝમાનાના નબી હ૦ મહમદ મુસ્તફા સ. અ. સ. સુધી અને તેમની પછી પહેલા ઇમામ મૌલા મુરતુઝાઅલીથી તે હાલના ૪૮માં ઇમામ હક મૌલાના નુર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામ સુધી, તેમનામાં રહેલું હિદાયતી ખુદાઇ નુર મૌજુદ હતું, મૌજુદ છે અને દુનિયાના અંત સુધી મૌજુદ રહેશે. આ ખુદાઇ કોલ છે.

આ માટે ખુદાતઆલાએ ફરમાવ્યું છે:

**"તે પહેલો અને છેલ્લો અને ઝાહેર અને બાતિન છે અને તે સર્વે ચીજ જાણનાર છે."**

કુરાને શરીફ, સુરા ૫૭ આયાત ૩.

દુનિયાને હિદાયત કરી રાહે રાસ્ત ઉપર ચાલવા સમજ આપનાર હાદી-ઇમામે ઝમાન વગર દુનિયા એક પળ વાર પણ ખાલી નથી રહેતી. આ માટે હ૦ રસુલે કરીમે હદીસમાં ફરમાવ્યું છે:

**"ખુદાતઆલા તરફની હુજ્જત (સાબિતી) વગર જમીન કદિ પણ ખાલી રહેતી નથી."**

આ વિષયનું વર્ણન કરતાં મહાન દાઇ નાસીર ખુશરૂ લખે છે:

"એ સમજવાની જરૂર છે કે ઇમામ દીનના રાજા છે અને લોકોની ભલાઇ અને ધાર્મિક જીંદગીના ફાયદા માટે પોતાને યોગ્ય લાગે એવા ફેરફારો તે કરે છે. તેની કુદરત, અતિ મહાન અને સમજમાં નહીં ઉતરી શકે એવા અતિ ગુઢ, ભેદી પ્રદેશ અને અચળ અને અચુક આજ્ઞાઓના ડહાપણ સાથે સંબંધ રાખે છે કારણ કે તે આસમાન અને પૃથ્વીનું કેન્દ્ર છે અને તેના વગર પૃથ્વી ટકી શકતી નથી."

ઈસ્માઈલી મુરીદોની આ સૌથી મોટી ખુશકિસ્મતી છે કે તેમના ઉપર ઝમાનાના ઈમામ મોહબ્બત રાખે છે અને પોતામાં રહેલા હિદાયતી ખુદાઇ નુર વડે દોરવણી આપે છે.

આ વિષે ખુદાતઆલાએ ફરમાવ્યું છે:

**"ખુદા જેના ઉપર ચાહના રાખે છે તેને પોતાના નુર વડે હિદાયત કરે છે."**

—કુરઆને શરીફ, સુરા ૨૪, આયાત ૩૫.

ઇમામે ઝમાનની જરૂરત અને ફઝિલત માટે ખુદાવંદતઆલાએ કુરઆને શરીફમાં, નબી સાહેબે હદીસમાં અને મહાન આલીમો, વિચારકો, સંતો અને પીરોએ પોતાની કૃતિઓમાં અસંખ્ય જગ્યાએ ઉલ્લેખ કરી એનું મહત્વ દુનિયાને સમજાવેલું છે.

"ઝમાનાના ઇમામ વગર પૃથ્વી એક પળ પણ ખાલી રહે નહીં," એ હદીસમાં આખી ખુદાઇ ફિલ્સુફીનો અર્ક સમાવી દેવામાં આવ્યો છે.

આટલી આટલી ખુલ્લી સાબિતીઓ છતાં જે શખ્સો પોતાને વધુ ડાહ્યા અને અકલમંદ ગણાવી ખુદાની "હુજ્જત"–ઈમામે ઝમાન વિરૂધ્ધ, લોકોના કાનોમાં ઝેર રેડે છે તેમના માટે ખુદાવંદતઆલાએ ફરમાવ્યું છે:

**"અને મુનાફિક[1] પુરૂષો અને મુનાફિક સ્ત્રીઓને અને મુશરિક[2] પુરૂષો અને મુશરિક સ્ત્રીઓને તે શિક્ષા કરે છે કે જેઓ ખુદા વિષે દુષ્ટ વિચારો બાંધનારા છે. તેઓ ઉપર દુષ્ટ કાળચક્ર છે અને તેઓના ઉપર ખુદાનો કોપ થયો છે અને તેઓને તેણે લાઅનત કરી છે."**

—કુરઆને શરીફ, સુરા ૪૮, આયાત ૬.

હ૦ ઈમામ જયનુલઆબેદીને ફરમાવ્યું છે:

**"ઈમામે ઝમાનની શનાખત (ઓળખ) એ ખુદાતઆલાની મારિફત છે. ખુદાતઆલાની તાબેદારી કરવા જેટલી જ ફરજ તેના (ઈમામે ઝમાન) તરફ ભકિતભાવ ધરાવવાની છે. કહેલું છે કે 'અને ખુદાતઆલામાંથી (તે છે.)' એ મુજબ આસમાન અને જમીનની હસ્તી છે ત્યાં સુધી ખુદાતઆલાના બંદાઓ ઉપર તેની (ઇમામે ઝમાનની) શનાખત મેળવવાનું અને તેની તાબેદારી કરવાનું વાજબ અને લાઝમ છે."**

---

[1] મુનાફિક–દીનમાં રહી દીનને વગોવનાર. [2] મુશરિક–દીનમાંથી નીકળી જનાર.

આ માટે ખુદાતઆલાએ ફરમાવ્યું છે:

**"તમે જેઓ ઇમાન લાવ્યા છો. તાબેદારી કરો અલ્લાહની, તાબેદારી કરો રસુલની અને તાબેદારી કરો તમારા ઉપર હુકમની સત્તા રાખનારની."**

—કુરઆને શરીફ, સુરા ૪, આયાત ૫૯.

ખુદાઈ ભેદ (મારિફત) જાણવાની ફરજ દરેક ઇન્સાન ઉપર રહેલી છે, કારણ ઇન્સાન જ્યાંથી આવ્યો છે ત્યાં તે પાછો જનાર હોઈ, આ ખુદાઇ ભેદ જાણ્યા વગર તે પોતાને અસલ સ્થાને પાછો પહોંચી શકે જ નહી. ત્યારે ઇન્સાનને આ ખુદાઈ ભેદ–મારિફત જાણવા માટે શું કરવું જોઇયે? આ માટે તેણે ઈમામે ઝમાન કે, જે "અકલે કુલ" છે તેનો દામન પકડી આ મુશકીલ ખુદાઈ ભેદ તેની પાસેથી જાણવો જોઇએ. આ માટે મહાન દાઈ નાસીર ખુશરૂ પોતાની "હફત બાબ" નામની મશહુર કિતાબમાં લખે છે:

"ઇમામની તાબેદારી કરવી તે ખુદાતઆલાની તાબેદારી કર્યા બરાબર છે– **તેની તાબેદારી કરવાની ફરજ ખુદાતઆલાના દરેક બંદાઓ ઉપર રહેલી છે.** કુરઆને શરીફ (સુરા ૫૧ આયાત ૫૬)માં ફરમાવેલું છે: 'જીન અને માણસો મારી બંદગી કરે તે શિવાય બીજા કારણ માટે મેં તેઓને પેદા કર્યા નથી,' એથી ખુદાતઆલાની બંદગી કરનાર તેની મારિફત મેળવવા બંધાયેલો છે અને ખુદાતઆલાની મારિફત મેળવવી એ ઘણી જ અઘરી બાબત છે. આનો સાચો, આસાન અને પહેલો રસ્તો બીજા કોઇ પાસેથી તાલીમ લેવાનો છે."

આ તાલીમ આપવા માટે દરેક ઝમાનામાં ઈમામ હાજર અને કાયમ હોય છે જેને મજબુતીથી પકડી રાખવા ખુદાતઆલાએ ફરમાવ્યું છે:

**"અને તમે સઘળા ખુદાઇ રસ્સીને મજબુતીથી પકડી રાખો અને જુદા પડી જાઓ નહિં."**

—કુરઆને શરીફ, સુરા ૩, આયાત ૧૦૩.

આ ખુદાઇ રસ્સી, આ હુજ્જતે પરવરદિગાર, ઝમાનાના ઇમામ નુર મૌલાના સુલતાન મોહમ્મદશાહના પવિત્ર મુખ મુબારકમાંથી, જેમના ઉપર તેમની ચાહના છે એવા એમના ઇસમાઇલી મુરીદોની દીની અને દુન્યવી ઉન્નતિ માટે તેઓ નામદારે જે મુબારક ફરમાનો કરેલાં છે તેનો આ સંગ્રહ છે.

દુનિયાનાં લોકોને દોરવણી આપવા માટે હમેશા ખુદાવંદતઆલાનું હિદાયતી નુર દુનિયામાં મૌજુદ રહે છે. બદલાતા જતા વખતના વહેણમાં તણાઇ જઈ જમા-

નાનાં લોકો મુંઝવણમાં ન પડી જાય કે ગુમરાહ ન થઇ જાય એ માટે અને ગુમરાહ થઇ ગયેલાઓને સીધા રસ્તા ઉપર યાને સિરાતિમ મુસ્તકીમ પર લાવવા માટે હિદાયત કરનાર હાદી દુનિયામાં હમેશાં મૌજુદ હોય છે. કારણ ખુદાવંદતઆલાની જ આ ઇચ્છા છે. અને તેથી જ ખુદાવંદતઆલાએ ફર્માવ્યું છે:

**"દરેક ચીજ જાહેર ઇમામમાં સમાવેલી છે."**

—કુરઆને શરીફ, સુરા ૩૬, આયાત ૧૨.

આ ખુદાઇ કોલ ઉપરથી સાબીત થાય છે કે **જાહેર ઇમામ** એ "અકલે કુલ" છે જેનાથી કોઇ ચીજ અજાણી નથી અને જે ઇમાન લાવનારાઓને હમેશા દોરવણી આપી રહ્યો છે.

આ ઉપરથી સમજદાર ઇન્સાનો હઝરત નબી મોહમ્મદ મુસ્તફા સ. અ. વ.ની આ હદીસનો અર્થ અને મર્મ સમજી શકશે:

**"જો ઝમાનાના ઇમામ વગર દુનિયા એક પળ વાર પણ ખાલી રહે તો તે હલાક થઇ જાય."**

આ ઝમાનાના ઈમામ, આ હાદી, આ "અકલે કુલ," આ "ખુદાઇ રસ્સી," આ ખુદાઈ સાબિતી (હુજ્જત)નુ દામન દુનિયાના ઇસમાઇલીઓના હાથમાં આવ્યું છે એ તેમની બેહદ ખુશનસીબી છે. આવા સહબરની દોરવણી ઇસમાઇલીઓને હમેશા મળી રહી છે જેથી તેઓ દીની અને દુન્યવી તરક્કી કરી રહ્યાં છે.

ઈસ્માઇલીઓ અને બીજા લોકો વચ્ચે આ તફાવત છે.

મનુષ્યને દુનિયામાં એટલા માટે મોકલવામાં આવ્યો છે કે તે ધર્મના માર્ગે મોક્ષ-નજાત મેળવે. પરંતુ ધર્મ એ અગાધ મહાસાગર જેવો છે. આ મહાસાગર તરીને પાર ઉતર્યા શિવાય મુકિતને પામી શકાતું નથી. મનુષ્યની એકલાની તાકાત નથી કે તે પોતાની મેળે આ વિશાળ દરિયો પાર કરી શકે. એ માટે એને નાવિકની-રાહબરની જરૂર છે. એ રાહબર તે ખુદાઇ કોલ મુજબ ઝમાનાના ઈમામ છે. ઝમાનાના ઈમામે પોતાના વ્હાલા મુરીદો, આ ધર્મમાર્ગ રૂપી દરિયો સહેલાઇથી પાર કરી શકે તે માટે જે પવિત્ર વાણી ઉચ્ચારી છે તે આ ફરમાનો છે.

જેઓ પોતાની ધર્મની આંખો ખુલ્લી રાખી, ઈમાન ઉપર મુસ્તકીમ રહી, પોતાને નસીબ થયેલા ઈમામ રૂપી હીરાને વળગી રહેશે તેમના માટે પીર સતગુરનુરે ગીનાન શરીફમાં ફરમાવ્યું છે:

**હીરલો આવ્યો તારા હાથમાં**
**જો જો વીરા જ્ઞાન વિચારી—**

અર્થાત: અમુલ્ય હીરો તમારે હાથ આવ્યો છે, માટે જ્ઞાનના બળ વડે વિચાર કરી તેને સાંચવજો.

ખુદાવંદતઆલાએ જુદા જુદા વખતની અને જુદા જુદા દેશોની જરૂરત પ્રમાણે તે તે વખતે અને તે તે સ્થળે, દુનિયાના લોકોને દોરવણી આપવા પયગમ્બરો અને કિતાબો મોકલી છે જેનો ફાયદો જુદા જુદા ઝમાનાના લોકોએ ઉઠાવ્યો છે પરંતુ ખુદાએ પોતાની કુદરતથી દુનિયાને પ્રગતિશાળી બનાવી છે અને જેમ જેમ ઝમાનો પ્રગતિ કરતો ગયો તેમ તેમ ખુદાતઆલા ઝમાનાની જરૂરત પ્રમાણે નબીઓ અને પયગમ્બરોને લોકોને દોરવણી આપવા દુનિયા ઉપર મોકલતો ગયો જેથી પ્રગતિ કરી રહેલા ઝમાનાને રૂકાવટ ન થાય અને બદલાતા જતા ઝમાનામાં લોકોને વિચાર કરવામાં અને સમજવામાં મુશ્કીલી ન થાય.

ઝમાનો નિરંતર બદલાતો જાય છે અને લોકો સામે **નવા નવા પ્રશ્નો અને મુશ્કીલીઓ ઉભી થતી રહે છે જેને નિવારવા પુરાણી ગોઠવણો અપુરતી છે.**

**નવા સવાલોનો ઉકેલ જુના જવાબોમાંથી શોધવામાં દુનિયાના જુદા જુદા મઝહબના લોકો અટવાઈ ગયા છે અને મુઝવણમાં પડી ગયા છે અને જ્યારે સંપુર્ણ ઉકેલ નથી સુઝતો ત્યારે પુરાણા નિયમોની દીવાલ ઉભી કરી તેની તારીફ પાછળ પોતાની અપુર્ણતાને છુપાવવાની કોશીષ કરી રહ્યા છે.**

આ માટે ગીનાન શરીફમાં ફરમાવેલું છે:

"કાલે ભોજન જે જમ્યા, તેનાં આજ શા વખાણ?" (પીર શમ્સ)

વિતી ગયેલ ઝમાનાને જરૂરની દોરવણી વખતો વખત અપાઇ હતી. આજે ઝમાનો જુદો છે. આજે લોકોને દોરવણી આજના ઝમાના માટે જોઇએ છે. આજે આપેલી દોરવણી, આવતી કાલ માટે પણ કદાચ ઉપયોગી ન રહે તે માટે નુર મૌલાના સુલ્તાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું છે:

**"મારા રોજના ફરમાન છે, જે છેલ્લું ફરમાન થાય તે પ્રમાણે ચાલજો."**

—(કલામે ઇમામે મુબીન. સીંધ હૈદ્રાબાદ તા. ૨૬-૨-૧૯૦૦ પા. ૧૨૫)

ઇસ્માઇલી મઝહબની આ ખુબી છે, આ વિશેષતા છે. બાકી જેઓ પાસે આ સત્યધર્મ-હકીકતી મઝહબ અને પોતાના રાહબરને જોવા માટે ખરી ધર્મભાવનામાં રંગાયેલી આંખો નથી તેઓ માટે રાહબર-ઇમામે ઝમાન-નુરમ મુબીન નજીક હોવા છતાંએ દુર છે.

આવાઓ માટે પીરે ગીનાન શરીફમાં ફરમાવ્યું છે:

"આપે સમકુ દેખન હય. પણ અંધેકે મન દુર રે."

અને પીર તાજદીને પણ આ વિષે ગીનાન શરીફમાં ફરમાવ્યું છે:

"અંધલેકુ ચંદર યારા નજર ન આવે, કહેણા સોએ ન પતીજે."

અર્થાત, આંધળાને ચાંદ દેખાતો નથી અને તેને તે વિષે કહેવાથી પણ તેના માનવામાં આવતું નથી.

૪૮માં ઈમામ હક મૌલાના સુલતાન મોહમ્મદશાહ આગાખાન સાહેબે, ઇ. સ. ૧૮૮૫માં પોતાની ફકત આઠ વર્ષની વયથી કે જ્યારે તેઓ નામદાર ઇમામતની ગાદી ઉપર તખ્તનશીન થયા ત્યારથી તે અત્યાર સુધીમાં (ઇ. સ. ૧૯૫૦) અનેક વિષયો ઉપર માર્ગદર્શક અમુલ્ય ફરમાનો કર્યા છે તેને જુદી જુદી જગ્યાએથી એકઠાં કરી, ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડીયાએ પ્રગટ કરવાનું કાર્ય હાથ ધર્યું છે, જેમાંનો આ પહેલો સંગ્રહ છે.

આ ફરમાનોનો સંગ્રહ તૈયાર કરવા માટે જુદા જુદા સમયે છપાયેલા ફરમાનના પુસ્તકો ઉપરાંત ઘણી જુની હસ્તલિખિત ચોપડીઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાંથી કેટલાક ફરમાનો જે અત્યાર સુધી અપ્રકટ રહેલા હતા તે લેવામાં આવ્યા છે.

છેવટમાં, આ ફરમાનોને તપાસી જવા માટે અને કિમતી સલાહ આપવા માટે મુંબઇ દરખાનાના મુખી રાઈ મહેદીભાઇ રજબઅલી મેવાવાળાનો અને મી. હાસમઅલી ચીફ વઝીર કાસમઅલી હસનઅલી ઝવેરીનો અંતઃકરણપુર્વક આભાર માનુ છું.

મુંબઇ,
તા. ૧૪-૯-૫૦

**ગુલામહુસેન એસ. થાવરભાઇ**
પ્રેસિડેન્ટ,
ઇસ્માઇલીઆ એસોસિએશન ફોર ઇન્ડીઆ.

# સાંકળીયું



| ફરમાન નંબર | ગામનું નામ | તારીખ | પાનું |
|---|---|---|---|
| ૧ | મુંબઇ | ૧—૯—૧૮૮૫ | ૧ |
| ૨ | ,, | ૮—૯—૧૮૮૫ | ૬ |
| ૩ | ,, | ૨૫-૯—૧૮૮૫ | ૧૧ |
| ૪ | ,, | ૧૫-૧૦-૧૮૮૫ | ૧૨ |
| ૫ | ,, | ૧૭-૧૦-૧૮૮૫ | ૧૫ |
| ૬ | ,, | ૧૦-૫—૧૮૮૯ | ૧૭ |
| ૭ | ,, | ૨૭-૪—૧૮૯૧ | ૨૩ |
| ૮ | ,, | ૧—૪—૧૮૯૩ | ૨૬ |
| ૯ | ,, | ૩—૪—૧૮૯૩ | ૨૮ |
| ૧૦ | ,, | ૪—૪—૧૮૯૩ | ૩૦ |
| ૧૧ | ,, | ૫—૪—૧૮૯૩ | ૩૪ |
| ૧૨ | ,, | ૧૨-૪—૧૮૯૩ | ૩૬ |
| ૧૩ | ,, | ૧૪-૪—૧૮૯૩ | ૩૮ |
| ૧૪ | મંજેવડી | ૨૦-૧૨-૧૮૯૩ | ૪૨ |
| ૧૫ | ,, | ૨૫-૧૨-૧૮૯૩ | ૪૩ |
| ૧૬ | ,, | ૨૭-૧૨-૧૮૯૩ | ૪૬ |
| ૧૭ | ,, | ૨૮-૧૨-૧૮૯૩ | ૫૧ |
| ૧૮ | ,, | ૨૯-૧૨-૧૮૯૩ | ૫૬ |
| ૧૯ | ,, | ૩૦-૧૨-૧૮૯૩ | ૫૮ |
| ૨૦ | ,, | ૩૧-૧૨-૧૮૯૩ | ૫૯ |
| ૨૧ | ,, | ૨—૧—૧૮૯૪ | ૬૪ |
| ૨૨ | મુંબઇ | ૪—૨—૧૮૯૪ | ૬૬ |
| ૨૩ | ગુઆધર | ૧૦-૧૨-૧૮૯૪ | ૬૭ |
| ૨૪ | અમદાવાદ | ૧૨-૨—૧૮૯૬ | ૭૧ |
| ૨૫ | ,, | ૧૪-૨—૧૮૯૬ | ૭૩ |
| ૨૬ | ,, | ૧૬-૨—૧૮૯૬ | ૭૪ |
| ૨૭ | મુંબાઈ | ૨૩-૬—૧૮૯૬ | ૭૭ |
| ૨૮ | સીંધ હૈદરાબાદ | ૯—૨—૧૮૯૮ | ૭૯ |

| ફરમાન નંબર | ગામનું નામ | તારીખ | પાનું |
|---|---|---|---|
| ૨૯ | જંગબાર | ૨૮-૬—૧૮૯૯ | ૭૯ |
| ૩૦ | ,, | ૨૯-૬—૧૮૯૯ | ૮૦ |
| ૩૧ | ,, | ૧—૭—૧૮૯૯ | ૮૦ |
| ૩૨ | ,, | ૪—૭—૧૮૯૯ | ૮૨ |
| ૩૩ | ,, | ૫—૭—૧૮૯૯ | ૮૪ |
| ૩૪ | ,, | ૧૦-૭—૧૮૯૯ | ૮૭ |
| ૩૫ | ,, | ૧૧-૭—૧૮૯૯ | ૮૮ |
| ૩૬ | ,, | ૧૩-૭—૧૮૯૯ | ૮૮ |
| ૩૭ | ,, | ૨૯-૭—૧૮૯૯ | ૯૪ |
| ૩૮ | ,, | ૩૦-૭—૧૮૯૯ | ૯૫ |
| ૩૯ | ,, | ૨૦-૮—૧૮૯૯ | ૯૮ |
| ૪૦ | ,, | ૩૧-૮—૧૮૯૯ | ૧૦૧ |
| ૪૧ | ,, | ૨—૯—૧૮૯૯ | ૧૦૬ |
| ૪૨ | ,, | ૭—૯—૧૮૯૯ | ૧૦૭ |
| ૪૩ | ,, | ૯—૯—૧૮૯૯ | ૧૦૯ |
| ૪૪ | ,, | ૧૧-૯—૧૮૯૯ | ૧૧૧ |
| ૪૫ | ,, | ૧૩-૯—૧૮૯૯ | ૧૧૪ |
| ૪૬ | સીંધ હૈદરાબાદ | ૧૩-૨—૧૯૦૦ | ૧૨૦ |
| ૪૭ | ,, | ૧૯-૨—૧૯૦૦ | ૧૨૧ |
| ૪૮ | ,, | ૨૬-૨—૧૯૦૦ | ૧૨૪ |
| ૪૯ | ,, | ૨—૩—૧૯૦૦ | ૧૨૭ |
| ૫૦ | જામનગર | ૪—૪—૧૯૦૦ | ૧૨૮ |
| ૫૧ | ,, | ૪—૪—૧૯૦૦ | ૧૩૦ |
| ૫૨ | ,, | ૬—૪—૧૯૦૦ | ૧૩૫ |
| ૫૩ | ,, | ૭—૪—૧૯૦૦ | ૧૪૦ |
| ૫૪ | ,, | ૯—૪—૧૯૦૦ | ૧૪૦ |
| ૫૫ | ,, | ૧૪-૪—૧૯૦૦ | ૧૪૧ |
| ૫૬ | ,, | ૧૫-૪—૧૯૦૦ | ૧૪૩ |
| ૫૭ | ,, | ૧૯-૪—૧૯૦૦ | ૧૪૮ |
| ૫૮ | સુરત | ૧૨-૧૦ ૧૯૦૩ | ૧૪૯ |

| ફરમાન નંબર | ગામનું નામ | તારીખ | પાનું |
|---|---|---|---|
| ૫૯ | અમદાવાદ | ૧૩-૧૦-૧૯૦૩ | ૧૫૧ |
| ૬૦ | સિધ્ધપુર | ૧૪-૧૦-૧૯૦૩ | ૧૫૪ |
| ૬૧ | ” | ૧૫-૧૦-૧૯૦૩ | ૧૫૫ |
| ૬૨ | ” | ૧૬-૧૦-૧૯૦૩ | ૧૫૬ |
| ૬૩ | વઢવાણ કેમ્પ | ૧૮-૧૦-૧૯૦૩ | ૧૫૭ |
| ૬૪ | ” | ૧૯-૧૦-૧૯૦૩ | ૧૬૧ |
| ૬૫ | રાજકોટ | ૨૧-૧૦-૧૯૦૩ | ૧૬૬ |
| ૬૬ | ” | ૨૩-૧૦-૧૯૦૩ | ૧૭૧ |
| ૬૭ | ” | ૨૪-૧૦-૧૯૦૩ | ૧૭૨ |
| ૬૮ | ગોંડલ | ૨૬-૧૦-૧૯૦૩ | ૧૭૪ |
| ૬૯ | મંજેવડી | ૩૧-૧૦-૧૯૦૩ | ૧૭૪ |
| ૭૦ | ” | ૧-૧૧-૧૯૦૩ | ૧૭૮ |
| ૭૧ | ” | ૨-૧૧-૧૯૦૩ | ૧૭૮ |
| ૭૨ | ” | ૩-૧૧-૧૯૦૩ | ૧૮૧ |
| ૭૩ | ” | ૪-૧૧-૧૯૦૩ | ૧૮૪ |
| ૭૪ | ” | ૫-૧૧-૧૯૦૩ | ૧૮૪ |
| ૭૫ | ” | ૬-૧૧-૧૯૦૩ | ૧૮૭ |
| ૭૬ | ” | ૮-૧૧-૧૯૦૩ | ૧૮૮ |
| ૭૭ | જામનગર | ૧૨-૧૧-૧૯૦૩ | ૧૮૮ |
| ૭૮ | કચ્છ મુંદ્રા | ૧૬-૧૧-૧૯૦૩ | ૧૮૯ |
| ૭૯ | ” | ૧૭-૧૧-૧૯૦૩ | ૧૮૯ |
| ૮૦ | ” | ૨૧-૧૧-૧૯૦૩ | ૧૯૨ |
| ૮૧ | ” | ૨૨-૧૧-૧૯૦૩ | ૧૯૫ |
| ૮૨ | કચ્છ ભદ્રેસર | ૨૩-૧૧-૧૯૦૩ | ૨૦૦ |
| ૮૩ | કચ્છ નાગલપુર | ૨૫-૧૧-૧૯૦૩ | ૨૦૨ |
| ૮૪ | ” | ૨૬-૧૧-૧૯૦૩ | ૨૦૮ |
| ૮૫ | ” | ૨૭-૧૧-૧૯૦૩ | ૨૦૯ |
| ૮૬ | ” | ૨૮-૧૧-૧૯૦૩ | ૨૧૧ |
| ૮૭ | ” | ૨૯-૧૧-૧૯૦૩ | ૨૧૯ |
| ૮૮ | કચ્છ કેરા | ૧-૧૨-૧૯૦૩ | ૨૨૧ |

| ફરમાન નંબર | ગામનું નામ | તારીખ | પાનું |
|---|---|---|---|
| ૮૯ | કચ્છ કેરા | ૨—૧૨-૧૯૦૩ | ૨૨૧ |
| ૯૦ | ગુઆદર | ૩—૪—૧૯૦૫ | ૨૨૩ |
| ૯૧ | ” | ૪—૪—૧૯૦૫ | ૨૨૪ |
| ૯૨ | ” | ૫—૪—૧૯૦૫ | ૨૨૫ |
| ૯૩ | જંગઆર | ૧૫-૮—૧૯૦૫ | ૨૨૬ |
| ૯૪ | ” | ૧૬ ૮—૧૯૦૫ | ૨૨૭ |
| ૯૫ | ” | ૧૭-૮—૧૯૦૫ | ૨૨૮ |
| ૯૬ | ” | ૧૮-૮—૧૯૦૫ | ૨૩૦ |
| ૯૭ | ” | ૨૨-૮—૧૯૦૫ | ૨૩૩ |
| ૯૮ | ” | ૨૩-૮—૧૯૦૫ | ૨૩૬ |
| ૯૯ | ” | ૨૩-૮—૧૯૦૫ | ૨૩૬ |
| ૧૦૦ | ” | ૨૪-૮—૧૯૦૫ | ૨૩૮ |
| ૧૦૧ | ” | ૨૫-૮—૧૯૦૫ | ૨૪૦ |
| ૧૦૨ | ” | ૨૬-૮—૧૯૦૫ | ૨૪૧ |
| ૧૦૩ | ” | ૨૯ ૮—૧૯૦૫ | ૨૪૨ |
| ૧૦૪ | ” | ૨૯-૮—૧૯૦૫ | ૨૪૨ |
| ૧૦૫ | ” | ૩૦-૮—૧૯૦૫ | ૨૪૪ |
| ૧૦૬ | ” | ૧—૯—૧૯૦૫ | ૨૪૪ |
| ૧૦૭ | ” | ૧—૯—૧૯૦૫ | ૨૪૫ |
| ૧૦૮ | ” | ૨—૯—૧૯૦૫ | ૨૪૮ |
| ૧૦૯ | ” | ૨—૯—૧૯૦૫ | ૨૪૯ |
| ૧૧૦ | ” | ૩—૯—૧૯૦૫ | ૨૫૦ |
| ૧૧૧ | ” | ૪—૯—૧૯૦૫ | ૨૫૦ |
| ૧૧૨ | ” | ૫—૯—૧૯૦૫ | ૨૫૧ |
| ૧૧૩ | ” | ૫—૯—૧૯૦૫ | ૨૫૩ |
| ૧૧૪ | ” | ૮—૯—૧૯૦૫ | ૨૫૩ |
| ૧૧૫ | ” | ૮—૯—૧૯૦૫ | ૨૫૪ |
| ૧૧૬ | ” | ૯—૯—૧૯૦૫ | ૨૫૪ |
| ૧૧૭ | ” | ૧૩-૯—૧૯૦૫ | ૨૫૫ |
| ૧૧૮ | ” | ૧૪-૯—૧૯૦૫ | ૨૫૫ |

| ફરમાન નંબર | ગામનું નામ | તારીખ | પાનું |
|---|---|---|---|
| ૧૧૯ | જંગબાર | ૧૫-૯—૧૯૦૫ | ૨૫૮ |
| ૧૨૦ | ” | ૧૭-૯—૧૯૦૫ | ૨૬૦ |
| ૧૨૧ | ” | ૧૭-૯—૧૯૦૫ | ૨૬૩ |
| ૧૨૨ | ” | ૧૮-૯—૧૯૦૫ | ૨૬૬ |
| ૧૨૩ | નૈરોબી | ૩—૧૦-૧૯૦૫ | ૨૬૮ |
| ૧૨૪ | ” | ૪—૧૦-૧૯૦૫ | ૨૬૮ |
| ૧૨૫ | ” | ૬—૧૦-૧૯૦૫ | ૨૭૫ |
| ૧૨૬ | ” | ૩૧-૧૦-૧૯૦૫ | ૨૮૫ |
| ૧૨૭ | મોમ્બાસા | ૧૪ ૮—૧૯૦૫ | ૨૮૮ |
| ૧૨૮ | ” | ૨—૧૧-૧૯૦૫ | ૨૯૧ |
| ૧૨૯ | ” | ૪—૧૧-૧૯૦૫ | ૨૯૨ |
| ૧૩૦ | ” | ૫—૧૧-૧૯૦૫ | ૨૯૩ |
| ૧૩૧ | ” | ૭—૧૧-૧૯૦૫ | ૨૯૩ |
| ૧૩૨ | ” | ૯—૧૧-૧૯૦૫ | ૨૯૫ |
| ૧૩૩ | ” | ૧૦-૧૧-૧૯૦૫ | ૨૯૫ |
| ૧૩૪ | ” | ૧૧-૧૧-૧૯૦૫ | ૨૯૬ |
| ૧૩૫ | ” | ૧૨-૧૧-૧૯૦૫ | ૨૯૭ |
| ૧૩૬ | ” | ૧૨-૧૧-૧૯૦૫ | ૨૯૮ |
| ૧૩૭ | પુના | ૧૫-૯—૧૯૦૫ | ૨૯૯ |
| ૧૩૮ | ” | ૧૮-૨—૧૯૦૬ | ૩૦૧ |
| ૧૩૯ | મુંબઇ | ૨૮ ૧૨-૧૯૦૭ | ૩૦૩ |
| ૧૪૦ | ” | ૯—૧—૧૯૦૮ | ૩૦૪ |
| ૧૪૧ | પુના | ૧૨-૧—૧૯૦૮ | ૩૦૫ |
| ૧૪૨ | મુંબઇ | ૮—૩—૧૯૦૮ | ૩૦૬ |
| ૧૪૩ | ” | ૩૦-૩—૧૯૦૮ | ૩૦૭ |
| ૧૪૪ | ” | ૪—૪—૧૯૦૮ | ૩૦૮ |
| ૧૪૫ | પુના | ૨૮-૬—૧૯૦૮ | ૩૦૯ |
| ૧૪૬ | રાજકોટ | ૨૦-૨—૧૯૧૦ | ૩૧૦ |

| ફરમાન નંબર | ગામનું નામ | તારીખ | પાનુ |
|---|---|---|---|
| ૧૪૭ | જંગબાર | ૬--૭-- ૮૯૯ | ૩૧૩ |
| ૧૪૮ | " | ૭—૭—૧૮૯૯ | ૩૧૩ |
| ૧૪૯ | " | ૯—૭—૧૮૯૯ | ૩૧૪ |
| ૧૫૦ | " | ૧૪—૯-૧૮૯૯ | ૩૧૫ |
| ૧૫૧ | " | ૧૬--૯-૧૮૯૯ | ૩૧૯ |
| ૧૫૨ | " | ૧૮--૯-૧૮૯૯ | ૩૨૫ |
| ૧૫૩ | બાગામોયા | ૨૦--૯-૧૮૯૯ | ૩૨૭ |
| ૧૫૪ | " | ૨૧--૯-૧૮૯૯ | ૩૨૮ |
| ૧૫૫ | " | ૨૨--૯-૧૮૯૯ | ૩૩૨ |
| ૧૫૬ | દારેસ્સલામ | ૨૬--૯-૧૮૯૯ | ૩૩૪ |
| ૧૫૭ | " | ૨૭--૯-૧૮૯૯ | ૩૩૫ |
| ૧૫૮ | " | ૨૮--૯-૧૮૯૯ | ૩૪૧ |
| ૧૫૯ | " | ૨૯--૯-૧૮૯૯ | ૩૪૩ |
| ૧૬૦ | " | ૨૯--૯-૧૮૯૯ | ૩૪૫ |

# કલામે ઇમામે મુબીન

## હાઝર ઈમામના ફરમાનો

———:o:———

ફરમાન ૧ લું.

મુંબઇ તા. ૧ લી સપ્ટેમ્બર ૧૮૮૫ શુક્રવાર.

હક્ક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામ**, તા. ૧૭–૮–૧૮૮૫ ને વાર સોમવારના લગભગ આઠ વર્ષની વયે **ઇમામતની મસનદ** પર બિરાજમાન થયા પછી, લગભગ પંદર દિવસ બાદ પોતે શ્રી મુંબઇના દરખાને પધારી, તખ્ત ઉપર બિરાજી, જમાતને દિદાર આપી ફરમાવ્યું:–

"હે જમાતો! તમે અમને નાના નહિ સમજજો. અમે આલે રસુલ છીએ અને અમારા દાદા હઝરત અમીરૂલ મોમનિન છે અને અમારા દાદી ખાતુને જન્નત હઝરત બીબી ફાતિમા છે. અમે અલી અને નબી બન્નેના નુર છીએ. ઉમરમાં જો કે નાના તો છીએ; પણ મોટા છીએ. હઝરત મૌલા મુર્તઝાઅલી નાના હતા, મગર પોતાની જવાન વયે ખયબરનો કિલ્લો ફતેહ કર્યો હતો અને કિલ્લાના દરવાજાને બાઇ ઉપર પકડી રાખી સઘળા લશ્કરને તેના ઉપરથી પસાર કરાવ્યું અને જીબરા નામના કાફરને મારી નાખ્યો હતો."

"જાહેરીમાં તેઓ ઘરમાં જવની રોટલી ખાતા હતા, પણ બહાર પહાડોને ચીરી ટુકડે ટુકડા કરી નાખતા હતા અને એક પલકમાં

આખી દુનિયાને છેડે જઇ પહોંચતા હતા અને જે કોઇ મૌલા મુર્તઝાઅલી પાસે તલબ કરતો તેની ઉમેદ પુરી કરી મુશ્કિલ આસાન કરતા હતા. અમે તે મુર્તઝાઅલીની ઔલાદ છીએ. અમારૂં ફરમાન તમે પોતાના દિલમાં રાખજો."

"હઝરત ઇમામ ઝયનુલ આબેદીન પણ ઉમરમાં નાના હતા, મગર કુવ્વત અને ઇલ્મમાં મુર્તઝાઅલી જેવા હતા. અમારૂં નુર પણ તેઓથી ચાલ્યું આવે છે; અને અલીનું નુર હમેશાં દુનિયામાં કાયમ રહે છે. આ આખર ઝમાનો છે, તેમાં જેઓ ઇમાનદાર છે તેઓને પોતાના ઝમાનાના ઇમામની કુદરત અને કરામતો જોવામાં આવશે; પણ જેઓ અધુરા દિલવાળા છે તેઓ, ઝાહેર કરામતો જોશે તો પણ તેને ખોટી કરીને સમજશે. જેઓએ પયગમ્બર, નબી અને ઇમામની કુદરત અને કરામતોને માની નથી તેઓની મિસાલ આંધળા માફક છે. આંધળાને જો આરસી તેમજ ઠીકરી આપીએ તો તે બન્નેની માએના સરખી છે."

"અધુરા મનવાળા અમને પોતાના જેવા સમજે છે. ઝાહેરીમાં અમે દરવેશી અખત્યાર કરી બેઠા છીએ, પણ ખુદાવંદતઆલાની દરગાહમાં બુઝુરગી પામેલા છીએ; સબબ, અમે પયગમ્બરની આલ છીએ. અમારા ઘરની તારીફો, અને કુદરત જેઓ ઇલ્મમાં વાકેફગાર છે તેઓ સમજશે, અધુરા ઇમાનવાળાઓને અમારા ઉપર બીલકુલ વિશ્વાસ નહિ આવશે. જેઓ આવા છે તેઓ અમને વ્હાલા કેમ લાગે? તેઓ પોતાને નુકસાન કરશે; અમને બીલકુલ કાંઇ નહિ થશે."

"તે સિવાય અધુરા દિલવાળા સમજે છે કે અમારો મુરશિદ નાણાં લીએ છે; તેઓની આવી સમજણ ગલત છે. અમે આલે રસુલ દરવેશ છીએ. તમે પોતાની ખુશી સાથે અમને જે આપશો તે અમે લેશું, પણ તમને નારાજ કરી લેવાવાળા નથી. તમે પોતાની લાયકી સમજી જે અમને રાજીખુશીથી આપો છો તે અમને મીઠું લાગે છે. જો તમે સચ્ચાઇ અને યકીનથી અમને આપશો તો આખરતમાં એકના

સવા લાખ મળશે અને દુનિયામાં પણ તેનો ફાયદો તમને હાંસલ થશે. પણ જો અધુરા દિલથી આપશો તો તમારા પૈસા વ્યર્થ જશે અને અમારા તરફથી પણ તે માટે ફાયદો નહિ મળશે. તેવાઓના પૈસા અમે વાપરતા નથી, જેમ આવે છે તેમ તે ચાલ્યા જાય છે. જેમ કાંટાના ઝાડમાંથી અથવા ખાટાં ફળોવાળા ઝાડમાંથી, ખાટાં ફળોની પેદાશ થાય છે તેવીજ રીતે તેનો બદલો પણ તેને તેવોજ મળે છે."

"સાચા ઇમાનદાર મોમનોનું નાણું બૈતુલ માલમાં દાખલ થાય છે. તેમાંથી ગરીબો માટે ઇલ્મની પરવરીશ, અમારા રસોડાનો ખર્ચ અને અમારા પહેરવાના વસ્ત્રો અમે બનાવીએ છીએ. તેવા ઇમાન-દારોનો પૈસો સારા કામોમાં વાપરવામાં આવે છે, તથા તેમાંથી બીજા ઘણાં બાતુની ફાયદાઓ થાય છે, જે માટે અમે હાલ કહેવા માંગતા નથી. પરંતુ, તમે એમ નહિ સમજતાં કે દેવા વગર છુટકો થશે. દુનિયાના સઘળા ધર્મોમાં દેવાનું છે, પણ ઇસ્લામ ધર્મમાં પણ ત્રણ રીતે દેવાનું છે:

(૧) ઉશ્ર અલ્લાહુ, જે કુરઆનમાં છે. તે દશોંદ માટે ફરમાવેલ છે અને અરબસ્તાનમાં બધા પાસે તેઓના હાકેમ લેતા હતા.

(૨) ખુમ્સ, પાંચમો હિસ્સો જે ઇમામનો છે.

(૩) ઝકાત, ફકિરો અને મિસ્કીનો માટે છે.

ઉપરના સઘળા હુકકો અમારા છે અને અમે તેમાંથી, જેઓ હકદાર છે તેઓને પહોંચતા કરીએ છીએ. આ ખુદાઇ ફરમાન તમારા ઉપર અનાદી કાળથી છે. અગાઉના જે રાજા થઇ ગયા છે તેઓએ પણ આ હુકમમાં ફેરફાર કર્યો નથી, તો હાલ કોઇ ફેરફાર કરવા માગે તો કેમ થઈ શકે?"

જો હાકમનો હિસ્સો હાકમનો હક છે તો અમે તમારા હાકેમ છીએ. જે ઇમામીયા ફિરકો છે તેના અમે અસલથી હાકમ છીએ અને ઉલ્માઓ આ બાબત કિતાબોમાં વાંચતા હશે."

"અમારા બુઝુર્ગવાર પિતાશ્રીએ ફરમાવ્યું છે કે, જ્યારે અમે હાકમ હતા, ત્યારે તમારા તરફ પીર મોકલી તમને ધર્મમાં દાખલ કરતા હતા અને પીરોએ આ બાબતનો ઈલ્મમાં ફેંસલો કર્યો છે, જે ગીનાનોમાં મોજુદ છે."

હે જમાતો! જુઓ હવે આ બધી બાબતો અને દાખલા દલીલોથી, કિતાબ અને કુરઆન ઉપરથી અમારો હક તમારા ઉપર સાબીત છે. જો અમારો હક આપશો તો સારૂં, નહિતો કયામતના દહાડે તમને આપવો પડશે; માટે આ બાબતનું ખુબ ધ્યાન કરો અને અમારો હક આપો, નહિ તો ઘણુ પસ્તાશો."

અસલ અમે જમાતોને "દરવેશ"નો લકબ આપતા હતા, પરંતુ ઘણુઓને દરવેશનો લકબ પસંદ નહિ પડતાં, અમે ખાસ આ કારણે તે કાઢી નાખેલ છે."

ત્યાર બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું :—

"અમે, તમો સઘળી જમાતને દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમે સઘળી જમાત, બાઇ ભાઈ, નાના મોટા અમારા ફરઝંદો છો, અમારી આંખો છો, દુનિયામાં અમે તમને નેકીનો રસ્તો દેખાડીએ છીએ, માટે તમે કદી પણ અમારા ઘરને ભુલતા નહિ અને બેદિલી કરતા નહિ. અમારૂં ઘર આલે રસુલનું ઘર છે અને અમે તેની આલ છીએ, જેની કિતાબ કુરઆનમાં સાબીતી છે."

"જેઓ ઇસ્નાશરીઓમાં જાય છે તે મઝહબ અમારો નથી. તેઓ અમને ઓળખતા નથી. ત્યાં જઇને ભુલ નહિ ખાતાં. તેઓ મોઢેથી કહે છે, "ઇમામ દુનિયામાં હાઝર કાયમ જોઇએ." ઇમામ વગર દુનિયા ખાલી નથી, ઈમામ દુનિયા ઉપર જરૂર જોઈએ, પણ તેઓ સમજતા નથી. તેઓ એક બાજુ નબીની આલની તારીફ કરે છે અને બીજી બાજુ કહે છે કે ઇમામ બાર સિવાય બીજો ઈમામ નથી."

"તેઓ એટલું પણ સમજતા નથી-વિચાર કરતા નથી કે ૧૦૦૦થી ૧૨૦૦ વર્ષ થયા શું ઈમામ ત્યાં બેસી રહયા હશે? તેઓ ઈમામને "સાહેબે ઝમાન" તરીકે તો સંબોધે છે; પણ તેઓ તેનો અર્થ નથી સમજતા, અને જ્યારે તે ઈમામ જગતમાં મૌજુદ નથી તો પછી તેને "સાહેબે ઝમાન"નો લકબ કેમ આપી શકાય? ઇમામ દુનિયામાં મૌજુદ હોવોજ જોઈએ. દુનિયાનો આધાર ઇમામ છે."

બીજું અમને હદીસો જાહેર કરવાની નથી. જો કે તે હદીસો જાહેરમાં મોજુદ છે, પણ તેના અર્થ કોઇ સમજી શકતું નથી. કેટલાક આલીમો એ હદીસોના અર્થ જાહેર કરી સમજાવે છે કે ઈમામની આલ આ દુનિયામાં છે, તે બાતુનમાં છે. તે આલમાંથી ઈમામ મહેદી પ્રગટ થશે, તેના બાપનું નામ અબ્દુલ્લાહ હશે, તેનું પોતાનું નામ મોહમ્મદ હશે. તે આખરતમાં પેદા થશે અને જગત ઉપર એકજ ધર્મ સ્થાપશે, તેને ઓળખવાવાળા સાચા મોમન હશે. તેઓની પાસે ઇમામે ઝમાન આખરતમાં પ્રગટ થશે. આખર ઝમાનામાં પણ તેવા મોમન તેના હઝુરી હશે. આવી રીતે હદીસોની માએના કરે છે, મગર તેઓની આંખ આગળ અંધારૂં થઇ પડયું છે, જેથી તેઓ ઈમામને નથી ઓળખતા અને ભુલી ગયા છે."

બીજા કેટલાકોએ મહેદીનો ખોટો દાવો કર્યો છે અને કેટલાકો ભોળપણામાં તેની પાછળ ભુલાવામાં પડયા છે. અમે તમને એટલુંજ ફરમાવીએ છીએ કે તમે તમારૂં ઈમાન સંભાળો અને ખરાં ખોટાનો તોલ કરો, અને તેના માટે તમે તમારા દિલમાં ખાત્રી કરજો કે જેથી સચ્ચાઈ તમારા જોવામાં આવે.

"દરેકે પોતપોતાનું ઈમાન સંભાળવું. જે સોનું હશે તેની તેવી કિંમત થશે, ચાંદી હશે તો તેની તેવી કિંમત થશે, તાંબુ અને લોખંડ હશે તો તેની તે પ્રમાણે કિંમત ઉપજશે. પત્થરાની શું કિંમત ઉપજશે? તમે સાચ અને જુઠને ઓળખો. ઇન્શાઅલ્લાહ અમને ઓળખવાવાળા ઝવેરાત છે, જેની એક રતીની કિંમત સોગણી છે. સચ્ચાઈ અને ઈમાનદારી સાથે ચાલજો. ખાનાવાદાન."

## ફરમાન ૨ જું

મુંબઇ તા. ૮મી સપ્ટેમ્બર ૧૮૮૫ બુધવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામ** શ્રી મુંબઇના દરખાને પધારી, તખ્ત ઉપર બિરાજમાન થઇ મુબારક ફરમાનો ફરમાવ્યા :—

"આજે હજનો દિવસ છે અને આ હજની ઇદ કહેવાય છે. જે હાજી લોકો મક્કે હજ કરવા જાય છે તેઓની હજ આ દિવસમાં કબુલ થાય છે. શરીયતી હજ પૈસાદાર માણસો ઉપર વાજબ છે, ગરીબો ઉપર એ હજ વાજબ નથી."

"હાઝર ઇમામ માટેની નિયત અને હુબ વગર કોઇ પણ ચીજ કબુલ થતી નથી, એ કુરઆન અને હદીસોથી પણ સાબીત છે. નબી અને નબીની આલ, જે ગાદી વારસ છે, તેની મહોબ્બત અને હુબ વગર કોઈ ઇબાદત–બંદગી કબુલ થતી નથી.

મોમન જ્યારે આ પ્રમાણેની બાબતો પાળે ત્યારેજ તેની ઇબાદત વિગેરે કબુલ થાય છે :

(૧) હાઝર ઇમામની દોસ્તી.
(૨) રોજીંદી બંદગી.
(૩) નેક આમાલ.
(૪) દશોંદ–માલેવાજબાત.
(૫) માબાપ અને ભાઇઓનો હક.
(૬) પાડોશીના હક.
(૭) સ્ત્રીના વાજબી હક.
(૮) જ્ઞાન આપનાર ઉસ્તાદના હક.
(૯) મુરશિદના હક.

આ ઉપરાંત બીજા ઘણા કાયદાઓ છે તે બરાબર પાળવા જોઈએ.

"જેઓ સાચા હકીકતી મોમનો છે તેઓને ફાયદો થાય છે; પોતાની મેળે થાય છે. દુનિયાને ઢોંગ કરીને દેખાડવાની ઈબાદત વિગેરેને પણ ગુનાહ ગણવામાં આવે છે."

"જેઓને બાતુની હજ કરવી હોય તો તેઓને જરૂરી છે કે ધર્મમાં કાયમ રહે. ઇમામે ઝમાનનો દામન મજબુત પકડે, પોતાના જાત ભાઈઓથી મહોબ્બત કરે, તેઓની સાથે મિઠાશથી વર્તે, દશોંદ –માલેવાજબાત આપે, બાતુની બંદગી કરે, છળકપટ તથા જુઠું બોલવાથી ડરે અને હરામ તથા હલાલને ઓળખે; જેથી તેના ફાયદા અને સવાબો એટલા છે કે તે વર્ણવી શકાતા નથી. અમારા બાપદાદા તમને ફરમાવી ગયા છે તે તમને ખબર છે તેથી અમે લંબાણ કરતા નથી."

"ઈમાન અમુલ્ય વસ્તુ છે અને ધણીને પ્યારી છે. અમારા દાદા હ૦ મૌલા મુર્તઝાઅલીને મોમન નુસેરી "અલ્લાહ" કહેતો હતો, તેને ૭૦ વખત કતલ કરવામાં આવ્યો પણ તેણે "અલી અલ્લાહ" કહ્યા કર્યું પછી હુકમ આવ્યો કે આ સાચો મોમન છે, અને એની ઔલાદ પણ એવી સચ્ચાઈવાળી થશે. આ મોમન અને એની ઔલાદને કયામતમાં પુછાણું નથી. આટલો દરજ્જો તેને તેના ઇમાનના અંગે મળ્યો હતો."

"જેનું ઈમાન ગયું તેનું બધું ગયું. જેનું ઈમાન સલામત રહ્યું તેનું સઘળું સલામત રહ્યું માટે પોતાના ઈમાનમાં ખલલ કદી નહિ નાખશો. આખરના ઝમાનામાં શેતાની ફરેબ ઘણો થાય છે અને અગાઉ પણ થયો છે, તેથી શેતાનની બાજીથી પરહેજ કરો."

"તમો મોમનોને અમોએ અસલથી કોલ આપેલ છે, તેથી આટલું બધું સમજાવીએ છીએ. દશોંદની તમે કબુલાત આપી છે. જે અમારો હક આપશે તે આઝાદ થશે. અસલ આપેલ કોલ મુજબ ખુરાસાનથી તમારા તરફ પીર મોકલાવ્યા હતા, તેઓ તમને ધર્મમાં લાવ્યા અને ઇલ્મ તથા જ્ઞાનની સમજણ આપી મુરીદ બનાવ્યા

અને અમારી સાથે મીલાવ્યા. હક અને નાહકની દલીલ આપી સત્યનો રસ્તો તમને બતાવ્યો. જો તે બાબતોને ભુલી, દિલમાં શેતાની ખતરો લાવશો તો તમારી મરજી. તમને નસિહત કરવાનો અમારો હક છે તેથી ફરમાવીએ છીએ."

"અમે તેથી તમને ફરમાવીએ છીએ કે તમે એમ નહિ કહો કે અમારા મુરશિદ ઈમામ નાના છે અને અમને નસિહત નથી કરતા. અમે તમને જાહેર નસિહતો કરી સંભળાવીએ છીએ. અમે તમને પુરેપુરા ફરમાન કરીએ છીએ. ખાનાવાદાન."

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર આગા સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે દુઆઆશિષ ફરમાવી, ફરમાવ્યું ખાનાવાદાન.

ત્યારબાદ બાઇઓ અને ભાઇઓને દસ્તબોશી કરાવી. આ વખતે બહારગામના ઘણા માણસો આવ્યા હતા. તેઓએ બૈયત કરી યાને કાંગવો ભર્યો. આ પ્રસંગે કેટલાક માણસોની આંખમાંથી ઝાર ઝાર આંસુઓ વહ્યા જતાં હતા અને તેઓ રડતા હતા, તેઓને રડતા જોઈ હાઝર ઇમામે ફરમાવ્યું:—

"તમે શા માટે રડો છો? તમને રડવાનું કારણ શું છે?"

ત્યારે તેઓએ અરજ કરી કે યા સાહેબ! આગા અલીશાહ દાતારની યાદી અમને આવે છે, જેથી દિલગીરી થાય છે.

ત્યારે હાઝર ઇમામે ફરમાવ્યું:

"જમાત પાસે અમે મુર્તઝાઅલીનું નુર હાઝર નાઝર બેઠાં છીએ, તેથી તમારે સાચું યકીન રાખવું જોઇએ. અમે આ દુનિયામાં જામો પહેરીએ છીએ અને ઉતારીએ છીએ પણ, અમારૂં નુર અનાદી કાળથી, "એકજ નુર" ઉતરતું આવે છે તેથી, તમારે એકજ નુરને જોવું જોઈએ. આગા અલીશાહ અને અમારા દાદા તથા તેઓના વડવાઓમાં એકજ "અલીનું નુર" હતું અને અમારામાં પણ તેજ નુર ઉતરી આવેલું છે. અમે તેમના ગાદી વારસ છીએ. નુર હમેશાં હાઝર નાઝર છે, ફકત નામો જુદા જુદા હોય છે. મૌલા મુર્તઝાઅલીની ગાદી કાયમ છે અને કયામત સુધી કાયમ રહેશે. તમો જમાતને કોઇ પણ રીતે દિલગીર થવાનું કારણ નથી. અમે તમારી

પાસે મોજુદ છીએ. તેઓ અને અમારામાં કાંઈ ફરક નથી; જીસમ બદલાવવું પડે છે. માટે આ ઉપરની વાત સાચા ઇમાનદાર મુરીદોએ સમજવી જોઇએ."

"ઈમાનદાર મોમન જો લાખો ગાઉ અમારાથી દુર હોય તો પણ અમે તેની નઝદીક છીએ અને બેઈમાન જો અમારી હુઝુરમાં હશે અને તે બેઇમાન અમને પોતાના જેવો સમજશે તો અમે તેને તેવા પ્રકારની દોસ્તી બતાવીએ છીએ."

"અમે સાચા ઇમાનદારોના છીએ અને ઈમાનદારો અમારા છે, તેથી સાચા ઇમાનવાળા અમારા છે અને અમે તેઓના છીએ. જ્યાં સુધી આ દુનિયામાં હશે અને જ્યારે આકબત તરફ જશે, ત્યારે તે અમારા મોમનો સઘળા અમારી પાસે હશે અને અમે તેઓની પાસે હોઈશું."

"અહિંયા જેઓ એક પાઇ આપશે તેઓ ત્યાં સવાલાખ પાઇ મેળવશે; અને અમને સાચા યકીનથી આપવાવાળા દુનિયામાં પણ સુખી હશે આકબતમાં મોટા દરજ્જાઓ મેળવશે."

તે વખતે કાઠિયાવાડના એક ભાઇએ અરજ કરી કે "યા સાહેબ! ઘણા બે ઇમાન માણસો આપને ખરાબ બોલે છે. એવા માણસોને સજા નથી મળતી." ત્યારે હાઝર ઇમામે ફરમાવ્યું:

"જ્યારે કોઇ અમને ખરાબ બોલે તે વખતે તેને તરત સજા મળે તેમ નથી, પણ અમારી ઇચ્છા થાય ત્યારે જ થઈ શકે છે અને આસ્તે આસ્તે સજા થશે. પહેલે, જેમ અમારા દુશ્મનો અમારી દુશ્મની કરે છે, તેમ તેઓ આગળ વધશે અને તેમના જે ગુનાહો ઓછા છે તે પુરા કરશે. પછી ધીમે ધીમે પૈસો ખુટશે અથવા ઓલાદ બચવા પામશે નહિ; અથવા મુળે ઓલાદ થશે નહિ. એમ ખરાબ હાલતે પહોંચશે અને તે પ્રમાણે ઘણાઓ પહોંચ્યા છે. અમે સબર કરવાવાળા છીએ. સબર અમારી મીરાસ છે. આલે રસુલને

ખરાબ બોલવાવાળા પોતાના ફેજ પર પહોંચે છે. અમો કોઇને ખરાબ નથી કહેતા."

"ઇમામ સાફ આરીસા મિશાલ છે. જે પોતે ખરાબ છે તે અમને હલકું બોલે છે અને પોતાના એબ અમારા ઉપર ચડાવે છે, પણ જે સારા છે તે અમને સારા સમજશે અને અમારી તારિફ કરશે. તમે સઘળા ઈમાનદાર મોમન છો; તેથી અમને સાચા મુરશીદ કરી સમજો છો તેથી તમે, આ દુનિયામાં ગુનાહથી પાક હશો અને આકબતમાં પણ સુખી હશો; અને પોતાની કરેલી કરણીના ફળ પામશો."

"અત્રે દુનિયામાં આંબા વાવશો તો તેમાં આંબા પેદા થશે. જો લિંબડો વાવશો તો લિંબડો પેદા થશે. જેવું વાવશો તેવું લણશો તેમાં કાંઈ પણ શંકા નહિ લાવશો."

"હવે તમે અમને ઓળખો અને અમારી દોસ્તી કરો અને અમારા માટે દિલમાં મહોબ્બત રાખો અને ભલાઇના કામો કરો. ખરાબને ખરાબ નહિ કહેતા તેને ખુદા ઉપર છોડી દીયો. જેઓ અમારા માટે હલકું બોલશે તેવું તેઓ ભોગવશે તમે કોઇનું બુરૂં નહિ બોલશો. આ નેકીની નિશાનીઓ છે તે યાદ રાખજો."

"દુનિયામાં બધા માણસો વણજ વેપાર કરે છે; પણ આ સ્થળ (દુનિયા) પરદેશ છે, જયારે આકબતના તરફ જશે ત્યારે જે કમાંયો હશે તે તેની આગળ આવશે અને જે નુકશાન લઈ જશે તે ત્યાં શરમીદો થશે. આ ફરમાન દિલમાં યાદ કરો અને હમેશાં ભલાઇ કરતા રહો."

"અમે, તમારી પાસે અલી અને નબીના ગાદીવારસ છીએ. અમને જે ખરાબ કહેશે અથવા જુદાઇ રાખશે તેથી અમને કાંઇ ડર નથી; તેમ તેની અમને પરવા નથી. અમારૂં ઘર હમેશાં સબુરનું ઘર છે, તેથી અમે સબર કરતા રહીશું. ખાનાવાદાન."

## ફરમાન ૩ જુ.

મુંબઈ તા. ૨૫ મી સપ્ટેમ્બર ૧૮૮૫ શુક્રવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર આગા સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"ઉમર ઈબ્ને અબ્દે વદ કાફર હતો! તે મૌલા મુર્તઝાઅલી સામે ઘોડા ઉપર સવાર થઇ લડવા માટે આવ્યો હતો. મૌલા મુર્તઝાઅલી, તે કાફરથી કદમાં ઘણાં નાના હોવાથી, તેને શરમ લાગી અને તે ઘોડા ઉપરથી નિચે ઉતરી, મૌલા મુર્તઝાઅલી પાસે આવ્યો, છતાં પણ તે કાફર મૌલા મુર્તઝાઅલીથી ઉંચ્ચો દેખાતો હતો.

(હ.) ઉમરે, પયગમ્બર પાસે અરજ કરી કે, યા રસુલિલ્લાહ! તેની સાથે આપણુને લડાઈ કરવી વાજબ નથી, કારણ કે, તે કાફર ઘણો જોરાવર છે. એક વખત મેં તેની લડાઈ જોઇ હતી, ત્યારે તેની પાસે ઢાલ પણ નહિ હતી. આ વખતે ઢાલને બદલે, એક ઊંટ ઉભો હતો તેને પકડી, તે ઊંટની ઢાલ બનાવી લડયો હતો.

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"તે કેટલો જોરાવર અને બહાદુર હશે? તે કેટલો જોરાવર અને બહાદુર હશે કે જેણે ઊંટના ચાર પગ પકડી તેની ઢાલ બનાવી. ઊંટને પકડવો મુશ્કેલ છે. જયારે તેણે ઊંટને પકડયો ત્યારે તેનામાં કેટલી કુવ્વત હશે? એવો જોરાવર હોવા છતાં, મૌલા મુર્તઝાઅલીએ તે કાફરના એક જ ઝટકે બે ટુકડા કરી નાખ્યા.

અસલ દીન ઈસ્લામની હમેશાં ચડતી છે.

તે કાફર એમ સમજતો હતો કે, મારી બરોબર કોઇ નથી, જેથી તે મૌલા મુર્તઝાઅલી સામે લડવા આવ્યો પરંતુ, મૌલા મુર્તઝાલીએ તેને એક જ ઘામાં ખતમ કરી નાખ્યો.

તે કાફર સાથે બીજા કાફરો પણ હતા અને તેઓ પણ મુર્તઝાઅલીને જીતી શકતા નહિ હતા. આથી તેઓએ વિચાર કર્યો કે એવો કોઇ જબરો છે જે, મુર્તઝાઅલીને જીતી શકે? છેવટે, તે કાફરને મુર્તઝાઅલી સામે લડવા મોકલ્યો હતો. બાદ, જેટલા જેટલાં લડવૈયા મોકલ્યા હતા, તે દરેકના, મુર્તઝાઅલી એક જ ઝટકે બે ટુકડા કરી નાખતા હતા. જુઓ, મુર્તઝાઅલીની બહાદુરી અને મોટાઈ કેવી છે! જેટલા કાફરો આવ્યા તે દરેકને મૌલા મુર્તઝાઅલીએ કતલ કરી નાખ્યા. આખી જહાન મુર્તઝાઅલી સામે લડવા આવે તો પણ જીતી ન શકે.

ઈસ્લામ દીન હમેશાં કાયમ છે અને કાયમ રહેશે. મુર્તઝાઅલીને કોઇ જીતી નહિ શકે. મૌલા મુર્તઝાઅલીને તમે નાના નહિ સમજજો. નાની ઉમરના જોઇને ભુલશો નહિ. તેમનો મર્તબો જુઓ!

મુર્તઝાઅલીના દિદાર કોઇ કરી શકતું નથી, છતાં **ધન ભાગ્ય તમો જમાતના કે દરરોજ મુર્તઝાઅલીના દિદાર કરો છો.**

એક વખત, મુસા પયગમ્બર "કોહે તુર" ઉપર ખુદાના દિદાર કરવા ગયા અને અરજ કરી કે, ખુદા યા! તમારા દિદાર કરાવો?

ત્યારે હુકમ થયો કે, તું પહેલાં મુર્તઝાઅલીના નુરના દિદાર કર, પછી મારા દિદાર કરી શકીશ. તે વખતે મુર્તઝાઅલી બાતુનમાં હતા.

ધન ભાગ્ય તમો જમાતના કે, દરરોજ મુર્તઝાઅલીના દિદાર કરો છો. ખાનાવાદાન.

## ફરમાન ૪ થું.

મુંબઇ તા. ૧૫ ઓકટોબર ૧૮૮૫ ગુરૂવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર આગા સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામની વય ૯ વર્ષની હતી ત્યારે ફરમાવ્યું:—

મૌલા મુર્તઝાઅલીની મોટાઇ જુઓ. એક શખ્સે નબી સાહેબ પાસે જઇને અરજ કરી કે, યા રસુલિલ્લાહ! મને 'હક' દેખાડો?

ત્યારે નબી સાહેબે ફરમાવ્યું કે આ પડદાની પાછળ જઈને જો. જ્યારે તે શખ્સે પડદાની પાછળ જોયું તો મુર્તઝાઅલી નમાઝ પડીને દુઆ માંગતા હતા કે, યા ખુદાવંદ! નબી સાહેબની જે ઉમ્મત છે, તેઓને નજાત આપ. ત્યાંથી તે શખ્સ આ બિના જોઇને નબી સાહેબ પાસે આવ્યો તો નબી સાહેબ પણ ઉંચ્ચા હાથ કરી દુઆ માંગતા હતા કે, યા ખુદાવંદ! જે કોઇ મૌલા મુર્તઝાઅલીની મહોબ્બત રાખે છે તેના ગુનાહ માફ કરો અને તેને દિદાર આપો!"

ત્યાર બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"નબી મોહમ્મદની અગાઉ, મૌલા મુર્તઝાઅલી કુલ્લ નબીયોની સાથે બાતુનમાં હતા અને હ૦ નબી મોહમ્મદ મુસ્તફાના વખતમાં જાહેરમાં ભેગા હતા. અસલ કાંઇ નહિ હતું ત્યારે મુર્તઝાઅલીએ નાનું રૂપ ધારણ કર્યું હતું."

આના સમર્થનમાં મૌલાના હાઝર ઇમામે નિચેનો દાખલો આપતાં ફરમાવ્યું:

"એક વખત એક કદાવર અને જોરાવર દેવ (રાક્ષસ) હતો તે જેને જોતો તેને મારી નાખતો અને લોકોને બહુ સતાવતો હતો.

એક દિવસ, નવ વર્ષની બાળવયમાં મૌલા મુર્તઝાઅલી ચાલ્યા આવતા હતા. રસ્તામાં આ દેવને જોઇને પુછ્યું, કયાં જાય છે? ત્યારે દેવે કહ્યું કે પહેલવાનો સાથે કુસ્તી લડવા જાઉં છું. ત્યારે મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, આવ, મારી સાથે કુસ્તી લડ. ત્યારે દેવે મુર્તઝાઅલીની નાની ઉમર જોઇ જવાબ આપ્યો કે તારા સાથે શું કુસ્તી લડું? તું બચ્ચું છો! હું તો મોટા મોટા પહેલવાનો સાથે કુસ્તી લડું છું. ત્યારે મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, જોઉં તારા હાથમાં કેટલી તાકાત છે! પછી તેનો એક હાથ પકડી તેના ઉપર એટલું બધું જોર આપ્યું કે તે દેવની સઘળી તાકાત ખલાસ થઇ ગઇ અને બીજો હાથ પાછળથી પકડી, ખજુરીના ઝાડના રેસાથી બન્ને હાથ બાંધી દીધા અને ફરમાવ્યું કે, તું તો કહેતો હતો કે

મોટા મોટા પહેલવાનો સાથે કુસ્તી લડું છું, પણ તારામાં આટલું પણ જોર નથી. આમ ફરમાવી મુર્તઝાઅલી તેની નજર આગળથી અદ્રષ્ય થઈ ગયા. આ જોઇ તે દેવ અહિંથી તહિં હાથ છોડાવવા માટે દોડા દોડ કરવા લાગ્યો પણ કોઈ તેના હાથ છોડી શકયું નહિ.

દુનિયામાં જેટલા પયગમ્બરો જાહેર થતા હતા, તેઓની પાસે આ દેવ, પોતાના હાથ છોડાવવા જતો હતો, ત્યારે જવાબમાં તેને એજ કહેવામાં આવતું કે જેણે તારા હાથ બાંધ્યા છે તેજ છોડી શકશે.

જ્યારે આખર જમાનામાં, પયગમ્બર નબી મોહમ્મદ મુસ્તફા દુનિયામાં જાહેર થયા ત્યારે તે દેવે તેમની પાસે આવીને અરજ કરી કે યા નબી સાહેબ! મારા હાથ છોડી આપો? ત્યારે પયગમ્બર સાહેબે ફરમાવ્યું કે તારા હાથ કોણે બાંધ્યા છે? ત્યારે દેવે બનેલી હકીકત કહી સંભળાવી અને કહ્યુ કે દરેક જમાનાના પયગમ્બર પાસે ગયો પણ તેઓએ આપની પાસે જવા કહ્યું અને કહ્યું કે જેણે આ હાથ બાંધ્યા છે તેજ તેને છોડી શકશે. આ બનાવને હજારો વર્ષ વીતી ગયા છે અને હવે હું આપની પાસે આવ્યો છું.

આ સાંભળી નબી સાહેબે ફરમાવ્યું કે જેણે તારા હાથ બાંધ્યા છે તેને જોવાથી તું ઓળખીશ? ત્યારે તે દેવે જવાબમાં 'હા' કહી અને તેના હાથ બાંધનારની સૂરતનું વર્ણન કહી સંભળાવ્યું.

ત્યારે પયગમ્બર સાહેબે મૌલા મુર્તઝાઅલીને બોલાવી લાવવા ફરમાવ્યું.

મૌલા મુર્તઝાઅલી તે સમયે નવ વર્ષની ઉમરના હતા. તેઓ ગુલામના ખંભા ઉપર બેસીને પધાર્યા. મૌલા મુર્તઝાઅલીને જોઈ તે દેવ ધ્રૂજવા લાગ્યો અને કહયું કે આ તેજ બાળક છે કે જેણે મારા હાથ બાંધ્યા હતા. પછી પયગમ્બર સાહેબે મૌલા મુર્તઝાઅલીને ફરમાવ્યું કે આ દેવના હાથ છોડી નાખો અને મુર્તઝાઅલીએ તે દેવના હાથ છોડી નાંખ્યાં.

આ બનાવથી દેવને ઇમાન આવ્યું અને તે મુસલમાન થઇ મુર્તઝાઅલીનો મુરીદ થયો.

તમે જુઓ કે આવો કાફર જેવો દેવ, મુર્તઝાઅલીની કમાલીયત જોઇ તેના ઉપર ઇમાન લાવી મુસલમાન થયો."

## ફરમાન ૫ મું.

મુંબઇ (દરખાના) તા. ૧૭મી ઓકટોબર ૧૮૮૫ શનીવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"કરબલામાં બધી જાતના માણસો હતા, તેમાં કેટલાકો ઇમામ હુસેનને ઇમામ કહેતા હતા."

તેના વિષે મૌલાના હાઝર ઇમામે એક બેત કહી સંભળાવી, જેની મતલબ એ હતી કે:

"ઇમામ! ઇમામ કહેતા હતા પણ પોતાના ઇમામને શહીદ કર્યા."

શીમર પણ ખુદાને યાદ કરતો હતો અને કહેતો હતો કે, હું તમારો બંદો છું, છતાં તેણે પોતાના મૌલાને શહીદ કર્યા.

તે શીમર એમ સમજ્યો કે, ઇમામ પણ અમારા જેવો માણસ છે. એણે ખ્યાલ કર્યો કે મુર્તઝાઅલી ખુદાના હાથ હતા, પણ તે કાંઇ હમણા નથી, કે જેથી અમે ડરીએ?

તે શીમર ન ઓળખ્યો કે ઇમામ હુસેન એજ મુર્તઝાઅલી છે. દુનિયાની લાલચ અને મતલબ ખાતર ભુલી ગયો. આજ પણ, જે હકીકતીએ દુનિયાથી દિલ નથી બાંધ્યું તે ઓળખશે અને તેનું દિલ રોશન થશે. જેને દુનિયાની તલબ છે તે ઓળખશે નહિ.

નમરૂદ, જેમ પોતાને ખુદા કહેવડાવતો હતો, એવો કાંઇ શીમર નહિ હતો. એતો કહેતો હતો કે, હું તો ખુદાનો બંદો છું,

અને ખુદાની ઇબાદત બંદગી પણ કરતો હતો છતાં, હ૦ ઇમામ હુસેનને શહીદ કર્યા; એટલું જ નહિ પણ શહીદ કરવા માટે ઘણી ઉતાવળ કરતો હતો. હ૦ ઈમામ હુસેને ફરમાવ્યું કે, આટલી બધી ઉતાવળ શા માટે કરે છે? ત્યારે શીમરે કહ્યું કે, નમાઝનો વખત થયો છે જેથી, તમને જલ્દી શહીદ કરી નાખી, નમાઝમાં શામીલ થાઉં અને નમાઝ પડું.

નમરૂદ આખી રાત ઈબાદત કરતો હતો છતાં, દિવસના પોતાને ખુદા કહેવડાવતો હતો અને પયગમ્બર સામે લડતો હતો. તેથી તેની ઇબાદત અને નમાઝ શું કામ આવી? કારણ કે તે પયગમ્બરને ઓળખતો નહિ હતો.

આવા લોકો પયગમ્બર અને મુર્તઝાઅલીના ફરઝંદને શહીદ કરે અને વળી કહે કે અમે નમાઝ પડીએ છીએ. પણ આવી નમાઝ કેમ કામ આવે?

**જેને ઇમામની શનાખત છે; હાઝર ઇમામને ઓળખે છે, તેની ઇબાદત કબુલ થશે.**

આ કાંઇ વાજબ નથી કે, ઈમામને શહીદ કરે અને પછી નમાઝ પડે. તે કેમ કામ આવે? આવા લોકો નમાઝ પડતા હતા, પણ તેની નમાઝ કેમ કબુલ થાય?

પયગમ્બર અને હાઝર ઇમામને નહિ ઓળખે તેની નમાઝ કામ નહિ આવે.

આજે પણ જેઓ નમાઝ પડે છે અને પયગમ્બર અને હાઝર ઇમામને નથી ઓળખતા, તેઓની નમાઝ કબુલ થાતી નથી. વળી એમ પણ નથી કે, પયગમ્બર અને હાઝર ઇમામને ન ઓળખે અને નમાઝ પણ ન પડે.

હાઝર ઈમામને ઓળખીને ઈબાદત કરે તેની જ ઇબાદત કબુલ થાય અને કામ આવે અને સઘળું સારૂં થાય. ખાનાવાદાન

ફરમાન ૬ ઠું

તા. ૧૦-૫-૧૮૮૯ શુક્રવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર આગા સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઈમામે ફરમાવ્યું:

આજ રાતના અમે ઈચ્છીએ છીએ યાને અમારી મરજી થાય છે કે પયગમ્બર હઝરત મુસાની હદીસ તમારી પાસે બયાન કરીએ. હ૦ મુસા હતા તે મીમ્બર ઉપર બેસતા હતા અને વાયેઝ કરતા હતા. ઉમ્મત સિવાય બીજા પણ ઘણા લોકો ભેળા થતા હતા. સિત્તેર હજાર તો ફકત પયગમ્બરઝાદા, યાને અસલ જે પયગમ્બર થઈ ગયા તેમના ફરઝંદો ત્યાં સાંભળવા તથા તાલીમ લેવા માટે ભેળા થતા હતા. તેઓ સાંભળતા હતા અને તાલીમ પણ લેતા હતા, યાને શીખતા હતા.

હ૦ મુસા પોતાના મનમાં ઘણી મગરૂરી કરતા હતા અને ખુશી થતા હતા, જે કેટલા બધા માણસો મારા પાસે સાંભળવા માટે આવે છે? તેઓ મનમાં મગરૂર થતા હતા.

હ૦ મુસા જે કિતાબો પડતા હતા અને તેમની પાસે જે કિતાબો હતી, તેના ચાલીશ ઊંટો ભરાતા હતા. હ૦ મુસા પોતે મગરૂર થતા હતા અને પયગમ્બરઝાદાઓને ફરમાવતા હતા કે, જુઓ! ખુદાવંદતઆલાએ મને કેટલી મોટાઈ આપી છે! ખુદા મારા સાથે વાતો કરે છે! હ૦ મુસા એમ નહિ કહેતા હતા કે, જીબ્રાઈલ મને આવીને કહે છે. હ૦ મુસા એમ કહેતા હતા કે, ખુદાવંદતઆલા પોતે, મારા સાથે મોઢાથી વાતો કરે છે. આવી રીતે મુસા પયગમ્બર ગર્વ લેતા હતા.

એક દિવસ હ૦ મુસા વાયેઝ કરતા હતા ત્યારે, એક શખ્સે હ૦ મુસાને પુછ્યું કે, એવો કોઈ શખ્સ છે જે તમારાથી વધુ હોય? યાને ઈલ્મ વધારે જાણતો હોય? હ૦ મુસાએ ફરમાવ્યું કે

મને ખબર નથી. હું નથી જાણતો કે મારાથી કોઈ વધુ હોય. તેજ વખતે જીબ્રાઇલ નાઝીલ થયા અને કહ્યું કે અય મુસા! તમે જાઓ અને તે શખ્સ પાસે ઈલ્મ શીખો, એવો તમારા માટે ખુદાનો હુકમ છે. હ૦ મુસાએ કહ્યું કે કયો શખ્સ? તેને હું ઓળખતો નથી. ત્યારે જીબ્રાઇલે કહ્યું કે, જેટલું ઇલ્મ દુનિયામાં છે તે તમે તે શખ્સ પાસે શીખવા માટે જાઓ. આંગળીથી નિશાની બતાવીને કહ્યું કે, તમે ત્યાં જાઓ. તેની પાસેથી ઇલ્મ શીખો, એવો તમારા માટે ખુદાનો હુકમ છે. હ૦ મુસાએ કહ્યું કે, તે શખ્સને હું ઓળખતો નથી. તેને હું ગોતવા કયાં જાઉં? જીબ્રાઇલે કહ્યું કે તમે ત્યાં જઇને જોશો તો તે ત્યાં છે, અગર તમે ગોતશો તો તમને મળશે.

હ૦ મુસા પોતાના જાંનશીન યુશાને લઈને ચાલ્યા અને હ૦ હારૂનને તખ્ત ઉપર બેસાડયા. તે વખતે જીબ્રાઇલે આવીને કહ્યું કે, અય મુસા! તમને ખુદાનો હુકમ છે કે સાથે એક સુકકી માછલી લઈ જાઓ. તમને તેનાથી હ૦ ખિઝર મળશે. હ૦ ખિઝરને તમે યાદ કરશો તો તમને મળશે અને તમને શીખવશે. આ માછલી જ્યાં જીવતી થાય ત્યાં તે શખ્સને ગોતજો અને જોજો.

હ૦ મુસાએ પોતાની ઉમ્મતને કહ્યું કે, મને ખુદાનો હૂકમ છે કે, "તું ઇલ્મ શીખવાને માટે જા," જેથી હું ઇલ્મ શીખવાને માટે જાઉં છું અને હ૦ હારૂનને તખ્ત ઉપર બેસાડું છું.

હ૦ મુસા, યુશાને સાથે લઇ એક નદી પાસે આવ્યા, તે ઠેકાણે હ૦ મુસાને કુદરતી હાજત થવાથી માછલીને ત્યાં મુકી અને હ૦ યુશાને ત્યાં જ બેસાડી હાજત માટે ચાલ્યા. હ૦ મુસા કુદરતી હાજત માટે હમેશાં ઘણા છેટે જતા હતા, કારણ કે તેમને કોઈ જુએ નહિ.

પાછળથી, પાણીની વાસથી માછલી જીવતી થઈ અને પાણીમાં ચાલી ગઇ. હ૦ મુસા જયારે આવ્યા ત્યારે માછલીને ત્યાં ન જોતાં, હ૦ યુશાને પુછયું કે માછલી કયાં છે? ત્યારે હ૦ યુશાએ માછલીનો

જે બનાવ બન્યો હતો તે કહી સંભળાવ્યો અને કહ્યું કે, તે પાણીમાં ચાલી ગઈ. હ૦ મુસાએ કહ્યું કે એમ કેમ બને? એમ કહીને માછલીને જોવા માટે પાણીમાં ચાલ્યા અને માછલીને પાણીમાં ચાલી જતી જોઈ. હ૦ મુસા તેને પકડવા માટે તેની પાછળ ચાલ્યા ત્યારે પાણી તેમને ખેંચીને નિચે લઇ ગયું. જ્યારે પાણીની નિચે જમીન ઉપર પહોંચ્યા ત્યારે હ૦ મુસાએ નજર કરી તો હ૦ ખિઝરને બંદગીમાં મશગુલ થઈ બેઠેલા જોયા. હ૦ મુસા ત્યાં જઇને ઉભા રહ્યાં. જ્યારે બંદગીમાંથી હ૦ ખિઝર ફારેગ થયા ત્યારે હ૦ મુસાએ સલામ કરી અને હ૦ ખિઝરે સલામનો જવાબ આપી પુછયું કે તમે શા માટે આવ્યા છો? ત્યારે હ૦ મુસાએ કહ્યું કે હું ઇલ્મ શીખવા માટે આવ્યો છું. હ૦ ખિઝરે કહ્યું કે મારૂં ઇલ્મ શીખવાની તમારામાં તાકાત નથી, કે તે તમે શીખી શકો; કારણ કે તમારામાં એટલી સબુરી નથી અને તમે સબુરી કરી શકશો નહિ. હ૦ મુસાએ કહ્યું કે મને તમારી પાસે ઇલ્મ શીખવા માટે ખુદાએ મોકલ્યો છે અને હું ખુદાના હુકમથી આવ્યો છું, તો ખુદા મને સબુરી આપશે.

હ૦ ખિઝર અને હ૦ મુસા બન્ને જણાં ચાલતાં ચાલતાં દરિયા કિનારે પહોંચ્યા. ત્યાં એક કિશ્તી યાને વહાણુ હતું તેમાં બેઠા. જ્યારે કિનારા નજીક આવ્યા ત્યારે હ૦ ખિઝર શું કરે છે તે હ૦ મુસા જોવા લાગ્યા. આ વખતે હ૦ ખિઝર એક વહાણનું પાટીયું કાઢતા હતા અને આખરે પાટીયું કાઢી નાખ્યું. આથી વહાણમાં પાણી ભરાવા લાગ્યું, ત્યારે હ૦ મુસાએ હ૦ ખિઝરને કહ્યું કે, આ શું કર્યું? હમણા પાણી ભરાઈ જશે અને આપણે ડુબી જશું. હ૦ ખિઝરે કહ્યું કે અય મુસા! તમે મને કહ્યું હતું કે હું સબુરી કરીશ, તે તમે ભુલી ગયા? હ૦ મુસાએ કહયું કે, હવે પછી હું નહિ બોલું. હવે હું સબુરી કરીશ.

હ૦ ખિઝર અને હ૦ મુસા બન્ને જણાં કિનારે ઉતરી આગળ ચાલ્યા, ત્યાં એક છોકરો ઉભો હતો. હ૦ ખિઝરે તલવાર કાઢીને તે છોકરાને મારી નાખ્યો. ત્યારે હ૦ મુસાએ કહયું અય ખિઝર! આ

બેગુનાહ છોકરાને શા માટે મારી નાંખ્યો? ત્યારે હ૦ ખિઝરે કહયું કે ફરી તમે ભુલી ગયા? ત્યારે હ૦ મુસાએ આજીજી કરી કહયું કે હવે નહિ પુછીશ. જો હવે પછી હું પુછું તો તમે મને ઇલ્મ નહિ શીખવજો

ત્યાંથી બન્ને જણાં ચાલ્યા અને એક શહેરમાં પહોંચ્યા, અને ભુખ લાગી હોવાથી જમવા માટે ગયા, પણ શહેરમાં કોઇએ તેઓને ખાવાનું આપ્યું નહિ એટલું જ નહિ પણ બન્નેને શહેરમાંથી બહાર કાઢી મુકયા

ત્યાર બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

આ વાત સાચી છે કારણ કે આ વાત કુરઆનની છે. રસુલિલ્લાહે ફરમાવ્યું છે કે એ શહેર ઘણું ખરાબ છે કારણ કે કોઈ પણ મ્હેમાન આવે તો તેને ખાવાનું ન આપતાં શહેરની બહાર કાઢી મુકે છે, જેમ હ૦ મુસા અને હ૦ ખિઝરને કાઢી મુકયા.

પછી હ૦ ખિઝરે, હ૦ મુસાને કહયું કે અહિં આપણને કોઈ ખાવાનું આપશે નહિ, માટે ચાલો આપણે મજુરી કરી, પૈસા કમાવી ખાવાનું લઇએ. ત્યાંથી તેઓ એક શહેરની પાસે પહોંચ્યાં, ત્યાં એક ઘરની ભીંત પડી ગઇ હતી. તે ભીંત હ૦ ખિઝર ઉભી કરવા લાગ્યા અને ભીંત સરખી કરી. હ૦ મુસાએ કહયું આ ભીંત કોની છે? આપણે તેની મજુરી પણ ઠેરાવી નથી, તો તેની મજુરી આપણને કોણ આપશે? પહેલાં, તેના માલિક પાસે મજુરી ઠરાવી ત્યાર બાદ મજુરી કરી હતે તો ઠીક થતે. હ૦ ખિઝરે કહયું કે, તમે તમારા મકાને જાઓ કારણ કે આપણો વાયદો હવે ખલાસ થયો છે. તમે કહયું હતું કે હું હવે સબુરી ન કરૂં તો તમે મને નહિ શીખવજો. તે શરત પ્રમાણે તમારાથી સબુરી ન થઈ અને આપણો વાયદો ખલાસ થયો.

હ૦ ખિઝરે, હ૦ મુસાને કહયું કે તમોએ જે ત્રણ બાબતો જોઈ તેની મતલબ અને ભેદ હું તમને સમજાવું છું અને હ૦ મુસા

સાંભળવા બેઠા. હ૦ ખિઝર કહેવા લાગ્યા કે મેં જે કિશ્તી ભાંગી નાખી, તેનો સબબ એ હતો કે તે કિશ્તી એક ગરીબ માણસની હતી અને અહિંનો બાદશાહ ઝાલીમ હોવાથી, જેની કિશ્તી સારી જોવામાં આવતી તેને વેઠમાં લઈ જતો હતો. અગર હું તેની કિશ્તી ન ભાંગતે તો, તે કિશ્તી બાદશાહ લઈ જતે અને તે ગરીબ માણસ ભુખે મરી જતે.

બીજી બાબતનો ખુલાસો કરતાં હ૦ ખિઝરે કહયું કે, જે છોકરાને મેં મારી નાખ્યો, તેનો સબબ એ હતો કે, તે છોકરાના મા બાપ સારા છે અને આ છોકરો કાફર હતો. જો તે મોટો થયો હોત, તો પોતાના માબાપનું નામ ડુબાવ્યું હોત અને પોતાના માબાપને ઘણું જ દુઃખ આપ્યું હોત, જેથી તેના માબાપને ઘણું જ દુઃખ ભોગવવું પડતે, બલ્કે આખા શહેરને દુઃખ આપતે. તેના માટે તેને મેં મારી નાખ્યો, કે જેથી, બધાને દુઃખ ન થાય.

ત્રીજી બાબતનો ખુલાસો કરતાં હ૦ ખિઝરે કહયું કે, જે ભીંત મેં ઉભી કરી તે યતિમની હતી. તે યતિમ પાસે એટલો પૈસો નથી કે ભીંતની મરામત કરી ઉભી કરી શકે. તેનો બાપ હતો તે ઘણો સારો અને નેક માણસ હતો; તેના બાપનું નામ 'સાલેહ' હતું. સાલેહ નામ ખુદાવંદતઆલાએ રાખ્યું હતું, કારણ કે તે ઘણો સારો હતો અને ઘણાં લોકોના સારા કામો કર્યા હતાં. તેનું અસલ નામ કાસરખાં હતું પણ તે દરેકની જરૂરીયાતો પુરી કરતો હતો તે માટે ખુદાવંદતઆલાએ તેનું નામ 'સાલેહ' રાખ્યું હતું. એ ભીંત તેના છોકરાની હતી. તે ભીંત પડી ગઈ અને તે છોકરા પાસે પૈસો નહિ હતો. વળી તે યતીમ હોવાથી તેની ભીંત મેં ઉભી કરી હતી.

જ્યારે તેનો બાપ સાલેહ ગુજરી ગયો, ત્યારે તેણે પાંચ વસિયતો કરી હતી.

પહેલી વસિયત એ હતી કેઃ

હું અજબ થાઉં છું કે, માણસો કહે છે કે "અમો મરી જશું" છતાં દુનિયામાં ઠઠા, મશ્કરી અને ખુશી મનાવે છે.

બીજી વસિયત એ હતી કે:

જે માણસો સમજે છે કે અમો મરી જશું અને કબરમાં દાખલ થશું છતાં દુનિયામાં પોતાના માટે કેવા મકાનો બંધાવે છે?

ત્રીજી વસિયત એ હતી કે:

હું અજબ થાઉં છું કે, જે માણસો સમજે છે કે આપણા માટે બહેશ્તમાં કેવા સારા મકાનો છે? પણ માણસો તે મેળવવા માટે સવાબના કામો કરતા નથી.

ચોથી વસિયત એ હતી કે:

મને તાજુબી થાય છે કે, માણસો કહે છે કે, ગુન્હા કરવાથી જહન્નમમાં જશું, છતાં ગુન્હા કરે છે.

પાંચમી વસિયત એ હતી કે:

હું અજબ થાઉં કે, માણસો કહે છે કે તૌબા કરવાથી ગુન્હા માફ થાય છે, અને ખુદાવંદતઆલા તૌબા કબુલ કરે છે, છતાં તૌબા કરતાં નથી.

આવી રીતે પાંચ વસિયતો કરી હતી.

હ૦' ખિઝરે, હ૦ મુસાને કહ્યું કે, અય મુસા! તમે મારા કરતાં મોટા છો, પણ તમે મગરૂરી કરી; તેથી ખુદાવંદ આલમીને તમને મારી પાસે મોકલ્યા. બાકી તમે મોટા છો અને તમારૂં ઇલ્મ પણ વધારે છે અને તમે મુરસલ છો; પણ તમે તકબ્બુરી કરી કે મારી પાસે ઇલ્મ ઘણું છે, એમ સમજી તમે ખુશી થતાં હતાં. ખુદાવંદ-તઆલાના કેટલાક બંદા છે, પણ તેઓની પાસે ઇલ્મ નથી અને મારી પાસે ઇલ્મ ઘણું છે એમ સમજી તમે તમારા મનમાં ખુશી રહેતા હતા અને તે માટે તમને અહિં આવવું પડયું.

મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યુઃ

જે વખતે હ૦ ખિઝર, હ૦ મુસા સાથે વાતો કરતા હતા તે વખતે એક પક્ષી આવ્યું અને દરિયામાંથી ચાંચ ભરી ચાલ્યું ગયું. તે સમયે હ૦ મુસાને હ૦ ખિઝરે કહયું કે, તમોએ તે પક્ષીને દરિયામાંથી ચાંચ ભરી ચાલ્યા જતાં જોયું? હવે જુઓ. આ દરિયામાંથી કાંઇ ઓછું થયું?

આ દરીયો છે તે મુર્તઝાઅલી છે; તેમાંથી પક્ષી ચાંચ ભરી ગયું તેથી શું આ દરીયો ઓછો થઈ ગયો? જુઓ, આમાંથી કંઇ ઘટયું પણ નથી અને કાંઈ ખલાસ પણ થયું નથી.

તેવી રીતે મૌલા મુર્તઝાઅલી છે તે ઇલ્મનો દરીયા છે, તેમાંથી જે કોઇ ઇલ્મ મેળવે છે તો તેમાંથી કાંઇ પણ ખલાસ થતું નથી.

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:—

ઈમામ જાફર સાદીકે ફરમાવ્યું હતું કે, જો મુસા પયગમ્બરે સબુરી કરી હોત, તો સિ-તેર બાબતો હ૦ ખિઝરે હ૦ મુસાને બતાવી હોત, પણ સબુરી ન કરવાથી માત્ર ત્રણ બાબતો જોઇ.

## ફરમાન ૭ મુ

તા. ૨૭–૪–૧૮૯૧ સોમવાર

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર આગા સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"કુલ્લ જમાતને પુછું છું કે અલહમદો લિલ્લાહ તમે બધા સારી પેઠે છો?

"હવે અમે તમને ઇબાદતનું ફરમાન કરીએ છીએ હમેંશા ખુદાની ઈબાદત કરજો. આ રમઝાનમાં પણ ઘણી ઈબાદત કરજો. હરપળ, હર સાયત ખુદાને યાદ કરવા જોઇએ, ભુલી જવા જોઇએ નહિ. અગર તમે ભુલી ગયા હો, અને ગાફલ થઇ ગયા હો, તો અમે તમને યાદ આપીએ છીએ કે કેવી રીતે ઈબાદત કરવી?

"કોઇ મુસલમાન થયો તો મોટો થયો નથી. અગર તમે ખોજા થયા તો એવા વિચાર નહિ કરો કે અમે બહેસ્તમાં જઇશું. ઇબાદત બંદગી કરશો તો બહેશ્તમાં જશો.

ખુદાના દરબારમાં, જે કોઈ ઇબાદત બંદગી નહિ કરે, તેની આગળ કેવી હાલત થશે તે તમોને સંભળાવું છું. કયામતનો દિવસ થશે ત્યારે આ છ ટોળાવાલા ગુન્હેગારોને એવી આકરી અને કારમી સજા થશે કે તેઓ ત્રાહી ત્રાહી પોકારશે.

પહેલું ટોળું એ કે, જેણે ખુદાની ઇબાદત બંદગી નથી કરી, અગર જીંદગીમાં એક વખત પણ ખુદાની ઇબાદતનો વખત ભુલી ગયો હોય;

બીજું ટોળું એ કે, જેણે હક અને ઝકાત આપી નથી, અગર, એક ચોખાનો દાણો ઝકાત વગરનો રહી ગયો હોય;

ત્રીજું ટોળું એ કે, જેણે શરાબ પીધો હોય, અગર એક ટીપું પણ શરાબનું પીધું હોય અને તૌબા કરી ન હોય અને ગુજરી ગયો હોય;

ચોથું ટોળું એ કે, જેણે સુદ યાને ભારે વ્યાજ પોતાના દીનભાઇઓ પાસેથી ખાધું હોય;

પાંચમું ટોળું એ કે, જેણે પોતાના માબાપના બેહાલ કર્યા હોય અને તેની ખરદાસ ન કરી હોય, અગર એક વખત પણ માબાપને રંજાડયા હોય;

છઠ્ઠું ટોળું એ કે, ખુદાને યાદ કરવાની જેજગ્યા હોય, યા ઇબાદત બંદગીની જગ્યા હોય, ત્યાં કોઇ પણ વાત દુનિયાની કરી હોય, અગર દીનભાઈની નિંદા કરી હોય અથવા આખી જીંદગીમાં એક શબ્દ જેટલી પણ દુનિયાની વાત કરી હોય."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"ઇબાદત બંદગીના ઘરમાં ઇબાદતની વાતો કરવી; યા પયગમ્બરની તારિફ કરવી, તે સિવાય બીજી વાતો હોય તો ઘરે કરવી.

પયગમ્બર નબી મોહમ્મદ મુસ્તફાએ ફરમાવ્યું છે કે, જ્યારે કયામતનો દિવસ થશે ત્યારે જેણે અહિં શરાબ પીધો હશે તેને લાવીને હાજર કરશે. અગર એક ટીપું પણ પીધું હશે અને તૌબા ન કરી હશે, તો તેને પણ લાવીને હાજર કરવામાં આવશે. તેને ત્યાં સાપ અને વીછીનું ઝેર લાવીને દેશે અને તેને કહેવામાં આવશે કે લે, આ શરાબ પી! જ્યારે તે ઝેર તેની પાસે લાવવામાં આવશે ત્યારે, તે ઝેરની ગરમીથી તેના મોઢાનું માંસ પડી જશે, અને જ્યારે તે એ પીશે ત્યારે પેટના સઘળા આંતરડા કપાઈ જશે. બીજા શખ્સો જે ત્યાં ઉભા હશે, તે અરજ કરશે કે, ખુદા યા! આને અમારા પાસેથી દુર કરો! સબબ કે આની દુર્ગંધ એવી આવે છે કે અમે ઉભા રહી શકતા નથી. પછી તેને જહન્નમમાં લઇ જશે.

અલહમ્દો લિલ્લાહ, અમારી જમાત આ કામ કરવાથી દુર છે. ઇન્શા અલ્લાહ હવે પછી પણ ખરાબ કામથી દુર રહેશો તો ખુદાવંદતઆલા પોતાની જમાતને પોતાની હુઝુરમાં રાખશે અને દિદાર નસીબ કરશે.

ખુદાતઆલાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે, "અતિ ઉલ્લાહ, વ અતી ઉર રસુલ વ ઉલ્લીલ અમ્ર મીન કુમ" યાને ખુદાવંદતઆલા ફરમાવે છે કે "એતાયત કરો મારી, એતાયત કરો પયગમ્બરની અને પયગમ્બરના જાંનશીનની."

અલ હમ્દો લિલ્લાહ અમારી જમાત એવી નથી કે, કોઈ પણ નરસા કામ કરે યા શરાબની પાસે જાય.

અગર કોઈ ભુલ્યો હોય તો આજથી તૌબા કરે; તો અમે દુઆ કરીએ છીએ કે ખુદા તેના બધા ગુન્હા માફ કરે, અને અમે દુઆ કરીએ છીએ કે અમારી જમાતને ખુદા હમેશાં સારા કામ કરાવે અને નરસા કામથી બચાવી લીએ. ખાનાવાદાન."

## ફરમાન ૮ મું.

મુંબઇ તા. ૧-૪-૧૮૯૩ શનીવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"હઝરત મુસાની કોમમાં એક ઇમાનદાર બાઇ હતી. તેના માટે ત્રણ જણાએ માંગા મોકલ્યા. તેમાંથી એક જણ ઇમાનદાર હતો. અને બે જણા ઇમાન વગરના હતા. તે બાઇએ ઇમાનવાળાનું માંગુ કબુલ કર્યું અને બે જણાની માંગણી પાછી ફેરવી. જેથી, એ બન્ને જણાએ પોતાના દિલમાં હસદ રાખી તે ઇમાનદારને મારી નાખ્યો.

પાછળથી તે બન્ને જણાએ હઝરત મુસા પાસે આવીને અરજ કરી કે અમારામાંના એક સાથીને બની ઇસરાયલે મારી નાખેલ છે: તેનો તમે ઇન્સાફ કરી આપો.

હઝરત મુસાએ ફરમાવ્યું કે, તમે એક ગાય લઇ આવી, તેનું લોહી મરનાર ઉપર છાટશો તો, તે જીવતો થશે.

ત્યારે તેઓએ અરજ કરી કે ગાય બુઢી લઇ આવીએ કે જવાન? હઝરત મુસાએ ફરમાવ્યું કે, ન બુઢી ન જવાન! ત્યારે તેઓએ અરજ કરી કે, તેનો રંગ કેવો? સફેદ કે રાતો? હઝરત મુસાએ ફરમાવ્યું કે, ન સફેદ ન રાતો! ત્યારે તેઓએ ફરીથી પુછયું કે, તેના શરીર ઉપર ટિકકો જોઇએ? ત્યારે હ૦ મુસાએ ફરમાવ્યું કે, હા! તેની પેશાની ઉપર એક ટીકકો જોઇએ.

તે શહેરમાં એક ઇમાનદાર રહેતો હતો, તેની પાસે ટિકકાવાળી એક ગાય હતી. હઝરત મુસાએ, તેના સ્વપ્નામાં આવીને કહ્યું કે, તને તારી ગાયની કોઇ કિંમત પુછે, તો કહેજે કે, મારી માને પુછો.

હઝરત મુસાએ તેની માતાના સ્વપ્નામાં આવીને કહ્યું કે, તને કોઇ આવીને પુછે કે, તારી ગાયની કિંમત કેટલી? તો તેને કહેજે કે, આ ગાયનું આખુ ચામડું સોનામહોરોથી ભરી આપો.

પાછળથી તે બન્ને જણાએ આવીને, તેણીને ગાયની કિંમત પુછી, ત્યારે તેણીએ ગાયની કિંમત કહી સંભળાવી. જેથી એ બન્ને જણાએ તેણીને ગાયની કિંમત આપી અને ગાયને લઇ ગયા. તેઓએ એ ગાયને કાપી અને તેનું લોહી મરનાર ઉપર છાંટયું; જેથી, મરનાર જીવતો થઈ કહેવા લાગ્યો કે, આ બન્ને જણાએ મને મારી નાખ્યો હતો. આ ઉપરથી તે બન્ને જણાને મારી નાખવામાં આવ્યા.

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું :

"જુઓ! અગર તેઓએ ગાયના રંગ વિગેરેની બાબતો ન પુછી હોત તો કંઈ પણ થતે નહિ. પરંતુ, તેઓએ વારંવાર પૂછવાથી પૈસાની બરબાદી કરી અને હેરાન થયા.

અગર તેઓ એક જ વખતના ફરમાન પ્રમાણે ગાયને લઇ આવ્યા હતે તો કાંઇ પણ થતે નહિ.

જ્યારે પણ ફરમાન થાય ત્યારે, તેના માટે ફરીથી પૂછવું તે વાજબ નથી. અગર અમે તમને ફરમાવીએ કે, દુઆ નહિ પડો તો, તમારે દુઆ નહિ પડવી. અમે ફરમાવીએ કે, આ કામ સવાબનું છે, તો તેના માટે ફરીથી પૂછવું નહિ કે, કેવો સવાબ થશે. કોઇ પણ ફરમાન થાય તો તે પ્રમાણે કરવું.

થએલ ફરમાન માટે, ફરીથી પૂછવાનો સબબ એ છે કે, પૂછનાર સમજે છે કે, હું કેવો હુશિયાર છું, એવી મગરૂરી કરે છે.

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"જો તેઓએ ગાયના માટે, પહેલા ફરમાન પ્રમાણે લઈ આવ્યા હતે તો કાંઈ થતે નહિ; પરંતુ, ફરીથી પૂછીને દુઃખી થયા.

## ફરમાન ૯ મું.

મુંબઇ તા. ૩–૪–૧૮૯૩ સોમવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે શરાબખોરી સબંધી ફરમાવ્યું:

"બધા ગુન્હા કરતાં આ ગુન્હો મોટો છે. કદાચ જોવામાં નાનો આવે, પણ બધાં ગુન્હા કરતાં આ ગુન્હો મોટો છે; તેમ ખરાબ છે.

બુત પરસ્તી કરવી અથવા કોઈ મોમનને મારી નાખવો તે કરતાં પણ, આ ગુન્હો મોટો છે.

જેના સબંધી હમણા અમે તમને ફરમાન કરીએ છીએ. આજે તમને ફરમાન કરીએ છીએ તેના ત્રણ મકસદ છે:

પહેલું એ કે, અમે તમારા પીર મુર્શિદ છીએ, જેથી અમને વાજબ છે કે, અમે તમને કહીએ અને નસિયત કરીએ. તમે અમારા મુરિદ છો જેથી, તમારા ઉપર વાજબ છે કે, જે જે ફરમાન અમે કરીએ તે ફરમાન ઉપર તમે ચાલો.

બીજો મકસદ એ છે કે, દોસ્તના હિસાબે કહીએ છીએ.

ત્રીજો મકસદ એ છે કે, જે કોઈ માણુસ ફરમાન સાંભળે છે અને તેના ઉપર અમલ નથી કરતા; યાને કાનથી સાંભળે છે પણ કબુલ નથી કરતા, તેના વાસ્તે કહીએ છીએ.

અમે તમને ફરમાવીએ છીએ કે, ખરાબમાં ખરાબ ગુન્હો એ શરાબ પીવો છે, તેથી તમે દૂર રહેજો.

કહેવાનો મકસદ એ છે કે, શરાબ જે, અંગુરમાંથી યા ગુલાબમાંથી યા કોઇ પણ ચીજમાંથી બનેલો હોય, કે જેનાથી, નશો ચડે તે ચીજ ન પીવી.

શરાબ પીવાથી ઇન્સાનને મસ્તી પેદા થાય છે; તેથી તે ખરાબ છે. તેવી ચીજ પણ ન ખાવી કે જેનાથી, મસ્તી પેદા થાય.

શરાબ પીવાવાળાની જગ્યા જહન્નમમાં છે અને તે જગ્યા ખરાબમાં ખરાબ છે.

અગર કોઈ માણુસ દુનિયામાં શરાબ પીએ અને તૌબા ન કરે અને મરી જાયતો, તેને કાફ્રર સાથે બાંધવામાં આવશે.

શરાબ પીધા પછી, ન છાજે તેવા કામ કરી, ઇન્સાન શેતાનને મુરીદ બને છે.

જે કોઇ શરાબ પીએ છે તેને, આખરતમાં ઝહેરનો પ્યાલો પીવડાવવામાં આવશે અને તે ઝહેરની વાસ બહુ ખરાબ હશે.

કોઇ શરાબ પીતો હોય અને આ ફરમાન સાંભળી તૌબા નહિ કરે તો, પયગમ્બર, ખુદા અને અમે પણ તેનાથી હેરાન અને બેઝાર છીએ.

પીર સદરદીને તમને ગીનાનમાં ઘણું ફરમાવ્યું છે કે, શરાબ ન પીવો.

અનંત અખાડાના પાઠમાં પણ છે કે, શરાબ તે શેતાની શરાબ છે, તેનાથી દૂર રહેવું. ગીનાનમાં, હદીસમાં, કુરઆનમાં છે તેથી, સો ગણું અમે તમને ફરમાન દ્વારા સમજાવીએ છીએ કે, શરાબથી પોતાને બચાવતા રહેજો, અને તેવી ચીજોથી દૂર રહેજો.

હા! એક વાત છે કે, માણુસ બિમાર હોય, અને ડાકટર દવા તરીકે આપે તો, પીવામાં ગુન્હો નથી. તે પણ કેવી રીતે? જેને બિમારીની બહુ પીડા હોય અને હકીમ અથવા ડોકટર ઘણો હુશિ-યાર હોય અને સારામાં સારો હોય અને તે એમ કહે કે, ફકત આ પાણી (શરાબ) પીવાથી જ બિમારી મટશે ત્યારે પીવું, તો તેમાં ગુન્હો નથી અને હરામ નથી. થોડી બિમારી હોય અને પીવું તે વાજબ નથી.

કુરઆને શરીફમાં પણ એવું છે કે, પયગમ્બર અને વખતના ઈમામ જે તમને ફરમાન કરે તે મુજબ વર્તવું જોઇએ.

કુરઆનમાં ઉપર મુજબ વિગતવાર સમજાવેલ નથી પણ, ઈશારામાં સમજાવેલ છે; પણ અમે તમને વિગતવાર સમજાવીએ છીએ.

પયગમ્બર સાહેબને, ખરાબમાં ખરાબ ગુન્હો તે શરાબ પીવાનો લાગે છે, અને તે ખરાબમાં ખરાબ અને મોટો ગુન્હો છે: માટે શરાબ પીવો નહિ જોઇએ.

આ ફરમાન સાંભળી જે તૌબા નહિ કરે, તો અમે ફરમાવીએ છીએ કે, ખુદા, તેની દુઆ, ઈબાદત અને બંદગી પણ કબુલ નહિ કરે."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમે આ જે ફરમાનો કર્યા છે, તે તમે સાંભળ્યા, પણ સાંભળ્યા પછી એવું ન બને કે, જેમ કોઇ કહે કે: હવે શરાબ આપણે પછી મુકી દેશું અગર બુઢ્ઢા થશું ત્યારે છોડશું: પણ આ ફરમાન સાંભળી તેજ ટાઈમે તૌબા કરો કે, અમે કદી પણ શરાબ નહિ પીશું. ખાનાવાદાન."

## ફરમાન ૧૦ મો

મુંબઇ તા. ૮-૪-૧૮૯૩ મંગળવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"દુનિયામાં કોઇ રાજા હોય અથવા મોટો અંગ્રેજ કે હિંદુ હોય, તેની પાસે જ્યારે કોઈ જાય છે તો ઘણી ચોકસાઈની સાથે, સારા વિચારો કરીને જાય છે. તે વખતે પોતાને ઘણો નાનો સમજીને ચાલે છે અને નમીને વાત કરે છે. એ પ્રમાણે કે, તેને અને પોતાને સારૂં લાગે, તેવી રીતે ચાલે છે અને વાત કરે છે.

જ્યારે તે મોટા પાસે જવા માટે ઘરેથી નિકળે છે ત્યારે તેના માંજ પોતાનું ધ્યાન રાખે છે અને દિલમાં એવા વિચાર સાથે ચોકસાઈ કરીને જાય છે કે અમે એક દિલ થઇને જઇએ અને નજર પણ તેની વાતોમાં તેની સામે હોય, યાને તેને એવો ખ્યાલ ન થાય કે આ અમારી વાતોમાં ધ્યાન નથી રાખતો. તેના માટે નજર પણ તેની સામે રાખે છે. એવી રીતે ચોકસાઈ કરીને જાય છે અને તે જે પણ વાત કરે, તેમાંજ ધ્યાન હોય છે કે, રખેને મારૂં ધ્યાન તેની વાતો સાંભળવામાંથી હટી જાય અને તેને ખરાબ લાગે.

હવે રાજાની વાત મુકો. પણ જ્યારે રાજા પાસે આવી રીતથી જાઓ તો, રાણી પાસે કેવી રીતથી જવું તેનો તમે પોતે ખ્યાલ કરો!

ત્યારે તમે ખ્યાલ કરો કે, જ્યારે દુનિયાના માણસો પાસે આવી રીતથી જાઓ છો, ત્યારે ખુદા સહુથી મોટો છે, તેની પાસે કેવી રીતથી જવું જોઇએ?

જે કોઈ ઇબાદત બંદગીના વખતે આવે છે, એટલે તે ખુદા પાસે જાય છે એમ થયું.

ખુદા તો પોતાના બંદાને અને કુલ ખલ્કતને જુએ છે પણ ઇન્સાન તેને જોઇ શકતો નથી; કારણ કે, તેની આડે પડદો છે. જ્યારે આડો પડદો હોય ત્યારે કેવી રીતે પોતે જોઈ શકે? જ્યારે ખુદાને તે નથી જોઈ શકતો ત્યારે તેના ખ્યાલ ખુદા તરફ રહી શકતા નથી; કારણ કે, ખુદાને તે જોતો નથી. તેના લીધે તેનું ધ્યાન ખુદા તરફ રહી શકતું નથી.

પણ ખ્યાલ રાખો કે, તમે જ્યારે ખુદાની બંદગી કરો છો ત્યારે, તે બંદગી વખતે ખુદા સાથે વાતો કરો છો.

જાહેરીમાં તમે તમારી આંખોથી ખુદાને જોઇ શકતા નથી, પણ તમે વાતો તો ખુદા સાથે કરો છો. જેથી જાણી શકાય છે કે, જ્યારે ખુદાની હુઝુરમાં જે જાય ત્યારે ઘણી ખુશાલીથી અને ખુશી

થઈને જાય. એવી રીતથી કે, પોતા ઉપર ખુદા રાજી થાય; તેવી રીતથી ખુશી થઇને જાય.

ઘરમાંથી નિકળે ત્યારે ખુદાનો ડર રાખી રસ્તામાં ચાલે. નાહી ધોઈ, સાફ પાક થઈને એવી રીતે જાય કે, જેનાથી ખુદા તેના ઉપર રાજી થાય.

હવે તમે ખ્યાલ કરો કે, જ્યારે તમે દુનિયાના મોટા માણસો પાસે જાઓ છો ત્યારે, કેવા સારા કપડા પહેરીને જાઓ છો? એ ઉપરથી જાણી શકાય છે કે, ખુદા પાસે કેવી રીતે જવું અને કેવા સારા કપડા પહેરીને જવું જોઇએ.

સારા કપડા તે એ નહિ કે, જરીના યાને સોના ચાંદીના શણગાર. એ શણગાર તો બાઇઓના છે. તે દુઆ વખતે પહેરવા સારા નથી. સોના ચાંદીની વીંટીઓ પહેરી દુઆ વખતે જવું નહિ કારણ કે, તેમાં ખુદા રાજી નથી.

ખુદાની બંદગી કરતી વખતે કપડા સાદા, સાફ અને પાક પહેરવા જોઇએ.

કપડા સાફ પહેરીને જવા માટેના ફરમાન તમે સાંભળ્યા. પરંતુ એમ નથી કે, ફકત કપડાંજ પાક પહેરે; એ તો જાહેરોની પાકીઝગી થઈ. પરંતુ, બાતુનમાં પણ પાકીઝગી રાખવી અને બુરાઇને કાઢી નાખવી. એકબીજાના દિલમાંથી કિન્નો કાઢી નાખો અને પાક થઇને આવો.

ઇન્સાન, જે કંઈ ખુદાના ગુન્હા કરે છે તેણે ઉમેદ મોટી રાખવી જોઇએ; યાને ખુદા રહેમ રહેમી છે. તે પોતાના ગુન્હા માફ કરશે માટે તે, જે ખુદાના ગુન્હા કરે છે, તેની મને ધાસ્તી નથી કારણ કે, કદાચ તે માફ કરે. ખુદા રહેમ રહેમી છે.

કોઈ મોમનનો ગુન્હો કરવો યાને કોઇ મોમનના માટે કિન્નો રાખવો, યા કોઈની ગીલા કરવી, યા કોઇનો માલ લઇ લેવો, યા,

કોઈની ઓરત ઉપર બદનઝર કરવી. તેવાઓના માટે મને ઘણી ધાસ્તી છે. માટે તેનાથી તમે પાક રહેજો કારણ કે, તે પારકો હક છે. તે ગુન્હા ખુદા માફ નહિ કરે.

પરાયા હકના ગુન્હા, ખુદા માફ કરે તો તે રહેમ રહેમી ન કહેવાય, ઝાલીમ કહેવાય, માટે તે ગુન્હા ખુદા માફ નહિ કરે. પરંતુ, જે ઇન્સાનના ગુન્હા કર્યા હોય, તે ઇન્સાન માફ કરે તો માફ થાય. ખુદા માફ નહિ કરે.

કોઇ પણ ઇન્સાનની પાછળ ગીલા કરી હોય અથવા દિલમાં દુશ્મની રાખી હોય તો, કોઈ પણ બહાનાથી તેની પાસે માફી કરાવી લઈ કહેવું કે, મારાથી આવા ગુન્હા થઇ ગયા છે, હું ખુદાથી ડરૂં છું, માટે તું મને માફ કર. એ પ્રમાણે વર્તી, તેની પાસે માફ કરાવી લીયો."

બાદ મોલાના હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે ત્રણ વખત દુઆ પડો છો, તેમાં ત્રણ વખત પંજો આપો છો. તેની મતલબ કંઇ સમજો છો કે ખાલી પંજો જ આપો છો? તમે પંજો આપો છે તેની મતલબ એ છે કે, હવેથી અમે કિન્નો રાખશું નહિ. આપણે એક દિલ થયા છીએ, આપણું દિલ સાફ થયું છે, અને આપણે પંજેભાઇ થયા છીએ, જેથી આપણે કિન્નો નહિ રાખીયે.

આવી રીતે જ્યારે તમે પંજા લીધા કે કિન્નો રાખીશું નહિ અને પાછળથી કિન્નો રાખો તો કેટલા ગુન્હા થાય?

ઇન્શાઅલ્લાહ! આજે તમોએ આ ફરમાન સાંભળ્યા છે. હવેથી એવા ગુન્હા ફરીથી નહિ કરશો. એક બીજા પાસે માફ કરાવી લેજો તો તમને ખુદા મર્તબાવાળી જગ્યા આપશે.

આખી જીંદગી સુધી અગર કોઇએ સરકાર (ઇમામ) ને એક

પૈસો પણ નહિ આપ્યો હોય, તેવા ગુન્હા કરતાં કોઇ મોમનનો એક પૈસો ખાધો હોય તો, તે ગુન્હો મોટો છે.

ખુદાનો પૈસો છે તે જુદી બાબત છે. ખુદા રહેમ રહેમી છે. તે કદાચીત માફ કરશે. પણ મોમનનો પૈસો લીધો હશે તો મોમન કદાચ માફ નહિ ણ કરે કારણ કે, તે રહેમ રહેમી નથી."

## ફરમાન ૧૧ મું.

મુંબઇ તા. ૫-૪-૧૮૯૩ બુધવાર,

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"મુર્તઝાઅલીની પાસે, સફાન ઇબ્ને અકલ નામના એક માણસે આવી અરજ કરી કે, યા મોલા! હું તમારા દોસ્તમાંથી એક છું; પરંતુ, મારાથી ઘણા મોટા ગુન્હા થયા છે. તેની મને સજા કરો તો, હું આખરતના અઝાબથી છુટું.

મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, તેં કેવા ગુન્હા કર્યા છે અને તારા ગુન્હા કેવા છે તેનું તું બ્યાન કર? ત્યારે તે શખ્સે પોતાના કરેલા ગુન્હાઓનું વર્ણન કર્યું.

જ્યારે તે શખ્સે, પોતાના કરેલા ગુન્હા જાહેર કર્યા ત્યારે, મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, તારા ગુન્હા એવા છે કે, કાંતો તને ભીંતમાં ચણાવીને મારી નાખું, યા તો તને ઝુલફિકારથી મારૂં અથવા તને આગમાં બાળીને મારૂં ત્યારે તું છુટે. માટે હવે તુંજ કહે કેઃ તારૂં દિલ કેવી સજા ભોગવવા રાજી છે? તો તે પ્રમાણે તને સજા કરૂં. ત્યારે તે શખ્સે અરજ કરી કે, મને આગમાં બાળો!

ત્યારે મૌલા મુર્તઝાઅલીએ અમાર ઇબ્ને આસરને ફરમાવ્યું કે, આવતી કાલે સઘળા માણસોને ભેળા કરજો અને લાકડા પણ ભેગા કરજો અને ગામના સઘળા માણસોને કહેજો કે, મુર્તઝાઅલી

પોતાના દોસ્તને, તેના કરેલા ગુન્હાની સજા કરે છે, યાને બાળે છે. તે તમે આવીને જુઓ કે, મુર્તઝાઅલી પોતાના દોસ્તને કેવી સજા કરે છે?

પાછળથી કેટલાક માણસો મુર્તઝાઅલીની ગિબત કરવા લાગ્યા અને એક બીજાને કહેવા લાગ્યા કે, મુર્તઝાઅલી તો કહેતા હતા કે, મારા જે દોસ્ત છે તેને આગ અસર નથી કરતી.

પરંતુ, સવારે તો તેનો દોસ્ત બળશે; જ્યારે તે બળી રહેશે ત્યારે આપણે મૌલાને કહેશું યાને મહેણું મારશું કેઃ તમે તો કહેતા હતા કે, મારા દોસ્તને આગ અસર નથી કરતી; તો આ તમારો દોસ્ત કેમ બળી ગયો. આવી રીતે પાછળથી ગિબત કરવા લાગ્યા.

જ્યારે સવારમાં સફાનને તેડી આવ્યા ત્યારે, બીજા લોકો, જે પાછળથી ગિબત કરવાવાળા હતા તેઓ પણ ત્યાં આવીને ઉભા રહ્યા.

જ્યારે સફાનને લાકડામાં ઉભો રાખી આગ સળગાવવામાં આવી ત્યારે, આગે તેને કંઈપણ અસર કરી નહિ."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"અલ હમ્દો લલ્લાહ! તમે પણ અમીરૂલ મોમનીન મુર્તઝાઅલીના દોસ્ત છો, જેથી, તમને પણ આગ અસર નહિ કરે.

પરંતુ તે દોસ્ત હતો તે દિલથી હતો. ફકત નામનો તે દોસ્ત નહિ હતો; માટે તમે ખાલી નામના ખાતર દોસ્ત નહિ કહેવડાવો, પણ દિલથી દોસ્ત થાઓ. જો દીલથી દોસ્ત થશો તો, તમને પણ આગ અસર નહિ કરે. જ્યારે તમે ચોકસાઈ કરી, દિલથી દોસ્ત થશો ત્યારે તે મર્તબો તમને મળશે.

જુઓ સલમાન ફારસ પણ તમારા જેવો માણસ હતો; તે કંઈ બીજો નહિ હતો. સલમાન માટે પયગમ્બર ફરમાવતા હતા કે, "હમશાયે સલમાન" સલમાન અમારા અહેલે બેતમાંથી છે.

યારે સલમાને કેટલી ઇબાદત કરી હશે? અને કેવી રીતે મૌલા મુર્તઝાઅલીને ઓળખ્યો હશે?

બીજા પણ એવા ઘણા થઈ ગયા છે, તે પણ તમારા જેવા માણસો હતા. તેઓએ કેવી રીતે મૌલાને ઓળખ્યા હશે કે જેથી આવા મર્તબાને પહોંચ્યા છે.

ઈન્શાઅલ્લાહ! તમે પણ મુર્તઝાઅલીના દોસ્ત છો, માટે બરાબર ચોકસાઈ કરી તેઓના જેવા થાઓ; તો પછી તમને પણ તેઓના જેવો મર્તબો મળે અને તેઓના જેવા તમારા વખાણ થાય.

## ફરમાન ૧૨ મું.

મુંબઇ તા. ૧૨-૪-૧૮૯૩ બુધવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"એક દિવસ હઝરત નબી મોહમ્મદ મુસ્તફા મસજીદમાં બેઠા હતા તે વખતે, જબ્રાઇલ એક આયાત લઇને આવ્યા અને કહ્યું કે, યા રસુલિલ્લાહ! ખુદાવંદ આલમીને ફરમાવ્યું છે કે, આ આયાતને જ્યાં નરસામાં નરસા માણસો રહેતા હોય ત્યાં સંભાળાવો.

પછી તે આયાત સાંભળીને, એક અસહાબને આપી ફરમાવ્યું કે, તું આ આયાતને લઈ જા અને ફલાણા મોહલ્લામાં જ્યાં નરસામાં નરસા માણસો રહે છે તેઓને સંભળાવો.

તે અસહાબ એ આયાત લઇને જ્યારે અડધે રસ્તે પહોંચ્યો ત્યારે, નબી મહમ્મદે એક માણસને કહ્યું કે, તે અસહાબને મારી પાસે પાછો તેડી લાવો. ત્યારે તે માણસ તે અસહાબને અડધે રસ્તેથી તેડી આવ્યો.

નબી સાહેબે તેની પાસેથી તે આયાત લઇને મુર્તઝાઅલીને આપીને કહ્યું કે, તમે આ આયાત લઇને જ્યાં નરસામાં નરસા માણસો રહેતા હોય તેઓને સંભળાવો.

આ વખતે કેટલાક અસહાબો ત્યાં બેઠા હતા, તેઓએ પયગમ્બરને પુછયું કે, યા રસુલિલ્લાહ! તમોએ પહેલાં એક અસહાબને આયાત આપી, નરસા લોકોને સંભળાવવા મોકલ્યો હતો .પરંતુ, તેને પાછો બોલાવી, તેની પાસેથી આયાત લઇને મુર્તઝાઅલીને આપી તેનું શું કારણ ?

જો તમને મુર્તઝાઅલીનેજ આયાત આપવી હતી, તો તે પહેલે, તે અસહાબને શા માટે આપી? પહેલેથીજ મુર્તઝાઅલીને આપવી હતી.

પયગમ્બરે ફરમાવ્યું કે, તેનું કારણ એ હતું કે, જ્યારે તે આયાત અસહાબને આપીને મોકલ્યો ત્યારે મને ખુદાવંદતઆલાનો એવો હુકમ થયો કે, આ આયાત તેને આપજો કે જેમાં ત્રણ ખાસિયત હોય. ત્રણ ખાસિયત કઇ કઈ?

પહેલી ખાસિયત એ કે, જેને ખુદા ઓળખતો હોય અને તે ખુદાને ઓળખતો હોય.

પયગમ્બરે ફરમાવ્યું કે, મને ખુદાનો એવો હુકમ થયો કે તે અસહાબને હું ઓળખુ છું પણ તે મને ઓળખતો નથી.

બીજી ખાસિયત એ કે, તે અમારી આલમાંથી હોય અને હું તેનામાંથી હોઉં.

તે અસહાબ અમારી આલમાંથી નથી, તેમ તે અમારામાંથી નથી, તેમ અમે પણ તેનામાંથી નથી.

ત્રીજી ખાસિયત એ કે, ખુદા તેના ઉપર રાજી હોય અને તે ખુદાથી રાજી હોય.

આવો મને હુકમ થયો તે માટે, તે અસહાબને પાછો બોલાવીને તેની પાસેથી આયાત લઇને અમોએ મૌલા મુર્તઝાઅલીને આપી.

મૌલા મુર્તઝાઅલીને આયાત આપવાનું કારણ એકે, મુર્તઝાઅલી ખુદાને ઓળખે છે. તેમ, ખુદા પણ મુર્તઝાઅલીને ઓળખે છે. મુર્તઝાઅલી અમારી આલના છે, તેમ જ મુર્તઝાઅલી અમારમાંથી છે અને અમે મુર્તઝાઅલીમાંથી છીએ. ખુદા પણ મુર્તઝાઅલી ઉપર રાજી છે અને મુર્તઝાઅલી પણ ખુદા ઉપર રાજી છે. તે માટે અમોએ તે આયાત મુર્તઝાઅલીને આપી.”

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

“ઈન્શા અલ્લાહ! તમે મુર્તઝાઅલીને ઓળખો છો અને મુર્તઝાઅલી તમને ઓળખે છે, જેથી ઈન્શા અલ્લાહ! મુર્તઝાઅલીની સાથે તમે હોજે કૌસર ઉપર હશો અને મુર્તઝાઅલી હોજે કૌસરનું પાણી તમને પીવડાવશે.”

## ફરમાન ૧૩ મું

મુંબઈ તા. ૧૪–૪–૧૮૯૩ શુક્રવાર.

દઃ મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

“આટલા દિવસો અમોએ તમને બીજી હદીસો સંભળાવી પરંતુ એક હદીસ તમારા માટે રાખી મુકી હતી, તે હદીસ તમને સંભળાવીએ છીએ.

જ્યારે નબી મોહમ્મદ મુસ્તફા. આખરી હજ યાને છેલ્લી હજ કરવા ગયા, અને હજ કરીને જ્યારે પાછા વળ્યા, ત્યારે અડધે રસ્તે ‘ગદીરે ખુમ’ નામની જગ્યાએ આવ્યા. એ વખતે આગળ ગયેલા તેમજ પાછળ રહેલા કાફલાના માણસો પણ ત્યાં ભેળા થયાં.

હઝરત નબી મોહમ્મદ મુસ્તફાએ તેઓને ફરમાવ્યું કે, હવે અમારો આખરી વખ્ત નજીક છે. યાને હવે અમે થોડા દિવસ આ દુનિયામાં છીએ, માટે તમોને ફરમાવીએ છીએ કે, આજ દિવસ સુધીમાં, ખુદાના જેટલા ફરમાનો થયા હતા તે બધા અમોએ

સાચા કહી સંભળાવ્યા છે. આ વાત સાચી છે કે નહિ તે તમે અમને કહો?

ત્યારે, સઘળા માણસો કહેવા લાગ્યા કે, હા! તમોએ ખુદાના સઘળા ફરમાનો અમને સંભળાવ્યા છે.

પયગમ્બરે ફરમાવ્યું કે, તમે ખુદા પાસે એ વિષે અમારી શાહીદી પુરશો યાને ગવાહી આપશો કે, અમોએ ખુદાના સાચા ફરમાનો તમને સંભળાવ્યા

ત્યારે, સઘળા માણસો કહેવા લાગ્યા કે, હા! અમો ખુદા પાસે ગવાહી આપશું કે, તમોએ બધા ફરમાનો અમને સંભળાવ્યા છે."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"આ હદીસને સુન્નીઓ પણ કબુલ રાખે છે. આ હદીસ સુન્નીની લખેલી છે. ઝહોશ નામનો એક સુન્ની જે મોટો કાબેલ હતો, તેના હાથથી આ હદીસ લખાએલી છે; તે અમે તમને સંભળાવીએ છીએ.

પયગમ્બરે ફરમાવ્યું કે, અમે તમારા પયગમ્બર હતા એવી ગવાહી તમે આપશો? ત્યારે તેઓએ કહ્યું કે, બરહક, તમે અમારા પયગમ્બર હતા, તેની ગવાહી આપશું.

પયગમ્બરે ફરમાવ્યું કે, અમે પણ ગવાહી આપીએ છીએ કે. અમે તમારા પયગમ્બર છીએ અને ખુદાવંદ આલમીને, અમને તમારા ઉપર પયગમ્બર કરીને મોકલ્યા છે.

ત્યાર બાદ પયગમ્બરે ફરમાવ્યું કે, અમારી પાછળ બે ચીજો અમે મુકી જઇએ છીએ; તે બન્ને ચીજો કયામત સુધી ચાલુ રહેશે અને હોજે કૌસર સુધી સાથે રહેશે.

પયગમ્બરે ફરમાવ્યું કે, તે બન્ને ચીજો કઇ છે? એક તો અમારી આલ-જાંનશીન છે, અને બીજી ચીજ કુરઆન છે. આ બન્ને ચીજો કયામત સુધી હમેશાં ચાલુ રહેશે અને હોજે કૌસર સુધી સાથે રહેશે.

નબી મોહમ્મદ મુસ્તફાએ તે વખતે હઝરત અલીનો હાથ પકડીને સઘળા માણસોને ફરમાવ્યું કે, અમારા પછી અમારો જાંનશીન મુર્તઝાઅલી છે. જે કોઇ મુર્તઝાઅલીથી મહોબ્બત રાખશે, તે મુર્તઝાઅલી સાથે હોજે કૌસર સુધી હમેશાં ત્યાં સાથે રહેશે."

મોલાના હાઝર ઇમામે તે વખતે બે પર્વતોના નામો લઇ ફરમાવ્યું:

"જેટલું એ બે પર્વતો વચ્ચે છેટું છે તેટલી મોટી હોજે કૌસર છે."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"હોજે કૌસરના એક કિનારાથી બીજા કિનારા સુધી એવી ચીજો છે અને એવા ચમકે છે અને તેની રોશની એવી થાય છે કે જેવા, આસમાનનાં સિતારા ચમકે છે. જેવા આસમાનની ચારે બાજુ સિતારા ચમકે છે તેવા, હોજે કૌસરની ચારે બાજુ સિતારા છે અને તે ચમકે છે ને રોશની થાય છે."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યુ:

"ત્યાર બાદ પયગમ્બરે તેઓને ફરમાવ્યું કે અમારા જાંનશીન અને વસી, મુર્તઝાઅલીને તમારા ઉપર નીમી જાઉં છું. તેની તમે ખુદા પાસે ગવાહી આપજો કે, અમે મુર્તઝાઅલીને અમારો વસી નીમી ગયા હતા અને તમારા ઉપર મુકી ગયા હતા.

તેઓએ કહ્યું કે, અલબત, અમે ગવાહી આપશું અને કબુલ કરશું કે, તમે અમારા ઉપર મુર્તઝાઅલીને તમારા વસી તરીકે નીમી ગયા હતા.

એ વખતે મુર્તઝાઅલીના બન્ને હાથ પકડી ઉભા કરીને પયગમ્બરે ફરમાવ્યું કે, અમે ખુદાના રસુલ છીએ અને અમારો વસી તે મૌલા અલી છે. જેના અમે મૌલા છીએ, તેના અલી મૌલા છે.

પયગમ્બરે ફરમાવ્યું કે, તમે કબુલ કરજો અને ખુદા પાસે ગવાહી પુરજો! તે વખતે સઘળા લોકો કબુલ થયા.

સહુથી પહેલ વહેલા ઉમર ઈબ્ને ખિતાબ ઉભા થયા અને મૌલા મુર્તઝાઅલીને કહ્યું કે, "બકન! બકન! યા અલી ઈબ્ને અબુ તાલીબ તમને મુબારકી છે! "આમ કહી પંજો લઇ કબુલાત આપી. ત્યાર પછી સઘળા માણુસોએ કબુલાત આપી."

પયગમ્બર અને મૌલા મુર્તઝાઅલી ત્યાંથી પોતાને મકાને આવ્યા. ત્યાં એક અરબ, ઇબ્રાહીમ ઇબ્ને હારસ નામનો રહેતો હતો; જે મોટો માણસ હતો, તેને 'ગદીરે ખુમ'માં બનેલી બીનાની ખબર પડતાં, તે પોતાને મકાનેથી ઊંટ ઉપર બેસીને પયગમ્બર પાસે આવ્યો અને કહ્યું કે, તમોએ અમને ખુદાના જે ફરમાનો સંભળાવ્યા અને તેની ગવાહી પુરવા અમને કહ્યું; જેથી અમોએ કબુલ કર્યું કે તમે સાચા છો."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"પછી તે અરબે રસુલિલ્લાહને કહ્યું કે, તમોએ અમને ફરમાવ્યું કે, ખુદાવંદતઆલાએ તમને નમાઝ પડવા માટે ફરમાવ્યું છે, તે ફરમાન અમોએ કબુલ કર્યું અને તમોએ તે સાચેસાચું કહ્યું હતું. ત્યાર બાદ તમોએ અમને રોજા માટે ફરમાવ્યું અને તે પણ, તમોએ કહ્યું કે આ સાચા ફરમાન છે; તે પણ, અમોએ કબુલ કર્યા. ત્યારપછી તમોએ ફરમાવ્યું કે, જકાત આપવી યાને ખુમસ આપવી. તે પણ તમોએ સાચું કહ્યું અને અમે કબુલ થયા. ફરીથી તમોએ હજના માટે ફરમાન કર્યાં તે પણ તમોએ સાચા કહ્યા જેથી અમે કબુલ થયા.

આટ આટલું કરવા છતાં, તમને સંતોષ ન થયો અને અમારા

ઉપર ભાર નાખી જાઓ છો; અને તમારા કાકાના ફરઝંદને અમારા ઉપર મૌલા કરીને નીમી જાઓ છો.

તે અરબે કહ્યું કે, આ તમારા કાકાના ફરઝંદ અલીનો ભાર અમને સોંપી જાઓ છો, તે શું તમને ખુદાનો હુકમ છે? કે તમારા પોતાના ખ્યાલથી તમારા કાકાના ફરઝંદને સોંપી જાઓ છો?,

ત્યારે પયગમ્બર મોહમ્મદ મુસ્તફાએ ફરમાવ્યું કે, ખુદાના હુકમ વગર અમે એક પણ કામ કરતાં નથી અને ખુદાના હુકમ વગર અમે જરા જેટલું પણ બોલતા નથી.

ત્યારે તે અરબ ઊંટ ઉપર સવાર થઇને ચાલ્યો ગયો. તે વખતે તે, ઘણા ગુસ્સામાં હતો. રસ્તામાં ચાલતાં ચાલતાં, ગુસ્સામાં ખુદાને કહ્યું કે, યા ખુદા! અગર તેં અમારા ઉપર મુર્તઝાઅલીને નીમી જવાનું ફરમાન પયગમ્બરને કર્યું હોય, તો તે કરતાં, અમારા ઉપર પત્થરનો વરસાદ વર્ષાવ; તો તે સહન કરવા માટે અમે ખુશી છીએ."

મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"તેજ વખતે આસમાનમાંથી એક પત્થર તે અરબ ઉપર પડયો, જેથી, તે જહન્નમમાં દાખલ થયો."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"કયામતમાં મુર્તઝાઅલી તમારા સફાયત કરનાર થશે અને તમારો હાથ પકડીને, પોતાની સાથે બહેશ્તમાં લઈ જશે; અને જે કોઈ મોમન હશે તેને હોજે કૌસરનું પાણી પીવડાવશે. ઈન્શા અલ્લાહ!"

## ફરમાન ૧૪ મું.

મંજેવડી તા. ૨૦-૧૨-૧૮૯૩ બુધવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે મંજેવડીના મેળામાં ફરમાવ્યું:

"તમે કાઠીયાવાડની જમાતો ઘણે છેટેથી બાલ બચ્ચાં સહિત

આવ્યા છો, જેથી ઘણા હેરાન થયા હશો, પણ ભલે આવ્યા! આગળ અમારા દાદાએ ફરમાવ્યું હતું જેથી અમે આવ્યા છીએ અને તમે જમાત પણ ભલે આવ્યા!

તમે મંજેવડીમાં આવ્યા તે પહેલા અહિં કાંઇપણ નહિ હતું; જંગલ હતું, આજે તમામ ખલકત ભેળી થઈ છે, તેમાં તમારી સાથે નાના બચ્ચાં, જેમાં, છ સાત દિવસના તથા માસ બે માસના અગર સાત આઠ વર્ષના પણ હશે. તેમજ એંસી વર્ષના ઘરડા પણ હશે. તેઓને ટાઢ પણ પડી હશે, તમારા પગ ઉઘાડા હશે. તમે ઘણે છેટેથી આવ્યા છો તો ભલે આવ્યા! ખાનાવાદાન."

## ફરમાન ૧૫ મું

મંજેવડી તા. ૨૫–૧૨–૧૮૯૩ સોમવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમારો વિચાર છે કે બે ચાર રાત ફરમાન કરીએ અને વારસની પણ એવી ઇચ્છા છે."

આજ રાતે મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું :

"ઇમામ હ૦ મોહમ્મદ બાકરે ફરમાવ્યું છે કે, હવે દુનિયા થોડો વખત છે. દુનિયાનો અંત આવશે ત્યારે અસરાફીલ સુર ફુંકશે, જેથી, તમામ ખલકત ઉઠશે. જે જેવી હાલતમાં સુતા હશે, તે તમામ ઉઠીને એક મેદાનમાં આવશે. ત્યાં અઢારે આલમ ભેળી થશે અને મહાદન થશે. ત્યારે તમામ ગુન્હેગારને હાજર થવાનો હુકમ થશે કે તમામ ગુન્હેગાર હાજર થાઓ.

ખુદાતઆલા પહેલા હુકમ કરશે કે, "જહન્નમ, દુનિયામાં આવ, જેથી દુનિયા તને જુએ." એટલે જહન્નમ અવાજ સાંભળી હાજર થશે.

ત્યારે નબી મોહમ્મદ મુસ્તફા ખુદા પાસે અરજ કરશે કે, મારી જમાતને બચાવો અને મારી ઉમ્મતને સબર આપો.

પહેલે હિસાબ માટે તેડાવશે અને તેમાંથી કાફરોને જહુન્નમમાં લઇ જવાનો હુકમ થશે. બીજા દરજ્જાના કાફરોને બીજા દરજ્જાની જહન્નમમાં લઈ જવાનો હુકમ થશે."

આનો દાખલો આપતા ફરમાવ્યુ:

બીજા દરજ્જાની દોઝખમાં તેઓને ઉંચી જગ્યાએ રાખશે અને તેઓને સાંપ અને વિંછી કરડશે નહિ.

બાદ ખુદાતઆલાનો હુકમ થશે કે, પુલસરાતને હાજર કરો. પુલસરાત કેવી છે? વાળથી પણ ઝીણી અને તલવારથી પણ તેજ છે.

પુલસરાત પાર ન કરી શકનારાઓના ત્રણ વર્ગ હશે. તે સબંધી ફરમાવ્યું છે કે,

પહેલા પ્રકારના એ લોકો હશે કે, જે પૈસાવાળાઓએ, પોતાના સગાવ્હાલાઓને મદદ નહિ કરી હોય, તે પાર નહિ ઉતરી શકે.

બીજા પ્રકારના લોકો એવા હશે, જેણે ખુદાતઆલાની ઇબાદત નહિ કરી હોય; તે પણ જહન્નમમાં જશે.

ત્રીજા પ્રકારના લોકો એ હશે, જેણે હરકોઇ માણસના પૈસા લઇને આપ્યા નહિ હોય અને ગરીબો ઉપર ઝુલ્મ કર્યો હશે; તે પણ પુલસરાત પાર નહિ કરી શકે અને તે દોઝખમાં જશે.

હવે પુલસરાત પાર કરનારા ત્રણ પ્રકારના સારા માણસો હશે, જે પુલસરાતની પાર ઉતરશે.

પહેલા તરીકાના માણસો દોડીને પાર ઉતરશે.

બીજા તરીકાના માણુસો ઘોડાની માફક આસ્તે આસ્તે પાર ઉતરશે.

ત્રીજા તરીક.ના માણુસો ઘણીજ ઉતાવળે પાર કરશે અને બહેશ્તમાં જશે.

અગાઉ જે પુલસરાત પાર ઉતરી ગયા હશે, તે સઘળા ત્યાં ભેળા થશે. બાદ હ૦ અમીરૂલ મોઅમનીન ફરમાન કરશે કે ઉભા રહો!

આગલા બે વર્ગમાં, જે ગરીબ હશે તે અરજ કરશે કે, તમોએ અમને પૈસા ન આપ્યા જેથી, અમે લાચાર હતા. તેમ અમારી પાસે કોઈનું ઈન્સાફ કરવાનું પણ નહિ હતું, કે અમે કોઈની તરફદારી કરી હોય.

મુર્તઝાઅલી ફરમાન કરશે કે, તમે બહેશ્તમાં જાઓ.

પૈસાવાળાને તે વખતે ઘણું પુછશે, પૈસા પૈસાનો હિસાબ લેશે."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"ગરીબથી પૈસાવાળાને પચાસ હઝાર વર્ષ પછી બહેશ્તમાં મોકલશે. ગરીબ વહેલો બહેશ્તમાં જશે. પૈસાવાળાને પુછાણું વધારે થશે અને ગરીબને પુછાણું થોડું હશે.

આજ રાતે તમોએ, તમામ કયામત વિષે તથા હિસાબ વિષે સાંભળ્યું. સવારે બહેશ્તના ફરમાન સંભળાવીશ. તમે બહેશ્તના મકાનનું ફરમાન સાંભળજો. તમે દુનિયાનો રસ છોડી આપો તો બહેશ્તમાં જાઓ. દુનિયાનાં સ્વાદ છોડી દેશો ત્યારે જ મુશ્કીલીથી બહેશ્તમાં પહોંચશો.

નિચલા દરજ્જાની બહેશ્તમાં પહોંચો તો પણ ઘણું સારૂં છે.

જ્યાં દિદાર છે ત્યાં બહેશ્ત છે. ખાનાવાદાન."

## ફરમાન ૧૬ મું.

મંજેવડી તા ૨૭-૧૨-૧૮૯૩ બુધવાર.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"એક બાદશાહ શિકાર કરવા જંગલમાં ગયો. રસ્તામાં એક હકીમને જોયો. હકીમ એટલે ડાક્ટર નહિ પણ તે એક દરવેશ હતો. તે દરવેશ એક ઠેકાણે બેઠો હતો. તે દરવેશ પોતાના ઘરબાર છોડી, જંગલમાં ખુદાની મહોબ્બતમાં બેઠો હતો. દરવેશ સાથે બાદશાહની મુલાકાત થઇ અને દરવેશ તથા બાદશાહ દુનિયા સંબંધી વાતો કરવા લાગ્યા.

દરવેશે કહ્યું કે દુનિયાની મિસાલ એવી છે; જેમકે એક મસ્ત હાથી કોઈ એક માણસ ઉપર હલ્લો કરે છે. તે માણસ પોતાનો જાન બચાવવા ઝાડ ઉપર ચડી જાય છે. મસ્ત હાથી ઝાડના થડને હલાવી રહ્યો છે. ઝાડને હલાવવાથી તે માણસના પગ, ઝાડની ડાળી ઉપરથી છટકી જતાં તે, ઝાડની વડવાઇઓને વળગી રહ્યો છે. ઝાડને હલાવવાથી, ડાળમાં રહેલા મધપુડામાંથી, મધના ટીપાં તે માણસના મોઢામાં પડી રહ્યાં છે. બીજી તરફ, ધોળો અને કાળો એવા બે ઉંદરો, તે માણસે પકડેલી વડવાઇને કાપી રહ્યાં છે. નિચે મોટો કુવો છે જેમાં અઝદાહ છે, જેના મોઢામાં આગ સળગી રહી છે.

આમ, દરેક તરફનો ભય હોવા છતાં, મધપુડામાંથી ટપકી રહેલા મધના સ્વાદને, તે માણસ છોડી શકતો ન હોવાથી, પોતાનો બચાવ કરવાનું પણ ભુલી જાય છે.

આખરે કાળા અને ધોળા ઉંદરો તે વડવાઇને કાપી નાખે છે અને તે માણસ કુવામાં રહેલા અઝદાહના મુખમાં જઈ પડે છે.

જ્યારે આ વાત દરવેશે પુરી કરી, ત્યારે બાદશાહે તેની મતલબ પુછી. જવાબમાં દરવેશે કહ્યું કે મધ તે બાયડી છોકરા અને

દુનિયાનો માલ દોલત વિગેરે છે. કુવો અને અઝદાહ તે દોઝખ છે. કાળો અને ધોળો ઉંદર તે રાત અને દિવસ છે.

બાદશાહને આ વાત ઘણી સારી લાગી."

ત્યારબાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"દુનિયામા ત્રણ વર્ગના લોક છે."

તેની મિસાલ આપી ફરમાવ્યું:

"પહેલો ઘણા પૈસાવાળો;

બીજો થોડા પૈસાવાળો;

ત્રીજો ગરીબ યાને પૈસા વિનાનો.

જ્યારે પૈસાવાળો, પૈસાવાળાને ઘરે જાય છે, ત્યારે તેની ઘણી ખાતર બરદાસ કરે છે અને ઇજ્જત આબરૂ સાથે માન આવકાર આપે છે.

બીજો જે થોડા પૈસાવાળો છે તે, પેલા ઘણા પૈસાવાળાને ત્યાં જાયે તો તે, પેલા જેવી ખાતર બરદાસ નહિ કરે; અલબત થોડી કરે.

જ્યારે ગરીબ પૈસાવાળાને ત્યાં જાય, ત્યારે તે ગરીબને ઘરમાં આવવા નહિ દીયે.

આ ત્રણે જણા દોસ્ત હતા. તેમાંથી જે ઘણો પૈસાવાળો હતો તે ગરીબ થઈ ગયો, ત્યારે અમુક ગુન્હાસર, બાદશાહે તેને લાકડીથી મારવાનો હુકમ કર્યો. ત્યારે તેણે માફી માગી અને અરજ કરી કે મને મારો નહિ.

હવે તે ગરીબ બનેલો માણસ, મદદ માગવા માટે પૈસાવાળા પાસે ગયો. પણ તે પૈસાવાળાએ સીધો જવાબ ન આપ્યો અને કહ્યું કે મારાથી બાદશાહ આગળ કાંઈ નહિ થાય.

આ ગરીબ, બીજા થોડા પૈસાવાળા પાસે ગયો, તો તેણે પણ

કહ્યું કે, મારાથી મદદ નહિ થાય.

બાદ તે, પેલા ગરીબ દોસ્ત પાસે ગયો અને કહ્યું કે, મારાથી તારી કોઈ ખાતર થઈ નથી, છતાં મહેરબાની કરી બાદશાહ પાસે જઇ, જામીન થઈ છોડાવો.

તે ગરીબ દોસ્ત બાદશાહ પાસે જઇ, સમજાવી તેનો જામીન થયો અને તેને છોડાવ્યો.

બાદશાહે હકીમને પૂછયું કે, આ દ્રષ્ટાંતની મતલબ શું છે?

ત્યારે હકીમે જણાવ્યું કે, જેને ગુન્હેગાર થઇ બાદશાહ પાસે જવું પડયું તે "ઇન્સાન" છે.

જે પૈસાવાળાની તે ખાતર બરદાસ કરતો હતો તે "દુનિયાની દૌલત" છે; કે જેની પાછળ તે ખુવાર થયો છે.

જે ગરીબ માણસે તેને છોડાવ્યો તે "ખુદાની ઇબાદત" છે."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"દુનિયામાં ઇબાદત કરવાવાળા ઘણાં ઓછા છે. ઇબાદત નહિ કરવા માટે પુછાણું લેવાશે.

માણસો પૈસામાં ગુલતાન થઈ જમાતખાને જતાં નથી. ઘણાં ખરા દૌલત ઝાઝી માંગે છે, પણ જમાતખાને ઓછાં જાય છે.

દુનિયામાં હમેશાં (૩૧૩) ત્રણસોને તેર મોમન હોય છે. જો તે ત્રણસો તેર જણા ન હોય તો દુનિયા ન ચાલે.

ઇન્સાફથી જવાબ આપો કે, તમે ઔલાદ માંગો છો અને જમાતખાનાથી મોહબ્બત કેમ કરતા નથી? તમે દૌલતને પણ ઈબાદતથી પણ વધારે ચાહો છો!"

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"જ્યારે નફસા નફસી થશે ત્યારે, ઔલાદ, દૌલત કાંઈ પણ કામ નહિ આવે. ઈબાદત કામ આવશે.

જ્યારે મોટો બાદશાહ–ખુદા હિસાબ પુછશે ત્યારે, કોઈ પણ કામ નહિ આવે.

તમોને દુનિયાનો ધંધો કરવા મના કરતા નથી. દુનિયાનો ધંધો નહિ કરો તો મોટો ગુન્હા છે. જે દરવેશ કહેવાય છે અને દુનિયામાં મોટો કહેવાય છે, પણ તેઓ દુનિયાનો ધંધો નથી કરતા, તે મોટો ગુન્હા કરે છે.

જે દરવેશ છે તે બંદગી કરે છે અને વેપાર પણ કરે છે."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"હ૦ ઈમામ ઝૈનુલઆબેદીન બપોરના પોતાના એક બાગમાં ગયા અને બધાને ભલામણ કરી કે, અમુક કિંમતથી મેવો વેચવો; ઓછે ભાવે વેચવો નહિ. પણ ઇમામ પોતે પોતાની મરજી પ્રમાણે વેચતા હતા. ઓછે પણ વેચતા અને કયારેક વેચતા પણ નહિ હતા.

હ૦ ઇમામ ઝૈનુલઆબેદીન પાસે દુનિયામાં દોલત ઘણી હતી. અશરફીઓ ઘણી હતી, શરીરે પણ ભારી અને કદાવર હતા. હ૦ ઇમામ ઝેનુલઆબેદીનને, દુનિયાના જે ખલીફા હતા તે, વાર્ષિક વીસ લાખનું નજરાણું પેશ કરતા હતા અને કહેતા હતા કે જંગ ન થાય.

એક કાફર હતો તે કહેવા લાગ્યો કે, ઇમામ તો પૈસા માટે કરે છે. હ૦ ઇમામે તે શખ્સને તેડાવ્યો અને કહ્યું કે, હું બધાની ભલાઇને માટે કરૂં છું. હું પૈસા ભેળા કરૂં છું તેમાંથી સગાવ્હાલાને બક્ષિશ કરૂં છું અને હું પોતે પણ ખર્ચ કરૂં છું."

ત્યાર બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમને પણ દુનિયાના ધંધા માટે અમે મના કરતાં નથી. ધંધો પણ કરો અને ઇબાદત પણ કરો.

ખુદાવંદ આલમીને તમારા માટે ચોવીસ કલાક કર્યા છે, તેમાં

દોઢ બે કલાક ઇબાદત કરો. અમને યકીન છે કે, હવે તમે જમાતખાનામાં ઇશ્ક અને મોહબ્બતથી જશો."

મિસાલ આપી ફરમાવ્યું:

"તમારી ઔલાદમાંથી કોઇ બહાર ગયું હોય અને તે આવે, ત્યારે તમે કેવી રીતે મળવા જાઓ છો? તેથી પણ વધારે મહોબ્બતથી જમાતખાને જાઓ.

દુનિયાનું કામ ખલાસ કરી પછી, સાંજ સવાર જમાતખાને જાઓ અને દિવસે દુનિયાનો ધંધો કરો."

બાદ મૌલાના હાઝર ઇમામે પોતાના ઉપરથી દાખલો આપતા ફરમાવ્યું:

"હાલમાં અમે તમારી પાસે બેઠા છીએ. અમારા બાગ, બગલા માણસો તમામ મુંબઇમાં છે. અમે હમેશાં દુનિયાનું કામ કરીએ છીએ. મુંબઈમાં અમારા ઘણાં ઘર છે, અમે ખુદાના કામ કરીએ છીએ અને દુનિયાનું કામ કરવું પણ વાજબ છે.

ઇન્શા અલ્લાહ, તમે પહેલાં આખરતનું કામ કરો; દુનિયાતો ઘણી મળશે.

અમારી પાસે આવી તમે કહો છો કે, અમને આખરતની મોટાઇ મળે; પણ તમે દુનિયા ન છોડો ત્યારે કેમ મળે? પોતાનું દિલ દુનિયામાં બાંધવું નહિ; ઇબાદતમાં બાંધવું.

હકનો રોટલો એ છે કે, પોતાનો રોટલો ખાય અને આખરતને યાદ કરે, અને ભુલી જાય નહિ.

ઘણો વખત થયો છે, તમે પણ થાકી ગયા હશો તો પણ જમાતખાને જઈ ઇશ્કથી દુઆ પડો. એવો વિચાર નહિ કરતા કે, અર્ધો કલાક બેઠા છીએ અને થાકી ગયા છીએ. જમાતખાને જઇને દુઆ પડો.

સુબુહની દુઆ વખતસર ઈશ્કથી પડો. દુઆ પડી, ઇબાદત કરી ખુદાને ઓળખો. ગમે તેમ હોય તો પણ, સાંજી, સોમણી અને સુબુહની દુઆ પડજો.

એવા પણ દીનના મોટા હતા જે મઝહબને માટે સોનામ્હોરો દેતા હતા. તેવા આગળ થઇ ગયા છે. એવા પણ તમારામાંથી હતા જે પોતાની નિંદા કરાવતા હતા અને તે નિંદા કરાવી છુટી ગયા છે.

હવે અમે તમને દુઆ પડવાનું ફરમાન કરીએ છીએ માટે જમાતખાને જઈને દુઆ પડો."

## ફરમાન ૧૭ મું.

મંજેવડી તા. ૨૮-૧૨-૧૮૯૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમીરૂલ મોમનીન મૌલા મુર્તઝાઅલીએ ફરમાવ્યું છે કે, મોમનની ગીબત કરવી તે ઝના કરતાં પણ ખરાબ છે. કુરઆનમાં પણ છે કે, એક બીજામાં ફિત્નો કરાવવો તે માણસને મારી નાખવા કરતાં પણ મોટો ગુન્હો છે. ખુદાવંદ આલમીન બીજા ગુન્હા બક્ષશે પણ તેવા ગુન્હા નહિ બક્ષે.

બીજાના પૈસા ખાઇ જશે, તો તેના ગુન્હા પણ નહિ બક્ષે. અગર તે પૈસા ખુદાની રાહમાં લુંટાવે તો પણ કાંઇ ફાયદો થતો નથી. જેના પૈસા ખાઇ ગયા હોય તેની પાસે બક્ષાવે તો માફ થાય. ખુદાતઆલાએ એ હક ઇન્સાનને બક્ષ્યો છે. ખુદાવંદ આલમીન રહેમ રહેમી છે, તે પોતાનો હક બક્ષે છે, પણ પારકો માલ નહિ બક્ષે, માટે તમે વિચાર કરો ખુદાને ત્યાં ઇન્સાફ છે, તે બીજાનો માલ કેમ બક્ષે? લેણદાર બક્ષે તોજ માફ થાય.

કોઇનું ઉછીનું લઇ તેને પાછું આપી દેજો, અને ચોકસી

રહજો કે, પારકો માલ ખાધામાં ન આવે; તો તેનો ગુન્હા નથી. આ પણ સારૂં નથી કે, બીજાને મોટા ગુન્હા થાય. વળી એવું કામ ન કરવું કે જેથી આપણી કોઈ નિંદા કરે.

આનું પણ તમે ધ્યાન રાખજો કે, કોઇનો માલ ન ખાઈ જવાય, આ બાબતની તકેદારી રાખજો. ઘણી તકેદારી રાખવા છતાં કોઈ વખત શેતાન મલઉન ઇન્સાનને છેતરી જાય છે.

જે કોઈ ઉછીના લીધેલા પૈસા ખાઇ જાય અને પાછા ન આપે તો તે મોટો ગુન્હો છે; પણ જેની પાસેથી ઉછીના લીધા હોય અને તે માફ કરે તો માફ થાય. તમે જમાત પોતપોતામાં ઉછીના પૈસા લ્યો અને પાછા ન આપી શકો તો માફ કરાવજો, એવી રીતે એકબીજામાં બક્ષાવજો.

હમેશાં ખુદાની રહેમત માટે શુખર કરજો. ખુદાના શુખરાના કરશો તો, ખુદા તમને વધુ દેશે. ખુદાતઆલા જેને માલ આપે, તો તે શુખર માગે, આથી ખુદાતઆલા તેને વધારે દેશે.

ઇન્સાન, ખુદાની બંદગી સારી રીતે કરે તો, ખુદા તેને દુનિયામાં સારો બદલો આપે અને તેની ઝબાન અને કરામત સારી ચાલે.

સારી દુનિયાની લિજ્જતથી દુર રહે એવો રોજો રાખે, તો બાતુની આંખ અને કાન છે, તે ખુલે.

ઇન્સાન પાસે એટલી કુદરત નથી કે માણસોને પેદા કરી શકે, પણ એવી રીતે જુએ કે જેથી, ખુદાના ભેદ અને કુરામતની ખબર પડે.

હ૦ અમીરૂલ મોમનીન અને પયગમ્બરે ફરમાવ્યું છે કે, સલમાન ફારસ અહુલેબેતને દરજ્જે છે. પહેલાં સલમાન કાફર હતો, પછી દુનિયામાં પરહેઝગારી કરી અને દુનિયાના સ્વાદથી દૂર રહ્યો ત્યારે જ, ખુદાતઆલાએ તેને અબુશાહરથી બગદાદ સુધીની હકુમત બક્ષી.

સલમાન ફારસ જ્યારે ફરમાનથી હકુમતે ગયો, ત્યારે તેની પાસે કાંઇ નહિ હતું. ફકત તલવાર અને કુરઆન હતું. સલમાન કહેતો હતો કે, મારી પાસે તલવાર છે તે, ખુદાના રસ્તે જંગ માટે છે, અને કુરઆન દુનિયાથી છુટવા માટે છે; તેમજ દુનિયાના કામથી નવરો થાઉં ત્યારે વાંચવા માટે છે.

સલમાન ફારસ ગરમીમાં ગરમ અને શરદીમાં ઠંડા કપડા પહેરતો હતો આટલી બધી તકલીફ તે ઉઠાવતો હતો

બીજા દરવેશ હતા તે સલમાનથી નીચા દરજ્જાના હતા,

હ૦ અમીરૂલ મોમનીન મૌલા મુર્તઝાઅલીએ ફરમાવ્યું છે કે, પયગમ્બર જ્યારે દુનિયાના કાફરો પાસે ગયા ત્યારે, સિત્તેર જણાએ કબુલ કર્યું અને કોલ આપ્યો. તેમાંથી સલમાન વિગેરે ચાર જણા બહેશ્તમાં જશે અને બાકીના દોઝખમાં જશે; કારણ કે પયગમ્બર અને મુર્તઝાઅલીને આપેલો કોલ તેઓએ તોડયો.

પયગમ્બરે મૈરથી ફરમાવ્યું છે કે, જેને બહેશ્ત જોઇએ તે મારો પંજો લીએ અને દીનના રસ્તે જંગ કરે. ત્યારે સિત્તેર જણા આવ્યા, કોલ આપ્યો અને જંગ કર્યો; પણ તેમાંથી ચાર જણા બહેશ્તમાં ગયા, જ્યારે બાકીના દોઝખમાં ગયા.

તમે પણ ગિરભાવાસમાં કોલ દઇને આવ્યા છો, પેલા છાસઠ જણાએ જ્યારે કોલ આપ્યો ત્યારે તેઓના આગલા ગુન્હા માફ થયા, પણ પાછળથી કોલ તોડી ગુન્હા કર્યા તેથી દોઝખમાં ગયા.

હ૦ ઇસાએ ફરમાવ્યું છે કે, ખલ્કતમાં સારામાં સારા છે તે પણ, એક દિવસમાં સાત વખત ગુન્હા કરે છે.

તમને પુછીએ છીએ કે, જે ઝાઝું ધર્મ કરે છે અને આખરતમાં ગુન્હા વધી પડે છે તેનું શું કારણ ?"

બાદ મૌલાના હાઝર ઇમામે તે વિષે ફરમાવ્યું:

"જેઓ સારા છે અને ગુન્હા કરે છે, પણ ગુન્હાની તોબા નથી કરતા તેથી, આખરતમાં તેઓના ગુન્હા વધી પડે છે. કયામતના દિવસે નબી રસુલ ઉમ્મતનો હાથ ઝાલશે; જે નહિ ઓળખે તેનો હાથ નહિ ઝાલે.

તમે એમ નહિ સમજજો કે, બધી ઉમ્મત, ઉમ્મત છે; જેણે ઓળખેલ હશે તેજ ઉમ્મત છે.

બીજા દીનવાળામાં પણ સારા નરસા છે; તેમાંથી સારાને પણ સારા મકાન મળશે. કોઈના દીનને ખરાબ કહેવો નહિ. ખુદાવંદ આલમીન આદીલ છે, ઝાલીમ નથી. જેણે બંદગી કરી હશે તેને મકાન મળશે તે તમે જાણો છો; પણ સનાખત વાળાને મોટા મકાન મળશે.

બહેશ્તમાં સારી ચીજો અને મેવા છે, તે ત્યારે મળશે કે જ્યારે પોત પોતામાં હેત પ્રિત રાખશો. બહેશ્તમાં બાગ મોટા છે, મેવા સારા છે. મકાન સારા છે. જેને સનાખત હશે તેને તે મકાન મળશે.

એવો વિચાર નહિ કરજો કે, રૂહ બહેશ્તમાં જશે; તેમ નથી, અસલ હાલતમાં બહેશ્તમાં જશે. જેણે સારી બંદગી કરી હશે તે મુર્તઝાઅલીની હુઝુરમાં બેસશે.

તમારૂ બદન અને એજ સિકલથી ખુદા પાસે હશો, અને તમે જુવાન થશો અને તમારા મોઢા ઉપર નુર થશે તેમ નથી અને એંસી વર્ષના બુઢા જુવાન થશે તેમ પણ નથી પણ નુરાની કાયાથી બહેશ્તમાં જશો.

તમને એ ખબર નથી. બહેસ્તમાં કોઈ ઘરડો નથી, અને એવો વિચાર નહિ કરજો કે, બુઢા હશે તે જવાન થશે અને બહેસ્તમાં જશે.

એવું કહ્યું છે કે, "અકકલ સાપ જેવી જોઈએ અને દુઃખ હોય ત્યારે કબુતર જેવા થવું જોઈએ." સાપ જેવા થઈ કોઈને દુઃખ ન આપે, એવા થઈ શકો તો સારૂં છે.

ત્રણસો ને તેર હકીકતી એક દિલ થાય અને સાપ જેવી અકકલ રાખી કબુતર જેવા ગરીબ થાય ત્યારે, ઝહુરાત થશે.

તમને ખબર નથી કે, એક ગાળ દેવામાં કેટલા ગુન્હા છે? જો ખબર હોયતો ગાળ ન દીઓ.

દોઝકના દુઃખ અને બહેશ્તના મેવાની દુનિયાને અગાઉથી ખબર પડે અને જુવે તો, દુનિયાની દરકાર ન રાખે."

ત્યાર બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"મહાદનકા રોયા કુચ્છ કામ નાહિ આવે."

હમેશાં જુવો તો મોટાઇ ખુદાની છે. મોમનના માથે નુરે હશે તે જોઈ, કેટલાક તે દિવસે અફસોસ કરશે કે, શા માટે અમે એવા સારા કામ ન કર્યાં?

મુર્તઝાઅલીની હુઝુરમાં જવાવાળા છે તે બાતુની આંખથી જુવે છે. મુર્તઝાઅલીને તેઓ આંખોથી જુવે છે પણ, બાતુનથી મૌલા અલીનું નુર જુવે છે.

ઇમામ હુસેનને સિમરે પણ જોયા હતા, પણ તેને એ ખ્યાલ નહિ હતો.

દુનિયાના માણસો પણ મુર્તઝાઅલીને જુવે છે, પણ હકીકતી બીજી રીતથી જુવે છે અને મુર્તઝાઅલીને બહેશ્તમાં કેવી હાલતથી જુવે છે તે તમે જાણો છો! પેલા જે ઉપર ખુદાની હુઝુરમાં છે અને મોટે દરજ્જે છે, તે, પાંચ સાત જણા છે.

ખુદાની બીક રાખો અને છેલ્લા દમ સુધી બીજો હરફ ન નિકળે તેની બીક રાખો.

ઈન્શા અલ્લાહ! હમેશાં મુર્તઝાઅલીને યાદ કરશો અને છેલ્લા દમ સુધી જીકર કરશો, તો તે હાથ ઝાલશે અને મદદ કરશે.

## ફરમાન ૧૮ મું.

મંજેવડી તા. ૨૯-૧૨-૧૮૯૩

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"એક વખત હ૦ અમીરૂલ મોમનીન મોલા મુર્તઝાઅલી "ફુરાત" નદીના કીનારે ગયા; અને ઘોડા ઉપર સવાર થઈ "અલી અલ્લાહ" માનનારી કોમ પાસે પહોંચ્યા તે "અલી અલ્લાહ" માનનારી કોમ એવી છે, જે મુતઝાઅલીને ખુદા સમજે છે. તે કોમના એક માણસને પોતા પાસે બોલાવીને ફરમાવ્યું કે, શું તું અલી અલ્લાહ કહે છે? તેણે કહ્યું કે, "મને ભરોસો છે આપ ખુદા છો!" પછી મૌલા મુર્તઝાઅલીએ, તેનું માથું કાપી નાખી, મારીને પાછો જીવતો કરીને ફરમાવ્યું કે તું મને અલી અલ્લાહ શા માટે કહે છે? ત્યારે તે માણસે જવાબમાં અરજ કરી કે, આપે મને મારી નાખી, ફરી જીવતો કર્યો, જેથી હવે મને જે કંઈ શક હતો તે નીકળી ગયો છે, આપ સહી "અલી અલ્લાહ" છો.

મુર્તઝાઅલીએ હુકમ કર્યો કે, આ શખ્સને ડુંગર ઉપર લઈ જઈ કટકા થાય એવી રીતે ફેંકી દીઓ. ત્યારે તેને તેવી રીતે ફેંકી દેવામાં આવ્યો. બાદ તેને ફરી સજીવન કરી મોલા. મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, તું અલી અલ્લાહ હજી બોલે છે? ત્યારે તેણે આધિનતાથી જવાબ આપ્યો કે, જે કટકા કરી, મારીને સજીવન કરે, તેના ઉપર મારૂં ઇમાન વધ્યું છે.

આવી રીતે, અનેક રીતે અને અનેક વખતે તેને મારીને જીવતો કરવામાં આવ્યો અને હરવખતે પુછવામાં આવ્યું કે, હજી પણ અલી અલ્લાહ કહે છે? જવાબમાં તે હર વખત એમજ કહેતો હતો કે, આપ સહી અલ્લાહ છો, જે મારીને જીવતો કરે તેને અલ્લાહ કહેવો."

ત્યાર બાદ મોલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"મુરશિદનું ગમે તેવું ફરમાન માનવું જોઇએ. તે વિષે બેત ફરમાવી, ફરમાવ્યું કે, મુરશિદ અગર એમ ફરમાવે કે, શરાબથી વઝુ કરી નમાઝ પડો, તો તેવું ફરમાન પણ માનવું જોઇએ.

શરાબ કેવી ખરાબ વસ્તુ છે તે, તે જાણે છે; છતાં હુકમ હોય તો, તે પ્રમાણે ચાલવુ જોઈએ. બહેશ્તમાં જવાનો રસ્તો કયો છે તે પીર મુરશિદને ખબર છે.

તમે બીજા મુલ્કમાં જાઓ અને તમને રસ્તાની ખબર ન હોય અને ભોમિયો કહે કે, આ રસ્તે ચાલો, તો તે રસ્તે ચાલવું જોઇએ. તેનો હુકમ ન માનીએ તો ઘરે અગર પંથે પહોંચી ન શકીયે. તમને ખબર ન હોય અને તે કહે, તે રસ્તે પાઘડી ઉતારી ચાલવું; તો તે પ્રમાણે કરવું જોઇએ.

તમને સવાલ પુછું છું કે, તમને રસ્તાની ખબર ન હોય તો, તે ભોમિયો કહે તેજ પ્રમાણે ચાલવું જોઈએ કે નહિ?"

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"ભોમિયો તમારી સાથે હોય અને તે કોઇના ઘરે તેડી જાય; ત્યાં તેનો ધણી ન હોય અને તે કહે કે, "હુ છું તો ફીકર નહિ," અને કહે કે, અહિં બેસોતો, તમારે ત્યાં બેસવું જોઇએ, કેમ કે તેને ખબર છે.

મુરશિદને તો સઘળી ખબર છે. તે કહે કે "મહોરના બદલામાં શરાબને સિઝદો કરો તો કરવો," કારણ કે મુરશિદનું ફરમાન માનવું જોઇએ.

મુર્તઝાઅલી મહાન છે, તેમના ફરમાન માનવા જોઇએ, કારણ કે, તેઓ પોતાની કુદરતથી ગુન્હા બક્ષી બહેસ્તમાં મોકલી શકે છે.

જે વખતે, જે ફરમાન થાય તે મહોબ્બતથી માનવું જોઇએ અને ફરમાન કરે તે પ્રમાણે ચાલવું જોઇએ. કેટલીક વાતો તમારી અકકલમાં ન ઉતરે તોપણ, પીર મુરશિદ ફરમાવે તે પ્રમાણે તમારે કરવું જોઇએ, કારણ કે, તેમને સઘળું રોશન છે.

આજ રાતે પણ ઘણું મોડું થયું છે. હવે ખુદાની બંદગી કરો. ખુદાતઆલા તમારા બધા ગુન્હા માફ કરશે."

મૌલાના હાઝર ઇમામે વધુમાં ફરમાવ્યું:

"દુઆ—ઈબાદતનું ફરમાન છે તે પ્રમાણે ચાલવું જોઇએ. હાલ તમને દુઆ પડવાનું ફરમાન છે. બસો વર્ષ પછી, અગર કાલ સવારે દુઆ પડવાની મના ફરમાવીએ તો પડવી નહિ જોઇએ.

"ના ફરમાની કરે તો, તેવી પીરી મુરીદીથી કાંઇ ફાયદો નથી." હાલ તમોને ફરમાવીએ કે, આ રસ્તે ચાલો તો તેજ રસ્તે ચાલવું જોઇએ. જે વખતે જે કાંઈ ફરમાન થાય, તે પ્રમાણે ચાલે તો જ ફરમાન પાળ્યું ગણાય.

જેમ ભોમિયો ચલાવે તે પ્રમાણે ચાલે તો મંઝીલે પહોંચે. તમે પણ તે પ્રમાણે ચાલશો તોજ ઠેકાણે પહોંચશો, નહિ ચાલો તો નહિ પહોંચો.

## ફરમાન ૧૯ મું

મંજેવડી તા. ૩૦-૧૨-૧૯૫૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"શંભાની જમાતને મુબારકી ફરમાવીએ છીએ."

બાદ મોલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"વારસ ઈસિમાઈલ શરૂઆતથી આજ દિવસ સુધી અમારા ઘરની ઘણી ખિદમત કરતા આવ્યા છે. અમારા દાદાના વખતથી, વારસના પિતા ગાંગજી અમારી ખિદમત કરતા આવ્યા છે. વારસ ઈસમાઇલ પછી, અમારા પિતાશ્રી આગા અલીશાહ દાતારે કાસમભાઇને વારસનો હોદ્દો આપ્યો હતો, અને કુલ્લ કામડીયાનો હોદો તેમના ભાઈ ઈબ્રાહીમ ભાઇને આપી, પોતાના હાથે ખિલાત પહેરાવી હતી. આ દશ વર્ષમાં ઘણી ખિદતમ કરી છે.

ત્રણ વર્ષ અગાઉ જમાતને દિદાર કરાવવા માટે બન્ને ભાઇઓ મુંબઇમાં અમને તેડવા માટે આવ્યા હતા. ગયે વર્ષે પણ વારસ હીરજી તથા જાદવજીની સાથે તેડવા આવ્યા હતા, પણ અમે આવી શકયા નહિ. આ વર્ષે અમને તેડવા માટે આવ્યા જેથી અમે ઘણાં રાજી થયા છીએ. આ મુસાફરીમાં અમે ઘણા રાજી થયા છીએ.

તમે જમાત અમારાં બચ્ચાં છો. તમે જમાત બાઇ ભાઇ વિચાર કરજો કે, તેના (હાઝર ઇમામના) ફરઝંદ છીએ.

પીર મુરશિદની એ રીત છે કે, જેમ માવિત્ર છોકરાઓનો હાથ ઝાલી ચલાવે છે, તેમ અમે પણ તમારો હાથ ઝાલી ચલાવીએ છીએ.

બાઈ અથવા ભાઈ અમારા ફરઝંદ છે. જુઓ! કેવી રીતથી તમે અહિં આરામથી બેઠાં છો? તમે જમાતખાનામાં પણ આરામથી બેસો તો ઘણું સારૂં લાગે; પણ તમે ઉતાવળા થાઓ છો, તેથી અમને ઠીક લાગતું નથી.

વારસ ઇસમાઇલ તથા વારસ કાસમ માફક ફરમાન બરદારી કરજો. વારસ કાસમને કાઠીયાવાડમાં અમારા તરફથી નિમવામાં આવ્યા છે.

નથુ વારસ ગુજરી જવાથી તેની જગ્યાએ તેના ભાઈ મહમદને નિમ્યા છે અને તેને ખિલાત આપી છે. તેને વારસ માફક સમજજો.

જેમ પેલા વારસો એક બીજા સાથે મળીને, જમાતી કામકાજ અને ફેંસલા કરે છે, તેમ મહમદ પણ તેની સાથે મળીને કામ કરે. ખાનાવાદાન."

## ફરમાન ૨૦ મું

મંજેવડી તા. ૩૧-૧૨ ૧૮૯૩.

હઃ મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે સર્વે જમાત ઉપર લાજમ છે કે બંદગી ઇબાદત કરો. ખુદાતઆલાએ જે ખલ્કત પેદા કરી છે, તે બંદગી ઇબાદત કરવા

માટે; પરંતુ, ખાઇને સુઇ રહેવા માટે કરી નથી, જે ખાઇને સુઈ રહેવું."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે તમારા માટે પરખ નહિ માગો, કારણ કે, પરખ ઘણી મુશ્કેલ છે.

એક શખ્સ શાહે નઝફમાં રહેતો હતો તે, ઘણી ઇબાદત-બંદગી કરતો હતો અને રડતો હતો, અને રોજ કહેતો હતો કે, યા અલી! મને એવો વખત આપો કે હું જંગે જહાદ કરૂં. એટલે લડાઇ કરી દીનનાં દુશ્મનને મારૂં અને મારૂં સર આપું. એટલે લડાઈ કરી જંગમાં મારૂં માથું આપું. આ પ્રમાણે ચાલીસ વર્ષ સુધી હમેશાં બંદગી વખતે રડતાં રડતાં અરજ કરતો હતો.

એક વખતે મુર્તઝાઅલીએ માણુસ મોકલાવી તેને કહેવડાવ્યું કે, મુર્તઝાઅલી તને જંગ માટે બોલાવે છે. તે શખ્સ તે માણુસ સાથે મૌલા અલીને ત્યાં ગયો ત્યારે તેણે અરજ કરી કે, મારે મૌલા અલીના દિદાર કરવા છે.

મૌલા અલીએ કહેવડાવ્યું કે, દિદારતો કાલે થશે. આજની રાત તે અહિં રહી જાય.

ત્યારે બાદ મૌલા મુર્તઝાઅલીએ તે શખ્સ માટે એક ખુબસુરત ગોલી, ખિદમતમાં મોકલાવી; એટલે તે ગોલી તેને દઈ દીધી. તેણે તે ગોલીને બાયડી તરીકે ઘરમાં રાખી. બાદ એક બંગલો રહેવા માટે આપ્યો અને ખાવા માટે એક થાળ ન્યામતનો મોકલ્યો આથી બન્ને માણુસોએ ભેળા બેસીને ખાધું અને વાતો કરતા હતા.

એટલામાં જંગનું નગારૂં વાગ્યું. ત્યારે મૌલા અલીનો માણુસ આવી તે શખ્સને કહેવા લાગ્યો કે, અય શખ્સ! ઉઠ! જલ્દી કર! આ વખત જંગે જહાદનો છે.

તે શખ્સે કહ્યું કે, મૌલા અલીને ખબર છે કે, મારી પાસે હથિયાર નથી, ઘોડો નથી, તો હું જંગ કેવી રીતે કરીશ?

તે માણુસે મોલા મુર્તઝાઅલીને એ પ્રમાણે વાત કરી. ત્યારે

મોલા મુર્તઝાઅલીએ તેના માટે હથિયાર અને ઘોડો પોતાના માણસ સાથે મોકલ્યા તે, હથિયાર અને ઘોડો તે શખ્સ પાસે લઈ જઈ કહ્યું કે, ઉઠ! આ હથિયાર અને ઘોડો, મૌલા અલીએ તારા માટે મોકલ્યા છે, માટે જંગ કરવા તૈયાર થા.

તે શખ્સે જવાબ આપ્યો કે, મૌલા અલીને કહેજો કે, આજનો દિવસ તમે જંગ કરો હું કાલે જંગ કરીશ.

આ શખ્સને દુનિયા મીઠી લાગી હતી, કારણ કે, તેને નવી બાયડી, રહેવાને ઘર અને ખાવાને થાળ મળ્યો હતો. તેથી, તે લાલચમાં ફસાઇ ગયો હતો."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે જમાત પોતાના ઉપર પરખ નહિ માગો. રોજ જમાતખાને જઇ દુઆ પડો અને દુઆ માગો કે, યા અલી! અમારા ઉપર પરખ નહિ નાખજો. તમે પરખથી હમેશાં ડરજો."

બાદ હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમે તમારા ઉપર પરખ શા માટે નથી નાખતા? અને શા માટે નથી કહેતા કે, તમે હમેશાં બસો રકાત નમાઝ પડો? કારણ કે, તમારા ઉપર જે પરખ નાખી છે, તે પુરી કરી શકતા નથી, જે, દશ રૂપીએ એક રૂપીઓ આપો.

ખુદાને કાંઈ નાણાની પરવા નથી, પણ એક પરખ નાખી છે. તે તમે દઈ શકતા નથી. ત્યારે બીજી કઈ પરખ નાખીએ?

અમે નથી કહેતા કે, તમે સર્વે દુનિયાની માયા છોડી દીયો. તમે ખાઓ, ખર્ચો, વાપરો, ભેળું કરો પણ હકક મૌલાનો આપો. બંદગી ઈબાદત કરો અને ખુદાને ઓળખો.

મોલા અલીએ ફરમાવ્યું કે, હું ખુદાને જોઉં નહિ તો, ઇબાદત પણ કરૂં નહિ.

ખુદાને જે પોતાની આંખોથી જુએ નહિ તો, તેની આંખો આંધળી છે.

આ રીતે શરીયત અને તરીકતથી તમને ફરમાન કરી સમજાવ્યા છે તેની મકસદ એ છે કે, જે ખુદાને નં જુએ તેની બંદગી કબુલ થતી નથી.

ખુદા અને હાઝર ઇમામને ઓળખ્યા વિના જે બંદગી કરે છે, તેની આંખો આંધળી છે; કારણુ કે, હાઝર ઇમામ બેઠાં છે તેને ઓળખતા નથી."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"મૌલા મુર્તઝાઅલીના ઝમાનામાં, ફિતના કરનારં મુલ્લાઓ હતા. ઇમામ હુસેનને શહીદ કર્યા તે કોઇ બીજી કોમના નહિ હતા. બધા મુસલમાન હતા. ફકત એક ફિરંગી હતો તે, ઇમાન લાવ્યો હતો. બાકી ઇમામની સામે થવાવાળા બધાં મુસલમાન હતા.

તમને હુકમ છે કે, તમે દુઆ માગો કે ખુદા પરખ ન નાખે. તેનો સબબ એ છે કે, જે કોઇ ઇમાનવાળો હોય અને મોટો હોય તે પણ, પરખથી ફરી જાય.

આ દીન તમારો સાચો છે. મધરાતે એક મલાએક અર્શથી ઉતરે છે અને પુકાર નાખે છે કે, છે કોઇ એવો બંદો ખુદાનો જે, ગુન્હાની તોબા કરે? જેથી તેની દુઆ ખુદા પાસે લઇ જઇને કબુલ કરાવું. છે કોઈ એવો શખ્સ કે, ખુદા પાસે જે માગે તે અપાવું. એમ રોજ મધરાતે મલાએક પોકાર કરે છે."

ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"આગા અલીશાહ દાતારે ફરમાન કર્યું હતું કે, મધરાતે યા અલીની બંદગી કરો તેમાં જે સવાબ થશે તે તમારો છે અને પાપ યાને ગુન્હા થાય તે અમારા ઉપર છે.

મૌલા મુર્તઝાઅલી તમારૂં ઇમાન સલામત રાખે. જેમ ગીનાનમાં કહ્યું છે તેમ ચાલો.

તમને અરબી નથી આવડતું તો શું થયું? જેને અરબી આવડે છે તે શું બહેસ્તમાં જશે? અને નથી આવડતું તે શું

જહન્નમમાં જશે? નહિ, એમ નથી.

ખુદા માત્ર અરબીજ જાણે છે અને બીજી બોલી નથી જાણતો એમ નથી. ખુદા સર્વેની બોલી જાણે છે.

જે બોલીમાં ખુદાની બંદગી કરે તે બોલી, સર્વેની બોલી ખુદા સમજે છે. જો ખુદા અરબી જાણે અને બીજી સઘળી બોલી ન જાણે તો, તે ખુદા અમને કબુલ નથી. અમને તે ખુદા કબુલ છે જે, સર્વેની બોલી જાણે છે."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"હાઝર જોમાને ઓળખો, બંદગી ઈબાદત કરો. દીન ઉપર ચાલો, દીનનો રસ્તો અમને પુછો અને દીનના હકના રસ્તે ચાલો.

અમને પુછો તો તમને રસ્તો દેખાડીએ. જો અમારા પાસે નહિ આવો અને અમને નહિ પુછો તો, તેનો ભાર અમારા ઉપર નથી.

તેની મિસાલ એવી છે કે, કોઈ ફકીર હોય અને માંગવાને જાય, તો તેને મળે. અગર ઘરે બેઠો રહે તો, ભુખે મરી જાય; તેમાં ગામના બીજા માણસોની શું તકસીર? માંગે નહિ તો કોઇ આપે નહિ, તેમાં બીજાનો શું વાંક? જે માંગવા જાય નહિ તેને મળે નહિ.

દીનના રસ્તા વિષે તમે અમને પુછશો નહિ, તો રસ્તો ભુલી જશો અને જહન્નમમાં જશો; તેનો ભાર અમારા માથે નથી, તમે ઘરે બેઠા રહેશો અને અમને નહિ પુછો તો અમારા ઉપર કાંઈ નથી."

ત્યાર બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"નબી સાહેબે દુનિયામાંથી જતી વખતે વસિયત કરી હતી કે, હું દુનિયામાં બે ચીજ મુકી જાઉં છું, જેમાં એક કિતાબ અને બીજી મારી આલ."

બાદ મૌલાના હાઝર ઇમામે તે વિષે ફરમાવ્યું:

"તે કિતાબ લઇને મુર્તઝાઅલી મસજીદમાં ગયા અને સર્વે

લોકોને ફરમાવ્યું કે, આ કિતાબ મને રસુલિલ્લાહે આપી છે, તેમ તમારી પાસે લઈ આવવા વસિયત કરી હતી, માટે તમે લ્યો.

ત્યારે સર્વે લોકો બોલ્યા કે, અમારી પાસે હઝરત ઉસમાનની કિતાબ છે, તે બસ છે. તમારી કિતાબની અમને જરૂર નથી.

ત્યારે મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, આ કિતાબની તમને રતી જેટલી પણ, કયામતના દિવસ સુધી ખબર નહિ પડે. એમ કહી કિતાબ પોતાને ઘરે પાછી લઇ ગયા.

તે કિતાબ પારા દશ છે. તેના માટે પીર સદરદીને તમને ગીનાનમાં સમજાવેલ છે, તે પ્રમાણે ચાલો.

## ફરમાન ૨૧ મું.

મંજેવડી તા. ૨-૧-૧૮૯૪

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"કયામતના દિવસે જહન્નમમાં એવા લોકોને નાખવમાં આવશે કે જેઓએ ઈબાદત બંદગી કરી નહિ હોય, કોઇનું ઉછીનું લઈ પાછું દીધું નહિ હોય, ખુદાનો હકક યાને માલે વાજેબાત દીધો નહિ હોય, જનાકારી કરી હોય, તેમ શરાબ પીધો હોય અને મા બાપને દુઃખ દીધું હોય."

ત્યાર બાદ મોલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"જેઓ જમાતખાનામાં નહિ ગયા હોય અને ઇબાદત નહિ કરી હોય, પણ ત્યારબાદ તૌબા કરી હશે અને પછી ઈબાદત કરી હશે અને જમાતખાને ગયેલ હશે, એ લોકોને છુટકારો મળશે.

જે માણસે ઉછીનું લીધું હશે અને પાછું નહિ આપ્યું હોય. પણ આપનાર પાસે માફી મેળવી હશે તેનો છુટકારો થશે.

જેણે માલે વાજેબાત નહિ દીધો હોય પણ પાછળથી તોબા કરીને માલે વાજેબાત દીધો હશે તો તેનો પણ છુટકારો થશે.

જનાકારીની મતલબ એવી છે કે, જેણે પરાઈ સ્ત્રીથી જનાકારી કરી તૌબા કર્યા વિના મરી જાય તે દોઝખમાં જશે.

જનાકારી એવો ગુન્હો છે કે, તે બક્ષાવવા માટે જમાતના મુખી કામડીયા પાસે જાય 'અને જાહેર કરે કે, મેં આવી રીતે ગુન્હો કર્યો છે, અને તે બક્ષવા માટે તેને સો લાકડીઓ મારવામાં આવે, અને પછી તે એવું કામ ન કરે તો ગુન્હો માફ થાય. લાકડીઓના માર કરતાં, તૌબા કરવી સાવ આસાન છે, પણ પછી તે ગુન્હા ન કરે.

એ તૌબા ઘણી મુશ્કેલ છે કે જે તૌબા કર્યા પછી એવું કામ તે ન કરે. કોઈને ખરાબ નજરથી ન જુવે.

આવો ગુન્હેગાર જો તૌબા ન કરે, તો પછી તેનો ખ્યાલ પણ ન રાખવો. તે પોતાની મરજી પ્રમાણે કરે."

શરાબની બાબતમાં મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"શરાબ પીવો તે કામ નરસામાં નરસુ છે અને પીધાથી દુનિયામાં અકકલ પણ જાય છે અને દીન પણ જાય છે; પણ કોઈ બિમાર હોય અને તે વખતે વૈદ કે ડૉકટર તેને દવામાં પીવડાવે અને તે પીયે તો ગુન્હા નથી.

ખુદાવંદ આલમીનને ઈન્સાનનો જીવ ઘણો પ્યારો છે, માટે તે જીવના છુટકારા માટે તૌબા કરવી જોઇએ; કારણકે જે જીવ ખુદાવંદતઆલાને આટલો બધો પ્યારો છે, તેને દોઝખમાં નહિ પડવા દેવો જોઇએ.

જે છોકરા, માવિત્રોનું કહેવું ન માને અને જેનાથી માવિત્રો નારાજ હોય અને જે માવિત્રોને દુઃખ દેતા હોય તે દોઝખમાં જશે.

દીન દુનિયાના કેટલાક કામમાં માવિત્રો ના પાડે તો પણ તે કરવા જોઇએ. જો માવિત્રો છોકરાઓને ઉંધો રસ્તો બતાવે તો તેમને કહેવું જોઇએ કે, સારો રસ્તો આ છે. આમ સમજાવ્યા પછી કરવું વાજબ છે. પછી માવિત્રોની નાફરમાની કર્યાનો ગુન્હો થાતો નથી.

જે કોઈ દુનિયામાં ઝના કરે છે અને તૌબા નથી કરતાં, તે કયામતમાં મુર્તઝાઅલીના દુશ્મન જેવા છે.

ઇન્સાનની અકકલ જ્યારે ઠેકાણે હોય ત્યારે તૌબા કરે તો કબુલ થાય, પણ પછી તૌબા કરે તો કબુલ થતી નથી.

અમોએ અગાઉ ફરમાન કર્યાં છે તેમાં હ૦ અમીરૂલ મોમનીનના વખતમાં ત્રિ-તેર જણાએ કોલ આપેલ તેમાંથી ચાર જણા બહેસ્તમાં ગયા.

તૌબા કરે અને સારે રસ્તે ચાલે તે બહેશ્તમાં જશે. તૌબા કરે તો ખુદા બધાની તૌબા કબુલ કરે છે.

હવે દુઆનો વખત થયો છે, માટે જમાતખાને જઈ દુઆ પડો. ખાનાવાદાન.

## ફરમાન ૨૨ મું.

મુંબઈ તા. ૪-૨-૧૮૯૪

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે હસનાબાદમાં મુખી લાડકભાઇ હાજી અને કામડીઆ ઇસમાઇલ ભાઈ કાસમાણીના વખતમાં રવીવારના પંજેભાઇઓની મીટીંગમાં પંજેભાઇઓને પોતાના મુખ મુબારકથી ફરમાવ્યું:

“આ ફરમાન સર્વે જમાત હકીકતીના છુટકારા માટે ફરમાવું છું.

તમે આઠ આઠ દિવસે મીજલસ કરવાનો ઠરાવ કર્યો છે તે ઠીક છે. પણ, કુલ્લ મુંબઇના પંજેભાઇઓ ભેળા થઇને મહિનામાં એક રાત યાને ચાંદરાતના મીજલસ કરો તો ઘણું સારૂં. તમે સઘળા પંજેભાઈઓ એક દિલ થઇને જમાતખાનામાં આવી બંદગી કરો. ખુદા તમારા ગુન્હા માફ કરે અને તમે દુનિયામાંથી પાક થઇને બહેશ્તમાં જાઓ અને દિદાર નસીબ થાય.

પહેલાં તો પોતામાં એકદિલ થાઓ. કોઈ હકીકતીની, તેમજ બીજા દીનની ગીલ્લા ગિબત કરશો નહિ. બીજું, કોઇ ઉપર બદનઝર કરશો નહિ. પારકા માલથી દુર રહેજો.

જે કોઇ પંજેભાઈ, ચાંદરાતની મીજલસમાં નામ નોંધાવે તેની પાસેથી મહિને મહિને એક પૈસાથી આઠ પૈસા સુધી લેજો. જેમાં પૈસાથી ઓછું નહિ અને આઠ પૈસાથી વધારે નહિ.

ગરીબ તેમજ પૈસાવાળા બધા સરખાં છે. પૈસાથી આઠ પૈસા સુધીના જે કાંઇ પૈસા ભેળા થાય તે જુદા રાખજો; તેના માટે છ અમલદાર ઠરાવ્યા છે, તે ઉપજના પૈસા છ જણા પાસે રહે.

અગર ચાંદરાતના પંજેભાઇઓમાંથી કોઈ આ ફાની દુનિયા છોડી આખરત તરફ જાય યાને કોઇના સો વર્ષ પુરા થાય, તો તેના નામની એક નાની મીજલસ જમાતખાનામાં કરજો, જેમાં થોડો જુરો પણ કરજો. તેમાં એમ નહિ કરજો કે, ગરીબ વાસ્તે થોડો અને નાણાવાલા વાસ્તે વધારે. બધાનો હકક સરખો છે, ને કાયદા પ્રમાણે ખર્ચ કરજો.

બધાં ભેળા થઈને તેના હકમાં દુઆ માંગશો તો ખુદા તેના ગુન્હા માફ કરે અને બહેશ્ત નસીબ કરે, તેમ તમને પણ ફાયદો થાય.

અમે તોજ ખુશી થાશું કે અમારો કોઈ પણ મુરીદ દુનિયામાંથી ગુન્હેગાર થઇ ગુજરી ન જાય.

ઇન્શા અલ્લાહ! તમે બધાં એકદિલ થઇને જમાતખાનામાં આવી બંદગી કરો. તેમાં સલવાત ઝાઝી પડશો તો ઈન્શા અલ્લાહ તમારૂં જોર દિન પ્રતિ દિન વધશે અને તમારા દુશ્મન દફે થશે; તમારા ગુન્હા માફ થશે; તમે બહેશ્તમાં જશો અને દિદાર નસીબ થશે. ઇન્શા અલ્લાહ!

## ફરમાન ૨૩ મું.

ગુઆધર ૧૦-૧૨-૧૮૯૪

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ગુઆધર જમાતને ઇરાન જવાનો પોતાનો વિચાર દર્શાવતાં, જમાત સમજી કે ધણી સલામત દાતાર કરમલા જાય છે. ધણી સલામત દાતાર

અહિંજ રહે તે માટે જમાતે અરજ કરી કે, આપ ત્યાં ન સિધાવતાં અહિં રહો. ત્યારે હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે ખુદાના ભેદમાં હાથ નહિ નાખો. અમને ઘણાં કામ કરવાના છે. અમે હમેશાં હિન્દુસ્તાનમાં રહેવાના નથી. અમે તો દરવેશ છીએ. અમે બધે ઠેકાણે ફરીશું.

અમારૂં ગામ ઇરાનને રસ્તે છે, બલ્કે અમે ઇરાન જશું. બીજી સાલ અમે જંગબાર જશું. કયારેક અમે વિલાત પણ જશું. તે તરફ અમારા હઝારો મુરીદો છે. બધી જમાતોના અમારે કામ કરવાના છે.

તમો જમાતના કામ માટે પણ અમે જઇએ છીએ, તે તરફ અમને એક મહિનો અને વીસ દિવસ લાગશે. ત્યાં અમે જે કામ કરશું તેની એક મહિના પછી તમને ખબર પડશે, ત્યારે તમે ઘણાં રાજી થશો.

અમારૂં ઘર, બેઠક (દરખાનુ) હિન્દુસ્તાનમાં છે, પણ અમે બધે ઠેકાણે ફરવા જશું. જેમકે હર વખતે પુના તથા મહાબળેશ્વર હવા ખોરી માટે જતા હતા, તેમ અત્યારે પણ અમે દરિયાની હવા ખોરી માટે જઇએ છીએ. તેમ તમો જમાતના કામ કરવા પણ જઇએ છીએ. અમે હમેશાં દરવેશ છીએ.

માવિત્રોને બચ્ચાં ઉપર ગુસ્સો નથી હોતો. તમે અમારા બચ્ચાં છો. તમારી ઉપર અમારો જરા પણ ગુસ્સો નથી.

અમને પીર સદરદીનવાળું કામ કરવું છે. ઇન્સાનને વાજબ છે કે, ઇન્સાનના મગજમાં જે ચીજ રાખી છે તેનો વિચાર કરે.

તમે જે વખતે દુઆ પડો છો ત્યારે અમે દિદાર આપીએ છીએ, અને ઝાહેરમાં પણ અમે તમને દિદાર આપીએ છીએ. તમને દિદાર જોઇતો હોય તો જમાતખાને જાઓ.

અમારી બાદશાહી ગણો તો અમે બધા બાદશાહ ઉપર છીએ અને બધી દુનિયાની બાદશાહી કરી શકીએ છીએ, છતાં અમે દરવેશ છીએ."

ત્યાર બાદ મૌલાના હાઝર ઇમામે જમાતને દસ્તબોસી કરાવી ફરમાવ્યું:

"અમે કરબલા જશું નહિ. તમે એમ સમજો છો કે ધણી કરબલા જાય છે?

અમને કોની ઝયારત કરવાની હોય? ઇમામ હુસેન કાંઈ ત્યાં જ નથી. ઇમામ હુસેન સઘળે ઠેકાણે ભરપુર છે. અહિંયા પણ હાજર છે.

અમે તો ફક્ત દરિયાની હવાખોરી માટે બસરા સુધી જશું વખતે અમે અબુશહર સુધી જઇએ.

ઇમામ હુસેન અત્યારે અમારી પાસે બેઠાં છે અને તમારી પાસે પણ હાજર છે. તેથી કરબલા જવા માટે અમે ખુશી નથી. અમે બસરા હવાખોરી માટે જઇએ છીએ. વળી અમે હમણાં જમાતના કામ કરવા જઇએ છીએ. જેમ મીસ્રી જ્યારે ઘર બાંધે છે ત્યારે બધી વસ્તુઓ તૈયાર રાખે છે, તેમ અમે પણ જમાતના સઘળા કામો પુરાં કરીશું."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"ઇન્સાનને વાજબ છે કે, ઇમામને પોતાના સીનામાં જગ્યા આપે. તમે પોતાને કાંઈ નહિ લેખો. મોટાઇ છોડી આપો તો ઈમામ તમારા સીનામાં રહે; પણ તે ક્રિયાઓ તમે પાળતા નથી.

જો તમને દિદાર મેળવવો હોય તો જમાતખાને હમેશાં દુઆ પડવા આવો. જે વખતે દુઆ પડો છો તે વખતે અમે તમને દિદાર આપીએ છીએ. દુઆ વખતે જમાતખાનામાં હમેશાં અમે હાજર છીએ, માટે હમેશાં જમાતખાનામાં આવતા રહેજો."

ગુઆધરના મુખીને મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું

"વખતસર કોઈ દુઆ પડવા ન આવે તો બીજા દિવસે સવારમાં તેને પુછો કે, તમે શા માટે આવ્યા નહિ? નરમાશથી પુછવું તેમ દંડ પણ રાખવો નહિ, તેને વિવેકથી પુછવું.

ખોટું બોલવાથી ઇબાદતમાં નુકશાન થાય છે. શા માટે થાય છે? તેનું કારણ એ છે કે, એક દિવસ ખોટું બોલશે, બીજા દિવસે

નીંદા કરશે, ત્રીજા દિવસે પરાયો માલ વાપરશે; એમ કરતાં કરતાં ગુન્હામાં ગિરફતાર થશે. માટે જુઠું બિલકુલ બોલવું નહિ.

દુઆ પડવા હમેશાં આવતા રહેજો. તેમાં જો એક વખત આવી ન શકો તો બીજા વખતે આવજો. બીજા વખતે ન આવી શકો તો ત્રીજા વખતે જરૂર આવજો. મોમનને વાજબ છે કે હમેશાં જમાતખાને આવે."

ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:—

"દુનિયામાં ચાર તરીકાના માણસો છે.

પહેલા તરીકાના માણસો છે તે અમને ચાહે છે અને દુનિયાને નથી ચાહતા. તેઓનું દિલ અમારા તરફ છે, ત્યારે અમે પણ તેઓને હમેશાં યાદ કરીએ છીએ. તેઓ અહિં પણ અમારી સાથે છે અને ત્યાં પણ સાથે હશે.

બીજા તરીકાના માણસો છે તે અમને ચાહે છે અને દુનિયાને પણ ચાહે છે. તેઓને અમે દુઆ કરીએ છીએ કે તેઓની મહોબ્બત દુનિયા ઉપરથી ઓછી થાય અને અમારાથી મહોબ્બત વધે.

ત્રીજા તરીકાના માણસો છે તે અમને નથી ચાહતા અને દુનિયાને જ ચાહે છે. તેઓ અમને દુઃખ આપતા નથી. જ્યારે તેઓને અમારી ચિંતા નથી, ત્યારે અમને પણ તેઓની ચિંતા નથી. તેઓ પોતે જાણે? અમે તેઓને મુકી દીધા છે.

ચોથા તરીકાના માણસો છે તે દુનિયાને ચાહે છે અને અમને નથી ચાહતા અને અમને દુઃખ આપે છે. ત્યારે અમે પણ તેઓના હકમાં એવી દુઆ કરીએ છીએ કે ખુદા, અમને તેઓથી દુર રાખે.

આપ્રમાણે ચાર તરીકાના માણસો છે.

હવે જે કોઇ જેવું ઇમાન રાખશે, તેને તેવો ફાયદો થશે."

છેવટે જમાતને મૌલાના હાઝર ઇમામે ઘણી દુઆ આશિષો ફરમાવી, ફરમાવ્યું:

"ખાનાવાદાન"

## ફરમાન ૨૪ મુ.

અમદાવાદ તા. ૧૨-૨-૧૮૯૯

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"પીર સદરદ્દીને તમારા માટે ઘણી મહેનત કરી, કેટલે દુરથી આવી, આ પંથ તમને બતાવ્યો. તમને દીન-મઝહબની ખબર નહિ હતી, હિન્દુ હતા; તમને બોધ કરી રસ્તે લાવ્યા. તમારા બાપ દાદાને ઘણી મહેનતે આ રસ્તો બતાવ્યો. તમો જમાત, તમારા બાપદાદાના રસ્તા ઉપર ચાલો છો તેવીજ રીતે ચાલજો, કે જે રસ્તો પીર સદરદ્દીને બતાવ્યો છે.

તમે પીર સદરદ્દીનના ગીનાન વાંચો છો તો તે પ્રમાણે ચાલવું જોઇએ અને અમલ કરવો જોઇએ. પીર સદરદ્દીને જેવી રીતે ફરમાવ્યું છે કે, સાચું બોલવું, જુઠું બોલવું નહિ, બીડી પીવી નહિ, શરાબ પીવું નહિ, પરાયો માલ ખાવો નહિ તેવી રીતે ફરમાન મુજબ ચાલો.

તમો જમાત અહિં અમારી હુઝુરમાં છો પછી અસલ મકાને જાશો.

જમાતખાનામાં નસિહત કરો ને ગીનાન પ્રમાણે ચાલો. શેતાનનાં ફરેબમાં આવશો નહિ. હમેશાં જમાતખાનામાં આવી દુઆ, ઘટપાટ, નિયાઝ પીઓ. ગીનાન પ્રમાણે ચાલો. ખોટું બોલવું નહિ.

ગીનાન ઉપર ચાલો તો સાચો દીન મળ્યો. અત્યાર સુધી ગીનાન પ્રમાણે ચાલ્યા તો સાચે રસ્તે રહ્યા.

શેતાન એક રૂપમાં નથી. માણુસ રૂપે પણ આવીને છેતરે છે. તમારા બચ્ચાંને ગીનાન ભણાવો ને દીન શીખવાડો કે જેથી, કોઈ તેને છેતરી જાય નહિ. નાના બચ્ચાંને પણ જમાતખાને લઈ જાવ તો તેની આદત પડે મને સાચો રસ્તો પકડે ને બીજે રસ્તે જાય નહિ.

તમે જે વેપાર કરો છો તેમાં પણ જુઠું બોલવું નહિ અને કોઈની સાથે દગલબાજી કરવી નહિ.

તમારે પોતાની ઓરત સિવાય, બીજીને મા બહેન સમજવી અને ઓરતોએ પોતાના ધણી સિવાય બીજાને ભાઈ અને દીકરા સમજવા.

પોતપોતામાં દુશ્મની રાખવી નહિ; એક બાપના દીકરા તરીકે ચાલવું.

જમાતખાનામાં ચોક્કસ કરીને જવું અને દુઆનો વખત ચુકવો નહિ. જમાતખાને જવાનું ભુલી જશો નહિ. જમાતખાને જવામાં ગાફલ રહેવું નહિ. હમેશાં જમાતખાને જવું.

પરાયો માલ ખાવો હરામ છે અને જો તે ખાઇએ તો આપણું માંસ હરામ થાય છે અને પેદાશ પણ હરામ થાય છે. કોઈની પારકી આશ ન કરવી.

તમો જમાત, સહુ જમાતખાનામાં નસિહત કરો. તમે હુઝુરમાં બેઠા છો ને અમે ફરમાન કરીએ છીએ તે, આ કાને સાંભળી બીજા કાને કાઢી નાખશો નહિ. તમામ ઠેકાણે આ ફરમાન સંભળાવો. તમારા બચ્ચાંને દુઆ શિખવાડો, ગીનાન શીખવાડો કે જેથી બરાબર રસ્તે આવે.

અમે, એમ નથી કહેતા કે વેપાર ન કરવો, પણ હરામ ન કરવો. વેપાર હલાલનો કરો, દશોંદ કાઢીને ખાવ તો હલાલ છે અને તમારી ઔલાદ પણ સારી થાય.

તમે કોઇ વખત ભુલમાં કોઇનો પૈસો ખાશો તો તમારૂં તેટલું ગોસ્ત ખુદા કાપી લેશે. પારકો પૈસો તે સુવ્વર બરાબર છે.

જમાતે બધાં ભાઇઓનું સારૂં જોવું. નરસુ ગણવું નહિ, ગણીએ તો આપણું નરસુ થાય. તમે ખુદા પાસે દુઆ માંગો છો, તો સાથે ભાઇઓ માટે પણ દુઆ કરો. ભાઇઓના હકમાં દુઆ માંગવી તેમાં ફાયદો છે. કોઈ ભાઈના વિષે નરસુ બોલવું નહિ. ગીનાન બોલો, હમેશાં મજલસ કરો અને પીર સદરદીને કીધું છે તે પ્રમાણે ચાલો.

ઈન્શા અલ્લાહ! બરકત થાશે. ગીનાન ઉપર અમલ કરશો તો અંહિં સારૂં છે અને આખરતમાં પણ સારૂં છે.

જેની પાસે દુનિયામાં પૈસા છે તે અહિં ખુશી નથી. પૈસો થોડો છે તે ધરમ ઉપર છે, તે અહિં ખુશી છે. આ દુનિયો ફાની છે, તે આજ છે કાલ નથી, અને સો વરસથી વધુ જીવશો નહિ માટે ફરમાવ્યા પ્રમાણે ચાલો."

## ફરમાન ૨૫ મું

અમદાવાદ ૧૪–૨– ૧૮૯૬.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"ઈન્શા અલ્લાહ! અમને ઉમેદ છે કે, ગઇ રાતના તમને જે ફરમાવ્યું છે, તે તમે ભુલી નહિ ગયા હશો. તે તમને બરાબર ખબર હશે.

ગઈ રાતના તમને ફરમાવ્યું છે કે, તમે ઇબાદત કરો, ધરમના રસ્તે ચાલો. પીર સદરદ્દીને તમારા માટે રસ્તો આસાન કર્યો છે. ગીનાન પડો ને સીધે રસ્તે ચાલો.

તમે જમાત સવારથી સાંજ સુધી કામ કરો છો અને પછી ખુદા કાજે કામ કરો, ઇબાદત કરો. એમ નહિ કે દુનિયાનું કામ ન કરવું અને દીનનું કામ કરવું. મોમન દીનનું કામ કરે અને દુનિયાનું કામ પણ કરે. દુનિયાનું કામ કરવું, ખાલી હાથે બેસી રહેવું નહિ અને હલાલનો રોટલો ખાવો. હલાલનો રોટલો કમાઇને ખાવું. બેસી રહેવું નહિ જોઇએ.

આખરતનું કામ છે તે તમને ખબર છે. જમાતખાને જવું, ગીનાનો પડવા તે તમને ખબર છે. તમે જમાત દિલમાં ક્રોધ નહિ રાખો.

ગઇ રાતના તમને ફરમાવ્યું છે કે, તમે ભાઇઓના હકમાં

દુઆ માંગો તો તમને ફાયદો મળશે. તમને ફરમાન થાય છે તે તમે સાંભળો.

શેતાન ઘણા રૂપે આવે છે, માણસ રૂપે આવે છે. હજારો રૂપે આવે છે, આલીમ અને આકિલ રૂપે પણ આવે છે, તે તમને છેતરી જાય નહિ. શેતાન માણસ રૂપે માણસ પાસે આવે છે અને ઈમાન લુંટી જાય છે. તમે ચોકકસાઈ રાખો કે શેતાન તમારી પાસે આવે નહિ. જે મોમન દુઆ ગીનાન પડે છે તેનાથી શેતાન ભાગી જાય છે. જેના દિલમાં દુઆ ગીનાન છે તેનું દિલ સારૂં છે.

જે શખ્સ ઇબાદત નથી કરતો તે હકની રોજી નથી ખાતો અને તેના દિલ ઉપર શેતાન કાબુ કરી તેનું ઇમાન લુંટી લ્યે છે. આ નકકી કરો કે હલાલ ખાવું, ગીનાન સાંભળવું, દુઆ પડવી તો શેતાન દુર ભાગે.

ઇન્શા અલ્લાહ તમો જમાતને જે નસિહત થાય છે તે દિલમાં રાખો અને બહારગામ તમારા ભાઈઓને તે સંભળાવો કે જેથી, તેના ઉપર અમલ કરે.

ગીનાનના રસ્તા ઉપર ચાલો તો અમે અહિં પણ રાજી છીએ અને ત્યાં પણ રાજી થઈશું."

## ફરમાન ૨૬ મું.

અમદાવાદ તા. ૧૬-૨ ૧૮૯૬.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"સવારના અમે સિધપુર જશું તેથી, કેટલાક દિવસ સુધી તમને નહિ જોશું. ઇન્શા અલ્લાહ! અમારો વિચાર તમને થોડા ફરમાનો કરવાનો છે, જે તમે બરાબર યાદ રાખજો.

બે રાત અગાઉં તમને ફરમાવ્યું છે કે, ખુદાની ઇબાદત બંદગી કરોતો શેતાન તમને લુંટી જાય નહિ. આવું ફરમાન આગળ કર્યું છે, ઇન્શા અલ્લાહ! તમે ભુલી નહિ જાવ.

તમો જમાતને ફરમાવીએ છીએ કે, તમારૂં દિલ સાફ રાખો, શેતાન લુંટી જાય નહિ. તમારા દિલમાં બાદશાહને બેસવાનું ઠેકાણુ છે ત્યાં શેતાનને જગ્યા નહિ આપો.

હિંમત કરો ને સચ્ચાઇથી દુનિયાનું ને દીનનું કામ કરો. ધંધાનું જે કામ કરો તે સચ્ચાઇથી કરો, જુઠથી નહિ. જે શખ્સ સચ્ચાઈથી કામ કરશે, તેનો રોટલો હલાલ છે, ને જે ખોટું અને દગલબાજીથી કામ કરશે તેનો રોટલો હરામ છે. હરામ રોટલો ખાધો એટલે તેનું લોહી માંસ હરામ થયું. ઈન્શાન હોય તે હલાલ રોટલો ખાય, બેસી રહે નહિ, હલાલ કામ કરે ને દગલબાજી ન કરે. જે ચીજ ખાવાની છે તે ખાવી, બીજી ખાવી નહિ.

અગર કોઈનું નાણું જેની પાસે હોય, તેની ખરાબ દાનત નહિ રાખવી. તે નાણું ખાઈ જવું નહિ પણ પાછું આપવાની દાનત રાખવી. જ્યારે બધું સચ્ચાઈનું કામ થાય છે, ત્યારે તેનું, દુનિયાનું અને આખરતનું કામ પણ હલાલ થાય છે.

ધરમનું કામ છે તેમાં ગફલત કરશો નહિ. શેતાનને દુર રાખજો. શેતાન, ઇન્સાનના રૂપમાં આવે છે અને ઈન્સાનનું ઇમાન અને માલ લુંટી જાય છે. જે શખ્સ મોમન છે તે બધું કામ હલાલનું કરે છે, સવારે અને સાંજે જમાતખાને જાય છે. તમામ ઠેકાણે હકનું કામ કરે છે, તે શરાબ પીતો નથી.

મોમનની ફરજ છે કે, દુઆ પડે, ગીનાન શીખે, કોઇનો માલ ન ખાય, પરાઇ ઓરતથી દુર રહે, બદ નજર ન કરે. કોઇ પોતાનો સગો વ્હાલો હોય અગર બીજો કોઈ હોય તેને દુઃખ ન આપે ને ખોટી વાત ન કરે. જે કોઈ આ પ્રમાણે કરશે અને પરાઈ ઓરત સામુ નહિ જુવે, પરાયો માલ નહિ ખાય તેની ઔલાદ અને માલ હલાલ છે. કોઇનો માલ ખાશે ને કોઇના ઉપર ખોટા આળ ચડાવશે શરાબ પીશે તેની ઔલાદ હરામ છે; વળી કોઇનો માલ ખાશે અને શરાબ પીશે તે પણ હરામ થાય છે. આ દુનિયાની વાત છે. આખરત માટે દુઆ પડો, ગીનાન બોલો તો આખરતનું ભાથું મળે.

તમે બધા ભાઈઓ છો. એક બાપના દીકરા પેઠે સમજો. ખોજા, ગુપ્તી, મુમના તે તમામ ભાઈઓ છે એમ સમજવું. અમારો મુરિદ હોય, તે અહિં હોય કે બીજે હોય તે તમામ એક બાપના દિકરા છે તેમ જાણવું.

કાબુલી હોય, ઈરાની હોય, ગુપ્તી હોય, તે બધા મુરિદ ભાઇઓ છે. સર્વે મુરિદ સરખાં છે. ટંટો ફીસાદ કરો છો તે નહિ કરવો. તમે પોત પોતામાં નજીવી વાતમાં ટંટો કરો છો તે નહિ કરવો. બધાં કામો પોત પોતામાં સલાહથી કરવા. અરધા કરવા ને અરધા બાકી રાખવા નહિ. બધું કામ સલાહથી બરાબર કરવું.

જમાતખાને જવામાં બરાબર ચોકકસી રાખવી ને દુઆ પડવાનું કામ બરાબર કરવું, ચુકવું નહિ.

જે, ગીનાનો જાણેછે અને માએના કાઢે છે, તેઓને કહેવું કે, અમને સંભળાવો ને ગીનાન પડો. તેની માએના બરોબર સમજો. બીજા લોકો કિતાબ પડે છે પણ તેની માએના નથી સમજતા, તેમ તમે નહિ કરો. ગીનાન પડો ને સમજો તો ફાયદો છે, નહિ તો શું ફાયદો થાય ?

ગીનાનની માએના નિકળે તે પ્રમાણે ચાલવું. આ કાને સાંભળીને બીજા કાને કાઢી નાખવું નહિ. આ દીનનું કામ છે.

દુનિયાનું કામ છે કે, એકને એક રૂપિયો મળે છે, અને એકને હજાર રૂપિયા મળે છે પણ, જેને રોજી હલાલ મળે અને તે, તે ખાય તો ઘણું સારૂં. જેને હકનો એક રૂપિયો મળે તે હરામના હજાર રૂપિયા કરતાં વધારે સારો છે. રૂપિયા એક હજાર હલાલ મળતા હોય અને હરામના એક લાખ મળતા હોય તો, હલાલના એક હજાર ખાવા વધુ સારા છે, તમે કોઈની ચાકરી અથવા વેપાર કરો તે હલાલથી કરો, તેના ઉપર હરામની નજર નહિ કરો. કોઇ પોતાના હાથથી ઈનામના પાંચ રૂપિયા આપે તે હલાલ છે. ચોરી કરી નહિ ખાવું. જેની ચાકરી કરો છો તેની ખિદમત બરાબર કરશો તો, તમને તે વધારે આપશે.

હમણાં તમે ધરમના ઠેકાણે આવ્યા એટલે પૈસાવાળા ને ગરીબ સહુ સરખાં છે. નોકર અને શેઠ, જે જમાતખાને આવી ખુદાની ખિદમત કરે છે, તે સહુ સરખાં છે જ્યારે તમે જમાતખાને આવ્યા, સર્વે બરાબર છો. ખુદાના ઘરે આવ્યા એટલે જમાતખાને આવ્યા તે બધાં એક સરખાં છે. મુખીને તમારાથી મોટા સમજવા. મુખીને અમે મોટા કરીને રાખ્યા છે. મોટા પૈસા વાળા જોઈ તમારા ઉપર મુખી તરીકે રાખ્યા નથી. તે સરકાર અને જમાતની ખિદમત કરે ને વળી સરકારી નાણાની બરોબર સંભાળ રાખે તે સારૂં રાખ્યા છે. મુખી અમારો નોકર છે. તેની ઇજ્જત આબરૂ રાખો ને તેનું માન બરોબર જાળવો, મોટું માણસ છે તેમ નહિ, અમારો ચાકર છે, તમો જમાત સારૂ રાખેલ છે, તેનું માન જાળવજો.

તમારો દીન બરાબર સાચવો. શેતાન પાસે લુંટાવશો નહિ, જમાતખાને બરાબર જાવું, ભુલવું નહિ, અવશ્ય જવું જોઇએ. કદાપી એક દિવસ ભુલી જાઓ તો બીજે દિવસે બરાબર સંભાળ રાખી જવું.

જે માણસ એક દિવસ ચુકશે તો તેને મહિના સુધી શરમ લાગશે ને મહિના સુધી નહિ જાય તો વરસ સુધી જતાં શરમાશે. જેમ કે, કોઈ માણસ એક રૂપિયાની ચોરી કરશે, તો ફરીથી સો રૂપિયાની ચોરી કરવાની હિમત કરશે અને ફરીથી વળી હજાર રૂપિયાની ચોરી કરવાની હિમત કરશે. માટે રોજ જમાતખાને જાવ અને દુઆ પડો. આ નસિહત તમે ભુલી નહી જશો અને તેના ઉપર અમલ કરશો તો ઇન્શા અલ્લાહ, તમને અહિં ફાયદો મળશે અને આખરતમાં પણ ફાયદો મળશે. ખાનાવાદાન.

## ફરમાન ૨૭ મું.

મુંબઈ તા. ૨૩-૬-૧૮૯૬.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"ઇન્સાન ઝાલીમ થાય તેના કરતાં મઝલુમ થવું સારૂં છે.

મુર્તઝાઅલીએ તલવાર ખાધી તો શું, તેઓમાં દુશ્મનને માર-વાની તાકાત નહી હતી? પહોંચી શકતા હતા, પણ સબર અખત્યાર કરી. શું ઈમામ હુસેન પહોંચી શકતા નહિ હતા?

આગા શાહ ખલિલ્લાહનો જે કાતિલ હતો, તેને પકડીને ફ-તેહઅલી બાદશાહ પાસે લઇ જવામાં આવ્યો; ફ-તેહઅલી બાદશાહે કહ્યું કે, આ ખુનીને શાહ હસનઅલી પાસે લઇ જાઓ, એવણની મરજી પડે તે પ્રમાણે કરે. એ ખુનીને આગા શાહ હસનઅલી પાસે લઈ ગયા, ત્યારે તે ખુનીને થોડી લાકડીઓ મારીને તેમણે કાઢી મુકયો.

જુઓ! અમારી મોટાઈ આવી રીતની છે અને તે સબરમાં છે. દીનના કામમાં આ પ્રમાણે ચાલવું જોઇએ.

તમારી પાસેથી અમે ન તો જાન માગીએ છીએ, ન તો માલ માગીએ છીએ; ફકત તમારૂં દિલ માગીએ છીએ. તમારૂં દિલ દીન ઉપર હોય એવી રીતે બરાબર ચાલો તે માગીએ છીએ.

આગા શાહ હસનઅલીના પછી લોકો કહેતા હતા કે, આ દીન હવે સુઈ જશે. હવે એવો કોઈ નહિ થશે, જેથી આ દીન ચાલે. પછી આગા અલીશાહ થયા. તેઓના પછી પણ એમજ કહેતા હતા અને હવે અમને પણ એમજ કહે છે, પણ તેઓ જુઠું બોલે છે. અગર અમારો એક પણ ફરઝંદ હશે તો પણ અમારો દીન રોશન રહેશે.

અમારા આશકોમાંથી એક જણ એવો થઇ ગયો છે કે, તે સુખી કામડીઆ જેવો હતો અને બધી જમાતોમાં ફરતો હતો. આ આશકની શામના મુલ્કમાં ચામડી ઉતારી, સળગતી મીણબતીઓ તેના બદનમાં લગાવવામાં આવી. તે કહેતો હતો કે, "ખુદા યા! મને આવો નાઝ જોઈતો હતો કે, સળગતી મીણબતીઓ મારા બદનમાં નાંખીને મને શામના મુલ્કમાં ફેરવવામાં આવે."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યુ:

"જમાતને લાઝમ છે કે, સબર કરે. તમારી ઝબાનને ખાલી પીલી ખરાબ નહિ કરો. નાહક કોઇના ઉપર ગલ્બો ન કરવો. ખાલી પીલી ખોટું ન બોલવું. તેમ સબર કરો. નાહક ફિતનો નહિ કરો. ફિતનામાં ફાયદો નથી. તમે સબર કરો. જેમ અમે ચાલીએ છીએ તે પ્રમાણે તમારે ચાલવું જોઇએ. જેનું જેવું દિલ હોય તેવી રીતે તે ચાલે છે.

જે કોઈ અમારા દીનમાંથી ફરી ગયો હોય તે તેની ખુશી! તેને અમારાથી કામ નથી, તો અમને પણ તેનાથી કામ નથી. ખાનાવાદાન."

## ફરમાન ૨૮ મું.

સીંધ હૈદરાબાદ તા. ૯ મી ફેબ્રુઆરી ૧૮૯૮

હક મૌલાના ધણી સલામત દાતારે સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામની હુઝુરમાં એક માણસે અરજ કરી કે, મારા છોકરાની શાદી કરવી છે, તે કઈ તારીખે કરૂં? ત્યારે હાઝર ઇમામે ફરમાવ્યું :—

"પરમ દિવસે કરો."

ત્યારે તેણે અરજ કરી કે, પરમ દિવસે ૨૮ મી તારીખ છે તે, કાચી તારીખ છે, તો કેમ કરૂં?

ત્યારે હાઝર ઇમામે ફરમાવ્યું :

"મોમનને માટે સર્વે તારીખ પાકી છે. કોઈ તારીખ કાચી નથી."

## ફરમાન ૨૯ મું.

જંગબાર તા. ૨૮ મી જુન ૧૮૯૯

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમે અહિં જંગબારમાં જમાતના માટે આવ્યા છીએ. તમારી મહોબ્બત અને ખુશાલી જોઇ અમે તમારા ઉપર ઘણા ખુશી થયા છીએ. તમે અમને જોઇને ઘણા રાજી થાઓ છો તે કરતાં હજાર દરજ્જે વધારે અમે, તમો જમાતને જોઇને રાજી થઇએ છીએ."

## ફરમાન ૩૦ મું.

જંગબાર તા. ૨૯ મી જુન ૧૮૯૯

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :—

"અમે તમો જમાતને હમણાં દીદાર દેવા માટે આવ્યા છીએ. તમે સઘળા અમારા દિદાર કરી પોતાને ધંધે લાગી જાઓ.

તમારે જે ધંધો રોજગાર કરવો તે હલાલ રીતે કરવો. હરામ રીતે ધંધો રોજગાર કરવો નહિ, એટલે પારકો માલ પચાવી પાડવો નહિ. પારકી ઓરતો તરફ બદનઝર કરવી નહિ, તેમજ જુઠું કદી બોલવું નહિ.

તમે દીનભાઈઓમાં કિન્નો બિલકુલ રાખશો નહિ. તમે દીન ભાઈઓ છો તે ખરેખરાં ભાઇઓ છે; તેઓ સાથે કિન્નો રાખશો નહિ.

## ફરમાન ૩૧ મું.

જંગબાર તા. ૧ લી જુલાઈ ૧૮૯૯

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે જે અમારી જમાત છો તેઓ પોતપોતામાં એક દિલીથી ચાલજો. એક બીજાના કામમાં મદદ કરજો. પોતાના દીનભાઇઓ અને પંજેભાઈઓના જે કામ હોય તે પોતાના કરીને ગણજો. કોઈ પણ કામ હોય તે પંજેભાઇઓએ એકસંપીથી કરવા, એક બીજા ઉપર મહોબ્બત રાખજો. જો તમે પંજેભાઈઓ એકસંપીથી ચાલશો તો તમને કોઇ લોપી શકશે નહિ.

તમારા દીનનો પાયો લોખંડનો છે, તે સડવાનો નથી; તે મજબુત છે. જે દીનના પાયા લાકડાના છે, તે લાકડાને જ્યારે સડો લાગશે ત્યારે પડી જશે. તમારા દીનના પાયાને કીડ લાગવાની નથી. તે હમેશાં મજબુત છે. તમારો દીન સત્ય છે. તમારો દીન પુસ્તકો ઉપરથી શરૂ થયો નથી, પરંતુ તે મહોબ્બતમાંથી ઉત્પન્ન થએલ છે.

તમારા વાસ્તે ઈલિમ છે તે "ગીનાન" છે.

કુરઆને શરીફને તેરસો વર્ષ થયા છે, તે મુલ્કે અરબની વસ્તી માટે છે. "ગીનાન"ને સાતસો વર્ષ થયાં છે. તમારા માટે ગીનાન છે તે ઉપર તમે ચાલજો.

તમારો દીન સચ્ચાઈનો છે માટે સત્યતા રાખજો. મિજલસ જાગરણમાં જજો.

જેમ હમેશાં એકદિલી અને મહોબ્બતથી દીન ઉપર ચાલો છો, તેમજ, ઘણી મહોબ્બત, ચીવટ અને હીંમત રાખીને દીનને સંભાળજો."

બાદ મૌલાના હાઝર ઇમામે પંજેભાઈઓને ફરમાવ્યું:

"પંજેભાઈઓનું દ્રષ્ટાંત શું છે? મિસાલ જાણે બધાં ભાઈઓ છો!

આ હાથ છે તે પંજો છે, તેમાં પાંચ આંગળીઓ છે તે ભાઈ-ઓ છે; અગર આ પંજાને ભેળો કરવામાં આવે તો કેટલી કુવ્વત આવે? તેમ તમે પંજેભાઈઓ જો એકદિલથી રહેશો તો કુવ્વત ઘણી થશે.

એકદિલ થવાનું દ્રષ્ટાંત એ છે કે, સો માણસો સાથે ચાલ્યા જતા હતા, તેઓની સાથે માલ હતો. તેઓને રસ્તામાં પાંચ ચોર મળ્યા, જેઓએ તે સો જણાને લુંટી લીધા. જ્યારે તે સો જણા શહેરમાં પહોંચ્યા, ત્યારે લોકોએ તેઓને પુછયું કે તમે સો જણા હતા છતાં તમને પાંચ જણાઓએ કેમ લુંટી લીધા? ત્યારે તેઓએ જવાબ આપ્યો કે, અમે સો જણા હતાં પણ અમારા દિલ જુદા જુદા હતાં અને ચોર પાંચ હતા પણ તેઓ એકદિલ હતાં, તેથી તેઓએ અમને લુંટી લીધા.

તમે અમારી જમાત અમારા મુરિદ છો; જો તમે એકદિલીથી ચાલશો તો ઈન્શા અલ્લાહ, તમને કોઈ લોપી શકશે નહિ.

તમારો દીન સત્ય છે, તે મુજબ તમે સત્યતાથી ચાલજો. જુઠું બોલવું નહિ. ધંધો રોજગાર પણ સત્યતાથી કરજો. કોઈનો હકક

ડુબાવીને હરામનો માલ ખાઇ જતા નહિ. સર્વે કામો સચ્ચાઈથી કરજો. આ ઇમાનની નિશાની છે."

## ફરમાન ૩૨ મું

જંગબાર તા. ૪-૭-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જેમ માણસો પોતાની દોલત સંભાળે છે, તે પ્રમાણે મોમન પોતાના ઇમાનની સંભાળ રાખે છે. મિસાલ, જેમકે, સવાર ઘોડા ઉપર બેસીને લગામને કબ્જામાંથી છોડી આપે તો તે નીચે પડી જાય છે. તેમ ઇમાન વિષે પણ તેજ પ્રમાણે છે.

સવાર ઘોડા ઉપર ચડીને લગામને ઝાલી રાખે, બાદ રસ્તામાં તેને કોઇ માણસનો ભેટો થતાં, તેની સાથે વાતચીત કરવામાં રોકાઈ જાય અને લગામ ઉપર ધ્યાન નહિ રાખે તો, તેના દિલનું રોકાણ બે ઠેકાણે થાય છે. બે ઠેકાણે ધ્યાન રોકનાર સવાર ગબડીને નીચે પડી જાય છે. તેના પડી જવામાં ઘોડાની અથવા રસ્તે મળેલા માણસની કાંઇ તકસીર નથી. તેણે પોતાની સંભાળ નહિ રાખી માટે પોતેજ તકસીરવાર છે.

ઘોડા રૂપી નફસ શેતાન છે. તેના ઉપર સવાર તે મોમન શખ્સ છે અને લગામ તે ઈમાન છે.

કેટલાક માણસો ચાલી ચાલીને વીસ અથવા ત્રીસ વર્ષ સુધી ઈમાન સંભાળી રાખે છે અને ત્યાર બાદ ઇમાન ખોઇ નાખે છે અને પડી જાય છે.

ઘોડેસવાર અર્ધા રસ્તા સુધી સંભાળ રાખીને પછી, લગામને છોડી આપે તેથી તે નીચે ગબડી પડે, તેમાં તેની પોતાની જ તકસીર છે. ઘોડાની કાંઇ તકસીર નથી. ઇમાનને સંભાળવું એ તમારા પોતાના હાથમાં છે.

જેમ વેપાર કરતાં તમે વિચાર કરો છો કે, આ વેપારમાં નફો છે, આ વેપારમાં ખોટ છે, તેજ પ્રમાણે તમારા ઇમાન વિષે પણ પાંચ દશ મીનીટ વિચાર કરો કે, મારૂં ઈમાન સલામત છે કે કેમ? આમ કરવાથી તેનો તોલ તમને માલમ પડી આવશે.

ઘોડેસવાર જો લગામ છોડી આપે તો તે નિચે ગબડી પડે, પણ જો, લગામને ધ્યાનથી બરાબર પકડી રાખે તો, જ્યાં જવાનું હોય ત્યાં સલામતીથી પહોંચી જાય છે.

અમે ફકત દ્રષ્ટાંત તમને કહેલ છે, પણ ગીનાનમાં જે ખુલાસા ફરમાવેલ છે તે પ્રમાણે ચાલો.

ગીનાનમાં તમારા દીનના સર્વે ખુલાસ આપેલા છે.

જેમ તમારા બાપ દાદા આ દીનના રસ્તા ઉપર ચાલી ગયા છે, તેમ તમે પણ ચાલો.

આ સતપંથ દીનની મિસાલ એવી છે કે, તે એક કિલ્લેબંધ શાહેર છે. તેમાં મજબુત કિલ્લા બાંધેલા છે. તમારો દીન કિલ્લા માફક મજબુત છે.

તમે હકીકતી મોમન સારા છો. આ દીન સત્ય છે. તમે એક દિલ થઇ, ધ્યાન રાખીને તમારા દીનને સંભાળજો. જેમ તમે પૈસાને સંભાળો છો તેમ, આ દીન તથા ઈમાન, જે અમુલ્ય ચીજો છે તેને પણ બરાબર સાચવજો. રખેને કોઇ ચોર આવીને લુંટી ન જાય!

તમારૂં ઈમાન તમે ચૌટામાં રાખી આપશો તો, ચોર અથવા વટેમાર્ગુ લઇને ચાલ્યો જશે."

બાદ હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે આ દીનમાં એકરંગી થઇને ચાલજો. અહિં તહિં નહિ ચાલો. બેરંગી અહિં તહિં ચાલે છે. જે કોઇ અહીંયા ન હોય અને બીજી તરફ હોય તે બેરંગી કરતાં સારો છે.

તમે બન્ને બાજુ નહિ ચાલજો. એક જ આ દીનનો રસ્તો પકડીને ચાલજો. તમને ગીનાન આપ્યાં છે તે જોઇને ચાલજો.

## ફરમાન ૩૩ મું

જંગબાર તા. ૫-૭-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે સર્વે જમાત સચ્ચાઈથી ચાલજો. પારકો માલ તથા પારકી ઓરતો તરફ બદનઝર નહિ કરતા. હલાલનો માલ, દશોંદ આપીને ખાજો. જુઠું નહિ બોલતા. ગોલીને ઘરમાં ઓરત તરીકે નહિ રાખતા.

તમે જમાતખાનામાં આવીને બંદગી કરો, દુઆ પડો. નમાઝમાં તથા દુઆમાં ખાસ કાંઇ ફરક નથી.

નમાઝ અરબી ભાષામાં છે અને દુઆ પીર સદરદીને તમને હિંદુસ્તાનની ભાષામાં રચી આપી છે, નમાઝ તથા દુઆ સર્વે એક છે.

નમાઝ પડવામાં કાંઈ નુકશાન નથી પરંતુ, નમાઝ તથા દુઆના કાયદા સમજીને પડવી જોઇએ. એ કાયદા કયા છે?

ખોટું ન બોલવું, પરાઇ ઓરત અને પરાયા માલમાં તમા ન રાખવી મહેનત કરીને કમાયેલી હલાલની રોજીમાંથી, માલે વાજબાત આપીને ખાવું. ગોલીને ઘરમાં ઓરત તરીકે ન રાખવી. એક કરતાં વધારે બાઈડીઓ કરવી નહિ; કારણ કે, તેમ કરવાથી શહેવતમાં દિલ વધારે ઘેરાઇ જાય છે, અને દીન ધર્મ દિલમાંથી ઉતરી જાય છે.

ઇસ્નાઅશરીઓ અને તમારી વચ્ચે ઘણો તફાવત છે અને ઘણું છેટું છે; કારણ કે, તેઓ મુસા કાઝમથી માને છે અને તમે છઠા ઇમામ શાહ ઇસમાઇલથી આજ દિવસ સુધી માનતા આવેલા છો. તમારી અને તેઓની વચ્ચે કાંઇપણ સંબંધ નથી. તેઓ તેઓને રસ્તે અને તમે તમારે રસ્તે.

મિસાલ, જે પ્રમાણે હિંદુ, નસારા, મેમણ, વ્હોરા, ગોલા વિગેરે બીજી કોમો છે તે પ્રમાણે તેઓને તમારાથી જુદા સમજજો.

જર્મન સરકારવાળા તમને પુછે તો કહેજો કે, તેઓ ઇશ્નાઅશરી છે અને અમે શાહ ઇસમાઇલને માનીએ છીએ. એ લોકોનું

અને અમારૂં અસલથી છેટાપણું છે. અમે ઈસમાઈલી છીએ અને અમારા પીર પણ ઇસિમાઈલી દીન પાળે છે, તે પ્રમાણે સમજાવજો. અમારી કિતાબ, અમારી પેઢીઓના નામો તથા મુંબઇ કેસનો જજમેન્ટ બતાવજો."

ત્યારબાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમે જે નમાઝની ચોપડી છપાવી છે તેની અંદર અવલથી આખર સુધી જોઈ જજો કે, કયાંય પણ બાર ઈમામના નામ છે?

નમાઝની ચોપડી શા માટે મોકલાવી છે? કારણ કે, અમારા મુરીદો એકલા ખોજા નથી, ઘણી પ્રજાઓ છે. જેમ અરબ તથા બદકશાનીઓ વિગેરે, જેઓ હિંદુસ્તાનની ભાષા નથી સમજી શકતા તેઓના માટે નમાઝની ચોપડી છપાવીને મોકલી છે.

તમે જે દુઆ પડો છો તેમાં અને નમાઝમાં કાંઇ ફરક નથી.

તમને પીર સદરદીને જે ગીનાનો રચી આપ્યા છે તેમાં, કુરઆનનું સાર તત્વ કાઢીને, હિંદુસ્તાનની ભાષામાં સંભળાવ્યા છે.

કુરઆનમાં જે ફેરફાર દેખાય છે, તેનું કારણ એ છે કે, કુરઆનનો જે તરજુમો કરે છે તે, ખોટો તરજુમો કરીને માણસોને ફેરવે છે. ખરો તરજુમો કરી જાણતા નથી; તેના સબબથી આ મતફેરી ચાલે છે."

ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"એક બાબતમાં તમો જમાતના લીધે અમારૂં દિલ ઘણું બળે છે કે, તમે પોતપોતામાં એકદિલી નથી રાખતાં અને એકબીજાની ગીબત કરો છો, જેના માટે અમે ઘણા દિલગીર છીએ.

નમાઝ, રોજા વિગેરે જાહેરી ધર્મ પાળે અને બાતુની ધર્મ પાળવાની ખાસ જરૂર છે તે ન પાળે, તો નમાઝ, રોજા વિગેરે શું કામ આવે? જરા પણ કામ નહિ આવે.

બાતુની બાબતો પાળ્યા પછી નમાઝ, રોજા, બંદગી કરે તો ફાયદો થાય. બાતુની બાબતો કઈ કઈ છે?

(૧) ખોટું ન બોલવું.

(૨) પરાઈ ઓરત તરફ બદનજર ન કરવી.

(૩) પરાયા માલમાં તમા ન રાખવી.

(૪) માલે વાજબાત આપીને હલાલની રોજી ખાવી.

(૫) એક કરતા વધારે ઓરત ન કરવી.

(૬) કોઈની નિંદા તથા બદગોઈ ન કરવી.

(૭) ગોલી સાથે નિકાહ ન કરવી.

આ સર્વે બાતુની બાબતો છે. તે બરાબર પાળનારની જ ઈબાદત કબુલ થશે.

તમે પોતામાં એકદિલીથી ચાલજો.

ઇશ્નઅશરી અને તમારી વચ્ચે કાંઇપણ સબંધ નથી. તમે તમારા મનમાં સમજજો કે, જેમ હિંદુ, અરબ, વ્હોરા, ગોલા વિગેરે કોમો જુદી છે તે પ્રમાણે, તેઓને જુદા કરીને સમજજો.

બીજી કેટલીક કોમો તો તમને ઇશ્નાઅશરી કરતાં કાંઈક વધારે નજીક છે, તેઓ પોતાના દીનમાં બરાબર ચાલ્યા આવે છે. તમારો દીન મુકીને બીજે ઠેકાણે ગયા તેઓ તો તમારાથી બહુ દુર થયા. તેઓને તમે દુર કરીને લેખજો. પણ, તેઓની નિંદા નહિ કરજો. તમે તેઓની બદગોઈ નહિ કરજો. તેઓ પણ તમારી બદગોઇ નહિ કરે.

તમે તમારે રસ્તે ચાલો, તેઓ તેઓના રસ્તે ચાલે. તમે તેઓથી દુર રહેજો અને તેઓને દુર કરીને લેખજો; કારણ કે, તેઓ મુસા કાઝમથી ચાલ્યા છે અને તમે શાહ ઇસ્માઇલથી આજ દિવસ સુધી ચાલતા આવેલા છો.

હવે તમે પોતે કયાસ કરો કે, તમારો અને તેઓનો કેટલો તફાવત છે?

તમારામાંનો કોઇ જરા અરબી શીખે છે તો, લાગલી મનમાં મોટાઇ અને મગરૂરી લાવે છે અને ધારે છે કે હું હુશિયાર થઇ ગયો.

અરબી ભાષામાં જીભ તાળવાને લાગે છે તથા ગળામાંથી

અવાજ કાઢવામાં આવે છે. શું ફકત તેજ ભાષા ખુદાવંદતઆલા સમજી શકે છે? અને સિંધી જબાન ખુદા નથી સમજતો એમ નથી. ખુદાવંદતઆલાએ જમીન તથા આસમાન પેદા કર્યા છે તે સર્વે ભાષા સમજી શકવાની કુદરત ધરાવે છે."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"મોમનનાં લક્ષણ, આદત અને તરીકા જે હોવા જોઇએ તે અહીંયા કાનજી રામજીમાં જોઇએ છીએ. તે પ્રમાણે બધાએ ચાલવું જોઈએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૪ મું.

જંગબાર તા. ૧૦-૭-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે મિજલસ કરો છો તેમાં કોઇની નિંદા તથા હસદ નહિ કરશો. એ બાબતની બહુ ચોકસાઈ રાખજો. એક જ માતાથી જન્મેલા ફરઝંદો હો, તે પ્રમાણે હળીમળીને ચાલજો.

બયતુલ ખ્યાલવાળાઓની બંદગી, મખ્ફી એટલે બાતુની છે અને એકાંતની છે."

બાઇઓએ સતાડા માટે અરજ કરતાં, મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"એવું નહિ કરજો કે કોઇ તમને છેતરી જાય. તમને કોઈ કહે કે, મારે દીનના માટે સતાડો નાખવો છે અને તેના મનમાં બીજી બાબતો હોય. એવા શખ્સો ઘણા છે.

કારણ કે, ઇમામ હુસેનના વખતમાં પણ, જાહેરમાં બીજું કહેતા હતા અને મનમાં બીજી બાબતો હતી.

માટે કોઇનો સતાડો સ્વિકારતાં પહેલાં, તેના મનમાં બીજી બાબતો ન હોય તેની ચોકસાઈ કરજો."

## ફરમાન ૩૫ મું.

જંગબાર તા. ૧૧–૭–૧૮૯૯

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જમાતને અમ્ર (હુકમ) છે કે, કોઇ પીરની માનતા અથવા ઝંડા (બાળ મોવાળા) પાટની સલામ ભરાવીને ઉતારવાનો હુકમ આપે. અમે જમાતને અમ્ર આપેલો છે; માટે જમાતની મરજી પડે ત્યારે રજા આપે. જમાતખાનુ ખુદાનું ઘર છે.

જમાતને અમારો હુકમ છે કે, જમાત ઝંડા માનતા ઉતારે."

## ફરમાન ૩૬ મું.

જંગબાર તા. ૧૩–૭–૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"છોકરાઓને વાજબ છે કે, તેઓ પોતાના પિતાનઃ દીનથી બરાબર ખબરદાર થાય. તે એવી રીતે કે, આપણો અસલ દીન ઇસમાઇલી છે અને જેઓ આપણામાંથી ફરીને નિકળી ગયા છે, તેઓનો દીન ઇસ્નાઅશરી છે. આ બાબત પહેલે જાણવાની જરૂર છે.

માબાપને લાજમ છે કે, પોતાના બચ્ચાંને જમાતખાનામાં મોકલે અને પોતાના દીનની હકીકતથી વાકેફગાર બનાવે.

ઇસ્નાઅશરીઓ કરતાં વ્હોરા તમને વધારે નજીક છે, કારણ કે, તેઓનો દીન પણ ઇસમાઇલી છે.

જો કદાપી સઘળા ખોજાઓ ફરી જાય તો પણ, અમારો દીન કયામત સુધી કાયમ જ છે.

મુસા કાઝમને માનનારાઓનો દીન ઇસ્નઅશરી છે; તેઓ અમારાથી ઘણે દુર છે."

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમારામાં કોઈ એવો શખ્સ નથી જે, દીનની નસિહત કરે. વાએઝ કરીને સાંભળનારાના દિલમાં આપણા દીનની ખુબીઓ બરા-

ખર ઉતારે. નસિહત કરવાવાળા ભગત વિગેરે છે, પણ કોઇ પૈસાવાળો ને વગવાળો હોય જે, માએના કરી સંભળાવે તેવો કોઇ નથી.

તમારામાં એવા ઇમાનદાર માણસો જોઇએ, જે, કુરઆને શરીફ પડયા હોય, તેમજ ગીનાનમાં પણ બરાબર વાકેફગાર હોય તો, અમે તેઓને ગીનાનની એકએક કડી, કુરઆને શરીફમાંથી કાઢી આપીયે, જે તે, તમને કહી સંભળાવે; પણ એવો કોઈ નથી!

તમારામાંથી દશ બાર વર્ષના છોકરા હોય, તેઓને તાલીમ આપો તો, અલબત તેઓ વાકેફગાર થઇ શકે.

બાળક હોય, તેને કોઈ બીજા દીનવાળાની ખરાબ સોબત થઈ જાય, અને તેના દિલમાં, બીજા દીનની કોઈ ઘડ બેસાડી આપે તો, તે ફરી જશે અને દિવસે દિવસે તેના દિલમાં વધારે ફિત્નો પેદા થશે.

આજથી દશ બાર વર્ષ અગાઉ, કુરઆને શરીફ પડેલા પાંચથી દશ જણાને, અમારી પાસે મોકલવામાં આવ્યા હોત તો, અમે આપણા દીનની દરેક વાત અને કાયદા કુરઆને શરીફમાંથી કાઢી આપત. એમ થતે તો કેટલો ફાયદો થાત અને દીનનો કેટલો વધારો થયો હોત?

હર કોઈ બીજા દીનવાળાને આપણા દીનમાં લાવવો હોય, તો પહેલાં તેના દીનથી વાકેફગાર થવાની જરૂર છે. તેનો દીન ખ્યાલમાં લેવો જોઇએ, તેના દીન પ્રમાણે તેને નસિહત કરવી જોઇએ. ત્યાર બાદ તેના દીન સાથે આપણા દીનને મેળવીને પછી, આપણા દીનનો રસ્તો દેખાડવો જોઇએ, તો તરત તે આપણા દીનમાં આવે, તેમાં કાંઈ શક નથી.

પીર સદરદીને તમને હકીકતી દીન દેખાડયો તે, તરત નહિ દેખાડયો હતો. પહેલા હિંદુ ધર્મની નસિહતો કરી અને ત્યાર બાદ સતપંથ દીનનો રસ્તો, તેઓના દીન સાથે જોડી દેખાડયો, ત્યારે આ દીનનો ફેલાવો થયો છે.

જે મુસલમાન શરીયતી, આપણા દીનમાં ન હોય, તેને આપણા ગીનાનની માએના સંભળાવો તો, તે કબુલ નહિ કરશે. એટલુંજ નહિ પણ, સામે મશ્કરી કરશે; કારણ કે, તેને આપણા દીન ઉપર ઈ-તેકાદ નથી. આવા માણસને તરત આપણા દીનની માએના સંભળાવો તો, તે કબુલ નહિ કરશે પણ, ઉલટું આપણને બેવકુફ લેખશે.

તમે તમારામાંથી એવા શખ્સો શોધી કાઢો કે જે, કુરઆને શરીફ તથા તેની માએના જાણતા હોય, તો, અમે તેમને આપણા દીનની દરેક વિગત કુરઆને શરીફમાંથી દેખાડી આપીયે. કુરઆને શરીફમાંથી દશ ઠેકાણે અથવા તેથી પણ વધારે ઠેકાણે સાબિત કરી આપીયે.

તમે લોકો કુરઆને શરીફ જાણતા નથી; અને જેઓ જાણે છે તેઓ પણ, પોપટની માફક વાંચી જાય છે. તેમાં શું ફાયદો?

તમે અંગ્રેજી અક્ષરો જાણતા હો, પણ ભાષા નહિ જાણતા હો, અને કોઇ અંગ્રેજ ગૃહસ્થ પાસે કામે જાઓ, તો તમને કાંઇ હાંસલ નહિ થાય; પણ ભાષામાં હુશિયાર હશો તો કામ થશે.

આ પ્રમાણે તમારામાંથી ઘણા જણા કુરઆને શરીફ વાંચી જાણે છે પણ, તેની માએના સમજતા નથી. તેઓ સઘળા ઉપરના દાખલા પ્રમાણે છે. મતલબ સમજ્યા વગર પડવું નકામુ છે.

બીજી કોમવાળાને આપણા દીનમાં લાવવો હોય, તો પહેલા, તેના દીનથી બરાબર વાકેફગાર થવાની જરૂર છે. ત્યાર બાદ આપણો દીન, તેઓના દીન સાથે મેળવી દેખાડવો જોઇએ, ત્યારેજ તે કબુલ કરે અને તેને વિશ્વાસ આવે.

આપણા દીનની સાબિતી જોઈતી હોય, તો યહુદી, નસારા, સુન્ની તેમજ સઘળી મુસલમાન કોમમાંથી, અમે તમને આપણો દીન સાબિત કરી દેખાડીએ.

તમારામાં કેટલાક ભગતો છે, તે ગધેડા માફક છે; કારણ કે, જેઓ આપણા દીનમાં નથી તેમને લાગલાજ ગીનાનની માએના

સમજાવવા માંડી જાય છે, તેથી તેઓ કબુલ કરતા નથી. કારણ કે, તેઓને આપણા દીન તથા ગીનાન ઉપર ઇતબાર નથી. આવા માણસો ગીનાનની વાતો કેમ કબુલ કરે? પણ જો, તેઓને કુરઆને શરીફ હદીસ અથવા જે શાસ્ત્રને તેઓ માનતા હોય, તેમાંથી નસિહતો કરે અને ત્યાર બાદ, આપણો દીન તેઓના દીન સાથે મેળવી દેખાડે તો, તેમની માએના તે માણસો ઉપર અસર કરે.

દાખલા તરીકે હિંદુઓને કુરઆને શરીફ ઉપર ઇતિબાર નથી; તેમની પાસે કુરઆને શરીફની વાતો કરો તો, તેઓ કબુલ નહિ કરે. કારણ કે, એ શાસ્ત્રમાં તેઓને ઇ-તેકાદ નથી. આવી રીતે સર્વે ધર્મોમાં છે, પણ જો, તમે તેઓના દીનની વાતો કરો તો અસર થાય.

તમારામાંથી દશ જણા બહાર પડે તો, અમે તેમને આપણો દીન બરાબર સમજાવીએ, આથી દશ બાર વર્ષમાં આપણા દીનનો ઘણો વધારો થાય.

તમારામાંથી પાંચ કે દશ જણા એવા જોઈએ, કે જેમને દુનિયાની કાંઇ જંજાળ ન હોય, તેમજ કમાઈ ધંધાની ફીકર ન હોય અને તેઓ આપણા દીનની કવાયત કરે, તો તેઓની વાયેઝ સફાઈદાર થાય અને માણસોને અસર કરે.

તેઓ ગીનાન પડે, તેમજ તવારીખ પડે, જેથી અસલ માણસો કેવી રીતે ચાલતા હતા તે તેઓને ખબર પડે.

તમે જાણો છો કે, પીર સદરદીન કયા ગામના હતા? તમે તેમની તવારીખ પડો તો તમને ખબર પડે. તમે હિંદુ હતા, પીર સદરદીને કુરઆને શરીફની તફસીરમાથી ગીનાનો રચીને તમને સંભળાવ્યા.

જે અરબો આપણા દીનમાં છે તેઓ કુરઆને શરીફ પરથી આપણો દીન કબુલ કરે છે અને કુરઆને શરીફ પરથી જ, આપણા હકીકતી રસ્તા ઉપર બરાબર ચાલે છે; બલ્કે તેઓ તમારામાંથી પણ વધારે ઇમાની અને ઇ-તેકાદવાળા છે.

પીર સદરદીન સાથે બીજા બાર જણા હતા, તેઓ પણ તમારા જેવા હતા, તેઓ સર્વેના દીનથી વાકેફગાર બન્યા ત્યારબાદ, તેઓએ સતપંથ દીન ફેલાવ્યો અને માણસોને દીનમાં લાવ્યા.

હાલ તમે પણ એમ કરો કે, માણસના ઇમાન મુસ્તકીમ થાય. જે માણુસ સાથે વાત કરવી હોય, તેની ભાષા શીખીએ, તો જ મકસદ હાંસલ થાય છે.

એક ભગત હોય, તે ફકત ગીનાનની જ માએના સંભળાવે તો શું ફાયદો થાય? જેઓ ઇમાની છે તેઓ ગીનાનની માએના કબુલ કરે પણ, જેઓ બેઇમાની અને અધુરા હોય, તેમને એકલા ગીનાનની માએના ઉપર ઇતેકાદ આવે નહિ. એજ માણસોને શાસ્ત્ર તથા કુરઆને શરીફ વિગેરેના દ્રષ્ટાંત આપો તો, અલબત તેઓને ઇતબાર આવે, આમાં કાંઇ પણ શક નથી. પણ એકલા ગીનાનની માએના તેમને અસર નહિ કરે.

અલ હમ્દો લિલ્લાહ! તમારામાં ઘણા મોમન છે; પણ તેઓ અવિશ્વાસમાં આમતેમ તરફડીયા મારે છે. આવા માણસોને કુરઆને શરીફમાથી સાબિતી કરી દીધી હોય તો પછી, તરફડીયા ન મારે.

તમે બદામના છીલટાં ખાઓ છો પરંતુ, બદામના મગજની લીજ્જત તમે ચાખી નથી. તમે મગજ ખાઓ તો, દીનની વધારે ખબર પડે અને તમને વધારે ઈતબાર અને ખુશી હાંસલ થાય.

તમે કાંગવો ભરો છો પણ પુછો છો કે કાંગવાની માએના શું છે? પોતાના દિલથી વિચાર કરી જુઓ, તો ખરી ખુબીની. તમને ખબર પડે. તમે પુછો તો તમને અમે કહી સંભળાવીએ.

તમે દ્રાક્ષ તથા લવંગથી કાંગવો ભરો છો પણ, માએના સમજતા નથી. આવી બાબતો વિષે તમારે દિલમાં વિચાર કરવો જોઇએ."

ત્યારે પંજેભાઇઓએ અરજ કરી કે, મોટાઓને આ કામની ચીવટ જોઇએ. ત્યારે મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"જમાતના મોટા અમલદાર ગોવાળ મિસાલ છે, પરંતુ, આ ખુબીનું

ધ્યાન, નાનાઓએ વધારે રાખવું જોઇએ. તેઓને જમાતના ઘણા કામ કરવાના હોય છે. નાના માણસોએ વધારે ધ્યાન રાખવું જોઇએ.

તમે નાના માણસો કહો છો કે, આ કામ મોટા માણસોના છે, પણ તેમ નથી પરંતુ, પોતપોતામાં હુશિયારી તથા ઇમાન પેદા કરવું જોઇએ.

કેટલાક એવા છે કે જે, બીજાઓ ઉપર નઝર રાખે છે, પણ એમ નહિ કરવું જોઈએ. દરેકે પોતપોતાને માટે ખ્યાલ કરવો જોઇએ અને પોતપોતાનો રસ્તો ગોતી લેવો જોઇએ. ખુદાએ સર્વેને અકકલ આપી છે, તે પ્રમાણે વિચાર કરીને પોતાના દીન ઉપર મુસ્તકીમ રહેવું જોઇએ. જે બાબતમાં તમને સમજણ ન પડે તે અમને પુછો તો, અમે તમને દીનનો ખુલાસો આપીયે.

અમારી તમને કહેવાની મતલબ એ છે કે, તમારે પોતપોતાનું મગજ પહોંચાડવું જોઇએ; જેથી, તરત તમને દીન રોશન થઈ આવશે. અમારો દીન છે તે વિષે, અકકલથી વિચાર કરશો તો, વધારે રોશની હાંસલ થશે. અમારો દીન અકકલ ઉપર રચાએલો છે. અકકલ વગર દીનની તપાસ કરશો તો, વધારે સમજણ નહિ પડે, અને કાંઇ પણ હાંસલ થશે નહિ, પણ અકકલથી વિચાર કરશો તો, વધારે સમજણ પડશે.

**જે દીનનો પાયો અકકલ ઉપર નથી તે ઘસાઈ જશે અને બિલકુલ રહેશે નહિ.**

તમારો દીન અક્કલ ઉપર છે, તેને તમે ત્રાટી ઉપર કરી મુકયો છે, તેથીજ કચાસ થઈ જાય છે.

તમે કાંગવા, કાંકણુ, છાંટા કરો છો પણ તેની માએના ધ્યાનમાં લેતા નથી. એક બીજાને જોઇનેજ કરો છો.

તમે બદામના છીલટાં ખાઓ છો, પણ મગજ ખાતા નથી, તેથી મગજની ખુબીની તમને ખબર નથી. આપણા દીનમાં ખોજા ઘણાં છે, જેઓ મગજ ખાતા નથી અને છીલટાં ખાય છે.

અલ હુમ્દો લિલ્લાહ! તો પણ કરાંચી, મુંબઈ કાઠીયાવાડ વિગેરેમાં ઘણા જણા એવા છે કે, જેઓએ મગજને ઓળખ્યો છે. તમે મગજ છોડીને છીલટાં ખાઓ છો, પણ ખરી ખુબી વિષે તમે તલાશ કરતા નથી. તમે અમારા હાથ ચુમો છો, અમારા લુગડાં ચુમો છો તેથી શું થયું? જેમ તમારા લુગડા સુતર વિગેરેના છે, તેમ અમારા પણ છે.

અમે તમારા પૈસાના મોહતાજ નથી. તમારા કરતાં અમારી પાસે ઘણો વધારે પૈસો છે. તમારો પૈસો અમારા એક દિવસનો ખર્ચ નથી. તમે અમારા હાથ અને અમારા લિબાસને ચુમો છો તેથી તમારૂં દિલ સાફ થવાનું નથી.

તમે અમને ડાકટરી કામ પુછો છો, એ અમારૂં કામ ન હોય. અમે તમારા પૈસાના મોહતાજ નથી.

કાંગવો, કાંકણુ, છાંટાની માએના શું છે? તે જો, દિલમાંથી કપટ ધોઇ, સાફ કરીને અમારી પાસે આવો, તો તેની માએના, આરીસા માફક અમે તમને સમજાવી આપીયે. અમે દુનિયાના ડાકટર નથી પણ દિલના ડાકટર છીએ. તમને દિલ વિગેરેની દવા જોઈતી હોય તો તે અમારી પાસે છે. કોઈનું દિલ ખરાબ હોય અને તેની દવા જોઇતી હોય, તો તે અમારી પાસે છે.

તમે પાણીથી અંગ ધોશો તેથી શું ફાયદો? કાંઈ નહિ. પરંતુ, અંદરથી ધોશો તો ફાયદો જોવામાં આવશે."

## ફરમાન ૩૭ મું.

જંગબાર તા. ૨૯-૭-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"મોટા કાંગવાવાળાઓ તકબ્બુરી કરે અને બીજાઓને હલકા ગણે, તે ઘણું ખરાબ છે. અમને સઘળા મુરીદો સરખાં છે.

જે ભાઇઓ પોતાના ધણીના હકક રાખશે તેમની જ ઇબાદત

કબુલ થશે; જે ધણીના હકક નહિ રાખે તેની ઇબાદત કબુલ નહિ થશે.

પોતાનો ધણી બહાર જવાની રજા આપે તો જવું; રજા ન આપે તો ન જવું. ધણીના હકક રાખ્યા ઉપરાંત, માબાપ સાસરીયાંના હકક રાખવા. જુઠું ન બોલવું, ગુરપીરના ફરમાન ઉપર ચાલવું કોઇની નિંદા ન કરવી, કોઈના ઉપર જુઠી આળ ન ચડાવવી, કાળ ક્રોધને વશ કરવો, ફરમાન તથા ગીનાનના વચનો સાંભળી તે મુજબ ચાલવું. પરાયા પુરૂષને ભાઈ તથા બાપ માફક સમજવો. હાઝર ઇમામની શનાખત રાખવી, સતગુર મુખે દશોંદ આપવી, આવી રીતે ચાલશો તો તમારા દિલમાં રોશની પેદા થશે અને તમે દિદાર જોઇ શકશો.

બાઇઓએ પોતાના માબાપને ઘરે જવું હોય ત્યારે પણ, ધણીની રજા લઈને જવું. ધણી ના પાડે તો નહિ જવું. જમાતખાને જવું તેમાં પણ, ધણીની રજા લેવી. રોજ રજા નહિ આપે તો, ચાર દિવસે આપશે, વળી, ચાર દિવસે રજા નહિ આપશે તો, આઠ દિવસે આપશે; આઠ દિવસે નહિ આપશે તો, પંદર દિવસે આપશે; પંદર દિવસે નહિ આપશે તો, મહિને દિવસે જરૂર રજા આપશે. રજા વગર જવું નહિ, રજા વગર જવામાં સારૂં નથી."

## ફરમાન ૩૮ મું.

જંગબાર તા. ૩૦ મી જુલાઇ ૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"પંજેભાઈઓએ ધર્મ ક્રિયામાં સાબીત રહેવું. તમે ગીનાન શીખો અને એક બીજાને શીખવો. તમે ગીનાન પડો. તેના અર્થ સમજશો તો ફાયદો થશે. જો અર્થ નહિ સમજો તો કાંઈ ફાયદો નથી. ગીનાન વાંચવા અને અર્થ નહિ સમજવા, એતો, ગધેડા, કુતરા ભુંકે છે તે પ્રમાણે થયું. માટે તમે ગીનાન વાંચો અને તેના ભેદ સમજો.

તમે હિંદુ હતા ત્યારે, વખતને અનુસાર આસ્તે આસ્તે તમોને સમજણ આપવામાં આવી. જો તરત તે વખતે કહેવામાં આવતે કે, મુસલમાન થાઓ તો, તમે કબુલ નહિ કરત, પણ, આસ્તે આસ્તે સમજાવીને તમને મુસલમાન કરવામાં આવ્યા.

તમને જે ગીનાનો આપ્યા છે, તે સમજીને પડવા જોઇએ અને એક બીજાને શીખવવા જોઇએ.

**જે ઇમામનો વારો હોય, તેના ફરમાન ઉપર ચાલશો તો તમને ફાયદો થશે.**

અસલમાં "તૌરેત," "ઇંજીલ," "ઝંબુર," "કુરકાન" એ સર્વે કિતાબો, જુદી જુદી કોમો ઉપર, જુદે જુદે વખતે નાઝીલ થઇ હતી, તે સર્વે સત્ય હતી. કુરઆને શરીફ પણ સત્ય હતું, પરંતુ, ખલીફા ઉસમાનના વખતમાં, તેમાં ફેરફાર કરી નાંખવામાં આવ્યો છે. આગળના બોલો પાછળ અને પાછળના બોલો આગળ રાખવામાં આવ્યા છે. આ બાબતનો સર્વે ખુલાસો અમારી પાસે છે. તમે અમને પુછશો તો અમે તેનો ખુલાસો તમને દેખાડશું. તમને ગીનાનની માએનામાં સમજણ પડતી ન હોય તો અમને પુછો, અમે તમને ખુલાસો સમજાવશું. અમે અત્રે આવ્યા છીએ, તે તમારો સુધારો કરવા તથા તમારા જીવનો છુટકારો કરવા આવ્યા છીએ.

તમે એક બીજાને મદદ કરો, એક બીજાને ચાહો અને એક બીજાની ખિદમત કરો તેમાં તમને ઘણો ફાયદો છે.

તમને સર્વે જાહેરી કામ જોઇએ છે, બાતુની કામમાં તમે કાંઈ ધ્યાન આપતા નથી. જાહેરી સઘળું દુનિયાને લગતું છે, તમે બાતુન ઉપર નિગાહ રાખો. જો તમે બાતુનને જોશો તોજ તમારાં કામ થશે.

જ્યારે કુરાને શરીફ નાઝીલ થયું ત્યારે અરબ લોક હતાં. આ વાતને તેરસો વર્ષ થઇ ગયા છે. તમને સાતસો વર્ષ ઉપર ગીનાન આપવામાં આવ્યા છે તે બરાબર સમજીને વાંચજો. ગીનાનની ચાર તરેહની માયના થાય છે તે બરાબર સમજીને વાંચજો. તમને કોઇ

ઠેકાણે સમજણ ન પડે તો, અમારી પાસે આવીને અમને પુછજો. અમે તેનો ખુલાસો કરી આપશું.

ગીનાન પડે છે અને સમજતો નથી તેને કાંઇપણ ફાયદો નથી, સ્વાહીલી લોકોને તમે ગુજરાતી કિતાબ પડીને સંભળાવો તો, તે શું સમજી શકે? અરબી ભાષા તમે જાણુતા નથી અને કુરઆને શરીફ વાંચો તો, તમે શું સમજો? તમે એકનું બીજુંજ સમજી બેસશો. જેઓની જે ભાષા છે, તેઓને અમે તેઓની ભાષામાંજ ઈલમ આપેલું છે.

પંજેભાઇઓએ હમેશાં જાગરણ વખતે હાજર થવું જોઈએ. અમે તમારાં સારા કામો કરવા માટે અહિં આવ્યા છીએ. કપતાન તથા માલમ આગબોટને દરિયામાં ચલાવે છે, તેમને રસ્તાની માહેતગારી છે. તેઓ જાણે છે કે, અહીંયા પાણી થોડું છે, અહીંયા પત્થરા છે, અહીંયા ડુંગરા છે, અહીંયા રેતી છે, અહીંયા પાણી ઊંડું છે, અહીંયા રસ્તો સાફ છે, અહીંયાથી ચાલીશ તો પાર ઉતરીશ, આ પ્રમાણે ઈમામ છે. તેને દીનના રસ્તાની સઘળી માહેતગારી છે. અમે તમને સહેલે રસ્તે પાર ઉતારવા માટે આવ્યા છીએ. અમે અહિં આવ્યા છીએ તે, તમારા દિલને પત્થર જેવા કઠણ કરવાને આવ્યા નથી પણ, તમારા દિલને નરમ તથા ચોખ્ખાં કરવાને આવ્યા છીએ.

તમે મગજનો ત્યાગ કરો છો અને છીલટાં ખાઓ છો. તમે છીલટાં મ ખાઓ, મગજ ખાઓ.

ખલીફા ઉસમાનના સમયમાં કુરઆને શરીફમાંથી કેટલોક ભાગ કાઢી નાંખવામાં આવ્યો છે અને કેટલોક ભાગ ઉમેરી દેવામાં આવ્યો છે.

**ઈમામ પાસે હર વખતે એક એક ચીજ નવી હોય છે, તે અત્રે જાહેર કરવાની નથી, પછી કહેવામાં આવશે.**

અમારૂં કામ કરવામાં જે ફાયદો છે, તેના કરતાં, પંજેભાઈઓનું કામ કરવામાં વધારે ફાયદો છે. મોમનનું કામ કરે છે તે જાણે અમારૂં કામ કરે છે. તેને ઘણો ફાયદો છે.

## ફરમાન ૩૯ મું.

જંગબાર તા. ૨૦-૮-૧૮૯૯

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અલ હમ્દો લિલ્લાહ! તમે બધા મોમન છો. તમારૂં ઈમાન સલામત ન હોય અને ફરમાન ઉપર ચાલો, તેમાં ફાયદો નથી.

હજારો તરેહનાં કરજ તમારા ઉપર છે. માણસ જન્મે છે ત્યારથીજ કરજ લઈને આવે છે. તમે ખુદાવંદ તઆલા પાસે કબુલ થયા છો, માટે લાજમ છે કે, તમારૂં કરજ અદા કરો. તમારા માથે મોટું કરજ એ છે કે, તમે પોતે પાક થાઓ. તમે મોમન હો, પણ થોડી કસર હોય, તે કામ ન આવે.

જો બાઈઓ બદનઝર કરે, કોઇની ગીબત કરે અથવા સાંભળે તો, તેમની બંદગી કામ નહિં આવશે. બાઇઓની ફરજ છે કે, પોતાનો જુસ્સો પાક રાખે. પોતાના મરદ સિવાય, બધાંને પોતાના ભાઈ તથા બાપ સમાન સમજે. છાંટો, કાંકણુ કરે ને નજર પાક ન હોય, તો કાંઇપણ કામ આવે નહિ. ઈમાન સાથે છાંટો નંખાવે તે છાંટો છે, અગર પાક ન હોય તો તે પાણી પરસ્ત છે.

ગુન્હા થઇ જાય તો ખુદાવંદતઆલાની પાસે તૌબા માંગવી. બાઇઓની ફરજ છે કે, પોતાના મરદના હુકમ ઉપર ચાલે. બાઇઓની ફરજ છે કે, શેતાનને પોતાથી દુર રાખે. શેતાન બહારથી આવતો નથી; દિલમાં શેતાન છે તે, બાઇઓની સૂરતમાં બાઇઓ પાસે આવે છે. તે જાહેરમાં તો માણસ છે અને ઇમાન લઇ જાય છે.

તમારો દીન પુલસરાત છે. જો માણસ આ બાજુ કે પેલી બાજુ ખસે તો પડી જાય છે. રસ્તો સીધો લઇને બરાબર ચાલ્યો જશે તે પાર ઉતરશે. જો તમે તમારો દીન સંભાળશો તો, શેતાન તમને છેતરી શકશે નહિ.

હઝરત ઈમામ હુસેનનું બયાન તમે પડો છો, તે કાંઈ કુલ્લે

ખરૂં નથી, તેમાં મુલ્લાઓની કેટલીક બનાવટ પણ છે. જે ખરૂં બયાન છે તે, અમારા ઘરમાં છે.

તમે પોતાના દીનને સંભાળો. તમે પોતાના દાગીનાની સંભાળ રાખો છો અને ઈમાન રસ્તામાં છોડી આપો છો, તેથી, તમારૂં ઈમાન બીજો માણસ લુંટી લેશે. સ્ત્રી પુરૂષ વચ્ચે અણુમનાવ થાય તેમાં પણ વચમાં શેતાન આવે છે. તે, એકને આ બાજુ અને બીજાને પેલી બાજુ લઈ જાય છે.

હિંદુઓની વાતો ઈલિમમાં પડો છો તે વાજબી નથી; જ્યારે તમે હિંદુ હતા, તે વખતે, પીર સદરદીને તમને રસ્તો દેખાડયો. તે વખત વહી ગયો.

હવે મૌલાની તારિફ તથા ઔલાદ (તખ્તનશીન ઈમામો)ની તારિફ પડો, હાઝર ઇમામની તારિફ પડો, હવે નવ અવતારને છોડી આપો. દશમાં અવતારમાં, અમારા દાદાની તારિફ પડો, ગીનાન વાંચો તેમાં, દશમાં અવતારનું બયાન છે, તે વાંચો.

કિસ્સા બયાનમાં જે મગજ છે, તે પડો. પણ તેમાં બીજી ખોટી વાતો લખેલી છે, તે નહિ પડો; કારણ કે, બારસો વર્ષની વાતો હમણા કહેશો તેમાં ફાયદો નથી.

મોહરમના દશ દિવસ પડો; હમણા જે ફરમાન થાય, જેમાં, તમારા જીવનો છુટકો થાય, તે પડો. કિસ્સો પડશો અને રડશો, તેમાં તમને કયારે ફુરસદ મળશે કે, દુનિયાનો ધંધો કરીને ગીનાન પડશો?

કરબલાનું જંગ થયું તેમાં, સિમર હરામજાદાએ હઝરત ઈમામ હુસેનને શહીદ કર્યા. પણ, આ વાતો જુઠી છે કે, અહેલેબેતને બેઇજ્જત કરીને, તેઓની પછેડી ઉતારી, અથવા તેઓ પર લાંબો હાથ કર્યો. એ તેની તાકાત નહિ હતી. એવું કરે તો તે, પત્થર થઈ જાય. હઝરત ઈમામ હુસેનને શહીદ કર્યા, અહેલેબેતને કેદ કર્યા, પણ, તેઓની બે અદબી નહિ કરી હતી.

ઈન્સાન જ્યારે મરી જશે, ત્યારે તેને આખરતમાં પુછવામાં આવશે કે, તેં દુનિયામાં કેવા કામ કીધાં હતા?

બાઇઓને પુછવામાં આવશે કે, તમે તમારા મરદની ફરમાન બરદારી કરી હતી કે નહિ? તમે બદનઝર કરી હતી કે નહિ? જો આ બાબતોમાં કસુર હશે, તો તેઓને જહન્નમની આગમાં બાળ-વામાં આવશે.

ઘણી બાઇઓ પોતાના મોં ઉપર બુરખા નાખે છે, તે ઠીક નથી પણ, ઘટારત છે કે, પોતાના દિલની લગામ ઘણી મજબુતાઇથી હાથમાં રાખે. બાઇઓ, પોતાના દીનભાઈઓને દુનિયામાં નહિ જુવે, તો આખરતમાં તેમને કેમ ઓળખશે? બુરખાનું ફરમાન, કોઇ ઈમામે અથવા પયગમ્બરે કીધું નથી.

દુનિયામાં માણુસ સાથે બે મલાએક રહે છે. તેઓ તેમના દરેક આમાલ લખે છે. જ્યારે ઇન્સાન ત્યાં એકડાં થશે ત્યારે, તેમના સઘળાં આમાલ વાંચવામાં આવશે. કેવા આમાલ કીધાં હતા તેની પુછા કર-વામાં આવશે.

બાઈ માણુસ, જાહેરમાં મોમન હશે અને બાતુનમાં કાફર હશે તેને, સર્વે પુછવામાં આવશે. કોણ મોમન હતો અને કોણ કાફર હતો તે સર્વે, ત્યાં જાહેર થઇ જશે.

## અમારા ફરમાનો કિમતી સમજજો, મામુલી સમજશો તો નુકશાન થશે.

અમારા ફરમાન ઉપર બરાબર ચાલજો. જેવી રીતે કે એક ડુંગર છે; જેની એક બાજુએ ખાડો છે અને બીજી બાજુએ પત્થરા છે. એક તરફ ચાલશો તો ખાડામાં પડી જશો અને બીજી બાજુએ ચાલશો તો પત્થરામાં પડશો, માટે સીધો રસ્તો લઇને ચાલશો તો, પાર ઉતરશો.

પીર સદરદીને તમને સીધો રસ્તો દેખાડેલ છે, તેને છોડી આપશો, અને મોગલ તથા અરબોની વાતો ઉપર ચાલશો, તો પડી

જશો. જે અરબો પોતે જાણતા નથી, તેઓ તમને શું શીખવશે? તેઓ પોતેજ કાંઇ સમજતા નથી, ત્યારે તમને શું સમજાવશે?

જે મોગલો ભિક્ષાવૃતિ કરે છે, તેઓ તમને શું શિખવશે? જો તમે, તેઓના કહેવા ઉપર ચાલશો, તો તમે ગધેડા જેવા થઇ જશો. દુનિયા તો એળે જશે પરંતુ, આખરત પણ એળે જશે. ખુબીનો રસ્તો ત્યાગ કરીને તમે ગધેડા પછવાડે લાગો છો.

ઇન્સાનને લાજમ છે કે, પોતાનું ઈમાન મજબુત કરે. શેતાન, માણસનું ઇમાન લુંટી જાય છે, ભાઇઓને પણ ફેરવી નાખે છે. તે, ગીનાનની વાતો કરશે, પોતાના દીનની વાતો કરશે, એમ કરીને તે, તમને ફેરવી નાખશે. દેખાવમાં તેની માણસની શિકલ છે, પણ તેના દિલમાં શેતાન છે.

પીર સદરદીને ગીનાનની કિતાબો લખી છે તેથી, જુદા પ્રકારની કોઈ કિતાબ હરગીઝ વાંચવી નહિ."

## ફરમાન ૪૦ મું.

જંગબાર તા. ૩૧-૮-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"હઝરત રસુલ કરીમ દુનિયામાં પધાર્યા અને દુનિયામાં મુસલમાની ફેલાવતા હતા, ત્યારે ફકત એકલા મુસલમાનો માટેજ તેઓ આવ્યા ન્હોતા.

રસુલે પેરવી ફરમાવી હોય તે ઉપર ચાલવું જોઇએ. રસુલે ફરમાવ્યું હોય કે, આ કામ કરવું, તે તમે ન કરો અને રસુલે મના ફરમાવેલા કામ તમે કરો ત્યારે, આખરતમાં શું જવાબ આપશો?

દુનિયામાં માણસ ઘણું ઘણું તો સો વર્ષ જીવશે. જુવાન અથવા બુઢા સર્વેને મરવાનું છે. ત્યાર બાદ કયામત છે. કયામતમાં એક કલાક હજાર વર્ષ જેવડી લાગશે. ત્યાં તમે શું કરશો? અને શું જવાબ આપશો? દુનિયામાં એવી રીતે ચાલો અને એવા કામ કરો કે, કયામતમાં કાળું મોઢું લઈને નહિ જાઓ.

દુનિયામાં ગમગીની લાવે એવી ચીજ ઇન્સાને નહિ ખાવી જોઇએ. માણુસ ખુશીથી અફીણ ખાય છે અને પોતાનું શરીર બગાડે છે.

તમારામાંથી ઘણા જણ વાજીંત્રમાં ખુશી માને છે અને ગાવા બજાવામાં જીંદગી વેડફી નાખે છે, તે સારૂં નથી; હરામ છે. રસ્તામાંથી વાજુ વાગતું નિકળે તે સંભળાઈ જાય તેને માટે અડચણ નથી. પણ ખાસ કરીને, જોવા સાંભળવા નહિ જવું જોઇએ. હઝરત મુસાની શરાઅમાં વાજું, શરાબ માફક હરામ છે.

જુવાનીમાં ઘણા માણુસો અફીણ ખાય છે તેથી, તેઓનું શરીર સુકાઈ જાય છે. અફીણના નશાથી, બે કલાક, પાંચ કલાક, ખુશી લાગે છે પણ હરામ છે; કારણ કે, પયગમ્બરે તેને હરામ કીધુ છે. દીને ઇસ્લામમાં તે હરામ છે.

ત્યારે વિચાર કરો; રસુલ કરીમે શું ફરમાવ્યું છે? તે ઉપર ચાલો.

દુનિયામાં જે માણુસ ઝના કરે છે તે હરામ છે. પયગમ્બરના વખતમાં, એવા શખ્સને પહેલી વખત માર મારવામાં આવતો હતો, બીજી વખત સખત સજા કરવામાં આવતી હતી અને ત્રીજી વખત જીવઠાર મારી નાખવામાં આવતો હતો. પયગમ્બરના વખતમા આ પ્રમાણે ચાલતું હતું.

તમે દુનિયામાં એવા કામ કરો કે, આખરતમાં તમારૂં મોઢું કાળું ન થાય.

દુનિયામાં શરાબ, ભાંગ, અફીણ સર્વે હરામ છે. દુનિયામાં શરાબ, ભાંગ, અફીણ ખાશો તો, પેલી દુનિયામાં તમને ઘણો આઝાબ થશે. પણ જો, ડાકટર કે હકીમ, દવા તરીકે થોડું ખાવા કહે તો, તેના કહ્યા માફક ખાવામાં અડચણ નથી. પણ, હકીમ કે ડાકટરના હુકમ વગર ખાશો, તો આખરતમાં સખત પુછાણું લેવામાં આવશે.

જ્યારે ખુદાવંદતઆલા તમને જહુન્નમમાં જવાનો હુકમ કરશે ત્યારે, કેવી રીતે છુટશો? જહુન્નમમાં બહાર નિકળી જવાનો દરવાજો

નથી, કે જ્યાંથી તમે ભાગી છુટો! હમેશાં જહુન્નમનો આઝાબ ખમવો જોઇશે. પયગમ્બરની મના હોય તે કામ નહિ કરો, જેથી, જહુન્નમા જતાં બચો.

પયગમ્બરે ફરમાવ્યું છે કે, ઘણી બાબતો તમારા ઉપર લાજમ છે. એક મુખ્ય બાબત એ છે કે, તમારા દીનભાઇઓમાં એકદિલીથી ચાલો. પણ, અહીંયા તો એક બીજાની ગીબત કરવામાં આવે છે. ગીબતમાં ઝના કરતાં વધારે ગુન્હા છે.

દીનભાઇઓમાં, એક બીજામાં, ફીતના નાખી લડાઇઓ જગાડવી તે કતલ કરતાં વધારે ગુન્હા ભરેલું છે. તમારા દીનભાઇઓની ગીબત કરવાના માઠાં ફળનો તમે હમણા વિચાર કરતા નથી, પણ અંતે તમને યાદ આવશે. તમારા અંગમાં પહેલે સુઈ મારી જુઓ; જો તમને ઈજા થતી હોય, તો બીજાને શા માટે મારો છો? પહેલાં પોતાના કર્તવ્યનો વિચાર કરી જુઓ કે, અમે કેવા ગુન્હા કીધા છે? પછી બીજાના ગુન્હા તપાસો.

તમારામાંથી ઘણા જણ રૂપીઆ સાત દઇને કહે છે કે, ગુન્હા માફ કરો! તેમ ગુન્હા માફ થતા નથી. ભુલમાં માલેવાજબાત ખવાઈ ગયો હોય, તે છાંટા નાખવાથી માફ થાય; પરંતુ, મોમનના ગુન્હા કરશો તે માફ નહિ થાય.

શરાબ પી, મસ્ત થઇને પોતાને દિવાનો બનાવે, એવાને લાકડીઓ મારવામાં આવે ત્યારે, તે ગુન્હા માફ થાય. હાલ લાકડીઓ મારવાનો જમાનો નથી, પરંતુ જમાતખાનામાં આવી તૌબા કરે, બંદગી કરે, રાતના જાગરણ કરે, તસ્બી કાઢે, ઇબાદત કરે ત્યારે, ખુદાવંદતઆલા ગુન્હા માફ કરે.

તમારામાંથી કોઈ દીનભાઇની ગીલા કરે, તે ગુન્હા કેમ માફ થાય? તેનો હાથ ચુમીને અરજ કરે કે, મેં તમારી ગીલા કરી છે, મને માફ કરો, અને તે માણુસ માફ કરે તો માફ થાય. કોઈ માણુસ જઈફ, બુઢી બાઇના દાગીના, પૈસા અનામત હોય તે પચાવી પાડે, તેનો ગુન્હો કેમ માફ થાય? આવા માલના પૈસામાંથી એક

રોટલી વેચાતી લઇ ખાશો, તો તે રોટલી કયામતના દિવસે તમારી ગરદન પકડશે અને હિસાબ લેશે.

તમે દુનિયામાં બેઠા છો ત્યાં સુધી ઘણું ઠીક છે. હરો છો, ફરો છો, ખાઓ છો, પીઓ છો, અહિં તમને ઘણો આરામ છે; પણ બિમાર થશો અને મરણ નજીક આવશે, ત્યારે ખુદાને શું જવાબ આપશો? અગર જુવાન માણસ ખ્યાલ કરે કે, મારા ઉપર મોત નથી. પરંતુ, જ્યારે તાવ, બિમારી, મરકી પકડશે ત્યારે મરી જશો. બાઇડી વિગેરે કાંઈ કામ આવશે નહિ.

જે મોમન હશે તે મસ્તાના સિંહ જેવો હશે, તેને કાંઇ પણ ધાસ્તી નથી. તેનો રસ્તો સીધો અને આસાન છે. આવો મોમન ગુજરી જાય તેને કાંઈ પણ પરવા નથી. તે આ દુનિયામાંથી છુટયો કે આરામથી ચાલ્યો જશે. હકીકતી મોમનને દુનિયામાં ફાયદો નથી, દુનિયામાં ખુશી નથી. અમે પોતે દુનિયામાં છીએ તે, કેદખાનામાં છીએ એમ સમજીએ છીએ. મોમન વાસ્તે મરવા બાદ જીન્નત છે.

દુનિયામાં મોતથી માણસો ડરે છે કે, મેં દુનિયામાં સારા કામ કર્યાં નથી માટે, મરીને ખુદાને શું જવાબ આપીશ? તે વિચાર કરશે કે, હવે મને કોઇ કામ આવશે નહિ. હું બિમાર છું અને પડી રહ્યો છું. તે ડરે છે કે, આગળ જવાબ આપી શકીશ નહિ.

દુનિયામાં તમારો વકીલ હોય અને તમારો હિસાબ ખાઇ ગયો હોય તે, હિસાબ આપતી વેળા ડરે છે કે, મેં ચોરી કરી છે, તે ઉઘાડી પડી જશે; આવા વિચારો કરીને તે ડરે છે. જ્યારે તમારો મોતનો વખત આવશે, ત્યારે તમારી પાસેથી, દુનિયાના કામનો હિસાબ લેવામાં આવશે, તેના વાસ્તે તમે ડરશો. ત્યારે તમે સમજશો કે, તમારા જીવે, હિસાબમાં દગો દીધો છે, તેથી તમે મોતથી ડરશો કે, કેવી રીતે હિસાબ આપશું?

મોમન વાસ્તે દુનિયામાં કાંઇ નથી. સમજુ અને અકકલવાળા મોમન હોય, તેના માટે દુનિયા જહન્નમ છે. પણ જે ગધેડો, હેવાન છે, તે સમજે છે કે, ખાઉં, ફરૂં, બેસું અને બચ્ચાંઓની શાદી કરૂં;

તેને કાંઈ અકકલ નથી. અગર મોમન અક્કલવાળો હશે અને વિચાર કરશે તો, તેને દુનિયા જહન્નમ જેવી લાગશે.

મોમનની નિશાની એ છે કે, તે સમજે છે કે, ખુદાવંદતઆલાની નજીક જાઉં અને ખુદાવંદને નજીક બનાવું.

રૂહ બદનમાં છે, તે કેદખાનામાં છે. મોમનને વાજબ છે કે, કેદખાનામાંથી રૂહને કાઢીને સારી જગ્યામાં રાખે. રૂહ જ્યાં સુધી બદનમાં છે ત્યાં સુધી કેદમાં છે. તે જોવામાં આવશે નહિ. રૂહ બદનમાં છે ત્યાં સુધી, તે કયાંય પણ જોઇ શકશે નહિ. જયારે બદનમાંથી નિકળશે ત્યારે, સર્વે જગ્યાઓ જોશે. જ્યાં સુધી બદનમાં છે ત્યાં સુધી આગળ, પાછળ, આજુબાજુ કયાંય પણ જોઈ શકશે નહિ. મોમનને એ ખ્યાલ જોઇએ કે, કેદખાનામાંથી નિકળી જાઉં તો બહેતર છે.

દુનિયામાં રહેવાવાળા માટે દુનિયા જહન્નમ છે, અને રૂહ બદનમાં છે તે, બંદીખાનામાં છે. જો તમે અક્કલવાળા હો, તો આ બાબતનો ખ્યાલ કરો. અમારે કહેવાની જરૂર ન હોય, તમે તમારી અક્કલથી સમજો. તમે સમજો કે રૂહ શું છે? તો તમને ખબર પડે કે, તમારો રૂહ બદનમાં કેદ છે, અને ત્યાં સુધી તે કયાંય પણ જોઈ શકશે નહિ.

ઈન્સાનને સઝાવાર છે કે, તરસ્યાની પેઠે, મોતને માટે હાજર રહેવું જોઈએ.

ઈન્સાનને ઘટારત છે કે, આમાલ સારા કરે. ઇન્સાન, નમાઝ પડે અને રોજા રાખે, તેથી કાંઇ ગુન્હાથી સાફ થતો નથી.

રોજે કયામતમાં તમારા આમાલનું પુછાણું થશે, આમાલ સારા હશે તો ગુન્હા માફ થશે. પયગમ્બર તમારા આમાલ જોઇને હુકમ કરશે અને તમારા કામ જોઇને તમને પુછશે. તમારા દુનિયાના કામ પુછીને પછી ઇબાદત વિષે પુછશે.

અમારા ફરમાન એક કાનથી સાંભળી, બીજા કાનથી કાઢી નહિ

નાખતાં. જો તમે બીજા કાનથી કાઢી નાખશો અને તેનો તોલ નહિ કરો, આમાલ સારા નહિ કરો તો, અમે અમારી જગ્યાએ છીએ, તમે તમારી જગ્યાએ રહેશો. તેમાં શું ફાયદો છે?

કયામતનો દિવસ આવશે ત્યારે, તમને પુછવામાં આવશે કે. આમાલ કેવા કીધા હતા? જો. સારા કામ કરેલા હશે તો, તમને જીન્નતમાં લઇ જવામાં આવશે. સારૂ નરસુ તમારા હાથમાં છે

અમે અત્રે જમાતખાનામાં આવેલા છીએ અને તમને ફરમાન સંભળાવીએ છીએ, તે સાંભળી તમે અક્કલથી વિચાર કરો અને પછી અમલ કરો, તો તમને ફાયદો થશે.

અમે એક કલાક ફરમાન કીધાં અને તમે એક કલાક દુનિયાનો ધંધો છોડીને ખોટી થયાં, અમે પણ તમારા વાસ્તે તસ્દી લીધી. હવે જો, તમે ફરમાન પ્રમાણે ચાલો નહિ, તો તમને નુકશાન થયું.

દુનિયાનો ધંધો ખોઈ, નાહક ખોટી થયા અને અમને પણ નકામી મહેનત થઈ.

તમારામાંથી એક જણ પણ, ફરમાન ઉપર અમલ કરે તો, અમે દશ કલાક ફરમાન કીધા એવી અમને ખુશી થાય અને તેને પણ ફાયદો પહોંચે."

## ફરમાન ૪૧ મું.

જંગબાર તા. ૨-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે અમને એક વસો ચાહો છો, તો અમે તમને સો વસા વધારે ચાહીએ છીએ. જો તમે સાચા યકીનથી ચાલશો, તો તમે કયામતના દિવસે અમારા છત્ર નિચે હશો."

## ફરમાન ૪૨ મું.

જંગબાર તા. ૭-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝરે ઇમામે ફરમાવ્યું :

"તમે નિયાઝ હમેશાં પીઓ છો. સો વર્ષ સુધી પીધું, હઝાર વર્ષ સુધી પીધું, પણ તેની માએના સમજ્યા નહિ હશો. તેની સેંકડો માએના છે. પહેલી એ છે કે, એક કુંભમાંથી દશ જણા સાથે નિયાઝ પીએ તો મોટો ફાયદો એ છે કે, તમે સાફ દિલથી રહેશો અને તમને ઘણો જ ફાયદો થશે. વળી, નિયાઝ પીતી વેળા ને દુઆ વખતે તમે પોતાના હક્કમાં ભલું ઇચ્છો તો ઘણો ફાયદો થાય. પોતાના કરતાં જે પોતાના દીન ભાઈઓના હક્કમાં દુઆ માગે તો તેને વધારે ફાયદો થાય છે. હકીકતી મોમનની સાથે દુઆ પડે અને મોમનના હક્કમાં જે દુઆ માગે તો ખુદા તેની નજીક થાય છે.

હકીકતી મોમન ખુદાને ઓળખે તો ખુદા, તેને નજીક થાય છે. હકીકતી મોમન સર્વે ઠેકાણે ખુદાને જુએ છે. હકીકતી મોમનના દિલમાં ખુદાવંદતઆલા બિરાજે છે. મોમન જેમ જેમ ખુદાવંદતઆલા સાથે વધારે વધારે મોહબ્બત રાખે છે, તેમ તેમ ખુદાને વધારેને વધારે નજીક થતો જાય છે; ત્યારે તે ખુદાને પ્રત્યક્ષ જુએ છે. તેથી તે બદકામ કરી શકતો નથી. ખુદાના દેખતાં તે કયારે પણ એવા કામ ન કરે; કારણ કે, તેને દેખાય છે કે, ખુદા બધું જુએ છે.

પોતાના માબાપ દેખતાં હોય ત્યારે, તેમના દેખતાં કોઈ પણ શખ્સ બદકામ કરી શકે ? ન કરી શકે. આવી બે અદબી કોઇ પણ કરી શકે નહિ. એવી રીતે ખુદાવંદતઆલાના દેખતાં મોમન બદકામ કરી શકતો નથી.

ખુદાવંદતઆલા જુવે છે, તે મોમનને ખબર છે. ત્યારે, ખુદાવંદતઆલાના દેખતાં મોમન બદકામ કેવી રીતે કરી શકે ? ખુદાવંદતઆલા જુવે છે ત્યારે, મોમન તેના દેખતાં બે અદબ કેમ થાય ? તે નેક કામ જ કરશે, બદકામ નહિ કરે.

ખુદાવંદતઆલાની ઇબાદત કરતી વખતે દુનિયાનો કોઈ પણ ખ્યાલ દિલમાં રાખશો નહિ.

મોમન શખ્સ છે તે, મોતથી જરા પણ ડરતો નથી. તમે દોઝખની બીકથી ઈબાદત કરો છો તેમાં ફાયદો નથી. ઇબાદત કરવી તે ખુદાવંદતઆલા પ્રત્યે મહોબ્બત તથા ઇશ્ક સાથે કરવી. જેઓ આશક ખુદાના છે તેમને દોજખની કાંઈ પણ ધાસ્તી નથી. મોમન બંદગી કરે છે તે નહિ દોજખની બીકથી, કે નહિ, જન્નતની ઉમેદથી; પણ ખુદાની મહોબ્બત અને ઇશ્કથી કરે છે.

જુઓ! પતંગિયું છે તે, બતીની રોશની જોઈ ઈશ્ક તથા મહોબ્બત સાથે પોતાની જાન બાળી નાખે છે. તેઓને એટલી મહોબ્બત અને ઇશ્ક છે કે, કંઈક પતંગિયા જીવ આપી દે છે. તમારે પણ એવી જ મહોબ્બત ખુદાવંદતઆલા પ્રત્યે રાખવી જોઇએ. તમે એવા આશક થાઓ.

તમે અમારા ફરમાન સાંભળી, અમારી અને ખુદાવંદતઆલાની નજીક થાઓ. નિયાઝ પીઓ, દુઆ પડો અને ખુદાની નજીક થાઓ. ખુદાની નજીક ત્યારે જ થઇ શકશો કે જ્યારે, તમારા આમાલ સાફ હશે, અને ત્યારે જ નિયાઝ પીવાનો તથા દુઆ પડવાનો ફાયદો તમને હાંસલ થઇ શકશે.

માટે પોતાના આમાલની ઘણી જ સંભાળ લેવી જોઇએ. તમે નેક આમાલ કરજો, બદ આમાલ નહિ કરતા. અમારા ફરમાન ઉપર ચાલજો. તમે ખુદાવંદતઆલા પ્રત્યે મહોબ્બત તથા ઈશ્ક રાખો.

દાખલા તરીકે, તમને બે છોકરા હોય, તેમાંથી એક છોકરાની મહોબ્બત તમારા ઉપર થોડી હોય, વળી, તમારા મોત વખતે તે, તમારી પાસેથી હઝાર રૂપીયાની માંગણી કરે, અને બીજા છોકરાની મહોબ્બત તમારા ઉપર ઘણી જ વધારે હોય અને તમારા મોત વખતે તે, તમારી ચાકરી કરે તથા તમારી પાસેથી કાંઈ નહિ માગે. આ બે છોકરામાંથી કયો છોકરો તમને વ્હાલો લાગશે તેનો તમે વિચાર કરો.

તમે પણ એવાજ ખ્યાલ રાખો. ખુદાવંદતઆલા સાથે ઈશ્ક અને મહોબ્બત કરો. ઇબાદત અને બંદગી પણ ઈશ્ક અને મહોબ્બતથીજ કરો.

અમારા ફરમાન સાંભળી બીજે કાનથી કાઢી નહિ નાખો. તમારા દીનનો ખ્યાલ કરો અને તે મુજબ ચાલો. અમે હમેશાં તમને ફરમાન કરીએ છીએ અને તમે હમેશાં અમારા ફરમાન સાંભળો છો. તે ફરમાન પ્રમાણે ચાલજો, એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નહિ નાખતા. જેઓ અમારા ફરમાન પ્રમાણે ચાલશે, તેઓ ઉપર અમે ઘણાજ રાજી થઈશું."

જમાત દુઆ પડવા બેઠી ત્યારે મૌલાના હાઝર ઇમામ પધારી, દુઆ પડાવનારની સામે ઉભા રહી ફરમાવ્યું :

"તમે અમને જોવામાં ખ્યાલ નહિ રાખો, પણ તમારા દિલને દુઆમાં પરોવીને દુઆ પડજો."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યુંઃ

"તમે અમારા જેવા થાઓ, જે પ્રમાણે અમે સાફ અને પાક છીએ. અમારા દિલમાં કિન્નો, કપટ કે હસદ નથી, તેમ તમે પણ દિલમાં કિન્નો, કપટ તથા હસદ નહિ રાખો. તમે અમારો દાખલો લીયો, જેમ અમે ચાલીએ છીએ તેમ તમે પણ ચાલો.

દુઆ તેમજ નિયાઝ પીતી વખતે, તમારા પોતાના હક્કમાં સારૂં માગો તેમાં ફાયદો છે. પરંતુ, પોતાના દીનભાઈઓના હક્કમાં પણ દુઆ માંગો તો તેમાં, તે કરતાં પણ વધારે ફાયદો છે."

## ફરમાન ૪૩ મું

જંગબાર તા. ૯-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યુંઃ

"તમે દીનની ઘણી દોસ્તી કરજો અને તમારા દીનની ઘણી સંભાળ રાખજો. જો તમને તમારા દીનના સંબંધમાં કાંઈ પણ શક

અથવા વહેમ હોય, તો જ્યાં સુધી અમે જાહેરીમાં તમારી પાસે છીએ, ત્યાં સુધીમાં અમને પુછીને વાકેફગાર થાઓ. અમે તમને સમજણ આપીએ.

જે શખ્સનું દિલ અમારા દિલ સાથે લાગેલું છે તે, અમારા ફરમાન મુજબ અમલ કરે છે.

અમે તમારા પીર મુરશિદ છીએ. તમારો દીન બુઝુર્ગ છે અને બધાં દીન કરતાં ઉત્તમ છે. તમારો દીન સત્ય છે તેથી, શેતાન ફરેબ આપીને તમને ભુલાવે છે, પણ તમે તેના ભુલાવવાથી ભુલતા નહિ. તમારો દીન હકીકતી છે, તેના ઉપર જે બરાબર મુસ્તકીમ થઇને ચાલે છે તે મલાયક જેવો છે.

અમારા મુરીદો અમારા ફરમાન મુજબ ચાલશે તો, તેઓથી કદી પણ નીચ કામ થશે નહિ. અમારા ફરમાન ઉપર અમલ કરનારથી ગુન્હા થવાના નથી. તેઓ ગુન્હાથી દુર ભાગશે. જેમ માણસો દુશ્મન અને પ્લેગથી નાસી જાય છે, તેમ મોમન ગુન્હાથી દુર નાસી જશે. મોમનને ગુન્હાથી દુર ભાગવું જોઇએ. જેમ માણસો બિમારીથી દુર ભાગે છે, તેમ મોમન ગુન્હાથી દુર નાસી જશે.

દુનિયાના કામ કરતા દીનથી વાકેફ થશો તો તમારૂં ઇમાન તમને લાભ આપશે.

તમને વાજબ છે કે, દુનિયાના માલ ઉપર પ્યાર નહિ રાખતા. તમારો દીન દરવેશી છે. તમે પણ દરવેશ તથા મોમન છો. તમે પોતે ખ્યાલ કરો અને પાકા હકીકતી બનો.

તમે જાણો છો કે, અમારા પાસે દુનિયાનો માલ ઘણો છે, પણ અમે દુનિયાના માલ ઉપર મહોબ્બત તથા તમા રાખતા નથી અને દરવેશીમાં જીંદગી પસાર કરીએ છીએ. તમને પણ એ પ્રમાણે ઘટારત છે કે, દરવેશ માફક રહો.

અમે તમારી પાસે આવ્યા છીએ જેથી, ગાડી, ઘોડા અને સવારો સઘળું અમે રાખ્યું છે, પણ તેમાં અમે ખુશી નથી. હાકમના

અને તમારા અમે મહેમાન છીએ. તમને અને હાકમને સારૂં લાગે તેથી સઘળું રાખ્યું છે. તમારી અને હાકમની મહોબ્બતને ખાતર રાખ્યું છે. અમે દુનિયાની દોલત ઉપર કાંઇ પણ મોહબ્બત રાખતા નથી. મુંબઈ તથા પુનામાં અમારે ઘરે ઘોડગાડીઓ છે, તો પણ કેટલેક ઠેકાણે અમે પગે ચાલીને જઇએ છીએ. દુનિયાની દોલત તથા માલ ઉપર અમે પ્યાર રાખતા નથી, તેમ તમે પણ દુનિયાની દોલત ઉપર પ્યાર નહિ રાખો.

તમે મહેનત કરી નાણું કમાવો, તે ભલે કમાવો, પણ પૈસા સાથે દિલ બાંધવું નહિ. ઘણા પૈસા કમાવો તેમાં ખુશી પણ નહિ થશો. મહેનતથી કમાવેલા પૈસા જતાં રહે તો દિલગીર થવું નહિ, તેનો અફસોસ ન કરવો. જ્યારે તમારી પાસે નાણું એકઠું થાય ત્યારે ઘણા ખુશી નહિ થતા. ખુદા ન કરે ને કોઇનો છોકરો ગુજરી જાય, તો તેણે અફસોસ ન કરવો.

તમારો દીન હયાત છે. તમે દુઆ પડો છો ત્યારે અમારૂં નામ લ્યો છો, તે વખતે અમે તમારી પાસે હાઝર છીએ. અમને જરાયે દુર કરીને નહિ લેખજો. તમારી મહોબ્બત અમારી સાથે છે તો, અમે તમારી પાસે જ છીએ. તમે અમારી મહોબ્બત સાથે દુઆ પડો છો ત્યારે, અમે તમારી પાસે જ છીએ. અમને દુર નહિ સમજતા. જેટલી વખત અમારૂં નામ લેવામાં આવે છે, ત્યારે અમે તમારા દિલમાં છીએ, તમારાથી અમે જરાય છેટા નથી.

થોડા દિવસમાં અમે તમારી પાસેથી રવાના થશું, ત્યારે તમે એમ નહિ સમજતા કે, અમે તમારાથી દુર છીએ. જે શખ્સ અમારાથી મહોબ્બત રાખે છે, તેના દિલમાં અમે હાઝર બેઠા છીએ. જે અમારી હુઝુરમાં છે અને તેની મહોબ્બત અમારી સાથે ન હોય તો તેને શું ફાયદો થાય?

## ફરમાન ૪૪ મું

જંગબાર તા. ૧૧-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામ મગરીબની દુઆ વખતે પધારી, તખ્ત ઉપર બિરાજમાન થઇ જમાતને દુઆ પડવાનો હુકમ કર્યો. દુઆ પડાઈ રહ્યા બાદ ફરમાવ્યું:

"અમે બેઠાં અને તમે જમાત ભેળી થઇને દુઆ પડયા, તેથી તમને ઘણો ફાયદો થયો. અમારી એ ખ્વાહેશ છે કે, જેમ અમારી હાજરીમાં એકઠાં થઇ દુઆ પડયા, તેજ માફક હમેશાં ભેળા થઈ દુઆ પડજો. હમેશાં દુઆ પડવા આવો, જરૂર આવો!

મગરિબ વખતે દુઆ પડવામાં તમને કાંઈ નુકશાન કે અડચણ નથી. દુનિયાનો ધંધો કરવાનો એ વખત નથી, તથા બીજી કોઈ અડચણ નથી. મગરિબ વખતે દુઆ પડવા નહિ આવો તો શું જવાબ આપશો? મગરિબ વખતે બે સારી નરસી વાતો કરો તેના કરતાં જમાતખાનામાં આવીને દુઆ પડો તેમાં ઘણું જ સારૂં છે. આનો ફાયદો દુનિયા તથા આખરતમાં ઘણો જ છે.

તમે અમને એક કતરો ચાહો છો તો અમે તમને સો કતરા ચાહીએ છીએ. અમે, તમો જમાતને ઘણું ઘણું ચાહીએ છીએ. દુનિયા તથા આખરતમાં તમારૂં ભલું થાય એવી અમારા દિલની ઘણી ચાહના છે.

અમારી નસિહત તથા અમારા દાદાના ફરમાન મુજબ ચાલશો તો દુનિયા તથા આખરતમાં તમારૂં ભલું થશે.

તમે મોમન છો તો ખુદાવંદતઆલા ઉપર આશક થાઓ.

હકીકતીઓનો ઇશ્ક ઔલાદ, સ્ત્રી તથા પૈસા ઉપર નથી, પરંતુ ખુદાવંદતઆલા ઉપર છે. જેમ દુનિયાનો ઇશ્ક છે કે, પોતાની સ્ત્રી સાથે નરમાશ, મહોબ્બત અને મીઠાશથી ચાલો છો, તેમ ખુદા સાથે પણ ચાલો. જેમ તમારી સ્ત્રી સાથે નરમાશ તથા મીઠાશથી બોલો છો તે કરતાં હજાર દરજ્જે ઇશ્ક તથા મહોબ્બત સાથે દુઆ પડો તો હજાર દરજ્જે ફાયદો થાય.

તમારામાં કેટલાક એવા છે કે, ગીનાન પડે છે પણ તેનો મકસદ સમજતાં નથી. ગીનાનની માયના સમજતાં નથી. જે ઈન્સાનને સમજણ નથી તે જનાવર મિસાલ છે.

ઇન્સાન એક રીતે હેવાન માફક છે. જેમ ઇન્સાન ખાય છે, પાણી પીએ છે, બુમો મારે છે તેમ હેવાન પણ કરી શકે છે. જે

ઇન્સાનને ખુદાનો કે દીનનો વિચાર નથી તે જનાવર માફક છે; પણ હુકીકતી મોમન દિલમાં વિચાર કરે છે.

તમો હુકીકતીઓનો દીન સત્ય છે પણ, તમે તેનો સાચો વિચાર કરતા નથી તથા મકસદ સમજતા નથી. તમારામાંથી ઘણા જણ દીનને સમજે છે પણ તેઓ કરજદાર એટલે કે અધુરા છે. કદાપી બે જણ નરસા હોય તો સારા સાથે વસે, તો સારાને જોઈને તેઓ પણ તેમના પ્રમાણે વર્તે છે.

મોમનને લાજમ તથા વાજબ છે કે, મગરિબ વખતે હમેશાં દુઆ પડવા હાજર થાય, જેઓ જમાતખાનામાં દુઆ પડવા હાંજર થાય છે તેમના વાસ્તે મોટો ફાયદો છે.

માબાપની એ ફરજ છે કે, પોતાના બાળકને ઇસમાઇલી દીનની તાલીમ લેવા જમાતખાનાની સ્કુલમાં મોકલે.

**ઇસમાઇલી દીનભાઈ સિવાય બીજા કોઈ પાસેથી દીનની તાલીમ નહિ લેવી જોઇએ.**

જેમ કે, યહુદી, નસારા, સુન્ની, શીયા, હિન્દુ વિગેરે પોતાના ધર્મની તાલીમ પોતાનાજ માણસો પાસેથી લીએ છે.

**જમાત અમારૂં બદન છે, તેમાં કાંઇ દુઃખે તો અમને વસમુ લાગે છે. તમારા પોતામાં અદાવત હોય તે અમને વસમુ લાગે છે.**

તમે અમારૂં અંગ છો તેથી, તમારામાં અદાવત હોય તો અમારા અંગમાં ઇજા થાય છે. જેમ અમારૂં માથું દુઃખે અથવા અંગમાં બીજે કયાંય દુઃખે તેમ વસમુ લાગે છે.

જમાતમાં ખરાબી હોય તેમાં કુલ્લ જમાતને નુકસાન પહોંચે છે. બે જણ ખરાબ હોય તો આખી જમાતને નુકસાન પહોંચે છે.”

## ફરમાન ૪૫ મું.

જંગબાર તા. ૧૩-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામની, મુલાકાત લેવા જંગબારના ના. સુલતાન અરબી લિબાસમાં આવ્યા હતા. મૌલાના હાઝર ઇમામે પણ, ના. સુલતાનને અરબી લિબાસમાં મુલાકાત આપી.

ના. સુલતાનના રવાના થયા બાદ, મૌલાના હાઝર ઇમામ એજ અરબી લિબાસમાં જમાતખાને પધાર્યા. એ વખતનો દેખાવ જેણે જોયો છે, તેઓ કદી-પણ વિસરી શકશે નહિ.

મૌલાના હાઝર ઇમામ તખ્ત ઉપર બિરાજમાન થયા અને ફરમાવ્યું :

"પીર સદરદીન બુધ્ધિવાન, દાના, સાચો અને બાતુનમાં પણ સાફ હતો.

કોઇ પણ ખોજો હશે તે કહેશે કે, પીર સદરદીને ખોજા બનાવેલ છે. તે પીર સદરદીન પણ તમો ખોજાઓનો દીનબંધુ હતો. તમે પણ મહેનત કરો અને પીર સદરદીન જેવા થાઓ.

તમે એમ કરો કે, જેમ પીર સદરદીને મહેનત કરી, તેના જેવી મહેનત કરો તો તમે પણ પીર સદરદીન જેવા થઇ જશો. મહેનત એ ન ગણાય કે તમે જમાતખાનામાં દુઆ પડવા આવો; એ કામ તો ઘણુંજ આસાન છે.

હકીકતી જો ખુદામાં વાસલ થવાની મકસદ સમજે તો તુરત મારફતને પામે છે. પીર સદરદીન ખુદાની નજીક હતો, તે ખુદાને નજીક સમજતો હતો. તેને યકીન હતું કે, હું ખુદાથી નજીક છું. તેણે કદી પણ બુરૂં કામ કર્યું નથી.

પીર સદરદીન એકલો જતો હતો ત્યારે પણ સમજતો હતો કે, ખુદા મારી પાસે છે. જે કોઈ ખુદાને હાજર સમજે છે તેના માટે પણ એમજ છે.

તમે તમારા માતા પિતાના દેખતાં ખરાબ કામ કરી શકશો નહિ, તેમજ ખરાબ શબ્દો પણ બોલી શકશો નહિ. જે ઇન્સાન

ખુદાને પોતા પાસે હાજર સમજે છે, તે ખરાબ કામ કરી શકતો નથી તેમ બધાં કામમાં એ પ્રમાણે સમજવું જોઇએ.

જે ઈન્સાન મોમન છે તેના સર્વે કામો સાફ હોવા જોઇએ. મોમનના ખ્યાલ, વિચાર અને બાતુન સર્વે સાફ જોઇએ. મોમન માટે આ વાજબ છે.

તમારો દીન કેટલા મુદદા ઉપર ઉભો રહ્યો છે? કેટલા મુદદા ઉપર આધાર રાખે છે? તમારા દીનનો પાયો નેક આમાલ ઉપર રહેલો છે. જેમકે —

(૧) આંખની નજર સાફ રાખવી,
(૨) સત્ય બોલવું,
(૩) સચ્ચાઇથી ચાલવું,
(૪) નેક આમાલ કરવા.

આ પાયા ઉપર ચાલશો તો જમીન ઉપર પડી નહિ જશો.

માણસો કહે છે કે, મરવા બાદ પુલસરાત છે, એ વાત ખોટી છે. તમારી જીંદગી પુલસરાત છે. દુનિયામાં, દુનિયાના કામ પુલસરાત છે. ખુદા કાંઇ મદારી નથી કે દોરી નાખીને તમને ખેંચે. તમારી હયાતીમાં જ પુલસરાતને પાર કરવી જોઇએ.

હયાતીમાં સારા ચાલ્યાં, સારા થયાં અને નેક આમાલ કર્યા તો જાણે પુલસરાત પાર ઉતર્યા. જો ખરાબ રીતે ચાલશો તો પુલસરાતને પસાર નહિ કરી શકશો. દુનિયા પુલસરાત મિસાલ છે.

તમે, તમારા દીનની વાતો બરાબર સમજો. જેઓ જાણે છે, તેઓ હજી પણ વધારે શીખે. જેઓ શીખ્યા નથી તેઓ શીખે. વાંચશો, સાંભળશો તો તમને ખબર પડશે. જો નહિ વાંચો, નહિ સાંભળો તો શું ખબર પડશે કે, ઇસમાઇલી દીન શું છે?

કિતાબ મૌલાના રૂમ અને કિતાબ શાહ શમ્સ તબ્રેઝની પડશો તો તમને ખબર પડશે કે કયો રસ્તો સારો છે.

મૌલાના રૂમે પ્રથમ પોતા વિષે વિચાર કર્યો, કે પહેલા હું

પત્થર હતો, પછી ઝાડ થયો અને તેમાંથી ઇન્સાન થયો છું. ઇન્સાન-માંથી હવે શું થઇશ તેનો ખ્યાલ તે કરતો હતો. તમે પણ એવા ખ્યાલ કરો કે, તમે ઈન્સાનમાંથી શું થશો? ઈન્સાન કરતાં વધારે મર્તબે પહોંચો એવાં કામ અને એવાં ખ્યાલ કરો.

મુર્તઝાઅલીની ઔલાદ કે ઉમરની ઔલાદ, જેના કામ સારા હશે તેજ સારો છે.

તમે ફલિમ પડો છો, સાંભળો છો, તેમાં વિચાર કરવો જોઇએ કે શું કહેવામાં આવેલ છે; તે પ્રમાણે ચાલવું જોઇએ.

સારા માણસના કામ સારા તથા પાક જોઇએ, કાંઈ પણ એબ ન જોઇએ. કોઈ માણસનું માથું મોટું અને હાથ નાના હોય તે દેખાવમાં કેવો ખરાબ લાગે છે? કોઈનું પેટ મોટું અને બદન પાતળું તથા કદ નાનું હોય તે પણ કેવો. ખરાબ લાગે છે? આ એક મિસાલ છે. આ પ્રમાણે બદ આમાલ હોય તે પણ ખરાબ લાગે છે. મોમનને સર્વે બાબતોનો ખ્યાલ હોવો જોઇએ.

ખુદાના નુરનો દીવો તમારી અંદર છે, તમારા હાથમાં છે. આ કહીએ છીએ તે એક ઇશારા રૂપ છે. એ દીવો હમેશાં તમારા સર્વેમાં છે. તે તમે જુઓ. તમે એને પુછો, તમે એને નહિ પુછશો તો તમને કયાંથી ખબર પડશે?

તમારો મઝહબ ઘણો કઠણ તથા મુશ્કિલ છે. જમાતખાનામાં હમેશાં દુઆ પડવા આવવું એ મુશ્કીલ નથી; એ સહેલું તથા આસાન કામ છે.

તમે હકીકતના રસ્તા ઉપર ચાલો, રાત અને દિવસ ખુદાને તમારી પાસે હાજર સમજો. રાત અને દિવસ નેક થઇને ચાલો, અને ખુદાને જુઓ તો ખુદા તમારા હાથે કોઈ દિવસ નરસું કામ નહિ કરાવે.

તમે એવા કામ કરો કે, ખુદા તમારાથી રાજી થાય. સિજદા કરવા, રૂકુમાં જવું એ તો આસાન છે, પણ હકીકતની પેરવી ઉપર ચાલવું મુશ્કિલ છે.

જેઓ સારા કામ કરે છે તેઓની દોસ્તી કરો તો ખુદા રાજી થાય.

## મોમનનો વેપાર છે તે પણ મોમનની ઇબાદત છે.

મોમન રાતની વેળા સુવે છે ત્યારે વિચાર કરે છે કે, હું વહેલો ઉઠીને સારા કામ કરીશ. મોમન આવા સારા ખ્યાલ કરીને સુવે છે ત્યારે તેનું સુવું પણ ઈબાદતમાં લેખાય છે. જે નાદાન ગાફલ હશે તેનું સુવું પણ ગુન્હામાં લેખાશે. એવો ગાફલ સુતી વખતે વિચાર કરશે કે, રૂપીયા એકઠા કરૂં, ઓરત બુઢી છે તેને કાઢી મુકી બીજી જુવાન પરણું, મોટી હવેલીઓ બંધાવું, ગામમાં ઈજ્જત વધારૂં, ગામમાં મોટો માણસ ગણાઉં અને સર્વે લોકો મારી સલાહ લેવા આવે. આવી રીતે બીજા પણ અનેક ખ્યાલ કરે છે. આવી રીતે ખ્યાલ કરીને સુવે છે, તેનું સુવું પણ ગુન્હામાં લેખાય છે.

હવે જુઓ કે, સારા અને નરસા વચ્ચે શું ફરક છે?

તમે એવી રીતે સુવો કે તમારૂં સુવું પણ બંદગીના હિસાબમાં લેખાય!

દુઆ પડો તેમાં દિલ લગાડો તો સારૂં; પણ દુઆ પડવા બેસો અને દિલમાં કુડા ખ્યાલ રાખો તો શું ફાયદો થાય?

ઓરત મોટી થઈ, તેના બચ્ચાં તેના ઘરમાં નાનપણથી તેના સાથે હોય, હવે તે ખ્યાલ કરે કે, નાની ઓરત સારી જોઇને પરણું. મોટી ઓરતના હકક સામે નજર ન કરૂં, તેને કાંઈ પણ ન આપું; તો આવા ખ્યાલ કરનાર માણસ કુતરો છો, બલ્કે કુતરા કરતાં વધારે ખરાબ છે.

આપણા દીન ઈસમાઈલીમાં વાજબ નથી કે, એક બુઢી ઓરતનો ત્યાગ કરીને બીજી બાઈડી કરે. મોટીને કાઢી મુકે અને તેના હકક ન આપે; એ ઘણું ખરાબ છે.

પીર સદરદીને જ્યારે સારા ખ્યાલ તથા સારા કામ કર્યા હતાં ત્યારે એવા મર્તબા ઉપર પહોંચ્યા છે. તમે પણ એવાજ સારા આમાલ કરો.

અમે રાત દિવસ તમારા જ વિચારમાં છીએ.

**અમે સઘળે ઠેકાણે જઇએ છીએ તે તમારા ફાયદા વાસ્તે જ જઇએ છીએ.**

મહાબળેશ્વર જઇએ છીએ, વિલાયત જઇએ છીએ અને બીજે ઘણે ઠેકાણે જઇએ છીએ તે તમો મુરીદોના જ ફાયદા વાસ્તે જઇએ છીએ.

અમે જે મહેનતો કરીએ છીએ તે તમો મુરીદોના જ ફાયદા વાસ્તે કરીએ છીએ. અમને સર્વે જમાતો સરખી છે. અમે જે કાંઈ કરીએ છીએ તેમાં મુરિદોનું ભલું થાય તેમ જ કરીએ છીએ. સર્વે તમારા દીનની મજબુતી વાસ્ને છે.

તમારો ખ્યાલ તમારા દીન મઝહબ માટે હોવો જોઇએ. તમે દીનની સેવા કરો છો તે અમારા વાસ્તે નથી કરતા; તમારા બાપદાદાના વાસ્તે તથા તમારા વાસ્તે કરો છો.

તમારો દીન હક છે. તમે દીન મઝહબ ઉપર ચાલશો તો ફાયદો થશે. આ દુનિયામાં તમે ખરાબ રીતે ચાલશો તો તમને . તમારો દીન નડશે.

તમે એવી રીતે ચાલો કે, જ્યાં જ્યાં અમે જઈએ, ત્યાં ત્યાં અમારા સાંભળવામાં એમ આવે કે, આગાખાનના મુરીદો ફિરસ્તા જેવા છે. તમે એવી રીતે ચાલશો ત્યારે જ દીનનો ફાયદો થશે. પણ જો એવા ખ્યાલ કરશો કે, બુઢી ઓરતનો ત્યાગ કરી બીજી નાની ઓરત પરણું અને પારકા પૈસા ખાઇ જાઉં વિગેરે બાતલ ખ્યાલ કરશો તો સઘળા કહેશે કે, આગાખાનના મુરીદ ખરાબ છે.

ખરાબ આમાલ કરશો તો બુરા કહેવાશો, સારા આમાલ કરશો તો સારા કહેવાશો અને સહુ કોઈ કહેશે કે, આગાખાનના મુરીદ ખોજાઓનો મઝહબ ઘણો સારો છે.

અમે તમને સારા નરસા વિષે સમજણ આપીએ. પછી અમલ કરો અથવા ન કરો તે તમારી ખુશી ઉપર આધાર છે અને તમારા હાથમાં છે.

પીર સદરદીન ફિરસ્તા માફક નેક થઇને ચાલ્યા; તેઓએ સારા કામ કર્યા તેથી તેમના ઘણા મુરીદ થયાં.

તમે શેતાની કામ કરશો તો સહુ કોઈ કહેશે કે, તેઓનો દીન પણ શેતાની હશે. જો તમારા કામ સારા હશે તો તમારો દીન પણ સારો કહેવાશે.

અમે તમારા પીર મુરશીદ છીએ. તમારો દીન મઝહબ સારો છે માટે તમે પણ સારા આમાલ કરો.

પહેલું, ખોટું ન બોલવું. અમારા દીનમાં ખોટું બોલવાની મનાઇ છે.

બીજું, પારકા પૈસા લઈ દીનના કામમાં વાપરો એ ઘણું જ ખરાબ છે. કોઇ પરાયાનો માલ ખાઈ જવો એ ઘણું ખરાબ છે. કોઇ મદકામ કરનાર હોય અથવા તમારા દીનનો વેરી હોય, તેનો પૈસો પણ ખાઇ જવો હરામ છે. આમાંથી તમે ધર્મમાં વાપરશો તેનો કાંઇ પણ ફાયદો નહિ થાય, ઉલ્ટાં ગુન્હા થશે.

તમારી ઔલાદને તમારા પોતાના દીન ઉપર ચલાવો. તેમને ખરાબ સંગત કરવા નહિ આપો. ખરાબ સોબત ખરાબ દીનમાં લઈ જશે. એમ નહિ થવા આપો.

પારકી ઓરતને ખરાબ નજરથી જોઇને તમારા દીનને નહિ લજવતા. તમારો દીન હલકો તથા ખોટો કહેવાય એમ નહિ કરો. તમારો દીન સાચો કહેવાય અને તમે ફિરશ્તા જેવા કહેવાઓ એવા નેક આમાલ કરો. તમે તમારા દીન ઉપરથી ખસી નહિ જતાં.

તમે સારૂં અને નરસું બધું સમજો. ખુદા બધું જુવે છે. તે ખુદા તેહકીક હસ્તી ધરાવે છે. જેમકે તમારા દિલમાં ખુદા શાહેદી આપે છે. જ્યારે ઇન્સાન ખરાબ કામ કરે છે ત્યારે ખુદા તેને ચેતવણી આપે છે કે, આ ખરાબ કામ છે. ઈન્સાન સમજ્યાં છતાં પણ નરસું કામ કરે છે ત્યારે ખુદા તેને છોડી આપે છે. પહેલાં ખુદા તેને સારા નરસાં કામની ચેતવણી આપે છે. ખુદા ન હોય તો કોણ ચેતવણી આપે? માટે ઈન્સાનને બદકામ કરવા સજાવાર નથી.

તમે સારા થઇને ચાલશો તો મુર્ખ હશો તો પણ સારા કહેવાશો. બુરા કામનો અંજામ બદ છે.

આ અમારા ફરમાન સાંભળી દિલમાં વિચાર કરજો. એક કાનથી સાંભળી બીજે કાને કાઢી નહિ નાખતા.

અમારા ફરમાન સાંભળી એક જણ પણ તે પ્રમાણે અમલ કરે તો બસ છે.

જે સારો છે તે અમારો પોતાનો છે. સિત્તેર જણામાં એક જણ પણ સારા આમાલ કરે તથા અમારા ફરમાન પ્રમાણે ચાલે તો તે ઘણો જ સારો છે. તેના ઉપર અમે ઘણા રાજી છીએ.

અમારા ફરમાન સાંભળી એવા કામ નહિ કરો કે, માણસો કહે કે, આ શેતાનના કામ છે. તમે ફિરસ્તા જેવા કામ કરો. નેક કામ કરો અને પાક રહો તો તમે મલાએક થઈ જાઓ. તમે એવા કામ કરો કે, ફિરસ્તા કરતાં વધારે ઉંચા ચડો.

સારા કામ કરવાથી તમારા દિલના ખ્યાલ તમને ઉંચે લઈ જશે. નરસાં કામ તમે બિલકુલ નહિ કરો. સારા આમાલ કરો તેમાં ઘણું સારૂં છે.

તમારૂં માથું પછાડવાથી ખુદા તમને નજીક નહિ થાય. સારા આમાલ કરશો તો ખુદા તમને નજીક થશે. ઇન્શા અલ્લાહ! અમારા ફરમાન ઉપર ચાલશો તો તમને ફાયદો થશે.

## ફરમાન ૪૬ મું.

સીંધ હૈદરાબાદ તા. ૧૩-૨-૧૯૦૦

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમો જમાત ઉપર અમે ઘણા ખુશી છીએ. સર્વે જમાતને મુબારકી છે. સર્વે જમાતે એખલાસ રાખવો ઘણો સારો છે. તમે અમને એકવાર ચાહો છો તો અમે તમને સો વાર ચાહીએ છીએ. જે અમને યાદ કરે છે તેની અમે પાસે છીએ, દુર નથી."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે તકરાર અને મારામારી કરીને ઘણું ખરાબ કામ કર્યું; તે સાંભળી અમે ઘણા નારાજ થયા છીએ. બે રાત અમે બિલકુલ સુતા નથી. તકરાર કરવી તે તમારા દીનમાં નથી. તમારો દીન ઘણો ઉંચો, યાને ઉત્તમ અને સાચો છે. તે આજથીજ નહિ, પણ આદ ઉણાદથીજ ઉત્તમ છે. આ દીન તમને પીર સદરદીને ગોતીને, હાથ કરીને આપ્યો છે; તેને સંભાળવો એ તમારા માટે વાજબ છે. આ ઇસમાઈલી દીન, સર્વે દીન કરતાં ઘણો ઉત્તમ છે. તે તમારા હાથમાં આવ્યો છે, તેને સંભાળો તો અમે રાજી થઇએ.

તમે અમારા જેવા થાઓ. અમે પણ સીંધી છીએ. અમારે પણ જન્મ સીંધમાં થયો છે, તો તમે પણ અમારા જેવા થાઓ. કોઈ પણ જોમાનો હિંદુસ્તાનમાં જન્મ થયો નથી.

તમે ઘણા હુશિયાર થાઓ. સઘળી જમાત એખલાસ રાખો તો અમે ઘણા રાજી થઇએ. તમને હીરા, માણેક ઝવેરાત આપેલ છે. તેને તમે ઓળખતા નથી અને ફેંકી દીધો છો. તેમાં તમને ઘણું નુકશાન છે, માટે બરાબર સંભાળો. અમે તમારા પાસે ઝવેરાતની કોથળી છોડી તમને બતાવી છે, તેને તમે બરાબર સંભાળો.

તમારો મઝહબ ઘણોજ ઉંચો છે. ખાનાવાદાન.

## ફરમાન ૪૭ મું.

સીંધ હૈદરાબાદ તા. ૧૯-૨-૧૯૦૦

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામ કાંગવા ભરાવતા હતા ત્યારે, ઓરમાડાવાલો એક ભાઇ જે, શરીરમાં ઘણોજ જાડો હતો, તેને જોઇને મૌલાના હાઝર ઇમામે હસીને ફરમાવ્યું:

"તું બહુ જાડો છો! જાડી કાયા સારી નથી.

તારી કેટલી ઉમર છે?"

ત્યારે તેણે અરજ કરી કે, ચોવીસથી પચીશ વર્ષ થયાં હશે.

ત્યારે મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"તારી કાયા બહુ જાડી છે, તે દરદ છે; તે સારૂં નથી. કારણ કે તારી આયુષ્ય હશે છતાં વહેલો મરી જઇશ; માટે તારા શરીરને પાતળું કર, તો તારા હકમાં ઘણું સારૂં છે.

અમે તારા ઉપર ખુશી છીએ તેથી તને ફરમાન કરીએ છીએ."

ત્યારે તેણે અરજ કરી કે આપ કહો તેમ કરૂં.

આ ઉપરથી મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે જેમ કહીએ તેમ કર. બે કલાક હમેશાં પગે ચાલી પંથ કર, માછલી નહિ ખા, ઠંડુ પાણી નહિ પી, ગરમ પાણી પી, મેવો નહિ ખા."

એવી પંદર જાતની પરહેજી બતાવી મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"આ પ્રમાણે કરીશ તો તારૂં શરીર પાતળું થશે અને બુઝરગ થઇશ.

અમારૂં ફરમાન ખરૂં કરીને માનજો, બરાબર માનજો, ખોટું નહિ માનજે બરાબર માનજો, સાચું માનવાથી ઘણો ફાયદો થશે."

સીંધવાળા એક મુખીની મેમાનીમાં પધારી, તેને ઘણી દુઆ આશિષ ફરમાવી, અને એક બીજા અમલદારને બોલાવી મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે બન્ને જણા એકબીજા માટે પેટમાં કિન્નો રાખો છો અને મોઢેથી સારૂં બોલો છો, તેમાં ઘણું નુકશાન છે.

તમે બન્ને મોમન છો, તો મોમનને કિન્નો હરામ છે. કિન્નો રાખવો તે મોમનનું કામ નથી. કિન્નો રાખવો તે શેતાનનું કામ છે, માટે તમે સાફ દિલ વાળા થાઓ."

ત્યારે બીજા અમલદારે અરજ કરી કે, ખુદાવીંદ એવું કાંઇ નથી.

આ સાંભળી મૌલાના હાઝર ઇમામે ગુસ્સે થઇને ફરમાવ્યું:

"અમે બધું જાણીએ છીએ. તમારા દિલ ખોટાં છે અને મોઢેથી જ સારૂં બોલો છો, તે વાજબી નથી."

ત્યાર બાદ બન્નેને સામા ઉભા રાખી હાઝર ઇમામે ફરમાવ્યું:

"બોલો! ખરી વાત કરો? મુળ તકરાર શા કારણથી થઈ? ખરી હકીકત હોય તે બરાબર કહો? છાંદો નહિ રાખશો. બરાબર બોલો. અમે બધું જાણીએ છીએ, માટે ખરી વાત કરો."

ત્યારે બન્ને જણાએ અરજ કરી કે, અમે બન્ને જમાતખાનામાં બેઠા હતા ત્યારે એક બીજાના છોકરા લડયા. તેમાંથી બધુ બન્યું છે.

આ સાંભળી મૌલના હાઝર ઇમામે ફરમાવ્યું:

"હેફ છે કે, છોકરાઓની તકરારથી આટલો બધો કિન્નો રાખો છો. તે ઘણું નુકસાનકારક છે. મોમનને બિલકુલ કિન્નો રાખવો નહિ.

એક બીજા પાસે માફી માંગો અને એકબીજા પંજો લીયો.

મોમન કિન્નો રાખે તેમાં ઘણું જ નુકસાન છે. કિન્નો રાખવો તે શેતાનનું કામ છે, મોમનનું કામ નથી."

આ ફરમાન સાંભળી બન્ને જણાએ એકબીજાનો પંજો લીધો અને માફી માંગી.

આથી મૌલાના હાઝર ઇમામ ઘણા ખુશી થયા.

બાદ મહેમાની કરનાર સીંધવાળા મુખીને મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમોએ જમાતખાનું બનાવ્યું તેથી અમે ઘણાજ ખુશી થયા છીએ. તમે જમાતખાનું બનાવ્યું તે અમારૂં ઘર છે.

તમોએ જમીન ઉપર અમારૂં ઘર બનાવ્યું તો, બહેશ્તમાં અમે તમારૂં ઘર બનાવ્યું છે, તેની તમને મુબારકબાદી છે."

બાદ જમાતને ઘણી દુઆઆશિષ ફરમાવી હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે એખલાસ અને મોહોબત રાખો તો અમે ઘણા ખુશી થઇએ.

મુંબઈવાળા માહમદ વાલજી પીરાએ પોતાની માતુશ્રીએ હયાતીમાં કરેલી વસીયત પ્રમાણે, મૌલાના હાઝર ઇમામની હુઝુરમાં તેણીના રૂહના સવાબ અર્થે મહેમાની અને ખિલાત રાખી. તેમજ બૈતુલખ્યાલના પંજેભાઇઓને જમણ આપ્યું અને મૌલાના હાઝર ઇમામના બંગલાનો એક દિવસનો ખર્ચ આપ્યો, ત્યારે મૌલાના હાઝર ઇમામે દુઆઆશિષ ફરમાવી, ફરમાવ્યું:

"પોતાની હયાતીમાં જે હાથે કરશે તે તેની સાથે આવશે."

મજકુર ભાઇએ અરજ કરી કે, ખુદાવંદ આપ દુઆ કરો કે મારૂં ઇમાન સલામત રહે.

ત્યારે હાઝર ઇમામે ફરમાવ્યું:

"તારા બન્ને માવીતરો મોમન શખ્સ હતા. જેના માવીતરો મોમન હોય તેના છોકરા મોમન થાય, કોઇ દિવસ બગડે નહિ.

બગડે છે તેનું કારણ એ છે કે, નસ્લે હરામ થઈ જાય છે, અગર તો લુકમે હરામ યાને હરામનો લુકમો ખાવામાં આવ્યો હોય તેજ દિવસે હમલ રહે તો તે હરામખોર થાય છે.

તારા માવીતરો હકીકતી હતા. તે બન્ને અમારી પાસે છે, તેની તને મુબારકી છે અને તું પણ મોમન થઈશ."

બાદ દુઆઆશિષ ફરમાવી, ફરમાવ્યું:

"કોઈ નીચનો સંગ કરવો નહિં, ઘણું ચેતીને ચાલશો તો ઈમાન કાયમ રહેશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૮ મું.

સીંધ હૈદરાબાદ તા. ૨૬-૨-૧૯૦૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે, લોકોના હાથ ચુમો છો, તેઓની પછવાડે દોડો છો એ ઘણું ખરાબ કરો છો. તમને વાજબ છે કે, અમારો હાથ ચુમો અને અમને નમો. અમારા વગર કોઈને નમવું નહિ.

પહેલાં અમારા ફરમાન સાંભળો પછી ગીનાન. અમારા ફરમાન પ્રમાણે ચાલો તો તમને ફાયદો થાય.

અમે તમને ફરજ નથી પાડતા કે, અમને નમો અને અમને માનો તથા અમારા હાથ ચુમો. અમે તો દરવેશ છીએ. અમને માનો તો પણ ભલે અને ન માનો તો પણ ખેર. અમને કોઇની

જરૂર નથી, અમે તો દરવેશ છીએ. અમને કહેવાની ફરજ છે તે પ્રમાણે અમે તમને કહીએ છીએ કે, તમારા દીનને સંભાળો.

તમને સીધો રસ્તો આપેલો છે, તેને સંભાળજો. તમે દોડાદોડ કરો છો અને બીજા પાસે રસ્તો લેવા જાઓ છો, તે કામ સારૂં નથી. અમારી પાસે આવો, અમે બધાંને સીધો રસ્તો દેખાડીએ અને સમજાવીને કહીએ; એ અમારા ઉપર ફરજ છે. તમે ચાલો અગર ન ચાલો તે તમારી ખુશી. તમને કહેવા માટે અમને ખુદા તરફથી ફરજ છે, તે પ્રમાણે અમે તમને કહીએ છીએ. તમે માનો તો ઘણું સારૂં છે.

તમે જે માગો તે અમે તમને આપીયે, તમે બીજા પછવાડે નહિ દોડો.

આગા શાહ હસનઅલી તથા આગા અલીશાહ દાતાર ફરમાવતા હતા કે, કાઠિયાવાડની જમાત અમારા સગા વ્હાલા છે; અમે પણ એમજ સમજીએ છીએ.

ઘણા ગરીબ છે તેઓ અમને ઘણા વ્હાલા છે અને અમને મીઠાં લાગે છે.

તમે કોઇ પણ ખરાબ કામ કરો તો અમને બટ્ટો લાગે છે. અમારા મુરીદ થઇને એવા ખરાબ કામ નહિ કરતા. તમે દોડાદોડ નહિ કરો.

તમે લોકોએ જ્યારે મારામારી કરી સિતમ ગુજાર્યો, ત્યારે અમને ઘણું દુઃખ લાગ્યું; આથી ત્રણ રાત અમે ઊંઘ્યા નહિ અને ઘણોજ અફસોસ થયો, કારણ કે, બધાં કહે છે કે, ધણીના મુરિદોએ આવું કામ કર્યું! જ્યારે અમને એ બાબત યાદ આવે છે ત્યારે ઘણી દિલગીરી થાય છે.

અમારા રોજના ફરમાન છે. **જે છેલ્લું ફરમાન થાય તે પ્રમાણે ચાલજો.** જ્યારે તમારૂં માથું દુઃખતું હોય અને ડોકટરની દવા લેવા જાઓ તો તમને તે માથાની દવા આપે છે; તેથી માથાને

આરામ થઇ જાય છે. બાદ, છ માસ પછી તમારા પગ દુઃખે તે વખતે માથાની દવા પગ ઉપર લગાડો તો શું ફાયદો થાય? આવે વખતે, ડોકટર પાસે જાઓ અને પગની દવા લ્યો તો પગને આરામ થાય.

અગાઉ પીર સદરદીને ફરમાવેલું છે તે સઘળું આજે કેમ ચાલે?

તમે જુઠું બોલો છો, પારકી નીંદા કરો છો, હુસદ કરો છો, આવી બાબતોથી ધર્મનું નુકસાન કરો છો; તમારો ધર્મ શેતાન ઉપાડી જાય છે. તમે એવા કામ નહિ કરો.

કોઈની ગીબત નહિ કરો. ફિરસ્તા જેવી નેકી કરો, જેથી લોકો કહે કે, આગાખાનના મુરીદો કેવા ફિરસ્તા જેવા છે?

તમે હીરા જેવા થાઓ કે અંધારામાં રાખવામાં આવે તો પણ પ્રકાશ આપે."

બાદ મૌલાના હાઝર ઇમામે મુંબઇવાળાઓને ફરમાવ્યું:

"મુંબઈમાં તમારા કાઠિયાવાડી ભાઇઓ, ગરીબ જમાત, લાચારીના સબબથી આવી છે. તેની તમે પુરતી ખિદમત કરજો અને પુરતી સંભાળ રાખજો, કે જેથી, તેઓ આપણા ધર્મના રસ્તામાંથી બીજે રસ્તે ઉતરી ન જાય; માટે ધર્મ બાબતની ઘણી સંભાળ રાખજો.

એ લોકો ઈમાની છે. તમારા ભાઇઓ છે. તેઓ લાચારીના સબબથી આવ્યા છે. અમારા બાપદાદાએ કાઠિયાવાડ જમાતના ઘણા વખાણ કર્યા છે. તેઓ ઘણા જ સારા છે.

તમે ધર્મને એવી રીતે સંભાળજો કે જેનાથી તમે હીરા જેવા થાઓ.

મુંબઇ મોટું શહેર છે, તેમાં ખોટાપણું ઘણું છે. તેનાથી ઘણું સંભાળીને ચાલજો.

તમે અમને નમશો તો અમે કાંઇ મોટા કહેવાશું નહિ, અને નહિ નમશો તો નાના કહેવાશું નહિ. અમે દરવેશ છીએ. અમે ગાડીમાં બેસીએ તો અમને મોટાઇ લાગતી નથી, અને પગે ચાલીએ તો પણ કાંઇ નહિ."

## ફરમાન ૪૯ મું.

સીંધ હૈદરાબાદ તા. ૨-૩-૧૯૦૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે સીંધના એક ગામની જમાતના બૈતુલખ્યાલવાળાઓને પોતાની હુઝુરમાં બોલાવી ફરમાવ્યું:

"તમે દુઆ વખતે જમાતખાનામાં નથી જતા અને તે વખતે બજારમાં ફર્યા કરો છો, તેનું કારણ શું છે? અમને જવાબ આપો!

તમને કયા મુરશિદે ફરમાવ્યું છે કે, જમાતખાનામાં દુઆ પડવા નહિ જાઓ? તમે અમારી પાસે ખુલાસો કરો!

દુઆ વખતે દુઆ છોડી આપો છો અને રખડતા ફરો છો તે, શેતાનનું કામ છે. તમે આ કામ ઘણું જ ખરાબ કરો છો. તમારી ખાસ ક્રિયાનો વખત જુદો છે. તમે શા માટે દુઆ વખતે જમાતખાનામાં હાજર થતા નથી?

જો તમારો વિચાર બહાર ફરવાનો હોય તો, આજથી અમે તમારા ઉપરથી અમારો હાથ ઉપાડી લઈએ. તમને ગમે ત્યા જાઓ."

આ સાંભળીને એ લોકો એટલી બધી ગીરીયાઝારી અને તોબા કરવા લાગ્યા કે, ખુલ્લી રીતે તેઓના હાથ ધ્રૂજતા હતા. આ જોઇને બીજા હાજર રહેલાઓની આંખોમાંથી પણ આંસુ ટપકવા લાગ્યાં આ વખતે બધે ઠેકાણે ગમગીની ફેલાઇ ગઇ.

ત્યારે મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે રડો નહિ? તમે અમારા છો, અમારા ફરઝંદો છો. જે સત્ય છે તે અમે તમને ફરમાવીએ છીએ. હવેથી ઘણું ધ્યાન રાખજો.

દુઆ વખતે જરૂર જમાતખાનામાં દુઆ પડવા જજો. હવેથી ભુલ નહિ કરશો. તમે જે અણુસમજમાં ભુલો કરી છે તે અમે માફ કરીએ છીએ. ફરીથી ભુલ કરશો તો ગુન્હા થશે. તમે હમેશાં જમાતખાનામાં જઇ દુઆ પડજો. હમેશાં અમારી નસિહતને સારી રીતે યાદ રાખજો.

તમારા માટે અમે પાળ બાંધી છે, તેની તમને આગળ જતાં ખબર પડશે. તમે બધાં ઘણા ઈમાની છો.

તમે સર્વે પંજેભાઈઓ અમારા છો, અમારા ફરઝંદો છો.

જે માણસો દશોંદ આપે છે, તેઓએ પારકો માલ લાવીને તેમાંથી અમને આપવું નહિ. તમે બહારથી માલ લાવો, તેને વેચો, માલના પૈસા માલ ધણીને આપો અને જે નફો થાય તેમાંથી અમને દશોંદ આપો. અમને દશોંદ આપો તો તે સારી વાત છે; પણ તેવીજ રીતે તમારી ઉપરથી પારકું કરજ ઉતારી નાખો.

તમે શેતાનથી દુર રહેજો. નબી સાહેબના ઝમાનામાં કેટલાક અસહાબો સારા હતા; તેઓ નબી સાહેબ સાથે સારી મહોબત રાખતા હતા, પણ પાછળથી એ લોકો મુર્તઝાઅલીથી જંગ કરવા ઉભા થયા અને તેમના ફરઝંદો સાથે દુશ્મનાઇ કરી, વાસ્તે એવાથી છેતરાતા નહિ. તેઓથી હુશિયાર રહેજો. જે માણસો હુશિયાર હશે તેઓ, શેતાનની જાળમાં નહિ ફસાય."

તેજ વખતે લાલજીભાઇ દેવરાજે મૌલાના હાજર ઇમામને મહેમાની કરી હતી, તેને હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમારા જેવા પાકા માણુસને શેતાન છેતરી શકશે નહિ."

ત્યારબાદ હાઝર ઇમામે ફરમાવ્યું:

શેતાન છેતરી ન જાય તેની સંભાળ રાખજો. તમારામાં કેટલાક માણુસો છે, તેઓ દેખાવમાં ઇન્સાન જેવા લાગે છે, પણ તેઓ શેતાન છે."

## ફરમાન ૫૦ મું.

જામનગર તા. ૪-૪-૧૯૦૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે અમારી સાથે દોસ્તી રાખો છો, તેનાથી સો ગણી દોસ્તી અને મહોબત અમે તમારી સાથે રાખીએ છીએ.

વધારે દોસ્તીના લીધેજ આવી ગરમીમાં અમે અહિં આવ્યા છીએ.

તમારા ઉપર વાજબ છે કે, જમાતખાને જાઓ તો મહોબ્બતથી જાઓ.

તમારો દેશ ઘણો જ મોટો છે અને ગામો ઘણા દુર દુર છે; તેથી અમે ઇચ્છીએ છીએ કે, તમારા માટે કેટલાક એવા માણુસો રાખીએ કે તેઓ બીજું કામ ન કરે. તે માણુસો ફકત જમાતની અંદર તમને બધાંને નસિહત કરે અને એજ કામ ઉપર મશગૂલ રહી, ગીનાન ઇલિમ સંભળાવે.

હમારામાં કેટલાક માણુસો એવા છે કે જે, જમીન ખેડે છે. કેટલાક દાણાનો વેપાર કરે છે જેમાં તેઓ ઘણો નફો કરે છે. બીજા કેટલાક એવા છે કે જેઓ ફકીર જેવા છે.

જેઓ ખેડુત છે તેઓને ઘણું નુકશાન થઇ રહ્યું છે, તો તમારી ફરજ છે કે, તેઓને નભાવવા જોઇએ.

તમને વાજબ છે કે, હાલમાં દુષ્કાળ છે માટે ગરીબોને મદદ કરી નભાવવા જોઇએ. તેમ પોતાના ગામમાં જે ફકીર જેવા ગરીબ હોય તેને સંભાળવા જોઇએ.

તેમને પૈસા ન આપો પણ દાણા આપીને નભાવવા જોઇએ. તો અમે ઘણા રાજી થઇએ.

કેટલાક બેવકુફો કામ નથી કરતા, તેઓને પૈસા નહિં આપવા. જેઓ ગરીબ હોય અને કામ કરતા હોય, તેઓને પૈસાની મદદ કરવી વાજબ છે.

તમે અમારૂં લશ્કર છો; તો તેઓને સંભાળવા જોઇએ. ગરીબને મદદ કરશો તો અમે ઘણા રાજી થશું.

તમે બધા લશ્કર છો અને તેના સરદાર અમે પોતે 'છીએ."

## ફરમાન ૫૧ મું.

જામનગર તા. ૪-૪-૧૯૦૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"ઇન્સાનમાં બે ટોળાં છે."

પહેલું હેવાનની સૂરતનું છે.

બીજું મલાયકની સૂરતનું છે.

હેવાન થવું કે મલાયક થવું એ ઇન્સાનના પોતાના હાથમાં છે.

અક્કલવાળા ઇન્સાનને લાઝમ છે કે, સારે રસ્તે ચાલે અને મલાયકના ઠેકાણે પહોંચે.

અમને ઘટારત છે કે, તમને સારો રસ્તો દેખાડીએ. તે રસ્તા ઉપર ચાલો અગર ન ચાલો તે તમારી મરજી ઉપર છે. અમારૂં ફરમાન નહિ માનો તો અમારા વાસ્તે કાંઇ નથી, તમારા પોતાના ફાયદા માટે કહીએ છીએ.

તમે ગાફલ છો. તમને ખબર નથી. ઇન્સાન જીવતો છે; તેને પૈસા આપીએ અને તે વેપાર કરે. વેપારમાં નફો થાય તો ઠીક; અગર નુકસાન થાય તો ખોટું કામ થાય.

અમારો મકસુદ વેપાર માટે નથી પણ, આખરતના ફાયદા માટે છે. તમારા સારા આમાલ, ફાયદા માટે છે, અને આખરતમાં તમારા વાસ્તે ફાયદો છે.

ખરાબ આમાલથી દુનિયામાં નુકસાન છે. એ સઘળું તમારા પોતાના હાથંમા છે.

તમે જેવા આમાલ કરશો તેવા થશો. તમે સારા કાંમ ઉપર અમલ કરશો તો મલાયકને દરજ્જે પહોંચશો.

ફરમાન ઉપર અમલ નહિ કરશો તો શેતાન થશો. તકબ્બુરી વાળા થશો.

અમે મરદે દરવીશ છીએ તેથી અમે તમને હક્ક ફરમાન

કરીએ છીએ, પછી કબુલ કરો અગર ન કરો એ તમારી મરજીની વાત છે. જો અમારા ફરમાન ઉપર ન ચાલવું હોય તો અમે વાત ન કરીએ.

અમે તમને સારો રસ્તો દેખાડીએ છીએ. જેને સારૂં લાગે તે કરે અથવા ન કરે. અમારા ફરમાનની ખબર તમને આખરતમાં પડશે. દુનિયામાં તમને ખબર નહિ પડે. ત્યાં સઘળું જણાશે.

ત્યાં કાળા મોઢાવાળા તથા સફેદ મોઢાવાળા જણાઈ રહેશે. કાળા મોઢાવાળા કહેશે કે, અમે સારા આમાલ કર્યા હોત તો સારૂં થાત.

મોમનને વાસ્તે પહેલું કામ એ છે કે, હેવાનની હાલત છોડી આપે. હેવાનની હાલત છે તે બદ છે.

ફિરસ્તા થવું હોય તો બદનઝર છોડી આપો, બુરા કામનો ખ્યાલ નહિ કરો. સર્વે બાઇઓને મા તથા બ્હેન કરીને સમજો.

લોકોનો પરાયો માલ ખાઇ નહિ જાઓ. કોઈ પરાયાનો માલ ખાઈ જવો તે, મોમન માટે વાજબ નથી.

દીનના દુશ્મનનો પણ માલ નહિ ખાવો. કોઇનો પૈસો પણ નહિ ખાવો.

ખરાબ નઝર ન કરે તો જ દિલ સાબુત રહે.

**દિલ સાબુત હશે તો ઇમાન સાબુત રહેશે.**

તમે બધાં રાતને દિવસ વિચાર કરો કે, ઇમાની ટોળું પાક છે, અને **"ઇમાન નુર છે."**

**મેલ હશે તો ઈમાન પેદા નહિ થાય. શક હશે તો દિલમાં પાપ પેદા થશે, અને મેલા દિલમાં શક પેદા થશે.**

તમે વિચાર કરો કે, સિમર અને યઝીદ કોણ હતા? હમણા પણ ઘણા સિમર અને યઝીદ છે.

યઝીદ હમેશાં કુરઆન પડતો હતો, સિમરને કુરઆન યાદ હતું, પણ પયગમ્બરની ઓલાદના દુશ્મન હતા.

મોમતને વાજબ છે કે, ઈમામ જે ફરમાન કરે તે માનવું જોઈએ. તમોને વાજબ છે કે, ઇમાન સાથે હાઝર જોમાનું ફરમાન માનવું. જેમ મુર્તઝાઅલીનું ફરમાન માંનતા હતા તેમ, અમારા ફરમાન માનો અને તે પ્રમાણે અમલ કરો.

અમે હકીકતીઓના હકીમ છીએ. તમારો રૂહ બિમાર હોય તેના અમે હકીમ છીએ. જેને દરદ થાય, તે ડાકટર પાસે જાય, તો તેણે ડાકટરની વાત માનવી જોઈએ. તેમ તમારે અમારા ફરમાન માનવા જોઇએ.

અમે દીનનું કામ કરીએ છીએ. જો તમે દીનનું કામ નહિ કરો અને મરી જશો ત્યારે ઘણા પસ્તાશો. બધાં ઉપર મોત છે.

હાલ જેમ તમારી મુલાકાત કરીએ છીએ, તેમ આખરતમાં પણ મુલાકાત કરશું.

હમણાં અમારા ફરમાન માનશો તો આખરતમાં દિલગીર થશો નહિ. અમારા ફરમાન નહિ માનો તો આખરતમાં હેરાન થશો. તમે અક્કલવાળા હો અને માનો તો સારૂં!

તમે એવા કામ નહિ કરો કે આખરતમાં પસ્તાવું પડે.

ગરીબ હોય અને આવી શકે, તેણે જમાતખાને આવવું અને દુઆ પડવી.

જમાત ગરીબ હોય ત્યાં પણ, જમાતખાનું હોય તો સારૂં. અગર ન હોય તો ચાર લાકડીઓ ઉભી કરી, ચટાઇ પાથરી, જમાતખાનું બનાવીને ત્યાં દુઆ પડવી.

શેતાન જેવા ઈન્સાનની વાત સાંભળવી નહિ. શેતાનની સુરત માણસના જેવી છે, તેની વાત સાંભળવી નહિ.

તમો સર્વેને લાઝમ છે કે, દીનની વાતો એકબીજાને સંભળાવો; નહિ સંભળાવશો તો ગુન્હા થશે. તમે હકની વાત જાણતા હશો, છતાં બીજાને નહિ કહો તો તમને ગુન્હા થશે.

તમામ જમાતને વાજબ છે કે, દીન ઉપર ખ્યાલ કરીને ચાલે. ખ્યાલ કરો કે, ખુદાવંદતઆલાએ તમને શામાટે પેદા કર્યા છે? મરી જશો ત્યારે આખરતમાં શું જવાબ આપશો? પછી ભાગીને ક્યાં જશો? ત્યાં કાંઈ જંગલ નથી કે તેમાથી બચીને નિકળી જશો.

આજ ક્યાં છો? પછી ક્યાં હશો? અગાઉ ક્યાં હતા?

તમે ગાય કે બેલ જેવા ઢોર નથી; માણુસ છો!!

વિચાર કરો કે, માતાના ઉદરમાં કેમ હતા? તમારો રૂહ કેવો હતો? ત્યારે શું કરતા હતા? તમે હમેશાં ગફલતમાં છો!

રાત દિવસ દુનિયાના કામ કરો છો અને દીનના કામ નથી કરતા. તમને વેપાર કરવાની અમે મના કરતા નથી. દિવસના ચોવીસ કલાકમાં, બેત્રણ ચાર કલાક દીનનું કામ કરવું તમારા ઉપર વાજબ છે. બે કલાક બેસીને દીનના ખ્યાલ કરવા તે પણ તમારા ઉપર વાજબ છે. તમારા માટે તમારે શું કરવું તેનો વિચાર કરો. વિચાર કરીને તેનો અર્થ કરો.

બચ્ચાંના માટે રંગ લેશો, તો તે લાલ અને લીલો રંગ પસંદ કરશે, ખરબ રંગ હશે તો ફેંકી દેશે. તેમ તમારો દીન અલમાસ જેવો છે.

અલમાસ શું છે અને શીશો શું છે, તે સઘળું અમને રોશન છે. તમે બચ્ચાંની માફક દીનને દુર કરીને દુનિયા સાથે રમો છો; અમને સર્વે રોશન છે.

## ખુદાનું નૂર છે તે અજવાળું છે.

ઘણા માણુસો દીનના કામમાં બેખબર છે. દીનનો વિચાર નથી કરતા, જમાતખાને નથી જતા.

દુનિયામાં પાંચ કામ ન કરો તો પછી તમને શક નહિ આવે. અમે જાણીએ છીએ કે, તમને શક આવે છે, પણ આ પાંચ કામ છોડી આપો તો પછી શક નહિ આવે.

પહેલું તકબ્બુરી.
બીજું જુઠું બોલવું.
ત્રીજું દુશ્મની
ચોથું પરાયો માલ ખાઇ જવો.
પાંચમું પરાઈ સ્ત્રી તરફ બદનજર કરવી.

એ પાંચ કામનો ત્યાગ કરો તો નરસાં કામ બિલકુલ નહિ થાય અને શક નિકળી જશે અને ત્યારબાદ તમારૂં દિલ સાફ થશે.

તકબ્બુરી છોડી આપો તો ઇમાન સલામત રહેશે. તકબ્બુરી ખરાબ ચીજ છે. માવીયાએ હઝરત અલી સામે તકબ્બુરી કરી. હઝરત ઇમામ હુસેન સામે યઝીદ તકબ્બુરીથી લડતો હતો.

## ખુદા સાથે ખ્યાલ બાંધે તો ઇન્સાન ફિરશ્તો થાય,

ઇન્સાન પહેલા તો પત્થર હતો, પછી ઝાડ થયો, હેવાન થયો, વાંદરો થયો, ત્યાર બાદ માણુસ થયો. માણુસ ફિરસ્તો થાય, તેથી પણ વધારે ઉંચો થાય. પાછો હેવાન પણ થાય, પત્થર પણ થાય. આ સઘળું પોતાના હાથમાં છે. આ બાબત નસીબ ઉપર આધાર નથી રાખતી.

ઘોડાની લગામ જેમ વાળશો તેમ વળશે. શક નહિ લાવો. ફરમાન કબુલ કરો અને માનો. દીન ઉપર અમલ કરો.

તકબ્બુરી અને દુનિયાની મહોબ્બત છોડી આપો તો દિલ સાફ થશે.

ફરમાન માનવામાં તમોને પોતાને લાભ છે.

ગામના સર્વે જણ હમેશાં જમાતખાનામાં જાઓ, ગીનાન બોલો, વિચાર કરો, મિજલસ કરો અને ગીનાનની માએના કાઢી વાકેફગાર બનો.

અકકલવાળા વિચાર કરે અને અમારા ફરમાન ઉપર અમલ કરી માએના કરે. નાદાન છે તે અમારા સુખનને છોડી આપે છે અને ખરાબ થાય છે.

જે કોઇ ગામ જમાતખાના વગરનું હોય, તેમાં જમાતખાનું બનાવો અને ત્યાં દુઆ પડો.

દુઆ જમાત સાથે પડો. ઘરે પડવાથી કાંઇ ફાયદો નથી. દુઆ ઘરે પડવાથી ભુલી જશો; ભુલી જશો તો હેવાન થશો, હકીકતને નહિ પહોંચો. જમાતખાનામાં દુઆ પડવા નહિ જાઓ તો આસ્તે આસ્તે ભુલી જશો અને અસલ હેવાનની સાથે જઈ મળશો.

ઇન્સાનની મકસદ એ છે કે, અસલ મકાને પહોંચે. દીનના કામમાં ગાફલ થશો તો નહિ પહોંચો, હેવાન થઇ જશો; અને હેવાનની જગ્યાએ પહોંચશો.

તમે કેટલા વર્ષ ગાફલ રહેશો? પોતાનો દીન મજબુત રાખો તો તમે અસલ મકાને પહોંચો.

તમે એક ગામથી બીજે ગામ જવાનું ઇચ્છતા હશો, તો ઉઠીને ચાલશો ત્યારે પહોંચી શકશો. હમેશાં ખુદાતઆલાની ઈબાદત કરશો તો તે મકાને પહોંચશો.

હવે વખત દુઆ પડવાનો થયો છે, માટે તમે જમાતખાનામાં જઈ દુઆ પડો."

**ફરમાન પર મું.**

જામનગર તા. ૬–૪–૧૯૦૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"હઝરત ઈસા એક દિવસ જંગલમાંથી જતા હતા. તેના અસહાબો તેની સાથે હતા. રસ્તામાં તેઓને વાઘ સામે મળ્યો, છતાં તેઓ આગળ ચાલ્યા. રસ્તામાં એક જનાવરને મરેલું જોઇ, હ૦ ઈસાએ દુઆ ફરમાવી તેને જીવતું કર્યું.

કેટલાક દિવસો બાદ એક માણુસ તેને સામો મળ્યો, તેને જોઇ હ૦ ઇસા સવાર થઇને નાઠા અને બીજે રસ્તેથી ઘરે ગયા. અસહાબોએ પુછયું કે, સાહેબ! તમે વાઘથી ન ડર્યા અને ઇન્સાનથી કેમ ડરીને નાસી ગયા?

હ૦ ઈસાએ જવાબ આપ્યો કે, તે માણુસ મુર્ખ નાદાન હતો. તેનું દિલ સીયાહ હતું. મારા ફરમાનથી મુવેલાં જીવતાં થાય છે, પણ નાદાન માણુસને મારા ફરમાન અસર કરતા નથી. સર્વે કોઈ મારા ફરમાન માને છે પરંતુ, નાદાન મુર્ખ મારા ફરમાન માનતો નથી. તેથી હું નાસી ગયો."

આ ઉપરથી હાઝર ઈમામે ફરમાવ્યું:

"નાદાન દીનનો દુશ્મન છે. ફરમાન નહિ ધ્યાનમાં લીયે તે મુર્ખ નાદાન છે. ફરમાન ન સાંભળે તે નાદાન છે.

તમે ઘણા માણુસો મોમન છો. તમને પોતાને વાજબ છે કે, પોતાનું દિલ પાક રાખો. બિમાર હોય તે બદન પાક રાખે. તમને જખમ થયો હોય ત્યારે કેવી રીતે ચોકકસી કરી મલમ પટા કરો છો?!

જ્યારે તમારૂં દિલ બિમાર થાય ત્યારે ઘણી ચોકકસી રાખો. ખુદા ન કરે ને તમારા દિલમાં જખમ પડી જાય.

માણુસ, શેતાન તેમજ મલાયક બને છે. તે વિષે ગઈ કાલે તમને ફરમાન કર્યા છે. દિલનું જખમ તે શેતાન છે. દિલમાં જખમ હોય તેની સંભાળ રાખો. તેને જલ્દી મલમપટી કરો, જેથી સારૂં થઇ જાય, જો એમજ છોડી આપશો તો, ખરાબ થઇને માંસ ખવાઇ જશે.

અમારો કહેવાનો મકસદ એ છે કે, જે માણુસ બેઇમાની થાય છે તે જખ્મી છે. શરૂઆતથી તેની દવા નહિ કરો તો આસ્તે આસ્તે દિલને ખાઈ જશે. તેથી ઘણી નુકશાની થશે. મોમનને ઘટારત છે કે પોતાને ઘણું ઘણું સંભાળે.

### ઈમાન એક અનુપમ દાગીનો છે.

તમે હમણાં નથી સમજતા પણ જ્યારે મરશો ત્યારે, ફાયદાની ખરી કિંમત માલમ પડશે. ઝવેરાતને ન ઓળખે ત્યાં સુધી ખબર પડે નહિ. મરશો ત્યારે સમજ પડશે.

ફરમાન થયા તે ઉપર બરાબર ખબર તથા ખ્યાલ રાખો.

પયગમ્બરના વખતમાં ઘણા માણસો પયગમ્બરની દુશ્મની કરતા હતા. હઝરત અમીરૂલ મોમનીનને તથા પયગમ્બરને કાફરો ઓછું અદકું બોલતા હતા. મોમન હતા તેઓને ઘણોજ ઈન્તેકાદ હતો.

તમે જમાત પણ અમારા અસહાબો છો. પયગમ્બરના સર્વે અસહાબોએ ઘરબાર છોડી આપ્યા હતાં. પયગમ્બરની સાથે જવા માટે, મક્કામાંથી ઘરબારનો ત્યાગ કર્યો, પોતાના બચ્ચાંબાલને છોડી આપ્યાં અને તમામ ચીજો મુકી દઇને મદીનામાં હઝરત અલી પાસે આવ્યા અને પયગમ્બર પાસે હાજર થયા. તમે પણ એવી જ રીતે ફરમાન ઉપર ચાલો.

ઈન્સાન દુનિયામાં મુસાફર છે. તમારૂં અસલનું ઘર આખરતમાં છે.

દુનિયાતો ફાની છે. તેમાં કાંઈ ફાયદો નથી. મરી જશો ત્યારે બે વાર જમીન મળશે, વધારે નહિ મળે.

દુનિયા એક નઠારી સ્ત્રી જેવી છે, તેને જલ્દી કાઢી મુકવી જોઈએ. ઇન્સાન એવી સ્ત્રીમાં મન લગાડે તેમાં શું ફાયદો થાય?

ઈબાદત બંદગી કરો અને ઇમાન નહિ હશે તો શું ફાયદો?

અમે તમારા વાસ્તે કહીએ છીએ, અમારા વાસ્તે કાંઈ નથી. તમે કબુલ કરશો તો ફાયદો થશે. નહિ તો નુકશાન થશે. સર્વે વાતો તમારા હાથમાં છે.

જમીનને ખેડવામાં આવે તો અનાજ પાકે અને ત્યારે જ ફાયદો થાય, ન ખેડે તો શું ફાયદો થાય?

ઈબાદત ન કરે તો શું ફાયદો? એવા માણસો હોય તોયે શું અને ન હોય તોયે શું?

ઇબાદત સાથે ઇન્તેકાદ સાફ હોય, પયગમ્બર તથા મુર્તઝાઅલીને ઓળખે અને તેના આમાલ સારા હોય, પારકો માલ નહિ ખાય, પરાઇ ઓરત સામે બદનજર ન કરે ત્યારે ઈબાદત બરાબર થાય.

આમાલ સારા ન હોય તો મુરિદ થવાનો શું ફાયદો? કામ સારા ન હોય ત્યારે શું વળે?

ચાવી તમારા હાથમાં છે; હવે ખોલો અગર ન ખોલો તે તમારી મરજી! અમે તો મહેનત કરી તમને દેખાડીએ છીએ.

જેમ આગા શાહ હસનઅલીએ મહેનત કરી તમને ખઝાનાનો રસ્તો દેખાડયો છે. તે ઉપર ચાલો અગર ન ચાલો તે તમારી મરજી.

તમે ઉંઘમાં પડેલા છો તેથી, તોપના અવાજ સંભળાતા નથી. સુતેલા માણસને ઉઠાડવામાં આવે છે તેમ, અમે તમને જગાડીએ છીએ કે, ઉઠો! ઈબાદતમાં મશગુલ થાઓ, ભુલો નહિ! ત્રણ વાગાની ઈબાદતમાં ઘણો ફાયદો છે.

અમારી વાતો સાંભળી દિલમાં રાખશો તો ઘણો ફાયદો થશે. સાંભળીને કાનમાંથી કાઢી નાખશો તો શું ફાયદો?

નકામી વાતોમાં શું ફાયદો? એમ કરો તો તમે આવ્યા તે કરતાં ન આવ્યા હોત તો સારૂં હતું.

અમારી વાતો સાંભળીને અમલ કરશો તો ઈમાન સલામત રહેશે, દુનિયામાં રોશની થશે.

ખ્યાલ કરો! ઇન્સાને શેતાની કરી ન હોત તો અસલ મકાનથી બહાર નિકળ્યો ન હોત. ખુદાવંદે તેને અસલ મકાનથી બહાર કાઢયો.

તમારૂં અસલ મકાન ઘણું મોટું છે, પણ હવે ઘણું દુર છે.

અસલ અક્કલવાળો હશે તે ઘણો ઘણો વિચાર કરશે કે, હું કેદખાનામાં ક્યાંથી આવ્યો?

**મોમન વાસ્તે દુનિયા કેદખાનું છે! તમારા પોતાના વાસ્તે દુનિયા કેદખાનું છે! અમારા વાસ્તે પણ જીંદગી કેદખાનું છે!!**

અમે દુનિયાથી બેઝાર છીએ. ફરીથી કહીએ છીએ કે બેઝાર છીએ. અમને અસલ મકાન જોઇએ છે. તમને પણ અસલ મકાન જોઇએ છે.

અહીંયા હેવાન થશો તો શું ફાયદો થશે?

ઇબાદત તથા સારા આમાલ કરો. ખોટું ન બોલવું, દિલ સાફ જોઈએ. ઈમાનની સલામતી સાથે ઇબાદત કરશો ત્યારે સારા મકાને પહોંચશો.

અસલ મકાન કરતાં બીજું કયું મકાન મોટું છે? મહેનત કરશો તો તે મકાને પહોંચશો. એ ઘોડાની ગાડીમાં ચડી નહિ પહોંચો, પણ પગથી ચાલી, પસીનો કાઢશો ત્યારે પહોંચશો. મહેનત કરશો, દિલ સાફ રાખશો, પોતાના દિલમાંથી દુશ્મની કાઢી નાખશો ત્યારે, તે મકાને પહોંચશો.

એક મોટો મિનારો છે તે ઉપર ચડશો ત્યારે તે અસલ મકાને પહોંચશો. મહેનત કરશો ત્યારે, મોટા મકાન ઉપર પહોંચશો. તમારી અસલ જગ્યા એ છે.

દિલ સાફ નહિ કરો, દિલમાં દુશ્મની હશે, દુનિયાની મહોબ્બત હશે તો, તે મકાને નહિ પહોંચો.

તાંબા અને સોનાને શોધવાથી ખબર પડે છે. માણસનું પણ એમ જ છે. દિલ મેલું હશે તો, તે મકાને નહિ પહોંચો.

તમારૂં મકાન કેવું મોટું છે તેથી તમે અજ્ઞાન છો.

સલમાન ફારસ અહેલે બેત, તમારા જેવો હતો. પયગમ્બર ફરમાવતા હતા કે, સલમાન ફારસ અહેલે બેતના જેવો સારો હતો; તે પોતાના અસલ મકાને પહોંચ્યો. સલમાન ફારસ પણ તમારા જેવો માણસ હતો. તમે પણ ઈબાદત કરી સલમાન ફારસ જેવા થાઓ. તમે ઈબાદત કરો તો પીર સદરદીન જેવા થાઓ. જનાવર જેવા થાઓ તો તમને શું ફાયદો થાય?

ઝવેરાત છે પણ તે તિજોરીમાં છે, તેને તાળું છે, તે તમે નથી જાણતા; બીજા પણ નથી જાણતા.

તમે પોતાની સંભાળ બરાબર રાખો અને ઈમાન સાબીત કરો. તમે હમેશા જમાતખાને જાઓ. ગાફલ નહિ થાઓ.

પૈસા ન હોય તો નહિ આપો પણ ઈબાદત કરો. ઇબાદતનો બોજો

ગરીબ તથા પૈસાદાર સર્વેના ઉપર સરખો છે

ઇમાનમાં મશ્ગુલ રહે તેને ઘણો ફાયદો છે.

**"એક તરફ આખી દુનિયાનો માલ અને બીજી તરફ ઇબાદત" એવું ઇબાદતનું જબરૂં વજન છે.**

તમે મોમન છો. રોજ વધારેને વધારે સારા થાઓ. દીનના રસ્તામાં હજાર પાયરીઓ છે, તેમાં સો પાયરી ચડયા તો શું ફાયદો?

રાત ને દિવસ રમતમાં રહેશો તો શું ફાયદો?"

## ફરમાન ૫૩ મું.

જામનગર તા. ૭–૪–૧૯૦૦

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જેઓએ બેયત કરી લીધી હોય તેઓ પોતપોતાને ગામ જાય, અને બીજાને મોકલાવે; કારણ કે, આ વખતે ઘણા માણસો ભેળાં થયાં છે, તેથી ખુદા ન કરે ને બિમારી ફાટી નિકળે. માટે તેઓ પોતપોતાને ઘરે જાય.

હાલમાં દુષ્કાળ છે, જેથી તમે પોતે દેશમાં જાઓ ત્યારે, જે ગરીબ હોય તેની સંભાળ રાખજો.

તમોને આખી રોટલી મળે તો, અર્ધી રોટલી તમારા ગરીબ દીન ભાઇ હોય તેને આપજો."

## ફરમાન ૫૪ મું.

જામનગર તા. ૯–૪–૧૯૦૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે અમારા મુરિદ છો. અમારા ફરમાન એક કાનથી સાંભળી બીજે કાનથી કાઢી નહિ નાખતા.

જેઓ મુનાફક છે તેઓ અમારા ફરમાનને કાન આપતા નથી.

તમે કાંગવો ભરો છો તેની માએના જાણો છો? કાંગવાની માએના એ છે કે, તમે અમારા મુરિદ થયા, અને તમે અમારી બૈયત કરી.

હઝરત અમીરૂલ મોમનીનના ઝમાનામાં પણ બૈયત કરેલા માણસો હતા. તેમાંના કેટલાક બૈયત કરીને ફરી ગયા; તેઓ ઘણા ખરાબ હતા.

તમે આજ કાંગવો ભરો છો, અને કાલે શેતાની ઉપર ચાલશો તો કાંગવાનો શું ફાયદો?

શેતાન તમારી પાસે ન આવે તેની ચોકસી કરી દિલ કાયમ કરવું. શેતાનના હજારો રૂપ છે, તેથી શેતાન તમને છેતરે છે; માટે શેતાનને તમે દુર કરો.

દાખલા તરીકે તમે રેલગાડીમાં બેઠા હો; તેજ ગાડીમાં ચોર પણ બેઠો હોય અને તમારી પાસે સોનાના દાગીના હોય તો, ચોરને લીધે તમને નિંદ્રા નહિ આવે. તમારા દિલમાં એવા ખ્યાલ આવશે કે, મારી પાસે સોનુ છે, તેથી રાતના તમે ઉંઘ નહિ કરો અને ગામ આવતાં સુધી જાગશો.

તમારા દીનના વિષે પણ એમ જ છે. તમારો દીન, સોના અને હીરા ઝવાહિર કરતાં ઉત્તમ છે.

અમારા ફરમાન ઝવેરાત પ્રમાણે સમજો."

## ફરમાન ૫૫ મું.

જામનગર તા. ૧૪-૪-૧૯૦૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યુ :

"તમારા ઉપર વાજબ છે કે, અમે જે ફરમાન કરીએ તે પ્રમાણે અમલ કરો. મોમન હોય તે હાઝર ઈમામના ફરમાન કબુલ કરે અને જે કાંઇ હાઝર ઈમામ હુકમ ફરમાવે તે માથે ચડાવે.

દુનિયા ઉપર આધાર નહિ રાખવો. દુનિયા ફાની છે. દુનિયા હમેશાં કોઇ સાથે રહી નથી. દીનનો ફાયદો બીજી દુનિયામાં મળશે. કદીપણુ તે ફાયદો હાથમાંથી જનાર નથી.

આ દુનિયામાં કોઈ મોમન ગરીબ હોય તેને દીલાસો આપો.

મોમનને દુનિયામાં કાંઇ પણ નુકશાની થાય છે તેનું તેને દુ:ખ થતું નથી.

દુનિયાની મોટાઇ મેળવવા માટે બળતરા ન કરવી. દુનિયા ઉપર મહોબત નહિ રાખવી. પોતાનો ફરજંદ ગુજરી જાય તો પણ શોક ન કરવો. દુનિયામાં મોમનને નુકશાની થાય તો પણ ગમ ન કરે. દીનનો ઈતેકાદ અને ઈમાનની નિશાની એજ છે.

ઈમાન મિસાલ એક સ્થંભ છે.

પોતાના દિલને બરાબર તપાસવું. મોમન હોય તે ફિકર રાખે તથા દિલમાં તપાસ રાખે.

જાહેર તથા બાતુનના શેતાનથી દુર રહે.

તમે યઝીદનું નામ સાંભળ્યું હશે? યઝીદ કોણ હતો? યઝીદ એક અરબ હતો. જાહેરમાં મૌલાનો ભત્રિજો થતો હતો. જાહેરમાં કુરઆને શરીફ ઘણું પડતો હતો અને મુસલમાન પણ કહેવાતો હતો; પણ હાઝર ઇમામના ઘરનો દુશ્મન હતો; તે કારણથી કુતરા કરતાં પણ બદતર થયો.

તમારા દિલને બરાબર સમજાવો. તમે નહિ સમજતા કે યઝીદ ખલાસ થઈ ગયો છે. આ દુનિયામાં યઝીદ જેવા ઘણા છે. તેઓની બાજી નહિ ખાશો. પોતાના જીવ માટે ડરો. યઝીદની બાજી ખાશો નહિ. તેના મુરિદ નહિ થાઓ અને પોતાના દીનને છોડી નહિ આપો.

તમારો દીન એવો છે કે, તેના ઉપર અમલ કરો તો ફિરસ્તા અને મલાયક જેવા થાઓ અને તમારો રૂહ પાક થઇ જાય.

તમારા દિલમાં ખુદાતઆલાનું નુર છે, પણ, જો દીન ઉપર

બરાબર ચાલો તો તમારા દિલમાં ખુદાતઆલાનું નુર જાહેર થઈ જાય.

ગીનાન તથા ફરમાનમાં ફરમાવ્યું છે તે પ્રમાણે ચાલો. તેની કિતાબો બરાબર પડો. તેની માએના કાઢો, તે ઉપર અમલ કરો.

તમારા દિલના ખ્યાલને બરાબર દીન ઉપર લાવો. આ દુનિયાની દોસ્તી છોડી આપો.

તમારા દોસ્તોને દીનના રસ્તા ઉપર લાવવા એ તમને વાજબ છે. તમારો દોસ્ત દીન ઉપર સુસ્ત હોય તેને સમજાવીને દીન ઉપર લાવવો એ તમારી ફરજ છે.

મોમનની નિશાની એ છે કે, દુનિયામાં ખરાબ કામ ન કરે. પરાઈ ઓરત સામે બદનઝર ન કરે. પરાયા માલ ઉપર નિગાહ ન કરે. ખોટું ન બોલે. બીજાના પૈસા ખાઈ ન જાય. તોજ ફાયદો થાય, નહિતો આખરતમાં દેવું પડશે.

અહીંયા સારા કામ કરો છો, તેનો સો ગણો ફાયદો મળશે. ખરાબ કામ કરનારને ઇજા થશે. માટે એવા કામ કરો કે, આખરતમાં મોઢું સફેદ રહે.

અલહમ્દો લિલ્લાહ! જે કોઈ સારા કામ કરશે તેના મોઢાં સફેદ હશે!

તમે અમારા મુરીદ છો, ઉમેદ છે કે તમારી સૂરત આખરતમાં હમેશાં સફેદ હશે."

## ફરમાન ૫૬ મું.

જામનગર તા. ૧૫-૪-૧૯૦૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમોએ મહેમાનીમાં પધરામણી કરાવી તેના ખાનાવાદાન ફરમાવીએ છીએ. આનો બદલો ખુદાવંદ તઆલા તમને આ દુનિયામાં અને ત્યાં પણ આપશે.

જે કોઇ અમને મહેમાની કરે છે તેઓને દુઆ આશિષ ફરમાવીએ છીએ કે, તેનું ઇમાન સલામત રહે અને બરકત થાય.

પંજેભાઇઓ તરફથી અમોને મહેમાની કરી તેઓને અમે દુઆ આશિષ ફરમાવીએ છીએ કે, રોજ બરોજ તેઓના ઇમાનમાં વધારો થાય.

જે રાતની મિજલસ તમે નક્કી કરી હોય તેમાં તમે હાજર રહો!

બે ગામમાંથી એક ગામમાં મિજલસ હોય તો બીજી વખત, બીજે ગામ જઇ મિજલસ કરો.

જેવી રીતે વારસ કાસમ, ગણોદમાં મિજલસ કરે છે, તેવી રીતે મિજલસ કરવી જોઇએ.

નજીક હોય એવા બે ત્રણ ગામના ઇસમાઇલીઓને વાજબ છે કે, વર્ષમાં એક વખત ભેળા થાય અને ગીનાનની માએના કરે.

ગીનાનની માએનામાં ધ્યાન ન રાખો તો શું ફાયદો થાય? જાનવર માફક ગીનાન સાંભળો તો તેથી જરા પણ ફાયદો નથી.

તમારા માટે વઝીર કાસમને કેટલાક ફરમાન કર્યા છે અને બે નામ લખી આપ્યા છે. એ બન્ને જણાં ગામોમાં ફરી ગીનાન મિજલસ કરી તમોને માએના સંભળાવશે.

તે બે માણુસોના નામ:

જમાલ મેઘજી અને થાવર લધા.

આ બન્ને જણાને જમાતમાં માએના કરવાને મુકરર કરીએ છીએ. તેઓ તમોને માએના સંભળાવશે.

તમોને વાજબ છે કે, તેઓ જમાતમાંથી રવાના થાય અને પાછા આવે ત્યારે, તમે તેઓની ઘણી ઇજ્જત આબરૂ રાખજો. જેવી રીતે સારો મહેમાન આવ્યો હોય તેવી રીતે તેઓનું સારૂં માન જાળવજો. ગીનાનની માએના સંભળાવે તે કાનમાં રાખજો.

તમે ઢોરની માફક વર્તીને શેતાનની બાજી ખાઓ છો. તમે ખોજા અમારા મુરિદો થઇને શા માટે સુસ્ત થાઓ છો?

શેતાન ઇન્સાનનો લિબાસ પહેરીને તમારી પાસે આવે છે અને તમે શેતાનનું કહેવું કબુલ કરો છો.

હમણા તમારી હાલત જોઇએ છીએ, તેમાં કાંઇ ફરક નથી.

મુસા પયગમ્બર એક વખત કોહેતુર ઉપર ગયા હતા, બની ઇસરાયલ લોકો મુસા પયગમ્બરના મુરીદ હતા. મુસા પયગમ્બર કોહેતુર ઉપર ગયા ત્યારે, તેમની ગેરહાજરીમાં બની ઇસરાયલ લોકોએ ગાયના બચ્ચાંને મુસા પયગમ્બરના ઠેકાણે ઠરાવ્યો અને ગાયને ખુદાને ઠેકાણે સ્થાપી; તથા ગાયના બચ્ચાંના પગ ચુમવા લાગ્યા. તે ગાય હતી, ઇન્સાનની સૂરત નહિ હતી.

તમારી પણ—આવી હાલત અમે જોઇએ છીએ. તમને બની ઇસિરાયલ માફક જોઈએ છીએ.

ઢોર જેવા માણસો તમારી વચ્ચે આવીને બોલે છે, તેઓને તમે ખુદા જેવા સમજો છો અને જનાવર જેવા માણસો આવીને તમને કહે તે તમે માથે ચડાવો છો.

તમારે પયગમ્બર તથા સલમાન ફારસ જેવા થવું જોઇએ.

પયગમ્બરના કેટલાક અસહાબોની હાલત તમારા જેવી હતી.

અમરૂઆસ, જે પયગમ્બરની હયાતીમાં મોમન તરીકે ખિદમત કરતો હતો, પછી મઆવીયાના દોરમાં તેણે મઆવીયાની દોસ્તી કરી અને હઝરત અલીનો દુશ્મન થયો.

તમારામાં અમરૂઆસ જેવા કેટલાક માણસો છે, તેઓ ઈમામના ફરમાન માનતા નથી.

અગાઉ મઆવીયો થઇ ગયો, તેના જેવા પણ છે. મઆવીયાની વાત માનવી એ હાલત ખરાબ છે. કેટલાક એવા છે કે, અમરૂઆસ અને મઆવીયા જેવા બેઠા હોય, તેની પાસે જાય છે.

અલ હમ્દો લિલ્લાહ! તમારામાં ઘણા મોમન છે. તેઓનો ઈત્તેકાદ સાફ છે.

તમે હિંમત રાખો, દીન ઉપર મુસ્તકિમ રહો. જો એવી રીતે ચાલશો તો, ખુદાવંદતઆલા મદદગાર થશે અને દુનિયામાં ફાયદો થશે. મુર્તઝાઅલી તથા મુર્તઝાઅલીની ઓલાદ આ દુનિયામાં તેઓની સાથે રહેશે.

## જે ઇમામનો વારો હોય તે ઇમામના ફરમાન માનવા જોઇએ.

અગાઉ ઇમામો થઇ ગયા તેઓના ફરમાન માનો અને અમે ઇમામ હાઝર બેઠા છીએ તેના ફરમાન ન માનો તો કાંઇ ફાયદો નથી.

દુનિયા હમેશાં બીજો રંગ પકડતી જાય છે. એક એક નવો કાયદો થતો જાય છે. કેટલીક નવી ચીજો હાલ છે તે, અગાઉ નહિ હતી, અને કેટલીક જુની ચીજો અગાઉ હતી તે હાલ નથી. આ વખતમાં, આ વખત પ્રમાણેજ ચાલવાની જરૂર છે.

તેરસો વર્ષ ઉપર અરબોની હાલત ઘણી સારી હતી. હિંદુસ્તાનમાં પણ અસલ અરબોની રસમ સારી હતી. એ જમાનામાં અરબોનો વખત ઘણો સારો હતો. હવે દુનિયામાં પણ ઘણા ફેરફારો થઇ ગયા છે. હાલ તે ચાલ ચાલો તો કાંઈ ફાયદો નહિ થાય.

પીર સદરદીન, પાંચસો વર્ષ પહેલાં ગીનાન ફરમાવી ગયા છે, તે ઘણાં સારા છે. આજે અમે ફરમાન ફરમાવીએ તે કબુલ નહિ કરો અને પીર સદરદીને જે ફરમાવ્યું છે તે પકડી રાખો તો શું ફાયદો? અમે આજે ફરમાન કરીએ છીએ તે પ્રમાણે ચાલો તો ફાયદો થાય.

તમારા પગમાં દરદ થતું હોય અને તમે ચાલી શકતા ન હો, ત્યારે ડાકટરની દવાથી આરામ થાય. ત્યારબાદ બે વર્ષે માથું દુઃખે ત્યારે, જે દવાથી અગાઉ પગને આરામ થયો હોય, તે દવા માથા ઉપર લગાડો તો માથાને આરામ નહિ થાય. પગની દવા માથાને લાગુ પડતી નથી. દીન મઝહબનું પણ એમજ છે. જો તમે મોમન થવા ઇચ્છતા હો તો, રૂહના ડાકટર પાસે જઇ દવા લીયો.

બદનનો ડાકટર હકીમ છે. બદનમાં કાંઈ રોગ હોય તો દુનિયાના

ડાકટર પાસે જાય. રૂહની અંદર બિમારી હોય તો રૂહના ડાકટર પાસે જવું જોઈએ અને તેની પાસેથી દવા મેળવવી જોઇએ, તો ફાયદો થાય.

## દીનના રસ્તામાં માણસની હિંમત જોઇએ.

ઘણા પહેલવાનો હતા કે જેમનું મુર્તઝાઅલી પાસે ઘણું માન હતું. તેઓ તેમને અરજ કરતા હતા કે, અમોને દુઆ ફરમાવો તો અમારી ફતેહ થાય. ત્યારે મુર્તઝાઅલી ફરમાવતા હતા કે, એમ ફતેહ નથી મળતી. ફતેહ મેળવવા માટે ત્રણ ચીજો જોઇએ:

પહેલી: બુલંદ હિંમત

બીજી: આબદાર તલવાર

ત્રીજી: ખુદાની રહેમત.

જો નાહિંમત હોય અને તલવાર સારી ન હોય અને તે ખુદાની રહેમત માગે તો રહેમત કયાંથી ઉતરે? નાહિંમત ઉપર ખુદાની રહેમત કેમ ઉતરે? આ ઈન્સાનના હાથમાં છે.

તમે નફસ ઉપર સવાર છો. ખરાબ રસ્તો અગર સારો રસ્તો આગળ છે.

પહેલું: જુઠું બોલે,

બીજું: દગાબાજી કરે,

ત્રીજું: પારકી અમાનત ખાઇ જાય,

ચોથું: પરાઈ ઓરત ઉપર બદનઝર કરે—

તો ઈમાન કયાંથી ઠેકાણે રહે? દિલ ઠેકાણે ન હોય તો ઇમાન પણ ઠેકાણે ન રહે.

જુઠું બોલનાર તથા દગાબાજી કરનારનું દિલ ઠેકાણે રહેતું નથી. તેનું દિલ કાળું થઈ જાય છે.

બદકામ કરવા એ શેતાની છે. તેને શક પકડી લેશે, પછી તેના દિલમાં એમ થશે કે, આ દીન ખરો છે કે ખોટો છે? તેને આવા વસવસા થયા કરશે.

જુઠું બોલે, દગાબાજી કરે, પરાયો માલ ખાઇ જાય, બદનઝર કરે ત્યારે, કઈ રીતે ઈમાન ઠેકાણે રહે?'

અલહમ્દોલિલ્લાહ! તમે સઘળાં મોમન છો. તમે ચીવટ રાખો. રોજ બરોજ વધારે વધારે સારા થતા જાઓ. મિસાલ, સલમાન જેવા થાઓ.

દીનને વાસ્તે ઓલાદ, જાનમાલ કુરબાન કરો. આવી રીતે વર્તશો ત્યારે અલમાસ જેવા થશો. આવી રીતે નહિ વર્તશો તો કાચ જેવા થશો.

કાચને ગમે તેટલો સાફ કરો તો પણ, તે અલમાસ જેવો નહિ થાય.''

## ફરમાન ૫૭ મું.

જામનગર તા. ૧૯-૪-૧૯૦૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :—

"બધી જમાત, નાના તથા મોટાને વાજબ છે કે, વઝીર કાસમનો હુકમ બરાબર સાંભળે. તેઓ જે હુકમ કરે તે કબુલ કરે.

વારસ કાસમ અમારા તરફથી આખા કાઠિઆવાડ ઉપર મુખત્યાર છે. વારસ કાસમનો હુકમ કોઈ ન માને તો જાણે અમારૂં ફરમાન ન માન્યું. વારસ કાસમનો હુકમ માન્યો, તેણે જાણે અમારૂં ફરમાન માન્યું. વારસની દુશ્મની કરે તેણે જાણે અમારી દુશ્મની કરી. વારસનો હુકમ માથે ચડાવશે તો, તેના ઉપર અમે ઘણાં રાજી થશું."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"વારસ કાસમે અમારી તથા જમાતની ઘણી ખિદમત કરી છે અને હમેશાં કરે છે.

કાલે પણ નસિહત કરી છે અને આજ પણ તમને નસિહત કરીએ છીએ કે, જે વારસનો દુશ્મન છે તે, અમારો પણ દુશ્મન છે."

બાદ વારસને ખિલાત આપી હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે હંમેશાં સરકારની ખિદમત કરો છો અને ફરી પણ કરો. દીનની બાબતમાં બધી જમાતને એવી નસિહત કરો કે, બધી જમાત, જમાતખાનામાં આવે.

કોઇ ગરીબ હોય તે પણ જમાતખાનામાં આવી શકે છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૮ મું.

સુરત તા. ૧૨-૧૦-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે જમાતખાનામાં પધારી ફરમાવ્યું:

"તમે જમાત, બધાં ખુશીમાં છો? તમોએ સારી મહેનત લીધી છે, તેનો અવેજ ખુદાવંદ તમોને આપશે. કાંગવો ભરવાની મતલબ એ છે કે, તમે મુરીદો અમને કોલ આપો છો કે, 'તમે અમારા ઘરની ખિદમત તથા તાબેદારી કરશો; એ પ્રમાણે તમે અમારી બૈયત કરો છો. આનો અવેજ ખુદાવંદ તમને આ દુનિયામાં અને પેલી દુનિયામાં આપશે. ખાનાવાદાન! હમેશાં ચોકસાઇ કરી સાંજની દુઆ વખતે જમાતખાને આવજો. જેનું ઘર દુર હોય તો તે ઘરે દુઆ પડે.

આપણા દીન ધર્મની ચોપડીઓ બચ્ચાંઓના હાથમાં આપો. જેથી, બચ્ચાંઓ વાંચે અને હોશિયાર થાય અને હેવાન માફક રહી નહિ જાય."

ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે ગુપ્તી જમાતની ખબર અંતર પુછી ફરમાવ્યું:

"અમે તમને જોઈ ઘણા ખુશી થયા છીએ અને તમને દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન! તમે મોમન છો; તમે અમારા એવા મોમન છો કે, દુનિયામાં તમારા જેવા, અમારા થોડા જ મોમન હશે. તમે લાજ શરમને એક બાજુ મુકી અમારી જે ખિદમત કરો છો તે અમે જાણીએ છીએ. તમારા જેવી અમારી ખિદમત કરે તેવા મોમન

થોડા જ છે. એ ઉપરથી જણાય છે કે, તમારી શકિત કેટલી છે? તમારી શકિત ફિરશ્તા જેવી છે. તમે શરમને એક બાજુ મુકી દઈને અમારી ખિદમત કરો છો. એવા મોમન થોડા જ થાય છે. અમે તમને દોસ્ત તરીકે વધારે સમજીએ છીએ. ખોજા, અરબ, બદખશાની તથા બીજા ઘણાં અમારા મુરીદો છે પણ ગુપ્તી જમાત અમારા નાનકડા બચ્ચાં છે. માતાનું નાના બચ્ચાં પર જેવું હેત હોય છે તેવું હેત અમે ગુપ્તી જમાત ઉપર ધરાવીએ છીએ.

જેમ આગા શાહ હસનઅલી અને આગા અલીશાહ દાતાર હતા, તેમ અમે ઈમામ રૂપે તમારી પાસે છીએ. તમે હમેશાં દીનની કીતાબો પડશો તો માલમ પડશે કે, ઈમામની ગાદી હમેશાં કાયમ અને દાયમ ચાલતી આવે છે. ફરમાન તથા ગીનાન વાંચવાનો અભ્યાસ તમે નહિ રાખો તો શેતાન ફરેબ આપશે અને દીનમાં મુસ્તકીમ નહિ રહી શકશો.

નાના બચ્ચાઓને બહુ સારી રીતે સંભાળો. ગુપ્તી જમાતમાં દાખલ થનાર નવા મુરીદને અમે દુઆ આપીએ છીએ. તમે ચોકસાઈ કરીને દિલ સાફ રાખો, શેતાનની બાજી નહિ ખાશો, એક દિલ થઈને ચાલજો. માંહોમાંહે દુશ્મની નહિ કરશો. તમે એકજ માબાપના બચ્ચાં છો અને એકબીજાના ભાઈ છો. અમે તમારાથી દુર નથી. અમે તમને દિલમાં રાખીએ છીએ તથા દુઆ કરીએ છીએ.

ગુપ્તી જમાતે એમ કહેવું કે, અમે તો એકજ ખુદાવંદની બંદગી કરનાર દરવેશી ધર્મ પાળનારા છીએ. મુસલમાન, હિંદુ તથા દરવેશી ધર્મ સર્વેના જુદા જુદા રસ્તા છે.

અમારા દરવેશી ધર્મને હકીકતી કહેવામાં આવે છે. હકીકતી દીન દિલની અંદર પાળવાનો છે.

### ધર્મને ગમે તેવી રીતે ફેંકી દેવાય નહિ.

કોઈ જાતનો ફિતનો થાય, નુકસાન થાય તેમ કરવું નહિ. એક જાત સાથે નહિ પણ સર્વે જાત સાથે સારી રીતે ચાલવું. માણસ

જાત આપણા ઉપર રાજી રહે તેમ ચાલવું; કારણ કે, કુલ માણુસોને ખુદાવંદતઆલાએ પેદા કર્યા છે.

તમારૂં દિલ સાફ રાખજો, દિલમાં દગો રાખશો નહિ. જે માણુસ દિલમાં દગો રાખે છે તેનું દિલ પાક નથી. તમારૂં દિલ ચોકકસ કરો અને પાક કરો. એકબીજા સાથે ભાઇઓ જેવા થઈને ચાલો. બદનઝરથી જોવું નહિ. જે લોકો અગાઉ ગીનાન તથા ઈલમ ઉપર ચાલ્યા છે, તેઓ તરી ગયા છે. તમે પણ સાચા મનથી ચાલશો તો ફિરસ્તા જેવા થશો.

મુખી કામડીયાના તાબામાં રહેવું જોઈએ અને મુખી કામડીયાએ જમાતને પોતાના બચ્ચાં જેવા ગણવા જોઇએ અને જમાતની ખિદમત કરવી જોઇએ. અમે તમો સઘળાને દુઆ આશિષ ફરમાવીએ છીએ."

બાદ શનિવારીયા પંજેભાઇઓના મુખી કામડીયાની નિમણુક કરીને હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે પાક દિલ થાશો તો ફિરસ્તા જેવા થશો.

**તમને ગમ યાને દુઃખ અને મુશ્કેલી આવી પડે તો અમારા જંગબારના ફરમાન વાંચશો તો આસાની થશે અને તમારૂં દુઃખ જતું રહેશે. ખાનાવાદાન!"**

## ફરમાન ૫૯ મું.

અમદાવાદ તા. ૧૩-૧૦-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે ગુપ્તી જમાત એક દિલ છો અને દુઆ તથા બંદગીના વખતે બધાં બરાબર આવો છો જે સાંભળી અમે ઘણા ખુશી થયા છીએ, તમે હિંમત રાખો અને પોતાનું દિલ પાક કરો. તમને જ્યારે આવો દીન હાથ આવ્યો છે, ત્યારે દીનને બરાબર શ્રેવવો જોઇએ. તમે જ્યારે બે કદમ આગળ વધ્યા છો ત્યારે, હવે ચાર કદમ પાછું

હઠવું. ન જોઇએ. જ્યારે બે કદમ ભર્યાં ત્યારે બે કદમ બીજા આગળ વધવું જોઇએ, પાછો કદમ મુકવો નહિ.

જેની ઓરત ઇસમાઇલી દીનમાં ન હોય તો, જેમ પીર સદરદીને મુરીદ કીધાં છે તેમ તેને સમજાવીને દીનમા દાખલ કરો. પંજાબમાં પણ એમ જ કરે છે. નાની ઉમરમાં ઈલમ શીખવો જોઇએ અને ત્યાર બાદ બીજાને શીખવવો. પહેલા પોતે બરાબર સમજવું અને પછી બીજાને સમજાવવું, તો બહુ જ ફાયદો થશે. જવાનીમાં જેટલો ઈલમ હાંસલ કરવો હોય તેટલો થઇ શકે છે અને ઈલમ નસિહત કરી શકાય છે; માટે જવાનીમાંજ ઈલમ શીખીને મુસ્તકીમ થવું જોઇએ. ઈલ્મ વડે પહાડ જેવી મુશ્કીલ બાબતો આસાન કરી દેવાય છે. તમે જવાન છો ત્યારે, એવી રીતે મહેનત કરીને ઇલમ શીખો અને હિંમત રાખો. જેનામાં હિંમત છે તે સાતમા આસમાન સુધી પહોંચી જાય છે અને ફિરસ્તાથી પણ ઉપર જાય છે.

ઈબાદત બંદગીમાં મશ્ગુલ રહેશો તો ખુદાનું નુર તમારામાં રોશન થશે અને બદીના કામ તુટી જશે. જો તમારી ઇબાદતની આદત નહિ હશે તો તમારી દુનિયા તથા દીન સર્વે બરબાદ જશે અને તમે જહન્નમમાં પડશો. નીંદ્રા માટે છ કલાક બસ છે. બાકીના વખતમાં નિંદા, બદનઝર અને ફિતનાથી દુર રહેજો. જો થોડોક વખત પણ ઈબાદત બંદગી નહિ થાય તો આપણા દીન તથા નાતભાઈઓમાં ફીતના કરાવવાના ખ્યાલ ઉભા થશે.

જેઓ બેકાર છે અને ઈબાદત બંદગી નથી કરતા તેઓમાં શેતાન દાખલ થઈ જાય છે.

તમે હિંમત કરો અને હમેશાં સાંજે દુઆ પડવા જમાતખાને આવો અને જલદીથી ઉઠીને ચાલ્યા નહિ જાઓ પણ ઈબાદત બંદગીમાં ખ્યાલ રાખો. જે માણસને જમાતખાનું બહુ દુર થતું હોય અને ને કારણથી જમાતખાનામાં આવી ન શકે તો, તે માણસ પોતાને ઘરે દુઆ પડે પણ હમેશાં દુઆ પડવાની ફરજ છે. અગર દુઆ આવડતી ન હોય તો બાર તસ્બી "પીરશાહ"ના નામની કાઢે.

ઇન્સાન જ્યારે પહેલવાન થવા ઇચ્છે છે ત્યારે કસરત કરે છે, માટે ઈબાદત બંદગી કરી દીનના પહેલવાન થાઓ. દીનની પહેલવાનીની કસરત છે તે રૂહાની કસરત છે. ઈમાનદાર માણુસ અગર ગરીબ હોય પણ જો તેનામાં હિંમત હશે તો એક મોટા કુવામાં કુદી પડવાને ડરશે નહિ, તે તરત કુદકો મારશે. તમે ડરો નહિ અને હિંમતવાળા થાઓ."

બાદ મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે જમાલ મુખીની માગણી કરો છો પણ જો તમે હિંમત કરો તો જમાલ મુખી જેવા થઇ શકો છો. હમણા તમે જમાલ મુખીને બે ત્રણ વર્ષ તેડાવો અને તેની વાએઝ ધ્યાન દઇને સાંભળો. તમે હિંમત કરો તો જમાલ મુખી કેમ ન થાઓ?

વઝીર ઈસ્માઇલ હતા તે ગીનાનની માએના કરતા હતા અને હિંમતવાળા હતા. બીજાઓ તેની વાએઝ સાંભળી હિંમત કરી તો તેમના પછી હઝારો માણસો વાએઝ કરવાવાળા થયા.

વાએઝ કરવા પોતે જ શીખવું જોઈએ. બીજા ઉપર ભરોસો રાખીને બેસી રહેવું નહિ. તમે હમત રાખીને મહેનત કરો તો મોટા વાએઝ કરનારની બરોબરી કરી શકશો.

ઈલમ તથા હિંમતથી વાએઝ કરનાર એક શખ્સ હોય તો, તેને જોઇને હિંમત કરવાથી હઝારો વાએઝ કરનારા થઈ શકે છે. ગીનાન, કુરાન, મસ્નવી વિગેરેની માએના સરખાવીને સમજાવવામાં આવે તો ઘણી સારી અસર થાય.

પીર સદરદીને તમારી જ ભાષામાં ગીનાન રચવાની મહેનત લીધી તેનું કારણ એ કે, તમે સમજી શકો. પીર સદરદીને એવા ગીનાન સમજાવ્યા છે કે, તમે હુશિયાર થઈ જાઓ, પણ તમે સુસ્ત છો અને બીલકુલ હિમત કરતા નથી. ગીનાનનો બોધ એવો છે કે, બરાબર સાંભળે તો તે બોધ દિલમાં ઉતરી જશે. બરાબર માએના કાઢનાર હોય તો આંધળાને પણ સમજાવી શકે.

કુરાને શરીફની માએના એવી રીતે કાઢવી જોઇએ કે, જેવી રીતે મસ્નવી કિતાબની માએના કાઢવામાં આવે છે. કુરાન, ગીનાન તથા મસ્નવી સર્વેની સરખી માએના ઉતારવી જોઇએ. જેવી રીતે પીર સદરદીનના બોધ છે, તેવી જ રીતના મસ્નવીના અર્થ છે પણ તે ફારસીમાં છે; માટે માએના શીખવી જોઇએ.

અમે દુઆ કરીએ છીએ કે, સો વાએઝ કરનારા નીકળે પણ એવો કોઇ નથી કે, અમારી પાસે આવીને અરજ કરે. ત્યારે શું અમે કોઈ પાસે કાલાવાલા કરવા જઈએ? મુંબઈમાં પાંચસો છોકરા અમે જોઈએ છીએ પણ એવી હિંમત અમે કોઈમાં નથી જોતાં કે તેની એવી ઈચ્છા હોય કે, હું મસ્નવી વિગેરે શીખીને વાએઝ કરનાર થાઉં અને બીજાને બોધ આપું.

જમાતખાનુ ભાડેથી લેવમાં આવે તો તેમાં કાંઈ એબ નથી.

અમે જે ફરમાન કર્યા છે તે ફકત ગુપ્તીઓને માટે નથી, સર્વે જમાતને માટે છે. જે માણસ પોતાના રૂહને સંભાળે છે તેણે તો એકજ રૂહને સંભાળ્યો.

**જમાતની ખિદમત કરવામાં ઈબાદતથી વધારે ફાયદો છે અને તે ઘણાં રૂહને સંભાળવા બરાબર છે.**

સામો ધણી જો એતેકાદ વગરનો હોય, તેને પણ જો પાક ઈમાનદાર માણસ નસિહત કરે તો તેની નસિહત અસર કરે.”

## ફરમાન ૬૦ મું.

સિધ્ધપુર તા. ૧૪–૧૦–૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યુ :

“મોમન જમાત સારી છે, ઇમાની છે અને તેઓની જગ્યા બહેશ્ત છે. તમે અમારા ઘરની ખિદમત અસલથી કરતા આવ્યા છો અને હાલ પણ તેમજ કરો છો. અમે તમારા હકમાં દુઆ ફરમાવીએ છીએ કે, તમે સુખી રહો. તમે તમારૂં ઈમાન મજબુત રાખજો.

તમારી આલ ઔલાદ તથા માલમાં બરકત થાય એવું અમે ઇચ્છીએ છીએ. અમે હુમેશાં તમારા ખ્યાલમાં છીએ. અમે હુમેશાં મોમનની યાદમાં છીએ, ફિકરમાં છીએ. તમે એવા થાઓ કે, બીજાઓને નસિહત કરી શકો. અમે તમને જોઇને ખુશી થઇએ છીએ. તમે અમારા માટે મહેનત લ્યો છો તે જોઇ અમે ખુશી થઈએ છીએ.

તમે અમારા કુટુંબી છો અને અમારા સગા છો એમ સમજીને અમે તમારી પાસે આવીયે છીએ.

મર્હુમ આગા શાહ હસનઅલી પણ કહી ગયા છે કે, મુમના અમારા કુટુંબના છે. તમે અમારા મુરીદ છો એમ સમજીને અમે તમારી પાસે આવતા નથી. જેમ ખોજાઓ વિગેરે મુરીદ છે તેમ તમને મુરીદજ માત્ર સમજતાં નથી પણ તમને અમારા સગા સમજીએ છીએ."

## ફરમાન ૬૧ મું.

સિધ્ધપુર તા. ૧૫–૧૦–૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"મુમના જમાતની બે ખસલતો ઘણીજ ખરાબ છે; તેમાંથી એક તો એ છે કે, લગ્ન તોડયા વગર બીજાની ઓરત લઈ જાય છે. એ ઘણુંજ ખરાબ અને મોટા ગુન્હાનું કામ છે અને તે એક શેતાનનું કામ છે. કોઈની ઓરત બીજો લઈ નહિ જાય તેનો બંદોબસ્ત કરો.

અગર કોઇ એવું કામ કરે તેને, નાતની બહાર કાઢી મુકો, જેથી કોઈ દિવસ પાછું એવું કામ કરે નહિ. એવા માણસને ફરીથી નાતમાં લ્યો ત્યારે ભારે દંડ કરો.

બીજી ખરાબ ખસલત એ છે કે, તમે દીકરીને માવતરે બેસાડી રાખો છો એ મોટું પાપ છે. દીકરીઓને સાસરે મોકલો તો ઔલાદનો વધારો થાય. માવતરને ઘેર બેસાડી રાખવાથી તેની ઔલાદ વધતી નથી; એ કેટલા ગુન્હા છે?

છોકરી ચૌદ પંદર વર્ષની ઉમરની થાય કે, તેને તરત સાસરે મોકલી આપવી.

**આવા ગુન્હા કરવાથી વરસાદ આવતો બંધ પડે છે અને બરકત ઉડી જાય છે.**

કોઇ પણ કારણસર કોર્ટમાં જવું એ મોમનને વાજબ નથી. માંહોમાંહે અથવા અમલદારની રૂબરૂ પતાવટ કરવી એમાંજ ફાયદો છે."

## ફરમાન ૬૨ મું.

સિધ્ધપુર તા. ૧૬–૧૦–૧૯૦૮,

હક મૌલાના ધણી સુલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"મોમનના દિલની ખુબી એવી છે કે, અમે તેના દિલમાં રહીએ છીએ. તમારો ખ્યાલ અમારા દિલમાં હમેશાં રહે છે. સવારે તથા સાંજે દુઆ વખતે તમારા હકમાં અમે દુઆ ફરમાવીએ છીએ. તમે પણ અમને વિસારશો નહિ.

તમારૂં નામ મોમન છે. મર્હુમ આગાશાહ હસનઅલી અને આગા અલીશાહ દાતાર ફરમાવી ગયા છે કે, તમે અમારા કુટુંબના છો.

તમારામાં બીજો કોઈ પણ એબ નથી પણ, તમારી બે ખસલતો કાઢી નાખો. તમે બીજાઓની ઓરતને, લગ્ન તોડયા વગર ઉપાડી જાઓ છો એ મોટામાં મોટો ગુન્હો છે. મોમનની દીકરીઓ પોતાની બહેનો છે. તમારા બદનઝરીના ખ્યાલને દુર કરો અને એવી રીતે સમજો કે, તે સગી બહેનો છે.

ઓરતો પણ પારકા મરદને માતાના દીકરા ભાઈ કરીને સમજે. કોઈ ખરાબ કામ કરે તેને (પંચ) અમલદારોએ સાથે મળીને એવી સજા કરવી કે, એવું કામ ફરીથી કોઈ કરે નહિ. આવતી દુનિયામાં મોટી સજા છે તેનાથી ડરો. દીનની બહેનો સામે બદનઝર કરવી તે પોતાની સગી બહેનો સામે બદનઝર કરવા બરાબર છે. આવા કામ તમારામાં થાય છે એ શું વાજબી છે? આ બાબત ઉપર ખુબ ધ્યાન આપો.

તમે દીકરીઓની શાદી નાનપણમાં કરો છો છતાં, તેને ઘણી મોટી ઉમર સુધી સાસરે મોકલતા નથી તેથી અઝીમ ગુન્હા થાય છે. તમે જેટલા વરસ તેને ઘરે બેસાડી રાખો છો તેટલા વરસમાં તેને બે ત્રણ ઔલાદ થાય; આ પ્રમાણે ઓલાદ થતી અટકે છે તેનાં તમને ગુન્હા થાય છે. તે બાઈનો ધણી જુવાન હોય, તેની બદનઝર થાય તેનો ગુન્હા પણ તમારા પર થાય છે.

છોકરીની ઉમર સોળ સત્તર વરસ, વીસ વરસ તો હદ થઈ, તેથી એક દિવસ પણ વધારે ઘરમાં રાખશો તો અઝીમ ગુન્હા થશે. દીકરીઓ તમારા હાથમાં ગુન્હેગાર માફક કેદી નથી કે તમે તેઓની પાસે મજુરી કરાવો છો. ફાયદાની વાત તો એ છે કે, દીકરીઓ સાસરે જાય, તેની ઔલાદ વધે અને તે ઔલાદ મોમન થાય. આવી રીતે ચાલો તો બરકત થાય. તમે ઇસમાઇલી દીન ઉપર મુસ્તકીમ છો. કોઇ પણ ઇન્સાન ગુન્હા વગરનો નથી. તમારી આ બે ખસલતો સારી નથી, તે એકદમ કાઢી નાખો."

## ફરમાન ૬૩ મું.

વઢવાણ કેમ્પ તા. ૧૮–૧૦–૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે ઘણી મહેનત કરી અહિં આવ્યા છો અને જે જે કદમ ભર્યા છે તેનો બદલો આ દુનિયામાં અને પેલી દુનિયામાં ખુદાવંદ તમો જમાતને આપશે. તમે ઇન્સાન રૂપમાં છો, ખુદાવંદતઆલાએ તમારી ઉપર ઘણી જ મહેરબાની કરી છે કે, તમને મહોબતથી સતપંથ દીનમાં જન્મ આપ્યો છે પણ હેફ છે કે, ઢોરની મિસાલ જન્મ ચાલ્યો જાય છે અને ઇન્સાન પાછો ખાકમાં દાખલ થઈ જાય છે.

રોજ કયામતમાં બીજી જાતોને તો એક બહાનુ પણ છે કે, તેઓને સતપંથ દીનની ખબર નહિ હતી. તમે અરબ, બદકશાની, ખોજા, મુમના તથા બીજા જેટલા ઇસમાઇલી સતપંથી છો, તેઓ રોજ કયામતના દિવસે કાંઈપણ બહાનુ કાઢી શકશો નહિ. આ દુનિયા

બે દિવસ માટે છે તેમાં, તમે શેતાનની બાજી ખાઓ છો. તમારા પગ નીચે માયાનો એક ગંજ છે, તેના ઉપર ધુળનો ઢગલો છે, તેને તમે આ તરફ કે પેલી તરફ કરી શકતા નથી કે જેથી, ખજાનો તમારા હાથમા આવે.

ખ્યાલ કરો! આ જગ્યાએ એવું તેલ છે કે જેની રોશની ઘણી જ થાય છે. મિસાલ આ વિજળીની બત્તી તમારી પાસે બળે છે, તેને તમે જુવો છો. એ બત્તી દુનિયાની છે. તમારા રૂહના ચિરાગમાં રોગાનનો ઢગલો છે પણ તેને દિવાસળીથી સળગાવો નહિ તો રોશની કેમ થાય? તમારી હવેની આટલી જીંદગી છે તે, બે ફાયદે અને બેખબરીથી કેટલોક વખત ખોતા રહેશો? તમે બાતુની ઇલમથી વાકેફગાર બનો.

તમે ઇબાદત કરતા નથી. આ દીન ઇસમાઇલી, જે ઘણો જ ઉત્તમ દીન છે તેને તમે સમજતા નથી તેથી બીજાના દીન ઉપર દોરવાઇ જાઓ છો. તમે ખબરદાર થાઓ. તમે શેતાનની બાજી ખાઇ જાઓ છો. તમે સમજો કે, તમારા હાથમાં જવાહીર છે.

તમે બીજાના દીનમાં જાઓ છો તે જાહેરી દીન છે. એ સઘળા દીનમાં જાહેરની, બદનની, ગોસ્તની ઇબાદત છે. જબાનની ઇબાદત તો હેવાન પણ કરી શકે છે. તે શું કામની છે? ગાય, બેલ વિગેરે સર્વેને કાન, જબાન તથા બદન છે, ત્યારે તમારામાં અને બેલમાં શું ફરક છે? ઇન્સાનની માફક કુતરા તથા બીજા હેવાન પણ બદન ધરાવે છે. તેઓ પણ ખાવું ખાય છે, જંગલમાં જાય છે, હાલે ચાલે છે, દોડે છે, ગોસ્ત અથવા બીજું ખાવાનું હોય ત્યાં જાય છે અને નારીને માટે દોડયા કરે છે. ત્યારે, તમારામાં અને કુતરા વિગેરે હેવાનમાં શું ફરક?

તમે પણ રોટલા તથા ઓરતો માટે દોડાદોડ કરો છો. કુતરો પણ જબાનથી બકબક કરે છે અને વધારે બોલે છે. એવી રીતે તમે પણ ખાવું તથા બકબક કરવું એ કામ કરો તો તમારામાં અને કુતરા ગધેડામાં શું ફરક રહ્યો? ત્યારે લખચોરાસીના ફેરા ફરીને

ઇન્સાન થવાનો શું ફાયદો? જ્યારે ઇન્સાન થયા તે વખતમાં નહિ ચેત્યા, ગધેડા કુતરા જ રહી ગયા, લખ ચોરાસીમાં પડી હેવાન થયા અને મરી ગયા ત્યારે શું હાંસલ? મરીને પાછા કુતરા થયા તેમાં શો લાભ? તમે ખ્યાલ કરો, તમારા આદમના અવતારને ઓળખો, ઇન્સાન અવતાર તરીકેનો તમારો મરતબો સમજો.

ઇન્સાનની બે હાલતો છે. એક હાલત ફિરસ્તાની તથા બીજી હાલત શેતાનની છે. ઇન્સાનમાં ફિરસ્તો પણ છે અને હેવાન પણ છે. ફિરશ્તા થવું અથવા હેવાન થવું એ તમારા પોતાના હાથમાં છે. ગધેડા જેવા માણસો આવીને અમને પુછેછે કે, અમે શું કરીએ? અમારા ખ્યાલ દુનિયા ઉપર છે અને ઇબાદત પણ જબાનની છે. આવા માણસને અમારે શું જવાબ દેવો? તેથી અમારે કાન બંધ રાખીને ચુપ બેસવું પડે છે.

જેમ ફિરસ્તા ઉપર શાહ છે તેમ તમારા ઉપર પણ છે. ફિરસ્તાની અંદર એક કુવો છે તેમ તમારી અંદર પણ કુવો છે. જ્યાં સુધી હાંડો નાખીને પાણી કાઢવામાં આવે નહિ, ત્યાં સુધી પાણી હાથ આવે નહિ. તમે કયાં સુધી બાજી ખાશો? તમે કયાં સુધી તમારા ખ્યાલ દુનિયા ઉપર રાખશો? તમે સમજો છો કે, દુનિયા બે દિવસની છે, આખર બધાને મરી જવાનું છે. અમે એમ નથી કહેતા કે, દુનિયાનું કામ નહિ કરો. એમ સમજતો હોય તેની ભુલ છે.

ખુદાવંદતઆલાએ કામ ધંધો કરવાનો વખત નીમેલો છે. દિવસ ઇન્સાનને કમાઇ ધંધા માટે છે. રાત ખુદાવંદે શા માટે કીધી છે? રાતનો બધો વખત સુઇ રહેવા માટે નથી, ઇબાદત માટે પણ છે અને ઇબાદતમાં ખુશી સમાએલી છે.

ઇન્સાનને છ કલાક નીંદ્રા માટે ઘણા છે, બાકીનો રાતનો વખત ઇબાદતમાં ગુજારો. તમે કહો છો કે, અમે મોમન છીએ; ત્યારે અમે પુછીએ છીએ કે, જનાવરથી કયો હુન્નર તમારામાં વધારે છે? હેવાન ખાય છે તેમ તમે ખાઓ છો, હેવાન પાણી પીએ છે તેમ તમે પાણી પીયો છો, હેવાન બકબક કરે છે તેમ તમે બકબક કરો છો.

જેમ કુતરા હાડકાં અને માંસ પછવાડે દોડે છે તેમ તમે પૈસાની પછવાડે દોડો છો. હેવાન સુએ છે તેમ તમે સુઓ છો. જાનવર બચ્ચાં પેદા કરે છે તેમ ઇન્સાન બચ્ચાં પેદા કરે છે. આવી રીતના જેટલા કામ ઇન્સાન કરે છે તે તો સર્વે હેવાન પણ કરી શકે છે, ત્યારે તમારામાં અને હેવાનમાં શું ફરક?

તમે ખ્યાલ કરો, તમે કયા દરજ્જા ઉપર પહોંચ્યા છો? તમારી ફઝીલત તથા સારો વખત રૂહને ઓળખવાનો છે. હાલ તમારી બન્ને બાજુએ બે રસ્તા છે. એક તરફ એક સડક ગઈ છે તથા બીજી તરફ બીજી સડક ગઈ છે. એક સડક હેવાન એટલે બદનની છે અને બીજી સડક રૂહની એટલે ફિરસ્તાની છે. ફિરસ્તાની સડક આસમાન ઉપર જાય છે. જો તમે એ સડક પકડશો તો સાતમે આસમાને જઇ પહોંચશો, અગર એ સડક છોડી આપશો તો, તમારો રૂહ જમીન ઉપરજ રહેશે.

સાતમા આસમાન ઉપર જે સડક જાય છે તેનો ખ્યાલ કરો. ઇન્સાન થઇને કયાં સુધી હેવાન જેવા રહી જશો? દુનિયા ઉપર કયાં સુધી મહોબત રાખશો? કયાં સુધી દુનિયાની બાજી ખાધા કરશો? અમારા બાપદાદાના બતાવેલા દીન ઇસમાઇલી ઉપર તમે ચાલતા આવેલા છો, તેમજ ખરા દિલથી આ સતપંથ દીન ઉપર કાયમ રહેશો તો પાછા પગલાં એટલે અધમગતી થવાની નથી.

જો તમે હિંમત રાખીને આસમાનની સડક પકડશો, તો જે વસ્તુ અમારા હાથમાં છે તે, નાનપણમાં જોઈ શકશો. જો તમે જમીનનો રસ્તો લેશો તો જેમ ઝાડને તોફાન લાગવાથી ઝાડના પાંદડા પવનની ગતી પ્રમાણે આમતેમ હાલ્યા કરે છે તેમ હાલ્યા કરશો, અને તમે ખાક પર ચાલ્યા કરશો. સર્વે તમારા હાથમાં છે. જો તમે એક દિલીથી તથા મહોબતથી સચ્ચા રસ્તા ઉપર ચાલશો તો આસમાન ઉપર ચડી શકશો, નહિ તો જમીન ઉપર રહેશો. સઘળું તમારા હાથમાં છે. અમારી ફરજ એ છે કે, તમને સમજ આપીએ; તે રસ્તા ઉપર ચાલવું એ તમારૂં કામ છે. ખાનાવાદાન! દુઆ પડો! તમારા હકમા અમે દુઆ કરીએ છીએ.

## ફરમાન ૬૪ મું.

વઢવાણ કેમ્પ તા. ૧૯–૧૦–૧૯૦૩

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે ખાલીપીલી બીજી વાતો નહિ કરો અને બરાબર ખ્યાલથી સાંભળો.

અમે જે ફરમાન તમને ફરમાવીએ છીએ તે જવાહીર છે. જેઓ ઈન્સાન છે તેઓ જવાહીર ઉંચકી લેશે. જેઓ હેવાન છે તેઓની નજર ઘાસ ઉપર રહેશે અને જવાહીરને છોડી આપશે.

તમે જેટલા ઈમાન સાથે અમારી પાસે આવ્યા તેટલા જ ઇમાનથી પાછા જાઓ તેમાં શું ફાયદો? ઇસમાઈલી દીન સતપંથનો મરમ સમજો. તમારૂં દિલ એટલે જીવ કેમ પાક થાય તે સમજો.

જે ગુન્હા કરે છે તે હેવાન છે. તમે સડક ઉપર નકામી દોડધામ કરો છો અને દિલમાં એમ સમજો છો કે, અમે ખોજા છીએ તેમાં શું ફાયદો?

તમારામાંથી કેટલાક જણ હિંમત કરીને જમાતખાને જાય છે અને ઈબાદત બંદગી કરે છે. જે જમાતખાને જઇ ઈબાદત બંદગી કરે છે, હિંમત રાખે છે તેનું દિલ ઈલિમ ઉપર વધારે હોય છે. કેટલાક માણસો દિવસ રાત નકામા ગુમાવે છે, દીન ઉપર સાબીત રહેતા નથી, તેમને હિંમત નથી અને બેદીન લોકો સાથે મહોબત બાંધે છે. આમ કરનારા અમારા "મુરીદ" નથી પણ "મરીદ" એટલે "ભટકતા" છે.

### મોમન પોતાને તથા પોતાની ઔલાદને બેદીન લોકોથી દુર રાખે છે.

એક વખત હ૦ ઇસા પોતાના અસહાબો સાથે ચાલ્યા જતા હતા, તે વખતે તેઓને એક માણસ સામે મળ્યો. આ માણસને જોઇને હ૦ ઇસા પયગમ્બર દોડીને એક બાજુની ગલીમાં નાસી

ગયા. તેઓ ઘણા દુર ગયા બાદ, બીજા અસહાબો તેમની પાસે પહોંચ્યા. અસહાબોએ પયગમ્બરને અરજ કરી કે, સાહેબ, તમે વાઘ તથા સિંહથી ડરતા નથી. તેમજ જંગલમાં બીજા ફાડીખાનારા જનાવરોથી પણ બ્હીતા નથી, ત્યારે એક ફકીર જેવા માણસને જોઇને કેમ નાસી ગયા? હ૦ ઈસા પયગમ્બરે ફરમાવ્યું કે, જે માણસ સામે મળ્યો તે, નાદાન બેદીન હતો. નાદાન બેદીન ગધેડાથી નાસી જવું વધારે સારૂં છે. એવા બેદીન લોકોથી દુર રહેવામાં ફાયદો છે.

પયગમ્બર જેવા પણ બેદીન લોકોથી નાસીને દુર રહ્યા હતા, ત્યારે તમે એવા બેદીન માણસોની સોબત કરો, તેઓ સાથે વાતોચીતો કરો, તો તમારા દીલ શીયાહી જેવા કાળા થઇ જશે.

તમારામાં જુવાન બચ્ચાં છે તેમને દીનનો ઇલ્મ તથા ગીનાન શીખવો તો તમારા બચ્ચાં ઘણા સારા થશે. જો તમે તેમને ઈલ્મ નહિ શીખવશો તો તેઓ ગધેડા જેવા થઈ જશે અને બે બોલ બોલશે, મોઢાથી બકબક કરશે અને કહેશે કે, અમે ઇબાદત બંદગી કરી.

હમણાં તમારો વખત છે, તેમાં તમારી અક્કલ ખોલો, સાંભળો, યાદ કરો અને તમે ખ્યાલ કરો.

પીર સદરદીને જે રૂહાની ગીનાન ફરમાવ્યા છે તથા હાજર જોમાના જે ફરમાનો છે તેને તમે યાદ કરો. જેવી રીતે છાપા, ન્યુઝ પેપર વાંચી જાઓ છો તેવી રીતે વાંચી ગયા તો શું ફાયદો? એક-એક લીટી દિલમાં ગ્રહણ કરો. ગીનાનની તથા અમારા ફરમાનની એકએક લીટી હઝાર હઝાર લીટી જેવી છે.

જ્યારે તમે ઇલ્મ પડો છો ત્યારે બેસીને ખ્યાલ કરો. આ તરફ પણ ખ્યાલ કરો અને પેલી તરફ પણ ખ્યાલ કરો. જ્યારે તમે બહુ ખ્યાલ પહોંચાડશો ત્યારે તેમાંથી થોડું ઘણું સમજી શકશો. તમે હમેશાં સાંજ સવાર જમાતખાનામાં જાઓ અને દુઆ પડો.

એવો ખ્યાલ નહિ કરશો કે, પૈસા ખરચીને મોટું જમાતખાનું બનાવવામાં ઇમાન છે. તમારૂં ઇમાન લીલી માટી જેવું ન થાય

તેનો ખ્યાલ કરો. અરસ પરસ મહોબત સાથે જમાતખાનામાં જઈ સાથે મળીને બંદગી કરવામાં ઘણો સવાબ છે.

જ્યાં ત્રણ ઘર હોય અને જુદા જુદા ઘરમાં રહેતા હોય, તો ત્રણે જણ સાથે મળીને એક ઘરમાં હમેશાં દુઆ પડો અને ઈબાદત બંદગી કરો. તમે ત્રણ જણા હો તો એવો ખ્યાલ નહિ લાવવો કે, ફલાણો આવે તો જ દુઆ પડવા જઈએ. એકઠા મળીને ઇબાદત કરવામાં બહુ સારૂં છે. જે કોઈ પોતાની જગ્યા બંદગી કરવા માટે આપશે તેને ઘણો સવાબ છે.

તમે દિલથી ચોકસાઇ કરો કે, તમારા ઇમાનમાં વધારો થાય અને તમને ફાયદો થાય. તમારા દિલમાં જો એવો ખ્યાલ નહિ કરો તો તમારા આવવામાં શું ફાયદો થાય? માટે તમે ચોક્કસાઇ કરો અને હિંમત વધારો. અમે અંહિં આવ્યા છીએ ત્યારે એવો ફાયદો લ્યો. જો તમારા દિલમાં ફાયદો નહિ લ્યો તો, જેમ આ વાદળા એકદમ એક તરફથી ચડીને આવે છે અને બીજી તરફ ચાલ્યા જાય છે, તેમાં કાંઈ ફાયદો નથી; તેમ તમે પણ વાદળા માફક આવીને બેફાયદે ચાલ્યા જાઓ તે શું કામનું?

તમે હિંમત રાખો, સુસ્તી છોડી આપો, દુનિયાના ખ્યાલ તરક કરો. તમે ઈન્સાન છો અને બે દિવસમાં મરી જવાનું છે; ઇબાદત બંદગી કરી લ્યો. જો ઇબાદત નહિ કરો તો જહન્નમમાં જશો અથવા પાછા હેવાન થશો તેમાં શું ફાયદો?

તમે દિલ સાથે ચોક્કસાઇ કરો, તમારૂં ઇમાન તમારા દિલમાં છે તેને હિંમત આપો. આજ સુધી તમારા દિલમાં સુસ્તી હતી હવે પછી પોતાના દિલથી કરાર કરો અને તમારા ખુદાવંદને દિલમાં જગ્યા આપો. એવો કરાર કરો કે, આજ પછી હિંમત ઘણી જ રાખો, એવી હિંમત રાખો અને એવો કરાર કરો કે, આજ પછી દીન ઉપર વધારે ખ્યાલ રાખો.

**તમારા દિલના રૂહને અહેવાલ પુછો કે અંદર જીવ કેવી રીતે ચાલે છે? રાત દિવસમાં બે ત્રણ કલાક જીવ**

**સાથે ખ્યાલમાં રહી તેની સાથે વાતચીતમાં રહો. કેટલા દિવસ તમારા દિલને ઇબાદત વગર રાખશો?**

જેમ મરઘી જમીન ઉપર માથું પટકે છે તેમ કેટલા દિવસ તમે જમીન ઉપર માથું પટકતા રહેશો? તમે ઉપર જવાના ખ્યાલ રાખો; એટલે કે, પોતાના રૂહનો ખ્યાલ આસમાન ઉપર જાવાનો રાખો.

જુઓ! મુર્તઝાઅલીના અસહાબ સલમાન જેવા હતા, તે સલમાન એક ફારસી એટલે ઇરાની હતો, છતાંપણ ઇબાદત બંદગીના પ્રતાપે અહેલેબેતનો રૂત્બો મેળવવા પામ્યો. તમે પણ એવીજ હિમ્મત કરો. એવું કારણ નથી કે તમે તેના જેવા થઇ ન શકો, ફકત તમારી પોતાની ના હિંમતી છે. તમારા દિલમાં મહોબત જોઇએ, સુરતી પોતાના દિલની છે.

નકામી વાતો કરો છો તેથી આખરતનો ફાયદો કાંઇ થતો નથી. ઘણા નાદાન માણસો એવા ખ્યાલ કરે છે કે, ઇબાદત અરબી ભાષામાં કરીએ પણ હિંદુસ્તાનના રહેવાસી ખોજાને અરબી જબાનમાં શું ફાયદો થાય?

અરબી શબ્દોમાં, અરબી નમાઝ અરબ લોકોને માટે સારી છે. જેઓ તેની માએના સમજી શકે છે તેઓને માટે સારી છે. જે કોઇ અરબ નથી અને સમજવા વગર બેખુદ નમાઝ પડે છે, તે તો કાગડાની મિસાલ "કરાં-કરાં" કરે છે. જેઓ માએના સમજતા નથી તેનો રૂહ તેમાં હોતો નથી. તે ફકત મોઢાની બકબકાટ કરે છે.

હ. ઈમામ હુસેનના જમાનામાં સિમર પણ નમાઝ પડતો હતો. જેઓ બેઇમાનીથી નમાઝ પડે છે તેઓ સિમર મિસાલ છે પણ અલહમ્દોલિલ્લાહ! તમે શુક્રાના અદા કરો કે, આ સતપંથ દીનમાં તમારો જન્મ થયો છે, તમે તે ઉપર ખ્યાલ રાખો. જો તે ઉપર ખ્યાલ હશે અને તમારા બદનમાંથી રૂહ નીકળી જશે તો પરબારા બહેશ્તમાં જશો.

બહેશ્તમાં પહોંચ્યા તોપણ, બાગ બગીચામાં કાંઇ ફાયદો નથી.

ત્યાંથી પણ પાછા નીકળીને હેવાન થશો. બહેસ્તથી પણ વધારે પાક એક જગ્યા છે, ત્યાં રૂહને પહોંચવું જોઈએ. રૂહ છે તે તમારો આગળનો જીવ છે, તેને તમે દિલમાં એક કરો. તમે કયાં સુધી એ દિલ રહેશો? તમારો રૂહ કયાં સુધી ખાકમાં રહેશે? પાક છે તે ચીજ બીજી છે અને ખાક છે તે પણ બીજી ચીજ છે.

તમે ચોકકસાઈ કરો. હાલ તમે ખાક છો, એ ખાકમાંથી તમે પાક થાઓ. જો તમે પાક થઈ જાઓ તો પછી તમારા ખોળીયાને બાળી નાખવામાં આવે અથવા કુતરા ખાઈ જાય તેમાં કાંઈ પણ એબ નથી. ખાક ચીજ હતી તે તો અંતે ખાક છે પણ, બદનમાં જે રૂહ છે તે પાક ચીજ છે.

જેનો રૂહ પાક હશે તે જીબ્રાઈલ ફિરસ્તાથી પણ ઉંચે દરજ્જે જશે એટલે કે, પયગમ્બર જેવો થશે. રૂહને પાક કરવાની રીત શું છે? પહેલું એ છે કે, ઇમાન પાક હોવું જોઈએ; ત્યાર પછી ઈબાદત કરવી અને તે પછી હંમેશની તાલીમ લેવી જોઇએ. માણુસ કસરત કરવાથી પહેલવાન થઈ શકે છે. પહેલવાન થવાને જેવી કસરત કરો છો, તેવી કસરત રૂહ સાથે કરો ત્યારે આગળ વધી શકો; ત્યારે તમે રૂહના પહેલવાન થઇ શકશો.

તમે જ્યારે ઈન્સાન છો ત્યારે હિંમત કરો. અમારા ફરમાન આ કાનથી સાંભળી પેલે કાને કાઢી નાખશો તો કાંઈ પણ ફાયદો નહિ થાય. ગરમીની સીઝનમાં અમે અહિં આવ્યા છીએ ને તમે અમારા ફરમાનને યાદ નહિ કરો તો, ખાલી પીલી અહિં આવ્યા અને નકામી મહેનત કરી.

એવા કામ કરો કે જેમાં ફાયદો થાય અને મેવો તમારા ખાવામાં આવે. તમે અમારા કાંગવા ભરો છો તેની માએના એ છે કે, તમે અમારી બૈયત કરો છો. અમારા કાંગવા ભરનાર અમારી સાથે એવો કોલ કરે છે કે, જ્યાં સુધી જીવતા છીએ ત્યાં સુધી તમારા ફરમાનથી કદી પણ બહાર જઈશું નહિ. અમે પણ તેઓને એવી જામીનગીરી આપીએ છીએ કે, પેલી દુનિયામાં પણ તમે અમારી પાસેજ હશો અને અમે તમારી પાસે હોઈશું."

## ફરમાન ૬૫ મું.

રાજકોટ તા. ૨૧-૧૦-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે હમણાં ઇન્સાન રૂપમાં છો, તેમાં કેવા કેવા ફાયદા છે તેનો ખ્યાલ કરો. તમે પવન રૂપમાં નથી, તેમ પાણી રૂપે પણ નથી. પાણી હોય તે ફરી ફરીને નદીના રૂપે ચાલ્યું જાય છે, પવન પણ એજ પ્રમાણે છે.

તમે ઇન્સાન થયા ત્યારે તમને જન્મ તથા મરણ છે. ઇન્સાન જન્મ અને મરણની વચમાં ફર્યા કરે તેમાં શું ફાયદો થાય? દુનિયામાં જન્મીને ખાધું, પીધું, પહેર્યું અને બચ્ચાં પેદા કર્યા, દુનિયાના રસ્તામાં આવ્યા અને ગયા, આ કામ તો હેવાન પણ કરે છે, ત્યારે ઇન્સાનની ફઝિલત શું છે? તે સમજવું જોઇએ.

ઇબાદત એ હમેશાંની કસરત તથા તાલીમ છે. અગર તમે એકાદ માસ ઇબાદત નહિ, કરો તો આસ્તે આસ્તે કસરત ભુલી જશો. કસરત નહિ કરો તો પહેલવાન નહિ થાઓ, શરીર શુન્ય મારી જશે એટલે કે, સુસ્ત થઇ જશે. તમારા બદનમાં રૂહ છે તેની કસરત ઇબાદત છે.

**જો તમે જમાતખાનામાં નહિ જાઓ તો ઇબાદતની કસરત કેમ થશે?**

જમાતખાનાની માએના એ નથી કે, એક મોટો બંગલો કરીને બેઠાં. એ કાંઇ કુદરતી રચના નથી. જ્યારે નાની જમાતમાંથી મોટી જમાત થાય છે ત્યારે તેને મોટી જગ્યા જોઇએ અને નાની જમાત હોય ત્યારે નાની જગ્યા જોઇએ. અમારો કહેવાનો મકસુદ એ છે કે, જમાતખાનુ એક ઘર છે, જે ઇબાદતને વાસ્તે જરૂર હોવું જોઇએ. કોઈ પણ ઘર બંદગી માટે લેવું; તે ભાડેથી લેવું અગર ભાડે ન લેવામાં આવે તો કોઇ પણ ઘર જોઇએ, ત્યાં જઇને ઇબાદત કરવી.

ઈબાદત કરવામાં તમને ફાયદો થશે યાને તમારો શોખ અને દિલની ખુબી વધતી જશે.

તમે હુશિયારી રાખો અને હકથી ચાલો. ઇન્સાનને દિલમાં એમ ન હોવું જોઈએ કે, અમુક દરજ્જા સુધી પહોંચીને અટકી જાય. મોમનની નિશાની એ છે કે, એક વખતમાં રાજી થઇ જવો નથી. મોમનની નિગાહ હમેશાં ઉંચે જવાની હોય છે. મોમનનો ખ્યાલ એવો હોય છે કે, હું ફિરસ્તો થઇ જાઉં અને જીબ્રાઈલને દરજ્જે પહોંચું. દુનિયાની કુવ્વત એવી નથી કે, તે દરજ્જા સુધી પહોંચી શકે પણ દિલ ત્યાં પહોંચી શકે છે.

તમે દિલથી ચોકકસાઈ કરો અને પાક થાઓ. ઈન્સાન કેવી રીતે પાક થાય છે? આંખ, કાન, નાક, મોઢું સર્વે પાક થાય ત્યારે રૂહ ઉપર ચડી શકે.

કુતરો જ્યારે કરડે છે ત્યારે તેનું મોઢું બંધ કરવામાં આવે છે, બીજા હેવાનનું મોઢું પણ બંધ કરવામાં આવે છે તેમ, ઈન્સાનનું મોઢું પણ ફરમાનથી બંધ કરવામાં આવે તો બંધ થાય છે. હકીકતી ઈન્સાન તથા હેવાનનો ફરક એ છે કે, ઈન્સાનનું મોઢું નહિ બાંધો તો પણ તે કરડતો નથી. હકીકતીનું દિલ કોઇને કરડવાને ચાહતું નથી કારણ કે, તે કરડવાને ખુશી નથી પણ એવા આખી દુનિયામાં થોડાજ મળી આવશે. તમારૂં મોઢું ખુલ્લું હોય તો પણ તમારે કરડવું નહિ. તમે કોઇને કરડવાના ખ્યાલ પણ રાખો નહિ.

અમે જે ફરમાન કરીએ છીએ તે જવાહીર જેવા છે. જ્યારે તમને ફુરસદ મળે ત્યારે અમારા ફરમાન ઉપર બે કલાક ખ્યાલ કરો. જ્યારે અમે ફરમાન માટે મોઢું ઉઘાડીએ છીએ ત્યારે મોતીના ઢગલા આપીએ છીએ પણ, પરીક્ષા કરનાર મોમન હોય તેજ તે મોતીઓની કિંમત સમજી શકે છે અને સમજે છે કે, તેઓને શું ચીજ મળી છે. પણ તમે નાદાન છો, ઈસા પયગમ્બર નાદાન પાસેથી નાસી ગયા હતા તેમ, તમે નાદાન જેવા થાઓ તો મોતીના ઢગલામાંથી શું ફાયદો હાંસલ કરી શકશો?

દુનિયા બે દિવસની છે, તેમાં ઈબાદત કરીને પાક બનવાનો ખ્યાલ રાખો. હકીકતી મોમન ફકત રમજાન મહીનામાંજ રોજા રાખતા નથી, તેઓને તો ૩૬૦ દિવસ હમેશાં રોજા હોય છે. ત્રણસો સાઠ દિવસમાં એક પણ બદકામ ન થાય એ રોઝા છે, કોઇને ઇજા ન કરવી એ રોઝા છે. એ રોઝા નથી કે, મોઢું બંધ કરીને નહિં ખાવું અને બીજા ગુન્હાના બદકામ કરવા. આ ખ્યાલના રોજા છે. હમેશાં ખ્યાલ રાખી વિચાર કરવો. એવો ખ્યાલ રાખવો કે, તમારા દિલમાં કોઈ બદ વિચાર ઉતપન્ન થાય નહિ, તેમ કોઇનો હસદ કરવાનો ખ્યાલ દિલમાં આવે નહિ.

બંદગી, પોતાનું દિલ સાફ રાખીને ગુજારવી. એવું ન બનવું જોઇએ કે, બે વરસ ઈબાદત કર્યા પછી મગરૂરી પેદા થાય.

**બે વરસ અથવા વીસ વરસ બંદગી કરીને જો મગરૂરી ઉતપન્ન થશે તો, તરત જ ઇન્સાન મટીને શેતાન બની જશે**

જે કોઇ પોતાના પાક અને સાફ દિલથી ઈબાદત કરશે તે હ૦ ઈસા તથા મુસા પયગમ્બર જેવા થશે. એટલુંજ નહિં પણ એથી પણ ઉંચે દરજ્જે પહોંચશે. ઈસા તથા મુસા નબીને દરજ્જે તે થઈ શકે છે કે, જે શખ્સની જીંદગી પુરી થયા લગી, તેના દરેક ખ્યાલ પાક હોય. જેનું દિલ પાક હોય અને જેનો રૂહ રાત દિવસ ખુદાવંદતઆલા સાથે મેળાપ કરતું હોય, તેવા લોકો પોતાની હિંમતથી ઉંચે દરજ્જે પહોંચી શકે છે.

અમે જાણીએ છીએ, કે તમે બધાં એવા નથી કે, ઇસા અથવા મુસા જેવા થઈ શકો પણ જો, તમે દિન પ્રતિદિન થોડા થોડા વધારે સારા થાઓ, એક એક કદમ, એક એક ઇંચ, કાંઈક પણ આગળ વધશો તો પણ અમે ફાયદો સમજશું.

એવું ન બનવું જોઇએ કે, બે કદમ પાછા હઠી જાઓ. કેટલાક માણસો રસ્તામાં આગળ ચાલે છે અને વળી બે કદમ પાછા હઠી જાય છે; જો આમ થાય તો વિચાર કરો કે, જ્યાં પહોંચવું છે ત્યાં કેવી રીતે પહોંચી શકાય?

તમે કાંગવો ભરો છો તેની માએના એ છે કે, તમે અમારી બેયત કરો છો એટલે કે, તમે અમારી સાથે એવો કોલ કરો છો કે, અમારા હુકમથી કદી પણુ બહાર જશો નહિ. આવો કોલ કરીને પછી અમારી સાથે નથી ચાલતા, અમારા ફરમાન ઉપર નથી ચાલતા તો તેના કરતાં કાંગવો નહિ ભરવો અને કોલ નહિ આપવો એજ બહેતર છે. મકસદ એમ છે કે, તમે બૈયત કરો છો કે, અમે તમારા તાબામાં થયા. એ વાત તોડી નાખો ત્યારે એ તો મશ્કરી થઇ. તમે મશ્કરી કરવા તો નથી આવતા ?

અમારા અહિંયા પધારવા છતાં તમે એવાને એવા રહી જાઓ ત્યારે, અમે અત્રે પધાર્યા અને તમે પણુ અત્રે આવ્યા તેનો શું ફાયદો? તમે ઘણી મહેનત કરીને અત્રે આવ્યા છો અને અમે જે મેવો આપીએ છીએ તે ખાધા વગર જેવાને તેવા ઘરે પાછા જાઓ ત્યારે મહેનત કરીને અહિં આવવાનું શું ફળ? તમે અક્કલથી વિચાર કરો.

તમારે ગામ જઇને ઇબાદત વધારે કરજો, હિંમત વધારે રાખજો. વધારે એક દિલીથી ચાલજો. સરકાર સાહેબની ખિદમત વધારે કરજો. તમારા બચ્ચાંમાં ઇલમ દીનનો ફેલાવો કરજો.

જે કોઇ આપણુા દીનમાંથી નીકળી જાય છે અને પોતાના ખ્યાલ બીજે ઠેકાણે દોડાવે છે તે બે ઇલ્મ છે. તેને દીન ઇલિમની કાંઈ ખબર નથી. તેઓ માએના સમજતા નથી અને જે મેવો અમે આપીએ છીએ તે ખાતા નથી. તેઓ મેવને ઓળખતા નથી કારણુ કે, એ મેવો તેઓએ કદી ખાધો નથી, તેમ તેઓના માબાપે તેઓને મેવો ચખાડયો નથી. એવા માણુસને કોઇ ગમે તેવા ફરેબ આપશે અને ગમે તે ખાવાનું આપશે તો તે તરત ખાઈ જશે.

બચ્ચાંના માબાપ એવું કામ ન કરે કે જેથી તેઓ એવા ગુન્હાને લાયક થાય. તમે બચ્ચાંઓને દીનથી વાકેફગાર નહિં કરો તો તેઓ ખરાબ થઇને બીજાના દીનમાં જશે, તેમાં બચ્ચાંની તકસીર ગણુાશે નહિ પણુ માબાપની તકસીર લેખાશે. વળી માબાપોની તકસીર ઉપરાંત, જે જમાતના મુખી કામડીયાએ ખબર નહિ લીધી

હેય તેની પણ તકસીર ગણાશે. એવા દીનથી નાવાકેફગાર લોકો દીનમાંથી નીકળી જાય, તેના અરધા ગુન્હા તેના માબાપો ઉપર છે અને અરધા ગુન્હા મુખી કામડીયા તથા જમાતના અમલદારો ઉપર છે; કારણ કે, તેઓએ મહેનત લીધી નહિ.

જે લોકો ગામમાં છે તેઓની રૂહાનીને નસિહતના બોલ સમજાવવા જોઈએ. તેઓ એમ ન કહે કે, દીનના બોલ અમારી રૂહાનીને સંભળાવવામાં ન્હોતા આવ્યા. દીન અને નસિહતના જે બોલ તેઓની રૂહાનીને પહોંચવા જોઇએ તે જ્યારે પહોંચતા નથી ત્યારે તેનું દિલ દરેક ઠેકાણે ફરતું ફરે છે.

તમારા દીનમાં તથા બીજાના દીનમાં કેટલો બધો ફરક છે? તમે ખ્યાલ કરો. તમારો દીન "રૂહાની" છે અને બીજાઓનો દીન "જીસ્માની" છે. રૂહાની તથા જીસ્માની દીનમાં કેટલો બધો ફરક છે? તે મુખી કામડીયા બચ્ચાંઓને નહિ સમજાવે અને નાનપણમાં તેઓની રૂહાનીને નસિહતના બોલ નહિ લાગે તો જીસ્માની દીન બચ્ચાંઓના ધ્યાનમાં બેસી જશે.

જે માણસે આંબા જેવો સારો મેવો ખાધો નથી, તે માણસ લસણ, કાંદા, બટાટા, ટમાટા એવી એવી ચીજો ખાશે અને બહુ પસંદ કરશે, તેને કાંઈ પણ ફરક લાગશે નહિ. જે માણસના મોઢામાં આંબા જેવી વસ્તુ ગઈ નથી તે માણસ કાંદા, બટાટા કેમ નહિ ખાય? માટે બચ્ચાંઓને ખાસ દીન ઈલ્મ, ગીનાનની કેળવણી આપવી જોઇએ.

તમોને હસવું કેમ આવે છે? તમે દુનિયામાં બેઠાં છો તો તમારે દિલથી રોવું જોઇએ. આજે અમે આવા ફરમાન કર્યાં છે, તે તમારા દિલમાં બેસાડવા જેવા છે, તે બેસાડયા છે? અમારા દીનમાં હમેશાં આંબો છે અને બીજા મેવા તે હલકા છે. તમે તમારા દિલ સાથે ચોકસાઈ કરો અને સારા મેવા ખાઓ. તમારા બચ્ચાંઓને પણ સારા મેવા ખાવાને માટે યાદદાસ્ત આપો કે, આ સારા મેવા ખાઓ અને આ સારા મેવા ખાવા જોઈએ. તમે આખરતના મેવા ખાઓ. દિલ આ મેવાને સમજી શકે છે."

## ફરમાન ૬૬ મું.

રાજકોટ તા. ૨૩–૧૦–૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે દુરથી ચાલીને અને ઘણી મહેનત લઈને અમારી સામે આવ્યા છો, તેના કદમ કદમનો બદલો તમને રોજ કયામતમાં મળશે. અમે તમને દુઆ આશિષ ફરમાવીએ છીએ કે, તમને બહેસ્ત નજીક થશે. તમે જેમ અમને જોઈને ખુશી થાઓ છો, તેમ અમે તમને જોઈને દશ હિસ્સા વધારે રાજી થઈએ છીએ.

તમે મૌલાનું લશ્કર છો. તમે મોમન રૂહાની લશ્કર છો. તમ દિલમાં ચોક્કસાઈ કરો અને રોજ બરોજ તમારા ઈમાન તથા રૂહને કુવ્વત આપો. તમે હમેશાં જમાતખાનામાં આવતા જાઓ. તમારા બચ્ચાંને ઈલિમ ગીનાનની યાદ આપતા રહો. તમે મોટા છો તો દિલમાં ડરતા રહો અને શેતાનની બાજી નહિ ખાઓ. શેતાન બે જાતના છે. તમે જેને શેતાન કહો છો તે શેતાન નથી. ઈન્સાન રૂપમાં જે બદકામ કરે છે તે શેતાન છે. એવા ઈન્સાન રૂપી શેતાન, જેઓને ઈમાન નથી તેઓથી તમે દુર રહેજો, તેઓની બાજી નહિ ખાશો. જે મોમન શખ્સ છે તેની સોબતમાં બેસતાં જજો. જે માણસ ઘણાં સારા કામ કરે છે તેની સોબતમાં બેશો. જે કોઈ બાતુનમાં કાળા લીબાસવાળો એટલે બદકામ કરનારો હોય, તેની બાજુમાં બેસસો તો તમારૂં દિલ પણ તેના જેવુંજ કાળું થઈ જશે. જેનું દિલ કાળું છે તેની સાથે બેસવું ઘણું ખરાબ છે."

ત્યાર બાદ એક ગામની જમાતે અરજ કરી કે, એક દહાડો મહેરબાની કરીને અમારા ગામમાં પધારો. જે ઉપરથી મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે તમારા ઘરમાં જ છીએ અને તમારી પાસે જ છીએ. તમે અમને એક દહાડો નહિ તેડાવો પણ ત્રણસોને સાઠ દિવસ તમારી પાસે રાખો. તમારા દિલમાં અમને જોશો તો અમે તમારી પાસે હમેશાં યાને ત્રણસોને સાઠ દિવસ બેઠાં છીએ.

તમે મિજલસમાં બેસશો અને દુઆ પડશો તો તમને વધારે ફાયદો થશે.

અમારા ફરમાન ઉપર ચાલે છે તેજ અમારા ખરાં મોમન છે. ખાનાવાદાન !"

## ફરમાન ૬૭ મું.

રાજકોટ તા. ૨૪-૧૦-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જેઓ અમારી ખીદમત કરે છે, તેઓ સર્વે બાઇ ભાઇના ઇમાન, માલ તથા ઔલાદમાં અમે બરકત આપીશું. અમે તમને હીરા, ઝવાહીર રૂપી ફરમાનો ફરમાવ્યા છે, તે ભુલી નહિ જશો. એ ઝવાહીરોને દિલ રૂપી ખજાનામાં, સંભાળી રાખજો. તમારૂં ઇમાન સાબીત રાખજો, અને પહાડ જેવું મજબુત કરજો.

અમે ઇસા પયગમ્બરનો દાખલો આપ્યો છે, તે કદી પણ નહિ ભૂલતા. હ૦ ઇસા પયગમ્બર હતા. તેઓ સિંહ, રીંછ, વાઘ વિગેરે જાનવરની સામે ચાલ્યા જતા હતા, પણ એક તખતે, તેઓ બૈતુલ મુકદસની સડક પરથી પસાર થતા હતા ત્યારે, બાર અસહાબો તેમની સાથે હતા તે વખતે, સામેથી એક ફકીર જેવો માણસ આવતો હતો, તે માણસને દૂરથી જોઇને ઇસા પયગમ્બર એવા તો નાઠા, જેમ કોઇ વાઘને જોઇને માણસ નાસી જાય છે. ઇસા પયગમ્બર પણ સડક છોડીને ગલીમાં નાસી ગયા. તેઓ દોડીને માઇલ, બે માઇલ દૂર નીકળી ગયા અને ત્યાં ઉભા રહ્યા. ૧૨ અસહાબો ત્યાં જઈ પહોંચ્યા અને પૂછયું કે, તમે વાઘ અને સિંહથી ડરતા નથી. તેમ બીજા કોઇ પણ ફાડી ખાનાર જનાવરની ધાસ્તી રાખતા નથી ત્યારે, આ ફકીર જેવા માણસને જોઇને કેમ નાસી ગયા? હ૦ ઇસાએ તેઓને સમજાવ્યું કે, તે ફકીર જેવો માણસ, ઘણો નાદાન

હતો, એ માણસના કાનમાં કોઈ ઇલ્મની વાત જઇ શકે તેમ ન્હોતું.

ઇસા પયગમ્બર જેવા પણ નાદાન જાહેલની પાસે નહિ જતાં ભાગી છુટયા; ત્યારે ખ્યાલ કરો, તમે તો ઈન્સાન છો, માટે જો નાદાન જાહેલથી દૂર નહિ ભાગી છુટો તો તમે, તેની બાજી આઇ જશો અને તમે પણ નાદાન થઈ જશો. નાદાનની દોસ્તીથી તમે ખરાબ થઇ જશો. નાદાન બેઇલમ માણસથી દુર રહેવું ઘણું જ સારૂં છે.

તમે ખ્યાલ કરો, આ દીન કેવો પાક છે? આરસીમાં જોવામાં આવે, ત્યારે મોઢું સાફ હોય તો સાફ દેખાય છે અને મેલું હોય તો મેલું દેખાય છે. તમારૂં દિલ આરસી માફક સાફ રાખજો. આરસીમાં મેલ હશે તો તમારૂં મોઢું સાફ દેખાશે નહિ. તમારો રૂહ પાક અને સાફ છે કે નહિ તેની તપાસ રાખજો; અગર મેલો દીઠામાં આવે તો, જેમ આરસીને સાફ કરવામાં આવે છે, તેમ સાફ કરી નાખો.

તમે ઘણી મહેનત લઈ અહિં આવ્યા છો; તમને જોઇને અમે ઘણા ખુશી થયા છીએ અને અમારા દિવસો ઘણા ખુશીમાં ગયા છે.

આ દુનિયામાં, આ આંખોથી તમે અમારા દિદાર એક દિવસ કરો છો, પણ ઓલી દુનિયામાં હમેશાં દીદાર કરશો અને હમેશાં અમારી નજદીક હો, એવી અમે દુઆ કરીએ છીએ. ખાનાવાદાન.

અમે તમો સઘળા બાઇઓ, ભાઈઓના! હકમાં દુઆ ફરમાવીએ છીએ, કે જેમ આ દુનિયામાં તમે અમારી દામન પકડી બેઠા છો, તેમ આખરતમાં પણ તમે હમેશાં, અમારી હુઝુરમાં બેસશો.

જેઓએ અમારા કાંગવા ભર્યા છે, તેઓએ અમારી બૈયત—તાબેદારીનો કોલ આપ્યો છે અને અમે પણ જામીનગીરી આપી છે કે, જેઓ આવું મોટું કામ કરે છે, તેઓને અમારો દસ્ત બક્ષીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૬૮ મું.

ગોંડલ તા. ૨૬-૧૦-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે ગોંડલ જમાતની ઘણી જ તારીફ સાંભળતા હતા. હીરજી વારસના વખતમાં ગોંડલમાં બહુ જ રોશની હતી, તેવી હાલ દેખાતી નથી. તેથી તમો જમાતને કહીએ છીએ કે, તમે તેવી રોશની ફરીથી લાવો. તમારામાં એવી રોશની ફરીથી લાવો તો વધુ સારૂં થાય, કે જેવી રોશની હીરજી વારસના વખતમાં હતી. વઝીર હીરજીના વખતમાં ઘણા સારા ઇમાની મોમન હતા.

તમારામાં બેદિલી છે. પહેલાં અમલદારો તથા જમાત, એક દિલથી હળી મળીને ચાલતા હતા, તેવા દિલથી હાલ ચાલતા નથી એવું જણાય છે. અગાઉ અમલદારો અને જમાતમાં એકદિલ બલકે એક રૂહ હતું, તેવું હાલ નથી; તે ઘણી જ શરમની વાત છે.

જમાતે અમલદારોના હુકમમાં બરાબર રહેવું જોઇએ અને અમલદારે જમાતને ભાઇઓ જેમ ગણવા જોઇએ. તમે સઘળા એકદિલથી વરતો. દુનિયાના ઝગડા દીનમાં નહિ લાવો."

## ફરમાન ૬૯ મું.

મંજેવડી તા. ૩૧-૧૦-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમારા પધારવાનું સાંભળી, તમે અત્રે હાજર થયા છો, તેનો બદલો આ દુનિયામાં એક વખત તથા બીજી દુનિયામાં હજાર દરજ્જે તમને મળે, એવી અમે તમારા હકમાં દુઆ ફરમાવીએ છીએ.

અમે જે મેવો તમારા માટે લાવ્યા છીએ, તે ખઇને તમે જજો. જ્યારે તમે અહિંયા આવી મોટી મીજલસમાં આવ્યા અને એમને એમ પાછા ચાલ્યા જાઓ તો મફતમાં મહેનત લીધી એમ કહેવાય. તમારા ઇમાનને કુવ્વત આપીને જાઓ.

આ દુનિયામાં શેતાનથી ઘણા ડરતા રહેજો. શેતાન તમારા ધારવા પ્રમાણે કોઈ જીન જેવો નથી. જે માણસ દુષ્ટ છે, તે પોતે જ શેતાન છે. બેઈમાન માણસોથી દૂર રહેજો. બદ માણસના છાયાથી પણ દૂર રહેજો. તમારો રસ્તો તેઓથી જુદો જ રાખજો.

તમે કાંગવા ભરો છો, પણ પહેલાં તો કાંગવાની માયના સમજવી જોઇએ અને ત્યાર પછી કાંગવો ભરવો જોઈએ. તમે કાંગવો ભરો છો, એટલે અમારી બૈયત કરો છો; એટલે કે તમે કોલ આપીને તમારો હાથ અમારા હાથમાં આપો છો. કોલ એ છે કે, તમારી હૈયાતી સુધી અમારૂં ફરમાન તમારી ગરદન ઉપર હોય અને તમે અમારી ફરમાનબરદારી કરો. જેમ ગરદનમાં રસી હોય તેમ અમારૂં ફરમાન અકલથી ગરદન ઉપર રાખવું. આટલુંજ ફક્ત સમજીને રાજી થવાનું નથી; પણ આ કામ તથા ફરમાનની મતલબ પણ સમજવી જોઇએ. તમે આ કામ કીધું તેનો તથા ફરમાનનો સબબ તમે ભૂલી જાઓ તો આ કામ કરવાથી શું ફાયદો હાંસલ થાય? તમે જ્યારે આ કામ કરો ત્યારે સમજો કે તમે મુરશીદને કોલ આપ્યો કે, જ્યાં સુધી તમે જીવતા છો, ત્યાં સુધી અમારા ફરમાનથી બહાર નહિ જાઓ. આવી નિયત કરીને જે માણસો કાંગવો ભરે છે, તેને અમે આવતી દુનિયામાં છોડી આપવાના નથી. અમે પણ તે શખ્સને કોલ આપીએ છીએ. અમે અમારો આપેલો કોલ કદી પણ તોડતા નથી. તમે પણ કોઈ વખત અમારા ફરમાનથી બહાર નહિ જશો, તોજ અમારો કોલ અમે આપીએ છીએ. જે માણસ અમારી ફરમાનબરદારી કરે છે અને અમારો કાંગવો ભરીને, અમારી તાબેદારીનો કોલ આપે છે, તેને અમે પણ કોલ આપીએ છીએ કે, અમે પણ તેનો હાથ આખરતમાં પકડશું.

રોજ કયામતના આઝાબનો ઘણો ડર છે અને ઘણી તકલીફ છે, તેનાથી અમે તે શખ્સને દુર રાખશું.

પહેલાં તમારૂં દિલ પાક કરો અને તમારી આંખે પાક કરો. દીન બ્હેનોને પોતાની સગી બ્હેનો કરીને સમજો. પરાયો માલ

ખાઈ જવો નહી. દિલમાં બીજા માણસોનો કિન્નો રાખવો નહિ. ત્યાર પછી ઈબાદત કરો તો તમે ઈબાદતનો ફાયદો જોઇ શકસો.

એ ઈબાદત છે, તે ખાસ કરીને બાતુનની ઈબાદત છે, એ ઇબાદત શું છે? અને તેમાં શું થાય છે? અને તે કેવી રીતે થાય છે? એ એક રૂહાની વરજશ યાને તાલીમ છે, તેની કેટલાકને ખબર પડે છે. આવી તાલીમ પોતાના રૂહને હમેશાં દેવી.

બદનને મહેનત તથા કુવ્વત આપવાથી પહેલવાન થવાય છે, તે તમે જાણો છો. તેવી જ રીતે બાતુનની ઈબાદત વડે રૂહને કસરત આપશો તો તમે ફિરસ્તા થશો. તમારી હિંમતને નીચે હઠવા આપતા નહિ.

હ૦ મુસા પયગમ્બર એક વખત શહેરમાં જતા હતા ત્યારે, દુરથી તેઓએ એક બત્તી જોઈ. તેઓ તે બત્તીની નજદીક જતા ગયા. જેમ જેમ પયગમ્બર બત્તીની નજદીક જતા હતા, તેમ તેમ તે બત્તી દુર થતી જતી હતી, તો પણ તેઓ ઘણી મહેનત લઇને બત્તી પાસે પ્હોંચી ગયા.

મુસા નબી એકદમ નુરને જોઇ શકયા ન હતા; તેઓએ સાત વર્ષ દિલોજાનથી ખિદમત બજાવી, ત્યારે નુર જોઇ શકયા હતા. અમે એમ કહેતા નથી કે, તમે બધા મુસા પયગમ્બર જેવા થઈ જાઓ. અથવા એમ પણ નથી કહેતા કે, તમે બધા મુસા પયગમ્બર જેવા થઈ શકસો. પણ તમારા દિલમાં હિંમત રાખો અને મહેનત કરો. અગર મુસા પયગમ્બર જેવા નહિ થશો, તો પણ, આગળ તો વધશો જ અને કાંઇ પણ જોઇ શકસો.

અમે એટલું તો કહીએ છીએ કે જે માણસ દિલ પાક રાખીને આગળ વધવાની ઉમેદ રાખે છે, તેના હકમાં દુઆ ફરમાવીએ છીએ કે, તે ફિરસ્તો થઇ શકશે.

તમે અહીં આવ્યા છો અને પાછા તમારા ગામમાં જશો. ગામમાં જમાતખાનું હોય તો ઘણું જ સારૂં છે. અગર જમાતખાનું ન હોય તો પાંચ, સાત જણા મળી, ભાડેથી ઘર લઈને, જમાતખાનું

બનાવે. જેઓમાં ભાડા જેટલી પણ તાકાત નહિ હોય તો, એક માણુસ પોતાના ઘરમાં જ જમાતખાનુ બનાવી લીએ. એક ગામમાં ફકત બે ઘર હોય તો પણ શું અડચણ છે? બે ઘરમાં એક મુખી થાય અને એક કામડીઓ બને. મુખીના ઘરમાં અથવા કામડીઆના ઘરમાં સાથે મળીને વખત ગુજારવો.

જે માણુસ દુઆ નથી પડતો અને જમાતખાને નથી જતો તે માણુસનું ઈમાન, એવા બંગલા જેવું છે કે જેનો પાયો કાચો હોય અને ઉપર પથ્થરની લાદીઓ જમીન ઉપર હોય.

બંગલાનો પાયો કાચો હોવાથી જ્યારે પવન લાગશે ત્યારે બંગલો પડી જશે. જે માણુસની આદત જમાતખાનામાં જવાની છે અને કોઈ દિવસ મગરબનો વખત ચુકતો નથી, તે માણુસના ઈમાનનો પાયો જમીનમાં ઉંડો છે. તે કદીપણુ પડી જવાનો નથી. ગમે તેવું તોફાન લાગે તો પણ તે બંગલો પડી જવાનો નથી. તમે મન સાથે ચોકસી કરો અને આદત પાડો. કોઇ પણ વખતે દુઆનો ટાઇમ હાથમાંથી જવા દેતા નહિ.

દુઆને વખતે ચોકસ કારણુસર તમે જમાતખાને જઈ શકો તેમ નહિ બને, તો તમારા ઘરમાં જ વખત ગુજારી લેજો. જો તમે દુકાને હો અને ઘરે પણ જઇ ન શકો, તેમ જમાતખાનામાં પણ જઈ ન શકયા, તો દુકાને જ વખત ગુજારી લીઓ; પણ તમે આદત પાડો. જો આદત નહી પાડો તો, આ મેવો તમે ખાઇ શકસો નહિ. એક વખત બરાબર આદત પડી જશે તો, એવી સારી આદત તમારા હાથમાંથી જશે નહિ.

અમે જ્યાં હોઇએ છીએ ત્યાં આવનારને ઘણા લાભ થાય છે. પહેલાં તો દીદારનો લાભ થાય છે, બીજો દુઆ પડવાનો લાભ અને ત્રીજો ગીનાન મજલસનો લાભ. તમે ફાયદો લીધા વગર ચાલ્યા નહિ જતા. દિદારનો લાભ, દુઆનો ફાયદો, ગીનાન ઇલમ પડવા સાંભળવાનો લાભ તથા બીજા દીનભાઈઓ માટે ઈલમનો બોલ લઈને

જાઓ, એ કાંઇ નાની વાતો નથી. અમારા ફરમાન કાનમાંથી કાઢી નાખતા નહિ.

દીનના કામમા જેટલા કદમ ભરીને આવશો તેમાં એક એક કદમનો ફાયદો હજારો ગણો થશે.

અમે તમને અમારી આંખો માફક જોઇએ છીએ. તમે ખરૂં સમજજો કે, અમે તમને અમારા ફરઝંદો સમજીએ છીએ. તમે ચોકસી કરો અને પિતાના હુકમ પ્રમાણે ચાલો. તમે ફરમાન બરદારી કરો અને જે હુકમ થાય તે સિર ઉપર ચડાવજો. ખાનાવાદાન."

## ફરમાન ૭૦ મું.

મંજેવડી તા. ૧-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમારૂં નામ મોમન છે, તો તમારા આમાલ પણ મોમન જેવા જ હોવા જોઇએ. તમે દિલ સાથે ચોકસી કરો. તમે અમારા મુરીદ થયા તો, અમારી ઔલાદ થયા; ત્યારે તમે સારા થાઓ. જો અમારી ઔલાદ થઇને બદ થયા તો શું કામનું ? અને શું ફાયદો? તમે દિલ સાથે ચોકસી કરો કે, સારા ફરઝંદો હોય તેઓ જ માબાપને વ્હાલા લાગે છે, તેમ તમે પણ સારા કામ કરો તો અમને વ્હાલા લાગો."

## ફરમાન ૭૧ મું.

મંજેવડી તા. ૨-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે આટલી તકલીફ લઇને આસમાન પરથી, તમારા માટે અહીં આવ્યા છીએ, તે એ સબબથી નથી આવ્યા કે, અમે તમારૂં ડાકટરપણું કરીએ અને તમારી બિમારીના ઇલાજ કરીએ; મુરશીદને ડાકટર બનાંવવો એ ઘણો જ મોટો એબ છે. કદાચ કોઇના ઉપર

મોટી મુશ્કીલી આવી પડી હોય અથવા સખ્ત હાલતમાં આવી ગયો હોય ને ડાક્ટર કહે જે હવે ઉગરવાનો નથી; આવે વખતે અમારી પાસે અરજ રાખવામાં આવે, તો તે એક કાયદાસરની વાત છે પણ સહેજ બીમારી થઈ આવે, જરા માથું દુઃખે, અથવા બચ્ચાંને જરા ખાંસી ઉપડી આવે, તેવા માણસો અમારી પાસે અરજ લઇ આવે, તેઓને દુનિયાની મહોબતવાળા સમજવા. તેઓની મહોબત આખરત ઉપર ઘણી ઓછી છે.

અલહમ્દોલિલ્લાહ, તમારા જેવા માણસો મુંબઈમાં છે. તેઓ પોતાનો ખ્યાલ, ઓલી દુનિયા માટે રાખે છે અલહમ્દો લિલ્લાહ, આ .માવજી જેવા અને બીજાઓ ઉભા છે, તેઓ પણ ખરા મોમન છે."

બાદ વારસ નથુ ગુજરી ગયા હતા, તેના માટે ઘણી દુઆ આશિષ ફરમાવી અને નથુ વારસના દીકરા દેવશીભાઇ માટે ફરમાવ્યું:

"વઝીર નથુનો દીકરો દેવશી અમારી ઘણી જ ખીદમત કરે છે, તેથી નથુભાઈના પછવાડે વઝીર નથુના દીકરા દેવશીને વઝીરનો ખિતાબ આપીએ છીએ."

હીરજી વારસ માટે ફરમાવ્યું:

"વારસ હીરજી ઘણા નેક અને સારાં મોમન હતા; તેના જેવા આ દુનિયામાં ઘણા કમતી હશે. તે ઘણા નેક મોમન હતા. હીરજી વારસ ઘણા સારા હતા. તેની જગા તેના ભાઈ જીવાને આપીએ છીએ. હવે વઝીર જીવાભાઇ છે."

મુબારકી આપી ફરમાવ્યું:

"વઝીર કાસમ છે, તે તમો વારસ માથે મોટા છે. વઝીર કાસમનો હુકમ હમેશાં સાંભળતા જાઓ અને તેના હુકમથી તમે બહાર નહિ જતા. આ તમારા ઉપર અમે ફરજ નાખીએ છીએ.

ઈન્સાનનું ઇમાન ઝાડ જેવું નહિ હોવુ જોઇએ. ઝાડને આ તરફનો પવન લાગે તો આ તરફ ઢળે છે અને પેલી બાજુનો પવન લાગે તો પેલી બાજુ નમી જાય છે. ઇનસાનનું ઇમાન એવું નહિ

જોઇએ કે, હરકોઈ માણુસ પાસે આવીને તેનું દિલ લઇ જાય. જેમ આ ગીરનારનો પહાડ હમેશાં એક જગ્યાએ સ્થિર થઇને ઉભો છે. તેવી રીતે મોમનનું ઈમાન પહાડ માફક જોઇએ.

તમે અમારા ફરમાન સાંભળ્યા, અમારા દીદાર કર્યા અને અમારી મુલાકાત પણ લીધી; હવે કોઈની બાજી ખાઈ જાઓ એમ બનવું ન જોઇએ. જુઓ, અમારા અરબ, શામી અને ખાલુ વિગેરે મુરીદો છે, તેઓ બીજા દીનવાળાના મુલ્કોમાં રહે છે. ત્યાં રાજા પ્રજા બીજા દીનવાળા છે. તેઓ ઉપર ઘણી તકલીફ પડે છે. આવા બીજા દીન-વાળાની ભરપુર વસ્તીની વચમાં રહીને, તેઓ પોતાના દીન ઉપર મુસ્તકીમ રહે છે અને બીજાની બાજી ખાતા નથી. તમે અહીંયા અંગ્રેજ સરકારના રાજમાં, આસુદા રહો છો અને તમારા ઉપર કોઈ પણ જાતનું દબાણ નથી. આવા સારા દેશમાં તમે વસો છો, તેમાં જો, તમે બીજાની બાજી ખાઓ તો શરમ ભરેલુ છે. આ બાબતમાં અમને ઘણી તાજુબી લાગે છે. પણ અમે તેમા તમારી તકસીર જોતા નથી. તમારી આગળ જે થઈ ગયા તેઓની તકસીર છે. તે લોકોએ પોતાના બચ્ચાને, સતપંથનું ઈલ્મ, ગીનાન સમજાવ્યું નહિ. જે લોકો ઈલ્મ ગીનાન નહિ જાણુતા હોય, તેઓ જલ્દીથી બીજાની બાજી ખાઇ જાય છે.

તમારા દીન ઈસમાઈલીને દુરસ્ત કરો એટલે બરાબર ઓળખો. જે હકીકતી મોમનને સતપંથ દીનની સમજ છે, તે કદીપણ શેતાનની બાજી ખાશેજ નહિ.

જે કોઇએ મોટું કામ, એટલે અમારી બૈયત કરી હોય અને બે ત્રણ પગથીયા ઉપર ચડયો હોય, તે અગર ચીન જેવા મુલ્કમાં એકલો જાય, તો પણ કોઇની બાજી ખાશે નહિ. તેના દિલમાં ઇમા-નના નુરનો પ્રકાશ હોય છે.

જે કોઇ નાનપણથી, અમારા દીનની કિતાબ યાને ઈલમ પડેલો હશે, હમેશાં જમાતખાનામાં આવતો હશે, કોઇનો હરામનો માલ નહિ ખાતો હોય, કોઈને બદ નજરથી નહિ જોતો હોય, તે કોઈની

પણ બાજી ખાનાર નથી. નાનપણુથીજ બચ્ચાંઓને દીનની કિતાબ શીખાડો; હમેશાં તેમને જમાતખાનામાં મોકલો. ભાઇ બ્હેનોમાં બદ નજર કરો નહિ. એવી રીતે ચાલશો તો કોઇની બાજી ખાશો નહિ.

તમે હિંમત કરો. દીનના રસ્તા ઉપર ચાલો અને હમેશાં દીનનો ખ્યાલ કરતા રહો, તો તમે શેતાનની બાજીમાં આવનાર નથી.

તમને કોઈ બાબતમાં શક પડે તો, ઇમાની ભગતને પુછીને દિલમાં શકનો જલદીથી ખુલાસો કરો. તમારૂં દિલ હમેશાં આરસી જેવું સાફ રાખો. તમારા દિલમાં એક બીજા માટે કદીપણુ હસદ અને દુશ્મનાઇ રાખશો નહિ. હસદ અને દુશ્મનીના લીધે દીનમાં ફિતના થાય છે; જો તમારામાં હસદનો જરા પણ ભાગ રહેશે તો આસ્તે આસ્તે ફિતના વધશે. તમારા દિલમાં હસદનું એક ટીપું પણ રાખતા નહિ. અમારા ફરમાનને દિલમાં સાચવી રાખીને તાળું બંધ કરો.

તમારા માલમાં, તમારી ઔલાદમાં તથા તમારા બધા નેક કામમાં બરકત હોજો! ખુદાવંદ તમને ઘણીજ બરકત આપે! ઇન્શા અલ્લાહ હાલ જેમ તમે અમને વીંટાઇને ઉભા છો, તેમ ઓલી દુનિયામાં પણ તમે અમારી નજીક હો એવી અમે તમો જમાતને દુઆ આશીષ ફરમાવીએ છીએ. તમારા દિલમાં મહોબત વધારતા રહો અને તમારૂં ઇમાન મજબુત રાખો.”

## ફરમાન ૭૨ મું.

મંજેવડી તા. ૩-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :—

“તમે ખ્યાલ કરો, ઇન્સાન જ્યારે આ દુનિયા છોડે છે, ત્યારે પોતાની ઉમેદ એવી રાખે છે કે, અમે બહેસ્તમાં જઇએ; પણ મોમન સમજે છે કે, બહેસ્તમાં પણ ખાવું પીવું અને ઉંઘવું છે. ત્યાં બેસીને હુરાંઓનાં મોઢાં જોયા કરવાં છે. આ તો પાંજરાપોળ જેવું

થયું, તબેલામાં ઘોડાની સારી માવજત રાખવામાં આવે છે. ઘોડો બુઢ્ઢો થાય ત્યારે તેને બાંધી રાખીને ઘાસ ખવરાવવામાં આવે છે.

ઇન્સાન જ્યારે આ દુનિયા છોડી જાય ત્યારે, આવી ઉમેદો રાખે તેમાં શું ફાયદો છે? ઇન્સાન છે તે આદમ અલેહીસલામની ઔલાદ છે. આદમનો દરજ્જો ફિરસ્તાથી પણ વધારે ઉંચો હતો, તે હીસાબ પ્રમાણે તમારો પણ અસલ રૂતબો ફિરસ્તાની ઉપર છે; પણ તમે દુનિયામાં ગુન્હા કરો છો, ઈમાનમાં સુસ્તી રાખો છો, દુનિયા તથા શેતાનની બાજી ખાઓ છો, તેથી તમારો આદમપણાનો રૂહ સંગીન એટલે ભારી થઇ જાય છે.

અલહમ્દો લિલ્લાહ, હાલ તમે સતપંથ દીન ઉપર છો. બીજા બોતેર દીન છે, તે સર્વે બોતેર દીન સાચા નથી, પણ તે સરવે દીનની ઉપર એક દીન છે, તે સાચો છે. તમે તે સાચા દીન ઉપર છો અને સતપંથ ઉપર છો. હવે તમે હિંમત રાખો; એવી હિંમત કરો કે ફિરસ્તા થઇ જાઓ.

તમારા ખ્યાલ એવા રાખો કે, મરવા પછી તમારો રૂહ અવતાર લઇને પાછો ત્યાંથી નહિ વળે અને પાછો દુનિયામાં અવતાર નહિ લીયે; તેમ તમે જહન્નમાં પણ ન જાઓ. તમે તમારા દિલ સાથે ચોકસી કરીને ફિરસ્તા જેવાં થાઓ. ઇન્સાન ફિરસ્તો થઈ શકે છે. તમે એવી હિંમત કરો કે, જ્યારે તમે આ દુનિયા છોડી જાઓ ત્યારે ફિરસ્તા થાઓ.

ઇન્સાન જ્યારે માતાના ઉદરમાંથી બહાર આવે છે, ત્યારે તેના ઉપર ઘણી મુસીબતો હોય છે. તેને માતાના ઉદરમાંથી બહાર નીકળ-વાને એટલી જબરી મુશ્કેલી પડે છે કે, બહાર નીકળવા તેનું દિલ ચહાતું નથી, મોમનનું પણ એમજ છે.

જે મોમન આ દુનિયા છોડી જાય છે, તેને માટે આ દુનિયા તંગ જગ્યા છે. મોમન આ તંગ જગ્યા છોડીને મોટી કુશાદે જગામાં જવા ઈચ્છે છે. આ બદ જગામાંથી નીકળીને, તેને સારી જગામાં જવાનું છે. હાલ તમે આ દુનિયામાં છો; તમે એવા આમાલ નહિ

કરો કે, જ્યારે તમે આ દુનિયા મુકીને જાઓ ત્યારે, વધારે તંગ જગ્યામાં જઇ પડો. એવી જગા પર પહોંચવાની તજવીજ કરો કે, મોટી કુશાદે જગામાં પહોંચો. તમે અરશે અઝીમ પર પહોંચો. અરશે અઝીમ પર તેનાથી પહોંચાય કે જે, પાક હેય છે; માટે તમારૂં દિલ પણ પાક કરો. જો તમારૂં દિલ પાક થાય તો, આ દુનિયામાં તમે અરશે અઝીમ જોઈ શકશો. કાંઈ પણ દૂર નથી.

અમારી પાસે એક ચીજ છે. તે વિષે અમે તમને કહીએ છીએ; તમે જ્યારે કાંગવો ભરો છો ત્યારે, એવી નિયત સાથે આવો કે, કોઇ પણ વખત હાઝરૂ જોમાના ફરમાનથી બહાર જવું નહિ. તમે અમારી બૈયત કરી તો હવે પછી દિલમાં સુસ્તી રાખશો નહિ. આ પ્રમાણે દિલમાં કરાર કરીને અમારો કાંગવો ભરો. જેવી રીતે વેપારમાં પોતપોતાની વચ્ચે એગ્રીમેન્ટ કરવામાં આવે છે, તેમ તમે અમારી પાસે એવું એગ્રીમેન્ટ કરીને આવો કે, હવે પછી કોઇની પણ બાજી ખાવી નહિ. આ ગીરનારના પહાડ જેવું તમારૂં ઇમાન મજબુત રાખો. આ પ્રમાણેની નિયત દિલ સાથે કરીને અમારી બૈયત કરવા આવો. આવી નિયત સાથે અમારો કાંગવો ભરશો તો, મોટો ફાયદો થશે. તમારો દીન આવો મજબુત છે.

તમે અમારા ફરઝંદો છો. જ્યારે અમે તમને હિંમતવાન જોઇએ છીએ ત્યારે અમે બહુ ખુશી થઇએ છીએ. ઇન્શા અલ્લાહ પેલી દુનિયામાં પણ તમે અમારી સાથે હશો. અમે જ્યારે તમને જોઇએ છીએ ત્યારે, ફુલ જોઈએ છીએ. બાગમાં એક નહિ પણ અનેક ફુલ થાય છે તેમ, અમે તમને ઘણી જાતના ફુલ જોઇએ છીએ. તમે દિલ સાથે ચોકસી કરો કે, કાંટા વગરના ફુલ થાઓ.

તમે એવા થાઓ કે, તમારામાં કાંઇ એબ નહિ હોય. તમે કાંટાવાળા ફુલ નહિ થાઓ કે, જેને કોઈ પણ હાથ લગાડે તો કાંટા ખુંચી જાય. વગર કાંટાવાળા ફુલ હિંમતથી થવાય છે.”

## ફરમાન ૭૩ મું.

મંજેવડી તા. ૪-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યુ:

"તમે હમેશાં જમાતખાનામાં જાઓ, અને દુરસ્ત થઇને ચાલો. હિંમત રાખીને એક દિલ થાઓ. તમે એવી હિંમત કરો કે, જેઓ જમાતખાનામાં નથી આવતા, તેઓને આવવા માટે નસીહત કરો. કોઈ પણ માણસને હિંમત આપી દીન ઉપર મજબુત બનાવવો એ ઘણું મોટું સવાબનું કામ છે.

પોતાને વશ કરી શકે એવા તો ઘણા છે, પણ બીજાને વશ કરીને સીધા રસ્તા પર લાવવો એ ઘણું સવાબનું કામ છે."

## ફરમાન ૭૪ મું.

મંજેવડી તા. ૫-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહંમદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમારા દસ્ત ચુમવા તથા પોતાના જીવને સંભાળી રાખવું, એવા કામ તો ઔરતો પણ કરી શકે છે. પોતાને સંભાળ્યા ઉપરાંત બીજાઓને દીનમાં મજબુત બનાવવા એ મરદના કામ છે.

તમે જમાત તથા સરકારની ખિદમત બરાબર કરો. **જમાતની ખિદમત બજાવવી, એ કાંઇ એકલા અમલદારની જ ફરજ નથી; દરેક મોમનને લાજમ છે જે, જમાત તથા સરકારની ખિદમત બરાબર બજાવવી.**

તમે ઇન્સાન થયા અને તમને ઇલ્મ ગીનાનની ખબર ન હોય તો, તમે જાનવર જેવા થયા. આમાં શું ફાયદો હાંસલ થયો? તમે ચોકસી કરો અને ખબરદાર થાઓ અને દીનનો ઇલમ, ગીનાન તથા સતપંથનો રસ્તો, બચ્ચાંઓને શીખવો અને તેમને યાદ કરાવો કે જેથી તેઓ ઘણા ખબરદાર થાય. અમે તમને દુઆ ફરમાવીએ છીએ.

જ્યારે તમારી દીકરીઓનું સગપણ કરો, ત્યારે તમારી દીકરીઓ ને જ્યાં દેવા ધારો, તેનું ઘર તપાસવાની તમારી ફરજ છે. તમારી દીકરીનું સગપણ કરો ત્યારે તપાસો કે, સામો માણસ ઈમાની છે કે કેમ? કોઈની દીકરી લેતી વેળા પણ તેનું ઘર તપાસવું. હમેશાં તપાસ્યા પછી જ દીકરીઓ દેવી તથા લેવી.

તમે ઘણી હિંમત રાખો અને અમારી ખિદમત કરો; તમારૂં ઈમાન તથા દિલ હમેશાં સાફ રાખો. જે માણસનું દિલ સાફ છે, તે કદીપણ શેતાનની બાજી ખાતો નથી. નાદાન, બેદિલ માણસની ગરદન ઉપર શેતાન સવાર થઈ જાય છે. ઘોડાને જેમ ખેંચી લઈ જવામાં આવે છે તેમ ખેંચાતો જાય છે, તેવી રીતે તે માણસની હાલત છે. તમે તમારા દિલ સાથે બરાબર ચોકસી કરો કે, કોઇ પણ આવીને તમને બાજી આપે નહિ.

તમે ખ્યાલ કરો કે, બીજા જેટલા દીન છે, તે બધા જાહેરીના દીન છે. તમારો દીન બાતુનીનો છે. બાતુનીનો દીનજ માણસોને ફાયદો પહોંચાડે છે.

જાહેરી દીન તો હેવાન પણ કરી શકે છે. હેવાનનું મોઢું બાંધીને તેને ખાવાનું નહિ આપીએ, પાણી નહિ પીવડાવે, તો તેનો પણ રોજો થાય છે. ઈન્સાન પણ તેમ કરે તેમાં શું ફાયદો છે?

જે કોઈ વગર સમજે ઇલ્મ ગીનાન અને દુઆ પડે છે, પણ તેની માએના નથી સમજતો તે ગધેડા જેવો છે.

જે માણસ મતલબ ન સમજે તે ગધેડા સરખો છે. તમે દિલ સાથે ચોકસી કરો અને એમ નહિ કરો. તમે પોતાને ગધેડા બનાવો નહિ.

તમે એવો હુન્નર કરો કે, જેથી તમારો રૂહ ફિરસ્તા જેવો થાય. તમે આદમ જાત ઇન્સાન છો તેથી તમારા દીનની મતલબ સમજો, જો તમે એટલું સમજો કે, તમારો રૂહ શું ચીજ છે? તો તમે કોઇની પણ બાજી ખાશો નહિ.

તમારા રૂહનો અવતાર પહેલાં પત્થરાથી શરૂ થાય છે. અવ્વલમાં ઈન્સાન માટી તથા પત્થર રૂપે હતો. હાલ તમે ઇન્સાનના દરજ્જે પહોંચ્યા છો. હવે પછી તમે કયાં જશો, તેનો ખ્યાલ કરો. પાંજરાપોળ જેવી બહેસ્તમાં જવા ધારો છો? અથવા બીજે કયે ઠેકાણે જવાની ઉમેદ રાખો છો? તમે જહન્નમમાં જવા ધારો છો કે, જન્નતમાં જવા ધારો છો?

જે ઈન્સાન મોમન છે, તેનો રસ્તો સાફ છે. મોમનની ઇચ્છા આગળ વધવાની છે. મોમનની ઉમેદ ફિરસ્તા બનવાની હોવી જોઇએ. ફિરસ્તાની હાલત પછી જે ચીજ છે, ત્યાં જવાનો ખ્યાલ રાખો. તેનાથી વધારે મોટી ચીજ બીજી કોઇ નથી. ઈન્સાન એવી ઉમેદ રાખે કે, તે જગ્યાએ પહોંચે. તે જગ્યા ફિરસ્તા કરતાં વધારે ઉંચે છે. આવી જગ્યા યાને અસલ મકાન ઉપર પહોંચવાને માટે નામર્દીને જડ મુળમાંથી ઉખેડી નાખવી જોઇએ. હિચકારાપણું છોડી દઈને હિંમત રાખવાથી અસલ મકાને પહોંચાય છે.

તમે એવી નિયત કરો કે, તમારા દીનમાં તથા તમારા ઇમાનમાં રોજબરોજ વધારો થાય અને તમે સચ્ચાઇ ઉપર તથા હકીકતી ઉપર મજબુત થાઓ.

તમે કોઇનો હરામનો માલ નહિ ખાઓ. તમારી નજર પાક રાખો, તમારૂં દિલ સાફ કરો. એ તો ખરૂં છે કે, સર્વે જણ ફિરસ્તા થઈ શકતા નથી. બધા જ હ૦ મુસા તથા હ૦ ઈસા જેવા તો નહિ જ થાય; પણ એક, બે, દશ, સો જેટલા કદમ તમારાથી આગળ વધાય તેટલા વધો તો તમારા હકમાં ઘણો જ ફાયદો છે.

પોતાના જીવને સંભાળવો એ કામ તો ઔરત પણ કરી શકે છે. મરદનું કામ શું છે? તેનો ખ્યાલ રાખો. મરદનું કામ એ છે કે, બીજાને નસિહત કરી, દીનના રસ્તા ઉપર મજબુત બનાવવો અને બીજા માણસો દીન ઉપર મજબુત થાય તેમ કરવું. આવા કામ મરદના છે. તમે દીન ઉપર મુસ્તકીમ રહો. હિંમત બરાબર રાખો. જમાત તથા સરકારની ખીદમત બજાવો.

બદ માણસની પાસે નહિ જતા. તેનાથી દુરજ રહેજો. બદ માણસની સોબત કરશો નહિ. જમાતખાનામાં આવો. બદ માણસોની સાથે વાતચીત કરી તેમની દોસ્તી કરો તેમાં કાંઇ ફાયદો થાય નહિ. હકીકતી મોમનની દોસ્તી કરશો તો ફાયદો થશે.

તમે અમારી ઓલાદ છો. અમે તમારી ઉપર ઘણી મહોબત રાખીએ છીએ. તમે અમારા ફરઝંદો છો, એમ સમજીને તમારી સાથે વાતોચીતો કરીએ છીએ. અમે જે ફરમાન કરીએ છીએ તેમા તમને ફાયદો થાય, એમ ધારીને, ફરમાન કરીએ છીએ. જો આ દુનિયામાં અમારા ફરમાનપર બરાબર ધ્યાન રાખશો તો, આ દુનિયા તથા પેલી દુનિયામાં, તમે સારી રીતે રહેશો અને અમે તમારી પાસે રહીશું અને તમારો રૂહ પાક તથા સાફ રહેશે.

જ્યારે તમારૂં આ બદન દુનિયા છોડી જશે, ત્યારે તમે ફિરસ્તા થશો. અમારા ફરમાન પર ધ્યાન રાખો. હમેશા જમાતખાનામાં આવજો.

તમારા દિલમાં એક બીજા ઉપર હસદ રાખશો નહિ. કોઇ પણ વખત તમારા દિલમાં હસદ ભરાઈ આવે, એ ઘણુજ ખરાબ છે. એક માણસ કહે કે, હું મોટો થાઉં અને બીજો કહે કે, હું મોટો બનુ; પણ દુનિયાની મોટાઈ કાંઇ કામની નથી. **હસદ કોઇનો રાખશો નહિ હસદથી શેતાન રાન્યો ગયો અને મલુન બન્યો.** એ વિષે તમે ઇલ્મ અને ગીનાનમાં પડો છો અને તમને ખબર છે કે અઝાઝીલ મલાયક હતો; તે મલાયક મટીને શેતાન કેમ થયો ? આ ફેરફાર હસદને લીધે થયો; માટે તમે કદી પણ તમારા દિલમાં કોઇનો હસદ કરશો નહિ. હસદથી આસ્તે આસ્તે ઇમાનમા ખલલ પડશે. માટે હસદ કદી પણ કરતા નહિ."

## ફરમાન ૭૫ મું.

મંજેવડી તા. ૬-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે જોઇએ છીએ કે, તમારો ઇશ્ક ઘણો છે; તમને જોઈને અમારી આંખો રોશન થાય છે અને દિલથી ખુશી થઇએ છીએ. તમે ફરઝંદો મીસાલ મહોબત રાખો છો, તેથી અમે ખુશી રહીએ છીએ અને શુક્ર કરીએ છીએ.

પિતાને જેમ ફરઝંદો ઉપર મહોબત આવે છે, તેમ તમને જોઈને અમને તમારા ઉપર મહોબત આવે છે. તમે પણ, અમારા ઉપર એવી મહોબત હમેશાં રાખજો કે, જાણે તમે અમારા ફરઝંદો હો."

## ફરમાન ૭૬ મું.

મંજેવડી તા. ૮–૧૧–૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

" અમે હવે તમારાથી. છુટા પડીએ છીએ. જેમ માબાપ બચ્ચાંથી વિખુટા પડે, તેમ અમે તમારાથી જુદા થઈએ છીએ, તમારાથી છુટા થતાં અમને જુદાઇનું ઘણુ દુઃખ થાય છે.

તમોએ અમારી અંહીની રોકાણ દરમિયાન ઘણી જ ખીદમત કરી છે, તે બદલ અમે દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૭૭ મું.

જામનગર તા. ૧૨–૧૧–૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

" તમે હિંમત રાખો અને એકદિલથી ચાલો. અમારા ઘરની હમેશાં ખીદમત કરો ને બીજા માણસોને પણ એવી જ નસિહત કરો. બીજા માણસોને એવીજ શિખામણ આપો કે, ઈમાન મજબુત રાખીને ધર્મને રસ્તે બરાબર ચાલે. તમે પંજેભાઈ થઈને મહેનત નહિ લેશો તો, બીજો કોણ મહેનત લેશે ?

અગર કોઈ કહે કે, સાહેબ ખ્વાબમાં આવે છે તો તે બધું જુઠું છે. અમે કોઈના ખ્વાબમાં આવતા નથી. તે બધા ઢોંગ છે;

બજર કોઈના ખ્વાબમાં આવે તો પણ તે માણસ બોલતો નથી. કોઈને અમારો લેબાસ, પહેરાવી કહેવું કે "સાહેબ આવ્યા" તે બધા ઢોંગ છે. અમે આવતા નથી. એવું જુઠું બોલવું નહિ જોઇએ.

મુખી કામડીઆ અમલદારોના હુકમની બહાર જાય છે, તેને ધિક્કાર છે. તમે હિંમત રાખી, જમાતખાનામાં જાઓ અને ઈબાદત બંદગી કરવામાં હોશિયાર રહો.

તમારા બચ્ચાંને દીનની કિતાબો પડાવતા રહો. કયામતના દિવસે તમે એમ કહી નહિ શકશો કે, અમે ખેડુત હતા તેથી કાંઈ કરી નહી શકયા. બીજા ઘણા ખેડુતો છે, જેઓ, પહેલાં દીનનું કામ કરે છે અને પોતાના બચ્ચાંને પોતાના દીનનો રસ્તો દેખાડે છે.

અમારા જંગબારના જે ફરમાન છે તે પડો અને બચ્ચાંઓને તેની યાદી આપો. તેમાં ઘણા જ સાગ બોલ છે, તેનાથી દીનમાં મજબુત થશે; તે તમે પણ વાંચો અને બચ્ચાંઓને પણ તેની યાદી આપો."

## ફરમાન ૭૮ મું.

કચ્છ મુંદ્રા તા. ૧૬-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જમાતખાનામાં કામકાજ કરવાથી જેમનો ખ્યાલ દિદાર કરવાનો હોય છે, તેમની તે ઉમેદ પણ પુરી થાય છે.

મોમનને વાજબ છે જે, દુઆના વખતે જમાતખાનામાં હાજર રહેવું. મજલસમાં ગીનાન વાયજ થાય, તે સાંભળી યાદ રાખવા."

## ફરમાન ૭૯ મું.

કચ્છ મુંદ્રા તા. ૧૭-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:—

"અમારૂં કહેવું તમે કાન દઈને સાંભળો. અમે તમારી પાસે

એક મહેમાન થઇને આવ્યા છીએ. તમે હવાની માફક આવ્યા અને હવાની માફક પાછા ચાલ્યા જાઓ, તો તેમાં કાંઈ પણ ફાયદો નથી.

તમે જ્યારે આ જમાતના અમારા મુરીદ ગણાઓ છો, ત્યારે જમાતખાનામાં ન આવો અને નામના મુરીદ કહેવાઓ તેમાં શું ફાયદો? માટે તમને વાજબ છે કે, તમે સરવે જમાતખાનામાં આવો અને ઈબાદત બંદગી કરો.

અલહમ્દોલિલ્લાહ જમાતખાનાની જગ્યા આટલી વિશાળ હોવા છતાં બંદગી કરવાને જમાત એકઠી ન થાય, તે અફસોસની વાત છે. **જમાતખાનામાં હાજર ન થવાથી તમારા દિલનું મકાન નાનું થઈ જશે.**

તમે ઇન્સાન છો, તો હવે તમારા દિલ સાથે મુકરર કરો કે, આ જમાતખાનું ઘણું મોટું છે, તે હમેશાં તમો જમાતથી ભરેલું હોય. **જમાતખાનું કદી પણ ખાલી હોય જ નહિ.** ખાલી રહે તેના કરતાં એને છોડી દઇને નાની કોટડી બનાવો. તમે સઘળા એવી ટેવ પાડો કે જમાતખાનું હમેશાં ભરેલુંજ રહે.

દુઆ વખતે તમો સઘળાએ જમાતખાનામાં હાજર થવું અને સાથે મળીને દુઆ પડવી. તમારે ઇસમાઈલી દીનના કાયદામાં મશગુલ રહેવું અને સરકાર તથા જમાતની ખિદમત બરાબર કરવી. તમારા ઇસમાઇલી દીન ઉપર મજબુત રહેજો. તમે માણસ અવતાર છો માટે ધર્મનો ખ્યાલ કરો.

માણસે ખ્યાલ કરવો જોઇએ કે, આ સતપંથ ઈસમાઇલી દીન કેવો સારો છો? આ સતપંથ ધર્મમાં જે પોતાનું દિલ બરાબર સાફ રાખીને વરતશે, તે આ દુનિયામાં ફિરસ્તો થશે. જે માણસનું દિલ સાફ થયું, તે દગલબાજી, ખોટું બોલવું વિગેરે ખરાબ કામથી દુર જ રહેશે.

તમે સર્વે જણા તમારા દિલ સાથે સહી કરો કે, તમે ઇન્સાન છો, માટે તમે એવી સારી રીતે ચાલો અને તમારો રૂહ એવો સાફ રાખો કે, તમે ફિરસ્તા જેવા સારા થાઓ અને પાક થાઓ. તમે

એવા હિંમતવાળા અને એવા સાફ દિલવાળા થાઓ કે, બીજા ધર્મ-વાળા તમને જોઈને એમ કહે કે, તમે કેવા સાચા થઈને ચાલો છો! વળી તેઓ એમ બોલે કે, અજબ જેવી વાત છે જે, તમે આવા સરસ ધર્મ ઉપર સાફ અને પાક દિલથી ચાલો છો અને તમે આ દુનિયામાં ફિરસ્તા માફક વર્તો છો.

ફિરસ્તાના કામ એ છે કે, ખરાબ કામને બદલે નેકીના સારા કામ કરવા, દગાના કામ કરવા નહિ. ખોટું બોલવું નહિ. નજર પાક રાખવી અને જો તમારાથી બની શકે તો કોઈને મદદ આપી તેની ખિદમત કરવી. આવા આવા કામ કરશો, ઉપરાંત જો જમાતખાનામાં વખતસર આવીને દુઆ પડશો, ઈબાદત કરશો તો તમારૂં ઈમાન હુમેશાં કાયમ અને મજબુત રહેશે; પણ જો એથી ઉલ્ટા ચાલશો, એટલે કે દગલબાજીના કામ કરશો, જમાતખાનામાં દુઆ પડવા નહિ આવો, ઈબાદત નહિ કરો, તો તમારૂં દિલ આ સતપંથ દીન ઉપર ટકશે નહિ.

તમે ખરૂં સમજજો કે, આ દુનિયામાં, ઈન્સાન માટે બે રસ્તા છે. એક ફકીરીનો રસ્તો તથા બીજો વડાઈનો રસ્તો છે. ફકીરીનો રસ્તો એટલે ફિરસ્તા થવાનો રસ્તો અને મોટાઈનો રસ્તો એટલે જમીન પરને જમીન પર રહેવાનો રસ્તો. તમે મોટાઈને રસ્તે ચાલશો તો જમીન ઉપર જ રહેશો એટલે કે, આખરના દિવસે ઉંચેથી નીચે આવી પડશે. અને તમારૂં દિલ કાળું થઈ જશે અને તકબ્બુરી આવશે.

તમે કોઈ જાતના ખરાબ ખ્યાલ નહિ કરો તો ફિરસ્તા જેવા થશો. તમે ફકીર થઈને ચાલો. જે માણસ પાસે પૈસો નહિ હોય તે ફકીર છે એમ નથી. તેમ જેની પાસે પૈસો હોય, તેની પાસે ફકીરી ન હોય એમ પણ નથી. ફકીરીને પૈસા સાથે કાંઈ પણ સંબંધ નથી, એટલું જ છે કે, જેનું દિલ ફકીર જેવું હોય, તેજ ખરી અને સાચી ફકીરી છે. જેને તકબ્બુરી તથા મોટાઈ નહિ હોય, જેનું દિલ સાચું અને સાફ હોય, તેનેજ દીનનો ફાયદો થશે."

પંજેભાઈઓ અને પંજેબેનુંને ફરમાવ્યું:

"તમે હમેશાં જમાતખાનામાં આવો. હમેશાં સરકારની તથા જમાતની ખિદમત બરાબર કરો. તમે મીજલસમાં હમેશાં બરાબર આવજો. હિંમત કરજો. એક દિલથી ચાલજો. રોજબરોજ સારા થાઓ. તમને જોઇને અમારી આંખો ઠંડી થઇ છે. જમાતખાનામાં કામકાજ કરવાથી જેમનો ખ્યાલ દીદાર કરવાનો હોય છે, તેમનો તે ખ્યાલ પુરો થાય છે."

## ફરમાન ૮૦ મું.

કચ્છ મુંદ્રા તા. ૨૧-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે અમલદારોને સાલો આપીને ફરમાવ્યું:—

"હવે પછી તમે સરકારની ખિદમત બરાબર કરજો. તમે તમારી રીતભાત એવી રાખતા નહિ કે, જેથી તમારી જમાતમાં અંધારૂં થાય.

આવતી કાલે અમે અહિંથી રવાના થઇશું. તમે બધા અમારા મોમન છો. તમે દિલમાં ચોકસી કરો કે અમે હમેશાં તમારી પાસે છીએ.

હઝરત અમીરૂલ મોઅમનીનના વખતમાં એક યવન એટલે બીજા મુલકનો રહેવાશી મુસલમાન હતો, તેણે એક દિવસ, હ. અમીરૂલ મોઅમનીનની હુઝુરમાં આવીને અરજ કરી કે, યા ખુદાવંદ! હું ઇમાની છું અને તમારા ઉપર મને પુરો ઇત્તેકાદ છે. બીજા મુસલમાનો જેમ તમને સમજે છે, તેમ હું તમને સમજતો નથી. હું તમને ખુદાવંદે આલમીન ગણું છું અને મારા ખુદાવંદ તરીકે તમે દુરસ્ત છો. આ ઉપરથી હ૦ અમીરૂલ મોઅમનીને જવાબ દીધો કે, તું યવન પરદેશી છો, છતાં પણ મારા ઉપર તારો આવો સંપૂર્ણ ઇત્તેકાદ છે, તેથી તું મારી હુઝુરમાં છો; પણ જો મારા ઉપર તારો વિશ્વાસ ન હોય અને રાત દિવસ તું મારી પાસે રહેતો હોય, તો પણ તું મારાથી દુર છો. તમે પણ સર્વે જમાત તમારા દિલ સાથે

એવી રીતે ચોકસી કરો કે, તમે અમારી પાસે જ હો. **અમે તો તમારી પાસેજ છીએ.**

તમે તમારૂં ઇમાન અમારા ઉપર મજબુત અને પાકું રાખો. તમારો ઇ-તેકાદ, ઈમાન થોડો હોય તે કારણથી બરાબર બંદગી કરો નહિ અને અમારા વિષે તમારા દિલમાં શક હોય, તેનાં કરતાં તેટલું ઈમાન પણ નહિ રાખો તો વધારે સારૂં છે. થોડા વિશ્વાસથી તમને કાંઇ પણ ફાયદો થશે નહિ. જો અમારા ઉપર તમારો વિશ્વાસ થોડો હશે તો મીસાલ એક ઝાડ માફક થયું. તેની મતલબ એ છે કે, ઝાડના પાંદડાને જે બાજુનો પવન લાગે તે બાજુએ તે ડોલ્યા કરે છે. તેના પાંદડા બન્ને બાજુએ ઉડયા કરે છે. ખુદા ન કરે કે તમારૂં ઇમાન ઝાડના પાંદડા જેવું થાય.

તમે તમારા દિલ સાથે ચોકસી કરો. તમારૂં ઈમાન પહાડ જેવું વજનદાર હોવું જોઇએ. વજનદાર ડુંગરને ગમે તેટલી હવા લાગે છે તો પણ તે પોતાની જગ્યાએથી ખસતો નથી તમે પણ તેવા જ મજબુત થાઓ.

હમેશાં ઇન્સાનનો એક જ રંગ હોવો જોઇએ. ઘડીમાં એક રંગ અને ઘડીકમાં બીજો રંગ, એ પ્રમાણે રંગ બદલવા ઈન્સાનને લાજમ નથી. ઈન્સાનને વાજબ છે કે, એક જ સાચા તથા સીધા રસ્તા પર ચાલ્યા જવું. એક જ રસ્તો તમારા દિલ સાથે મુકરર કરો, તોજ આખરે તેનું ફળ મળશે. સીધો રસ્તો મુકરર કરીને તેજ રસ્તા ઉપર ચાલ્યા જાઓ. તમે આ સતપંથ ધર્મ ઉપર મુસ્તકીમ રહો. કોઇની બાજી અથવા ફરેબમાં સપડાઓ નહિ.

તમે ઇબાદત બંદગીની આદત કરો. જો એક વાર તમને ઈબાદતની આદત પડી ગઇ અને તે પ્રમાણે તમે ચાલ્યા જ કરશો તો, તમને જરા પણ શક રહેશે નહિ; પણ જો ઈબાદતની આદત નહિ પાડશો અને સુસ્તી કરશો તો અમારા ઉપર તમારૂં ગમે તેટલું ઇમાન મજબુત હશે તો પણ તમારૂં ઈમાન આસ્તે આસ્તે ખસી જશે એટલે કે તમારૂં ઈમાન જતું રહેશે.

દુનિયામાં એક પહેલવાન પોતાના બદનની તાલીમ લીએ છે, તેજ પ્રમાણે ધર્મિ ઇમાની માણસો, પોતાના રૂહની તાલીમ લીએ છે. પહેલવાન ગમે તેટલો જબરો હોય અને ગમે તેટલી કુવ્વત ધરાવતો હોય, તો પણ હમેશાંની તાલીમ છોડી આપશો, તો થોડા દિવસમાં સુસ્ત થઈ જશે. એવી રીતે એકાદ વર્ષ સુધી, કસરત છોડી આપશે, તો અગાઉ જેટલી, કુવ્વત હતી તેટલી પાણી થઇ જશે, તેની સુસ્તીને લીધે તેને ઘણોજ ગેર ફાયદો થશે. તે પહેલવાન જોરાવર હતો તેના બદલે, પોકળ અને નાકુવ્વત થઈ જશે. કસરતની આદત છોડી દેવાથી તે એટલે નબળો થઇ જશે કે, પછી તેને કોઈ માણસ પગ મારશે તો તે પડી જશે; પણ જો તે થોડી થોડી કસરત કરવી ચાલુ રખશે તો બે ત્રણ વર્ષમાં તે ઘણોજ મજબુત બની જશે. દીનનાં કામમાં પણ એજ પ્રમાણે છે.

ઈન્સાનને પણ વાજબ છે કે, તેણે હમેશાં થોડી થોડી બંદગી ઇબાદત ચાલુ રાખવી; પહેલાં એક માણસને આ ધર્મમાં થોડું ઈમાન હોય, તેવા વખતમાં તે ઇબાદતની તાલીમ લીએ નહિ. અગર થોડી ઘણી બંદગી કરતો હોય તે પણ છોડી આપે તો, થોડા દિવસમાં પેલા પહેલવાનની માફક સુસ્ત થઈ જશે અને શરૂઆતનું તેનું થોડું ઇમાન પણ જલદીથી જતું રહેશે.

ધર્મના કામમાં ટેવ પાડવાની ખાસ જરૂર છે. પહેલાં તો જમાતખાનામાં રોજ જવાની આદત પાડવી. પછી મજલસમાં આવીને તે ટેવમાં વધારો કરો. આ પ્રમાણે તમે ધીમે ધીમે આગળ વધશો. ટેવ પાડશો તો તમને ઘણો ફાયદો થશે. પછી તમને કોઈ બાબતમાં શક અથવા વહેમ આવશે નહિ. તેમજ તમે કોઈના ફરેબમાં પણ આવશો નહિ. ઈન્સાનને વાજબ છે કે, તેણે કોઈ પણ સારા કામની આદત પાડવી અને પોતાની ઈબાદતને મજબુત કરવી. ટેવ પડી ગયા પછી તે ટેવને હમેશાં કાયમ રાખવી. જો તમે આદત છોડી આપશો તો તમે, પોતાનેજ નુકશાન કરશો, અને દુઃખી થશો.

તમે જમાતખાનામાં વખતસર જજો, તેમજ તમારા ફરઝંદો

સગાવહાલા, દોસ્ત બીરાદરોને નસીહુત કરી તેમને પણ હુમેશાં જમાત-ખાનામાં તેડી જજો. મોટા અમલદારીઓ ઉપર આ સઘળા હક છે. તેઓ દીનના થંભ છે. જેમ ઘરને ટેકા માટે મજબુત થાંભલો હોય, ને તેનાં ઉપર બંગલો બાંધવામાં આવે તો તે મજબુત રહેશે.

તેમ અમલદારીઓ પણ દીનના થાંભલા છે. જેમ એક મજબુત થાંભલો આખા ઘરને ટકાવી રાખે છે. તેમ અમલદારીઓએ જમાતને ટકાવી રાખવી જોઇએ."

## ફરમાન ૮૧ મું.

કચ્છ મુંદ્રા તા. ૨૨–૧૧–૧૯૦૩,

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :—

"જમાતનું અને જમાતખાનાનું કામ કાયદાસર ચાલે, એ હેતુથી અમે કમીટી નીમી આપીએ છીએ. કમીટીના સભાસદો, દર અઠવા-ડીએ જમાતખાનામાં એકઠા થાય અને જે કાંઇ જમાતના કામકાજ હોય તેનો નિવેડો કરે. કદાપી કામકાજ ન પણ હોય, તો પણ દર અઠવાડીએ, એકઠા મળવું જોઇએ અને કામકાજ નથી એવી નોંધ લઇને પોતાને ઘેર જવું. કમીટીના સઘળા સભાસદો સલાહ સંપથી મસલહત કરીને સઘળું કામ ઉકલાવે. કોઇ પણ મુશ્કિલ કામ હોય તો ખાસ કરીને સાથેજ મળી સલાહથી કરવું.

તમામ જમાતે એક દિલ થઇને ચાલવું જોઇએ. તમે સઘળા એક જ માબાપના ફરઝંદો ભાઇઓ હો, તે પ્રમાણે તમારે ચાલવું.

જેઓને અમે અમલદાર નીમીએ, તેની પદવીનો ખ્યાલ કરજો. અમલદારીઓ ફકત નામનાજ સાલો લેવા માટે નિમ્યા નથી. અમ-લદારી થયા તે આ સતપંથ ધર્મના થાંભલા થયા. જેમ એક બાદ-શાહનો વઝીર હોય, તેમ અમલદારો ધર્મના કામ ચલાવનારા મદદગાર વઝીરો થયા. એક ઘર અથવા તંબુને ટકાવી રાખનાર થાંભલો જો નબળો હોય તો, તે ઘર અથવા તંબુ તરત પડી જાય છે.

અમલદારીઓને લાજમ છે કે, તેઓએ ધર્મના કામમા સુસ્ત ન થવું. હિંમતવાળા થઈને મજબુત રહેવું. વિચાર કરો કે તમે કોના તરફથી અમલદારી તરીકે નીમાયેલા છો? તમે અમારા એલચી –વકીલ છો. તમે અમારી તથા અમારી જમાતની બરાબર ખિદ્મત કરો. એવો વખત નહિ આવે કે, તમે અમલદારી થઇને સતપંથ વગરના બેદીન લોકોની દોસ્તી અખત્યાર કરો.

અંગ્રેજ, પારસી, સુન્ની, હિંદુ વિગેરે જુદાજુદા દીન પાળનારા લોકો જોડે અમે ઓળખાણ રાખીએ છીએ, પણ તેઓ સાથે ધર્મની દોસ્તી અમે રાખતા નથી. તે લોકો સાથે દુનિયાની દોસ્તી રાખીએ છીએ. ઇન્સાન તરીકે દોસ્તી રાખીએ છીએ. તેમને ઘેર જઇએ છીએ, તેમની દુકાને જઇએ છીએ. જેમ અમે દુનિયાના કાસદ હોઇએ, તેમ તેમને ત્યાં જઇએ છીએ, પણ મઝહબી દોસ્તી તેઓ સાથે કરતા નથી. આવી રીતે અમલદારીઓને પણ વાજબ છે કે, પોતાના મઝહબમાં મજબુત રહેવું ને કોઈને ઘેર અથવા દુકાને જવું પડે તો હરકત નહિ, પણ સતપંથ સિવાય, બીજો ધર્મ પાળવાને જે મકાન બનાવવામાં આવ્યું હોય ત્યાં અમલદારી થઇને જવું ઘણું ખરાબ છે.

તમે તમારા ઇસમાઈલી દીન ઉપર મજબુત રહો. જો તમે દીનના ઇલમ, ગીનાનમાં હોશિયાર થયા હો, જો તમે ફિલસુફી બરાબર જાણતા હો, અને જો તમે પોતે પણ જાતે હિંમતવાળા હોશિયાર હો, તો આ સતપંથ એવો ઉત્તમ છે કે, તમે કોઈની પણ બાજી ખાશો નહિ. તેમ કોઈના ફરેબમાં આવશો નહિ અને બીજાના દીનમાં જશો નહિ; પણ તમે એટલું ઇલમ ભડયા નથી, તમે ફિલસુફી જાણતા નથી, તેમ તમે હોશિયાર પણ નથી, તેથી બીજાના ફરેબમાં જલદીથી આવી જાઓ છો. જો તમે ફિલસુફી શીખો અને ફિલસુફ થાઓ તો સર્વે બાબતો બરાબર સમજો.

અણસમજુ માણસો એટલો પણ ખ્યાલ કરતા નથી કે, જ્યારે હ૦ મોલા મુર્તઝાઅલી આ દુનિયા જાહેર રીતે છોડી ગયા ત્યારે,

ઈમામતની ગાદી હ૦ ઈમામ હુસેનને ઈનાયત કરી ગયા હતા. એ પ્રમાણે પેઢી દર પેઢી ઈમામો દીનનો રસ્તો દેખાડવા માટે પોતાની ગાદી ચલાવનારા ઈમામ નીમતા જાય છે.

જે લોકો ખુદાવંદના મોમન હોય છે, તેમને બૈયત કરાવવાને ઇમામ પોતાના વારસ નીમી જાય છે. મોમનોને વાજબ છે કે, તેઓએ તે ગાદીવારસના ફરમાનો માનવા જોઇએ.

જો વગર ઇમામે આ દુનિયા ચાલે તેવું હોત તો, હ૦ મુરતઝા અલી પોતાને હાથે પોતાની ગાદીના વારસ મુકરર કરી જતેજ નહિ. ફકત કિતાબ કુરાન બસ હોત તો, ઈમામને બેસાડત નહિ અને જ્યારે જામો સફારવામાં આવ્યો ત્યારે, તે જામો મુરતઝાઅલી પોતાનીજ સાથે લઈ ગયા હોત; પણ જેમ તમે જુઓ છો તેમ, એ વાત બીલકુલ મનાતી નથી અને એકલું કુરાન બસ હતું, એ વાત પણ ગલત સ્વાર થાય છે, એ વાત પણ ન મનાય તેવી છે.

વખતો વખત જેમ જેમ કાળ બદલાતો જાય છે, તેમ તેમ કાંઇક પણ નવીન ચીજો બનતી જાય છે. નવી નવી બીનાઓ પ્રગટ થાય છે. જુદી જુદી વખતે જુદી જુદી મુશ્કેલીઓ પેદા થાય છે. દુનિયા પણ બદલતી રહે છે. હજાર વર્ષ ઉપર દુનિયા કેવી હતી? આજે કેવી છે? અને હજી બીજા કેટલાક વર્ષ પાછી દુનિયા કેવી બદલાઈ જશે? દુનિયામાં અવારનવાર મોટા મોટા ફેરફાર થતા રહે છે, તેથી દરેક જમાનામાં દરેક જમાનાના ઈમામ હાઝર હોય છે તે બદલાયેલા વખતમાં તમારે શું કરવું તથા કેમ ચાલવું તે બાબતના ફરમાન કરે છે; વખત પ્રમાણે તમોને શું કરવું લાજમ છે. તે તમને ફરમાવે છે.

આ વખતે અમારા ફરમાન કઈ છે અને બીજા કેટલાક વર્ષ પછી અમારા ફરમાન કાંઇ જુદાજ હશે. આખી દુનિયા બદલાઇ જશે.

દરેક જમાનામાં જે ઇમામ હાઝર હોય તે, જે ફરમાન કરે તે પાળવા તમને લાજમ છે. **વખત બદલાય છે, તેમ ફરમાન પણ બદલાય છે.** આ સરવે બાબતોનો તમે વિચાર કરશો તો, તમે કદી પણ કોઈના ફરેબમાં આવશો નહિ.

ઘણા ઇન્સાન એવા છે કે કોઈ વાતનો જરા પણ ખ્યાલ કરતા નથી; તેજ સબબને લીધે બીજા ધર્મવાળા ગમે તેવી રીતની બાજી આપવાને આવે છે અને તેમને ફસાવે છે. તેની બાજી ખરી છે, એમ સમજીને તેઓ તેમાં ફસાઇ જાય છે. માણસોએ તેમ નહિ કરતાં, દરેક બાબતનો ખ્યાલ કરવો જોઇએ. વગર વિચારના માણસને કોઈ ફસાવવા આવે છે, તો તેની વાત સાચી સમજીને તેની પાછળ દોડે છે તો તેવા વગર વિચારવાળા ઇન્સાન, ઇન્સાન થવાને લાયકજ ન હતા, પણ જ્યારે ઇન્સાન રૂપમાં પેદા થયા તો વાજબ છે કે, હરેક વાત ઉપર તેણે પુરતો વિચાર કરવો જોઇએ અને આ દુનિયામાં કેવી રીતે અને કયે રસ્તે ચાલવું સારૂં છે, તે વિષે વિચાર કરીને શોધી કાઢવું જોઇએ અને ત્યાર પછી, મજબુત રહીને તે ઉપર ચાલવું જોઇએ. તેણે પોતાનો રસ્તો સંભાળીને ચાલવું જોઇએ.

ઇન્સાન ખ્યાલ કરતો નથી કે, જો મરણ પછી કયામતમાં તે એવો જવાબ આપશે કે ફલાણાએ મારા રૂહને ફરેબ દીધો, તો તે બહાનું કાંઇપણ ચાલવાનું નથી, કારણ કે તમે હેવાન નથી. તમે ઇન્સાન છો. ખુદાવંદતઆલાએ તમને વિચાર શકિત આપેલી છે અને અકલ પણ બક્ષિ છે, ત્યારે શા માટે તમેં અકલ વાપરતા નથી? અને ખ્યાલ કેમ કરતા નથી? તમને ઇન્સાનનો દરજ્જો મળ્યો છે, ત્યારે ઇન્સાનના અવતારની કદર જાણો. તમારો ઇન્સાનનો દરજ્જો એવો છે કે, તમે ફિરસ્તા થઇ શકો છો અને બીજી તરફ હેવાન પણ બની શકો છો, એટલે કે છેક નીચલા દરજ્જામાં જઇ શકો છો.

પુલ સરાત કયાં છે? તે તમે જાણો છો? આ દુનિયા પુલ સરાત છે અને પુલસરાત આ દુનિયામાં જ છે. આ દુનિયા જેવી મુશ્કીલ જગ્યા કોઇ નથી. તમે ઇન્સાન થયા છો, ત્યારે ઇન્સાનને છાજતી રીતે ચાલો તો સારૂં. જો તમે ચેતીને ચાલશો તો, ફિરસ્તા થઇ શકશો. આ દુનિયામાં હેવાન જેવા થઇને ચાલશો તો, જહુન્નમમાં જશો. ઇન્સાન પછી તમારી જગ્યા ફિરસ્તાની છે, તેને બદલે તમે હેવાનની જગ્યાએ જાઓ તો બધા કરતાં તે વધારે ખરાબ જગ્યા છે.

કોઇ માણસ પાસે આખી બાદશાહી હોય, એટલે કે તેને ઘેર આખી દુનિયાનું રાજ હોય, તેની પાસેથી બાદશાહી છીનવી લઇને, તેને ફકીર બનાવવામાં આવે તો, તેની કેવી ખરાબ હાલત થશે? હવે તમે ઇન્સાન રૂપી ઉત્તમ દેહમાં આવ્યા પછી, ફિરસ્તા થવાને બદલે ઇન્સાન મટીને હેવાન જેવા બનશો તો, તમારી પણ એવીજ ખરાબ હાલત થશે; માટે તમે સચ્ચાઇથી, પાક દિલથી, રૂહની સફાઇથી, પાક નઝરથી, પાક હાથથી, દરેક રીતે દરેક બાબતમાં ચાલશો તો હિંદુ અથવા અંગ્રેજ હોય અથવા બીજી કોઇ પણ નાતવાળો હોય તે તમને જોઇને પુછશે કે તમે કયા દીનના રસ્તા ઉપર ચાલો છો? તમે જે દીનના રસ્તા ઉપર ચાલો છો તે, અમને દેખાડો. તેઓ તમને જોઇને એમ કહેશે કે, તમારી સાથે કામ પાડી જોયું, પણ તમોએ દગો દીધો નથી. તેઓ એમ કહેશે કે, અમે બીજા એકાદ દીનવાળા સાથે કામ પાડી જોયું પણ તેઓએ દગો દીધો પણ તમોએ સાફ રીતે ચાલીને, અમને જરા પણ દગો દીધો નથી. એવી નેક રીતે ચાલશો તો બીજા તમારા વખાણ કરશે ત્યારેજ તમારા દીનનો પાયો મજબુત થયો કહેવાશે.

તમે કાંગવો ભરો છો એટલે કે, તમે અમને કોલ આપો છો કે "સાહેબ અમે તમારો દીન અખત્યાર કીધો છે અને કોઈ પણ વખત તમારા ફરમાનથી બહાર જઈશું નહિ." જે લોકોએ અમને એવો કોલ આપ્યો છે તેના માટે કાંઈ પણ ધાસ્તી નથી.

અમે કોઇ પણ વખતે ફરમાન કરીએ છીએ, તેમાં તમારો ફાયદો છે. અમે એવા કોઈ પણ ફરમાન કરતા નથી કે, અમારા કોઇ પણ મુરીદને દુનિયામાં અથવા આખરતમાં નુકસાન થાય; માટે આ કારણથી તમે આ દીન ઉપર મુસ્તકીમ રહો. જે લોકોએ અમને કોલ આપ્યો છે તે, લોકોએ પોતાનો કોલ બીલકુલ તોડવો નહિ.

અમલદારીઓને વાજબ છે કે, એક દિલ થઇ સલાહથી ચાલવું અને પોતાના દિલમાં કિન્નો, હસદ રાખવો નહિ. કોઇ પણ વખતે કોઈના પણ દિલમાં બીજાને માટે કિન્નો હોય, તો તે બન્નેએ એક

બીજામાં સલાહ કરી પંજા લઇ એક દિલ થવું, અને તે પછી કદી પણ બેદિલ રહેવું નહિ."

## ફરમાન ૮૨ મું.

કચ્છ ભદ્રેસર તા. ૨૩–૧૧–૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આ દુનિયામાં બે જાતના મોમન છે, જેમાં એક બદનના મોમન છે, તથા બીજા રૂહના છે. જેઓ બદનના મોમન છે, તેઓ અહીંજ રાજી થાય છે, અને આ દુનિયામાંજ રહેવાને રાજી છે. તેઓ આખરે જમીનમાંજ જાય છે, આ વડાઇના મોમન છે, તેમની જગ્યા જમીનમાંજ હોય છે.

એવા પણ ઘણા માણસ છે, જેઓ આ દીનમાં થોડા દિવસ બરાબર ચાલે છે, આગળ કદમ ભરે છે, ઇબાદત પણ કરે છે, એવી રીતે એક કદમ આગળ ભર્યા પછી, પાછા ઉભા રહી જાય છે, તે, જગ્યાએથી બીલકુલ આગળ વધતા નથી. આવા માણસો પણ આખરે જમીનમાંજ જાય છે, અને તેને કાંઇ ફાયદો થતો નથી.

બીજા જે રૂહના મોમનો છે, તે એવા થાય છે કે, દીનના કામમાં તેઓ આગળ અને આગળ કદમ ભર્યા કરે છે. તેઓ ઉભા રહેતા નથી તે, મોમનો નિરંતર આગળ વધ્યાજ કરે છે. આવા માણસો બહેસ્તથી પણ ઉંચે જશે.

કોઇ માણસ ઈમાનદાર હોય, અને અમારા ઉપર ઇમાન રાખતો હોય, તે બે ત્રણ વર્ષ દીન ઉપર બરાબર ચાલે, ત્યાર બાદ કોઇ વખત તેના ઉપર કાંઈ મુશ્કેલી આવી પડે અથવા તેને કાંઈ ખોટ જાય, તે વખતે નાહિંમત તથા શકિતવગરનો થઇને આ ધર્મ છોડી આપે અને જમાતખાનામાં આવે નહિ, તો જેમ જેમ દિવસો જશે, તેમ તેમ, તેનામાં બેઇમાની દાખલ થતી જશે અને ઈબાદત બંદગીમાં તે બીલકુલ મશગુલ રહેશે નહિ. આવી મુશ્કેલી વખતે જમાતખાનામાં

વધારે આવવું જોઈએ. જો તે જમાતખાનામાં નહિ આવે તો તેનું ઈમાન, તદ્દન જતું રહેશે. તેનું ઇમાન તેના હાથમાં રહેશે નહિ, વળી બહેસ્ત પણ તેના હાથમાંથી જતી રહેશે.

તમારે મજલસ જાગરણમાં હાજર રહેવું જોઇએ. ધર્મ લઇને સુસ્ત રહેશો તો આખરે બે ઈમાનીનો રસ્તો તમારામાં દાખલ થઇ જશે.

સાંજના દુઆ વખતે તમે ગમે ત્યાં હો, સીમમાં કે રસ્તામાં, જ્યાં હો ત્યાં દુઆ ગુજારી લેવા ચુકવું નહિ. અગર તમને દુઆ પડતાં ન આવડતી હોય તો "પીરશાહ"ના નામની બાર તસ્બી કાઢવી. બાર તસ્બી તથા બાર સુજીદા થવાથી તમારી દુઆ કબુલ થાય છે. બાર તસ્બી કાઢતા સુધીમાં દુઆનો વખત પણ પુરો થઈ જાય છે. અગર તમારો ધંધો ખેડુતનો હોય તો પણ તે ખેડુતનો ધંધો તમને ધર્મ પાળતાં અંટકાવતો નથી.

જ્યારે હ૦ મુરતઝાઅલી પ્રથમ મક્કામાં હતા અને લોકોને બોધ આપતા હતા ત્યારે બધા મુરીદો ખેડુત હતા. દાદા આદમના વખતમાં પણ મુરીદો ખેડુત જ હતા. તે લોકોનું બદન ખેડુતનું હતું, પણ બાતુનમાં તેઓ ફિરસ્તા હતા. તમારે પણ તેમના જેવું થવું જોઇએ.

અમને જણાય છે કે, તમારી જમીનમાં બી વાવ્યા છે, તેમાંથી કાંટા નીકળ્યા છે; પણ હજી તેમના પર ઘઉં આવ્યા નથી. તમે એવી સારી રીતે ચાલો કે, તેમાં સારા ઘઉં ઉત્પન્ન થાય, તેની સારી રોટલી થાય અને તે રોટલી તમે જ ખાઓ.

તમે દિલ સાથે ચોકસી કરો. જેમ બને તેમ ગુન્હા ઓછા થાય તેમ કરવું. ખરાબ માણુસની સોબત કરશો તો તમને નુકસાન થશે.

તમને ઇલમ ગીનાન આવડતા હશે, માએના પણ આવડતી હશે, પણ જો તમે હમેશાં જમાતખાનામાં નહિ આવો તો કોઇ ચીજ

તમને ફાયદો કરશે નહિ. આ મોટી નસિહત છે કે, તમારે બરાબર વખતસર જમાતખાનામાં આવવું અને ઈબાદત બંદગી કરવી, તેમજ હિંમત પણ રાખવી.

એક માણસના શરીરમાં તાકાત હોય, પણ તે કસરત કરે નહિ તો તેનું જોર તેને શું કામ આવે? તેજ પ્રમાણે તમને ઈમાન પણ હોય, પરંતુ તમે જમાતખાનામાં આવીને ઈબાદતની કસરત કરો નહિ તો તમારૂં ઇમાન જરૂર જતું રહેશે. તેમજ કસરત કરવાનું જોર પણ જતું રહેશે."

## ફરમાન ૮૩ મું.

કચ્છ નાગલપુર તા. ૨૫–૧૧–૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામ પાસે એક ઈશ્નાઅશરી આપણા સતપંથ દીનમાં દાખલ થવા માંગતો હતો, તેણે અરજ કરી કે, ખુદાવંદ! મારે ઇસમાઇલી દીનમાં પાછું આવવું છે, ત્યારે હાઝર ઇમામે તેને ફરમાવ્યું:

"જેને અમારા ધર્મમાં આવવું હોય, તેને માટે અમારો દરવાજો હમેશાં ખુલ્લો છે, તેમ જ જેઓને અમારા ધર્મમાંથી બહાર જવું હોય તેમના માટે પણ અમારો દરવાજો ખુલ્લો છે, જેને દાખલ થવાની ઉમેદ હોય તેને અમે મદદ કરીએ છીએ. તેવા ઉમેદવારો સુખેથી, અમારા દીનમાં દાખલ થાય.

એવા પણ કેટલાક માણસો છે કે, એક વખત તેઓ અમારા ધર્મમાં દાખલ થાય છે પણ થોડી મુદત પછી તેઓ પાછા નીકળી જાય છે, વળી કેટલોક વખત ગયા પછી પાછા દાખલ થાય છે અને થોડા દિવસ પછી પાછા નીકળી જાય છે. એવી રીતે જેઓ ધર્મમાં આવજા કર્યા કરે છે, તેઓને ધર્મનો કાંઈ ફાયદો મળતો નથી. જેઓ એક વખત ધર્મ અખત્યાર કરી દાખલ થાય, તેઓએ પાછી બીજા કોઈની બાજી ખાવી નહિ જોઇએ અને ધર્મ ગીનાનના બોલ યાદ રાખી તે ઉપર ચાલવું જોઈએ. બીજા દીનવાળાની મશ્કરી પણ કરવી નહિ જોઇએ. એ પ્રમાણે જેઓ વર્તે છે, તેઓનેજ ફાયદો થાય છે.

જો કોઈ ઉમેદવારની મરજી દીનમાં દાખલ થવાની હોય તો તેણે જમાતના મુખી કામડીયાને મળવું. તેઓ નાતના કાયદાસર ધર્મમાં દાખલ કરશે.

આ સતપંથમાં તમે વધારે મજબુત થાઓ અને દિન પ્રતી દિન ગુન્હા ઓછા કરી પાક બનતા જાઓ. તમે અત્રે અમારી પાસે આવ્યા છો, ત્યારે કાંઈક ફાયદો લઈને જાઓ તો સારૂં. તમને કાંઈક સારો લાભ મળે, તેની ચોકસી કરો. અમારા દિદારનો તથા અમારા ફરમાનનો તમને લાભ મળે, તેની ચોકસી કરો; નહિ તો પછી જેમ ઝાડને એક બાજુનો પવન લાગે છે ત્યારે તે હાલે છે, તેમ તમે આવ્યા અને જેવા હતા તેવાજ પાછા જાઓ તેમાં તમને શું ફાયદો થાય? તમે મહેનત કરી અહીં આવ્યા અને પાછા ગયા તેમાં કાંઈ લાભ નથી.

ધર્મનો જે ફાયદો લેવાનો છે તે બાતુની છે. જાહેરનો ફાયદો કાંઈ કામનો નથી. અહિંઆ તમે અમારી પાસે એક દિવસ બેઠા, તેવીજ રીતે એક મહિનો પણ બેસી રહો તો પણ તમને શું ફાયદો થાય? તમે એવા નેકીના કામ કરો કે, તમે હમેશાં અમને જુઓ અને હમેશાં અમે તમારા પાસે હાજર હોઇએ.

તમે સારા કામ કરો કે, હમેશાં તમારા દિલમાં બાતુની રીતે અમને જોયાજ કરો. તમે અમને તમારા દિલનાં અંતરના ધર્મથી જુઓ. તમે અમને તમારા દિલમાં રાખો. તમારૂં દલ ધર્મમાં તથા અમારામાં રાખજો. ઇલમ મજલસમાં હાઝર રહેજો તથા ઈબાદત બંદગીમાં મશગુલ થજો.

તમને અમારી ભલામણ એ છે કે, જે લોકો આપણા દીનમાંથી નીકળી ગયા હોય તે લોકો સાથે કદી પણ દુશ્મની કરશો નહિ. તે લોકો તેઓને રસ્તે ચાલે અને તમે તમારે રસ્તે ચાલજો. આપણા ધર્મમાં ફરમાન છે કે કોઈ સાથે દુશ્મની કરવી નહિ.

આ દુનિયામાં ઘણા દીન છે. જે વખતે આદમ પયગમ્બર થયા, તે વખતે એકજ દીન હતો. શરૂઆતમાં એકજ દાદા આદમ હતો

ત્યારે બીજા કોઇ માણુસ નહિ હતા અને તે વખતે દીન પણ બીજો નહિ હતો. પાછળથી જેમ જેમ માણુસોનો વધારો થતો ગયો તેમ તેમ દીન વધતા ગયા. તેમાં જે જીવને જે દીન પસંદ પડયો તે દીન તેણે અખત્યાર કરી લીધો. માટે તમારે કોઇની દુશ્મની કરવી નહિ. જેવી રીતે, વહોરા, મેમણ, હિંદુ, મુસલમાન અથવા બીજા ધર્મવાળાને લેખો છો, તેજ પ્રમાણે આ સતપંથ દીનમાંથી નીકળી જનારાઓને ગણજો. એમ સમજજો કે, તેઓ પણ હિંદુ, મુસલમાન, વ્હોરા, વિગેરેની માફક એક જુદી જાત છે.

આપણા જમાતખાનામાં અથવા આપણા ધર્મની જગાઓમાં "ઇમામી ઇસમાઇલી જમાત સિવાય બીજા કોઇને દાખલ થવા દેવામાં નહિ આવે." એવા લખેલાં બોર્ડો લગાડજો. આપણમાંથી નીકળી જનારની દીકરીઓ તમારે લેવી નહિ, તેમ તેઓને તમારી દીકરીઓ આપવી નહિ. તે લોકો બીજી નાતના હોય તેમ સમજવું, પણ તેમની સાથે બીલકુલ દુશ્મની રાખવી નહિ. જો તમે વેરભાવ રાખશો તો તેમાં મોટો ગુન્હો થશે, તેવા લોકોની સાથે ધર્મની વાતો કરશો, તેમની મશ્કરી કરશો અથવા તેમની દુશ્મની કરશો તો, મોટા ગુન્હા લેખાશે.

તમે ઇન્સાન થયા છો ત્યારે, તમારા દિલમાં એવો હુન્નર રાખો કે. તમે રોજ બરોજ સારા થાઓ, ફિરસ્તા જેવા થાઓ. ખરાબ માણુસોની સોબત કરો નહિ. તમારો વખત નકામી વાતો કરવામાં ગુમાવો નહિ. તમે ઇબાદત બંદગી કરો. જો તમે દીનના રસ્તાથી વાકેફગાર રહેશો તોજ તમે શેતાનની બાજીમાંથી બચશો.

હાલ તમે ઇન્સાન રૂપમાં આવ્યા છો તો હવે ઉંચે દરજજે પહોંચો. તમને મોટો ફાયદો થાય એવી, ઉત્તમ બાબતો આ સતપંથ ધર્મમાં છે. અમારા દીનમાં એવા એવા મેવા છે કે, તે મેવા ખાનાર કદી પણ બ્હાર જઇને ઘાસ ખાતો નથી; પણ એવા મેવા ખાવાને માટે તમારે પાક દિલના થવું જોઇએ.

બીજા બધા દીનમાં એમ લખેલું છે કે, આ દુનિયામાં તમે

સારા થઇને ચાલશો તો, મરી ગયા પછી તમને બહેસ્ત મળશે; પણ આપણા દીનમાં તો એવું છે કે, જો તમે ગીનાન શાસ્ત્ર પ્રમાણે સાફ દિલથી ચાલો, ઈબાદત બંદગી કરો, પાક થાઓ, તો તમને જીવતાં તમારી હૈયતીમાં બહેસ્ત મળે. આ દુનિયામાંજ બહેસ્ત ભોગવો તેજ મોટો ફાયદો છે; પણ જીવતા બહેસ્ત મેળવવી એ ઘણુંજ અઘરૂં કામ છે. હૈયાતીમાં બહેસ્ત લેવાને માટે તમારો ધર્મનો રસ્તો સાફ અને સાચો જોઇએ. બધા બંદા તેવા સાચા અને સાફ દિલના હોઈ શકે નહિ.

તમે એવું સાંભળ્યું છે કે, મરી ગયા પછી પુલસરાત છે; પણ તે કાંઇ એવી ચીજ નથી કે, તેને પાછળ રાખવામાં આવે. પુલસરાત આ દુનિયામાંજ છે. આ દુનિયામાં ધર્મનો ખ્યાલ રાખીને ચાલવું ઘણું મુશ્કીલ છે.

તમે ઇન્સાન થયા છો, ત્યારે આ દુનિયામાં ધર્મના કાયદા પ્રમાણે સારી રીતે ચાલો. સારા કામ અખત્યાર કરો અને તમારા રૂહને સારે રસ્તે ચલાવો, તો તમે આ દુનિયામાંજ પુલસરાત ઉતરીને પેલે પાર થયા; પણ જો આ દુનિયામાં ખરાબ કામ કરશો તો, દુનિયામાંજ પુલસરાત છે અને તમે આખરે જમીનમાંજ જશો.

તમે એવી ઉમેદ નહિ રાખો કે, બહેસ્તમાં જઈ ત્યાં સારૂં સારૂં ખાઈએ અને ત્યાંના બાગમાં સુખ ભોગવીએ. આવી રીતે અનેક સુખ ભોગવવાની ઉમેદો ધરાવશો તો તમને તેવા ફળ મલશે, પણ એવી ઉમેદથી તમને બિલકુલ લાભ થશે નહિ. જુઓ કે તમારી પાસે એક સારો ઘોડો હોય અને તે જુવાનીને વખતે તમને ખુશ કરે, તમને સારી સવારી આપે, તેના ઉપર તમે રાજી થાઓ તો, પછી જ્યારે તે ઘોડો બુઢ્ઢો થઇ જાય ત્યારે, તેની પાસેથી કામ નહિ લેતાં, એક તબેલામાં તેને બાંધી રાખો અને બેઠાબેઠા તેને ખવડાવ્યા કરો, તેને લીલું ઘાસ તથા પાણી આપો, એવી રીતે કે, તે ઘોડો કામ નહિ કરતાં બેઠા બેઠા ખાયા–પીયા કરે અને સુખ ભોગવે. આવી રીતે જો તમે બેઠા બેઠા સુખ ભોગવવાની ઉમેદ રાખશો તો, તમારા

બહેસ્તના સુખ અને આ ઘોડાના તબેલાના સુખ બન્ને સરખાજ થયા; એટલે કે, બહેસ્ત પણ એક તબેલો જ થયો અને તમે બુદ્ધા ઘોડા થયા; માટે તમે ફિરસ્તા થવાની અને તેનાથી પણ ઉંચે ચડવાની ઉમેદ રાખો.

તમારો જીવ હાલ ઇન્સાન રૂપમાં આવ્યો છે. તમે માણુસ થયા છો, તો હવે તમારે કેવો ફાયદો લેવાનો છે? ઘોડા જેવો એટલે હેવાન જેવો ફાયદો લેવાનો નથી. તમે એવા ખ્યાલ કરો અને એવી ઉમેદ રાખો કે, ઘણા સારા અને પાક થઈને ફિરસ્તાથી પણ ઉંચી જગ્યાએ જઇએ. આ દુનિયામાં હરેક રીતે એવું સમજીને ચાલશો કે, "હું કાંઇજ નથી" તોજ એવી ઉંચી જગ્યાએ પહોંચશો. દરેક બાબતમાં એમ સમજીને ચાલવું એજ ઘણું મુશ્કેલ છે.

શેતાન એક તરેહની નહિ પણ હજારો તરેહની બાજી આપે છે. એક માણુસ કેટલાક વર્ષ સુધી બંદગી કરે, પછી તેને થોડી મગરૂરી આવે તેથી તે બંદગી કરવી છોડી આપે છે; વળી કેટલાક મહિના પછી, તે માણુસ પાછો બંદગી કરવી શરૂ કરે અને થોડો વખત ચાલુ રાખે, એટલામાં વળી શેતાનના ફરેબથી તેને મોટાઈ આવે અને તે બંદગી કરવી છોડી આપે છે. આ પ્રમાણે ઘણા વર્ષો સુધી કરેલી મહેનત નકામી જાય છે અને તમામ ઇબાદત રદ જાય છે. કેટલોક વખત ગયા પછી ત્રીજી વાર તે ઇબાદત શરૂ કરે અને તે સાથે પરાયો માલ તથાં પારકી સ્ત્રી તરફ બદ ખ્યાલ કરે તે કારણને લીધે તેની ઇબાદત રદ બાતલ થઇ જાય છે; વળી થોડાક મહિના પછી પાછો તે ઇબાદત શરૂ કરે, આ વખતે પણ શેતાન, તેને બાજી આપે છે તેથી કરીને જે સરકારી માલ તેના હાથમાં હોય તે ખાઇ જાય અગર બીજા ગુન્હા કરે તો તેથી પણ તેની ઇબાદત જમીનમાં મળી જાય છે. આવી રીતે અનેક તરેહથી શેતાન તમને લુંટી જાય છે અને તમારી બંદગી ખાઇ જાય છે. આ પ્રમાણે ઇન્સાન ઇબાદત બંદગી કરી, મહેનત કરતો જાય, અને તે સાથે શેતાનથી ફસાતો પણ જાય, તો તેની મહેનત નકામી જશે; વળી થોડા વર્ષ પછી તેને મન થાય કે, હું પાછી ઇબાદત શરૂ કરૂં અને

વિચાર કરે કે, હવે પછી શેતાનના ફરેબમાં આવીશ નહિ. અને ઇબાદત બંદગી કરી એક મોટો બંગલો બાંધીશ, પણ ફક્ત વિચાર કરવાથી બંગલો બાંધી શકાતો નથી. જો તે લોભ, લાલચ વિગેરે છોડી શેતાના ફરેબમાં ફસાસે નહિ અને શેતાનને બાજી દેવામાં ફાવવા દેશે નહિ તોજ તેની ઇબાદત કામ આવશે યાને તે બંગલો બાંધી શકશે.

તમે તમારા દિલ સાથે ચોકસી કરી, એવી રીતે ઇબાદત કરો કે, તમારી ઇબાદતથી એક મજબુત બંગલો બંધાય, કે જે પાછો જમીનમાં જાય નહિ. તમારા બંગલાનો પાયો ઘણોજ મજબુત કરો, તમારા દીનનો પાયો કુવાની માફક ઘણો ઊંડો હોવાથી, તેનો પાયો મજબુત કરવાને તમારે સખ્ત મહેનત ચાલુ રાખવી જોઇએ અને ધીરજ રાખી તેનો પાયો હાલે નહિ તેવો મજબુત કરવો જોઇએ.

તમારા ધર્મનો પાયો મજબુત કરવા માટે બીજી ફરજો ઉપરાંત પ્રથમ તો તમારે ત્રણ વખતની દુઆ કદી પણ ચુકવી નહિ. વખત થયો કે તરત દુઆમાં હાજર થવું; પછી ગમે ત્યાં હો, ગમે તે કામમાં તમે રોકાયા હો, તે કામ છોડી તેજ ઠેકાણે દુઆનો વખત સાચવી લેવો. તમને દુઆ પડતા આવડતી ન હોય તો બાર તસ્બી "પીરશાહ"ના નામની યાદ કરી કાઢવી, એટલે તમારી દુઆ કબુલ થશે અને તમે તમારો વખત સાચવ્યો એમ ગણાશે.

**દીનનો શરૂઆતનો પાયો એ છે કે, હમેશાં દુઆ વખતે જમાતખાનામાં હાજર રહેવું અને ત્યાંજ દુઆ પડવી. જો જમાતખાનુ દુર હોય અને તમને ખાત્રી હોય કે. વખતસર ત્યાં પહોંચી નહિ શકાય તે વખતે તમે રસ્તામાં હો તો રસ્તામાં, દુકાને હો તો દુકાને, રેલગાડીમાં હો તો ત્યાં, જ્યાં તમે હો ત્યાં દુઆનો વખત ગુજારી લેવો. આવી ચોકસીથી તમે દુઆનો વખત સાચવશો તો તોજ દીનનો પાયો તમે મજબુત કીધેલો લેખાશે.**

આ પ્રમાણે તમારા ધર્મનો પાયો મજબુત થાય, ત્યારબાદ

તેના ઉપર નેક આમાલ રૂપી, પથ્થરા ગોઠવીને બંગલો મજબુત બનાવો. એ બંગલાનો એક માળ બનાવી રહ્યા એટલેથીજ તમે રાજી થશો તો હજી તમે જમીન ઉપરજ છો, ઉંચે ચડયા નથી. તમારો દીન એવો છે કે, આસ્તે આસ્તે તમારા બંગલા ઉપર મજલા પર મજલા બાંધી, તે બંગલાને આસમાન સુધી લઈ જવો જોઇએ.

આપણા દીનમાંથી જેઓ નીકળી ગયા હોય, તેઓની દુશ્મની કરશો નહિ. તમે તમારા કામમાં તથા તમારા દીનમાં મજબુત રહો. તમારો રસ્તો સીધો અને સાચો છે. તમે આ સાચો રસ્તો કદી પણ છોડી દેતા નહિ. તમે દિલમાંથી સુસ્તપણું કાઢી નાખો. વધારે અને વધારે સારા થવાની ઉમેદ રાખો. જો હિંમત નહિ રાખો તો જેવાને તેવા રહી જશો અને ઝાડના પાંદડાની માફક પવનની ગતી પ્રમાણે હાલ્યા કરશો અને કાંઇ ફાયદો થશે નહિ. તમે જમીન ઉપરના જમીન ઉપરજ રહેશો, માટે તમે એવા ભારી થાઓ કે ડુંગર માફક જરા પણ હાલોજ નહિ."

## ફરમાન ૮૪ મું.

કચ્છ નાગલપુર તા. ૨૬-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે પંજેભાઇ થયા છો તો જાગરણ મિજલસમાં હમેશાં આવજો અને તમારી મિજલસો સંભાળજો. મિજલસ માટે ઓછામાં ઓછી ત્રણ મંડળીઓ અઠવાડીઆમાં થવી જોઇએ. એક મોટી ઉમરના મરદોની, બીજી જુવાનોની તથા ત્રીજી નાના બાળકોની.

જો તમે તમારાં બચ્ચાંઓને નાનપણથી દીનની તાલીમ નહિ આપો તો પછી કયારે તેમને દીનની તાલીમ આપશો? ઘડપણમાં આપશો? જો જવાનીમાં તમારૂં ઈમાન મજબુત રહી શકશે અને બંદગી તથા સારા કામ કરી શકશો તોજ બુઢ્ઢાપણમાં તમને ફાયદો હાસલ થશે. જે બુઢ્ઢાઓ સુસ્ત જોવામાં આવે છે અને જેમના ઈમાન

મજબુત નથી, તેઓએ નાનપણમાં દીનની તાલીમ બરાબર લીધી નથી. માટે નાના બાળકોને ઉગતી જવાનીમા ધર્મ બોધ આપી સાચંવવા દુરસ્ત છે. તેમને દુઆ વખતે તથા જાગરણમાં જમાતખાનામાં હાજર રહેતા શીખવો.

મિજલસમાં એમ નં થવું જોઈએ કે, હમેશાં એકજ માણસ વાએઝ કર્યા કરે. રોજ વારાફરતી જુદા જુદા માણસો ગીનાન બોલે તથા વાએઝ કરે, એક જણુ ગીનાન બોલે અને બીજો માણસ તેની માયના કરે. એવી રીતે દરરોજ વારા ફરતી માએના કાઢવાની તાલીમ લેવી જોઇએ."

## ફરમાન ૮૫ મું.

કચ્છ નાગલપુર તા. ૨૭-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"દશોંદ આઠમો ભાગ બરાબર આપતા રહેજો. તમારા ખેતરમાં જે પાકે તેમાંથી, રાજા પોતાનો ભાગ લઈ જાય પછી, જે બાકી રહે તેમાંથી આઠમો ભાગ આપજો. ઉધડ આપતા નહિ. બેદીનની સોબતથી તમારા ઇમાનમાં ખલલ પડી જશે અને તમે પણ બે ઇમાન થઈ જશો. પિયાજનું એક છીલટું સડેલું હોય તો, તેની સોબતવાળા સઘળા પડ સડી જાય છે, માટે બેદીન લોકોથી દુર રહેજો.

તમે દરરોજ જમાતખાનામાં દુઆ પડવા આવજો અને ઇલમ મિજલસમાં હાજર રહેજો. સઘળી જમાતો સાથે એકદિલ થઇને ચાલજો.

જે લોકોએ અગાઉ અમારા કાંગવા ભર્યા નહિ હતા, પણ આજે નવાજ કાંગવા ભર્યા છે તે લોકો આજે અમારા નવા મુરીદ થયા છે તેઓએ અમારા કાગવા ભર્યા, એટલે અમને કોલ આપ્યો છે. જે લોકો કાંગવા ભરીને અમને કોલ આપી, અમારા મુરીદ

થયા છે, તેઓએ પોતાનો કોલ કદી પણ તોડવો નહિ. અગાઉ હ૦ મૌલા મુર્તઝાઅલી તથા નબી સાહેબના વખતથીજ કાંગવા ભરવાનું, એટલે કોલ લેવાનું કામ ચાલતું આવે છે. તે વખતે પણ મુરીદો થતા હતા. આ સતપંથ દીન ઇસમાઇલીનો એ કાયદો છે કે, દરેક મુરીદે દરેક નવા જામાનો એકવાર ખાસ કરીને જરૂર કાંગવો ભરવો વાજબ છે. દરેક નવે જામે એકવાર પોતાની જીંદગીમાં કાંગવો ભરવો જોઇએ. એકજ જામાના એકથી વધારે વાર કાંગવા ભરવા કે નહિ, તે તેમની ખુશીની વાત છે.

કાંગવા ભરવાનું કામ, છાંટા નંખાવવા અથવા ધર્મના બીજા કામો જેવું નથી. કાંગવા ભરવાથી તમે અમારી બૈયતમાં આવો છો અને અમારા મુરીદ થવાનો કોલ આપી અમારી કબુલાતમાં આવો છો. જ્યારે અમે ગાદી ઉપર બિરાજ્યા તે વખતે જેઓએ અમારો કાંગવો ભર્યો હતો, તેઓ તે વખતે અમારા નવા મુરીદ થયા હતા.

એવા પણ કેટલાક માણસો છે, જેઓ અમારા ઉપર ઇમાન બરાબર રાખે છે, પંજેભાઈઓ થયા છે તથા મિજલસ જાગરણમાં હમેશાં જમાતખાનામાં આવે છે, છતાં તેઓએ હજી અમારા કાંગવા ભર્યા નથી. વળી તેઓના દશ બાર વરસના નાના બચ્ચાંઓનાં પણ કાંગવા અમારી પાસે ભરાવ્યા નથી, તેથી તે લોકો હજી પણ અમારા મુરીદ થયા નથી. કારણકે તે લોકોએ મુરીદ થવાનો કોલ અમને આપ્યો નથી; તેમજ તેઓના છોકરા પાસે મુરીદ થવાનો કોલ અપાવ્યો નથી. પંજેભાઇઓ થયા પણ અમને મુરીદ થવાનો કોલ આપ્યો નથી, ત્યાં સુધી પંજેભાઇ થયા તે કાંઇ કામ આવશે નહિ. નવા જામાનો એક વખત કાંગવો ભરવો જોઈએ, એ બાબ-તથી ઘણા માણસો બેખબર છે. પોતાની ઉમરમાં જે જામો હોય, તેનો એક વખત કાંગવો ભરવો દરેક મોમનને વાજબ છે. એક વખત નવા જામાની બૈયતમા આવવું લાજમ છે; પછી બીજી વાર યા ત્રીજી વાર કાંગવો ભરવો, એ તેની ખુશીની વાત છે, આ બાબત વિષે ઘણાને સમજ નથી, કેટલાક ઇમાની લોકો છે તેઓ

પોતાના બચ્ચાને નાનપણમા અમારી પાસે લાવીને નામ પડાવી જાય છે, પણ તેઓ એટલુ સમજતા નથી કે, બચ્ચાઓને કાંગવો ભરાવી અમારા મુરીદ તો કીધા નથી, તેમજ મુરીદ થવાનો કોલ અપાવ્યો નથી.

મા બાપોને ખાસ કરીતે વાજબ છે કે, બચ્ચાંઓને પ્રથમ કાંગવા ભરાવીને મુરીદ કરવા અને ત્યારબાદ તેમના નામ પડાવવા. જે લોકોએ અમારા કાંગવા ભર્યા નથી, તે લોકોએ અમારો દીન કબુલ કરવાની સહી કરી નથી. જેમ તમે વેપારમાં અથવા બીજા કામમાં સહી કરી કબુલ થાઓ છો, તેમ કાંગવા ભરાવીને અમે તમારા રૂહની સહી લઇએ છીએ. અમારા કાંગવા ભરવા તે અને અમારી દસ્તબોશી કરવી એ બન્ને સરખા કામ નથી. દસ્તબોશી તો કોઇ પણ માણુસ કરી શકે છે. જેઓ અમારા મુરીદ નથી તેઓ પણ અમારી દસ્તબોશી કરી શકે છે.

આરબો, અમારા નોકર ચાકરો, અથવા બીજા માણુસો, કે જેઓ અમારા મુરીદ નથી, તેઓ પણ અમારા હાથ ચુમે છે, તેમાં જરાપણ ફાયદો નથી. અમારો કાંગવો ભરી, મુરીદ થઈ, કોલ આપી, દસ્ત ચુમે તેનો ફાયદો મોટો છે. અમારા મુરીદો સિવાય, કાંગવા ભરવાનું કામ બીજુ કોઇ કરી શકતું નથી. કાંગવો ભરવાનું કામ તો મુરીદો જ જાણે છે. જે લોકોએ અમારા કાંગવા ભર્યા છે અને અમારા મુરીદ થવાનો અમને કોલ આપ્યો છે, તેઓએ પોતાના દિલ સાથે ચોકસી કરવી કે, તેઓએ અમને આપેલો કોલ કદી પણ તોડવો નહિ."

## ફરમાન ૮૬ મું.

કચ્છ નાગલપુર તા. ૨૮-૧૧-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હઝર ઇમામે ફરમાવ્યું:

"તમે હરેક વખતે કેવી જલદીથી શેતાનની બાજી ખાઇ જાઓ છો, તે જોઈ અમે તાજુબ થઇએ છીએ, તમે જલદીથી શેતાનની

બાજી ખાઇને તેને વશ થઇ જાઓ છો. અમારી ઇમામતના વખતમાં અમે જોઇએ છીએ કે તમે સેંકડો તરેહથી શેતાનની બાજી ખાતા આવ્યા છો. અમે ઘણા ગામો જોયા તે દરેક ગામમાં કોઈ મુરીદ એક વાર, કોઇ બે વાર, કોઇ ત્રણ વાર, તો કોઇ ઘણી વાર શેતાનની બાજી ખાઇ ગયો છે. લોકો જુદી જુદી તરેહથી બેદીન થઇ ગયા છે. કોઇ મુરીદ એક તરેહથી તો કોઈ બીજી તરેહથી આ ધર્મમાંથી પાછો પડયો છે. એક વાર કોઇ જમાતમાં તકરાર કરીને નીકળી જાય છે, બીજી વાર ધર્મના જુદા જુદા મત દેખાડી ખસી જાય છે, ત્રીજી વાર કોઇ ભગત હોય તેની પુઠે દોડી ધર્મથી પાછો હઠી જાય છે. કોઈ ધર્મી માણસ સારા કામ કરતો હોય, કોઈ મોટો માણસ હોય, તેની અદેખાઇ કરી, ધર્મથી ઉલ્ટો ચાલીને ધર્મ છોડી આપે છે. આવી રીતે અનેક તરેહથી તે શેતાનની બાજી ખાય છે. તમે દિલ સાથે ચોકસી કરો કે, હવેથી શેતાનની બાજી ખાશો નહિ.

તમે જાણો છો કે, અરબ લોકોમાંથી કેટલાક અમારા મુરીદો છે, તેઓ અરબસ્તાન દેશમા રહે છે. ત્યાં આપણો ધર્મ પાળવા માટે બાદશાહ તરફનું ઘણું દુઃખ છે. ત્યાંનો બાદશાહ સુન્ની ધર્મ પાળે છે. ત્યાં અંગ્રેજ સરકારનું રાજ્ય નથી. ત્યાં રાજાને અથવા બીજા કોઇને એમ નહિ કહેવાય કે, ધર્મ માટે શું કામ અમને દુઃખ આપો છો? અમોને અમારો ધર્મ પાળવા આપો. આવી રીતે તો આપણા ઇસમાઈલીઓથી બોલાયજ નહિ. તેમની વિરૂધ્ધમાં એક પણ શબ્દ વત્તો ઓછો બોલવામાં આવે, તો તે શબ્દ ઉચ્ચારનારને મારી નાખવામાં આવે એવો હુકમ કરવામાં આવે છે. જો સતપંથ પાળનારા ઈસમાંઇલી અરબો એમ કહે કે, અમે ઈસમાઈલી દીન પાળીએ છીએ, અગર કહે કે, અમે ઈસમાઇલી છીએ, તો તેઓને એકદમ મારી નાખવાનો જ હુકમ થાય છે. આવા આવા દુઃખ છતાં પણ તેઓ પોતાનો ધર્મ છોડતા નથી અને કદીપણ શેતાનની બાજી ખાતા નથી.

બીજા એવા અમારા મુરીદો ઇરાન દેશમાં છે, તેઓ ખાલુના

નામથી ઓળખાય છે. તે લોકો જો એમ કહે કે, અમે ઈસિમાઈલી છીએ, તો ત્યાંના લોકો તેમને મારીજ નાખે. તેઓ જાહેરમાં ઇસ્ના-અશરી ધર્મ પાળે છે અને બાતુનમાં આપણો ઇસમાઇલી ધર્મ પાળે છે. તેઓ એવા અમારા ખરા મુરીદો છે. એ મુલ્કોમાં તેઓ ઉપર ઘણોજ ભય છે, છતાં પણ ગુપ્ત રીતે તેઓ આ ઈસિમાઈલી દીનને સંભાળી રાખે છે. તેઓ કદી પણ શેતાનની બાજી ખાતા નથી. આવા લોકો જે અમારા મુરીદો છે, તેઓએ અમારા ફરમાન કદી પણ સાંભળ્યા નથી, તેમજ જાહેરીમાં અમારા દીદાર કદી પણ કર્યા નથી. તેઓ હમેશાં બાતુની દીદાર કરે છે. આવા અમારા મુરીદો, શેતાનના ફરેબમાં કદી પણ આવતા નથી.

જેમ હિંદુસ્તાનમાં અંગ્રેજ સરકારના રાજ્યમાં તમે મિજલશો, જાગરણો, કરી શકો છો, ગીનાન બોલી શકો છો, તેવી મિજલસો, જાગરણો તેઓ કરી શકતા નથી. જો તેઓ દેખાવમાં આવી જાય તો, તેઓના માથા ઉડાવી દેવામાં આવે. આ દીન પાળવામાં તેઓને એવી, એવી, હાડમારી અને જુલમ સહન કરવા પડે છે, છતાં પણ આ દીન છોડી શેતાનના ફરેબમાં તેઓ કદીપણ આવતા નથી. તેઓ મજબુતાઇથી સતપંથને વળગી રહે છે અને પોતાનો ઇસમાઇલી દીન સંભાળી રાખે છે. તેઓ કદી પણ ઈસમાઈલી દીન છોડતા નથી.

ખુરાસાનના મુલ્કમાં પણ અમારા સતપંથી મોમનો છે, ત્યાં મોટા મોટા પડેલા મુલ્લાંઓ ઈસમાઈલીઓને ફરેબ દેવા આવે છે અને તેઓને પોતાના દીનમાં લેવાની બહુજ કોશીશ કરે છે, તો પણ અમારા ખુરાસાની મુરીદો ઉલ્ટા આપણા ધર્મનો બોધ આપી, તેમને ઈસિમાઇલી દીનના રસ્તા ઉપર લાવે છે. બીજાઓને બેદીન કરનારા મુલ્લાંઓ, પોતેજ આપણા દીનમાં આવે છે. આવા મ્હાન કામ ખુરાસાની મુરીદો કેવી રીતે કરી શકે છે? ખુરાસાની મુરીદો ખરા મોમન છે. તેમનામાં પુરેપુરૂં ઈમાન, ખરી ઓળખાણ અને પુરેપુરી હિંમત છે. આવા ગુણોને લીધે, તેઓ કદી પણ શેતાનની બાજી ખાતા નથી.

તમે પણ અમારા મુરીદો છો. ધર્મ પાળવામાં તમને અહીં ઘણીજ સગવડ છે, ત્યારે તમે બીજા ધર્મવાળાને આ ધર્મમાં લાવવાને શા માટે મહેનત લેતા નથી? તમે તો ઉલ્ટા તે લોકોની શેતાનની બાજીમાં ફસાઈ પડો છો. આમ બનવાનું કારણ એ છે કે, તમારામાં તે હિંમત અને ઈલમ નથી. તમે બેઈલમ તથા બે હિંમત છો, તેથી તમે શેતાનની બાજી ખાઈ જાઓ છો. જો તમારામાં જોઈતું ઈલમ તથા જોઇતી હિંમત હોય, તો તમે પણ સામા આવતા શેતાનને નસાડી શકો.

કોઇ ઇશ્નાઅશરી અથવા બીજા કોઇ દીનવાળો, તમને ફરેબ દેવા આવે તો એકદમ તમે તેને બંધ કરી શકો.

**આ ધર્મ પાળવામાં હિંમત એ મુખ્ય ચીજ છે.**

હિંમત રાખવાથી, તમે મહાન કામ કરી શકશો. બીજું એ કે, જો તમને પુરતું ઈલમ હોય, તો તમને ફેરવવા આવનાર બીજા દીનવાળાને બંધ કરવા એક જ શબ્દ પુરતો છે. તે શબ્દ એ છે કે, તમે તેમને પુછો કે, તમારો ઈમામ કોણ છે? અને તે કયાં છે? તમારા ઈમામનો રસ્તો બતાવો. તો તેઓ એમ કહેશે કે, અમારો ઈમામ તો જીવતો છે, પણ તે ગેબ થઈ ગયો છે તો ફરીથી તેમને પુછો કે તમારો ઈમામ ગેબ થઈ ગયો છે તો તે શું ઇન્સાન જાતથી ડરે છે? શું તેને માણસોનો ડર છે કે માણસો તેને મારી નાખશે? કયા કારણથી ઇમામ ગેબ છે? તે સમજાવો. ઈમામ તો ગેબ થતો જ નથી, ત્યારે તેઓ કારણ શું સમજાવી શકશે? અને તમારા સવાલનો શું જવાબ આપી શકશે? તરત તેઓ આ સવાલથી બંધ થઇ જશે.

ત્યાર બાદ તમે તેને કહો કે, **ઈમામ તો ઇન્સાનને આ દુનિયામાંથી તારનાર છે, તે જો તમને છોડીને ભાગી જાય, અથવા ગેબ થઈ જાય, તો તમને શી રીતે પાર ઉતારી શકશે?** તમારો ઇમામ જ તમને રઝળતા મુકીને, નાશી જાય એ કેમ બને? તમે તેના મુરીદ થયા, તો તમારો મુરશીદ તમને છોડીને ગેબ થઇ જાય, એ બનવા જોગ નથી; એ નહિ

માનવા જેવી વાત છે. જો ઇમામ ગેબ થઇ જાય, તો પછી તમે મુરીદ કોના? તમે હાઝર ઇમામના મુરીદ, કે ગેબ ઇમામના મુરીદ? ઇમામ ગેબ થવાની તમારી વાત માની શકાય તેવી નથી. તમે તમારા ઇમામને શોધી કાઢો.

**આ દુનિયામાં ઇમામનું કામ એજ છે કે, હાજર રહી વખતો વખત પોતાના મુરીદોના લાભ માટે બોધ આપવો. તેમને સારે રસ્તે ચલાવવા અને ઇમામત બરાબર સાચવવી.**

હ૦ નબી મહમદ સરખા પયગમ્બર પહેલવહેલા આ દુનિયામા આવ્યા હતા, તે પણ કહેતા હતા કે, દુનિયાની નબુવત મારી પાસે છે. હું પયગમ્બર છું, એમ જાહેર રીતે કહેતા હતા. તેઓ ઇન્સાનથી ડરતા નહિ હતા. તેઓએ જાહેરમાં ઘણા મોજીઝા દુનિયાને દેખાડયા. તેઓ ઇન્સાન જાતથી કોઇ પણ રીતે ડરતા નહિ હતા. તેઓ જો એવા જાહેર મોજીઝા નહિ દેખાડત તો તે વખતની દુનિયા તેમને નબી કરીને કેમ માનત અને નબી તરીકે તેમને કેમ કબુલ કરત? તમે જાણો છો તેમ હ૦ નબી મહમદનું નામ સહુ કોઇ જાણે છે. જ્યારે તેઓને નબુવત મળી ત્યાર પછી ડર કોનો હોય?

કરબલાના મેદાનમાં હ૦ ઇમામ હુસેન સામે મોટું જંગ કરવામા આવ્યું, તે વખતે તેઓ હજારો માણસોની સામે એકલા લડયા હતા. **દુશ્મનોના તરફનો ઝુલ્મ તથા મહા દુઃખ સહન કરવા છતા પણ કહેતા હતા કે. "હું ઇમામ છુ." આવા સંકટો વખતે પણ તેઓ ગેબ થયા નહિ, પણ ફકત એક લાકડી લઇ, ને દુશ્મનોની સામે આગળ અને આગળ જંગમાં ધસી ગયા હતા. તે વખતે તેઓએ પોતાની ઇમામત છુપાવી નહિ. જો ઇમામનો જોમો હાજર ન હોય, તો સર્વે કાફર થઇ જાય.**

**હ૦ ઇમામ હુસેનની લાકડી (ગાદી) હાલ અમારી પાસે છે અને અમે પોતેજ ઇમામ હુસેન છીએ.** તમે જુઓ છો કે,

આજે પણ એક લાકડી હાથમાં રાખીને, અમે જ્યાં ત્યાં, ફરીયે છીએ; કારણ કે, અમે પોતે ઇમામ છીએ. અમને કાંઇપણ બીક નથી. ઈમામ હાઝર જ છે અને તેઓના ઉપર દુઃખ પડે, તે છતાં ગેબ થઇ જતા નથી. આ બાબતની સાબિતીના દાખલામાં દુર જવું પડે તેમ નથી.

જુઓ, અમારા દાદા શાહ હસનઅલી દાતારને તમે કેટલાકોએ દીઠા હશે. તેમના દિદાર પણ કર્યા હશે. તેમના ઉપર કેવો કેવો સિતમ ગુજારવામાં આવ્યો હતો? તેઓએ કેવી કેવી મુશ્કેલીઓ ભોગવી હતી? પોતાની સાથે એક લાકડી સિવાય બીજું કાંઇ પણ નહિ રાખ્યુ. ઇરાન દેશમાં મરહુમ શાહ ફતેહઅલીની સામે લડાઈ કરી હતી અને દુઃખ ભોગવતા ભોગવતા, આખરે હિંદુસ્તાનમાં પધાર્યા હતા, તેમ છતાં પણ તેઓ ગેબ થયા નહિ. ઇરાનમાં તેઓ ઉપર એટલી હાડમારીઓ પડી કે, તેમની પાસે કાંઈપણ ચીજ રહી નહિ; એટલે સુધી કે, તેઓને ઉભા રહેવાની જગ્યા પણ મળી નહિ, ત્યારે તે દેશ છોડી, આ હિંદુસ્તાનમાં પધાર્યા, પણ ગેબ થયા નહિ. પોતા ઉપર પડેલા સરવે દુઃખો સહન કર્યા, પણ ગેબ થયા નહિ.

જુઓ, ઈમામ હુસેનની ચુમાલીસમી પેઢીએ, "શાહ ખલીલલુલ્લાહ," શાહ હસનઅલીના પિતા, ઈમામના જમાનામા હતા. તેમના દિદાર હમણા જેઓ એંશી વરસથી વધારે ઉમરના હશે, તેઓએ કીધા હશે. જાહેર રીતે તો શાહ ખલીલલુલ્લાહના ટુકડે ટુકડા કરી નાખવામાં આવ્યા હતા. જો તેઓને ગેબ થઈ જવું હોત, તો તે વખતેજ ગેબ થઇ જાત અને આવું દુઃખ સહન કરતેજ નહિ. ઇમામ થયા તો તેમનાથી એમ થાયજ નહિ. વળી તેઓએ એમ પણ નહિ કહ્યું કે, અમે હવે ગેબ થઈ જઇએ છીએ, કારણકે અમારા ઉપર ઘણું દુઃખ પડયું છે.

હવે જ્યારે ઇશ્નાઅશરી લોકો કહે છે કે, ઇમામ દીનના જંગમાંથી યાને લડાઇના મેદાનમાંથી નાસી ગયા છે અને ગેબ થઇ ગયા છે, એ શી રીતે માની શકાય? તમે ખ્યાલ કરો કે, જ્યારે ઇમામ થઇને

દીનની લડાઇમાંથી નાસી જાય અને દીનની ખાતર ઉભો ન રહે ત્યારે દીનના કામમાં શી રીતે મદદ કરી શકે? તમારો બચાવ પણ શી રીતે કરી શકે? અને તમને બહેસ્તમાં શી રીતે લઇ જઇ શકે? તેનામાં ધર્મને માટે ઇમામપણાની હિંમત ન હોય અને ઇમામપણાની હિંમત જાહેરમાં બતાવે નહિ, તો તે મુરીદોના કામ શી રીતે પાર પાડી શકે?

આ ઉપરથી તમને ખાતરી થશે કે, ઇમામ આ દુનિયામાંથી ગેબ થયા જ નથી. ઇમામ ગેબ થઇ શકે જ નહિ. ઘણી તાજુબીની વાત છે કે, ઇશ્નાઅશરીઓ કહે છે કે અમારો ઇમામ તો ગેબ થઇ ગયો છે. કોઇ ઇમામ એમ નથી કહી ગયા કે, અમે હવે ગેબ થઈ જઇએ છીએ.

તમે તમારા દિલ સાથે ચોકસી કરો અને શેતાનની બાજી ખાઓ નહિ. તમને ફેરવવા આવે તેને સામો જવાબ આપી, તમારા દીનમાં મુસ્તકીમ રહો.

ઇન્સાનના રૂપમાં શેતાનનો લીબાસ પહેરીને કોઇ માણસ તમારી પાસે આવે અને તમને ફરેબ આપે તો તમે ખુબ ખ્યાલ કરજો. એકદમ તેના ફરેબમાં ફસાઇ નહિ પડતા. તમારી હાલત બીલકુલ સારી નથી. તમે શેતાનની તરફ ઘસડાઇ જાઓ છો. તમે હાલ ઇન્સાન થયા છો. ઇન્સાનીયતપણામાં એવી હિંમત જોઇએ કે, એક ડુંગર જેવી ભારે હિંમત હોય. કોઈ માણસ એમ ધારે કે, હું આ ડુંગરને ખેસવી નાખું, પણ ગમે તેટલા ઉપાયો તે કરે તો પણ ડુંગર કદીપણ ખસવાનો નથી. જો દારૂ ભરીને સુરંગ ફોડશો તો પણ તેમાંથી સહેજસાજ પથ્થરીઓ પડશે પણ આખો ડુંગર ખસસે જ નહિ.

ઇન્સાનનું ઇમાન પ્હાડ જેવું હોવું જોઇએ. જો જરા પણ ઇમાનમાં શક હશે, તો તે ઇમાન ટકવાનું નથી. હવે પછી ધર્મના કામમાં તમે વધારે હિંમત રાખજો. ઇલમની કિતાબો બરાબર વાંચી તે પ્રમાણે ચાલશો તો તમે મલાએક થશો.

તમે એકજ જગ્યાએ બેસી રહો નહિ. પહેલાં એક પગથીયું ચડી પછી બીજું પગથીયું ચડો ત્યાર બાદ ત્રીજું ચડો. એમ પગથીયે પગથીયે ચડી સલમાન ફારસ જેવા થાઓ. તે અહેલેબેતને દરજ્જે પહોંચ્યો. જો તમે પણ તેના જેવા થઇને ચાલશો તો અહેલે બેતમાં દાખલ થઇ શકશો. કેટલાક મુરીદો અહેલેબેત જેવાજ થયા છે. કેટલાક મુરીદો તો એવા હિંમતવાળા થાય છે કે તેઓ અહેલેબેતથી પણ ઉંચે જઇ શકે છે, માટે તમે હિંમત રાખો.

તમારામાં જે રૂહ છે તે શું છે? અને કયાંથી આવ્યો? એવા વિચાર તમે કેમ કરતા નથી? તમે હમેશાં વિચાર કરો કે તમારો રૂહ શું ચીજ છે? તમે તેને અસલ જગ્યાએ કેમ પહોંચાડતા નથી? તેની અસલ જગ્યાએ પહોંચાડવા માટે તમે કેમ હિંમત કરતા નથી?

તમે જાણો છો કે, આ દુનિયામાં સર્વે નદીઓ આખરે દરિયાને મળે છે. દરિયામાં મળી ગયા પછી કોઈ પણ તેને નદીનું નામ આપતું નથી. તેજ પ્રમાણે અમે એક દરિયો છીએ. તમારા રૂહનો આખરનો છેડો દરિયામાં એટલે અમારા પોતામાં છે. છેવટે તમે દરિયામાંજ મળી જશો.

પણ તમે ઘણાજ બેહિંમત છો, તેથી તમારો રૂહ જલદીથી ત્યાં પહોંચી શકતો નથી. જુઓ આ કચ્છના મુલકમાં જે નદીઓ છે, તે દરિયામાં મળી શકતી નથી. રસ્તામાંજ સુકાઈ જાય છે. એ પ્રમાણે જે લોકો બેહિંમત છે તેનો રૂહ પણ આ કચ્છની નદીઓની માફક રસ્તામાંજ સુકાઈ જાય છે. તમારો રૂહ એક નદીની મિસાલ છે. તમે તેને રસ્તામાં સુકાઇ જવા નહિ આપો. હિંમતવાળા માણસનો રૂહ જલદીથી દરિયામાં મળી જાય છે. આ કચ્છની નદીઓ નાહિંમત છે, તેથી દરિયામાં મળી શકતી નથી; બીજા દેશની નદીઓ હિંમતવાળી છે, તેથી તે જલદીથી દરિયામાં મળી જાય છે, જેમકે અટક નદી તે મોટી સિંધુ નદીમાં મળી જાય છે અને સિંધુ નદી કરાંચી આગળ દરિયા સાથે એક થઈ જાય છે, ત્યારે તેનો વેગ શાંત પામે છે. સિંધુ નદી ઘણી વેગવાળી એટલે હિંમતવાળી છે; તેવી રીતે જે લોકો

હિંમતવાળા છે, તે લોકો સિંધુ નદીની માફક આખરે દરિયામા એટલે અમારામાં આવીને મળી જાય છે.

પણ જે લોકો નાહિંમત છે, તેઓનો રૂહ કચ્છની નદીઓની માફક રસ્તામાંજ સુકાઈ જશે. તમે તમારા રૂહને રસ્તામાં સુકાવા આપો નહિ, પણ દરિયામાં મળી જવા આપો. તમે આ બાબત પર સારી રીતે ખ્યાલ કરજો.

તમે સર્વે સાથે સલાહ સંપથી એક દિલ થઇને ચાલો. એક બીજાની ગિબત કરો નહિ. જેઓ આપણા દીનમાંથી નીકળી ગયા છે, તેમની સાથે દુશ્મની નહિ રાખો. તમારે એમ સમજવું કે તેઓ તમારા દીનમાં હતા જ નહિ. તેમની પછવાડે ખરાબ બોલવું નહિ. જો તમે તેમને માટે તમારા દિલમાં કાંઇપણ ખરાબ વિચાર રાખશો તો તે ઘણું ખરાબ કામ છે. તમારા દિલમાં તેમને માટે જરા પણ વેર ઝેર રાખશો નહિ. જો વેર રાખશો તો તમારા ઉપર મોટો ગુન્હો ચડશે.

જે કોઈ જમાતખાનામાં દુઆ પડવા અથવા મિજલસમાં આવતા નહિ હોય તેમને મીઠી ઝબાનથી પુછો કે, તમે જમાતખાનામાં દુઆ પડવા અથવા મિજલસમાં કેમ આવતા નથી? તેમને ઘેર માણસ મોકલો, અથવા તો મુખી તથા કામડીયા તેમને ઘેર જઈને પણ જમાતખાનામાં આવવા તેમને સમજાવે અને દીનના રસ્તા ઉપર લાવે"

## ફરમાન ૮૭ મું.

કચ્છ નાગલપુર તા. ૨૯–૧૧–૧૯૦૩

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમારી ખીદમત કરનારાના હકમાં અમે દુઆ ફરમાવીયે છીયે કે, આ દુનિયામાં તથા પેલી દુનિયામાં તેનો બદલો એક તરેહથી નહિ, પણ હજારો તરેહથી તેમને મળે. જેમ તમે આ દુનયામાં અમારી બાજુમાં બેઠા છો, તેમ પેલી દુનિયામાં પણ તમે

અમારી બાજુમાં જ બેઠા હો, એવી દુઆ ફરમાવીયે છીયે. તમે આ દીનમાં પહાડ જેવા મજબુત થાઓ. અમે દુઆ ફરમાવીયે છીયે કે આ ઇસમાઈલી દીનનો ચિરાગ આ કચ્છ દેશમાં તેમ જ સર્વે મુલકોમાં રોશન રહે.

તમે જમાતખાનામાં બરાબર જજો. મિજલસ, જાગરણ કરજો અને ગીનાનની માએના કરીને બધાને સંભળાવજો. દીનને માટે કાંઈ હઝારો માણસોની જરૂર નથી, પણ સાફ દિલનાં સાચા, પાક, બે માણસો હોય તો બસ છે.

તમારૂં ઇમાન ઘણું મજબુત થાય તેમ કરજો. હાલ તમે જેવા ઇમાની છો તેનાથી વધારે સારા ઇમાની થાઓ.

મોટા કામવાળાઓને ઈબાદત કરવા માટે એક જુદું જ મકાન જોઇએ અને ત્યાં ગુરૂવાર અથવા રવિવારના જાગરણ મજલસ કરવી જોઇએ.

કારસાજી એકઠી કરવી અને જે કાંઇ ખાસ ખર્ચ કરવાનું હોય, તે ખર્ચ તેમાંથી કરવો. બેફાયદે નકામો જાય તેવો ખર્ચ જરાપણ કરવો નહિ. ખાસ જરૂર જણાય તેટલો જ ખર્ચ કારસાજી-માંથી કરવો અને તે ખર્ચ પણ એવો વિચારીને કરવો કે, તેનો જવાબ પેલી દુનિયામાં આપવાનો છે. નકામા પૈસા ખર્ચવા નહિ. કારસાજીને જાનની માફક સંભાળવી. બલ્કે જાન કરતાં પણ વધારે સંભાળવી. અમારો પૈસો આતશ જેવો છે. તે જો વધારે વખત તમારી પાસે રાખશો તો તેના ઉપર તમારી નજર ખરાબ થશે. સરકારી પૈસામાંથી એક પાઇ પણ ખાઇ જશો તો તરત જ તમારૂં ઈમાન તદ્દન જતું રહેશે.

નાના બચ્ચાંઓ માટે "ઈમામી ઇસમાઇલી નિશાળ." એ નામથી સ્કુલ ઉઘાડો અને તેના ખર્ચ સરકારી પૈસામાંથી કરજો.

એ નિશાળમાં તમારા બચ્ચાંને રોજ ભણવા મોકલજો. નિશાળને માટે એક એવો માસ્તર રાખવો કે, જે સીંધી ભાષા તથા ઇલમ ગીનાન સાથે ગુજરાતી ભાષા તથા હિસાબ પણ શીખવી શકે. આવો માસ્તર રાખવાથી બચ્ચાં ધર્મનું શિક્ષણ શીખવા ઉપરાંત દુનિયાનો ઇલમ પણ મેળવશે. માસ્તર હુશિયાર હોવો જોઇએ, તેમ રૂહાની ઈલમથી પણ વાકેફગાર હોવો જોઈએ.

**જે માણસનું ઇમાન સલામત છે તેજ ખરો શાહુકાર છે. તમારી પાસે દોલત નહિ હોય તો શું થયું ? જો ધરમના કામ માટે તમારામાં હિંમત હશે તો તમારા પાસે અખુટ દોલત છે. સરકારની ખીદમત બજાવવી એજ મોમનનો પૈસો.છે અને એજ મોમનનું લક્ષણ છે."**

## ફરમાન ૮૮ મું.

કચ્છ કેરા તા. ૧-૧૨-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે રોજ હિંમત રાખી જમાતખાનામાં જાઓ. જમાતખાનું કદી પણ છોડતા નહિ. તમે પોતે રોજ જમાતખાને આવો તથા તમારા નાના બચ્ચાઓને પણ નસિહત કરો કે, તેઓ પણ રોજ જમાતખાનામાં આવે. બાળકોને તમારી સાથે જમાતખાનામાં લાવજો. તેમને ગીનાનની તાલીમ આપો અને મિજલસમાં લઈ આવો. તેમની પાસે જુદી મિજલસ પણ કરાવો. તમે જેમ સરકારની ખિદમત કરો છો તેમ બાળકોને પણ તેવી તાલીમ આપો."

## ફરમાન ૮૯ મું.

કચ્છ કેરા તા. ૨-૧૨-૧૯૦૩.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"તમે દરરોજ જમાતખાનામાં બરાબર જજો અને ઇબાદત બંદગી

બરાબર કરજો. એકબીજા સાથે એકદિલીથી ચાલજો. અમે સમજીએ છીએ કે તમે અમારા ફરઝંદો છો. તમે હુમેશાં મહોબતથી જમાતખાનામાં આવજો અને સરકારની ખિદમત બરાબર કરજો. એવી રીતે નહિ ચાલતા કે, તમારી ખિદમતમાં ફરક પડે અને તમને નુકશાન થાય.

તમે હંમેશા કોશીશ કરતા રહો કે તમારૂં ઈમાન મજબુત બને. અમે હંમેશા તમારી પાસે જ છીએ. તમે અમને જે વખતે યાદ કરો છો ત્યારે અમે તમ રી પાસે મૌજુદ છીએ. અમે તમારા દિલમાંજ છીએ.

અમારા મુરીદો બદકશાની, અરબો, ખુરાશાની તથા બાલુ લોકો છે તે લોકોને મોટા ડુંગરો ઓળગીને હિંદુસ્તાનમાં આવતાં ત્રણ મહીના થઇ જાય છે, એટલાં દુર તેઓ રહે છે. રસ્તો ઘણો દુર છે વળી તેઓને દેશમાં પાછા જતા બીજા ત્રણ મહીના લાગે છે; આ પ્રમાણે જતાં આવતાં તેઓને છ મહિના લાગી જાય છે. વળી તેઓ સુન્ની રાજાના મુલકમાં રહેતા હોવાથી હિંદુસ્તાન આવવા નીકળતી વખતે કહે છે કે, અમે મકકે જઇએ છીએ. આવા જે અમારા મુરીદો છે અને અમને ઓળખે છે તેઓ અમારી હજુરમાંજ છે. તમે પણ જ્યારે અમને યાદ કરો છો ત્યારે અમારી નજદિક છો.

ઈન્સાન તેનુંજ નામ છે જે દીન ઉપર મજબુત ઈમાન રાખતો હોય અને બીલકુલ મગરૂર થાય નહિ. તે હંમેશા ડરતો રહે કે, શેતાનની બાજી કદી પણ મારાથી ખવાય નહિ. આ દુનિયામાં ઈન્સાનનો દરજજો મોટો છે. તેણે શેતાનથી હંમેશા ડરવું જોઇએ અને ઇબાદતમાં મશગુલ રહેવું. તમે જમાતખાનામાં બરાબર જજો, ઇબાદતમાં મશગુલ રહેજો અને મિજલસ જાગરણમાં બરાબર હાજર રહેજો.

કોઈ ગામમાં અમારો એક મુરીદ હોય તો કાંઇ હરકત નથી પણ જો તેનું ઈમાન સલામત હોય તો તે એક માણસને લાખ

માણુસની બરાબર અમે સમજીએ છીએ. કોઈ ગામમાં એક જ કુટુંબ રહેતું હોય તો બાપ મુખી થાય અને દિકરો કામડીઓ બની શકે.

અમલદારીઓની ફરજ છે કે, મુશ્કેલી આવી પડે તો પણ તેવે વખતે ઉભા રહેવું. આપણા માથા ઉપર આ છાપરૂં છે તેમ અમલદારીઓએ મુશ્કેલી વખતે ઉભા રહેવું; નાસી જવું નહિ. અમલદારીઓને અમારા તરફથી એલચીઓ ઠરાવ્યા છે.

ધર્મના કામમાં મુરીદે પીર ઉપર મહોબત રાખવી એ જરૂરનું છે તેમ પીરના દિદાર કરવા એ પણ જરૂરનું છે. બાતુની ઈશ્ક છે એજ પીર મુરીદ વચ્ચેની ઓળખાણની નિશાની છે. તમારી તથા અમારી મહોબત સરખી જ છે. એમ ખ્યાલ નહિ કરતાં કે અમારી મહોબત તમારા ઉપર ઓછી છે અને તમારી મહોબત અમારા ઉપર વધારે છે. તમારી તથા અમારી વચ્ચે જે મહોબતની દોરી છે તે મહોબતની દોરીની ગાંઠ વધારે મજબુત કરવાની કોશીશ કરતા રહેજો.

કેરામાં માતા સલામતની જગ્યા છે તે જગ્યા રોજ પાક અને સાફ રાખજો અને હંમેશા ફુલ ચડાવજો અને બત્તી રોશન રાખજો. બીબી સરકારની એ જગ્યા મુંબઈના હસનાબાદ કરતાં ઉતરતી પાયરીની નથી અમે તેના ઉપર ઘણી મહોબત રાખીએ છીએ. એ જગ્યાએ બીબી સરકારે પોતાના કદમ મુબારક રાખ્યા હતા, ત્યાં બેઠા પણ હતા અને એ જગ્યાએ દુનિયા છોડી હતી. એ જગ્યા ઉપર ફુલ, લોબાન, બત્તી વિગેરે કરતા રહેજો અને તેની સંભાળ રાખજો."

## ફરમાન ૯૦ મું.

ગુઆદર તા. ૩-૪-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે પોતાની ઈબાદત બરાબર કરો. તમારે તમારી ઈબાદત છોડી

દેવી જોઇએ નહિ. જો કદાચ તમે બીમારીના બીછાના પર પડયા હો, તો પણ ઈબાદત છોડતા નહિ. તમે મુસાફરીમાં હો, તો પણ ઇબાદત કરતા રહેજો. જ્યાં સુધી તમારા તનમાં પ્રાણ છે ત્યાં સુધી તમારી ઇબાદત છોડતા નહિ."

ત્યાર બાદ શુક્રવારના નાના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે જે નાના પંજેભાઇઓ છો તે પોતાના ટાઇમ ઉપર બરાબર આવજો અને સારા માણુસોની સોબત રાખજો, જેથી ખરાબ માણુસની બાજીમાંથી બચી જાઓ. તમે સારા માણુસોની દોસ્તી કરો અને ખરાબ માણુસોથી પોતાને બચાવો. જમાતખાનામાં બરાબર આવજો."

ત્યારબાદ હાઝર ઇમામે ફરમાવ્યું:

"તાબુત કરવા એ ઈમામોની મશ્કરી કરવા જેવું છે. કોઈ મરેલા માણુસનો ખોટો જનાઝો બનાવી, ગામમાં ફેરવવો એ મશ્કરી જેવું છે. તમારો બાપ ગુજરી ગયો હોય ત્યારે બીજા કોઈ તમારા બાપનો ખોટો જનાઝો બનાવી, માથા ઉપર રાખી, ગામમાં ફેરવે તો, તમને કેટલું ખરાબ લાગે?

હ૦ ઇમામ હુસેનને માટે એવી રીતે ખોટો જનાઝો બનાવી ફેરવવામાં આવે, તે ઘણું ખરાબ છે. આમ કરવાથી સર્વે લોકો મશ્કરી કરશે. તાબુત બનાવી તેનું નામ "ઇમામ હુસેન" રાખવું એ ઘટારત નથી."

## ફરમાન ૯૧ મું.

ગુઆદર તા. ૪–૪–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

'પહેલી વખત આપેલી બંદગીનું કામ બરાબર નહિ બજાવાય અને એક કામ પુરૂં ન થાય તેની અગાઉ, વધારે મોટા કામની ઇચ્છા કરવાથી કાંઈ ફાયદો થતો નથી.

હાલ તમારા કબજામાં એક ઝવેરાત છે. અમે જ્યારે ફરીથી આવીશું ત્યારે, એ ઝવેરાત તપાસીને તેનાથી વધારે કિમતી ઝવેરાત આપશું.

અમારા સાંભળવામાં આવેલ છે કે, તમારે ત્યાં ઘણી મોટી ઉમરની છોકરીઓ કુંવારી બેઠેલી છે; એ ઘણું ખરાબ કામ છે. તેઓની શાદી કરી આપવી જોઇએ. તેઓની શાદી ઉકલાવી આપશો તો, તેઓને ઔલાદ થશે, જેમાં મોમન પણ પેદા થશે. એક ઝાડને મેવો ન આવે તો, તે ઝાડથી શું ફાયદો મળે? માટે તેઓની, તરત શાદી કરી આપો."

## ફરમાન ૯૨ મું.

ગુઆદર તા. ૫-૪-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહંમદ શાહ** હાઝર ઇમામે એક જાહને ફરમાવ્યું:

"તમે તમારી મરજી પ્રમાણે ચાલો છો અને તમારા પિતાના હુકમમાંથી બહાર જાઓ છો, એ ઘણુંજ ખરાબ છે. જો તમારા પિતા તમને કાપી નાખે, તો પણ તમારી મરજી પ્રમાણે ચાલો નહિ, પણ તમારા પિતાના હુકમમાં રહો. કાફર હોય તેના ઉપર પણ માણસો મહોબત રાખે છે; તમે તો પિતા અને પુત્ર છો, તેમજ દીનભાઈ છો, છતાં તમે આપસમાં મહોબત ન રાખો એ ઠીક નથી."

દીકરીઓની શાદી કરી આપવા બાબત ફરમાવ્યું:

"તમે પૈસો નહિ જુઓ; કારણ કે તેનું નસીબ સારૂં હશે તો સારૂં થશે; તેમાં પણ ઘરે બેઠા બેઠા કાંઈ બની ન શકે, પણ હિંમત કરવી જોઇએ, તેમાં અમારી તો દુવા છે.

જેમ કે એક જનાવરને પાણીના તળાવ પાસે લઈ જવામાં આવે પછી તે પાણી પીએ કે ન પીએ, તે તેની મરજીની વાત છે, તેમ અમે તમને રસ્તો દેખાડીએ છીએ. તમે તેના ઉપર ચાલો, અગર ન ચાલો તે તમારી ખુશીની વાત છે."

## ફરમાન ૯૩ મું.

જંગબાર તા. ૧૫-૮-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :—

"તમે જમાત અમારી ઔલાદ છો. તમે અમારા બચ્ચા તથા કબીલો છો. એક પિતાના બે પુત્ર હોય, તેમાં એક ફરઝંદ મોમન હોય અને બીજો કાફર હોય, તમે અમારા હકીકતી ફરઝંદો છો અમે તમારાથી રાજી છીએ.

તમે એકબીજામાં જુદાઈ અને બેદિલી રાખીને બેઠા છો, તેથી અમે ઘણા નારાજ છીએ. તમારામાં જે જુદાઇ છે, તે દિલમાંથી કાઢી નાખજો.

તમે અમારા જીસમ છો. તમારા દિલ પથ્થર જેવા કઠણ છે. તેના ઉપર અમે નુરનો વરસાદ વરસાવી નરમ કરશું.

તમે અમારી દસ્તબોશી કરો અને અમારા ફરમાન પ્રમાણે ન ચાલો તેમાં ફાયદો નથી. તમે અમારા ફરમાન હમેશાં દિલમાં રાખજો, જેથી તમારા દિલ રોશન થશે. સાંજના વખતે હમેશાં જમાતખાનામાં એકઠા થાઓ અને દુઆ પડો.

અમે જેટલા દિવસ અંહીંયા છીએ, તેટલા દિવસ હમેશાં આવશું અને હરરોજ તમને ફરમાન કરશું. જેટલા દિવસ અમે અંહીંયા છીએ તેટલા દિવસ હમેશાં નુરનું પાણી તમારા દિલમાં રેડશું અને તમારા દિલ નુરાની કરશું. તમે પણ હમેશાં સાંભળવા આવજો, તો તમને ઘણો ફાયદો થશે.

તમે પોતપોતામાં ભાઈ બિરાદરો થઇને ચાલજો. **મોમનનું દિલ છે તે ખુદાવંદતઆલાનું ઘર છે. મોમનના દિલમાં ફિતનો હોતો નથી.** દિલમાંથી ફિતના કાઢી નાખો. તમારા દિલ એવા સાફ કરો કે, તેમાં ફિતના કદી પેદા ન થાય.

તમે બાઇઓ કદીપણ શેતાનને જગા નહિ આપતા. તમારા

દિલ દિલ્લા જેવા મજબુત બનાવજો. હમેશાં ખુદાવંદતઆલાને હાજરનાજર સમજીને .ડરતા રહેજો.

તમારા ઈસમાઈલી દીનની કિતાબો હમેશાં પડજો અને યાદ રાખજો. જે કાંઇ બદ કામ છે તે નહિ કરતા. **હમણા આ આંખોથી ઇમામના દીદાર કરીને તેજ આંખોથી બદનજર નહિ કરશો. મૌલાના દીદાર કરીને બદ કામ નહિ કરવું.**

તમે હમેશાં ફિરસ્તા જેવા થાઓ. તમારી આંખો બદનજરથી સાફ રાખજો. જે મોમન છે, તેઓએ દિલની આંખો સાફ અને પાક રાખવી જોઇએ. **દીદાર કરીને જે બદનજર કરે છે, તેને આગનો બદલો મળે છે.**

તમારા કામ અને દિલ હમેશાં સાફ હોય.

અમે જાહેરીમાં અંહીંયા આવ્યા છીએ અને તમે અમારા દીદાર કરો છો. જાહેરીમાં અમે તમારી પાસે નહિ પણ હોઇએ, એટલે અંહીંયાથી ગેર હાજર હોઈએ તો પણ તમારા દિલ એવા પાક અને સાફ રાખો કે જેથી તમારા દિલમાં અમને પ્રત્યક્ષ જુઓ."

## ફરમાન ૯૪ મું.

જંગબાર તા. ૧૬–૮–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામ પાસે મુખી કાસમ દામાણીએ જમાતખાનુ બનાવીને અર્પણ કરવા માટે અરજ કરતા મૌલાના હાઝર ઇમામે તેમને દુઆ આશીશ આપી, ખાનાવાદાન ફરમાવી ફરમાવ્યું:

"તમે જે જમાતખાનુ બનાવીને અમને અર્પણ કરશો તેના અવેજમાં અમે તમોને નુરનુ ઘર જન્નતમાં આપશું. ઝવાહીરના ઘર કરતાં નુરનું ઘર ઘણુંજ ઉત્તમ છે.

બાર મહિનામાં બે ઇદો આવે છે અને અમે જ્યારે પધારીએ છીએ ત્યારે હમેશાં ઈદ થાય છે, પણ તમે જે જમાતખાનુ બનાવીને અમને અર્પણ કરશો તેમાં બારે માસ હમેશાં ઇદ થશે."

બાદ એક શખ્સે કરબલા વિષે પુછતાં મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

"કરબલામાં લોકો જાય છે, ત્યાં જાહેરીમાં પથ્થરના, માટીના અને સોનેરી ઘર જુવે છે તેથી શું? બાતુની ઘર બનાવવા જોઈએ, જે ખરેખર ઉપયોગી છે.

જેને અમારા ઉપર મહોબત નથી તેનો પૈસો અમને જોઈતો નથી.

એક બેઇમાની માણુસ જો જમાતખાનામાં આવશે, તો તે પાંચ જણાના ઇમાનમાં ખલલ નાખશે, માટે એવા શખસને બહાર કાઢી મુકવો એ ઘણું બહેતર છે.

આપણા ઈસ્માઈલી દીનમાંથી ફરી ગયા છે, તેમની દુશ્મની કરવી નહિ.

આપણા ઇસમાઈલી દીનમાં ગીનાન શીખવવા માટે, સ્કુલો સ્થાપવી તેમાં ઘણો ફાયદો છે; દીન તથા દુનિયામાં તેનો ફાયદો તમને મળશે.

**બચ્ચાંને ઇલમ શીખાડવું તેમાં બધા કરતા ઉત્તમ ફાયદો છે.** કારણુ કે, જે બચ્ચાં આપણા ઇસમાઇલી દીનનો ઈલમ શીખશે તેમને બરાબર ખબર પડશે અને આપણા ઈસ્માઇલી દીન ઉપર મુસ્તકીમ થઈને ચાલશે."

## ફરમાન ૯૫ મું.

જંગબાર તા. ૧૭–૮–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"ઈન્સાન તે છે, જે ઉપર જવાની ઉમેદ રાખે છે. તે સિવાય આ દુનિયામાં ઇન્સાન માત્ર જનાવર મિસાલ છે.

પોતાનો રૂહ અસલ મકાને પહોંચે તો સારૂં. એવું ન બને કે રૂહ અહીંયાજ રહી જાય અને ઢોર માફક ખાય તથા સુએ.

ઇન્સાન તથા હેવાનમાં એ ફરક છે કે, ઇન્સાનમાંથી ફિરસ્તો

થઇ શકાય છે, પરંતુ ઈન્સાનમાંથી ફિરસ્તા થવું તેમાં ઘણી મહેનત છે. મહેનત કરો તો પહોંચો. તમે હિંમત કરો. પહેલાં તો તમારૂં ઈમાન ઘણુંજ મજબુત જોઇએ.

અમારા ફરમાન ઉપર ચાલો; અમારા ફરમાન માનો. **અમારા સિવાય બીજો ગમે તે હોય, તેનો બોલ નહિ માનવો.** અમારી ઔલાદ હોય તો પણ જ્યાં સુધી અમારો હુકમ ન હોય, ત્યાં સુધી તેઓનું ફરમાન નહિ માનશો. જ્યાં સુધી અમે તેઓને વડાઇ ન આપીએ ત્યાં સુધી તેઓનું ફરમાન નહિ માનતા.

અમે તમારા રાહનુમા છીએ; બીજો કોઈ તમારો રહાનુમા નથી. તમોએ અમને તમારો હાથ આપેલો છે અને તમે અમારી પનાહમાં છો ત્યારે, તમારો હાથ બીજાને નહિ આપો; કારણ જે તમારા અને અમારા વચ્ચે કાંઇ જુદાઇ નથી.

તમે એમ નહિ સમજતા કે, ફલાણો ભગત કે ફલાણો માણસ, તમને અસલ મકાન ઉપર લઇ જશે. અમેજ તમને ઉપર લઈ જનાર છીએ. અમારા સિવાય આ ભગત કે પેલો ભગત તમને અસલ મકાને નહિ પહોંચાડે.

પહેલાં તો, તમારૂં ઇમાન ઘણું મજબુત હોય, એક વખત પણ શેતાનની બાજી નહિ ખાતા. આ દુનિયામાં ઈન્સાનથી ઘણી ભુલ ચુક થતી આવે છે, પણ તમારૂં દિલ મજબુત રાખો.

તમારી આંખોથી અમારા નુરને જોઇને એ જ આંખોથી ગુન્હાના કામ નહિ જોશો.

જાહેરીનો બુરખો તમારા વાસ્તે નથી. તમારા વાસ્તે દિલનો બુરખો છે. તમારા દિલમાં શરમ રાખો. હુમેશાં તમારૂં દિલ શરમથી ભરેલું હોય.

તમે બાઇઓ તમારા ધણી સિવાય કયાંય પણ ખરાબ ખ્યાલ નહિ દોડાવશો. જો ખરાબ ખ્યાલ દોડાવશો તો, તમારી બંદગીનો શું ફાયદો છે ?

તમે કોઇથી હસદ નહિ રાખશો. ભાઇઓમાં જે મોટી અમલદાર ભાઈ હોય, તેઓ ઉપર ફરજ છે કે, બીજી ભાઇઓને પોતાના ફરજંદ માફક મીહાસથી નસિહત કરે. ખુદા ન કરે અને તમારામાં બેદિલી હોય તો, અમારી રૂબરૂમાં એક બીજા સાથે પંજા લઇ એક દિલી કરી નાખજો.

અમે તમારી પાસે જાહેરીમાં બેઠા છીએ ત્યારે, તમે દિલ સાફ કરીને એક બીજાથી પંજા લીઓ અને અમાર સિધાવ્યા બાદ પણ બેદિલી તથા હસદ રાખતા નહિ."

## ફરમાન ૯૬ મું.

જંગબાર તા. ૧૮–૮–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"દીનનો પાયો ઈશ્ક છે. ઈશ્કનો પાયો કેવો મજબુત છે? પથ્થરના પાયા જેવો છે. પથ્થરનો પાકો પાયો હોય તેના ઉપર જેટલી ઈમારતો તથા મજલા બાંધશો તેટલા બંધાશે. જે શખસના દિલમાં કિન્નો હશે, તેને ઇશ્ક પેદા નહિ થાય.

જેઓ બે રંગ વાળા છે, એટલે ખોટા દેખાવ વાળા છે, જેઓ દિલમાં બીજી જાતના છે અને દેખાવમાં બીજી જાતના છે, તેમના દિલમાં ઈશ્ક પેદા થતો નથી. દરેક મઝહબમાં ખોટાઈ ઘણી ખરાબ લેખાય છે અને દરેક ઠેકાણે ખોટાઇ ઘણી ખરાબ કહેવાય છે.

જેઓ ખોટાઈની સુરતવાળા છે. એટલે કે દિલમાં ખોટા ખ્યાલવાળા છે, તેઓ જમાતખાનામાં ન આવે તો બહેતર છે.

જમાતખાનું છે તે ફિરસ્તાની જગા છે. ફિરસ્તાની જગામાં શેતાન જોઈએ નહિ. ફિરસ્તા કેમ થવાય તેનો ખ્યાલ કરો. ફિરસ્તા પાક છે. તમે પણ ફિરસ્તા થાઓ તેમ કરો.

આ દુનિયામાં માણસો મોટાઈને માટે દોડધામ કરે છે. તમે મોટાઈ વાસ્તે નહિ દોડો, કારણ કે જેઓ મોટા થાય છે તેઓ ઉપર

વધારે બોજો પડે છે. જમાતને સારીરીતે સંભાળવી તેમજ જમાતની ખિદમત કરવી વગેરે બહુ જ મોટો બોજો છે.

તમે ઇસ્માઇલી દીન ઉપર મજબુત રહેજો. ઇસમાઇલી દીન છે તે બાતુની દીન છે. તમે તમારો બાતુની જુસ્સો પાક કરો અને તમારા આમાલ સારા કરો. પોતાના દીન મઝહબ ઉપર શક નહિ લાવવો, શક લાવવાથી ઈમાન જતું રહે છે. શક બદ આમાલ કરવાથી પેદા થાય છે. શક આવે ત્યારે ઇમાન કયાંથી સાબિત રહે ?

તમે દુનિયાની મોટાઈ ઇચ્છો છો. દુનિયાની મોટાઇ મેલી છે. ગવર્નર હોય તે મેલી જગામાં બેસતો નથી. તમે કહો છો કે, ગવર્નર પણ થઈએ અને મેલી જગામા પણ બેસીએ, એમ ન બને. તમે કહો છો કે, ફિરસ્તા થઈએ પણ તમારા આમાલ બદ હોય તો ફિરસ્તા કેમ થાઓ ? તમે સારા આમાલ કરો. તમારા હાથ, પગ, આંખો, જીસમ, સઘળાને ખરાબ જગ્યાએથી એટલે બેફરમાનીની જગ્યાએથી વાળો. તમારી દરેક ઇંદ્રિ પાક કરો, ત્યારે જ તમે ફિરસ્તા જેવા થશો; એમ નથી કે એક જ દિવસ માટે પાક થાઓ, પણ ત્રણસો સાઠ દિવસ હમેશાં પાક થવું જોઈએ.

તમે હરદમ ઉપર જવાની ઉમેદ રાખો. કદી પણ જમીન ઉપર ન જાઓ. દરેક ઇન્સાનમાં બે રગ છે. એક રગ ફિરસ્તાની તથા બીજી દુનિયાની રગ છે જે જનાવર મિસાલ છે. દાખલા તરીકે, જનાવરનું મોઢું બંધ રાખી, તેને ખાવાનું ન આપવું એવા રોજા ખોટી રીતના છે. જો ફિરસ્તા થવું હોય તો બદ નહિ બોલવું. જીભથી ખોટી બડબડાટ ન કરવી. આ જીભથી એવા શબ્દો ઉચ્ચારવા કે જેથી આખરતના કામ થાય. આ જબાનથી નકકામા શબ્દો ઉચ્ચારવા નહિ.

દુનિયામાં ઇન્સાન માત્રને દુઃખ છે. દુઃખ સિવાય કોઇ પણ ઇન્સાન. આ દુનિયામાં સુખી નથી. ઇન્સાનનું દિલ દુનિયામાં વધારે દોડે છે, તે દગલબાજી કરે છે, ઇન્સાન ઉંઘતો હોય છે ત્યારે પણ સ્વપ્નામાં પૈસા, હવેલીઓ, બાયડી છોકરાં, વિગેરે જુએ છે, પણ

જાગે છે ત્યારે, કાંઈ હોતું નથી. તે પ્રમાણે દુનિયામાં રહેવું તે પણ સ્વપ્ના જેવું જ છે.

જ્યાં સુધી ઈન્સાન દુનિયામાં રહે છે ત્યાં સુધી દગાબાજી કરે છે અને ઘણું ભેળુ કરે છે. બીજાનો માલ ખાઈ જાય છે, પણ જ્યારે અઝરાઈલ આવે છે ત્યારે બધું ખલાસ થઈ જાય છે.

તમારા દિલમાં ખ્યાલ કરો, વિચાર કરીને કામ કરશો તો, સારા કામ જ જોવામાં આવશે. **જેના આમાલ સારા નથી, તેની ઈબાદત કાંઇ પણ કામની નથી.** ઈબાદત કરો તે એવી કરો કે ફિરસ્તા થાઓ.

જુઓ, ચાર ફિરસ્તા છે. તેઓનું પેટ ઈબાદતથી ભરેલું રહે છે. તમે પણ તેમજ કરો.

એક ગધેડાનું મોઢું બાંધીને તેને ખાવાનું ન આપીએ તે તેનો રોજો થયો? તમે પણ એ પ્રમાણે કરો તો શું ફાયદો?

ફિરસ્તા પોતાનું મોઢું બંધ રાખતા નથી. બંદગી એજ તેમનો ખોરાક છે, તમે પણ તેવીજ બંદગી કરો તો ફિરસ્તા થાઓ,

તમે સવારે ઉંઘમાંથી ઉઠો ત્યારે, ખુદા પાસે અરજ કરો કે, આજે હું હરામનું અને નાફરમાનીનું કામ કરીશ નહિ તમે જ્યારે નિદ્રામાંથી ઉઠો ત્યારે હમેશાં ખુદા પાસે એમજ માગતા રહેજો.

જે પ્રમાણે તમે હાલ જાહેરીમાં અમને જુઓ છો, તેજ પ્રમાણે હાલતાં, ચાલતાં, બેસતાં, ઉઠતાં, અમને હાજર જાણજો. તમારો ઈશ્ક ને મહોબત અમારા દિલમાં છે.

**તમારૂં ઘર આ દુનિયામાં એટલે મુંબઈ, વિલાયત, કચ્છ કે કાઠિઆવાડ વિગેરે કયાંય પણ નથી. તમારૂં ઘર અમારા દિલમાં છે અને અમારૂં ઘર હમેશાં તમારા દિલમાં છે.** હાલ જ્યારે તમે ગત જમાતમાં આવો છો અને અમને હાજર જુઓ છો તેજ પ્રમાણે અમને હમેશાં હાજર જાણજો.

**મોમન તથા મુરશીદ કયારે પણ જુદા નથી.”**

## ફરમાન ૯૬ મું.

જંગબાર તા. ૨૨-૮-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે સ્કુલના સંબંધમાં ફરમાવ્યું:

"જે માસ્તરની ચાલ ચલગત સારી હોય, તે માસ્તરને રાખી નિશાળ ચાલુ કરો. તમોને થયેલું અમારૂં આ ફરમાન તોડી નાખવું ન જોઇએ. એક માસ્તર જાય, તો તેના બદલે બીજો માસ્તર તરત ગોતીને રાખી લેવો, પણ સ્કુલ બંધ કરવી જોઇએ નહિ.

સ્કુલ ખાતે માસ્તરને અમારા તરફથી પગાર આપવા છતાં તમે મહેનત લઇને સ્કુલ ચાલુ કરવામાં સુસ્તી કરશો તો, અમે ઘણા જ દિલગીર થઈશું અને હવે પછી, ચાલુ થઇ થયેલી સ્કુલને જો તોડી નાખશો તો, તે તોડનાર ગમે તેવો મોટો હશે, તો પણ તેને તેના હોદ્દામાંથી અમે કાઢી નાખશું અને સ્કુલ ટુટી જવા વિષે, જમાત પાસે અમે જવાબ માંગશું.

જે અમલદારની ભુલ જોવામાં આવે તેને ઘેર બેસાડી રાખો. જે અમલદાર અમારા કાયદા તોડે, તેને કાઢી નાખો અને તેની બદલીમાં બીજાને બેસાડો.

**સ્કુલ ચાલુ રહેવામાં જે રાજી હશે, તેના ઘર ખુદાવંદે કરીમ આબાદ કરશે. તેનો માલ તથા ઔલાદ આબાદ રહેશે, પણ જેઓ સ્કુલને તોડી પાડશે, તેનુ ઘર ખુદાવંદ તોડી પાડશે. સ્કુલ તોડનાર બરબાદ થઇ જશે.**

સ્કુલ ખાતે નિમાયેલા માસ્તરને સ્કુલ સિવાય બીજુ કામ ગુલામગીરી તરીકે બતાવવું નહિ; કેળવણીનું કામકાજ બજાવવાની તેની ફરજ છે.

અમે સ્કુલના માટે કેટલી મહેનત કરી શરૂ કરાવીએ છીએ, તમે તેને તોડી નાખો તો શું ફાયદો? એ કામ તો અમારૂં ફરમાન તોડવા જેવું છે.

અગર તમારા ગામમાં માસ્તર મળી ન શકે તો, બીજે ઠેકાણેથી બોલાવો, પણ તમારા બાળકોની ઈલમ શિખવવાની સંભાળ રાખો.

તમારા તાર તથા કાગળો અમને આવ્યા ત્યારે આવા વરસાદ તથા તોફાનમા, અમે અહીં ફકત સ્કુલ માટે આવ્યા છીએ,

ઘણી દિલગીરીની વાત છે કે, તમારામાંથી કોઇ પણ, ધર્મના કામ માટે આગળ પડતો નથી. પીર સદરદીન, પીર હસન કબીરદીન પીર નસીરદીન, પીર સાહેબદીને કેવા કેવા અપશબ્દો તથા મુસીબતો ખમીને, જાન માલની પરવા કર્યા વગર, ઉપદેશ માટે હિંદુસ્તાનમાં આવીને, તમોને સતપંથ તથા નરશ્રી ઇસ્લામશાહનું ઘર બતાવ્યું !

હાલ તમને તો કાંઇજ મહેનત નથી, પગાર અમે આપીએ છીએ, છતાં પણ ધર્મના કામો હિંમતથી બજાવી શકતા નથી.

તમે પીર સદરદીન જેવા થવાનું ધારો છો, તે કેમ બની શકે? તમારામાં હિંમત તો છે નહિ, ત્યારે તમારાથી બીજું શું થાય તેમ છે?

તમો ૬૦૦ માણુસોની જમાતમાંથી, એક પણ માણુસ એવો નથી જે, આ ધર્મના કામ માટે નિશાળમાં ઇલમ ગીનાન શીખવવા બહાર પડે? એવો માસ્તર ન જોઇએ જે કજીઆ અને લડાઇ કરવાવાળો હોય, પણ એવો માસ્તર જોઈએ જે, કોઈને પણ અણુઘટતું ન બોલે.

તમારી જાનમાલના માલિક જ્યારે તમે અમને સમજો છો, ત્યારે તો અમારો જે કાંઇ હુકમ થાય તે તમારે ઉપાડવો જોઇએ.

અમે સ્કુલ વિષે ભલામણુ કરીએ છીએ, તે બરાબર ધ્યાનમાં રાખજો.

ખુદા ન કરે ને માસ્તર માંદો થાય, યા ગુજરી જાય અથવા બિમાર થઈ રજા લઈ જાય, તો તુરત બીજો માસ્તર ગોતીને તેની જગા ઉપર રાખજો. તેમાં બીલકુલ ઢીલ કરવી નહિ, પણ અમારી સ્કુલ બંધ રાખશો નહિ.

જો હિંદુસ્તાન હોત, અને રેલ ગાડી હોત, તો અમે પોતે, જાતે આવીને તમારી નિશાળ અમારા હાથેથી ખુલ્લી મુકત, પણ અંહીતો દરિયો છે, વળી રસ્તો છે, એટલા માટે અમે તમને સોંપીએ છીએ. તમને કાંઇ પણ મહેનત નથી. ફકત એક માસ્તર ગોતી કાઢવો, એટલી જ મહેનત તમને છે.

**તમે અમને મહેમાની કરો, તેના કરતાં અમારી અને જમાતની ખિદમત બજાવો, તેમાં વધારે સવાબ છે. સ્કુલનો બંદોબસ્ત રાખનારને તો, તેનાથી પણ અઝીમ ફાયદો હાંસલ થાય છે.**

સહુથી પ્રથમ જે બચ્ચાંઓ છે, તે અમારા પોતાના બચ્ચાંઓ છે. તેઓ અમને ઘણા વહાલા અને પ્યારા છે. તેમને ખુબ સંભાળજો અને તેમને આપણા ઇસ્માઇલી દીનનું શિક્ષણ આપજો.

સ્કુલ ઉપર અમારો ઘણો પ્યાર છે. સ્કુલ ચાલુ થયા પછી તમે બંધ રાખો છો ત્યારે, અમને ઘણો ગુસ્સો ચડે છે. એ તો અમારી બેફરમાની કરેલી કહેવાય; તો પણ જ્યારે તમે પાછા સારી રીતે ચાલો છો, ત્યારે તમને અમારા બચ્ચા સમજીને અમે ફરીથી ખુશી થઇ જઇએ છીએ, કારણ કે, અમે તમને અમારી ઓલાદ ગણીએ છીએ, માટે તમારી ફરજ એ છે કે, અમારા ફરમાન મુજબ વર્તવું.

તમે હમેશાં સવારે અને સાંજે જમાતખાનામાં જતા રહેજો. પોતપોતામાં દુશ્મની નહિ રાખતા. સર્વે અમલદારીઓએ ભાઇઓ માફક એકદિલી તથા મહોબતથી રંહેવું.

બચ્ચાંઓએ સ્કુલમાં દીન ઇલમ શીખવા માટે બરાબર જવું. બેદીન વાળાઓની દોસ્તી કરવી નહિ. જો તમે તેમનાથી દુર રહેશો તો અમારા વાસ્તે નહિ, પણ તમારા વાસ્તે ફાયદો છે.

તમે તેઓની દુશ્મની કરતા નહિ, પણ પોતાના દીનમાં મશગુલ તથા મજબુત રહેજો. મોમીનોએ બદકામથી દુર રહેવું. બદ નઝર કરવી નહિ. અમારી નસીહતો ધ્યાનમાં રાખજો. ગફલત રાખતા નહિ.

તમે જે ગામમાં રહેતા હો, ત્યાંની સરકારથી મીઠાશ રાખતાં રહેવું અને મહોબતથી વર્તવું. ગવર્નર, અથવા જનરલ કોઇ આવે કે જાય, ત્યારે તેમને માન આપવા ખાતર, સામે લેવા અથવા મુકવા જવું. એમ કરવાથી અરસ પરસ મહોબત વધશે."

## ફરમાન ૯૮ મું.

જંગબાર તા. ૨૩-૮-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહુમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે ઈબાદતના વખતે જમાતખાનામાં આવજો અને દીનના કામ ઈશ્ક તથા મહોબતથી કરજો. તમારા બચ્ચાંઓને હમેશાં તમારા ઇસ્માઈલી દીનના કાનુન યાદ કરાવજો. તમે દીનના કામમાં મજબુત રહેજો અને શેતાનની બાજી નહિ ખાતા. પોતપોતામા કયારે પણ હસદ, બુગઝ તથા ફિતનો નહિ કરતા.

આપણા દીનના દુશ્મનોથી દૂર રહેજો. પોતાને ઘણું ઘણું સંભાળજો. કદાચ અડચણ આવે તો વેપાર સિવાય બીજી વાત નહિ કરતા; જેઓ બેદીન છે તેઓ સાથે દીનની વાતો કરવાની અથવા તેઓની સોબત રાખવાની કાંઈ જરૂર નથી.

જે કોઈ જમાતખાનું બંધાવે છે, તે ઘણો સારો મોમન છે. એવું નેક કામ જે મોમન કરે છે તેને અમે હમેશાં દુઆ ફરમાવીએ છીએ."

## ફરમાન ૯૯ મું.

જંગબાર તા. ૨૩-૮-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહુમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમારી જમાતમાં બાઈ ભાઇના જે કેસ થાય, તેનો ફેંસલો પોતપોતામાં જ કરાવવો. આપણા દીનમાંથી જે ફરી ગયા છે, તેમની પાસે ઇન્સાફ માટે જવું, એ ઘણી નાદાની છે, એ ઠીક નથી. એ

તમારી રીત ઘણી ખરાબ છે. અમારો ઠપકો ખમી લેવો તમોને વાજબ છે, કારણ કે તમે અમારા ફરજંદો છો. અમે તમોને માવીત્ર તરીકે ઠપકો આપીએ છીએ. તમે અમારા બચ્ચાં છો. તમે તમારા દુઃખ અમારી પાસે ન કહેશો તો કેની પાસે કહેશો? તમોને જે વાતનું દુઃખ હોય તે અમારી પાસે રજુ કરો.

અમારા ઈસમાઇલી દીનમાં જુઠું બોલવાની સખત મનાઇ છે. તમોએ અગાઉ જે ભુલો કરી છે, તે અમે માફ કરીએ છીએ, પણ એ શરતે જે હવે પછી ધ્યાન કરી ઇન્સાફનો તરત ફેંસલો આપજો. ઇન્સાફ આપનારાઓએ કોઇનો પક્ષપાત કરવો નહિ. મત મેળવીને કેસનો ફેંસલો તુરત કરવો. અમલદારીઓએ સાત દિવસમાંથી એક દિવસ ઇન્સાફ કરવા બેસવું.

અમલદારીઓ તમારો ઇન્સાફ ચુકવશે, અગર તે ઇન્સાફ તમોને પસંદ ન આવે તો, તેનાથી ઉપલી જમાત ઉપર અપીલ લાવવી, ત્યાંથી પણ જો તમોને સંતોષ ન થાય તો, અમારી પાસે અપીલ લાવવી. તમો છ છ મહિના સુધી કેસને લંબાવો છો, એ કેવી નાદાની છે?

જમાતને લગતા કેસ જમાત પાસે લાવવા. અમલદારોએ કોઇના કેસને લાંબા રખડાવવા નહિ. વધારે સંખ્યાના મત પ્રમાણે ફેંસલો આપવો. પ્રાઇવેટ બાબતો સિવાય, બીજા બધા કેસના ઇન્સાફ નાના મોટા સર્વે સાંભળી શકે તેમ સર્વેને આવવાની છુટ આપવી.

તમે અમલદારીઓ પોતપોતામાંથી કિન્નો શા માટે કાઢી નાખતા નથી? હવેથી તમે પોતાનો કિન્નો કાઢી સાફ દિલ કરો.

જેમ તમે તમારી આંખોને સંભાળો છો, તેથી પણ વધારે તમારા દીનની સંભાળ રાખજો.

જમાતના આગેવાનો અમારા કહેવા મુજબ વર્તશે તો, તેઓને ઘણોજ ફાયદો થશે.

જુઓ, અગાઉ નુહ પયગમ્બર હતા તેણે પોતાના ફરજંદને પણ છોડી દીધો. જેઓને આપણા ઇસમાઇલી મઝહબમાં રહેવાની મરજી ન હોય અને નીકળી જવાનો વિચાર હોય તેઓને રોકવા નહિ.

તમે અમલદારો એકબીજામાં પંજા લીઓ. અમારી હાજરીમાં પંજા લઇ પાછળથી ફરી જશો તો તમે મોમન નથી.

જે ડોસી જમાતખાનામાં ગુજરી ગઈ તે, ઘણી નસીબદાર હતી કે જે, ખુદાના ઘરમાં ગુજરી ગઇ તે બહેસ્તમાં આરામથી પહોંચી છે. મોમનની જગા કંઈ કબ્રસ્તાનમાં નથી, મોમનની જગા બહેસ્તમાં છે."

## ફરમાન ૧૦૦ મું.

જંગબાર તા. ૨૪-૮-૧૯૦૫.

હક મોલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમે અમારા ફરમાનના તાલીકા મોકલીએ છીએ તે એક બે જણને માટે સમજવા નહિ, પણ નાના મોટા સર્વે જમાતને માટે છે; પણ જો કોઈ ખાનગી બાબત હોય, તો અમે કવર ઉપર લખીએ છીએ કે, આ ફરમાન ખાનગી છે.

જેઓએ પંજેભાઇની ટોળીમાં નામ દાખલ કરાવ્યું હોય, તેઓએ હર વખતે પંજેભાઇઓના જાગરણમાં હાજર રહેવું. ઇબાદતમાં મશગુલ રહેવું, તથા ઈલિમ ગીનાન સાંભળીને ફાયદો હાંસલ કરવો. પંજેભાઇમાં નામ લખાવીને, પોતપોતાને ઘરે સુઈ રહે, તે પંજેભાઇ કેમ કહેવાય?

જમાતના મુખી કામડીઆઓએ, પંજેભાઇના મુખી કામડીઆને મદદ કરવી જોઇએ. તેનો બદલો તમને ખુદાવિંદ બન્ને જહાનમાં આપશે.

જેઓ જુવાન છે તેઓ દીનના કામ હમણા નહિ કરે તો, પછી કયારે કરશે?

જમાતખાનામાં આવી જ્યાં ત્યાં સુઇ રહેવું, એ જાગરણમાં આવવાની નકામી તકલીફ લેવી છે અને નફાના બદલે નુકશાન લેવા જેવું છે.

તમે પંજેભાઇઓ મૌલાનું લશ્કર છો. જ્યારે તમે મૌલાના લશ્કર થયા ત્યારે તમારે સારા થવું જોઇએ. લશ્કરની ફરજ એ છે કે, જ્યારે ઉપરીનો હુકમ થાય, ત્યારે જાન માલથી તૈયાર થઇ જાય. તે પ્રમાણે તમે પણ અમારા હુકમમાં તૈયાર રહો. તમે લડાઈ કે ફિતના માટે અમારૂં લશ્કર નથી, પણ એક બીજામાં સુલેહ સંપ કરાવનારૂં લશ્કર છો, જ્યાં તમે પોતપોતામાં ફિતના તથા ફિસાદ જુઓ તો ત્યાં મહેનત લઇને સુલેહ સંપ કરાવવો.

જ્યારે તમે અમારા મહોબતના લશ્કર છો, ત્યારે તમે મહોબતના છાયડા નીચે બેસો, તેથી તમારા દિલમાં મહોબત તથા ઇશ્કનું ઝાડ પેદા થશે. તે મહોબત તથા ઇશ્કના ઝાડને એવું પાણી પીવડાવો કે, તમારૂં ઇમાન સલામત રહે. તમે એવા કામ નહિ કરતા કે જેથી, અગ્ની ઉત્પન્ન થઈને તે ઝાડ બળી જાય.

સાફ દિલ એ એક એવું ઝાડ છે, કે જો તેને સચ્ચાઇનું પાણી, આપવામાં આવે તો, તેમાં મહોબત રૂપી મેવો પેદા થાય છે. એ ઝાડ એવું નથી કે જેમા લડાઈ અથવા દુશ્મની થાય.

તમે તમારૂં ઇમાન સાબિત રાખો. ખરાબ માણસોથી હમેશાં દુર રહેજો. શેતાનની બાજી કયારે પણ ખાશો નહિ. દુનિયામાં ઇન્સાનના રૂપમાં શેતાન આવે છે તે માણસોમાં ફિતના નાખીને, તેઓને બે ફરમાની બનાવી મુકે છે. તમે શેતાનથી દુર રહેજો.

જો તમે રસ્તે ચાલતા જુઓ કે, કોઈ ખરાબ બેઈમાની માણસ સામેથી આવે છે તો, તમે તેનાથી દુર થઈ જાઓ.

એમ નહિ કે, રસ્તો બદલી નાખો, પણ તમારા દિલની સડકમાં બીજો રસ્તો રાખજો, એટલે કે તમારૂં દિલ તેનાથી જુદું રાખજો. તમારા દિલને છુટું મુકી નહિ દેતા, કે તેનાથી દોસ્તી અને મહોબત કરીને તેની સાથે વાતો ચીતો કરે. જો તમે તેઓથી વાતો ચીતો કરશો તો, ફિત્ના ફિસાદ ઉત્પન્ન થશે.

તમારી દીન બહેનોને પોતાની સગી બહેનો માફક સમજો. તમે કદી પણ ખરાબ કામ નહિ કરતા. તમારી આંખો હમેશાં પાક,

સાફ રાખજો. જેમ તમે તમારી સગી બહેનોને જુઓ છો, તેજ પ્રમાણે દીનની બહેનોને પણ જોજો.

તમારા ઘરની સ્ત્રી સાથે, મહોબતથી ચાલજો. તેની સાથે કજીયા ફિસાદ નહિ કરતા. તમારી ઔરતને કદી પણ મારશો નહિ.

વગર કારણે બે ઓરતો કયારે પણ કરશો નહિ. ખુદા ન ખાસ્તા તમને ઔલાદ ન હોય, અથવા તમારી ઔરત બિમાર હોય, એવા કારણથી બીજી ઔરત કરવી પડે તો, જેમ તમારી બન્ને આંખો સરખી છે, તેજ માફક બન્ને ઔરતને સરખી રાખજો. કોઈને વધારે ઓછું ચ્હાતા નહિ; બન્નેને બરાબર સરખી રીતે રાખજો. બન્ને ઉપર સરખી મહોબત રાખજો. ફકત શોખને ખાતર બે સ્ત્રી કરશો નહિ.

કોઈ પણ સારા કામમાં ફિતનો નાખનાર આવે ત્યારે તમે એમ સમજજો કે, એ શેતાન આવ્યો છે, કારણ કે જ્યારે સારૂં કામ શરૂ કરવામા આવે છે, ત્યારે શેતાન હરકત નાખે છે અને શક ઉત્પન્ન કરાવે છે.

કોઈ માણસ જમાતખાનું બનાવી અર્પણ કરે, પછી તે જમાતખાનાનો તે ધણી થઈ બેસે, એ મોમનની રીત નથી.

કોઈ માણસ જમાતમા મોટા અવાજથી ફિસાદની વાતો ન કરે. જમાતખાનામાં મોટા અવાજથી, ફિસાદની વાતો કરવાનો હુકમ નથી."

## ફરમાન ૧૦૧ મું.

જંગબાર તા. ૨૫–૮–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"હમેશાં દુઆ વખતે જમાતખાનામાં હાજર રહેજો. મિજલસ જાગરણ હમેશાં કરજો. તમે મિજલસ જાગરણમાં જાઓ ત્યારે થાળ, સુફરા, મહેમાની વિગેરે ક્રિયાઓ પુરી થવા અગાઉ ઉઠી જશો નહિ. એવી રીતે કરશો તો થાળ સુફરા વિગેરેની સરકારી પેદાશ ઓછી થશે, તેનો ગુન્હો તમારા ઉપર છે.

તમે દીન ઇસમાઈલીમાં આવ્યા છો; તેથી અમે તમારા મુખત્યાર છીએ. હવે તમને ઘટારત છે કે, તમે દિલોજાનથી અમારા હુકમ પ્રમાણે ચાલો. તમારા મનની ઇચ્છા પ્રમાણે કદી પણ ચાલશો નહિ. જો એવી રીતે કરો તો, પીરી મુરીદી શાની? અમારા ફરમાન તમે કબુલ કરો. અમે જે કાયદા કાનુન ચાલુ કરી આપીએ તે મુજબ વર્તો."

## ફરમાન ૧૦૨ મું.

જંગબાર તા. ૨૬–૮–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે દીનના કામમાં સુસ્તી નહિ કરતા અને દીનના કામમાં કોઈથી પણ ડરશો નહિ. દીનનો જે ફાયદો છે તે સર્વે ઇસમાઇલીઓ માટે છે. દીનના કામમાં તમારી ઈજ્જત જાય, માલ જાય, ઔલાદ જાય, તે સર્વે જવા દેજો, પણ તમે તમારો દીન સંભાળજો અને દીનમાં બરાબર રહેજો. હમેશાં મહોબત તથા ઇશ્કથી જમાતખાનામાં આવજો."

એક બાઇએ પોતાના ધણી માટે અરજ કરતાં, તેને હાઝર ઇમામે ફરમાવ્યું કે:

"તમે તમારા ધણીની ચાકરી કરો. તમે તેની ઔરત છો, જો તમારા ધણીની તમે ચાકરી નહિ કરો તો, તેની ચાકરી કોણ કરશે? આગલી વાતો જે થઇ ગઇ છે, તેને મુકી દો. તમે અને તમારા બચ્ચાંઓ બધાં તેની ચાકરી કરો. તેની ચાકરી કરવી તે તમારા ઉપર વાજબ છે, અગર તેની ચાકરી નહિ કરશો તો તમે ગુન્હેગાર થશો.

મરદ છે તે ઓરતનો શહેનશાહ છે, માટે તેની ચાકરી દિલોજાનથી કરવી. જે ઔરત પોતાના મરદને વધઘટ બોલે અને ગાળો આપે, તે ઘણુંજ ખરાબ છે, અગર ધણી બેઇમાન હોય, તો પણ જાહેરીમાં ચાકરી કરવી, પણ ધર્મ સંબંધી તેના મત સાથે મળતા થવું નહિ."

## ફરમાન ૧૦૩ મું.

જંગબાર તા. ૨૯-૮-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે બચ્ચાંઓ હમેશાં જમાતખાનામાં આવજો અને દીનનું ઇલમ તથા ગીનાન ગોઠ હમેશાં શીખજો. દુનિયાના કામ પણ સારા કરજો. ઈસિમાઈલી દીન ઉપર બરાબર ચાલજો. જો આવી રીતે વર્તશો, તો દુનિયામાં પણ ધનવંતા થશો. આ દુનિયા તથા પેલી દુનિયામાં તાજા રહેશો

તમે જ્યારે ઇલમ ગીનાન શીખવા જાઓ ત્યારે તમારા દિલ મજબુત અને મશગુલ રાખજો. દીનની સ્કુલ ખોલવામાં આવી છે, તેમાં જજો અને હિંમત રાખી ઈલમ શિખજો.

વરસમાં બે ત્રણ વખત કાળજી રાખીને, અમે સ્કુલની પુછા કરીએ છીએ અને ઘણી કાળજી ધરાવીએ છીએ. જ્યારે અમે તમારા માટે, આટલી મહેનત લઈએ છીએ, ત્યારે તમને પણ વાજબ છે કે, તમે તમારા બચ્ચાંઓને જરૂર ઈલમ ગીનાન શીખવવા માટે સ્કુલમાં મોકલજો."

## ફરમાન ૧૦૪ મું.

જંગબાર તા. ૨૯-૮-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે શેતાનની બાજી નહિ ખાશો. તમારૂં દિલ કયાંય પણ નહિ દોડાવશો. તમે પોતાના દીન ઉપર મશગુલ રહેજો. ઘણા જ મુસ્તકીમ રહેજો. કયારે પણ શેતાનની બાજી ખાશો નહિ.

તમારા દીન સિવાય બીજા દીન છે તે પવન ભરેલા ફુગા માફક છે. જેમ એક ફુગામાં પવન ભર્યો હોય તેમ છે. જ્યારે ફુગો ફાટી જાય છે ત્યારે પવન નીકળી જાય છે.

ફળનું ઉપલું છીલટું દેખાવમાં સારૂં લાગે છે, પણ તે છીલટું ખાશો તો તમને કડવું લાગશે અને લીજ્જત આવશે નહિ. ફળનું ઉપલું છીલટું દેખાવમાં સારૂં લાગે છે, પણ ફળની અંદરનો ગરભ ખાશો ત્યારે લીજ્જત તથા મીઠાશ આવશે, તેમજ તમારો દીન મગજથી ભરપુર છે, એટલે કે તેમાં નુર ભરેલું છે.

અમારો દીન સીધી સડક જેવો છે. તમે સડક પર સીધા ચાલ્યા જશો તો, તમારે ગામ પહોંચી જશો, એટલે કે તમારા અસલ નુરાની મકાને પહોંચશો. જો તમને સડક ઉપર ચડીને ચાલશો નહિ અને ઉભા રહેશો તો કેમ પહોંચશો ?

બીજાના દીન ઝાંઝવાના પાણી જેવા છે. ઝાંઝવા છેટેથી પાણીના આકારમાં દેખાય છે, પણ પાસે જઇએ તો ધુળ ઉડતી હોય છે. તે કોઇ વસ્તુ નથી, પાણી હાથમાં આવતું નથી. પાણીની લાલચે ઝાંઝવા તરફ દોડશો તો, આગળ ધુળ તથા માટી જોવામાં આવશે.

ઘણા માણસો ચાલીચાલીને કયાંય કયાંય જાય છે. આખરે ઘણી મહેનત સહન કરીને ત્યાં પહોંચે છે અને જુએ છે તો કબરો જોવામાં આવે છે. તે કબરો તેઓની સાથે સવાલ જવાબ કરતી નથી. તેઓ કબરને જે સવાલો પુછશે તેના જવાબ કબર કદી પણ નહિ આપે. પાણીની લાલચે દોડી દોડીને જશો તો પણ આખરે ધુળ જોવામાં આવશે. તમે ઘણી જગ્યાએ જશો અને ત્યાં જઈ જોશો તો, કબર અને ખાક સિવાય કંઇ પણ બીજું જોવામાં નહિં આવે.

તમે તમારા ધર્મમાં મજબુત તથા મુસ્તકીમ રહેજો. કિતાબોમાં પણ લખેલું છે કે, જાહેર પરસ્ત એટલે, બહારની વસ્તુને માનનાર ખરાબ છે. બાતુન પરસ્ત એટલે બાતુન વસ્તુને માનનાર બહેતર છે. તમે પણ બાતુન પરસ્ત થજો.

જાહેરીમાં તમારી દાઢી લાંબી કરશો તો સારા નહિ થશો, તમારા દિલ સાફ કરશો ત્યારેજ સારા થશો.

બાઇઓ જાહેરીમાં બુરખા પહેરે છે તે સારૂં નથી, પણ તમારા દિલની આંખો ઉપર શરમનો બુરખો નાંખો એટલે કે તમારા દિલ

કદીપણુ બદ ખ્યાલ કરે નહિ.

કોઈ બાઈનો મરદ ઈશ્નાઅશરી હોય પણ તે બાઈ ઇસમાઇલી છે, એવી પાકી ખાતરી થાય, તો તે બાઇને જમાતખાનામાં આવવાની છુટ આપજો; કારણુ કે સહુ કોઈ દીનની બાબતમાં પોતપોતાના ઈતેકાદ પ્રમાણે ચાલે છે. મરદના દીન ઉપર જ ઔરત ચાલે એવી રસમ નથી. સહુ કોઈ દીનની બાબતમાં પોતાના ઈતેકાદ ઉપર ચાલે છે.”

## ફરમાન ૧૦૫ મું.

જંગબાર તા. ૩૦–૮–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

“તમે જમાતખાનામાં અમારા ફરમાન શા માટે વાંચતા નથી? અમારા ફરમાન વાંચવા તથા તેની માયના કાઢવાની જે કોઈ મના કરે છે, તે દીનનો દુશ્મન છે.

માણસો કરબલામાં જઈને શા માટે પોતાનો વખત ફોકટ ગુમાવે છે?

**હઝરત ઈમામ હુસેન જમાતખાનામાં બિરાજે છે, ત્યાં આવો.**

જમાતખાનામાં ફરમાન તથા ગીનાનનો મુશાહેદો કરવા આપવો. કદીપણુ મનાઇ કરવી નહિ. જમાતખાનામાં માયના કરનારે, જે હકની વાત હોય તે વિષે નરમાશ તથા મીઠાશથી માયના કાઢવી. જબરજસ્તી વાપરવી નહિ. ગીનાન ઈલમની માયના, મુશાહેદો કરતી વખતે, હાઝર ઈમામની શનાખત દેખાડવામાં આવે છે.”

## ફરમાન ૧૦૬ મું.

જંગબાર તા. ૧–૯–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે જમાત ચાંદરાતના દિવસે મહોબત તથા ઇશ્ક સાથે જમાતખાનામાં એકઠા થાઓ છો, તેમ હમેશાં મગરબ વખતે એકઠા થતા રહો અને હમેશાં ગીનાન ઇલમનો મુશાહેદો તથા વાયજ કરજો. આ બાબતમાં જરા પણ સુસ્તી અથવા ગફલતી કરશો નહિ, તો તમારા માલ અને ઔલાદમાં બરકત થશે. તમારા રૂહ હમેશાં સફેદ થશે.

ચાંદરાતના પંજેભાઈઓની સ્થાપના શરૂઆતથી અમે કરી છે. ચાંદરાતના પંજેભાઇઓના જાગરણ અમે અમારા હાથથી બનાવ્યા છે. પહેલા ચાંદરાતનાં પંજેભાઇઓ કયાંઈ પણ નહિ હતા, તે, અમે બનાવ્યા છે. ચાંદરાતનો કોઇ પંજેભાઈ, આ દુનિયામાંથી ગુજરી જાય, ત્યારે ત્રીજે દિવસે જ્યારતની રાતે, સર્વે પંજેભાઇ એકઠા થઈ, મિજલસ કરજો અને તેના રૂહના હકમાં દુઆ કરજો. આવી રીતે મરેલા શખસના રૂહને મુક્તિ મળે છે."

## ફરમાન ૧૦૭ મું.

જંગબાર તા. ૧–૯–૧૯૦૫,

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :—

"બાઇઓને કેટલીક નસીહતો કરવા અમે અમારા માટે વાજબ ધારીએ છીએ તે બરાબર ધ્યાન રાખીને સાંભળજો.

જે ગુન્હાના બદકામ છે, જે નાફરમાનીના કામ છે, તે કદી પણ તમારે કરવા નહિ.

બીજા દીનવાળાઓ પાસેથી તાવીજો લઈ તમારી પાસે કદી પણ રાખતા નહિ. જેઓનું મોઢું જોવું વાજબ નથી, એવા દીનથી ફરેલા લોકો પાસેથી તાવીજો લઈ ગળામાં નાખો છો અને તેઓના ઉપર ઈન્તેકાદ રાખો છો, તેથી તમારા ઈમાનમાં ઘણી સુસ્તી પેદા થશે. એમ કરો તો તમે બે જણની ઔલાદ થયા, એમ ગણાય. તમે બીજાના તાવીજો લેશો તો અમારા આપેલા તાવીજો તમને કાંઇ પણ કામ નહિ, આવે અને તમે કયારે પણ રોશની જોઇ નહિ શકશો. તમારા દિલમાં અંધારૂં થશે.

તમે ઇમાનમાં યકીન ન રાખો અને અહીં તહીં દોડાદોડ કરો તે બેઇમાની છે. સાત ઠેકાણે પગ રાખવામાં શું ફાયદો?

અહીં તહીં દોડનાર કદાપી અમારી નજીક પણ હોય, તો પણ તે અમારાથી દુર છે. આવા માણસો અહીં આવે તો પણ તેમને શક રહે છે. બીજે ઠેકાણે પણ તેમને શક રહે છે. એવા માણસનું ઇમાન કોઇ ઠેકાણે કાયમ રહેતું નથી, હમેશાં તેના દિલમાં શક ભરેલો રહે છે.

તમે ઇમાન ઘણું મજબુત રાખજો. કોઇ શખસ તમને આડું અવળું સમજાવે તો તેની વાત ક્યારે પણ કબુલ નહિ કરતા.

તમારી આંખો તથા દિલ સાફ રાખજો, જે બાઇ અથવા ભાઇ પોતાની આંખો પવિત્ર નહિ રાખે, તેની ઈબાદત કાંઈ કામ આવશે નહિ.

કોઇ ભાઇ પોતાની જબાનથી કહેશે કે આ મારી બહેન છે, અથવા બાઈ એમ કહેશે કે આ મારો ભાઇ છે, પણ જો તેઓની આંખો પવિત્ર નહિ હોય તો શું ફાયદો? તમારૂં કામ અવલ તો એ છે કે, તમે તમારી આંખો પવિત્ર કરો અને શેતાનની બાજી ખાઓ નહિ.

દીકરીનો મરદ ગુજરી જાય, પછી માવતર દીકરીને ઘરમાં બેસાડી રાખે છે અને તેને બીજો ધણી કરાવી આપતા નથી, તે અઝીમ ગુન્હા છે. દીકરીને ઘેર બેસાડી રાખવાથી, પહેલાં તો ઓલાદ નહિ થાય, તેનો અઝીમ ગુન્હા છે. તમે તેને પરણાવી દેશો, નિકાહ કરાવી આપશો તો, તેમનાથી ઓલાદ ઉત્પન્ન થશે, તેમાં ઇમાનદાર મોમન થશે, એ સવાબ માવતરને મળશે.

જે બાઇનો મરદ ગુજરી જાય અને તે બાઈ જુવાન હોય તેને જ્યારે માવીતર ઘરમાં બેસાડી રાખે છે, ત્યારે ખ્યાલ કરો કે, કેટલા માણસોને મારી નાખવાના ગુન્હા તેવા માવીતરોને લાગુ પડે છે. આમ કરીને તમે તેની ઓલાદ બંધ કરો છો.

જે બાઈનો ધણી દુનિયામાંથી ગુજરી જાય, તે બાઇને તરત બીજો મરદ કરાવી આપો. જે મરદની ઓરત ગુજરી જાય, તે પણ

તરત બીજી ઔરત કરે, જેમાથી સારી ઔલાદ ઉત્પન્ન થાય અને બદ કામ થતાં અટકે. જે બાઈનો ધણી ગુજરી ગયો હોય, તે બાઇને તેના માવતર ઘરમાં બેસાડી રાખે, તો પછી તે છોકરીથી જે કાંઇ ગુન્હા બની જશે, તે ગુન્હા માવતર ઉપર છે; કારણુ કે તેઓએ તેને ઘરમાં બેસાડી રાખી તેથી એ પરીણામ આવ્યું.

તમે એવા ખ્યાલ નહિ રાખો કે દીકરી ફકત પૈસાદારને જ આપવી. તમે પૈસાદાર જોઇને આપો, તો પણુ પાછળથી તે ગરીબ થાય ત્યારે શું કરો?

માણુસ તંદુરસ્ત, ઇમાનદાર, પેટનું ગુજરાન ચલાવવાને શકિતવાન, નેક ખસલતનો હોવો જોઈએ. આવા માણુસને દીકરી આપશો તો તમારા હકમાં અઝીમ ફાયદો છે. ગરીબ હોય તો શું થયું? તમે પૈસાદાર શોધવા રોકાશો તો દશ વર્ષ બીજા નીકળી જશે. તમે વિચાર કરો દશ વર્ષમાં ચાર ઔલાદનો વધારો થાય. આ તમારા ઘરમાં કેટલી બધી નુકશાની થશે?

છોકરી સાસરીયાને ઘેરથી રિસાઈને માવતરને ઘેર આવે તે દીકરીને ઘેર બેસાડી રાખવી માવતરને લાજમ નથી. તેઓની ફરજ છે કે દીકરીને સમજાવીને તેને ઘેર તરત રવાના કરી આપે. તેમને પોતાને ઘેર બેસાડી રાખવામાં અઝીમ ગુન્હા છે.

જ્યારે કયામતનો દિવસ થશે. ત્યારે જે શખસે, પોતાની દીકરી અથવા બહેનને ઘેર બેસાડી રાખી હશે, તેનું પુછાણું તેના માવતર અથવા ભાઇ પાસેથી લેવામાં આવશે.

ઔરતનો મરદ ગુજરી ગયા પછી, બીજો ધણી ન કરવો એ હિંદુની રસમ છે. તમે ઇસમાઇલી દીનવાળા છો. હાલના જમાનામાં તો હિંદુઓ પણુ તેમ કરતા નથી. ત્યારે તમે ઇસમાઇલીઓ એવી રસમ શા માટે પકડી રાખો છો!

મુખીયાણી તથા કામડીયાણીની ફરજ છે કે, બીજી બાઇઓને ઔલાદ માફક ગણીને તેઓને સારી નસિહત કરતાં રહેવું.

અમારા ફરમાન દિલમાં રાખીને હમેશાં ધ્યાનમાં લેજો."

## ફરમાન ૧૦૮ મું.

જંગબાર તા. ૨–૯–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"તમે કયારે પણ શેતાનની બાજી ખાશો નહિ હમેશાં નેક કામમા મશગુલ રહેજો, જેમ બને તેમ સારા કામ હોય તે તરત કરજો.

ઈમાનની નીશાની એ છે કે, દુઆ હમેશાં પડવી. તમારી આંખમાંથી શરમ છોડી આપશો નહિ. વધારે બકબક નહિ કરતાં ખામોશી રાખવી. કોઇની નીંદા સાંભળવી નહિ.

લશ્કરમાં ઉપરી સિપેહસાલાર એકજ બસ છે. તમે પણ દીનના કામમાં બહાદુર થાઓ.

અમલદાર થઇને મગરબ વખતે જમાતખાનામાં દુઆ પડવા કેમ નથી આવતા? મગરબ વખતની દુઆ હમેશાં સંભાળજો. જમાતખાનું કોઈ એકલાનું ઘર નથી, પણ એતો ખુદાવંદતઆલાનું ઘર છે. તેમાં બંદગી કરવા વખતસર જવું. ફાયદો પોતાને વાસ્તે છે, બીજાને વાસ્તે નથી. કોઈને સારૂં લગાડવા માટે કાંઈ ત્યાં જવાનું નથી. ફકત અડધા કલાકમાં તમને શું મહેનત છે? દિવસમાં ચોવીસ કલાક છે તેમા બે કલાક પણ તમે ખુદાની ઈબાદત કરતા નથી એ શું કહેવાય? એ ઘણું ખરાબ છે.

સરકારી કારસાજી એ વેપારનો માલ નથી. ગેબનો માલ છે, તે તરત અમને પહોંચાડતા રહેવું.

જેમ અમે અહીંયાં હમણા હાજર બેઠા છીએ, તેજ પ્રમાણે મોમન પાસે અમે હમેશાં હાજર છીએ. હમણા તમે અમને અહીંયાં જુઓ છો અને પછી કહો કે સાહેબ અહીંયાં નથી એમ નહિ સમજતા. અમે જાહેરીમાં તમારી પાસે ન હોઇએ તો પણ બાતુનમાં તમારી પાસેજ છીએ. અમે હમેશાં તમને યાદ કરીએ છીએ.

મોમન વાસ્તે દુનિયા કેદખાનું છે, મોમન જ્યારે દુનિયામાંથી ગુજરી જાય છે, ત્યારે કેદખાનામાંથી નીકળીને બગીચામાં જાય છે, તેના વાસ્તે દિલગીર થવું નહિ.

ઇન્શાઅલ્લાહ જાહેરીમાં જેવી રીતે તમે અમારી હજુરમાં અને અમારી નજદીક રહો છો, તેવી રીતે તમારા બાતુની ખ્યાલ પણ એવા થાય જે અમારી નજદીક હો.

અમે રાત દિવસ તમારા ખ્યાલમાં છીએ, તેમજ રાત દિવસ તમને દુઆ કરીએ છીએ. જેઓ મહોબત અને હોંશથી અમારી ખિદમત કરે છે તેના હકમાં અમે દુઆ કરીએ છીએ."

## ફરમાન. ૧૦૯.

જંગબાર તા. ૨–૯–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :—

"તમારા બચ્ચાંને આપણા ઇસ્માઇલી દીનના ગીનાન તથા માયના સમજાવજો. જે સ્કુલ સીંધી ગીનાન, ઇલમ શિખવવા માટે ખોલવામાં આવી છે, તેમાં બચ્ચાંને હમેશાં મોકલજો,

છોકરાઓ સ્કુલમાં સીંધી ગુજરાતી તથા હિસાબ શીખે તથા છોકરીઓ ગીનાન ઇલમ તથા ભરત કામ શીખે, જેથીકરીને ગુજરાન ચલાવી શકે.

તમે કયારે પણ શેતાનની બાજી નહિ ખાશો. શેતાન એક રૂપથી ઇન્સાનને બાજી આપતો નથી, પણ હજારો તરેહથી છેતરે છે. તમે પોતાને સંભાળીને ચાલજો.

શેતાન પહેલાં એ અજમાએશ કરે છે કે, આ માણસનું ઇમાન કઇ બાજુ જરા નરમ છે, એટલેકે કઇ તરફ જરા ઓછું ઇમાન છે, તે તરફથી તેને બાજી આપે છે, માટે ઘણી સંભાળ રાખી શેતાનથી દુર રહેજો, શેતાનની બાજી ખાશો નહિ."

## ફરમાન. ૧૧૦

જંગબાર તા. ૩-૯-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે પંજેભાઇઓ સર્વે એક દિલથી ચાલજો, પોતપોતામાં કયારે પણ બેદિલી નહિ કરશો, જુદાઈ નહિ રાખશો. હમેશાં જમાતખાનામાં આવીને વખતસર દુઆ પડજો.

શેતાનની બાજી કયારે પણ નહિ ખાશો, જે ખરાબ કામ છે, જે નાફરમાનીના કામ છે તેનાથી દુર રહેજો અને તમારૂં ઇમાન ઘણુ મજબુત રાખજો."

## ફરમાન ૧૧૧ મું.

જંગબાર તા. ૪-૯-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે પંજેભાઈઓ અમારૂં લશ્કર છે. તમે અમને ઘણા વહાલા લાગો છો અને અમે તમને અમારા અજીજ ગણીએ છીએ.

મોમન અમારી ઓલાદ છે. તમારૂં ઈમાન મજબુતીથી સંભાળજો. બદકામ નહિ કરતા. નકામો ખોટો ખરચ કરશો નહિ.

તમે પંજેભાઈ કલબમાં જજો. ત્યાં ઘણી જાતના રમત ખેલ છે, તે રમત કરજો. કસરત કરવાથી તમારો મીજાજ જોરાવર થશે, તમે કલબમાં જઈ ખેલ રમત કરશો તો તમારા મીજાજને માટે સારૂં છે. વળી કસરત કરશો તો તમારૂં મગજ પણ સુધરશે, તેથી તમે બંદગી પણ સારી રીતે કરી શકશો.

બદન તંદુરસ્ત ન હોય તો બંદગી કેવી રીતે થાય? ઇબાદતનો વખત જવા નહિ આપતા.

તમારા કામ સર્વે સાફ અને પાક હોય. તમારી આંખો તથા દિલ હમેશાં પાક હોય.

તમે રાતના જ્યાં ત્યાં જાઓ છો. અને નકામી વાતો કરો છો, તેમાં શું ફાયદો થાય છે? રાતના હમેશાં જમાતખાનામાં આવી દીન ઈલિમની વાતો કરો અને દિવસના તમારો ધંધો રોજગાર કરો.

તમારા નાના બચ્ચાંને સીધી સ્કુલમાં મોકલી ઈલમ શીખવશો તો જ્યારે તેઓ મોટા થશે, ત્યારે શેતાનની બાજી નહિ ખાય.

જ્યારે બિમારી આવે ત્યારે નખુશ નહિ થવું. ખુદાવંદ કરીમે જે દરદ પેદા કર્યું છે, તેની દવા પણ પેદા કરી છે. દરદની દવા તમે નહિ કરો તો ખુદાનો શું વાંક? બિમારી થાય છે તેની દવા કરવામાં આવે તો આસાન થઈ જાય છે.

સરકાર ગવર્મેન્ટ જે હુકમ કરે તે બજાવજો. બિમારી લાગુ ન પડે એ બાબતની રસી સરકાર મંગાવે અને નાખે તો તમારા બાલબચ્ચાં, ઘરવાળીઓ, સર્વેને સાથે તેડી જઈને રસી નંખાવજો. તેમાં કાંઇ પણ નુકશાન નથી.

તમારામાં બુરખો નથી; તમારામાં જે પડદો છે તે શરમનો છે, માટે શરમ હમેશાં રાખજો.

તમારા ઘર તથા બદન સાફ રાખજો. લુગડા સ્વચ્છ પહેરજો. સરકાર જે દવા આપે તે લેજો, તમે પગમાં મોજા પહેરતા જાઓ. તમારા ઘર સાફ રાખજો.”

## ફરમાન ૧૧૨ મું.

જંગબાર તા. ૫-૯-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

“સર્વે જમાતો અમારી ઔલાદ છે, પણ સ્કુલના બચ્ચાં તો અમારૂં લશ્કર છે. તેઓ અમને બહુ વંહાલા છે. બચ્ચાંઓને વાજબ છે કે, દુનિયામાં નેક કામ કરે, એવા નીચ કામ ન કરે કે, તેમના કામથી અમને દિલગીરી થાય તથા શરમને લીધે અમારે નીચું માથું કરવું પડે.

તમે સર્વે નેક કામ કરજો. દગલબાજી બીલકુલ નહિ કરતા. જે માણસ સત્યતાથી અને ઈમાનદારીથી ચાલે છે, તેનો પાયો પાકો છે. દગલબાજી કરનાર કદાચ પાંચ, દશ, વીશ અથવા પચાસ વર્ષ પણ ફાવી જાય તો પણ તેનું મોઢું કાળું થશે. તેને કાંઇ ફાયદો નહિ થાય, તે ખાલી હાથે જશે.

જેઓ સારા કામ કરે છે, તેમના કામમા ખુદાવંદકરીમ બરકત આપશે. સર્વે બરકત એક દિવસમાં નહિ, પણ આસ્તે આસ્તે દિન પ્રતિ દિન બરકત વધતી જશે. તેમના માલ તથા ઔલાદમાં ખુદાવંદ બરકત નાખશે; એક દિવસ તેઓ ઉચ ગતીએ પહોંચી જશે.

જેમ બલુન પહેલાં કુલીને તરત ઉંચે ચડે છે, પણ ઉંચે જઇને ફાટી જાય છે અને પાછું જમીન ઉપર આવી પડે છે, તેમ દગાબાજી તથા હસદ કરનાર માણસો બરબાદ થઈ જાય છે. દગાબાજી ઘણી જ ખરાબ છે.

સત્યતા પર ચાલનારનો પાયો ડુંગર જેવો મજબુત છે. તે ઇમારત કદાપી જોવામા નાની જણાય, તો પણ તેનો પાયો મજબુત તથા પાકો હોવાથી તે કદીપણ જમીન ઉપર પાછી પડવાની નથી. તમે દુનિયામાં જે કામ કરો તે સચ્ચાઇ સાથે કરો. કામ નેકીના કરજો, દગાબાજી બીલકુલ કરશો નહિ. જેટલું બને તેટલું અને જેમ બને તેમ નેકી કરો.

દુઆનો વખત થઈ ગયો હોય અને જો તમે રસ્તામાં હો તો, ચાલતાં ચાલતાં દુઆ પડી લેજો. મગરબ વખતે કોઇ બાબતસર જમાતખાને પહોંચી શકાય તેમ ન હોય તો, જ્યાં હો ત્યાં જ દુઆ પડી લેજો; પણ નુકશાની જેવું ન હોય તો તરત જમાતખાને આવી દુઆ પડવી.

અગર વખતસર દુઆ ન પડી શકાય તો એક તસબી વધારે કાઢજો.

તમારા પાસે જે અજંપીઆ જાંપ છે, તે દુનિયામાં બીજા કોઈ પાસે નથી.”

## ફરમાન ૧૧૩ મું.

જંગબાર તા. ૫-૯-૧૯૦૫

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"હમણા જેમ અમે અહીં જાહેરીમાં બેઠા છીએ અને તમે અમારી ખિદમત કરો છો, તેજ પ્રમાણે હમેશાં જમાતખાને આવી દિલ વ જાનથી ખિદમત કરજો.

અમને તમે હાજર જોજો. જેમ જાહેરીમાં અમે અહીંઆ બેઠા છીએ તે પ્રમાણે બાતુનમાં રાત અને દિવસ અમારા તખ્ત ઉપર બેઠા છીએ. જેમ અમે જાહેરીમાં અત્રે બેસીને તમોને આષીશો આપીએ છીએ, તેજ પ્રમાણે બાતુનમાં અમે તમોને દુઆ કરીએ છીએ.

કાઠીઆવાડ, મુંબઇ, યુરોપ, જે જે મુલકોમાં અમે હોઈએ છીએ ત્યાં દરરોજ એક વખત દરેક મોમન જમાતને અમે દુઆ કરીએ છીએ. એક એક મોમન અમને યાદ છે. હમણા જાહેરીમાં દુઆ કરીએ છીએ, તેમ હિંદુસ્તાન અથવા બીજા મુલકમાં હોઇએ ત્યાં એક વખત જરૂર અમે તમને યાદ કરીએ છીએ. તમે પણ અમને યાદ કરવા સિવાય રહેતા નહિ. એક દિવસ પણ એવું ન થાય કે અમને યાદ કર્યા વગર રહી જાઓ.

મોમનનું દિલ ટેલીગ્રાફ અને ટેલીફોન માફક છે. જેને એક છેડે મુરશીદ છે તથા બીજે છેડે મોમન છે. જ્યારે તમે અમને યાદ કરો છો ત્યારે, તેજ વખતે તમે અમને પણ યાદ આવો છો. અમે તમને યાદ કરીએ છીએ તે વિષે તમે જાહેરીમાં કંઇ જાણતા નથી, તો પણ બાતુનમાં હમેશાં અમારી દુઆ તમને પહોંચે છે અને હમેશાં પહોંચ્યા કરશે."

## ફરમાન ૧૧૪ મું.

જંગબાર તા. ૮-૯-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જેમ હમણા તમે અમને જાહેરીમાં તખ્ત ઉપર બેઠેલા જુઓ છો તે પ્રમાણે હમેશાં તમે અમને હાજર નાજર જાણજો. જેમ હમણાં તમે દુઆ પડવાને જમાતખાનામાં આવો છો તે પ્રમાણે હમેશાં આવજો. અમે હર પળે તમારી પાસે બેઠા છીએ.

અમારો ખ્યાલ તમારી સાથે છે. અમે તમને એક ઘડી પણ વિસારતા નથી."

## ફરમાન ૧૧૫ મુ.

જંગબાર તા. ૮ ૯–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જ્યારે અમે તમને જોઇએ છીએ ત્યારે અમારી આંખો ઠંડી થાય છે; તમારા જેવી સારી ઔલાદ જોઈને અમારી આંખો કેમ ઠંડી ન થાય? તમને જોઇને અમારૂં દિલ બહુ ખુશી થાય છે. જેમ તમને જોઇને અમે ખુશી થઇએ છીએ, તેમ તમે પણ અમને વિસારતા નહિ,

અમે તમને અમારી ઔલાદ ગણીએ છીએ ત્યારે તમારે પણ એવીજ મહોબત તથા ઈશ્કથી વર્તવાની જરૂર છે, એટલે કે અમારા ફરમાન ઉપર મુસ્તકીમ રહેજો.

તમારા કામ હમેશાં સાફ અને પાક હોવા જોઇએ.

તમે પોતપોતામાં દુશ્મની નહિ કરશો તો એકદમ ફિરસ્તા થઈ જશો."

## ફરમાન ૧૧૬ મું.

જંગબાર તા. ૯–૯–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જે કોઈ ઇસમાઈલી દીન ઉપર ઈમાન રાખે છે તેઓ સર્વે તેઓને માટે બંધાએલા કાયદાને ઈદની ખુશાલી માફક ખુશીથી કબુલ કરશે અને બરાબર તે પ્રમાણે ચાલશે."

## ફરમાન ૧૧૭ મું.

જંગબાર તા. ૧૩-૯-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"ઇસમાઈલી મઝહબની રીત પ્રમાણે જે રાજ્યમાં તમે રહેતા હો, તે રાજ્યના કાયદા કાનુનસર અને રાજ્યને તાબે થઇને ચાલવું. અગર તમોને કોઇ જાતની અડચણ હોય તો રાજ્ય પાસે અરજ કરવી, પણ સરકારની સામે થવું નહિ.

વેપાર ધંધામાં મશગુલ રહો. દુકાનો બંધ રાખવામાં જુલમ છે. માણસોને માલની હાજત હોય, તેમને માલ મળે નહિ તો બિચારા કયાં લેવાને જાય? માટે દુકાન બંધ ન રાખવી. તેમાં તમોને ફાયદો છે.

**આપણા દીન મઝહબની એ રીતે છે કે જે રાજાના મુલકમા રહેતા હોઇએ, તેની તાબેદારી કરવી વાજબ છે.**

અંગ્રેજ, જરમન, ફ્રેન્ચ વિગેરે જે રાજાના મુલકમાં રહેતા હો, તેની તાબેદારીમાં રહેવું વાજબ છે."

## ફરમાન ૧૧૮ મું.

જંગબાર તા. ૧૪-૯-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમો અમારા મુરીદ અમારી હકીકતી ઓલાદ માફક છો. મુરીદ તથા મુરશિદની દરમિયાન કાંઇ પણ જુદાઈ નથી; તેઓ હમેશાં એકજ છે. એવી રીતે દિલ હમેશાં મજબુત કરી એક દિલ રાખવું જોઇએ.

અમે તમો મોમનને, જે અમારા મુરીદ છો, તેમને અમારી આંખ કરતાં પણ વધારે નજીક સમજીએ છીએ તમોને પણ વાજબ છે કે હમેશાં સારા કામ કરતા રહો અને હમેશાં પાક રહો. હમેશાં જમાતખાનામાં આવીને ઇબાદત કરો.

કોઇની પણ દુશ્મની નહિ કરશો. પોતપોતામાં દુશ્મની, કિન્ના, તથા બુગજ અને ફિતના રાખશો નહિ. પોતપોતામાં એક દિલ થઈ ચાલજો. કયારે પણ પોતપોતામા લડાઈ, ટંટો કરતા નહિ. પોતપોતામાં તો શું પણ બીજી કોમવાળાઓ સાથે પણ દુશ્મની કરશો નહિ. પોતાનું દિલ હમેશાં સાફ રાખજો. પોતપોતામાં સગા ભાઇઓની માફક હેત પ્રિત રાખજો.

તમે હમેશાં તમારા દીન ભાઇઓની ખિદમત કરજો. **જેઓ પોતાના દીન ભાઈઓની ખિદમત કરે છે, તેઓ ખરેખર અમારી પોતાની ખિદમત કરે છે.**

બાઈઓએ પોતાના ધણીની દિલોજાનથી ખિદમત કરવી જોઇએ, મરદોની પણ ફરજ છે કે, પોતાની ઔરત તથા બચ્ચાંને હમેશાં સંભાળે. પોતાની ઔરતને દુઃખ ન આપે. પોતાની સ્ત્રી તથા બચ્ચાંને દુઃખ આપવું એ શેતાનનું કામ છે. બચ્ચાંને ગીનાન ગોઠની તાલીમ તથા સમજણ હમેશાં આપતા રહો અને તેને આપણા દીન ઉપર મુસ્તકીમ બનાવજો.

તમારા રૂહની ચોકસી રાખજો કે તમે ફિરસ્તા થઈ જાઓ, બલકે ફિરસ્તાથી પણ ઉંચી હલતે પહોંચો. જેઓના કામ સારા અને પાક છે, જેઓનું ઇમાન, દિલ, જબાન, કાન, હાથ, પગ સદા ગુન્હાથી પાક છે, તેઓ જીબ્રાઇલ કરતાં પણ વધારે ઉંચે દરજ્જે પહોંચશે; માટે તમે ચોકસી રાખશો તો વહી જીબ્રાઇલ, મિકાઇલ તથા અસરાફીલથી પણ ઉંચે દરજ્જે પહોંચશો.

તમારી આંખો હમેશાં ઉંચે રાખો. જમીન ઉપર નિગાહ નહિ રાખો. તમારી નજર હમેશાં આશમાન પર જવાની હોય. બંદગી ઇબાદત હમેશાં પાક દિલની હોવી જોઈએ.

નાતના જે કાયદા કાનુન તમોને બાંધી આપવામાં આવ્યા છે, તે મુજબ તમારે વરતવું. કોઈપણ તે કાયદા કાનુનને તોડશે તેણે અમારૂં દિલ તોડી નાખ્યું એમ ગણાશે. જે કાયદા તમોને આપવામાં આવ્યા છે, તેમાં અઝીમ ફાયદો છે. એ કાયદા કાનુન અમે નથી

બનાવ્યા, પણ કાઉન્સીલના મેમ્બરો અમે નિમ્યા છે, તેમણે પોતે એ કાયદા બનાવ્યા છે. અમે તે વખતે હાજર હતા અને અમોએ પોતે પણ ઘણી મહેનત લીધી છે. જે કોઈ એ કાયદાને તોડશે તે દિનનો દુશ્મન છે, જે કોઇ એ કાયદા કાનુન મુજબ નહિ ચાલે, તે ખુદા પરસ્ત નથી બલકે ખુદ પરસ્ત એટલે નાસ્તીક છે. જે કોઇ કાયદા કાનુન તોડશે તે શેતાન છે. આ કાયદા કાનુન ઘણા વજનદાર છે. જો તમે ભલા હો, તમે માણસ હો, તમે અમારા મુરિદ હો અને ફિરસ્તા હો તો, એ કાયદા કાનુન બરાબર ચલાવજો. દિન પ્રતિ દિન, એ કાયદા કાનુનની મજબુતી થાય તેમ કરજો.

કાઉન્સીલના મેમ્બરો જો સાફ યકીનથી કાયદા અમલમાં લાવશે ને જો નિષ્પક્ષપાતથી ઈન્સાફ આપશે તો અમે તેઓને ફિરસ્તા જેવા ગણીશું અને અમે ઘણા ખુશી થઇશું.

અગાઉના જમાનામાં ઈરાનમાં નાસર ખુશરૂ, હસન બિનસબ્બાહ, પીર સદરદ્દીન વિગેરે જે દીનના મોટા સિંહ થઇ ગયા છે, તેના જેવા અમે તેઓને સમજીશું.

જે કોઇ તરફદારી કરશે, અને કોઇનું મન રાજી રાખવા કોશીશ કરશે, તો હ૦ નબી મુહમ્મદ સ૦ અ૦ જાહેરીમાં પડદે થયા પછી, જે લોકોએ પાછળથી કુરઆને શરીફમાં ફેરફાર કરી, દીનમાં ફિતના જગાડયા, તેમના જેવા તેઓ જાહેલ થશે. જેવી જગ્યાએ તેઓ પહોંચ્યા તેવી જગ્યાએ આ લોકો પહોંચશે.

આ કાયદા બાંધતી વખતે અમે હાજર હતા અને તેઓને રસ્તો દેખાડતા હતા. જેમ લોકો પોતાના ફરઝંદોને શિખવે, તેમ મહેનત લઇને અમે તેઓને શિખવતા હતા.

અમે તો સમજીએ છીએ કે તમે અમારી ઔલાદ છો, એમ સમજીને દર પળે તમને યાદ દેવરાવીએ છીએ. બચ્ચા અગર હકીકતી તથા ઉત્તમ હોય તો તે પ્રમાણે વર્તે. જે બચ્ચાં બદ હોય, જેમના આમાલ શેતાની ભરેલા હોય, તેમની મિસાલ એ છે કે,

માવીતર તેમને સ્કુલમાં ભણાવે છે, પણ તેઓ જે કાંઈ શીખે છે તે બે દિવસમાં ભુલી જાય છે. તમે એ પ્રમાણે કરશો, તો ખરાબ થઈ જશો.

તમે જમાત અમારી ઓલાદ છો; તમે એમ નહિ સમજતા કે, જેઓ અમારી નજદીક છે તેઓજ અમારી ઓલાદ છે. જેઓ નજદીક છે અને દુર છે તેઓ સર્વે અમારી ઓલાદ છે.

ઇન્સાફ આપનાર કમીટી જો કાયદા પ્રમાણે બરાબર ન વર્તે તો તે વિષે કાગળ મારફતે અમને ખબર આપો. તમે અમને કાગળ લખો તો તેની બે નકલ કરજો, એક નકલ કમીટીને આપજો, તથા એક નકલ અમને મોકલજો.

કોઇ પણ અમારા ઉપર જુઠું લખાણુ ન મોકલે. જે કોઇ અમને જુઠુ લખી મોકલશે તેણે અમારી નાફરમાની કરી એમ ગણાશે અને તે ઘણો શરમિંદો થશે.

જો કે બાતુનમાં અમે સર્વે જાણીએ છીએ, તો પણ, મોમનને વાજબ છે કે, અમને જાહેરીમાં પણ ખબર આપે.

અમે અમારા અંતઃકરણથી દુઆ ફરમાવીએ છીએ કે, તમે સચ્ચાઇને રસ્તે ચાલો."

## ફરમાન ૧૧૯ મું.

જંગબાર તા. ૧૫–૯–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે ઇસમાઇલી દીન ઉપર મજબુત રહેજો. કયારે પણ શેતાનની બાજી ખાશો નહિ. મોમનનું દિલ પહાડ માફક મજબુત હોવું જોઈએ. જેમ ડુંગર પોતાને ઠેકાણેથી બીલકુલ હાલતો નથી તેમ તમે પણ ઇસમાઇલી દીન ઉપર મજબુત રહો. તમારૂં દિલ ઝાડ માફક નહિ રાખતા; તેને જે બાજુનો પવન લાગે છે, તે બાજુ ઢળે છે, તે પ્રમાણે તમારૂં ઇમાન કાચું રાખશો નહિ.

તમે એકલા ખુદાથી ડરજો, બીજા કોઇથી ડરતા નહિ. મરદ તે છે કે, સદા સાચે રસ્તે હોય અને જેનું દિલ તથા જબાન પણ સદા સાચાં હોય. જેની જબાન આજ એક તરફ અને કાલ બીજી તરફ હોય, એવી રીતનો માણસ ઓરતથી પણ બદતર છે.

તમે નિયાજ પીઓ છો, ત્યાર પછી ખાલી પ્યાલી આંખે લગાડો છો; તમે ખાલી પ્યાલી શા માટે આંખે લગાડો છો?

અમે તમારી પાસે હાજર છીએ. અમને ગમે તેટલું દુઃખ તથા તસ્દી પડે તો પણ અમે રાજી છીએ, પણ તમને એક સોય પણ ન વાગે એમ અમે ઇચ્છીએ છીએ.

હાલ મરકી ચાલે છે, તે દરમિયાન તમે રસી નંખાવજો; કારણ કે તેમાં તમારી તથા તમારા બાલબચ્ચાંની સલામતી છે. ખુદાવંદે જે કાંઈ દરદ પેદા કર્યા છે, તેની દવા પણ પેદા કરી છે. મરકીની દવા રસી છે.

અમો રસી નંખાવવા માટે ફરમાવીએ છીએ, તેનુ કારણ એ છે કે, એ બિમારીમાં એક પણ માણસ મરે છે તેથી અમને ઘણુંજ લાગી આવે છે. તમે જો રસી નંખાવશો તો બિમારી ઘણી જ ઓછી થઇ જશે. ઇમાનની નિશાની એ છે કે, ફરમાન પ્રમાણે રસી નંખાવે તેથી અમે ઘણુાજ રાજી થશું; અગર જો તમે રસી નહિ નંખાવો તો અમારૂં દિલ ઘણું જ નારાજ થશે અને ઘણા કેસ થશે.

તમે અમારા ફરમાન કબુલ કરશો તો, અમે તમારા ઉપર રાજી થાશું અને તેનો ફાયદો પણ તમને મળશે. જેણે અમારા આ ફરમાન માન્યા તો તેણે અમારૂં દિલ ખુશ કર્યું છે અને અમને દશ મહેમાનીઓ તમે કરી છે એમ અમે સમજીશું.

દસ મહેમાનીમાં અમે જેટલા રાજી થઈએ તેટલા રાજી તમે અમારા ફરમાન કબુલ કરી રસી નંખાવશો, તેનાથી થઇશું."

## ફરમાન ૧૨૦ મું.

જંગબાર તા. ૧૭-૯-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"અમારૂં દિલ હમેશાં મોમનની નજદીક છે. ઈન્સાનના શરીરના રૂંવાડા છે, તે કરતાં પણ નજદીક તમારા દિલમાં અમે બેઠા છીએ.

તમે હરામખોરી તથા દુશ્મની કરો, નાફરમાનીના કામ કરો, ત્યારપછી ઈબાદત કરો, એ તો શેતાનની ઇબાદત કહેવાય. હંમેશાં તમારા રૂહને સાફ રાખો. તમો જમાતમાંથી પંદર, વીશ જણ પીર સદરદીન જેવા નિકળી શકે; પણ તે દરજ્જાને પહોંચવા માટે આમાલ સારા જોઈએ. તમે ઇબાદત કરો અને આમાલ સારા ન કરો અને નાફરમાનીના કામ કરો, ત્યારે ઇબાદતથી શું ફાયદો હાસલ થાય?

તમે રાતે બંદગી કરો અને દિવસે ગુન્હાના કામ કરો, બદ નજર કરો, ખોટું બોલો, વિગેરે ગુન્હાના કામ કરો ત્યારે શું ફાયદો થાય? એ સર્વે શેતાનના કામ છે.

દુનિયામાં જેટલા મઝહબ છે, તે સર્વેમાં ખોટું બોલવું, બદ-નજર કરવી, પરાયો માલ ખાઇ જવો, ઝના કરવી વિગેરે ગુન્હાના કામ કરવાની મનાઈ કરેલ છે. કોઈ પણ મઝહબવાળો એવા કામને ખરાબ કહેશે.

તમે ઈબાદત કરો, દિલને મજબુત કરો, ઇમાન કાયમ અને મુસ્તકીમ રાખો અને શેતાનની બાજી નહિ ખાઓ. તમારા મનને સારા કામ કરવાની આદત આપશો અને સારા કામની હિંમત રાખશો તો તમે મોટા ગુન્હા કરી શકશો નહિ. જે વખતે તમને બદખ્યાલ આવે કે તરત તેને દુર કરો; આદતથી મનના ખ્યાલ સારા થશે. તમારાં ખ્યાલને કબજામાં રાખશો તો, બદખ્યાલ તમારી પાસે નહિ આવશે. કદાપી આવે તો પણ તે બદખ્યાલને તમે હઠાડી શકશો. પહેલાં નાની નાની બાબતમાં મનને વશ કરશો તો પછી, આદત પડવાથી મોટા કામમા પણ તમારૂં મન પોતેજ તમોને ના પાડશે.

નાફરમાનીના કામથી તમારૂં દિલ પોતે જ પાછું હઠશે. તમારી ઇંદ્રીએને સારા કામ કરવાની આદત પાડો. આ કામ તથા આદત એકદમ નહિ થાય, પણ આદત પાડો. આદતથી ખરાબ વિચારોને અટકાવી શકશો.

હમેશાં રૂહને સારા કામની આદત આપો. સર્વે કામથી આ કામ મોટું છે જે, તમારા મનને ગુન્હાના કામથી રોકો.

પહેલા તો તમારા મનને વારવા માટે મહેનત પડશે પણ પછી ઘણું આસાન થશે. આખરમાં તમારૂં મન એવું થઇ જશે કે ગુન્હાનું કામ બીલકુલ નહિ કરશો. તમે રૂહને સારા કામની આદત પાડો અને ગુન્હાના કામથી વારો.

જુઠું બોલવું નહિ. વેપારમાં તમારા માલની એક રૂપિયાની જણસના સો રૂપિયા પણ લીયો, તે જુઠું બોલવું ન કહેવાય, પણ પોતાની પાસે કોઈ જણસ હોય છતાં, કોઇને કહેવું કે મારી પાસે નથી, એ જુઠું બોલવું કહેવાય. કોઈ ઉપર ખોટું તોહમત ચડાવવું એ ઘણું ખરાબ જુઠાણું છે.

અમે ઉમેદ રાખીએ છીએ કે, તમો પોતપોતામાં કયારે પણ લડાઇ ન થાય. જો કદાપી એમ બની જાય તો તુરત પંજા લઇ લેજો. સાધારણ બાબતમાં કોઇનો પણ હસદ થઈ જાય તો કાઢી નાખજો અને પંજા લેજો અને એક દિલથી ચાલજો. જ્યારે તમો જમાતમાં દુઆ પડો છો તેમાં શાહ દીદારનો પંજો આપો છો, જો તમારા એક બીજાના દિલમાં જુદાઇ હોય અને પંજો આપો તો શું ફાયદો? બાજુમાં દુશ્મન બેઠો હોય તેને પણ તે વખતે પંજો આપવો જોઇએ. માટે અમે તમોને ફરમાવીએ છીએ કે, કોઇથી પણ દુશ્મની નહિ રાખશો. રમતગમતમાં પણ કોઇની દુશ્મની ન કરવી.

બીજાના મઝહબને ખરાબ નહિ કહેશો. કોઇની મશ્કરી કરવી નહિ. પોતપોતાના નફસને બરાબર સંભાળો.

હમામમાં, હોજમાં ઉતરી કોઇએ નહાવું નહિ. જો હમામમાં નહાવા જાઓ તો નિરમલ પાણી લઇ, બહાર નહાવું, હોજમાં નહિ

નહાતા. હોજમાં ઘણા માણસો નહાય છે, તેથી પણ પાણી નજીસ થાય છે. કોઈ બિમાર એ પાણીમાં નહાયો હોય તો તેની બિમારી બીજાને લાગુ પડે છે, માટે પાણીમાં પડીને નહિ નહાજો. ભલે સર્વે નહાવા જાય, પણ પાણી બહાર કાઢીને નહાજો. હોજમાં પગ પણ નહિ નાખતા.

મરકીને વાસ્તે રસી નખાવવાનો તમોને અમે હુકમ કર્યો છે, તેને વાસ્તે એમ નહિ સમજો કે, તમોને દુઃખ થાય તેમાં અમે રાજી છીએ. તમોને દુઃખ થાય તેમાં અમે જરાપણ ખુશી નથી. અમને ગમે તેટલું દુઃખ થાય, પણ તમને જરા પણ દુઃખ થાય એવું અમે ઇચ્છતા નથી. રસી નંખાવાથી તમોને ઘણા ફાયદા છે. તમારૂં શરીર તંદુરસ્ત હશે તો રૂહને પણ ફાયદો પહોંચશે. જો મગજમાં ખલલ થાય છે તો બદન કમતાકાત થઇ જાય છે અને ઈમાન પણ કમજોર બની જાય છે, જેથી મગજમાં જાહેલીના વિચાર આવ્યા કરશે. અમે તમોને ખુલ્લેખુલ્લું કહીએ છીએ કે રસી નંખાવવામાં ફાયદો છે. રસી નંખાવવાથી કાંઇ પણ નુકશાન થશે નહિ અને અમારો રાજીપો થશે. તમોને ઈજા થશે નહિ. ફકત જરા સુઇ જેવો ચટકો લાગશે. જુઓ આગળ મોમન થઈ ગયા છે, તેઓએ તલવારના ઘા સહન કર્યા છે. ઘણી જ મહેનતો અને મુશીબતો ઉપાડેલ છે, છતાં પણ ડર્યા નહિ હતા. તમારા વાસ્તે હાલમાં રસી નંખાવવા માટેનું ફરમાન છે તે તો ઘણું જ સહેલું અને આસાન છે.

જે મોમન સચ્ચાઈથી વરતે છે, તે કોઇથી ડરતો નથી; તેનું દિલ વાઘ ને સિંહ જેવું બની જાય છે. તમે બિમારીથી નહિ ડરતા, પણ ખોટું બોલવું, હરામખોરી કરવી અથવા બીજા જે નાફરમાનીના કામ છે તેનાથી પલેપલ બીવું.

મોમન છે તે તલવાર અથવા કોઇ બીજા હથીયાર તેમ મોતથી પણ ડરતો નથી. મોત તો મોમન વાસ્તે ખુશીનો દિવસ છે, કારણ કે આ શરીરના બંદીખાનામાંથી છુટી જવાનો તે દિવસ છે. મોતથી તે શખસ બીએ છે કે જેનું ઈમાન સાફ નથી. જેણે

ગુન્હા અથવા નાફરમાનીના કામ કર્યા છે, તે શખસ ડરે છે કે, હું મરી જઈશ ત્યારે જહુન્નમમાં જવું પડશે. તેનું ઈમાન બરાબર નથી તથા બદ કામ કીધા છે માટે તે ડરે છે. અગાઉ જે મોમન થઈ ગયા છે તેઓએ તલવારના ઘા સહુન કર્યા છે. તેઓએ પોતાના ઉપર કેટલી મુશીબતો અને મહેનતો ઉપાડેલ છે, પણ તેઓ ડરતા નહિ હતા.

જાહેરીમાં અમે તમારી પાસેથી સીધાવીએ તો પણ અમારો ઈશ્ક તથા મહોબ્બત તમારી સાથેજ છે. તમે જમાતખાનામાં હુમેશાં હાજર થજો. અમે હુમેશાં જમાતખાનામાં હાજર છીએ.

જે કાયદા કાનુન અમોએ તમોને બાંધી આપ્યા છે, તે અમારી યાદગીરીની નીશાની છે, તે પ્રમાણે તમે ચાલશો તો તમોને અઝીમ ફાયદો છે. આ કાયદા કાનુન તે અમારી જબાન તમારી પાસે મુકી જઈએ છીએ તે પ્રમાણે તમે ચાલજો. કાયદા તોડશો તો જાણે કે અમારી જબાન તમોએ કાપી એવું કામ થશે."

## ફરમાન ૧૨૧ મું.

જંગબાર તા. ૧૭–૯–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહુમ્મદ શાહ** હાજર ઇમામે ફરમાવ્યું:

"અલહુમ્દોલિલ્લાહ તમે જમાત અમારા હકીકી, ભલા ફરઝંદો છો. જાહેરી ઓલાદ કરતાં તમે અમને વધારે વહાલા છો. તમે મુરશિદના હકીકી મોમન છો. તમે ચોકસી કરો અને દિન પ્રતિ દિન વધારે ભલા થતા જાઓ.

જે કાયદા કાનુન અમોએ કરી આપ્યા છે તેમાં હજારો ફાયદા છે. વેપાર સબંધી તકરારો પણ જો તમે અહીંયા ઉકલાવશો તો, બન્ને જહાનમાં ફાયદો થશે. સરકાર દરબારમાં ફરિયાદ કરવા જવું પડશે નહિ. સરકારમાં જવાથી ઘણું ખરચ થાય છે અને કાઉન્સીલમાં ખરચ થતો નથી. તમારામાં કોઈ બાબતની તકરાર થાય તો, તે તકરારનો કેસ કાઉન્સીલમાં લઈ આવશો તો તુરત ખુલાસો થઈ

જશે. ઈન્શાઅલ્લાહ કાઉન્સીલમાં સારો ફેંસલો થશે. કોરટ જેવો ઈન્સાફ કાઉન્સીલમાં થશે અને ઘણો જ ફાયદો થશે. તમે ચોકસી કરો કે, તમારા પોતપોતામાં, જમાતમાં કદીપણ તકરાર ન થાય. તમારો કેસ સરકારમાં લઈ જતા નહિ પણ કાઉન્સીલમાં લઈ આવજો. નાણા બાબત તેમ લેણદેણની બાબતમાં એક જણ કાઉન્સીલમાં કેસ લાવવામાં રાજી ન હોય તો, તે કેસ કાઉન્સીલ ચલાવી શકશે નહિ. બન્ને તરફથી રાજીપો હોય તો કેસ હાથમાં લઈ કાઉન્સીલ કેસ ચલાવશે.

મોટી કાઉન્સીલવાળા કાયદા કાનુનમાંથી એક પણ કાયદો તોડી નાખે, યાને તે પ્રમાણે ન ચાલે તો, તમારામાંથી કોઈ પણ શખસ તેઓ પાસેથી જવાબ લઈ શકે છે. કાયદા કાનુન કાઉન્સીલના માટે એક તલવાર રૂપ છે. અમે કાઉન્સીલના મેમ્બર અને અમલદારોને તલવાર આપેલી છે. તેઓ અમારી તલવાર ચલાવશે તો, દિન પ્રતિ દિન વધારે ફાયદો થશે. જો અમલદારીઓ આ કાયદા પ્રમાણે કામ નહિ ચલાવે, તો જમાત અરજ કરશે કે, અમલદારીઓ કાયદા કાનુન બરાબર ચલાવતા નથી. અમે અમલદારીઓના હકમાં દુઆ કરીએ છીએ કે, તેઓ કાયદા કાનુન બરાબર ચલાવે.

અલહમ્દોલિલ્લાહ તમે મોમન છો. તમોને વાજબ છે કે, કોઈ સાથે દુશ્મની રાખવી નહિ. દુશ્મની એ કોઢનું દરદ છે. પહેલાં તે દરદ થોડું હોય છે, પણ છેવટે આખા શરીરમાં પ્રસરી જાય છે. દુશ્મની એવી જાતનો કોઢ છે કે, પહેલાં થોડી દુશ્મની થાય છે, પછી તે દુશ્મની જમાતમાં આવશે અને આખર દુશ્મનીથી ઇમાન જતું રહેશે.

તમે તમારૂં ઇમાન મનસુર જેવું રાખો. જુઓ મનસુરને શુળી ઉપર ચડાવવામાં આવ્યો તો પણ તેણે પોતાનું ઈમાન મુકયું નહિ. જ્યારે મનસુરને શુળી ઉપર ચડાવવામાં આવ્યો ત્યારે તેના શરીરમાંથી લોહી નીકળ્યું, એ લોહીમાંથી પણ "અનલહક" નો અવાજ નીકળતો હતો. આખરે તેને શળગાવી દેવામાં આવ્યો. આ ઇમાનની નિશાની છે. તમે પણ ઇમાન મજબુત તથા મુસ્તકિમ રાખશો તો મનસુર અને ફિરસ્તા જેવા થશો.

મોમન છે તે ફિરસ્તાથી પણ ઉંચી જગ્યાએ જઇ શકે છે. તમે પણ તેજ રસ્તા ઉપર છો. એખલાસના બારામાં કચાસ છે. તમારામાં એકદિલી નથી. તમો પોતપોતામાં દુશ્મની રાખશો અને દિલમાં જરાપણ ખરાબી હશે તો, જે રસ્તે તમે ચડયા છો તે રસ્તામાં આગળ નહિ વધી શકો.

તમે જ્યારે સવારના નિંદ્રામાંથી ઉઠો ત્યારે, દુઆ માંગો કે અમારૂં ઈમાન સલામત રહે અને નાફરમાનીના કામથી દુર રહીયે અને અમારાથી ફરમાન બરદારીના ભલાં કામ થાય. એવી રીતની દુઆ ગુજારીને તમારા દિલ સાથે પંજો લ્યો. તમારા દિલમાં એખલાસનો વિચાર રહે. દરરોજ સવારમાં ઉઠીને તમારા દિલ સાથે એકરાર કરો કે, આખા દિવસમાં શેતાન કોઈ પણ ખોટો ખ્યાલ મારા દિલમાં લઈ આવશે તો, હું તેની બાજી ખાઇશ નહિ. ઈન્શાઅલ્લાહ એ પ્રમાણે તમે કરશો તો, તમોને અભ્યાસ થઈ જશે અને કોઇ પણ વખત શેતાનની બાજી ખાશો નહિ. જ્યારે તમોને એવી આદત પડી જશે ત્યારે ગુન્હાના કામ તમોને એકદમ ખરાબ લાગશે.

હમણાં શેતાનની બાજી ખાવી તમોને ઘણી આસાન લાગે છે, પણ સારા કામની તથા સારા વિચારોની કવાયતથી શેતાનની બાજી તથા દુષ્ટ ખ્યાલ તમોને ઘણા ખરાબ અને કંટાળા રૂપ લાગશે. જેમ કોઇ માણસ માસનો અહાર કરે છે, તેને ચોખા ખાવાની આદત આપો તો તે ચોખા ખાશે વળી ચોખા ખાવાની આદત છોડી આપશે અને માસનો અહાર કરશે તો ફરીથી માસ ખાવાની આદત પડશે. મકસદ એ છે કે તમોને ગુન્હાની આદત થઇ ગઇ છે, તેને આસ્તે આસ્તે છોડવી જાઈએ. તો આખર તેમાં તમો ફતેહ પામશો અને કયારે પણ ગુન્હા કરવાનો ખ્યાલ નહિ આવે. શેતાનની બાજી ખાવાની આદત પડશે તો તેવી આદત થશે.

તમે એવી આદત પાડો કે સાફ તથા પાક રહો. ગુન્હાના તથા નાફરમાનીના કામ છે તેનાથી દુર રહેવું. આમ કરશો તો, હમેશાં તમારી આદત સુધરી જશે. પછી ઇબાદતના કામ ઘણા

સહેલાં લાગશે. એક વખત પણ બદ નજર, હરામખોરી અને ચોરી, તમારાથી થઈ જશે તો, પછી તેવા કામની આદત થવા લાગશે અને આખરે કોઈ જાતનું બદકામ કરવું મુશ્કેલ નહિ લાગે. ખરાબ કામો તેને માતાના દુધ જેવા લાગશે. તેથી ઉલટી સારી આદત બાંધવાથી ગુન્હાના કામ નહિ થાય. તેને ગુન્હાના કામ પહાડ જેવાં મુશ્કેલ લાગશે. જ્યારે આમ થશે ત્યારે ઈબાદત ઘણી આસાન લાગશે.

અમોએ તમોને ઈબાદત આપી છે તે ઘણી જ આસાન છે; અગર જમાતખાનું નજદીક ન હોય તો, દુઆ ઈબાદત ઘરે કરજો. દરિયામાં અથવા મુસાફરીમાં હો અથવા માથા ઉપર બોજો હોય તો પણ દુઆ ઈબાદત થઇ શકે છે. નાનપણથી જ ઈબાદતની આદત રાખો. ઈબાદત ઉપર હુશીયાર રહેજો. દુઆનો વખત કયારે પણ નહિ છોડશો. તમે દરીયામાં હો સફરમાં હો ત્યારે પણ ઈબાદતનું કામ નહિ વિસારતા. જીવ જતાં સુધી દુઆનો વખત નહિ ચુકતા.

તમે અમારી ઓલાદ છો. તેઓ ફિરસ્તા જેવા થશે તે કરતાં પણ વધારે ઉંચે જશે. ખાનાવાદાન."

## ફરમાન ૧૨૨ મું.

જંગબાર તા. ૧૮–૯–૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમો ઘણા દિલગીર છીએ જે, તમારા પાસે પાસેથી જલદી જઇએ છીએ. અમારા દિલમા તમારી મહોબત ઘણી છે. તમારી મહોબત અમારા દિલમાંથી જતી નથી. અમારૂં દિલ ચાહે છે કે, અમો હમેશાં તમારી પાસે રહીએ. જાહેરીની જુદાઇ ઘણી સખત છે, પણ અલહમ્દોલિલ્લાહ, બાતુનમાં અમે અને તમે જુદા નથી. બાતુનમાં અમે હમેશાં તમારી પાસે છીએ. અમે અને તમે એક છીએ. હમેશાં અમે અને તમે જુદા નથી.

તમે હુમેશાં એક બીજાથી નેકી કરતા રહેજો. કયારે પણ કોઈની દુશ્મની નહિ કરજો. કોઇની પણ ખરાબી નહિ કરજો. જેઓ આપણા દીનમાંથી નીકળી ગયા છે, તેઓની પણ દુશ્મની નહિ કરજો. તમે પોતે પોતાને સંભાળજો અને પોતાના ઇસમાઈલી દીન ભાઇઓને કાળજીથી સંભાળતા રહેજો.

જો તમે અમારા આપેલા કાયદા કાનુન પ્રમાણે ચાલશો તો ફિતના ફિસાદ થશે નહિ. ખુદા ન કરે, જો તમો કાયદા કાનુન ઉપર નહિ ચાલશો તો, જેમ પંજેભાઇઓ અને જમાતના વચમાં અગાઉ કજીયા ફિસાદ થતા હતા તે પ્રમાણે કજીયા ફિસાદ થશે.

અમે ઉમેદ રાખીએ છીએ કે, તમે બધા યકીન સાથે કાયદા કાનુન સર ચાલશો. તમે ઈમાનમાં હુમેશાં મજબુત રહેજો. હુમેશાં જમાતખાનામાં આવજો. અગર જાહેરીમાં અમે તમારી પાસેથી સિધાવી જઇએ, તો પણ, બાતુનમા અમે દમો દમ તમારી પાસે જ છીએ. જો તમારૂં ઇમાન સત્ય હશે, તો અમે તમારી નજદીક છીએ.

તમે અમારો ઇશ્ક રાખો છો અને અમે તમારો ઇશ્ક રાખીએ છીએ ત્યારે હવે તમારામાં અને અમારામા કાંઈ જુદાઇ નથી.

કોઇના ફરઝંદ બહારગામ મુસાફરીમાં જાય છે, તેઓ ગમે તેટલી લાંબી મુસાફરીએ જાય, તો પણ, માબાપના ફરઝંદ છે. છેટે જવાથી માવીતર તથા ફરઝંદની મહોબત ઓછી થતી નથી. ફરઝંદ દુર હોય અથવા નજદીક હોય, પણ માવીતરને તો એવીજ મહોબત રહે છે. આ પ્રમાણે તમે અમારી પાસે જ છો અને અમે તમારી પાસે છીએ. તમારો અને અમારો સંબંધ પીર મુરશીદનો છે. તમે અમારા ફરઝંદ કરતાં પણ અમને વધારે નજદીક છો. તમે અમારી જાન કરતાં પણ નજદીક છો. તમે અમારા હકીકી મોમન છો. ખાનાવાદાન.”

## ફરમાન ૧૨૩ મું.

નેરોબી તા. ૩-૧૦-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે ઘણા દુર મુલકથી આવી અહીં વસો છો. તમે તમારા મુલકથી ઘણે છેટેથી આવ્યા છો તે ઉપરથી જણાય છે કે તમે અકલવાળા છો.

તમે જ્યારે હેવાન જેવા નથી, પણ ઈન્સાન જેવા છો તો લાજમ છે કે, તમારે શેતાનની બાજી ખાવી નહિ. અગર શેતાનની બાજી ખાશો તો, તમે ઇન્સાન નથી પણ આ મુલકનાં હેવાન જેવા છો એમ સમજવું.

ઇન્સાન હશે તે કદી પણ શેતાનની બાજી ખાનાર નથી અને દિન ઉપર દિલ મજબુત રાખશે; તે પહેલાં પોતાનું ઈમાન સાફ રાખશે અને હમેશાં જમાતખાનામાં હાજર થશે.

જો જમાતમાં મુખી કામડીઆ હાજર ન હોય તો, જમાત સરદાર વગરના લશ્કરની માફક છે. લશ્કરમાં સરદારની ખાસ જરૂર હોય છે. મુખી કામડીઆ જમાતના સરદાર છે. નાની મોટી સર્વે જમાતમાં મુખી કામડીઆ હોવા જ જોઇએ. તેઓની ખાસ જરૂર છે.

તમારા ઉપર ફરજ છે કે, તમે હમેશાં જમાતખાનામાં આવો અને ઇબાદત બંદગીમાં મશગુલ રહો."

## ફરમાન ૧૨૪ મું.

નૈરોબી તા. ૪-૧૦-૧૯૦૫

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે માછલીની માફક છો. જેમ એક માછલી ખારા દરિયામાંથી નીકળીને ઘણે દુર મીઠા પાણીની નાની નદીમાં જઈ પડે છે, તે પ્રમાણે તમે પણ હિંદુસ્તાનના દુર મુલકમાંથી, અમારી મોટી જમાત મુકીને, કયાં કયાં દુર પહોંચ્યા છો.

જો નદીનું મીઠું પાણી આબાદ હોય તો, મોટા દરિયામાંથી ત્યાં આવેલી માછલી પણ આબાદ રહે છે એટલે જીવતી રહે છે, પણ જો નદીનું પાણી સુકાઈ જાય તો, દરિયામાંથી છુટી પડેલી માછલી મરી જાય છે.

હવે નદીની માએના શું છે? અને મીઠા પાણીનો શું અર્થ છે? તમે બરાબર સમજો અને યાદ રાખો કે,

(૧) મીઠા પાણીની નદી તે જમાતખાનું છે.

(૨) હમેશાં વખતસર જમાતખાનામાં આવીને દુઆ પડવી.

(૩) એક બીજામાં એકદિલી તથા મહોબતથી ચાલવું.

(૪) તમારા દિલમાં દીનભાઇઓ તરફ અથવા બીજા કોઈ તરફ કિન્નો, દુશ્મની અથવા હસદ જરાપણ ન રાખવી.

(૫) દશોંદ માલેવાજબાત સરકારમાં દઈને ખાવું.

(૬) જમાતના મુખી કામડીઆ હોય, તેમણે જમાતને બરાબર સંભાળવી અને જમાતે તેઓના હુકમમાં બરાબર રહેવું.

(૭) નાની જમાતે મોટી જમાતને તાબે રહેવું.

આ સાત બાબતો જે તમોને સમજાવવામા આવી છે, તે કોઇ દિવસ ભુલી જશો નહિ. અગર તમે ભુલી જશો તો તમારૂં ઈમાન જતું રહેશે અને તમે જનાવર જેવા થઇ જશો. તમારા દિલમાં કોઈના માટે બિલકુલ હસદ રાખશો નહિ.

અમે સાંભળીને ઘણા ખુશી થયા છીએ કે, ગઇ કાલે સાંજના જમાતખાનામાં તમોએ એકબીજામાં પંજા લીધા હતા. પંજાની મકસદ એ છે કે, તમારા દિલમાં કોઇના પણ માટે મેલ રહેવો ન જોઇએ. જેટલો મેલ હોય તેટલો કાઢીને દુર ફેંકી આપો.

કોઇના માટે તમારા દિલમાં હસદ નહિ લાવવો જોઈએ. હસદ કરનારને એક જાતની બિમારી લાગું પડે છે. રગતપિતની બિમારી જ્યારે માણસના શરીરને લાગુ પડે છે તો તે બિમારી શરીરની બહાર દેખાય છે, પણ હસદ રાખનાર માણસને તેના દિલમાં તેના રૂહને તે બિમારી લાગુ પડે છે.

દીનના ભાઇ છે તે એકબીજાના સગા ભાઈ છે, તેથી તમે મોમીનો એકબીજાના ભાઇઓ છો તો અંદરો અંદર એકબીજામાં કોઇના માટે તમારા દિલમાં હસદ રાખવી નહિ. પણ જ્યારે દિલમાં તમે હસદ રાખો છો, ત્યારે તમારા રૂહને કોઢની બિમારી લાગુ પડે છે અને તે સબબથી આસ્તે આસ્તે, તમારૂં ઇમાન જતું રહેશે અને જમાતખાનામાં ફિતનો દાખલ થશે. આવી રીતે હળવે હળવે તમે ઘણા ખરાબ દરજ્જે પહોંચશો. માટે, તમારા દિલમાં કયારે પણ હુસદને જગ્યા આપશો નહિ.

જે સાત કલમો અમે હમણાં તમોને કહી સંભળાવી છે, તેનો બરાબર અમલ કરજો અને તેને તમારા માથા ઉપર ચડાવજો, તેના ઉપર બરાબર મુસ્તકિમ રહેજો, એ કલમને કયારે પણ ભુલી જશો નહિ.

કોઇ મુલકમાં મુરીદનું એકજ ઘર હોય, ત્યાં પણ જમાત-ખાના માટે એક કોટડી અથવા એક નાનું ઘર જરૂર જુદું રાખવું અને તેને જમાતખાનું બનાવવું. તેમાં હમેશાં દુઆ ઇબાદત બંદગી કરવી.

જાહેરીમાં માણસનું બદન નાપાક થાય છે, પણ રૂહ નાપાક થતો નથી. રૂહતો હમેશાં પાકજ છે, માટે વખતસર દુઆ ઇબાદત બંદગી કરવા ચુકવું નહિ.

કોઈ એક ગામમાં ઇસમાઇલીનું એકજ ઘર હોય તો તેમાં મરદ મુખીની ફરજ બજાવે અને દશોંદ એકઠી કરે. પોતાની ઓરત તથા બાલબચ્ચાંને દુઆ પડાવે; આવા ગામમાં મુખી તથા કામડીઓ તે છે. અગર બે ઘર હોય તો પણ મુખી કામડીઆ હોવા જોઈએ. એક ઘરનો મરદ માણસ મુખી થાય અને બીજા ઘરનો મરદ માણસ કામડીઓ થાય અને અકબીજા સાથે એકદિલી અને મહોબતથી ચાલે.

તમોને જે સાત બાબતો ઉપર ચાલવાને ફરમાવ્યું છે, તે પ્રમાણે નહિ ચાલશો તો, નદીનું પાણી સુકાઇ જશે અને પાણી વગરની માછલીના જેવા તમારા હાલ થશે; માટે તમારે પોતાને ડરીને ચાલવું જોઇએ કે જેથી એવા હાલ ન થાય.

મુખી કામડીઆ વગર જમાત ચાલી શકતી નથી, તે બે અમલદારી હમેશા જમાતની ખિદમત કરી શકે છે. તેઓ અમારા તરફથી નિમાએલા છે.

જમાતખાનામાં જ્યાં અમારૂં તખત છે, ત્યાં જમાત સિજદો કરે છે, દુઆ પડે છે, પંજા લે છે તથા બીજા પણ સવાબના કામ કરેછે. લોકો લાકડાના તખતને કે રૂની ગાદીને સિજદો કરતા નથી, પણ એવું સમજીને સિજદો કરે છે કે, મુર્તઝાઅલીની પેઢી કાયમ ચાલી આવે છે, તેજ પેઢીના હાલના ચાલુ હાઝર ઈમામને તેઓ નમે છે અને હમણાના હાઝર ઈમામનું નામ લઈ તેઓ સિજદો કરે છે. અગાઉ થઇ ગએલી સર્વે પેઢીનું નુર હાલની અડતાલીશમી પેઢીમાં સમાએલું છે. આવી મર્તબાવાળી જગ્યાએ મુખી કામડીઆ બેસે છે.

તમે સર્વે સમજો છો કે, કમિશનર એક નોકર છે, પણ પોતાની સરકાર બાદશાહ તરફથી હુકમ ચલાવે છે. આ એક દુનિયાની મિસાલ છે. દીન વિષે પણ એમજ સમજવું. જમાતમાં જે મુખી કામડીઆ બેસે છે, તેઓ અમારા તરફથી જમાતમાં કામ ચલાવવા-વાળા છે. તેઓ જમાતની ખિદમત કરનારા છે. મુખી કામડીઆ વગર એક દિવસ પણ જમાત રહેવી ન જોઇએ; એમાં તમારા માટે ઘણું સારૂં છે.

દરેક જમાતે પોતપોતાના બાંધેલા કાયદા પ્રમાણે અમલ કરવો. પૈસાને અમે મોટી વાત સમજતા નથી. અમે કદી પણ પૈસા સામે જોતા નથી, કારણ કે અમે પૈસાને કાંઇ પણ ચીજ સમજતા નથી.

મુરશીદના ફરમાનને જેઓ માન આપે છે, તેઓ મોટા છે અને દીનનો ખરેખર અર્થ પણ એજ છે.

હાલમાં તમારા માટે દુઆ ઈબાદત ઘણીજ સહેલી કરી આપવામાં આવી છે. જમાતખાનું નજીક હોય અને તમે આવી શકો તેમ હો તો, જરૂર જમાતખાને આવો. અગર જમાતખાનું દુર પડતું હોય તો રસ્તે ચાલતાં પણ તમે દુઆ પડી શકે છો. રેલગાડીમાં મુસાફરી કરતા હો ત્યારે, રેલના ડબામાં પણ તમે દુઆ પડી શકો

છો. બહાર અથવા વાડીમાં હો તો ત્યાં પણ દુઆનો વખત ગુજારી શકો છો. દુઆ પડતા ન આવડતી હોય તો પીરશાહના નામની બાર તસબીહ કાઢી સિજદો આપવો, તેથી પણ દુઆ કબુલ થાય છે, પણ દુઆ વખતસર ગુજારવી એ ફરજ છે. જમાતખાનું નજીક હોય તો દુઆના ટાઈમે જરૂર જમાતખાને હાજર થવું જોઇએ. જો તમે દુઆની ફરજ અદા નહિ કરશો તો તમારા ઉપર કરજ રહેશે. આ ફરજ અદા કરવામાં સુસ્તી રાખવી એ દીલની સુસ્તી છે. આ સુસ્તી કરવામાં તમોને નુકસાન છે. એ નુકસાન એ છે કે, દુઆ પડવાની સુસ્તી રાખવાથી તમારૂં ઈમાન જતું રહેશે.

તમે સારા કામ કરવા માટે આસ્તે આસ્તે આદત કરો. જ્યારે તમારી આદત બંધાઈ જશે ત્યારે દિનપ્રતિદિન તમારાથી સારાજ કામ થશે. હમણા તમોને હરામખોરી કરવાની, બદનજર કરવાની, જુઠું બોલવાની વિગેરે ખરાબ આદતો પડી ગઈ છે, જેથી એવા કામ કરવા વગર તમોને ચાલતું નથી; પણ જ્યારે એવા દુષ્ટ કામ નહિ કરવાની આદત પડશે ત્યારે એવાં કામ તમારાથી કદી નહિ થાય. હમેશાં સારાજ કામ થશે. તમારા દિલમાં ચોકસી રાખો તો સારા કામ કરવાની તમોને આદત પડે.

એક મોમન માણસ હોય તે એવો ખ્યાલ કરે કે, હું આજે જમાતખાનામાં નહિ જઈશ તેના બદલે કાલે જઈશ. વળી કાલ થાય ત્યારે એવો ખ્યાલ કરે કે, હવે આજ તો નહિ કાલે જઈશ. આ પ્રમાણે તે સુસ્તી કરશે તો સુસ્તી કરવાની તેને આદત થઈ જશે. અને આસ્તે આસ્તે તેનું ઇમાન ઓછું થઇ જશે. એમ કરતાં કરતાં આખરે તેનું સઘળું ઈમાન જતું રહેશે.

આવી સુસ્તી મોમનને થઇ તેનું કારણ શું? કારણ એ છે કે શેતાન તેની પુઠે લાગેલો હોય છે તે તેને સુસ્તી કરાવે છે અને કાંઈ પણ સારૂં કામ કરવા આપતો નથી. જ્યારે શેતાન પુઠે પડે ત્યારે તુરત તેને દુરથી કાઢી મુકે, સુસ્તી ન કરે, હિંમત કરે તો તેનાથી હમેશાં સારા કામ થશે. હવે પછી તમારાં દીલ ખુબ સાફ રાખજો.

મુખી કામડીઆ ગરીબ હોય, યા ફકીર હોય, યા પૈસાવાળા હોય, યા બાદશાહ જેવા હોય, તો પણ દીનની રસમ એ છે જે, તેઓ અમારી જગ્યા ઉપર બેસવાવાળા છે. ગરીબ હોય અગર ફકીર હોય, પણ જમાતની અને સરકારની જે બરાબર ખિદમત કરતો હોય તો તે અમારા મનથી મોટો છે; તે અમારો અજીઝ છે.

કદાચ મુખી કામડીઆની કસુર થાય, તો પણ તેમને કાઢી મુકવાની જમાતને સતા નથી. જો જમાતને તેઓની કસુર દેખાય તો, તે બાબતનો રિપોર્ટ કરવો પણ તેમને કાઢી શકાય નહિ.

મોમનને વાજબ નથી કે, તે પોતાની નિગાહમાં આવે તેમ કરે, તેઓએ કદીપણ એમ નહિ કરવું. જમાતના કાયદા પ્રમાણે ચાલવાની સર્વેની ફરજ છે. કાયદા મુજબ ચાલવામાં કદાપી પોતાની જાન દેવી પડે, તો પણ ભલે, પણ કાયદાનો ભંગ કદીપણ કરવો નહિ. તમે પણ તમારો જાન આપજો. પણ આ કાયદા ટુટે નહિ તેમ કરજો.

અમે તમારી પાસે આજે હાજર છીએ અને જેમ હમણા અમોને અહીંયા જોઇને તમો ઇબાદત બંદગી કરો છો, તેમ હમેશાં અમને જોઈને સાંજ સવારે સિજદો કરજો. અમે હમેશાં તમારી પાસે છીએ. અમે ચાહીએ છીએ કે તમારો સિજદો કબુલ થાય.

અમે વિલાયત, મુંબઈ અથવા કોઇ જંગલમાં પણ હોઈએ ત્યાં અમારી એ આદત છે કે, દુઆના વખતે તમો બધી જમાતોને દરરોજ યાદ કરીએ છીએ અને તમારા હકમાં દુઆ કરીએ છીએ કે, તમારૂં ઈમાન સલામત રહે. તમારી બંદગી કબુલ થાય અને તમારા માલ તથા ઔલાદમાં બરકત થાય. અમે સડક પર થઈને ચાલીએ છીએ ત્યારે પણ તમને યાદ કરીએ છીએ. ફકત તમારી એક જ જમાતને નહિ, પણ દુનિયાની સઘળી જમાતોને યાદ કરીને અમે દુઆ ફરમાવીએ છીએ.

તમારે પોતપોતામાં અદેખાઇ કરવી નહિ જોઇએ અને એક બીજાના દિલમાંથી કિન્નો કાઢી નાખવો. કિન્નો રાખવો તે મોમનનું

કામ નથી. વેપારમાં પોતપોતામા હરિફાઇ કરી ઓછે ભાવે માલ વેચી નાખો છો તેથી શું ફાયદો? તમારે બીજી કોમોમાંથી ફાયદો મેળવવો જોઇએ.

જુઓ! વાઘ છે તે પણ પોતાના બચ્ચાંને ખાઇ જતો નથી, તે પણ જંગલમાં બીજા જાનવરોને પકડીને તેમનો ભક્ષ કરે છે.

તમે અમારા મુરીદ વાઘ જેવા છો, માટે પોતપોતામાં અદેખાઇ કરી ઓછે ભાવે માલ વેચીને નુકસાન ઉપાડવો ન જોઇએ.

મોમન થઇને દગલબાજી કરે તો તેનું ઇમાન કેવી રીતે મજબુત રહી શકે?

એક વખત એક શખસ પયગમ્બર સાહેબ પાસે પોતાનો ઇન્સાફ મેળવવા ગયો હતો. પયગમ્બર સાહેબે ફરમાવ્યું કે જો તું એક કામ કરે તો તારાથી કયારે પણ ગુન્હા થઈ શકશે નહિ. તે શખસે અરજ કરી કે, એવું કયું કામ છે જે ન કરવાથી કોઈ ગુન્હા થઈ શકે નહિ. ત્યારે પયગમ્બર સાહેબે જવાબ આપ્યો કે તારે કદી પણ જુઠું બોલવુ નહિ. તે શખસ ઘેર ગયો અને પોતાના દિલ સાથે ચોકસી કરી કે, હવેથી મારે જુઠું બોલવુંજ નહિ. પછી તે માણસે વિચાર કર્યો કે, મારે હવેથી જુઠું તો બોલવું નથી. હવે જો હું ગુન્હા કરીશ તો મારે સાચું બોલવુંજ જોઇશે. જેથી મને મોટી શરમ લાગશે. આવો વિચાર કરીને તેણે સર્વે જાતના ગુન્હાના કામ છોડી આપ્યા અને સારાં કામ કરવા લાગ્યો. આ પ્રમાણે તમે પણ જુઠું બોલવાની આદત છોડી આપશો તો તમારાથી એક પણ ગુન્હાનું કામ નહિ થાય.

હરામખોરી, દુશ્મની, દગલબાજી વિગેરે જે જે ગુન્હાના કામ છે, તે જુઠું બોલ્યા વગર થતાં નથી; માટે પહેલાં તો જુઠું ન બોલવું એવી આદત પાડશો અને સાચે રસ્તે ચાલશો તો હમેશાં તમારાથી સારાજ કામ થશે.

જે મોમન પોતાની દિકરીને પૈસા લઇને પરણાવે છે, અથવા તો સામ સામા સગપણ કરે છે, તે કદી પણ જન્નતમાં જનાર નથી

અને તે મોટો ગુન્હેગાર છે. મોમનના બચ્ચાં કાંઈ ગુલામ નથી. ગુલામ હોય તેને પણ વેચવામાં ગુન્હા છે. ત્યારે મોમનના બચ્ચાં, જે વાસ્તવીક રીતે અમારાજ બચ્ચાં છે, તે અમારા બચ્ચાં, અમારી ઔલાદને વેચવા માટે તમારા ઘરે અવતાર આપ્યો નથી. દિકરા દિકરી પરણાવવા તે લગ્ન છે, કાંઇ વેપાર નથી. શાદીમાં વેપાર ન હોય, શાદી એ વેપાર અથવા જુગાર નથી.

એક વખત લગ્ન થઇ ગયું હોય ત્યાર બાદ કેટલાક વખત પછી સામા તરફ સગપણ કરવામાં આવે તો કાંઈ હરકત નથી; પણ સામસામું સાટું કરીને દિકરી લેવી તથા દેવી એ મોટું ગુન્હાનું કામ છે. ખાનાવાદાન."

## ફરમાન ૧૨૫ મું.

નૈરોબી તા. ૬-૧૦-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"ઇન્સાન જ્યાં સુધી આ દુનિયામાં છે, ત્યાં સુધી તે સ્કુલમાં શિખનાર વિદ્યાર્થી માફક છે. સ્કુલમાં શિખતા છોકરા હમેશાં પોતાનો અભ્યાસ ચાલુ રાખે છે અને સ્કુલમાં જે શિખવવામાં આવે છે તેનું શિક્ષણ લ્યે છે; તેમજ ઇન્સાન આ દુનિયામાં જીવે ત્યાં સુધી શિખતાં શિખતાં હોશિયાર, અક્કલવાન, ઇલમી તથા હિંમતવાન થાય છે.

જે છોકરો નાનપણથી સુસ્તી કરીને પોતાનો પાઠ બરોબર યાદ કરતો નથી, તે પરિક્ષામાં પાસ થતો નથી અને ગધેડા મિસાલ રહી જાય છે.

ઇન્સાન હમેશાં શિક્ષણ લેતો રહે તો, ગુજરી ગયા બાદ આખરતની પરિક્ષામા પાસ થાય.

દુનિયામાં કયા કયા પાઠ શિખવા જોઇએ? પહેલો પાઠ તો પાકાઇનો પાઠ છે; એટલે સર્વે બાબતોમાં પાક અને સાફ થવું. જો

આ પાકાઇનો પાઠ દુનિયામાં બરાબર શિખ્યા હશો, તો ઈન્શા અલ્લાહ મરણ બાદ જ્યારે તમારી પરિક્ષા લેવામાં આવશે ત્યારે પાસ થશો.

મરી ગયા બાદ આખરતની પરીક્ષા પાસ કરવા માટે ચાર પાઠ કરવાની જરૂર છે. આ ચાર પાઠ આ પ્રમાણેના છે.

(૧) તમારૂં ઈમાન પાક જોઇએ.
(૨) તમારા આમાલ પાક જોઇએ.
(૩) તમારી આંખ પાક જોઇએ.
(૪) તમારા હાથ પાક જોઇએ.

(૧) હવે ઈમાન એવી રીતે પાક હોવું જોઇએ કે, તમારો રૂહ અક્કલ અને ઇશ્ક વડે પાક હોય, ત્યારે તમારૂં ઈમાન પાક થયું કહેવાય. જો ઈમાન પાક થાય તો, પહેલા પાઠમાં તમે પાસ થયા, એમ કહેવાય. ઈમાનનો પાયો ઇશ્ક ઉપર રહેલો છે. જો ઇશ્ક બરાબર હોય તો, ઈમાન રૂહ સાથે એક જ થઈ જાય છે.

(૨) આમાલ પાક તે શું? અને તે કેવી રીતે પાક રહે? આમાલ પાક રહેવા માટે હમેશાં યાદગીરી રાખવી જોઇએ. આ યાદગીરી રાખવાનું કામ ઘણું કઠણ છે; કારણ કે શેતાન ઈન્સાનને હમેશાં ફરેબ આપે છે. શેતાન રાત દિવસ તમારી પાસે તૈયાર જ બેઠો છે. ફક્ત હકીકતી મોમન જ તેના ફરેબથી બચે છે.

જેમ એક માણસ જ્યારે મુસાફરી કરતો હોય છે અને તેની પાસે માલ હોય છે, ત્યારે તે માલ લુંટાઇ ન જાય માટે, તે મુસાફરને ઉંઘ પણ આવતી નથી; કારણ તે સમજે છે કે જો હું ઉંઘી જઈશ તો ચોર આવીને મારો માલ લુંટી લેશે. એટલું જ નહિ પણ કદાચ મને મારી પણ નાખશે આવી રીતે હકીકતી મોમન રાત અને દિવસ એવો ખ્યાલ રાખે છે કે મારા આમાલ પાક રહે તો સારૂં અને મને શેતાન બાજી ન આપે તો સારૂં. આવી રીતે હકીકતી મોમન શેતાનથી ડરતો રહે છે, શેતાનને પોતાનો દુશ્મન સમજે છે

(૩-૪) તમારી આંખો, હાથ અને જબાન પણ હમેશાં પાક

રહેવા જોઇએ. જે ઇન્સાનની આંખ પાક નહિ હોય તેને મોટા ગુન્હા છે. આંખો પાક રાખવાનું કામ બહુજ મુશ્કેલ છે. પરાઈ ઓરત અથવા પરાયા માલ ઉપર બદનજર કરશો તો તેમાં તમોને ગુન્હા છે. પરાયા અથવા પરાઈ ઓરત માટે તમારા દિલમાં જો જરા પણ બદ ખ્યાલ આવશે તો પણ તમારા હકમાં ઘણું નુકસાન છે. એ કામમા ઈન્સાનનું માંસ ખાવા જેટલો ઝબુન ગુન્હા થાય છે. જેઓની આંખો પાક છે, તેઓને માટે આસાન છે. તેઓથી કંઇ પણ ગુન્હા નહિ થઈ શકે.

જે માણસની જબાન, હાથ તથા પગ પાક નથી, તેને માટે ઘણું મુશ્કીલ છે. જબાન પાક રાખવાની મતલબ એ છે કે, કોઈ પણ વખત કોઇ મોમન કે બીજાની ગીબત અથવા બદગોઈ કરવી નહિ. આવી રીતે તમારી જબાન પાક રાખો. કદાચ કોઈ મોમનમાં કોઇ જાતનો એબ માલમ પડે તો, તેનો ઇન્સાફ કરીને તમારી જબાનથી તેનો એબ ખોલવો નહિ. કોઈ પણ માણસ અથવા મોમનનો ઇન્સાફ કરવો એ તમારૂં કામ નથી.

ખુદાવંદતઆલા પણ માણસોના એબ ઉપર પડદો ઢાંકે છે, ત્યારે તમારે પણ પોતાની જબાનથી કોઇનો એબ ખુલ્લો કરવો નહિ જોઈએ. આવી રીતે તમારી જબાન પાક રાખો. તમારા હાથને ખરાબ કામ કરવાથી અટકાવો. આવી રીતે તમારે દરેક કામમાં પાક થવું જોઇએ.

પોતાના બચ્ચાંને નાનપણથી સારા કામ કરવાની આદત પાડવી જોઈએ; તે એવી રીતે જે ઘોડેસવાર જ્યારે ઘોડા ઉપર સવાર થાય છે ત્યારે લગામ હાથમાં રાખે છે અને જે બાજુએ ઘોડાને ફેરવવા માંગતો હોય, તે બાજુએ ફેરવે છે. તેવી રીતે ઈન્સાન પોતાના નફ્સનો મુખત્યાર છે. માટે જે રસ્તે તેને લઇ જવા માંગે તે રસ્તે લઈ જઈ શકે છે. નફ્સ માથે તમે સવાર નહિ થશો અને તમારા દિલને ગુન્હાના કામથી નહિ અટકાવો તો, શૈતાન તમારો મુખત્યાર થઈ જશે અને તમારા દિલને પાપના કામ કરવા લલચાવશે. શેતાન તમને ગુલામ બનાવશે. શેતાનને જો તમારા દિલમાં જગ્યા આપશો તો તે

તમારા ઉપર સવાર થશે.

તમારા બચ્ચાંને નાનપણથી એવી આદત પાડો કે તેઓ શેતાનને તાબે ન થાય અને ખરાબ કામ કરતાં અટકે. જે માણસના કર્તવ્ય દુષ્ટ હોય, તેનાથી તમે દુર રહેજો. જેમ એક મુસાફર માલ સાથે મુસાફરી કરતો હોય, તે ચોરથી ડરે છે અને ચેતીને ચાલે છે, તેમ તમે પણ શેતાનથી ડરીને દુર રહેજો.

ઇન્સાનના બદનમાં રૂહ છે. તેને જેવી આદત આપશો તેવી પડશે. જેમ માણસ બદનની કસરત કરે છે, ત્યારે કસરતબાજ કહેવાય છે. તે કસરતબાજ થવા સારૂ નાનપણથી પોતાના શરીરને ઘણી ઘણી રીતે દુઃખ આપે છે અને એવી રીતે આસ્તે આસ્તે કસરત કરવાની આદત પાડે છે. પોતાના શરીરને જુદી જુદી રીતે વાળવાની ટેવ પાડવા સારૂ તે દુઃખ સહન કરે છે; જ્યારે તેને બરાબર આદત પડી જાય છે ત્યારે ઘણી સહેલાઈથી કસરત કરી શકે છે. આખરે તેનામાં એટલી બધી કુવ્વત આવે છે કે રૂપિયાના સિક્કાને હાથથી ટુકડે ટુકડા કરી શકે છે.

તમારા રૂહ વિષે પણ એમજ છે. તમારા રૂહને પણ એવી આદત આપો કે તે હમેશાં ખુબીના સારા કામો કરે. જ્યારે રૂહને સવાબના કામો કરવાની આદત થશે ત્યારે તમારો રૂહ પહેલવાન મિસાલ થઇ જશે અને ફિરસ્તા જેવો બની જશે બલકે ફિરસ્તાથી પણ ઉંચી હાલતે પહોંચશે અને તે પછી તમે પોતે મોજીજા કરી શકશો.

અમો તમોને દુઆ કરીએ છીએ. તમે તમારા રૂહને એવી કસરત આપો કે તે મોજીજા કરી શકે અને તમે પોતાની અસલ જાતને ઓળખી શકો. તમારા રૂહને સારા કામ કરવાની આદત પાડો. તમે રૂહને જેવી આદત આપશો, તેવી આદત તે પકડી લેશે. તમારા રૂહને પાક કામ કરવાની આદત આપશો તો આસ્તે આસ્તે તમારા બદનમાંથી હેવાનગતી યાને જાનવરપણું નિકળી જશે અને આખરે મરણ અગાઉ તમારો રૂહ ફિરસ્તા જેવો થઈ જશે.

જો તમારી આદત દગલબાજી અને ખરાબ કામ કરવાની હશે તો તમારામાં અને જાનવરમાં શું ફરક છે? જો એવા ખરાબ કામ કરવાની તમારી આદત થશે તો તમારૂં દિલ આસ્તે આસ્તે સિંહ વિગેરે જંગલી જાનવર જેવું થઇ જશે. આનો ખુલાસો એ છે કે, વાઘ તથા બીજા માંસાહારી જાનવરો જેને જુએ છે, તેને પકડીને એકદમ પોતાનો શિકાર કરી લીએ છે અને તેનું લોહી પી જાય છે. અને તેનું માંસ ખાઈ જાય છે.

આ પ્રમાણે જે ઇન્સાનનું દિલ પાક નહિ હોય અને જનાવર જેવું નાપાક હશે તો તે ઇન્સાન પણ વાઘની માફક પરાયો માલ અને પરાઇ ઔરતને વાસ્તે બદ ખ્યાલ કરશે અને ગુન્હાના કામ કરશે. ઇન્સાનની ખરાબ હાલતના સબબથી તેનું દિલ પણ ખરાબ અને હેવાન જેવું થશે, ત્યારે તમો ઇન્સાન અને હેવાન દરમિયાન શું ફરક બાકી રહ્યો?

જે રસ્તેથી ઇન્સાન ફિરસ્તો થઇ શકે છે, તે રસ્તા ઉપર તમે છો, પણ તે રસ્તામાં ઘણી મુશ્કેલી છે, પણ આદત પાડવાથી તે રસ્તો ઘણો આસાન થઇ જાય છે.

તમારે હમેશાં સારા કામ કરવાની અને સાચું બોલવાની આદત પાડવી. દિન પ્રતિ દિન વધારે વધારે સારા અને સાચા થવાની કોશિશ કરવી. જો તમે એવું ઇચ્છતા હો કે અમે હમણાને હમણા સારા બની જઇએ તો તેમ બની શકવાનું નથી, કારણ કે તમને ખરાબ કામ કરવાની આદત પડી ગઈ છે.

કોઇ માણસ પાંચ, દશ કે વીસ વર્ષ સુધી કસરત કરવાની આદત ચાલુ રાખે ત્યારે તેના હાથમાં અને શરીરમાં કુવ્વત આવે છે. તેમજ જ્યારે તમારા આમાલ સારા થશે તથા જ્યારે તમારા હાથ, દિલ અને ઇમાન પાક થશે ત્યારેજ તમે ફિરસ્તા થઇ શકશો.

ઇન્સાન જ્યાં સુધી દુનિયામાં જીવતો છે, ત્યાં સુધી નુરનુ પાણી તેના હાથમાં આવી શકતું નથી; કારણ કે ખુદાનખાસ્ત વીસ, ત્રીસ

અથવા ચાળીસ વર્ષ બાદ તે પાછો મગરૂર બની જાય અને ગુન્હાના નાપાક આમાલ કરે, તો તે શેતાન મિસાલ બની જાય છે.

દાખલા તરીકે જુઓ, અઝાઝીલ પોતાની બંદગીથી સાતમાં આસમાન સુધી પહોંચી ગયો પણ ધર્મના મગજને તે સમજ્યો નહિ. તેણે ખુદાનુ ફરમાન નહિ માન્યું, તેથી શેતાન થઇને જમીન પર પડયો. તમે પણ જ્યાં સુધી દુનિયામાં છો, ત્યાં સુધી કયારે પણ મગરૂર થશો નહિ. જરા પણ નાપાકીના કામ કરશો નહિ.

જેમ ડાકટર બિમાર માણસની નાડ તપાસે છે કે, આ દરદીને તાવ છે કે નહિ? તેજ રીતે તમે પોતેજ ડાકટર થઇને તમારા દિલની નાડ જુઓ. તમે તપાસ કરો કે મેં બે ફરમાનીના કામ કર્યા છે કે કેમ? મારૂં દિલ કોઈ ઉપર હસદ કરે છે કે કેમ? મને ખરાબ શેતાની ખ્યાલ ઉત્પન્ન થાય છે કે કેમ? કોઇની દુશ્મની કરૂં છું કે કેમ? કોઇની સાથે દગલબાજી કરૂં છું કે કેમ? આવી રીતે તમારા દિલને તપાસો. જો તમે એવા કામ કરતા હશો તો તમારો રૂહ જરૂર તમને એ વિષે ખાતરી આપશે.

જો તમારૂં દિલ તમોને ખાત્રી આપે કે, તમે ગીલા ગીબત કરો છો, કોઇ સાથે દગાબાજી કરો છો, જુઠું બોલો છો, તો તમારા દિલને એવા ખરાબ કામ કરવાથી દુર રાખજો, જે શખસ સાથે તમે દગાબાજી કરી હોય, જેની નીંદા કરી હોય, જેને વાસ્તે બુરૂં બોલ્યા હો, તે શખસ પાસે તરત તમે જાઓ. તે શખસ જમાતખાનામાં અથવા બીજે કોઈ ઠેકાણે હોય, ત્યાં જઈને આજીજી તથા ખુલ્લા દિલથી, દગાબાજી, દુશ્મની તથા જે પ્રકારનો તેનો ગુન્હો તમે કર્યો હોય, તે કબુલ કરી તેની પાસે તમે માફી માંગો. સાફ દિલથી માફી માંગીને એક દિલ કરો અને ત્યારપછી તેની સાથે તેવો ગુન્હો કરવો નહિ. આ પ્રમાણે એકબીજા પાસે ગુન્હાની માફી માંગવાની તથા એકદિલી કરવાની તમોને આદત થશે તો, તમોને કોઈપણ બાબતનું નુકસાન થશે નહિ.

જેમ કોઇ એક તરી જાણનાર નદીમાં તરતો જાય છે અને

નદીના મોજા તેને ઘસડીને બીજી તરફ લઇ જાય છે, તેને જે બાજુએ જવાનું છે, તેનાથી ઉલટી દિશામાં પાણીના મોજા તેને લઇ જતા હોય, તો તે થોડે છેટે સુધી પાણીથી ઘસડાઇ જશે, પણ જો તારૂ હોશિંયાર હોય છે, તો આખરે પાર ઉતરી જાય છે.

એજ પ્રમાણે આ દુનિયા દરિયા સમાન છે. જો ઇન્સાનનું ઈમાન તથા ઇશ્ક ખરા હશે, તો પણ જેમ હોશિયાર તરી જાણનારને દરિયાના મોજાની મુશ્કેલી નડે છે, તેમ તેને મુશ્કેલીઓ તો આવશેજ, પરંતુ તે ઉપાયો કરીને સુકી જમીન ઉપર નીકળી જશે.

તમે તમારો સુકો રસ્તો શોધો. તમારે સુકે રસ્તે જવું હોય તો, તમારા રૂહને પાક કરો અને તમારા રૂહને દરરોજ સાચે રસ્તે ચલાવો. આવી રીતે તમને સુકો રસ્તો હાથ લાગશે. તમારો સુકો રસ્તો સાતમા આસમાન ઉપર છે. જ્યારે તમે ત્યાં પહોંચશો ત્યારે સુકી જમીન તમને મળશે અને તમારૂં દિલ પણ તમને ખાત્રી આપશે. ત્યાં જવા માટે આસાન રસ્તો નથી. ઘણો જ મુશ્કીલ રસ્તો છે. ત્યાં પહોંચવા માટે ચાર બાબત પાક હોવી જોઈએ. જો તમારી આ ચાર બાબતો પાક હશે તો, તમે ત્યાં જલદી પહોંચી જશો.

(૧) તમારૂં ઇમાન.
(૨) તમારી આંખ.
(૩) તમારૂં દિલ.
(૪) તમારા આમાલ.

આ ચાર બાબતો પાક રાખવા માટે ઇન્સાનને દુનિયામાં જે રીતે ચાલવાની જરૂર છે, તેની મિસાલ એ છે કે, જેમ વરસાદમાં રસ્તા ઉપર ચાલતી વેળાએ શરીર ભીંજાઇ ન જાય તેને માટે લાંબો કોટ તથા છત્રીથી બચાવ કરો છો, જેથી બિમાર ન પડો અને તમારૂં શરીર સલામત રહે. જો તમે એવો કોટ ન પહેરો અને એવી છત્રી ન ઓઢો તો વરસાદના પાણીથી તમે બિમાર થઈ જાઓ.

તેવીજ રીતે આ દુનિયા રૂપી દરિયામાંથી સાતમાં આસમાનની

સુકી જમીનને પહોંચવા માટે, રસ્તામાં જે સડક છે, તે પર શેતાન ઘણી જાતનાં વરસાદ વરસાવે છે. ફિતના, દુશ્મની, જુઠું બોલવું વિગેરે હજારો જાતના વરસાદ તે રસ્તા ઉપર વરસાવે છે અને મોમનને સુકી જમીન ઉપર ચડવા નથી આપતો. શેતાન પહેલાં એ વિચાર કરે છે કે, આ ઇન્સાનને જે જાતના ગુન્હા કરવાની આદત હોય, તે પ્રમાણે તે રસ્તે તેને ફરેબ આપુ ત્યારે, તે જલદીથી મારા તાબામાં આવી જશે. કોઇ શખસને બદ નજર કરવાની આદત હોય તો, શેતાન તેના ઉપર બદ નજર કરવાનો વરસાદ વરસાવે છે. જેને ફિતના કરવાની આદત હોય, તેને તેવે રસ્તે ફરેબ આપે છે. જેને તકબ્બુરી અને નીંદા કરવાની આદત હશે તેને તે રસ્તે લલચાવશે. આવી રીતે પ્રથમ ઈન્સાનને તપાસીને શેતાન તેને હજારો રીતે ફરેબ આપશે તથા ગીરફતાર કરશે; પણ જેમ ઈન્સાન વરસાદમાંથી પોતાના શરીરના રક્ષણ માટે કોટ પહેરે છે અને છત્રી ઓઢે છે, તેમ જે ઇન્સાનનું દિલ એટલે રૂહ પાક હોય, જેને ગુન્હાના કામ કરવાની આદત ન હોય, તેજ ઈન્સાન શેતાનના ફરેબી વરસાદથી બચી શકે છે.

જે કોઇ મોમનની એવી ઈચ્છા હોય કે, રાત દિવસ ખુદાને રાજી કરૂં અને શેતાનને તાબે ન થાઉં તો, તેની પહેલી ફરજ એ છે કે, જે મોમન હોય તેના દિલને રાજી કરે.

એક માણસનું ઇમાન ગમે તેટલું મજબુત હશે તો પણ જો તે કોઈ મોમનને દુઃખ દેશે તો તેણે અમને દુઃખ દીધા બરાબર છે. મોમનને આપેલું દુઃખ અમારા કલેજામાં બાણની માફક લાગે છે.

અમારા પાક મોમનને અમે અમારી આંખોમાં રાખીએ છીએ. એવા મોમનને કોઇ દુઃખ દેશે તો, તેણે જાણે અમારી આંખોને દુઃખ આપ્યું.

અમે તમારા પિતા છીએ, તમે અમારા ફરઝંદો છો, ત્યારે વિચાર કરો કે, એવો કોઇ પણ દીકરો હશે કે પોતાના પિતાને દુઃખ દેવા ઇચ્છે? કોઇના બે દિકરા પોતપોતામાં લડાઈ કરે તો તેનું દુઃખ તેના પિતાને લાગે છે. આ એક દુનિયાનો દાખલો છે. દીનના કામમાં

પણ એમજ છે. અમે તમારા રૂહાની પિતા છીએ અને દુનિયાના બાપ કરતાં તમને દશ ગણુા વધારે નજીક છીએ, માટે કોઇ પણ મોમનને દુઃખ આપશો, તો તે દુઃખ તમોએ અમને દીધું એમ સમજજો.

જાહેરીમાં તમે અમારાથી ઘણા દુર છો, તેથી તમારે કેટલીક બાબતોનો ડર રાખવાનો છે. અમોએ તમને ફરમાવ્યું છે કે, તમે દરિયામાંથી નીકળીને મીઠા પાણીની નદીમાં આવેલી માછલી જેવા છો. તમારે બેવડી સંભાળ લેવાની જરૂર છે. ખુદા ન ખાસ્ત શેતાન તમારી પાસે આવીને તમોને બાજી આપે, એવું નહિ બનવા આપતા. તમે એવી રીતે નહિ ચાલતા કે શેતાન તમારામાં આતશનો વરસાદ વરસાવે. શેતાન આતશનો વરસાદ વરસાવે તો તેના ઉપર પાણીની જરૂર પડે છે. પાણી ખુદાવંદ પોતે છે.

અમે જાહેરીમાં તમારાથી ઘણા દુર હોઇએ છીએ. જો તમારામા શેતાન કાંઇ પણ ફિતના રૂપી આતશ વરસાવે તો, તેને બુજાવી દેવાને માટે અમારા તાર અથવા તાલીકા તમને જલદી પહોંચી શકે તેમ નથી, માટે જો તમારામાં કાંઈ પણ ફિતનો ઉત્પન્ન થાય તો, તમે મહેનત કરીને એક બીજામાં એક દિલી કરી, ફિતનાને દુર કરજો. બનતા સુધી તો લડાઇ ફિતનો ઉભો થવા દેશો જ નહિ. એવી રીતે સંભાળીને તથા ઘણા ડરીને ચાલજો.

તમે જાણો છો કે, આફ્રીકામાં ડુડુ કરીને એક જાતનો બારીક જીવડો થાય છે, તે પગમાં દાખલ થઇ જાય છે. પહેલાં તો તેને કાંઈ દરદ થતું નથી પણ તે લોહી પીને જ્યારે મોટો થાય છે ત્યારે તેને બહાર કાઢવો ઘણું મુશ્કેલ થઈ પડે છે અને તેને ઘણું દુઃખ થાય છે અને આખરે તે માણસનો પગ સડી જાય છે અને પગ કાપવા સિવાય બીજો કોઇ ઈલાજ રહેતો નથી. જ્યારે પગ કાપી નાખવામાં આવે છે ત્યારે, દરદીને આરામ થાય છે. પણ આ ડુડુ જેવો પગમાં દાખલ થાય અને ખુજલી થવા માંડે કે, સુઈથી અથવા બીજી કોઇ વસ્તુથી તેને કાઢી નાખવામાં આવે તો, તે વખતે સહેલાઇથી બહાર નીકળી જાય છે અને માણસને કાંઇ નુકશાન થતું નથી.

એવીજ રીતે ખુદા ન ખાસ્ત તમારી જમાતમાં કુકુ પડી જાય, એટલે કે કોઇ પણ જાતનો ફિતનો થઇ પડે તો, તરત તેને અટકાવજો અને જલદીથી એક દિલી તથા સલાહ કરી લેજો. ફિતના ફિસાદને બહાર કાઢજો; વળી તમારા દિલમાં હસદ બીલકુલ નહિ રાખતા. હસદથી બહુ ડરવું જોઈએ.

ખરાબ ખ્યાલ તથા ખરાબ કામને તમારા દિલની નજીક પણ નહિ આવવા દેશો. ખુદા ન ખાસ્ત કોઈ પણ જાતની ખરાબી થઈ જાય તો જલદીથી તેને ખલાસ કરી નાખજો; તે એવી રીતે કે, તમે પોતપોતામાં હેત એખલાસથી પંજા લઇ, માફી માંગીને હસદને દુર કરજો.

તમોએ કોઈની નીંદા કરી હોય તો, તરત તેની રૂબરૂમાં જઈ તેના તરફ કરેલો તમારો ગુન્હા તેની પાસે કબુલ કરજો અને તે માફ કરવા માટે તેને આજીજી કરજો. મોમનની પીછાણ એજ છે. આમ કરવાથી જરૂર તે માફ કરશે."

ત્યારબાદ હાઝર ઇમામે પોતાના ચશ્મ મુબારકમાં આંસુ સાથે ફરમાવ્યું:

"અમારૂં એક કામ કરશો તો, અમે તમારા ઉપર ઘણા રાજી થઈશું. તે કામ એ છે કે હિંદુસ્તાનમાં કેટલાક મોમનો દુઃખી છે. જ્યારે અમે તેમના દુઃખ સંભારીને યાદ કરીએ છીએ ત્યારે, અમારી આંખોમાં પાણી ભરાઈ આવે છે. આવા દુઃખી મોમનોને તમારી તરફ મોકલવા, અમારો વિચાર થાય છે. તે મોમન ખોજા નથી, પણ તમારા દીન ભાઈઓ મોમનો છે. હ૦ ઇમામ હુસેન ઉપર છેલ્લી ઘડીએ જેવું દુઃખ પડયું હતું, એવું દુઃખ તેમના ઉપર રાત દિવસ પડે છે, તે લોકો અહિંઆ આવે તો, તમે તેઓને પૈસાની મદદ નહિ કરશો. જો પૈસાની મદદ કરશો તો, તે પૈસા ખાઇને બેફિકર થઈ જશે. તમે તેમને એટલી મદદ કરો કે, તેઓ રાત દિવસ મહેનત કરી શકે. તેમના માટે તમે સરકાર સાથે એવો બંદોબસ્ત કરો કે સરકાર ખેડવા માટે જમીન તેઓને આપે. જો સરકાર જમીન આપે તો, તેઓ ખેડ કરીને કમાશે અને સુખેથી

આરામમાં રહેશે. તેઓને ખાવાને રોટલી મળશે તો તેઓ દગાબાજી નહિ કરે અને ખોટું નહિ બોલે.

તેઓ દશોંદ બરાબર આપશે, તેઓનું ઇમાન સલામત રહેશે, તેઓ ઈબાદત કરશે, તેમાં તમને ફાયદો મળશે. તમે મહેનત કરીને તેઓને જમીન અપાવશો, તો તેનો બદલો તમને મળવોજ જોઇએ, તે તમને મળશે. એટલી મહેનત લઈને બંદોબસ્ત કરાવી આપશો તો તમારી દશોંદ અમે કબુલ કરશું તથા તમારાથી થયેલા ગુન્હા માફ કરશું, તમે આ કામમાં મશગુલ રહેજો; પણ એ લોકો અહિંયા આવે, પછી તમે મદદ ન કરો તો, ઘણું ખરાબ કામ થાય. જ્યારે સરકાર જમીન આપે, ત્યારે અમને જણાવજો, તો અમે અમારા ખરચે મોમના મુરીદોને મોમ્બાસા સુધી મોકલી આપીશું."

## ફરમાન ૧૨૬ મું.

નૈરોબી તા. ૩૧-૧૦-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જાહેરીમાં અમે તમારી પાસેથી જઈએ છીએ, પણ અમારી મોહોબત, દિલ તથા રૂહ મોમનની સાથે જ છે અને તમારી સાથે જ રહેશે, એટલે કે જમાતખાનામાં રહેશે. અમારો રૂહ તથા મહોબત મોમનના દિલની નજીક છે. તમે એવા થાઓ કે જેમ અમારો રૂહ તમારી નજદીક તમારા દિલમાં છે, તેમ તમારો રૂહ પણ અમારી સાથે જ ચાલે, એવી જાતની મહોબત તમે અમારા માટે તમારા દિલમાં રાખો. તમારૂં શરીર જ તમારી સાથે હોય પણ તમારો રૂહ અમારી સાથે હોય. અમે મુંબઈ અથવા બીજે ગમે તે ઠેકાણે હોઇએ પણ તમારો રૂહ અમારી સાથેજ હોય. તમે ચોકકસ કરીને માનજો કે, અમારૂં માત્ર બદન બહાર છે, પણ અમારો રૂહ હમેશાં જમાતમાં હાજર છે. કયારે પણ એવો ખ્યાલ નહિ લાવશો કે અમે જમાતખાનામાં હાજર નથી.

જો કે જાહેરીમાં અમે તમારાથી દુર થઈએ છીએ તો પણ બાતુનીમાં હમેશાં તમારા દિલમા હાજર છીએ. જેમકે તમારો કોઈ એક વહાલો સગો હોય, અગર તમારો ફરઝંદ હોય અને તે મુસાફરીમાં ગયો હોય, તો તમારૂં દિલ હમેશાં તેની યાદગીરીમાં રહે છે, માટે તમારાથી દુર કહેવાય નહિ, તે હમેશાં તમારી નજીક છે; તેમ તમે પણ અમારા ફરઝંદ છો.

મુરીદ તથા મુરશીદનો સંબંધ પિતા તથા પુત્ર જેવો છે, બલ્કે તે કરતાં પણ વધારે નજીક છે. તમારી ઓલાદ તમારાથી ઘણે દુર મુસાફરીમાં હોય.તો તમે હમેશાં તેની યાદગીરીમાં રહો છો, તેમ અમે પણ તમારી યાદગીરીમાં રહીએ છીએ.

જેમ તમે દુનિયાનો ફાયદો મેળવવા માટે આગળ વધવાની કોશિશ કરો છો, તેવીજ રીતે દીનને માટે પણ આગળ વધવાની કોશિશ કરો. દુનિયાના કામ કરતાં આખરતના કામ તમને આગળ જતાં કામ આવશે.

તમે તમારા દિલમાં નજિસી યાને મેલાઇને જરા પણ જગ્યા આપશો નહિ. જો મેલા પાણી સાથે સારા પાણીને મેળવીને પીવામાં આવે તો બિમારી લાગુ પડે છે. મેલા પાણીમાંથી મેલાઇ કાઢી નાંખી, સાફ કરીને પીવામાં આવે તો પણ ચોખ્ખા પાણીની બરાબરી કરી શકે નહિ. આ પ્રમાણે સારા નરસા આમાલ વિષે સમજવું. દિલમાં જરા પણ મેલાઈ રહેશે તો ઇમાનને નુકશાન છે. જરા પણ હસદ હશે, તમારી નજર પાક નહિ હશે તો તમારૂં ઇમાન કદી પણ પાક રહેવાનું નથી, તમારૂં ઇમાન તરત ચાલ્યું જશે. જો તમારી આંખ પાક નહિ હોય તો નુર ક્યાંથી જોઈ શકશો ?

જો તમારૂં ઇમાન ઓછું હશે અને દિલ પાક હશે તથા આમાલ સારા હશે તો આસ્તે આસ્તે તમારૂં ઇમાન વધતું જશે, એટલી હદ સુધી કે સારા ઇમાનવાળા છે, તે કરતાં પણ વધારે ઇમાનદાર થશો.

તમે જ્યારે ઘરમાંથી બહાર નીકળો છો ત્યારે, હવા તથા વર

સાદથી બચવા માટે કોટ તથા છત્રી લીઓ છો, ત્યારે રૂહના બચાવ માટે કોટ તથા છત્રી કેમ લેતા નથી? આની માયના એ છે કે, તમે પોતાના શરીરને કોટ તથા છત્રી વડે વરસાદથી બચાવો છો, તેમ ખરાબ કામથી, જાનને કેમ દુર રાખતા નથી? તમે ખરાબ કામ કરો છો અને શેતાનને સાથે જ રાખો છો તથા તે કહે છે તેવા કામ કરો છો; પણ તમારે શેતાનથી બચવું જોઇએ. શેતાન જે કામ કરવાને કહે તે કામ નહિ કરતા તેની વાતને કાન નહિ આપતા. જો તમે શેતાનની વાત એક વખત પણ સાંભળશો, તો પછી બીજીવાર, ત્રીજીવાર, ચોથીવાર અને પાંચમીવાર પણ સાંભળશો. તેના કહેવા મુજબ ચાલશો તો તેના ગુલામ થઇ જશો એમ સમજજો; અને જ્યારે શેતાનના ગુલામ થયા ત્યારે તમારૂં ઈમાન કેવી રીતે ટકી શકશે?

તમે ખુદાવંદની નજદીક થાઓ. તમે ફિરસ્તા થાઓ. શેતાનના ગુલામ નહિ થાઓ. જો તમે શેતાનની વાત સાંભળશો તો થોડા વખતમાં તેની ગુલામગીરીમાં દાખલ થઇ જશો.

તમે ઘોડા ઉપર સવાર છો અને શેતાન તમારા પગની નીચે છે. ઘોડાની લગામ તમારા હાથમાં છે, તમે જેમ ઘોડાને ફેરવશો તેમ ઘોડો ફરશે, કારણ કે તમે સવાર છો અને લગામ તમારા હાથમાં છે; લગામ ફેરવવામાં તમારો અખત્યાર અને મુખત્યારી છે, તમે કોઈ રીતે શેતાનના કાબુમાં નથી.

અમે હમેશાં તમને દુઆ ફરમાવીએ છીએ કે, તમે ફિરસ્તા જેવા થાઓ.

બચ્ચાંઓ માટે સ્કુલ ખોલવી જોઇએ અને તેમાં ગીનાન શાસ્ત્રોની માહિતી તેઓને આપવી જોઇએ. સ્કુલની બહુ જ જરૂરત છે. તમારા બચ્ચાંને સ્કુલમાં જરૂર મોકલજો. ચાલુ થએલી સ્કુલ ફરીથી તુટી જવી નહિ જોઇએ, એવી અમલદારીઓને ભલામણ છે. ખાનાવાદાન."

## ફરમાન ૧૨૭ મું.

મોમ્બાસા તા. ૧૪-૮-૧૯૦૫.

હક મોલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

" તમે ઘણી મહેનત તથા ખિદમત કરો છો તેનો અવેજ ખુદાવંદતઆલા બન્ને જહાનમાં આપશે. તમે હમેશાં એવીજ મહોબત રાખો કે તમે અમારી નજદીક થાઓ. ઈન્શાઅલ્લાહ આખરતમાં પણ તમે અમારી નજદીક હશો. તમે જાણો છો કે જાહેરીમાં અમે તમારાથી દુર હોઈએ છીએ, પણ બાતુનમાં તમારી નજદીક છીએ.

જુઓ કયાં હિંદુસ્તાન, મુબઇ અને કયાં પુના છે? કયાં મહાબળેશ્વર છે? જુઓ આવો દરિયા છે . તેમાં પહાડો તથા મોટા મોટા જાનવરો છે. આ બધું પસાર કરીને અમે અહીં આવેલા છીએ તે બીજી કોઇ ચીજને માટે નહિ, પણ ખાસ અમારા મોમનોને માટે આવ્યા છીએ.

જાહેર તરીકે અમે કદી પુને, મુંબઇ વિગેરે દુર ઠેકાણે હોઇએ, પણ બાતુન તરીકે અમે તમારી પાસે જ છીએ. તમે હમેશાં જ્યારે જમાતખાનામાં આવો ત્યારે બાતુનીમાં અમને હાજર જાણજો. એવા ખ્યાલ નહિ લાવતા કે સાહેબ દુર છે. અમે દુર હોઇએ એવું કદી પણ બનતું નથી. મોમનોના દિલમાં અમારી જગ્યા છે અને તમે અમારા દિલની નજદીક છો.

હમેશાં સવાર સાંજે તમારા હકમાં દુઆ કરીએ છીએ. તમે યાદ રાખજો કે, જેમ અમે તમને ચાહીએ છીએ તેમ તમારા ઉપર ફરજ છે કે, તમારે ઇબાદતમાં મશગુલ રહેવું જોઇએ. દિવસના ચોવંસ કલાકમાં, બેચાર કલાક ઇબાદત કરવી જોઇએ. સવાર સાંજ જમતખાનામાં હાજર થાઓ. જો તમે જમાતખાનાથી દુર હો અને એવી મુશ્કીલી હોય કે, તમે આવી નહિ શકો, તો તમે જ્યા હો ત્યાં વખત ગુજારી લેજો; તમે તે વખતે રસ્તામાં હો અથવા જંગલમાં હો તો પણ વખત ગુજારી લેવો.

તમે ખ્યાલ કરો કે દુનિયામાં કોઈ એવો માણસ નથી કે, હમેશાં આરામથી રહી શકે. ઇન્સાન ઉપર બિમારી, મહેનત, ઘડપણ તથા મોત છે. ઈન્સાન ઉપર આવી આવી અનેક સખ્તીઓ છે, માટે ગુન્હાના કામથી દુર રહેવું. ઇન્સાન ઉપર જે દુઃખ પડે છે, તે મોમનને સુખરૂપ લાગે છે. ઈન્સાન ઉપર બિમારી, કોઢીયાપણું, રગતપીત વિગેરે દરદ આવે છે, પણ મોમન તેનો અંદેશો રાખતો નથી અને નાખુશ બનતો નથી. મોમનને અગર રગતપીતનું દરદ હોય, તો પણ તેનું દિલ નુરાની અને દરિયાના પાણી જેવું સફેદ હોય છે. તેના ઉપર ગમે તેટલા દુઃખ આવી પડે, તો પણ તેમને તે દિલ ઉપર લાવતો નથી. **દિલ પાક રાખવાથી મુકિત મળે છે.**

ઈન્સાન ઉપર કેટલીક બાબતો વાજબ છે. પહેલે તો ફરમાન ઉપર ધ્યાન રાખવું. માણસ ઇમાન વડે પાક થાય છે. ઈમાનની મિસાલ પાણી જેવી છે. જો પાણી સાફ હોય તો સુરજનું પ્રતિબિંબ ત્યાં પડે છે, ત્યારે સાફ દીઠામાં આવે છે. એવીજ રીતે **નુરને જોવા માટે ઈમાન સાફ હોવું જોઇએ.**

તમારૂં ઈમાન પહાડ માફક હોવું જોઇએ. પહાડને ગમે તેટલો પવન લાગે, સુરંગ લાગે, તોપો લાગે, વિજળીના આંચકા લાગે, તો પણ પોતાની જગ્યા છોડીને તે ખસી જતો નથી. ઈમાન ઝાડ જેવું નહિ હોવું જોઈએ કે જેવો પવન લાગે તે પ્રમાણે ફરતું જાય. તમારૂં ઇમાન પહાડ મિસાલ મજબુત હોવું જોઈએ.

સચ્ચાઇ એવી રીતની જોઈએ કે, કોઈ પણ દિવસ જુઠું બોલવું નહિ. નકામી બેકાર વાતો નહિ કરવી. જો તમારી જબાન ખોલવા માંગતા હો તો સત્યતા ઉપર બોલો.

દીન બહેનો ઉપર બદ નજર કરવી નહિ. કોઇની ગિબત ન કરવી, કોઈને અપશબ્દો કહેવા નંહિ. જુઠું નહિ બોલવું. ફિતના ઉભા નહિ કરવા. જબાનને ઈલમ થતા નસિહત ઉપર ચલાવવી. જે માણસ બદ હોય તેને રસ્તા ઉપર લાવવો. વેપાર પણ એજ જબાનથી કરવો, પણ નકામી બેકાર વાતો ન કરવી.

તમારી આંખો પાક હોવી જોઈએ. **જો તમે પાક આંખોથી જોશો તો, દરેકમાં ખુદાવંદતઆલાનું નુર જોશો.** ફરમાન છોડીને બદ નજરથી જોશો, તો તમારા દિલની આંખો આસ્તે આસ્તે આંધળી થઈ જશે. દિલમાં અંધારૂં થઈ જશે અને તમે નુરને નહિ જોઇ શકો; માટે બ.ઈઓ તથા ભાઇઓએ બદ નજરીથી જોવું નહિ અને બદખ્યાલ રાખવા નહિ. દગાબાજી નહિ કરશો.

આ જીભ માણુસને નસિહત કરવા માટે છે. તમે નીચ હાલતમાં જાઓ એમ નહિ કરતાં. ઇન્સાનમાં બે દિવા છે, તેમાં એક દિવો નુરનો છે તથા બીજો આતશનો છે. જો તમે નુરના દિવાને ઉપર રાખશો તો, તમે હમેશાં ઉપર રહેશો. જો આતશના દિવાને ઉપર રાખશો તો, તમારો અવતાર જાનવર જેવો થશે. આ બન્ને બાબતો ઇન્સાનના હાથમાં છે.

ઇન્સાનની બે સડક છે. એક સડક ફિરસ્તા બનવાની છે તથા બીજી જાનવર થવાની છે. એ બે સડકમાંથી જેની પાછળ તમે લાગશો તે રસ્તા ઉપરે પહોંચશો. ફિરસ્તાનો રસ્તો લેશો તો ફિરસ્તાને પહોં- ચશો બીજો રસ્તો એ છે કે ખુદા ન કરે ને તમે શેતાનની બાજી ખાઓ અને શેતાનને રસ્તે ચાલો, બદ નજર કરો, હરામખોરી તથા દગાબાજી કરો અને મગરૂર થાઓ. એવા ખોટા રસ્તા લેશો અને તે ઉપર ચાલશો તો, જેમ અગાઉના જમાનામાં ફિરઓન, શદ્દાદ વિગેરે કાફરો થઇ ગયા છે, તેમના જેવા થશો, તમારા દિલ શિહા થઈ જશે અને રોશની દીઠામાં નહિ આવે.

તમે સવારમાં ઉઠીને પોતાના દિલથી યકીન કરો કે ફિરસ્તાના રસ્તા ઉપર ચાલીશ.

તમે તમારા દિલ સાથે યકીન કરો કે, તમે અમારા મુરીદ છો, એટલું જ નહિ બલકે અમારી ઓલાદ છો. ઓલાદે પોતાના હક પ્રમાણે ચાલવું જોઇએ. જેઓ પોતાથી મોટેરા હોય તેમની ખિદમત કરે. બુઢા અમલદારીઓને ઇજ્જત આબરૂ આપવી જોઇએ.

જેમ તમે અહીંયા અમારી સાથે છો તેમ, ત્યાં પણ અમારી સાથે રહેશો. જેમ તમે જાહેરીમાં જુઓ છો, તેમ બાતુનમા પણ ચાલજો. તમે ખ્યાલ કરીને ચાલજો કે હકીકી ઓલાદ કેવી હોય છે અને તમે કોની ઔલાદ છો? તમે અમારી ઓલાદ છો. અમે તમોને ઓલાદ માફક જોઈએ છીએ, તેમ તમે પણ ફરઝંદ પ્રમાણે ચાલો."

## ફરમાન ૧૨૮ મું.

મોમ્બાસા તા. ૨-૧૧-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"દુઆ દશ મિનિટમાં પુરી કરો. અવલ આખર મળીને પાંચ સાત પીરોની પુઠી પડી ખલાસ કરો. પહેલાં પાંચ અને છેવટની બે અથવા પહેલાંની ત્રણ અને છેવટની ચાર. દુઆ પડી રહ્યા બાદ અડધો પોણો કલાક વાએજનું કામ થવું જોઇએ.

કાઉન્સીલના જે મેમ્બરો છે, તેઓ મિસાલ સરદાર તરીકે છે. જો જંગમાંથી સરદાર નાસી જાય તો પછી લશ્કરથી શું બને? માટે કાઉન્સીલના અમલદારીઓએ ખ્યાલ કરવાની જરૂર છે. તેઓએ ટાઈમસર કાઉન્સીલની બેઠકમાં હાજરી આપવી જોઇએ. કોઈ જરૂરનું કામ હોય, બીમારી હોય અથવા વેપારમાં નુકશાની આવી જતી હોય, એવા કારણ સિવાય તેઓએ કાઉન્સીલમાં ગેરહાજર રહેવું ઠીક નથી.

ઇસમાઇલીઓને વાજબ છે કે, તેઓએ પોતાના કેસ કાઉન્સીલમાં લાવવા. અમોએ જે કાયદા બાંધી આપ્યા છે, તેના ઉપર ચાલનારને હજારો ફાયદા થશે; અગર નહિ પાળશો તો હેરાન થશો.

મિશનરીઓ તમોને વાએજ સંભળાવવા આવે ત્યારે, તમે હાજર રહીને સાંભળજો. અગર કોઇ મિશનરીની માએના તમોને ઠીક ન લાગે અને તેની ભુલ જણાય તો, માએના વખતે તેને અટ-

કાવતા નહિ, પણ તમોને ઠીક ન લાગે તો, બીજે દિવસે વાએજ કરવાની મના કરવી.

રોજા રાખવા માટે પયગમ્બર સાહેબે હુકમ ફરમાવ્યો છે. રોજા બદનને મહેનત આપવા માટે છે. તકીઓ રાખવો વાજબ છે. જેથી બીજાઓ ગીબત ન કરે. આખી સાલના ત્રણસોને સાઠ રોજા તમો હકીકતીઓ ઉપર લાજમ છે. એ રોજા એ છે કે.

(૧) જુઠું ન બોલવું.
(૨) દગાબાજી ન કરવી.
(૩) કોઈની ગીબત ન કરવી.

આવી રીતના ૩૬૦ ત્રણસો ને સાઠ હકીકી રોજાની ઈસમાઈલીઓ માથે ફરજ છે."

## ફરમાન ૧૨૯ મું.

મોમ્બાસા તા. ૪-૧૧-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"જમાતના અમલદારીઓએ જમાતને નસિહત કરીને ફરઅંદો માફક રાખવી જોઇએ; અગર કોઇ માણસ સરકારી ગુન્હા કરે તે જો તેના ઉપર સાબિત થાય તો ગુન્હેગારી લઇને રહેમદિલીથી તેને બક્ષિ આપજો; ગુન્હેગારી પણ તેને સંતાપીને લેવી નહિ. અગર ગુન્હા મોટો હોય અને સજા કર્યા વગર છુટકો નથી, એમ જણાય તો સજા કરવી અથવા ગુન્હેગારી લઇ તેને મુકત કરવો.

જે કોઇ પંજેભાઈમાં નામ લખાવે છે, તેઓએ મિજલસમાં ટાઇમસર હાજરી આપવી જોઇએ. અગર બિમારી, વેપાર સંબંધી નુકશાન અથવા બીજું કોઇ મોટું કામ હોય, તે કારણસર નહિ અવાય તો તે એક કાયદાની વાત છે, પણ ફુરસદ હોય છતાં ન આવે અને નકામો ઘેર બેઠો હોય તો શું સવાબ થાય?

ડાકટર પાસેથી બિમારીની દવા લ્યો અને પછી દવા નહિ ખાઓ

તો ફાયદો કયાંથી થાય? દવા ન ખાધી ત્યારે ફાયદો ન થયો તેમાં ડાકટરની તકસીર નથી પણ બિમારની પોતાનીજ તકસીર છે.

તમે પણ પંજેભાઈ થઇને હાજર ન થાઓ તો શું ફાયદો થાય? પંજેભાઇના દફ્તરમાં નામ નોંધાવીને પછી, મિજલસમાં હાજર ન થાય તો તેણે નામ લખાવ્યું અને પંજેભાઇઓમાં દાખલ થયો તેમાં શું વળ્યું? તમે હમેશાં ટાઈમસર જમાતખાનામાં હાજર રહેજો અને હિંમત રાખજો."

## ફરમાન ૧૩૦ મું.

મોમ્બાસા તા. ૫-૧૧-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમારો ઇશ્ક અને ઈમાન જોઇને અમે ઘણા રાજી થયા છીએ. આ દુનિયામાં હમેશનુ દુઃખ છે; અમને પણ દિલમાં દુઃખ છે. અમે જ્યારે તમારી મહોબત જોઇએ છીએ ત્યારે, અમારા દુઃખ વીસરી જઇએ છીએ.

ધર્મ કરવાનો છે, તે દિલની અંદરનું કામ છે. મોમન અને મુરશીદની વચમાં એક રસ્તો છે. અલહમ્દોલિલ્લાહ અગર તમારા દિલમાં મહોબત હશે તો ઘણું છે. મહોબતથી સર્વે ચીજો છે."

## ફરમાન ૧૩૧ મું.

મોમ્બાસા તા. ૭-૧૧-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે જે પંજેભાઇઓ છો, તે હમેશાં મિજલસમાં આવજો. સુસ્તી નહિ કરશો. તમે પંજેભાઈ થઈને મિજલસમાં ન આવો તો શું ફાયદો થાય? પંજેભાઇ છે તે મૌલાનું લશ્કર છે, તમે મૌલાનું લશ્કર થઈને સુસ્તી નહિ રાખો.તમે મૌલાની ખિદમત હમેશાં કરજો. ખિદમત કરવી તમારા ઉપર વાજબ છે. મિજલસ તથા જમાતખા-

નામાં હમેશાં આવજો. ઇબાદતના વખતે સુસ્તી નહિ કરતા. મુખી કામડીઆના હુકમમાં હમેશાં રહેજો. તેમના હુકમની બહાર જશો નહિ. મિજલસ તથા જમાતખાનામાં હમેશાં હાજર રહેજો અને પીર સરકારની ખિદમત કરજો.

મોમન છે તે કોઈ પણ બિમારી અથવા બીજી બાબતથી ડરતો નથી. મોમનને ખુશી અથવા નાખુશી શા માટે જોઇએ? મોમન જ્યારે ગુજરી જાય છે ત્યારે, ખુદાવંદતઆલાની હુઝુરમાં પહોંચે છે. મોમન હોય તે દીન ઉપર મજબુત થઇને ચાલે, એ નિશાની મોમનની છે.

મુરીદની ફરજ એ છે કે, મુરશીદના હુકમ પ્રમાણે વર્તે. જો એક વખત એવું ફરમાન થાય કે, ચિરાગની બતી બનાવો, તો તે કામ કરવું જોઈએ; અગર ફરમાન થાય કે, બબરચી થઇને જમવાનું પકાવો તો તેમ કરવું. મુરીદેથી એમ ન કહેવાય કે આ કામ હું નહિ કરૂં, મોટું કામ હેય.તેજ કરીશ. મુરશિદ જે કાંઈ હુકમ ફરમાવે તે મુરીદે બજાવવો જોઇએ.

પોત પોતાની દુશ્મનીથી જમાત હલાક થતી હોય તો, તમોને વાજબ છે કે, તેની તપાસ કરો. જો તપાસ નહિ કરશો તો તેનો ભાર તમારા ઉપર છે. તમે એકજ ઠેકાણે બેસીને ધર્મ ક્રિયા તથા ખિદમત કરો છો અને તેજ ઠેકાણે વળી પોત પોતામાં હસદ પણ કરો તો તમોને શું ફાયદો થશે? જો તમારા પોત પોતામાં હસદ હોય તો ફુલને બદલે અમને કાંટાનો હાર પહેરાવ્યો એમ અમે સમજીશું.

વઝીરાતનો લકબ ધરાવે અને મોટાઈ કરે એ વાજબી નથી. જે કોઈ ખિદમત બજાવે તે મોટો છે. વડાઈ લઇને ખિદમત કરે તે મોટો નથી. મોટાઈ મેળવવા માટે હસદ રાખવો વાજબી નથી.”

## ફરમાન. ૧૩૨.

મોમ્બાસા તા. ૯-૧૧-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"નાના બચ્ચાં થઇને તમે મેમાનીની હિંમત કરી છે, તેના માટે અમો તમોને દુઆ આશિષ ફરમાવીએ છીએ. હમેશાં અમો તમોને દુઆ કરીએ છીએ. તમે અભ્યાસમા મહેનત લેજો અને હિંમતથી તાલીમ લેજો, જેથા તમારૂં ઈમાન સલામત અને કાયમ થાય.

તમે શેતાનની બાજી નહિ ખાશો, ખરાબ કામમાં ભાગ નહિ લેતા. તમે ગુજરાતી, આંક ગણીત, ગીનાન, સર્વે બાબતો શિખવામાં હિંમત રાખજો. દીનના કામમા હુશિયાર રહેજો. દુનિયાના વેપારમાં હુશિયારી રાખજો."

## ફરમાન ૧૩૩ મું.

મોમ્બાસા તા. ૧૦-૧૧-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમો જાહેરીમાં અહીંથી સિધાવતી વખતે, તમારા વાસ્તે બે ચીજો અહીં મુકી જઇશું. તેમાં, એક અમારા ફરમાન, બીજા, કાયદા કાનુન.

અમોએ ઘણી મહેનતે કાયદા તૈયાર કરાવ્યા છે, હવે જો તમે એ કાયદા ઉપર અમલ નહિ કરો તો, અમે એમ સમજીશું કે તમોએ અમારી સાથે લડાઈ કરી.

અમે અમારા દિલથી કહીએ છીએ કે તમો અમારા નાના બચ્ચાં છો. તમે અમારી ઔલાદને જોઇને અમારૂં દિલ ઘણું ઠંડુ થાય છે. તમારી જાહેરીની જુદાઇનો ગમ અમને પણ બહુ લાગે છે, તમે અમારી ઔલાદ તેમજ અમારા મુરીદ છો. અમે ઇચ્છીએ છીએ કે તમો રાત દિવસ અમારી નજીક હો.

અમે કોઈ સાથે ખુશીથી વરત્યા છીએ, કોઇને ધમકાવ્યા છે, પણ એ સર્વે બોલ મહોબતનાજ છે.

અમે મુંબઈ જઇને અમારા બે ફોટોગ્રાફ મોકલશું. એક જંગબાર માટે અને એક મોમ્બાસા માટે. આ ફોટોગ્રાફ ઉપર માનતા ચડાવવાની નથી. અમારા પ્યારની યાદીને વાસ્તે છે. ફોટોગ્રાફ જોઇને તમોને યાદ આવે કે અમારી મહોબત તમારા ઉપર છે અને અમે તમોને ચાહીએ છીએ."

## ફરમાન ૧૩૪ મું.

મોમ્બાસા તા. ૧૧-૧૧-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમારા માટે હાલ જે કાયદા બાંધવામાં આવ્યા છે, તે ઘણાજ આસાની ભરેલા છે અને દરેકના માટે સરખા છે. અગર તમોને કોઈ કહે કે, મહેરબાની કરીને આ કામ કરી આપો, તો તમારે કહેવું કે, કાયદા એ મહેરબાનીનું કામ નથી. ઇન્સાફની વાત છે, ઇન્સાફ મુજબ હુકમ કરો.

સરકારી કામકાજમાં સરકારને પોતાને નુકશાની થતી હોય તો પણ તે પોતાના કાયદા તોડતી નથી. તમોને પણ વાજબ છે કે સરકારને નુકશાની ખમવી પડે તો પણ કાયદો તોડવો નહિ. અગર કોઇ હસદ કરીને કાયદો તોડે તો કાઉન્સીલની ફરજ છે કે, શા માટે તે કાયદો તોડે છે તેનો બંદોબસ્ત કરે.

હવે કાયદા કાનુન તૈયાર થયા છે, માટે કોઈ પણ જમાતનો-- પંજેભાઇ, ગરીબ અથવા પૈસાદાર, કોઈની તાકાત નથી કે, કાઉન્સીલના સામે થાય અને કાયદા વિરૂધ્ધ ઉભો રહે.

કાઉન્સીલના અમલદારો સલાહથી રહે, તેઓએ કાનુન માફક કામ ચલાવવું. કોઇ અમલદાર કાયદા કાનુન તોડશે તો બીજી જમાત તમારો હુકમ નહિ ઉપાડે અને પોતાની ફરિયાદ હુઝુરમાં લાવશે.

વાસ્તે કાયદા કાનુનનો ભંગ ન થાય તેમ અમલદારીઓએ કાઉન્સીલનું કામ ચલાવવું.

તમે હમેશાં પોતાના ઇમાનને સંભાળજો. શેતાનની બાજી તથા ફરેબમાં નહિ આવશો. કોઇ પણ ખરાબ કામમાં સામેલ નહિ થશો, ઇમાનમા મુસ્તકીમ રહેજો, કોઇ વખતે શેતાની ખ્યાલ આવે તો, તેને નજીક આવવા નહિ આપતા.

તમે હમેશાં પોતાના દિલમાં યકીનથી સમજો કે, તમે અમારા રૂહાની, હકીકી ઔલાદ છો તમોને વાજબ છે કે પિતાના કહેવા મુજબ કામ કરો અને પિતાના જેવા કામ કરો.

એક બીજા સાથે દુશ્મની રાખવી એ ખરાબમાં ખરાબ કામ છે, જે શખસ દુશ્મની રાખે છે તેનું ઇમાન આસ્તે આસ્તે જતું રહેશે."

ધાર્મિક સ્કુલના માસ્તરને ફરમાવ્યું:

"તમે પીર સરકારની ઘણી ખિદમત કરો છો. બચ્ચાંઓને સિંધી અક્ષર, ગીનાન, દુઆ શિખડાવો છો, તેનો બદલો ખુદાવંદ તમને બન્ને દુનિયામાં આપશે."

## ફરમાન ૧૩૫ મુ.

મોમ્બાસા તા. ૧૨-૧૧-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે હમેશાં પોતાનુ ઈમાન સંભાળજો. શેતાનની બાજી નહિ ખાશો, કોઈ પણ ખરાબ કામમાં શામિલ નહિ થતા અને મુસ્તકીમ રહેજો યાને પોતાનું ઈમાન મજબુત રાખજો. કોઈ વખત શેતાની ખ્યાલ આવે, તેને તરત દુર કરજો અને કોઈ શેતાન થાય તેને નજદીક આવવા નહિ દેતા.

તમે હમેશાં તમારા દિલથી યકીન રાખજો કે, તમે અમારી ઓલાદ છો. અમારી રૂહાની ઓલાદ છો. તમે હકીકી રીતે અમારી ઓલાદ છો, ત્યારે તમને વાજબ છે કે, અમે પિતા છીએ તેની

માફક તમારે ચાલવું જોઇએ.

ખરાબમાં ખરાબ કામ એ છે કે એક બીજામાં દુશ્મની રાખવી. **જે શખસ દુશ્મની કરતો રહેશે તેનું ઈમાન હળવે હળવે જતું રહેશે."**

## ફરમાન ૧૩૬ મું.

મોમ્બાસા તા. ૧૨-૧૧-૧૯૦૫.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"મુખી કામડીઆ તથા અમલદારીઓ સ્કુલના કામની ખબર રાખે અને તપાસ કરતા રહે તથા પરીક્ષા લ્યે. પરીક્ષામાં પાસ થનાર બચ્ચાંને ઈનામમાં ચોપડીઓ અને રૂમાલ આપવા.

અમે જાહેરીમાં અહીંથી સિધાવી જઈશું, પણ અમારૂં દિલ તમારી સાથેજ રહેશે. ઇશ્ક અને મહોબત કમતી થવાના નથી. અમે સિધાવી જઇએ તો પણ અમારૂં દિલ જવાનું નથી.

અમોએ તમોને રસ્તો સાફ કરી આપ્યો છે, તમે તે રસ્તે બરાબર ચાલો અગર નહિ ચાલો તે તમારા હાથમાં છે જ્યાં સુધી તમે કાયદા કાનુન ઉપર મજબુત રીતે ચાલશો અને મુસ્તકીમ રહેશો ત્યાં સુધી ખરાબી નહિ થાય. કાયદો તુટે નહિ તેનો બંદોબસ્ત રાખજો. દિલથી કાયદાને જોઈને ઇન્સાફ આપજો. કાયદાને બરાબર સાફ રાખજો.

અલહમ્દોલિલ્લાહ! તમારામાંથી ઘણા જણ મોટા કામમાં દાખલ થયા છે. એ ઇમાનની એક નિશાની છે.

વાજબ છે કે તમારે ફિતનો તથા કિન્નો કોઇ રીતનો રાખવો નહિ. જે કોઇ બુરૂં કરશે તે બુરાઈ પામશે. નેકી કરનારનું સારૂં થશે. અમે જાહેરીમાં અતરેથી સિધાવીએ તે દરમિયાન કિન્નો તથા દુશ્મની દિલમાંથી કાઢી નાખશો તો અમે એમ સમજીશું કે, તમે અમને છેલ્લી માંગણીમાં સુખડી અથવા હદિયો આપ્યો.

મોમન અમારી ઓલાદ છે, તમે અમારા ફરજંદોની ખિદમત કરો છો, ત્યારે તે અમારી પોતાની જ ખિદમત કરો છો, જેમ ઓરત જો પોતાના બચ્ચાંની ખિદમત કરે તો, તેણીએ પોતાના ખાવીંદની ખિદમત કરેલી કહેવાય છે, વળી દુનિયાની મહોબતનો એક દાખલો લ્યો. એક દોસ્ત જ્યારે પોતાના દોસ્તના બચ્ચાંની સંભાળ રાખે છે, ત્યારે તેણે તે દોસ્તનીજ સંભાળ લીધી એમ ગણાય છે. એ દોસ્તીનોજ સંબંધ છે.

દુનિયાના કામ કરતાં ઇશ્ક તથા મહોબત ઉંચા છે. તમે અમારા રૂહાની બચ્ચાં છો. અમારી ઔલાદ જમાત છે. તેની જે ખિદમત કરે છે તે ખરેખર અમને ખુશી કરે છે અને અમારી સાથે મહોબત કરે છે.

જાહેરીમાં અમારૂં શરીર તમારી પાસેથી જાય છે, પણ અમારૂં દિલ તમારી પાસેથી જતું નથી. અમારૂં દિલ કદીપણ તમારાથી જુદું થતું નથી. તમારી સાથેની જાહેરી જુદાઇથી અમને પણ ઘણુ જ ભારે લાગે છે; પણ કેમ કરીયે? દિલને મજબુત રાખવું જોઇએ.

તમારા પર કાંઈ પણ મુશ્કેલી આવી પડે તો, અમને લખી જણાવજો, ઉમેદ છે કે તેનો જવાબ જરૂર મોકલશું.

બાતુનમાં અમે તમારી પાસે જ છીએ. તમે જમાત અમારી ઔલાદ છો. કાઉન્સીલના મેમ્બરો મોટા ભાઇઓ છે અને જમાત નાના ભાઇઓ છે. કાઉન્સીલના જે મોટા ભાઇઓ છે, તેમને નાનાભાઈ-ઓ એટલે જમાત સોંપી જઇએ છીએ. **સરકારની ખિદમત કરતાં જમાતની ખિદમત ઓછી ફાયદાકારક નથી.** તમે અમારી રૂહાની ઓલાદ છો અને રૂહ એકજ છે."

## ફરમાન ૧૩૭ મું.

પુના તા. ૧૫–૯–૧૯૦૫.

હક મોલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જ્યારે અમે તમારી દસ્ત બોશી, કાંગવો અને છાંટાનું કામ

કબુલ ફરમાવીએ છીએ ત્યારે, તમારા દિલમાં કાંઈ પણ શક લાવવો નહિ. હકીકતી મોમનોએ અમારા ફરમાન ઉપર મુસ્તકીમ રહેવું જોઇએ. હકીકતી મોમનને જો ફરમાન થાય કે, છ માસ અથવા એક વર્ષ દસ્ત નહિ ચુમવા, તો ફરમાન કબુલ કરીને દસ્ત ચુમવાનો ખ્યાલ પણ ન રાખે. જ્યારે ફરીથી હુકમ થાય ત્યારે તેણે હાજર રહેવું જોઈએ.

એક લશ્કર પોતાની અખત્યારીથી કાંઈ પણ કરી શકતું નથી. પોતાના સરદારના હુકમ સિવાય એક કદમ પણ આગળ પાછળ રાખી શકે નહિ. તેવીજ રીતે હકીકતી મોમનોએ અમારા ફરમાનો મુજબ ચાલવું જોઇએ.

માલેવાજેબાત આપવાનો સવાબ તમે સમજો છો, તેમાં પણ જો એક વખત અમારા તરફથી એવો હુકમ કરવામાં આવે કે, તે આપે તે ગુન્હેગાર છે, તો તમારે તે આપવું નહિ. અમારા ફરમાન મુજબ અમલ કરવો જોઈએ. અમારો હુકમ ન હોય છતાં આપે તે ગુન્હેગાર ગણાય.

કોઈ વખત અમારા તરફથી એવો હુકમ આવે કે, છ અથવા આઠ માસ લગી દુઆ નહિ પડવી, તો તેટલો વખત તેમજ કરવું. એવી રીતે જેઓ અમારાં ફરમાન ઉપર અમલ કરે છે, તેઓ જ હકીકતી મોમન છે.

તમારે લશ્કરની પેઠે પોતાના સરદારના હુકમ મુજબ વર્તવું જોઈએ. જેવી રીતે એક હેલકરી પોતાની મરજી પ્રમાણે જરાવાર સડક-પર ચાલે છે અને જરાવાર નીચે ચાલે છે, એ પ્રમાણે મરજી મુજબ ચાલવું એ હકીકતી મોમનનો રસ્તો નથી. હકીકતી મોમનોએ હમેશાં ફરમાન ઉપર નિગાહ રાખવી."

## ફરમાન ૧૩૮ મું.

પુના તા. ૧૮-૨-૧૯૦૬.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"તમો જમાત અહીંયા, આ મિજલસમાં આવ્યા છો, તેઓને ઘણી દુઆઆષિશ ફરમાવીએ છીએ. ખાનાવાદાન. તમો કદમ ઉપાડીને અહીંયા મિજલસમાં આવ્યા છો અને જે એક એક કદમ ઉપાડેલ છે, તે એક એક કદમને બદલે એકસો કદમ બહેસ્ત તમોને નજીક થશે. આ ઇમાનની નિશાની છે. તમારા ગામ અહીંયાથી ઘણા દૂર હશે; વળી કેટલાક માણસો ઘણે છેટેથી આવ્યા છે. મુંબઇ પણ કાંઇ નજીક નથી. જેમ સઘળા અહીંયા ભેળા થયા છો તેમ અહીંયા અને ત્યાં બન્ને દુનિયામાં એવીજ રીતે અમારી પાસે યાને અમારા કદમ પાસે હશો.

તમે અહીંયા આવ્યા છો અને આ મિજલસમાં ભેળા થયા છો, તો સંપ સલાહથી ચાલજો. તમે પોતામાં કિન્નો, કપટ નહિ રાખો અને એકબીજા સાથે હળીમળીને એક દિલથી ચાલો. દિલમાંથી કપટ કાઢી નાખી ઇમાન ઉપર મુસ્તકીમ રહેજો.

શેતાનની બાજી ખાશો નહિ. શેતાન હજારો તરેહથી ઇન્સાનને બાજી આપે છે. સઘળાને એક તરેહથી બાજી નથી આપતો, જુદી જુદી તરેહથી બાજી આપે છે. જો શેતાન તમારા ઉપર ગલબો કરે, ત્યારે તમો તમારા દિલને મજબુત અને ચુસ્ત રાખજો, જેથી શેતાન તમારા ઉપર ગલબો ન કરે.

જ્યાં જ્યા મિજલસોના મેલાવડા થાય છે, ત્યાં લાભ લેવા જવું એ ઇમાનદારીની નિશાની છે. ઘેર બેઠે ફાયદા હાંસલ થતા નથી.

અમે તમોને દુઆ ફરમાવીએ છીએ કે, આપણા સતપંથ દીનમાં જે ઉમદા મેવા છે તે તમે ખાઓ, નહિ તો ખાલી અમારા હાથ ચુમવાથી શું ફાયદો છે?

તમે દુનિયામાં છો ત્યાં સુધી ફિરસ્તા જેવું દિલ રાખો અને ઈન્સાફ ઉપર ચાલજો. કોઇ ઈન્સાન ઉપર જુલમ નહિ કરજો. કોઈનું દિલ દુખાવશો નહિ. ઇમાન પાક રાખી, બંદગી વખતે ઈબાદત કરવા માટે તમારે હાજર થવું.

દુઆ પડવાનો વખત થાય ત્યારે, તમે રેલવેની મુસાફરીમાં હો, અગર દુકાનમાં હો અથવા બીજે ગમે તે ઠેકાણે હો, તો પણ દુઆનો વખત ત્યાં ગુજારી લેજો.

ટેલીગ્રાફ એક ગામથી બીજે ગામ પહોંચે છે. તમારૂં દિલ પણ ટેલીગ્રાફ છે. તમે એવી રીતે બંદગી કરો કે, જેનો ફાયદો ટેલીગ્રાફ મિસાલ તમને પહોંચે.

જે ઇન્સાન હકીકતી મોમન છે, તે સારા આમાલ કરે છે. બહેસ્ત હમેશાં તેના હાથમાં છે. તે પોતાનુ ઇમાન ઘણું મજબુત રાખીને સાચે રસ્તે ચાલે છે. તેને દુનિયામાંજ બહેસ્ત છે. તમારૂ દિલ બહેસ્તમાં હોય તેમ તમારે ચાલવું જોઈએ.

શેતાનની બાજી ખાઇ ન ગયો હોય એવો કોઇ પણ માણસ દુનિયામાં પેદા થયો નથી. જ્યારે શેતાન તમારા દિલમાં શક પેદા કરે, ત્યારે તેને દુર કરવા માટે ઈબાદતમાં મશગુલ થજો.

ઇન્સાન જ્યારે બિમાર પડે છે ત્યારે તરત તેની દવા કરવામાં ન આવે અને રોગ એકદમ ફેલાઇ જવા પછી, દવા લેવામાં આવે તો ફાયદો થતો નથી, તેમજ જો તમોને શક એટલે બેઈમાની ઉત્પન્ન થઈ જાય તો ઢીલ નહિ કરતાં, એકદમ ઇબાદતમાં મશગુલ થજો. કાલે ઈબાદત કરીને શેતાનને દુર કરશું એવા ખ્યાલ કરતા નહિ.

દુનિયાને અક્કલ સાથે દિલથી દુર કરવી જોઇએ. જો બે અક્કલીથી દુનિયાને દુર કરશો તો તમારૂં ઇમાન થોડું થોડું કરીને ખલાસ થઈ જશે.

ઇમાન એક ઝવેરાત છે. જો તમે તેને દિલની તીજોરીમાં નહિ સંભાળતાં સડક પર ફેંકી આપશો તો, તે ઝવેરાત તમારા દિલમાંથી

નીકળી જશે. હકીકતી ઝવેરાત દિલમાંથી નીકળી ન જાય, તે વિષે દિલમાં ઘણી ચોકસી સાથે સંભાળજો. જો તમે જુઠું નહિ બોલો, એક શબ્દ પણ જુઠો નહિ વાપરશો તો, ઈન્સાઅલ્લાહ, ઇમાન રૂપી ઝવેરાત તમારા હાથમાંથી કોઈ પણ છીનવી શકવાનું નથી.

હર કોઈ ચીજથી બહેતર એ છે જે જમાતની ખિદમત કરવી અને જમાતને સંભાળવી.

તમે અમોને જાહેરમાં મહેમાનીઓ કરો છો, તેમ અમારા મોમનો અમોને બાતુનમાં રાત દિવસ મહેમાનીઓ કરે છે."

## ફરમાન ૧૩૯ મું.

મુંબઇ તા. ૨૮-૧૨-૧૯૦૭.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામ પોણા બે વરસની વિલાયતની મુસાફરી બાદ મુંબઇમાં કદમ મુબારક કરી, શ્રી દરખાનામાં પધારી, જમાતને ફરમાવ્યું :

"જાહેરીમાં અમારૂં બદન દુર હતું પણ રાત અને દિવસ અમો તમો જમાતના ખ્યાલમાં રહેતા હતા.

આજે અમો સઘળાની સંભાની, મુબારકીની દસ્ત બોશી કબુલ કરીયે છીએ. એક વખત નહિ પણ દશ વખત કબુલ કરીયે છીએ.

કમીટીના હુકમમાં જમાત સારી રીતે ચાલી છે, જેથી જમાત ઉપર અમો રાજી થયા છીએ. જે કોઈ જમાતમાં એખલાસ અને એકદિલીથી ચાલે છે તેઓ દુનિયા અને આખરતમાં ફાયદો મેળવે છે.

તમો જમાતને અમો ફિરસ્તા માફક જોઇએ છીએ. બાઇઓ ભાઇઓ સઘળાને એજ પ્રમાણે જોઇએ છીએ.

લાડક મુખીએ ઘણી મહેનત લીધી હતી અને જમાતની ખિદમત કરી હતી, તેનો બદલો અમો બાતુનમાં લાડક મુખીના રૂહને આપીશું. ખાનાવાદાન."

## ફરમાન. ૧૪૦.

મુંબઇ તા. ૯-૧-૧૯૦૮.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"દીનની અંદર તમો મુસ્તકીમ રહેજો અને શેતાનની બાજી નહિ ખાતા. શેતાન હજારો તરેહથી છેતરીને, તમને બીજે ઠેકાણે લઇ જવા ઇચ્છે છે, પણ તમે શા માટે તેની બાજી ખાઓ છો? હમેશાં સંભાળીને ઇમાનને મજબુતી આપતા રહેજો.

તમે પંજેભાઈઓ અમારા દીનના લશ્કર છો. ઘોડા ઉપર બેઠા પછી જો લગામ હાથમાં ન રહે તો, ધારેલી મંજલે પહોંચાતું નથી. શેતાનની બાજીથી ડરતા રહેજો.

તમારે હમેશાં જમાતખાને આવવું જોઇએ અને ગીનાન બાબતમાં કાંઈ મુશ્કીલ જણાય તો, ભગતને પુછી તેનો ખુલાસો મેળવવો.

**ઈબાદતની કસરત ઇમાનને ટકાવી રાખે છે.** જે માણસ કસરત ચાલુ રાખે છે તેને ઘણો ફાયદો હાંસલ થાય છે. કસરત નહિ કરનારનું થોડું ઈમાન પણ નીકળી જશે. ઇબાદત ચાલુ રાખવી એ ઇમાનની નિશાની છે. તમે ઈમાનને એવું મજબુત બનાવો કે, શેતાન તેમાં પ્રવેશ કરી શકે નહિ. લડાઈમાં જનારા પોતાના બચાવ માટે બખ્તરો પહેરે છે, તમારે પણ એવી રીતે ઈમાન રૂપી બખ્તર મજબુત કરવું જોઇએ.

જ્યારે તમારી દસ્તબોશી અમે ફરમાનથી કબુલ ફરમાવીએ છીએ ત્યારે દસ્તબોશી થઈ ચુકી. જાહેરના દસ્ત તો ખાક થવાના છે, અમારા ફરમાન તમારા રૂહને પહોંચાડો. એ મોટી ચીજ છે.

પોતાની ઈબાદતનો વખત સંભાળવો, તે દરેક કામ કરતાં બહેતર છે. મોમનની નિશાની એ છે કે, તે કદી પણ મતલબ વગરની અથવા ગેરવાજબી વાત કરતો નથી. દીન અને દુનિયા બન્નેમાંથી કોઇ પણ ફાયદો હોય તોજ તે વાત કરે છે, પણ અર્થ વગરની નકામી બકબક કરતો નથી."

## ફરમાન ૧૪૧ મું.

પુના તા. ૧૨-૧-૧૯૦૮,

હક મોલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"મિજલસનો જે કાંઈ ફાળો થયો છે, તેમાં માણસોએ પોતાના ગજા કરતાં વધારે રકમો મંડાવી છે, માટે એ ફાળાનો તમારે બંદોબસ્ત કરવો એ તમારી ફરજ છે. જે મોમનોએ એ ફાળો આપ્યો છે, તેમના પૈસા હલાલનાં છે, તે પૈસામાંથી એક પૈસો પણ ગેરવલ્લે ન જવો જોઇએ. તેની પુરી ચીવટ રાખો.

જે જગ્યાએ વાર્ષિક મિજલસો નિમવામાં આવી છે, તેના હિસાબની દેખરેખ રાખવા માટે એક કમીટી પણ સાથેજ નિમવી જોઈએ, જેથી મિજલસના કોઇ કામને નુકશાન ન પહોંચે.

અમે જે હુકમ ફરમાવીએ છીએ તે તમારે તરતજ માની લેવાનુજ છે. મિજલસનાં આવક જાવકના પૈસા માટે કદાચ કોઇને કાંઇ કહેવાની જરૂર જણાય તો, વગર શરમે તેને કહી આપવું. તે માણસ ગમે તેવો મોટો હોય તો પણ કહેવું. જો એવી રીતે તમે કરશો તોજ મિજલસોનું કામ હમેશાં આબાદ રહેશે.

અમે તમોને હુકમ કરીયે અને તમે નહિ બજાવો તો, તેથી તમારૂં દિલ કાળું થઈ જશે. કારણ કે એ તો નાફરમાની કરેલી કહેવાય. મિજલસો કરવાનું ઘણે દરજ્જે બહેતર છે. ચાલુ મિજલસોમાં કોઈ જાતની ખામી આવી જાય તો, જે મોટાઓ દેખરેખ રાખતા નથી તેમના સિર ઉપર ગુન્હો છે.

તમે અમારી પાસેથી દુઆ માંગો છો, પણ ફકત અમારી દુઆથીજ તમોને શું ફાયદો થાય? **અમારી દુઆ તો જેઓ હિંમતવાળા છે તેઓનેજ કામ આવે છે.**

તમે તો ફકત ઈબાદત બંદગી વખતે, ત્રણ ચાર કલાક અમારામાં ધ્યાન રાખતા હશો, પણ અમે તો ચોવીસે કલાક મોમનના

ખ્યાલમાં રહીએ છીએ. મિજલસોનાં કામમાં હિંમતની જરૂર છે, વગર હિંમતે તેનો ટકાવ થઇ શકતો નથી.

અગાઉ મિસરમાં અમારા બાપ દાદાના રાજમાં, દારૂલ હિકમત નામનું એક મોટું મકાન હતું. તેમાં દીન તથા દુનિયાની કેટલીક બાબતોનો અભ્યાસ કરાવવામાં આવતો હતો. છેવટે મુરીદો એવા નાહિંમત થયા કે, એક વખત પોતાના ઈમામને પણ છોડીને એક બાજુ બેસી રહ્યા. આ કારણથી તે કામ ટકી શકયું નહિ. એવીજ રીતે જો તમે પણ નાહિમત થશો તો નુકશાની થશે. જો મિજલસનાં કામની પુરતી ગોઠવણ કરવામાં નહિ આવશે તો, કાલે શું થવાનું છે તે તમે શું જાણી શકો? પાછળથી શું થવાનું છે તેનો બંદોબસ્ત હમેશાં અગાઉથી કરવો. મતલબ કે વ્યવસ્થા માટે કમીટી નિમવી જોઇએ, જે બધી વ્યવસ્થા કરે.

જો કે મિશનરીઓની ઘણી જરૂર છે અને ગામોગામ જઈ બોધ કરવો જોઈએ, પણ તેવા ભગતો હોવા તો જોઇએ?!

કમીટી નિમવામાં આવેલી છે, તે જમાતની ખિદમત કરવા માટે સમજવી, નહિ કે તેનાથી જમાતની સંભાળ ન થાય. **દીનનાં કામમાં આંખમીંચ કરવી તેમાં ઘણું નુકશાન છે.**

અમારા બાતુની દીદાર આપવા માટે હમેશાં દુઆ વખતે અમે જમાતખાનામાં હાજર હોઈએ છીએ, માટે તમારે પણ તેમજ સમજીને દુઆમાં મશગુલ રહેવું.

મુખી કામડીઆ જો જમાતખાનામાં હાજરી ન આપે તો, જમાત કેમ ચાલી શકે? ખાનાવાદાન."

## ફરમાન ૧૪૨ મું.

મુંબઈ તા. ૮-૩-૧૯૦૮.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"મુખી કામડીઆ અને કમીટીના હુકમમાં રહેવું એ જમાતની

ફરજ છે. કમીટીએ આપેલા ઇન્સાફમાં ભુલ પણ જણાય તો પણ તે વખતે કબુલ રાખીને ફરી અરજીથી તેઓનું ધ્યાન ખેંચવું, કારણ કે તેઓ પણ કાંઇ ફિરસ્તા નથી જે તેઓની ભુલ ન થાય; ઇન્સાન છે, તેઓથી ભુલ પણ થઇ જાય.

ખરાબ કામ કરીને તમારા નામને કલંક લગાડતા નહિ. તમે જો આપણા દીનને મદદ કરવા માંગતા હો તો, ફારસી કિતાબોના તરજુમા કરીને, આપણા દીનની મજબુતી કરો. પણ તેને બદલે ફિતના ઉભા થાય તો તમોએ દુશ્મની કરી એમ સમજવું જોઈએ.

દરેક જમાતની ફરજ છે કે, નાના મોટા સર્વેને અમારા ફરમાનની યાદી આપતા રહે. સ્કુલો તથા લાઇબ્રેરીઓમાં પણ અમારા ફરમાનની કેળવણી આપવી જોઈએ; જેથી અમારૂં ફરમાન શું છે? તે સર્વેને યાદ રહે.

આપણા ઈલમમાં સુધારો કરવાની મદદ આપતા રહો. પરાઈ ભાષાની કિતાબોમાંથી ગુજરાતીમાં તરજુમાં કરીને પોતાના દીનને મજબુત કરવામાં તત્પર રહો.

વહોરા લોકો ત્રણસોથી ચારસો વર્ષ સુધી આપણી સાથેજ હતા. તેઓ પોતાની મરજીથી છુટા પડી ગયા, તેમજ ઇસ્નાઅશરી જુદા થયા છે, તેઓની સાથે હસદ અથવા દુશ્મની રાખવી તમોને ઘટારત નથી.

તમારૂં કામ એ છે કે, પોતાના દીનમાં મદદ કરી વધારો કરો. જો તમોને દીનની લાગણી હોય તો એવા વિચાર કરો કે, કેવી રીતે જમાતને બેસવાની સારી જગ્યાની ગોઠવણ થાય? જમાતમાં ઇબાદત કેમ ઠીક થાય? અને બચ્ચાંઓ કેમ ઇલમનો અભ્યાસ કરી શકે?"

## ફરમાન ૧૪૩ મું.

મુંબઇ તા. ૩૦–૩–૧૯૦૮.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમારો દીન આસ્તે આસ્તે સુરજ મિસાલ ખુલ્લો થશે.

તમારામાંથી સમજુ અને અકલવાળા જે ઇલમ ધરાવતા હશે તેઓ તે જોઇને ખુશી થશે.

તમે રૂહ પરસ્ત છો માટે તમારે રૂહ પરસ્તજ રહેવું જોઈએ. જાહેરમાં હાથ પગ ધોઇને દોસ્તી રાખવાનું દીન પાળનાર મૌલાના દીનમાં કાંઇ ફાયદો મેળવી શકતા નથી, માટે તમારે રૂહ પરસ્ત રહેવું જોઇએ."

## ફરમાન ૧૪૪ મું.

મુંબઇ તા. ૪–૪–૧૯૦૮.

હક મોલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"**અમે મુખ મુબારકથી કબુલ કરીએ તે, તમોને સવાબ થઈ ચુકયો એમ સમજજો.** તમે ઈસમાઇલી દીનમાં મજબુત રહેજો. ગાફલ નહિ રહેતા. સુરજ ઉગે છે અને જેમ રોશની જાહેર થાય છે, તેમ આપણા દીનની રોશની જાહેર થશે.

તમે પોતાના દિલમાં પોતાના રૂહને એટલે અમારા નુરને જુઓ. સુરત એટલે બદન તો દરેકનું ખાક છે. બદનને બિમારી પણ લાગુ પડે છે, રૂહને કાંઈ થતું નથી. જે કોઇ રૂહાની ઇશ્ક રાખે છે તેજ ખુદા પરસ્ત છે **બદનને જોનાર બુત પરસ્ત છે.**

**દરેક ઇન્સાનના રૂક સાથે ઇમામનું નુર જોડાયેલું છે.** મોમનનું દિલ એ ઇમામને રહેવાનો બંગલો છે અને તે ઇશ્ક ઉપર ટકેલો છે. જો તે નુર જોવામાં આવે તોજ ઈમામની ખુબી છે. ઇમામની ખુબી છે તે નુર છે.

મુરશિદ જે ફરમાન કરે, તે વગર આનાકાનીએ તમારે મંજુર રાખવા જોઇએ. આવી રીતનું ફરમાન કેમ થયુ? તે તમારે બોલવાનું નથી. અમે રાત કહીએ તો રાત અને દિવસ કહીએ તો દિવસ, પણ ઇમામની અક્કલ મુજબ તમારે ચાલવું જોઈએ. **ઇન્સાનની અક્કલનું મુળ પણ ઇમામનીજ અક્કલ છે.** ઈમામના હુકમ વચ્ચે તમારી અક્કલ દોડાવવાનું કાંઈ પણ કામ નથી.

અમે કહીએ છીએ કે જે કાંઈ છે તે રૂહજ છે, માટે તેની તપાસ કરો કે તે શું છે? તે કયાંથી આવ્યો? તે નુરની નિગાહ કરવી જોઇએ."

## ફરમાન ૧૪૫ મું.

પુના તા. ૨૮–૬–૧૯૦૮.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"ખુદાની મહેરબાનીથી હાલમાં જુના જુના ગીનાનો અને જુદે જુદે ઠેકાણે કરેલા અમારા ફરમાનોનો લાભ તમોને મળે છે. આવો લાભ અગાઉના વખતમાં માણસોને નહિ મળતો હતો, જેથી કરીને દીનથી બે ખબર રહી શેતાની કામ કરતા હતા. આ ઈસમાઇલી દીનની અંદર શરીયત, તરીકત અને હકીકતને તેઓ સમજી શકયા નહિ.

અરબી અને ફારસી ભાષાઓમાં તવારીખોની કિતાબો છે. તેમના ગુજરાતીમાં તરજુમા કરીને ઈસમાંઇલી લાઇબ્રેરીઓમાં રાખવા જોઇએ. એ કિતાબો ઇસમાઈલીઓના દુશ્મનોએ રચેલી છે, છતાં પણ ઈસ-માઈલી દીનની તારીફ તેઓ છુપાવી શકયા નથી. ઈસમાઇલી દીન સુરજ મિસાલ આસમાનમાં રોશન છે, જેથી દુશ્મનોને પણ એ દીન જાહેર કરવાની ફરજ પડી છે.

તમે દુઆ પડો છો તે ખુબીથી પડવી જોઇએ. એક એક શબ્દની મતલબ બરાબર સમજશો તો, તેની ખુબીની સમજણ પડશે. આ દુઆમાં એવું નથી કે મોટે અવાજે પડવાથી ખુદા મળી જાય. ખુદા મળવાનો રસ્તો શબ્દ ઉપર છે. તે શબ્દનો અર્થ સમજીને અમલ કરવો જોઇએ. તેમા મુખ્ય બાબત ઇમાન છે. ઈમાન વગર શેતાન ગલબો કરે છે અને બાજી આપે છે. ઈમાનનો પાયો ઈશ્ક ઉપર છે. જેમ ઈબાદતનો પાયો અમલ ઉપર છે, ને અમલનો પાયો ઈશ્ક ઉપર છે, તેમ ઈમાનનો પાયો ઈશ્ક ઉપર છે.

ઈશ્ક કેવો હોવો જોઈએ? જેમ એક બિયાબાન જંગલમાં કોઈ તરશ્યો પાણી માટે તલબ કરે છે, તેવીજ રીતે રૂહને પણ ઈમામનો ઈશ્ક હોવો જોઈએ.

ઇમામના બદન ઉપર નહિ, પરંતુ ઇમામના રૂહ ઉપર ઇશ્ક હોવો જોઇએ."

## ફરમાન ૧૪૬ મું.

રાજકોટ તા. ૨૦-૨-૧૯૧૦.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જે કોઇ અમારી સામે એક કદમ ચાલીને આવશે, તેને એક એકને બદલે સો સો દરજ્જે ફાયદો હાંસલ થશે. તમે ઈસ્માઈલી જમાતો અમારી ઓલાદ છો. તમોને જોઇને અમારી આંખો ઠંડી થાય છે. તમે અમારા દીઠામાં ફિરસ્તા જેવા લાગો છો.

ખુદા ન કરે અને તમારી જમાતોમાં કાંઈ તકરારો થાય તો, જમાતના અમલદારીઓ પાસે તેના ફેંસલા કરાવજો.

મિશનરીઓને જે મિજલસોમાં તેડાવ્યા હોય ત્યાંજ જાય, એ મિશનરીઓનું કામ નથી, એ તો મહેમાન માફક થયું. મિશનરી થનારાઓએ દુનિયા તથા ઈજ્જત (માનપાન) ઉપરથી હાથ ઉપાડી લેવો જોઇએ.

જે મિશનરીઓ ઈજ્જત આબરૂ સાથે તેડું આવે તો જવું, એવો ખ્યાલ રાખતા હોય; તેમણે મિશનરીના કામ ઉપરથી હાથ ઉપાડી લેવો જોઇએ. પાદરી, સાધુ, દરવેશ વિગેરે જે મિશનરીઓ છે, તેઓને કોઇ ગાળો ભાંડે છે, અથવા પથ્થર મારે છે, તો પણ સહનશીલતાથી ખમી લઇને ખુલ્લી રીતે બજારોમાં પોતાની વાએજો કરે છે.

જ્યાં પાંચ, દશ અથવા વીસ ઘર હોય ત્યાં મિશનરીઓએ વગર બોલાવે જવું જોઈએ. વર્ષમાં છ માસ લગી વાએજ માટે તેઓએ ગામોગામ ફરતાં રહેવું જોઈએ.

મિશનરીઓએ જમાતખાના સિવાય, બીજે ક્યાંયે ઉતારો કરવો નહિ. લોકો વાએજ સાંભળે અથવા ન સાંભળે, તો પણ મિશનરી પોતાની ફરજ પ્રમાણે વાએજ કર્યા જાય. આવી રીતે વર્તનાર ખરા મિશનરી છે. તે સિવાય બીજાઓ મિશનરીનું ખોટું નામ ધારણ કરે છે. મિશનરીઓને લોકો જાણે પણ નહિ, તો તેઓ કઈ જાતના મિશનરીઓ છે? આવું ખોટું નામ ધારણ કરનાર મિશનરીઓ ન હોય તો વધારે સારૂં.

દુનિયા જહન્નમ મિસાલ છે. જો હજાર બે હજાર કે કરોડ રૂપિયાની દૌલત હોય, ઉમર પણ સો બસોની હોય, તો પણ સઘળું ઝેર બરાબર છે.

અમારા મોમનની જે ખિદમત કરે છે, તે અમારી ખિદમત કરે છે. મોમનનો રૂહ તે અમારો રૂહ છે.

જે કોઈ મોમન દુર દેશાવરથી મહેનત લઈ, અમારી હુઝુરમાં આવે છે, તેને અમે દુઆ આશિષ આપીએ છીએ. બીજી દુનિયામાં તેનો રસ્તો આસાન થાય છે.

અમારા દીદાર કરી તમારે હસદ રાખવો નહિ જોઈએ. કુસંપ રાખવો એ મોમનનું કામ નથી. સર્વે એકજ બાપના દીકરા હોય, એમ સંપ સલાહથી ચાલવું.

ઈસમાઈલી દીન નુર મિસાલ છે. તમે નુર મિસાલ થાઓ, આતશ જેવા નહિ થાઓ. **કોઈની દુશ્મની કરવી મોમનને વાજબ નથી.** કાફરની પણ દુશ્મની નહિ કરવી. બીજાઓને ખરાબ ગણવા નહિ. તમે કોઈનાં આખરતના જજ નથી કે, જાણી શકો જે તેઓ કેવા થશે? આપણા દીનમાંથી નીકળી જનારા સામે પણ કિન્નો રાખશો નહિ.

ઈસમાઈલી દીનના રસ્તા ઉપર મજબુત થઈને ચાલજો. બચ્ચાં-ઓને દીન, ઇલમ, દુઆ, ગીનાન, ફરમાન, તવારીખ વિગેરે કેળવણી આપવી

અને તેઓને દીન ઉપર મજબુત કરવા. દરેક માણસ પાસે જઈ તેને દીનમાં મજબુત કરવાનો બોજો મિશનરીઓ ઉપર છે. ઈમાની માણસોની ફરજ છે કે, પોતાના દોસ્તો તથા કુટુંબ કબીલાને દીનનું શિક્ષણ આપતા રહે.

અલહુમ્દોલિલ્લાહ. તમારામાંથી ઘણા માણસોએ રૂહાની કામ કર્યું છે, તેમને લાજમ છે કે, પોતાના આમાલ સુધારે અને અમારા ફરમાન ઉપર ચાલે, આવી રીતે ચાલે તો રૂહાની કામ કર્યું તે પરમાણ છે.

તમે રાતના બંદગી કરો અને સવારમાં હુસદ કરો, બદ નજર કરો તો, ઉલટો બેવડો બોજો ગરદન પર ચડે છે. બદકામ કરવા હોય તો રાતે જાગીને બંદગી કરવાનું શું કામ છે? રાતના બંદગી કરવી અને દિવસના દુષ્ટ કામ કરવા ઈન્સાનને ઘટારત નથી.

તમારી ઓલાદની રૂબરૂ હમેશાં સારા કામ કરતા રહો કે, જેથી તેઓ પણ તમારૂં સદવર્તન જોઈને સુધરે. જો તમે ઔલાદની રૂબરૂમાં દુષ્ટ કામ કરશો તો, તેઓ પણ તેમજ શિખશે. એના ગુન્હા માબાપ પર રહે છે.

ઈસમાઈલી દીનની માન્યતા સમજી, દિલમાં ચોકસી કરો, પાછા પગલા નહિ ભરતા. જો તમે આગળ વધશો તો, જમીન જેવામાંથી આસમાન જેવા થશો. જેઓને ઈલમની ખબર નથી, તેઓને રૂહાની બાબતમા તમારા જેવા કરો.

તમો સર્વેને અમારી ઓલાદ માફક સમજીએ છીએ. જાહેરીમાં અમે ગમે તેટલા દુર હોઈએ, તો પણ અમે હમેશાં બાતુનમાં તમોને યાદ કરીએ છીએ. તમે એવા ખ્યાલ કદી પણ નહિ લાવશો કે, સાહેબ દુર છે. અમારા મોમન અમને અમારા વાળ કરતાં પણ વધારે નજદીક છે. ખાનાવાદાન."

## ફરમાન ૧૪૭ મું.*

જંગબાર તા. ૬-૭-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"આ જમાનામાં શેતાનનો ગલબો સખત છે. તમે શેતાનથી બહુ ડરીને ચાલજો અને ઘણી સંભાળ રાખજો. માણુસ સમજે છે કે, આ માણુસ છે, પણ માણુસ જાતનો દુશ્મન શેતાન લઇન† છે, તે મોમનનો દુશ્મન છે. તેને તમારા દિલમાં રસ્તો નહિ આપતા. શેતાનની વાતો સાંભળશો નહિ. શેતાન ગલબો કરે તેની ફિકર રાખી તમારા દિલને કિલ્લેબંદી કરજો.

તમો જમાત એખલાસથી ચાલજો. હમેશાં જમાતખાનામાં આવજો. જમાતખાનાને છોડતા નહિ.

મુખી કામડીઆ ગીનાનનો મુશાહેદો કરી જમાતને સંભળાવે તથા જમાતને હમેશાં બોધ કરે. જમાતમાં જેઓ મોટા છે, તેઓએ ધ્યાન રાખી ગીનાનની માયના કરી જમાતને બોધના કરવી."

## ફરમાન ૧૪૮ મું.*

જંગબાર તા. ૭-૭-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"મુખી કામડીઆએ જમાતની ઘણી સંભાળ રાખવી. હમેશાં જમાતખાનામાં આવજો અને ગીનાનનો મુશાહેદો કરી, હકીકતી દીનની સઘળાઓને સમજ આપજો અને જેને દીનના રસ્તાની ખબર નથી, તેને દીનના રસ્તા ઉપર લાવજો."

---

* ફરમાન ૧૪૭મુ તા. ૬-૭-૧૮૯૯નું અને ફરમાન ૧૪૮મુ તા ૭-૭-૧૮૯૯નું તેમજ ફરમાન ૧૪૯મું તા. ૯-૭-૧૮૯૯નું, પાને ૮૪થી ૮૭ સુધી છપાયેલ ફરમાન ૩૩મા બાદ નં. ૩૪-૩૫-૩૬ તરીકે છાપવા જોઇતા હતા પણ ભુલથી તે મુજબ છાપવા રહી જવાથી અંહિ છાપેલાં છે.

† લઇન એટલે ધિક્કારાએલો.

એક ભાઇએ અરજ કરી કે, "મારા દિલમાં વસવસો ઘણો થાય છે." હાઝર ઇમામે ફરમાવ્યું:

"તને શું થાય છે?"

તેણે કહ્યું.

"મારા દિલમાં યાદગીરી નથી રહેતી ગીનાન સાથે પ્રિતી નથી થતી, દિલમાં અંધારૂં પેદા થાય છે."

ત્યારે હાઝર ઇમામે તેને નસિહતો ફરમાવી કે:

૧. જુઠું નહિ બોલવું.

૨. પરાયા માલમાં તમા નહિ રાખવી.

૩. પારકી સ્ત્રી સામે બદનજરથી નહિ જોવું.

૪. હલાલ કમાવેલી રોજીમાંથી હક આપીને ખાવું.

૫. કોઇનો હસદ નહિ રાખવો.

૬. ગોલ્લીને નિકાહ કરી ઘરમાં નહિ રાખવી.

એ પ્રમાણે વર્તશો તો તમારા દિલમાં રોશની થશે અને ઇમાન, મહોબતમાં વધારો થશે."

## ફરમાન ૧૪૯ મું.*

જંગબાર તા. ૯-૭-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે સઘળા અમારી પાસે દુનિયાની વાતો લઈ આવો છો, દીનની વાતો પુછતા નથી તે કેવી દિલગીરીની વાત છે.?

તમે નિયાઝ-આબેસફા પીયો છો, તેમાં માટી અને પાણીથી કાંઈ તમારૂં દિલ સાફ થતું નથી; દિલ કેવી રીતે સાફ થાય, તેનો તમને વિચાર નથી. જે ઇતેકાદ, ઇમાન અને સચ્ચાઈથી તમે આબેસફા પીયો છો, તેનાથી દિલ સાફ થાય છે. જો દિલમાં સચ્ચાઇ ન હોય, તો ખાલી માટી અને પાણીનું નિયાઝ પીવાથી કાંઇ ફાયદો નથી.

---

* જુઓ ફુટનોટ પાને ૩૧૩

પહેલાં ઇમાન તથા દિલ સાફ થાય તો જ ફાયદો પહોંચે.

**જે અમારા સ્વરૂપને ઓળખતો નથી તેને માટી અને પાણી પીવાથી કાંઇ પણ ફાયદો થતો નથી."**

## ફરમાન ૧૫૦ મું.*

જંગબાર તા. ૧૪-૯-૧૮૯૯

હક મોલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"ઇન્શાઅલ્લાહ, આટલા દિવસ તમને ફરમાન કર્યાં, તે ભુલી નહિ જજો. તમારા સઘળા કામ સારા છે. કેટલાક કામ તમારામાં નહિ હતા, તે અમે તમને દેખાડયા. તે ઉપર તમે ચાલજો. અમે હર કોઈ જમાતમાં જઇએ છીએ, ત્યાં તેમને કામ દેખાડીએ છીએ.

જે બાબતો તમારામાં નહિ હતી, તે અમે તમને ફરમાવીએ છીએ તે પ્રમાણે ચાલો તો, તમને તથા તમારી ઓલાદ તેમજ પછીની ઓલાદને પણ એ પ્રમાણે ચાલવાથી ફાયદો થશે.

બચ્ચાંઓને દુનિયાનો ધંધો શિખવો છો, તે જ પ્રમાણે તેઓને દીનની બાબતો પણ શિખવવી જોઇએ.

હકીકતી મોમન દુનિયાનો અને દીનનો ઇલ્મ બરાબર જાણે. દીનની જે બાબતો છે, તે અમે તમને કહીયે, તે પ્રમાણે તમારા બચ્ચાંઓને શીખવો અને તે પ્રમાણે તેઓ વર્તે.

અમારો વિચાર એ છે કે, બચ્ચાંઓને માટે સ્કુલો ચાલુ કરવામાં આવે. તમો તમારા બચ્ચાંઓને દીનનો ઇલ્મ શીખવો. ત્રણ ચાર પઢેલા શખસો શિખવી જાણનારા તમે મેળવો. તેઓ તમારા બચ્ચાંઓને દીનનો ઇલ્મ શિખવે.

બધાં કરતાં તમને વાજબ તથા લાજમ છે કે, પહેલાં બચ્ચાંઓને ગીનાન શીખવો, કેમકે તમારી જબાન ગીનાનથી હળેલી છે.

---

* ફરમાન નં ૧૫૦થી ૧૬૦ સુધીના એટલે ત. ૧૪-૯-૧૮૯૯થી તા. ૨૯-૯-૧૮૯૯ સુધીના ૧૧ ફરમાનો. ફરમાન ૪૫મું કે જે પાને ૧૨૦માં ખલાસ થાય છે, ત્યાંથી અક્રમે છાપવા જોઇતા હતા પણ ભુલથી તે મુજબ છાપવાના રહી જવાથી અહિ છાપેલાં છે.

**તમે તમારી ભાષામાં ઈલ્મ પડો તો તમને ફાયદો થાય.** જે કંઇ વાત છે તે ખુદાના વાસ્તે છે. ઇબરાની, સુરીયાની, આ ભાષા, અથવા પેલી ભાષા ખુદાને વાસ્તે સર્વે એક જ છે. ખુદા બધી ભાષા જાણે છે.

ખુદાનું મકાન આ ગામ, પેલે ગામ, સર્વે ઠેકાણે છે. સર્વે ઠેકાણે ખુદાનું ઘર છે.

તમારા બચ્ચાંઓના માટે દીનની સ્કુલો ખોલવામાં આવશે. તમને લાજમ છે કે તમારા બચ્ચાંઓને ઇલ્મ શિખવો.

જેઓને કુરઆન શિખવાની ઈચ્છા હોય, તેઓ કુરઆનનો હકીકી અર્થ જાણનાર પાસેથી શિખે. આ પ્રમાણે શિખવાથી તેની ખરી માયના શું છે તે ખબર પડશે.

તમે ખોજાઓને દીનની કેટલીક કિતાબોની ખબર નથી. તમારામાંથી કેટલાકોએ દીનની એવી કિતાબો વાંચી નથી, એ કિતાબો વાંચશો ત્યારે તમને સમજ પડશે અને તમારામાં ખરાબી નહિ થાય. એ કિતાબો વાંચવાથી તમારી અકલ તમને સાક્ષી આપશે કે, તમારો દીન સાચો છે અને તેની તમને ખાત્રી થશે.

દીવાને શમ્સ તબરીઝ તથા મસનવી મૌલાના રૂમની કિતાબો પડશો ત્યારે તમને ખબર પડશે કે, બીજા મુલ્કોમાં કેમ ચાલે છે? તમારો મઝહબ દરેક મુલ્કમાં છે.

**અમારા તરફથી બોધ કરનારાઓએ સર્વે લોકોને તેમની પોતાની જ ભાષામાં બોધ કીધેલો છે અને તેમની પોતાની જ ભાષામાં ઈલ્મ શિખવેલ છે.**

પીર સદરદીને તમને તમારી ભાષામાં ઇલ્મ શિખવ્યું એ જ પ્રમાણે, **અમારા તરફથી દીન બતાવવા ગયેલ માણસોએ જેમની જેવી જબાન હતી, તે જબાનમાં બોધ કીધો.** નકામી વાતોમાં વખત બગાડવા કરતાં, આવી કિતાબો પડો. અમારા ફરમાન ભુલી નહિ જતા, દિલમાં યાદ રાખજો.

દીનનો અર્થ તમે બરાબર સમજો કે જેથી તમને ખબર પડશે કે, દીનના મોટાઓ કેવા હુતા? અને તેઓ ખુદાની નજદીક કેવી રીતે થયા?

તમે ફિલસુફી પડો તો ખુદાવંદતઆલાની નજીક થઈ શકો. શમ્સ તબરેઝ, પીર સદરદીન તથા મૌલાના રૂમ, ફિલસુફી ઘણી પડયા હુતા, તેમજ કુરાને શરીફ માયના સાથે પડયા હુતા.

પીર શમ્સ, પીર સદરદીન, મૌલાના રૂમ, એઓ જ એવા થઇ શકયા એમ નહિ સમજતા, તમે પણ મહેનત કરી પડો તો એવા થઈ શકશો. તમારામાંથી કોઈ બરાબર પડે તો તે એવો થઇ શકે. તેઓના જેવો મરતબો મેળવવા માટે હિંમત જોઇએ.

કેટલાક જણ એવા વિચાર કરે છે કે ફકત માલ જ એકઠો કરીયે યાને ગધેડા જેવા થઈએ. આમા શું ફાયદો છે?

કોઈ ઇન્સાન વિચાર કરે કે, બહેશ્ત ઘણું મોટું તથા સારૂં મકાન છે. તેમાં સ્ત્રીઓ ઘણી છે યાને હુરાંઓ છે. જેમ દુનિયામાં સ્ત્રીઓ સાથે ઇશ્ક કરીયે છીએ, તેમ ત્યાં પણ કરશું. ખુબ ખાઇશું અને ખુબ આરામ કરશું. એવા વિચાર કરવા એ બહેશ્ત નથી, એ તો તબેલા માફક થયું.

સમજદાર ઇન્સાનને મોટી ઉમેદ રાખવી જોઇએ; તે એ છે કે, રૂહ જે ઠેકાણેથી આવ્યો છે તે અસલ મકાને પહોંચે, તેનો ખ્યાલ કરે. મરી ગયા બાદ રૂહ કયાં જશે તેનો ખ્યાલ કરે અને એવી હિંમત રાખે કે, અસલ મકાને પહોંચે.

જેમ મોટી નદીનું પાણી દરિયામાં પહોંચે છે, તેમ ઇન્સાનનો રૂહ પણ મોટા દરિયામાં જઇ પહોંચે છે. રૂહનો પણ દરિયો છે. રૂહ પણ ત્યાં જશે. તે એવી ઉમેદ રાખે કે, અસલ મકાને પહોંચુ. ઘણા પૈસા, મોટાં ઘર તથા ઘણી સ્ત્રીઓની ઉમેદ ન રાખે.

તમે સાંભળ્યું હશે કે, બુઢા ઘોડાઓના માટે બંદોબસ્ત કરવામાં આવે છે, જેમકે, પાંજરાપોળમાં રાખવામાં આવે છે. ત્યાં સારૂં સારૂં ખાવાનું તથા આરામ કરવાનું હોય છે. આવી રીતે બહેશ્તમાં પણ સારૂં ખાવાનું તથા સારે ઠેકાણે સુવાનું હોય, એ બહેશ્ત નથી પણ તબેલો છે. ઘોડા પાંજરાપોળમાં ખાય છે અને સુએ છે; ત્યાં તેઓના માટે સગવડો છે. મોમનને એવી ઉમેદ ન રાખવી જોઇએ. જે મોમન છે તે એવી ઉમેદ રાખે કે, અસલ મકાને પહોંચે.

તમે વિચાર કરો કે, તમારો રૂહ શું છે? તમે નરસાં કામ કરો છો, ત્યારે તમને તે મના કરે છે અને તમે સારા કામ કરો છો ત્યારે તમને કહે છે કે, આ કામ સારૂં છે, તું કર.

તમારે ખ્યાલ કરવો જોઈએ કે, રૂહ કયાંથી આવ્યો? પાછો રૂહ કયાં જશે? જેઓ ફિલ્સુફીની કિતાબો પડયા છે, તેઓ સર્વે જાણે છે. તેઓ પોતે કિતાબ પડવાથી ખ્યાલ કરશે. આવું ઇલ્મિ તમારા ઉપર વાજબ છે. ફિલસુફીની કિતાબો હોય, તે તમે પડજો તથા સમજજો. તેમાં મોટી હિંમત છે.

તમે બીમારીની દવા લેવા અમારી પાસે આવો છો પણ અમે ડાકટર નથી, અમે તો રૂહના ડાકટર છીએ. માથું અથવા બદનની બીમારીના ડાકટર અમે નથી. અમે તમારા રૂહના ડાકટર છીએ. માટે અમારા ફરમાન સાંભળી, તે ઉપર અમલ કરો, તેનાથી તમને ફાયદો થશે.

કુરઆને શરીફ પણ હિકમત તથા દાનાઈ સાથે પડો તો વાજબી છે, પણ હિકમત અને દાનાઈ વગર જે પડે છે, તે ગધેડા મિસાલ છે. હિકમત સાથે પડશો તો ફાયદો થશે. કુરઆને શરીફમાં આ એક આયાત છે કે, "ખુદામાંથી આવ્યા છીએ અને પાછા ત્યાં જશુ." જો તમે હિકમત સાથે પડશો તો આવા બોલ સમજાશે.

અમારા ફરમાન તમને સખત લાગે છે અને ઘણા મુશ્કીલ માલમ પડે છે, પણ અમારી ફરજ એ છે કે તમને ફરમાન કરીયે.

તમે જેમ દુઆ પડવા આવો છો, તે પ્રમાણે હમેશાં આવજો, એવું ન થાય કે અમારી જાહેર હાજરી હોય ત્યાંસુધી જ આવો અને પાછળથી નહિ આવો. એમ કરતા નહિ.

જેમ જમીનમાં બી વાવવામાં આવે છે, તેમ અમારા ફરમાન દિલમાં રોપજો, તો તેમાં સારા સારા ફળ ઉત્પન્ન થશે.

ઇન્શાઅલ્લાહ તમે અમારી સાથે હશો."

## ફરમાન ૧૫૧ મું. *

જંગબાર તા. ૧૬–૯–૧૮૯૯.

હક મોલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમોએ અમારી ઘણી ખિદમત કરી તે અમે યાદ કરશું. તમે હમેશાં અમને યાદ કરજો. તમારી યાદ અમારાથી ઘડી પણ વીસરાશે નહિ. અમે તમને હમેશાં યાદ કરીએ છીએ. નાના, મોટા, સહુ ઉપર ઘણી મહોબત રાખીયે છીએ, તમોએ જે મહોબત રાખી છે, તે અમે ભુલશું નહિ. તમારામાંથી એકેએકની પણ મહોબત ભુલશું નહિ.

તમારી પાસે અમારી એક માંગણી છે, તે એ છે કે, જેમ અમે તમને વીસારતા નથી, તેમ તમે પણ અમને નહિ વીસારતા.

અમે તમારા પીર મુરશીદ છીએ. તમે અમારા ફરજંદ છો. **પિતા પોતાના ફરજંદનો ફાયદો ઇચ્છે છે, તે કરતાં પણ વધારે અમે તમારો ફાયદો ઇચ્છીએ છીએ.**

અમે એવી દુઆ કરીએ છીએ કે, તમે રાત દિવસ સારા કામ કરો. અમારા દિલમાં મુળ એ વાત છે કે, જે કામમાં તમારો

* જુઓ ફુટનોટ પાને ૩૧૫

ફાયદો હોય, તે અમે કરીએ. તમારૂં ભલું થાય, એનો વિચાર કરીને અમે ફરમાન કરીયે છીએ.

તમે એમ નહિ ધારતા કે, સવારમાં વિચાર કરીને પછી તમને અમે અહીં ફરમાન કરીયે છીએ. તમે યકીન રાખજો કે, અમારો મકસદ તમારા ફાયદા માટે છે. અમારો એ મકસદ છે કે, જે અમારા ફરમાન પ્રમાણે ચાલે તે ફિરસ્તા જેવો થાય અને તેમાં કાંઈ એબ ન હોય. તેઓના દુનિયા તથા દીનના કામ સારા હોય અને તેઓમાં દુનિયા તથા દીનનો ઈલ્મ હોય. જે સારા માણસો છે, તેઓના કામ કાયદાસરના હોય. તેઓના દીન તથા દુનિયાના સર્વે કામ દુરસ્ત હોય. તમે ઘણા સારા છો.

તમે એવી રીતે ચાલો કે, હિંદુ, મુસલમાન, યહુદી, નસારા, સુન્ની વિગેરે સર્વે કોમો અમને કહે કે, તમારા મુરીદો ઘણા નેક થઈને ચાલે છે અને તેઓ ફિરસ્તા જેવા છે, આ બધું તમારા હાથમાં છે.

અમે તમારા હકમાં દુઆ ફરમાવીએ છીએ. દુઆ કરવામાં રાત દિવસ અમે તમને ભુલી જતા નથી. નુરને વખતે અમારા બધા મુરીદોને અમે દુઆ ફરમાવીએ છીએ. અમારા સઘળા મુરીદોને માટે બે કલાક નુરાની વેળાએ દુઆ ફરમાવીએ છીએ. નાના, મોટાં, પરણેલા, કુંવારા, બાઇઓ, છોકરીઓ, પરણેલીઓ, કુંવારીઓ, ગરીબ તથા શ્રીમંત સઘળાને માટે દુઆ કરીએ છીએ કે, ખુદાવંદતઆલા તમારૂં ઈમાન બરાબર રાખે. તમારા કામ બરાબર હોય. અમે તમને દુઆ કરીયે છીએ કે, તમારો દીન બરાબર સમજો. તમારા સર્વે આમાલ સારા થાય. દુનિયામાં ખરાબ કામ નહિ કરો, ખોટું નહિ બોલો, સચ્ચાઇથી ચાલો. અમે રાત દિવસ તમારા માટે એ જ દુઆ ફરમાવીએ છીએ.

ઈન્શાઅલ્લાહ, તમારા માલ તથા ઓલાદમાં બરકત થાય. પહેલાં તમારા દીનના માટે દુઆ કરીયે છીએ કે, તમારા દીનમાં

મુસ્તકીમ રહો. પછી તમારા આમાલને માટે દુઆ ફરમાવીએ છીએ કે, તમારા આમાલ સારા થાય. ત્યારબાદ દુનિયાને માટે દુઆ ફરમાવીએ છીએ કે, દુનિયામાં નેક થઈને ચાલો અને બધી રીતે તમારૂં સારૂં થાય.

અગાઉ તમને અમે નસિહતો કરી છે, તે બધી તમને ધ્યાનમાં હશે; ભુલી નહિ ગયા હો, યાદ રાખજો. પહેલી નસિહત એ છે કે, તમે પોતપોતામાં સંપ સલાહ રાખજો, ઝઘડા નહિ કરતા. કદાપી શેતાનની હરકતથી પોતપોતામાં નાણા વાસ્તે અથવા બીજી કોઇ બાબતસર લડયા તો, પાછા પોતપોતામાં સલાહ કરી સમજણુ કરી લેજો. પોતામાં એકદિલી કરી લેજો. પોતપોતામાં સુલેહ ન થાય તો બહાર જતા નહિ. પહેલાં પોતાના અમલદારીઓ પાસે જજો, તઓ તમારો ઇન્સાફ ન કરે, તો પછી તમારી ખુશી. પરંતુ પહેલાં કોર્ટમાં કદી નહિ જતા, એમા સઘળી જમાતના હકમાં નુકશાન છે. આ દુનિયાની વાતો છે.

દીનની વાતો કહીએ છીએ, તેમાં કેટલીક દુનિયાની નસિહતો પણુ માવતર તરીકે તમને ફરમાવીએ છીએ. તે સઘળું તમારા ફાયદા માટે છે. અમને તેમાં કાંઇ નથી. આ સઘળી નસિહતો દિલમાં રાખજો, દિલમાંથી બહાર કાઢી નહિ નાખતા.

પહેલાં પંજેભાઈઓને લાજમ છે કે, કોઈ પંજેભાઈ બીજા પંજેભાઇ ઉપર કોર્ટમાં ફરિયાદ ન કરે. આ કામ બની શકે એવું છે. પંજેભાઇઓમાં પોતપોતામાં તકરાર થાય તો, પહેલાં કમીટી પાસે જાય. મને ખાત્રી છે કે પંજેભાઈઓ કજીયા જમાતમાં જ ઉકલાવશે. જમાતમાં વકીલો તથા બારિસ્ટરોનો ખરચ નથી. જમાત ઈન્સાફ કરે તેમાં ઘણાં ફાયદા છે. પંજેભાઇઓ પોતપોતામાં બંદોબસ્ત કરે, પંજા લીયે કે, કોઈ બાબતની તેઓમાં તકરાર થાય તો, પહેલાં કમીટીમાં જવું. કમીટી તમારો ઇન્સાફ ન કરે તો,

પછી આગળ પગલા ભરવા. આવી રીતે તમને ઘણા ફાયદા છે. પોતપોતામાં સલાહ સંપથી ચાલવામાં ઘણો જ ફાયદો છે.

અમારા ફરમાન તમારા દિલ તથા કાનમાં રાખજો. તમારા ભલાના માટે ફરમાન કરીયે છીએ.

તમારામાં કોઈ ગરીબ દીનભાઈ હોય, તેને સો વર્ષ પુરા થાય અર્થાંત ગુજરી જાય તો, તેના મૈયતમાં જવું. મોમનને ગરીબ કે પૈસાદાર કોઇ વધારે નથી. બન્ને બરાબર છે.

તમારૂં નામ દરવેશ છે અને અમારૂં નામ પણ દરવેશ છે. અગર અમને કોઇ પુછે કે તમારો મઝહબ કેવો છે? પહેલાં તો અમે કહેશું કે, અમારો મઝહબ દરવેશીનો છે. દરવેશી મઝહબ સઘળાં કરતાં ઉ-તમ છે. તમારો મઝહબ પણ દરવેશીનો છે. તે ઘણો જ સારો છે.

તમારામાંથી કોઇ ગરીબ મરી જાય તો, તેના મેયતમાં સર્વે જણાએ જવું. દીનભાઇના મૈયતમાં એક કદમ ચાલશો તો ઘણો સવાબ છે. કોઈ ગરીબ વિવાહ કરે તો, જેમ પૈસાદારને ઘેર જાઓ છો, તેમ ગરીબને ઘેર પણ જાઓ; પણ તેમને ચા, શરબત, પાન વિગેરેનો ખરચ કરાવવો નહિ. તેને ખરચ કરાવવો ઠીક નથી. જો બસો માણુસો તે ગરીબને ઘરે ચા માટે જાય તો તે બીચારાને ખરચ થાય, તેને ખરચ કરાવવો ઠીક નથી. તેને ખરચ કરાવવો એ મહોબત નથી, એ તો દુશ્મની થઇ. તેને ઘરે સહુ જાઓ પણ ગરીબને ખાવા, પીવા વિગેરેનો ખરચ કરાવવો નહિ. નાણાવાળા વિવાહ કરે છે તેવી તેના વિવાહમાં શોભા દેખાય અને તેને દુઃખ ન પહોંચે અને તે રાજી થાય તેમ કરો. આ બધું તમારા ફાયદા માટે છે. અમારા ફરમાન સાંભળી ભુલી નહિ જજો દિલમાં રાખજો.

તમોએ સાંભળ્યું હશે કે, અમોએ છાંભો યાને રમતગમતની જગ્યા જુવાન પંજેભાઇઓ માટે આપેલ છે. તે ફકત રમતગમત

માટે જ નથી, પણ તેમાં રમત સિવાય બીજા હજારો ફાયદા છે. બીમાર હોય તે હવાખોરી માટે જાય. બગીચામાં ફરે તો તે તંદુરસ્ત બને. ત્યાં તમે રમશો, કસરત કરશો તો મજબુત થશો અને પોતપોતામાં દોસ્તી થશે.

જો નવરા બેસી રહેશો તો શેતાન છેતરશે. સાંજનો એ વખત વેપારનો નથી. જો એ વખતે નવરા બેસી રહેશો તો, નાચ રંગ વિગેરેના ખરાબ વિચારો ઉત્પન્ન થશે, પણ ત્યાં જઈ રમત-ગમતમાં પડશો તો બીજા ખરાબ વિચારો સઘળા ભુલી જશો. ત્યાં પૈસાવાળા તથા ગરીબ ભેગા થઈને રમશો તો સઘળા એક થઈ જશો. તમારા બધાના દિલમાં બરાબરીની ભાવના અને દોસ્તી થશે. પૈસાવાળાના મગજમાંથી નાણાંનો પવન નીકળી જશે અને ગરીબના દિલમાંથી રંજ નીકળી જશે. ત્યાં એવા ફાયદા છે. તમે સર્વે મોમન એક છો.

અમે તમને રસ્તો દેખાડીએ છીએ. રસ્તામાં પથ્થર પડેલા હોય તે ખેસવીને રસ્તો સાફ કરી આપીએ છીએ. હવે તે ઉપર ચાલવું કે ન ચાલવું તે તમારી ખુશી ઉપર આધાર રાખે છે.

તમને મઝહબ વિષે ફરમાન કરેલા છે, તે ભુલી નહિ જશો. તે મુજબ અમલ કરજો. તમે ખુદાના આશક થાઓ અને ખુદાના ઈશ્કમા મસ્ત બનો.

તમે વિચાર કરો કે, રૂહ કયાંથી આવ્યો અને પાછો કયાં જશે ? અમારા ફરમાન બરાબર દિલમાં રાખજો, ભુલી નહિ જતા. જરાપણ ગફલત નહિ કરતા. તમે દિવસમાં બે કલાક વિચાર કરો કે, રૂહ કયાંથી આવ્યો અને પાછો કયાં જશે ? તમે નેક કામ કરો. નેક કામ તે શુભ અને ખુબી ભરેલા છે. નરસાં કામ ખરાબ છે. તમારા દિલમાં એ ખ્યાલ જોઈએ કે, રૂહ કયાંથી આવ્યો અને પાછો કયાં જશે ? એ ખ્યાલ દિલમાંથી અળગો નહિ કરજો. આ બધો ઇશ્ક, તમારા વિચાર અને મહોબત વાસ્તે છે.

અમે તમારા માટે ઇશ્ક ઇચ્છીએ છીએ, તેથી સારો રસ્તો તમને દેખાડીએ છીએ. તમે તેના ઉપર અમલ કરજો. તમે અમને કોઇ ચીજ વસ્તુ આપો, તેથી અમે ખુશી થઇએ એમ નથી. અમારા ફરમાન ઉપર અમલ કરો, ત્યારે અમે રાજી થઇએ. કોઇ વસ્તુ કે ચીજ લાવવા કરતાં તમે અમારા ફરમાનમાં રહેશો તો અમે વધારે રાજી થઇશું.

મુખી કામડીઆ અને અમલદારોનું કહેવું માનજો. કોઇ અમલદાર તમારા ઉપર ગરમ થાય ત્યારે તમારા દિલમાં તે માટે રંજ ન થવો જોઇએ યાને ગુસ્સો ન આવવો જોઇએ. તેમનું કહેવું તમે માનજો. તેઓ અમારા તરફથી અમારા વકીલ છે.

મોમન મોમન વચ્ચે હમેશાં એકદિલી તથા સંપ રાખવો. તમારો દીન હાથમાંથી નહિ છોડી આપશો. અમારી ઇચ્છા એ છે કે, દીનને બરાબર પકડી રાખો. જે તમે ન સમજો તે અમને પુછો.

મગરબ વખતે દુઆ ટાણે અડધાથી એક કલાક જમાતખાને જજો, જેથી જમાતખાને જવાની તમારી આદત થશે. તમારામાંથી ઘણા જણ એમ સમજતા હશે કે, અમારૂં ઈમાન સાબીત છે, ત્યારે જમાતખાને શા માટે જઈએ ? એમ કરવું નહિ. જમાતખાને જઈ જમાત સાથે બંદગી કરો. પોતપોતામાં એખલાસ રાખો અને જમાતખાને હમેશાં આવજો. જેના ઘર દુર હોય તે પણ જમાતખાને આવી શકે છે.

અમારી તવારીખ વાંચો ને પુઠીઓ પડો. સઘળી તવારીખો વાંચો. બની ફાતમાઈત ઇસમાઈલી ઈમામો, જેઓ મિસરમાં બાદશાહો થઇ ગયા છે, તેઓની તવારીખ વાંચો. અમારા દાદાઓએ બસોથી ત્રણસો વરસ મિસરમાં બાદશાહી કરેલી છે, એ તવારીખો વાંચો.

નાદાન શું સમજે? તેઓ કદાચ એટલું પણ નહિ સમજશે કે શાહ ઈસ્માઇલ તથા મુસા કાઝીમમાં શું ફરક હતો અને શું

બન્યું. તમે અમારી તવારીખ વાંચો અને જુઓ કે કેટલા જુલમ થયા છે?!

શાહ હસનઅલીના વખતમાં શાહ ખલીલુલ્લાહ ઉપર કેટલા જુલમ થયા છે?! ચાલીસ, પચાસ વર્ષ અગાઉ, કેટલાક મુરીદોને મારી નાંખવામાં આવ્યા, તોપણ તેઓએ પોતાનો દીન મુકયો નહિ. કેટલા જુલમો થયા છે! સિત્તેર હજાર મુરીદો મરાઇ ગયા તોપણ તેઓએ પોતાના દીનને છોડયો નહિ. તમે પણ દીનના એવા-જ આશક થાઓ.

અલહમ્દોલિલ્લાહ, હાલના જમાનામાં આરામ છે. તમે પણ એવા થાઓ કે, દીનને નહિ મુકો. જાન જાય તો ભલે, પણ દીનનો ત્યાગ નહિ કરો. માથું કુરબાન થઈ જાય તોપણ દીન નહિ છોડો.

તમારી આંખો, જબાન, હાથ, સર્વે પાક હોય. બધું સત્ય સત્ય અને સત્યજ હોય. આવા લક્ષણ વાળો ઈન્સાન ગોયા ફિરસ્તો છે."

## ફરમાન ૧૫૨ મું.

જંગબાર તા. ૧૮-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે જંગબાર ખાતેની ઇસમાઇલીઓ માટેની કલબને ખુલ્લી મુકાયેલી જાહેર કરતાં ફરમાવ્યું:

"આજે આ કલબ ખુલ્લી મુકતાં અમને ઘણી ખુશી થાય છે. એવું ન થાય કે, તમે આ કલબમાં ન આવો, એમ કરશો નહિ. કલબમાં જઈ ફાયદો મેળવજો. તમે જો કલબમાં નહિ જાઓ તો, અમને ઘણો રંજ થશે. તમે કલબને ઘણી મદદ કરજો. કલબનાં માટે જે કંઈ વસ્તુ જોઇએ તે કમિટીને કહેજો, તે તમને બનાવી આપશે. તમે ચુપ બેસી નહિ રહેતા. કોઇપણ વસ્તુ જોઈએ તે માંગી લેજો. કલબથી બધાને લાભ થશે."

કલબમાં સગવડો પુરી પાડવા માટે કમિટીને ફરમાવ્યું કેઃ-

"ચા, શરબત, સોડા, કાવો વિગેરેની કલબમાં જોગવાઇ રાખજો.

જે કંઇ ચીજો તમારા દીનમાં હરામ છે તે ચીજો આ કલબમાં ખાવા, પીવાની મના કરીયે છીએ.

કલબમાં વાંચવા માટે છ સાત છાપા મંગાવતા રહેજો.

બિલયર્ડ-ટેબલ મંગાવજો, તે રમત ઘણી સારી છે. પચાસ વર્ષનો માણસ પણ તે રમત રમી શકે છે. તેમાં દોડવું પડતું નથી, નાના મોટા બધા રમી શકે છે. સઘળાઓના માટે ફાયદો છે.

બહાર બીજે કયાં નવરા બેસી નકામી વાતો કરો તે કરતાં કલબમાં આવો તો ઘણું સારૂં છે.

તમે આ રમતોનો બરાબર લાભ લેશો તો રમવાના બીજા સાધનો પણ બનાવી આપવામાં આવશે.

તમારા ફાયદાના માટે અમે આ બધું કરીયે છીએ. યાને અમે તમારા માટે જમવાનું તૈયાર કરાવી રાખીયે છીએ. તમે ખાઓ અથવા ન ખાઓ તે તમારા હાથમાં છે. એમ તો ન બની શકે કે, અમે તમને ખવડાવીએ અને તમરા મોઢામાં કોળિયા મુકીયે.

બાઇસીકલની શરતો માટે તેમજ ક્રિકેટની રમતો માટે જગ્યા સાફ બનાવજો. સાત આઠ રમતોના સાધનો રાખજો, જેને જેવી રમત રમવી હોય તેવી રમે. રમવા માટે ગંજીફો યાને રમવાના પાના રાખજો, પણ પૈસાથી જુગાર બિલકુલ રમતા નહિ. પૈસા રાખીને પાનાની રમત રમતા નહિ. આ જગ્યા સારા કામો માટે છે.

તાલીમખાનું બનાવો તેમાં કસરત કરવાથી તેમજ કુસ્તીઓ કરવાથી શરીરને કુવ્વત મળશે.

તમે કલબનો બરાબર લાભ લેજો. કલબથી દુર નહિ ભાગતા. જો એમ કરશો તો અમને ઘણોજ રંજ થશે.

અમારૂં કામ એ છે જે, તમને રસ્તો બતાવીએ. રસ્તામાં પથ્થર કે ઝાડ હોય તેને ખસેડી રસ્તો સાફ કરી આપીયે, તે રસ્તા ઉપર તમે ચાલશો તો તમને ફાયદો છે, નહિ ચાલશો તો અમને કંઇ નુકશાન નથી.

સાલગ્રેહ અને ઇદ જેવા મોટા દિવસે દર વર્ષે બાઇસીકલની રેસ ગોઠવજો. રેસ જીતનારને ઇનામ આપવા માટે કપ મોકલી આપશું.

તમારા બચ્ચાંઓ રમતગમતમાં ભાગ લેસે તો, તંદુરસ્ત રહેશે અને બીમારી ઓછી થશે અને આપસમાં ભાઇચારો વધશે."

અત્રે પીરા દેવજી નામના એક ભાઇએ મૌલાના હાઝર ઇમામની હુઝુરમાં અરજ રાખી કે, આપ નામદારે જુન મહિનાની ૨૮મી તારીખે જંગબારની ભુમિ ઉપર કદમ મુબારક ફરમાવ્યા તેની યાદગીરીમાં દર વર્ષે એ દિવસે આ કલબમાં ખુશહાલી ઉજવવામાં આવે, જેનો ખરચો હું આપીશ. એ ઉપરથી મૌલાના હાઝર ઇમામે દુઆ આશિષ આપી ફરમાવ્યું.:

"અમે તમારા ઉપર ઘણા રાજી થયા છીએ, તમે હમેશાં અમારી નજીક હશો."

## ફરમાન ૧૫૩ મું.

ભાગામોયા તા. ૨૦-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે માલેવાજબાત આપો, તે સાથે જમાતની ખિદમત તથા દીનનો વધારો કરવો જોઇએ. ફકત માલેવાજબાત આપવાથી શું ફાયદો થાય? તમે ચોવીસ કલાકમાં બાવીસ કલાક દુનિયાનું કામ કરો, બાકી બે કલાક જમાતખાનામાં આવીને ઇબાદત કરો. તમે મોમન છો. બેઈમાન માણસોથી ઘણા દુર રહેજો.

ફકત અમને જોઇને તમે ખુશી થાઓ તેમાં શું ફાયદો થાય? તમે અમારા ફરમાન સાંભળી દિલમાં રાખજો. તમે અમને જોશો

અને દીનના ફરમાન મુજબ નહિ ચાલો તો શું ફાયદો થશે? તમે તમારા દીનનો બંદોબસ્ત કરજો. તમે દીનના કહેવા ઉપર અને અમારા ફરમાન મુજબ ચાલો, ત્યારે જ તમને ફાયદો થાય.

નાના બચ્ચાંઓને આપણા દીન ગીનાનના રસ્તાથી વાકેફ કરજો. તેમને આપણા ધર્મનું ઈલ્મ શીખવવાની હિંમત કરજો. નાના બચ્ચાઓને શીખવી હુશિયાર બનાવજો.

તમારામાંથી કોઈ કહે કે હું મોટો છું, પણ એમ મોટા થવાતું નથી. ઝાઝા માણસો મળીને જેને મોટો બનાવે તે મોટો છે, નહિ કે બે જણ જેને મોટો કહે તે મોટો કહેવાય.

તમે હમેશાં ગીનાન પડો તેનો મુશાહેદો કરો તો, દિનપ્રતિદિન તમને દીનની વધારે ખબર પડશે."

## ફરમાન ૧૫૪ મું.

ભાગામેયા તા. ૨૧–૯–૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે ખુદાવંદતઆલાને ભુલી નહિ જતા. પોતાના દીનથી ગાફેલ નહિ થતા અને શેતાનના ફરેબમાં નહિ આવતા. તમે તમારા દિલમાં શેતાનને જગ્યા નહિ આપતા.

ઈમાન છે તે પોતાના હાથમાં છે. જો તમોને આખરત જોઈતી હોય તો પોતાના રૂહને ખુદાના ઇશ્ક તથા મહોબતમાં રાખજો. હમેશાં ખુદાના ખ્યાલમાં રહેજો. ખુદાનો ખ્યાલ ઘડી એક પણ નહિ વિસારતા. અમે એમ નથી કહેતા કે, દુનિયાનો ધંધો છોડી આપો, પણ ધંધો સફાઈ તથા સચ્ચાઈથી કરજો.

હઝરત અમીરૂલ મોઅમનીને એક વખત ખુદાવંદતઆલા પાસે દુઆ માંગી કે, 'યા ખુદા! બહેસ્તની ઇચ્છાથી અથવા દોજખની બીકથી ડરીને હું ઈબાદત નથી કરતો. હું સમજું છું કે ખુદાવંદ તું ઈબાદતને લાયક છે.'

ઇન્સાનને લાજમ છે કે ખુદાવંદતઆલાનો ઇશ્ક દિલમાં રાખે. ઇન્સાન દુનિયાના ઇશ્કમાં કેટલો મુસ્તાક રહે છે અને કેટલી જહેમત અને બેકરારી કરે છે? તે કરતાં પણ હજારો દરજ્જે વધારે ખુદાનો ઇશ્ક રાખવો જોઇએ.

તમો સઘળા માણુસોના દિલમાં ખુદા બેઠો છે. તમારી આંખો કરતાં પણ ખુદા તમને વધારે નજીક છે.

તમારા આમાલ સારા થાય એવા કામ કરો અને હમેશાં ખુદાને યાદ કરો. ભુલી નહિ જાઓ. ખુદાવંદ કરીમનું નુર તમારા દિલમાં વસી રહ્યું છે, તે નુરને મહોબત વડે દિન પ્રતિદિન વધારો. દિવસ તથા રાતના ચોવીસ કલાક છે, તેમાંથી દશ બાર કલાક દુનિયાના કામ કરો, છ કલાક સુઓ, એક કલાક આરામથી બેસો અને ત્રણથી ચાર કલાક હમેશાં ખુદાને યાદ કરો. જુઠું બોલવું, હરામખોરી કરવી, પરાયો માલ ખાઈ જવો વિગેરે ખરાબ કામ છોડી આપો.

ખુદાવંદતઆલા તમારી તરફથી એ ઇચ્છે છે કે, તમે બંદગી ઇબાદત કરો. ઉઠતાં, બેસતાં, ચાલતાં, ખુદાને યાદ કરો. પરાયો હરામનો માલ ખાશો તો તમારા દિલમાં ખુદાનો ઇશ્ક પેદા નહિ થાય અને અંધારૂ થઇ જશે.

નમાઝ વિગેરે જાહેરીની ઇબાદત કરો ને પોતાનું દિલ બીજે ઠેકાણે ઘુમતું હોય, એમાં કાંઈ ફાયદો નથી. જે અરબ લોક બે થી ચાર બાઇડીઓ કરે છે, નમાઝ પણ પાંચ વખત પડે છે, પણ તેઓના દિલ તેઓની બાઇડીઓ માટે સહેવતમાં રહે છે, ત્યારે નમાઝ શું ફાયદો કરે? એવી નમાઝ કરતાં ન પડે તો વધારે સારૂં છે.

તમે હમેશાં તમારી આંખો બદ નજરથી દુર રાખો, તમારા હાથ પરાયા માલથી તથા તમારા પગ હરામને રસ્તે જવાથી અટકાવો. તમે અમારા ફરજંદો છો. અમારા ફરમાન ઉપર અમલ કરશો તો

સારૂં છે, નહિ તો તમારી પાસે અમારા આવવાથી શું ફાયદો થયો ? તમે હમેશાં અમારા ફરમાનોનો વિચાર કરજો, જરૂર વિચાર કરજો. ભુલી નહિ જશો, તો અમારી મહેનત લેખે લાગી કહેવાશે. અગર તમે ખરાબ કામ કરશો અને અમારા ફરમાન મુજબ નહિ ચાલશો તો અમારૂં આવવું તથા નસિહતો સર્વે બરબાદ થયું. તેથી અમારૂં દિલ ઘણુંજ રંજીદા થશે.

તમે એવા કામ નહી કરો કે, અમને તમારા ઉપર ગુસ્સો ચડે. તમે હિંમત કરો, જમાતખાનામાં હમેશાં આવો, ગીનાનનો મુશાહેદો કરો અને દિન પ્રતિદિન આપણુ ઇસમાઇલી દીન ઉપરના ઇમાનનો પાયો પાકો કરો. આપણા દીનની સત્યતાનો વાવટો દુનિયામાં ઉડતો કરો, અર્થાત ઘણી સત્યતાથી ચાલો, જેથી બીજી કોમો આપણા દીનના વખાણ કરે અને કહે કે આગાખાનના મુરીદો કેવી સચ્ચાઈથી ચાલે છે? જ્યારે દુનિયામાં તમારા એવા વખાણ થાય ત્યારેજ અમારી મહેનત લેખે લાગેલી કહેવાય.

તમે ઇસમાઇલી દીન ધર્મ ઉપર મુસ્તકીમ રહો ને તેની પયેરવી કરો કે પરાયો હક ન ખાવો. કોઇ પર જુલમ કરવો નહિ. જુઠું બોલવુ નહિ. ખરાબ કામથી પોતાને બચાવવું. પોતાનો ભેદ હીરા માફક સંભાળવો. પોતાનું દિલ સાફ રાખવું.

આપણા ઇસમાઇલી મઝહબમાં સ્ત્રી તથા પુરૂષ સર્વે બરાબર છે, એક બીજાથી સંકોચ ન રાખવો જોઈએ. બાઈઓ પરાયા મર્દને પોતાના ભાઇ બાપ કરીને જાણે અને મર્દ પારકી સ્ત્રીને મા બેન તરીકે સમજે.

તમે દુનિયાના વેપાર બરાબર કરો. પોતાની ઔલાદ, બાઇડી તથા દીન ભાઇઓ માટે મહેનત કરો, પણ ધંધો સત્યતાથી કરજો. મગરબ વખતે દુનિયાનો ધંધો મુકી દઈને જમાતખાનામાં જરૂર આવજો. એમ નહિ કરતા કે, દુનિયાના કામ માટે દીનનો વખત યાને ટાણું હાથમાંથી નીકળી જાય. મગરબ વખતે જમાતખાનામાં

આવો. એક કલાક ખુદાવંદતઆલા સાથે દિલ બાંધો ને બંદગી કરો. અધીં રાતે અર્ધો કલાક ફરાગતથી બેસી દીનનાં ખ્યાલ બરાબર કરજો, જરૂર કરજો. હાઝર જેમાના ફરમાન દિલ ઉપરથી વિસારી નહિ મુકતાં.

મોમનને વાજબ છે કે, પોતાના બાઇડી બચ્ચાંને સારે રસ્તે ચલાવે અને દીનના કામ શિખવે. પોતાની સ્ત્રીને સીધી વાતથી અને મીઠી જબાનથી સારી રીતથી સમજાવે.

તમે હમેશાં આપણા ઇસમાઈલી દીન ઉપર ચાલજો. હમેશાં દીનની ખિદમત કરજો. દીનના કામ તરત કરજો. એવો વિચાર નહિ કરશો કે, આ કામ સવારે કરીશ. સવાર ઉપર મુળતવી નહિ રાખશો તો, તમારા ઈસમાઈલી દીન ઇમાનનો પાયો દિન પ્રતિદિન લોખંડના પાયા જેવો મજબુત થશે.

તમારો ઈસમાઈલી દીન સચ્ચાઈનો છે. તમે એવી સચ્ચાઇથી ચાલો કે, ફિરસ્તા જેવા થાઓ, સહુ તમારા વખાણ કરે.

તમે એવા કામ નહિ કરો કે, કોઇ અમને તાનુ મારે કે તમારા ફલાણે મુરીદે હલકું કામ કીધું, હરામખોરી કરી, પરાયો માલ ખાધો. જ્યારે અમે એવું સાંભળશું ત્યારે અમે ઘણા જ દિલ-ગીર થશું અને અમારૂં દિલ ઘણું જ રંજીદા થશે.

તમારો દીન એ આઝાદ દીન છે. આપણા દીનમાં મર્દ તથા બાઇઓ સર્વે બરાબર છે. ખરાબ રૂપાળી બાઇડી કરતાં, કદરૂપી નેક બાઇડી ઘણી ઉત્તમ છે. તમારો દીન હકીકતી છે. તે સાફ દીન છે.

અમે હમેશાં જમાતખાનામાં તમારી પાસે હાજર છીએ, દુર નથી. તમારા હાથ કરતાં પણ અમે તમને વધારે નજીક છીએ. તમે જમાતખાનામાં અમારૂં નામ લ્યો છો ત્યારે, અમે તમારી પાસે મોજુદ છીએ. તમને ઈશ્ક હોય તો અમે દુર હોઈએ તો પણ તમારી પાસે હાજર છીએ. અમે તમને વિસારતા નથી.

તમારો દીન સુલેમાન પેગમ્બરની વિંટી છે, તે વિંટી હાથમાંથી ગુમાવશો નહિ. એમ ન થાય કે, સુલેમાન પેગમ્બરની વિંટી તમારા હાથમાંથી નીકળી જાય.

તમારા બચ્ચાંઓને દુન્યવી ભાષાઓ ઉપરાંત ગીનાનનો મુશાહેદો શિખવો. તમારા છોકરાઓને બે ઈમાની માણસો પાસે બેસાડશો તો ઈમાનની નુકશાની થશે. તેમને નકામાં નવરા બેસાડી રાખશો તો, દુનિયાના ખ્યાલ તેમના દિલમાં ઉત્પન્ન થશે, તે માટે ગીનાન શીખવામાં તેઓને મશગુલ રાખો.

તમે હમેશાં દુઆ વખતે જમાતખાને આવજો. જે ઇન્સાન બદકાર છે તે દુનિયામાં પણ જહુન્નમમાં છે, કારણકે બદકાર માણસ પોતાના દિલમાં ખુશી હોતો નથી. હમેશાં તેને તેનું દિલ સાક્ષી આપતું રહે છે કે, હું ફલાણાના પૈસા ખાઇ ગયો છું અને ફલાણા બુરા કામ મેં કીધા છે. તેનું દિલ રાત અને દિવસ તેને મુંઝવણમાં રાખે છે, ચેન આપતું નથી. બદકાર કયારે પણ આસુદા નહિ થશે.

તમે હમેશાં સવારના ઉઠતી વેળા પોતાનું દિલ ખુદા સાથે બાંધજો. તમે તમારા દિલમાં હમેશાં વિચાર કરશો તો, પોતાની મેળે રોશની પેદા થશે. હમેશાં જમાતખાને સાંજ સવાર બરાબર આવજો."

## ફરમાન ૧૫૫ મું.

ભાગામોયા તા. ૨૨–૯–૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે તમારા દીનના રસ્તા ઉપર સાબીત કદમ રહો. જેઓ આપણા ઈસમાઈલી દીનની દુશ્મની કરતા હોય, તેની દોસ્તી તથા સંગત કરશો નહિ. જે આપણા ઈસમાઈલી દીન ઉપર ન હોય, તે આપણાથી દુર છે. કદાપી અમારો પોતાનો છોકરો હોય અને તે દીન ઈસમાઈલી ઉપર ન હોય તો તે પણ દુર છે.

જુઓ, અગાઉના જમાનામાં નુહ પેગમ્બરનો છોકરો હતો, તે નુહના દીનમાં ન રહ્યો, તેથી તે કાફર થયો. આપણા દીન ઉપર હોય તે અમારા છોકરા કરતાં પણ અમને વધારે નજીક છે. બચ્ચાંઓને વાજબ છે કે, પોતાના પિતાના ઈસમાઈલી દીન ઉપર ચાલવું જોઈએ.

ઈસ્નાઅશરીઓના દીનમાં બાર સુધી ગણે છે, તે ખોટું છે. ઈસમાઈલી ઈમામ આજ દિવસ સુધી હાજર બેઠા છે અને હમેશાં રહેશે

તમે કોઇને તપીને કહેશો નહિ, આસ્તે આસ્તે રીતસર સમજાવજો. માલે વાજબાતની નસિહત કરજો, કારણ કે, માલેવાજબાત નહિ આપશો તો, આખરતમાં શું લેશો? અને શું ફાયદો થશે? માલેવાજબાત વગર, બીજા કામ બરબાદ જશે. આ બાબત નરમાસથી સમજાવજો. જોરથી નહિ કહેવું. જે કોઇ આપશે તે પોતાના વાસ્તે છે. માટે તપીને કહેવું નહિ. તમે હમેશાં ખુદાને યાદ કરજો ભુલી જતા નહિ.

તમે પંજેભાઈઓ સહી કરીને માનજો કે, તમે પંજેભાઈઓ છો તે હકીકતી પંજેભાઇઓ છો. તમારા આમાલ સારા હોય, કોઈ ઉપર ગજબ ન કરવો જોઇએ, હમેશાં દયા રાખવી જોઈએ. પોતપોતા વચ્ચે જે કીનો હોય તે સાફ કરી નાખવો જોઈએ. જેમ સગા ભાઇઓ હોય તે પ્રમાણે વર્તવું જોઈએ. સગા ભાઇઓ જેવા થઇને ચાલો તો, અમે ખુશી થઈએ. તમે મલાએક જેવા થાઓ. જેઓ પંજેભાઇમાં નથી તેમને પંજેભાઇમાં દાખલ કરો. જેઓ પંજેભાઇ નથી તેઓ પંજેભાઈમાં દાખલ થાય.

**આપણા દીનમાં મોટાઇ તથા નાનપણ નથી. જે દીનની બરાબર પયેરવી કરે છે, તે મોટો છે.** અગર બુઢો હોય અને તે દીનની પયેરવી ઉપર ન ચાલતો હોય તો તે નાના કરતાં પણ ઉતરતો છે, પણ જે નાનો હોય અને આપણા દીનની પયેરવી ઉપર બરાબર ચાલે તો તે બુઢા કરતાં પણ મોટો છે.

એક માણુસ ગોરા રંગનો હોય અને દીનની પર્યેરવી ઉપર ન ચાલતો હોય, બીજો કાળા રંગનો હોય અને દીનની પર્યેરવી ઉપર બરાબર ચાલતો હોય તો, તે ગોરા રંગવાળા કરતાં કાળા રંગવાળો હજારો દરજ્જે બહેતર છે. હકીકતી મોમન બધાં સરખાં છે. આખરતમાં નાનો મોટો કોઇ નથી, સર્વે બરાબર છે.

તમે સર્વે આપણા ઇસમાઇલી દીન ઉપર ચાલજો અને આપણા દીનની ખિદમત બરાબર કરજો. તમારા ઉપર દીન બાબત કંઇ બની આવે તો, માલ, ઓલાદ અને જાન પણ ફિદા કરજો, પણ દીન હાથમાંથી ગુમાવશો નહિ.

તમે વખતસર દુઆ બંદગી હેત પ્રિતથી કરજો. નાના બચ્ચાંને આપણા દીનનો રસ્તો જરૂર શિખવજો. જેઓ અમારા મુરીદ છે તેઓ ખરાબ કામ કદી પણ નહિ કરે.

આજ દિવસ સુધી જે ગુન્હા તમે કરેલા છે, તે સર્વે અમે માફ કરીયે છીએ. હવે પછી ગુન્હા નહિ કરતા."

## ફરમાન ૧૫૬ મું.

દારેસ્સલામ તા. ૨૬–૯–૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આખી દુનિયામાં જે કોઈ અમારી ખિદમત કરે છે, તે જ્યાં પણ હોય ત્યાં તેને અમે ઓળખીયે છીએ. અમને સઘળી ખબર છે.

અમે ઘણી મહેનત અને તકલીફ વેઠી, અત્રે આવ્યા છીએ, પણ તમને જોઇને અમારી તકલીફ અને દુઃખ સઘળું ભુલી ગયા છીએ. તમને જોઇને અમે ઘણા રાજી થયા છીએ. જેવી રીતે અમને જોઇને તમે ખુશી થાઓ છો, તેના કરતાં તમને જોઇને અમે વધારે ખુશી થઇયે છીએ. તમને જેવો ઈશ્ક અમારા ઉપર થાય છે, તેના કરતાં તમારા ઉપર અમને વધારે ઇશ્ક થાય છે. અમે હમેશાં તમારા ઈશ્કના ખ્યાલમાં છીએ.

અમે હમેશાં તમને દુઆ કરીયે છીએ. અમારી દુઆથી તમારૂં દિલ સફેદ થશે. અમે દુઆ કરીયે છીએ કે, હમેશાં તમારૂં દિલ સાફ હોય. તમારા રૂહ હમેશાં સફેદ હુશે. બધી જમાતને માટે અમે એવી જ દુઆ કરીયે છીએ,

પંજેભાઈઓની મતલબ એ છે કે, પોતપોતામાં એક દિલ થઈને ચાલે, એક બીજાની ખબર અંતર પુછે, એક બીજાને મહોબત સાથે મળે અને એક બીજાના દુઃખમાં ભાગ લ્યે. સગાભાઇઓ માફક ચાલો. તમે પોતાના દીનને વિસારી નહિ મુકતા. પોતાના દીનને બરાબર ઓળખજો. ગાફલ થશો નહિ. અમે તમને સાફ–સીધો રસ્તો દેખાડેલ છે, હવે તમારૂં ઇમાન તમારા પોતાના હાથમાં છે.

**અમારા ફરમાન સાંભળશો અને તે પ્રમાણે અમલ કરશો તો દિલ સાફ થશે અને તેમાં રોશની પેદા થશે."**

## ફરમાન ૧૫૭ મુ.

દારેસ્સલામ તા. ૨૭–૯–૧૮૯૯.

હઃ મોલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે જમાત સહી તથા ચોકસી કરો. સરકારી ખિદમતની કોશિશ કરો. સરકારી ખિદમત બરાબર બજાવો. આ મુરીદોની ફરજ છે. મુરીદોનું ઇમાન બરાબર જોઇએ. તમે ઇમાનની બરાબર સંભાળ રાખજો. આપણો દીન ઈમામી ઈસ્માઈલી છે, તે પ્રમાણે બરાબર ચાલજો.

તમે હમેશાં જમાતખાને આવી દુઆ પડો અને ઈબાદત બંદગી કરો. હમેશાં જમાતખાને આવો. એવું ન થાય કે, થોડા દુઆ પડવા આવે અને થોડાં ન આવે. આખો દિવસ દુનિયાના વેપાર ધંધાનો વખત છે, પણ મગરબ ટાણે એક કલાક બંદગી કરવા ન આવવું એ જુલમ છે. એ તો પોતા ઉપર જુલમ કરવાનું છે. જેઓ મગરબ ટાણે દુઆ પડવા નથી આવતા, તેઓ પોતા ઉપર

જુલમ કરે છે. જમાતખાનું દુઆ પડવા માટે છે, માટે તમે હમેશાં દુઆ પડવા આવો. અગર કોઇ બીમાર હોય તે કારણથી આવી ન શકે, તે કદાચ ન આવે, પણ બાકીના બધા દુઆ વખતે સાંજે જમાતખાનામાં આવો.

દુઆ પડવાના વખતે બહાર ઓટા ઉપર બેસીને નકામી વાતો કરો, પારકી નિંદા કરો તે ઠીક નથી. મગરબ વખતે તમે નકામી વાતો કરશો તેથી તમને શું ફાયદો થશે? માટે જમાતખાનામાં આવીને ઇબાદત કરો, જેથી તમને ફાયદો પહોંચે.

તમે ખોજા ઘણા સારા છો કે, અમને અરજ કરો છો જે ઇમાનની સલામતી રાખો. અમે તમે સર્વેને દુઆ કરીયે છીએ કે, તમારૂં ઇમાન સલામત રહે. એ સઘળું તમારા હાથમાં છે.

તમે નકામી વાતો નહિ કરો તમારો ઉત્તમ વખત નકામી વાતો કરવામાં નહિ ગુમાવો. દિવસના દુનિયાનો વેપાર ખલાસ થયો, મગરબ વખતે ઇબાદત માટે હમેશાં જમાતખાને આવો. બરાબર સિદ્દક તથા મહોબત સાથે જમાતખાનામાં આવી ઇબાદત કરો, તમારામાંથી જેઓ જમાતખાનામાં આવતા ન હોય, તેઓને નરમાશ અને મીઠી જબાનથી પુછો કે, તમે મગરબ વખતે દુઆ પડવા શામાટે ન્હોતા આવ્યા? શામાટે નથી આવતા? મગરબ વખતે શું કામ હતું? ચિવટ રાખી હમેશાં આવો. આ વખતે દુનિયાની વાતો કરવી એ સર્વે કરતાં ખરાબ છે. નકામી વાતો કરવી એ ઠીક નથી. મગરબ વખતે બહાર બેસી નકામી વાતો કરવી, પારકી નિંદા કરવી, તેમાં ફાયદો નથી, માટે જમાતખાનામાં આવીને દુઆ પડો અને ઇબાદત કરો. અગર કોઇ ન આવતો હોય, તેને મીઠી જબાન તથા મહોબતથી સમજાવો. એવી રીતે કે, તેને ગુસ્સો ન લાગે, તમે પણ તેના તરફ ગુસ્સો નહિ રાખો.

તમારી એક આદત ઘણી જ ખરાબ છે કે, જેનાથી અમે ઘણાજ નારાજ અને દિલગીર છીએ, તે એ છે કે, તમારા દિલમાં

કીન્નો અને હસદ ઘણો છે. દીનભાઇઓ તરફનો કીન્નો તથા હસદ તમારા દિલમાંથી કાઢી નાંખો.

તમને લાજમ છે કે, અમારા ફરમાનો સાંભળી તમારૂં દિલ આરીસા માફક સાફ કરશો તો ખુદા તમને નજદીક થશે, ત્યારે તમે ફિરસ્તા જેવા થશો. તમારૂં દિલ આરીસા માફક સાફ કરો. આરસી ઉપર મેલ તથા કાટ ચડેલો હોય, ત્યારે તેમાં સુરજનું નુર પ્રવેશ થતું નથી. જ્યારે આરસી સાફ હોય છે ત્યારે તેમાં નુર પ્રવેશ થાય છે.

વેપાર અને મોટાઈ માટે તમે એક બીજા તરફ કીન્નો રાખો છો, તે ઘણુંજ ખરાબ છે, તેમાં ઘણી નુકશાની છે.

તમે જમાતના મોટા છો, તમે મગરબ વખતે જમાતખાને દુઆ પડવા ન આવો તો, બીજા કોણ આવે? તમે બીજાને શું કહી શકો? તમે પોતે નથી આવતા તેથી તમને શરમ નથી આવતી? અમારા તરફથી તમે અમારા વકીલો છો અને હમેશાં અમારી સામે ઉભા રહો છો તે, તમને શરમ નથી આવતી? ઇન્શાઅલ્લાહ તમારો રૂહ સફેદ છે પણ અમે તમને કહીએ છીએ કે તમે પોતાની સંભાળ લ્યો, જમાતખાનામાં હમેશાં આવીને દુઆ પડો, જાગરણમાં હમેશાં આવીને દીનની મીજલસ કરો. મોટા લોકો જમાતખાનામાં આવે અને દીનને રસ્તે બરાબર ચાલે તો, તેમને જોઈને બીજા નાના પણ બરાબર ચાલે તથા જમાતખાને આવે.

તમારા દીનમા કોઈ પણ બેદીન હોય, તેની સાથે દુશ્મની નહિ કરો, દુશ્મની કરવી હરામ છે. દુશ્મની એવી રીતે કે, કોઇને માર મારવી, કોઇને દુઃખ દેવું, કોઇને નુકશાન પહોંચાડવું, કોઇને આજુરદા કરવો અથવા કોઈ સગા વહાલામાં કે સ્ત્રીઓમાં ફિતના નંખાવવા તે હરામ છે. એવી આદતથી દુર ભાગજો. તમે સઘળા એક દિલ થઈ એક બીજાના દિલમાંથી કિન્નો કાઢી નાખો. શેતાન મલઉન તૈયાર બેઠો છે. માણસનાં રૂપમાં શેતાન ઇન્સાનને છેતરે છે.

જાહેરીમાં કેટલાક માણુસો સારા દેખાય છે પણ તેમના દિલમાં શેતાનિયત હોય છે. ઇન્સાન જ્યારે ગાફલ થાય છે, ત્યારે શેતાન જાણે છે કે, આ માણુસ નવરો છે તેને ફરેબ આપું. માટે એવા ઈન્સાન રૂપી શેતાનથી ડરતા રહેજો.

તમારી પાસે ઘણો કિમતી સાચો હીરો છે અને તમે આગ-ગાડીમાં બેઠા છો, તમારી સાથે ચોર હોય તો શું તમે સુઇ રહેશો? નહિ સુઓ. તમે જાણો છો કે તમારો દીન ઝવેરાત કરતાં પણ વધારે ઉત્તમ છે. તમારા દીન કરતાં બીજો કોઈ દીન ઉત્તમ નથી. હજારો હીરા તથા ઝવેરાત હોય અને તે અમુલ્ય કિમતના હોય તો પણ તમારા દીનના એક વાળ બરાબર થઇ શકે નહિ. તમારો દીન આવો અમુલ્ય છે, માટે તમે પોતાના દીનથી ગાફેલ નહિ થાઓ. તમે તમારી સાથે ચોરને બેસાડો છો તે ઠીક નથી. ઈન્સાનને વાજબ છે કે, ચોરથી ચેતીને રહે, એટલે કે જાગતો રહે. જે ગાડીમાં ચોર હોય, ત્યાંથી ઉતરી બીજી ગાડીમાં બેસે. ચોરને પોતાની સાથે ન બેસાડે.

અમારા ફરમાનોનો ખ્યાલ કરજો. **અમારા ફરમાનોની હજારો માયના છે.** તેની સમજણ લઇને ચાલો તો, શેતાન તથા ચોરના ફરેબમાં નહિ આવો. અમારા ફરમાનોની હજારો માયના છે, પણ અમને લાજમ નથી કે, અતરે સઘળુ ખુલ્લે ખુલ્લું કરી સમજાવીએ; પણ જેમ તમે ગીનાનની માયના કાઢો છો, તેમ અમારા ફરમાનોની પણ માયના કાઢજો. તેમાં શું ભેદ અને ખુબીઓ સમાયેલી છે, તે સમજવી જોઇએ. અમારા ફરમાનના એકે એક શબ્દની માયના કાઢો. તેમા ઘણા ભેદ છે, તે સમજવા જોઇએ. અમે ફરમાન કરીયે છીએ તે તમે હમેશાં વાંચજો. તેની માયના કાઢજો. ખ્યાલ રાખજો. ભુલી નહિ જતા.

દીનની વાતો એક બીજા પાસેથી કાગળ મારફતે મંગાવજો.

જેમ વેપાર, ધંધા વિષે એક બીજાને કાગળ લખો છો, તેમ દીનની મજબુતી વિષે પણ કાગળ લખીને મંગાવજો, અમારા મુરીદો

વેપાર માફક દીનની માયના એક બીજાને પુછાવે છે. આવા મુરીદો અરબ, બદકશાની વિગેરે છે. તેઓ કાગળની મારફત દીનની માયના એક બીજા પાસેથી પુછી મંગાવે છે. તમે પણ એવી રીતે કરો.

એક ગામનાં પંજેભાઇઓ બીજાં ગામનાં પંજેભાઇઓને કાગળ લખી દીનની માયના મંગાવે. એક બીજા સાથે આ પ્રકારનો દીનનો વહેવાર રાખો.

ગીનાન અને ફરમાનની માયના એક કલાક કાઢજો. એક કલાક ખ્યાલ કરજો કે રૂહ શું છે? આવી રીતની આદત હોય ત્યારે મોમન થાય. આવા આવા વિચારો કરશો ત્યારે જ મોમનના લક્ષણ તથા દીનની ખબર તમને પડશે.

તમે ફુરસદ વખતે દુનિયાના ઇશ્કની વાતો તથા ચોપડીઓ નહિ વાંચો. ફુરસદ વેળા દીનની નસિહતોની કિતાબો વાંચો, ગીનાન ઇલિમ પડો, જેમાં તમને ફાયદો હાસલ થાય. નવરાશ વેળા કોઈની નિંદા, બદગોઈ નહિ કરતા. પારકી નિંદા કરવા કરતાં પાના અને શેત્રંજની રમત રમવી વધારે સારી છે; પણ પૈસાથી જુગાર રમશો નહિ. કારણ કે પૈસાની રમતથી દુશ્મની પેદા થાય છે. તેમાં મોટા ગુન્હા છે, તે નહિ કરવા. તમે હમેશાં એક બીજા સાથે દીનની વાતો કરો. પોતાના દીનની મજબુતી કરો, તમે હમેશાં દુઆ પડો, જાગરણમાં આવજો.

અમારા દીનમાં હજામ તથા બાદશાહ સરખાં છે. બાદશાહ હોય અને તે દીનને રસ્તે બરાબર ન ચાલે તો, તે હજામ કરતાં પણ વધારે હલકો છે. એક માણસ નાનો હોય અને તે હમેશાં જમાતખાનામાં આવતો હોય, બીજો મોટો હોય પણ જમાતખાનામાં ન આવતો હોય તો તે મોટો માણસ નાના કરતાં પણ ઉતરતો છે. અમારો દીન એવો છે.

જ્યાં મલાએકો હોય ત્યાં ભુત આવતા નથી. આનો મકસદ સમજો. અમારા ફરમાન સાંભળીને ભુલી નહિ જતા. હમેશાં દિલમાં

રાખજો. ખરાબ કામથી હુમેશાં દુર રહેજો. આ વાતને નાની સરખી નહિ સમજતા ઘણી મોટી છે.

તમે મોમન છો. તમારી દીનની બહેનો છે, તેઓ ઉપર બદ નજર જરા પણ નહિ કરતા. તેમને પોતાની મા તથા બહેનો સમાન સમજજો. જો બદ નજર રાખશો તો તમને દીનમાં શું ફાયદો થશે?

બે બાઈડીઓ કરવાની વાસના રાખવી, એ તમારા દીનમાં દુરસ્ત નથી. તમારા દીનમાં બાઇઓ મરદથી શરમ ન કરે. મરદો એવા થાય કે, જાણે ફિરસ્તા હોય. જાણે એકજ મા તથા એકજ બાપના ફરજંદો હો, તે પ્રમાણે એક બીજા સાથે વર્તો. મોમન ફિરસ્તા જેવો થાય અને બાઈઓ તેમની શરમ ન કરે.

તમે ફિરસ્તા જેવા અમલ કરો. શેતાન જેવા અમલ નહિ કરો. તમે પોતાની સ્ત્રીમાં જ સંતોષ માનો. પારકી સ્ત્રી ઉપર ખરાબ નજરથી નહિ જુઓ. એમ સમજજો કે, તેઓ તમારી મા, બહેનો તથા દીકરીઓ છે. તમે તેમના દીનભાઇઓ છો. માટે તેઓ તમારી શરમ કરતી નથી. તમે તેમને બહેનો કરીને સમજો. આ વાત તમારી જાત બહેનો માટે થઈ, પણ કાળી ગોલીઓ વિગેરે બીજી કોઈપણ ઔરત હોય તે ઉપર પણ ખરાબ ખ્યાલ નહિ રાખો.

તમે એવી રીતે ચાલો કે, ફિરસ્તા માફક થાઓ. જ્યારે તમે એવા નેક અમલ કરશો અને એવા થશો, ત્યારે જ અમે તમારા ઉપર રાજી થઇશું. ખુદા ન કરે કે, તમે બદઅમલ કરીને શેતાન જેવા બનો. આવું બનશે, તો અમને બેહદ ગુસ્સો લાગશે.

અમે આટલી આટલી મહેનત કરી છે, આટલા આટલા ફરમાન કીધા છે, છતાં પણ તમારા આમાલ સારા ન થાય તો અમે શું કરીયે? અમારા કરેલા ફરમાન તથા મહેનત વ્યર્થ જાય તેમ નહિ કરશો.”

## ફરમાન ૧૫૮ મું.

દારેસ્સલામ તા. ૨૮-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમારા ફરમાન સાંભળી ભુલી નહિ જશો, યાદ રાખજો. અમારા ફરમાન ફકત સાંભળી લીધા એટલું જ બસ નથી, તમારા ઉપર વાજબ છે કે, અમારા ફરમાન ઉપર ખ્યાલ કરો, તેની માયના કાઢો તથા માયના સમજો. એક કાનેથી સાંભળી, બીજે કાનેથી કાઢી નાંખો તો શું ફાયદો થાય? પણ એકઠા મળીને વાંચો અને તેની માયના કાઢો. કોઇ મકસુદ પુછે કે, આ ફરમાનની શું માયના થઈ? બીજો જવાબ આપે કે, એની આ મકસુદ છે. આવી રીતે એકબીજા સાથે મશવેરો કરો. બધાં પેગમ્બરોના વખતમાં પણ ફરમાન થતાં હતા, તેની પણ માયના કાઢવામાં આવતી હતી; તેજ પ્રમાણે તમે પણ અમારા ફરમાનોની માયના કાઢો.

અમે જ્યારે ફરમાન કરતા હોઇએ, ત્યારે તમે હિલચાલ અથવા વાતો કરો તે ઠીક નહિ. અમે ફરમાન કરીયે તેની મકસુદ ઉપર તમારૂં ચિન્ત ન હોય તો ભુલી જશો. તમારે આપસમાં વાતો કરવી હોય, તો ફરમાનો સાંભળી લીધા બાદ વાતો કરો, પણ ફરમાન થતી વેળા હરવું ફરવું કે વાત કરવી કે સાંભળવી ઠીક નથી. એક જણ આડો અવડો ફર્યા કરતો હશે, તો તે દશ જણાની આડે આવશે અને તેમના ખ્યાલ તે ફરનારાની તરફ ખેંચાશે, તેથી ફરમાનમાં ચિન્ત રહેશે નહિ.

તમે બાઇઓ છો તે દીનનો ખ્યાલ કરો. તમારા દીનની ઘણી સંભાળ રાખજો. તમે એવા ખ્યાલ નહિ કરશો કે, અમે ગુન્હા કીધા, તેના માટે છાંટો નંખાવી ગુન્હા માફ કરાવીયે. તમે મુળમાં ગુન્હા નહિ કરો. જે કામની તમને મનાઈ છે તે નહિ કરો. નરસાં કામ વિષે કોઇ વખત વિચાર કે ખ્યાલ કરતાં નહિ. તમને વાજબ છે કે, તમે એ પ્રમાણે વર્તો.

જે બાઈના કર્તવ્ય સારા ન હોય અને રૂપાળી હોય તે બાઈ સારી છે, એમ નથી, પરંતુ સારી બાઇ તે છે કે, જેના કામ સારા હોય. તેના કામ મોમન જેવા સારા હોય. જે સ્ત્રી બીજા ઉપર ખોટા ખ્યાલ તથા ખરાબ વિચાર રાખે છે તે કુતરી કરતાં વધારે ખરાબ છે.

તમે દીનની તારીફ કરો, દીનભાઇઓ તથા દીન બહેનો એકઠા મળી દીનની વાતો કરે તે વાજબી છે. આ બાબતમાં કાંઇ પણ અડચણુ નથી. ખરાબ સોબત સારી નથી, તેમાં ગુન્હા છે. એકઠા મળવું એ કંઈ ખોટું નથી, પણ એકઠા મળીને ઠઠ્ઠા મશ્કરી કરવી તે ઘણું ખરાબ છે અને તે ગુન્હા ભરેલું છે. બાઇઓ કે દીનભાઇ-ઓ એકઠા બેઠા હોય, ત્યારે કોઈની ગીબત નિંદા કરશો નહિ. કોઇની ગીલા ને ગીબત કદીપણુ નહિ કરતા.

તમે મોમન એવા થઇને ચાલો કે એક બીજાને નુકશાન ન પહોંચે. કોઈ લાકડી લઇને મારે તો પણુ તેને કાંઇ કહેવું નહિ. સબર અખત્યાર કરવી. તમે એવા થઇને ચાલો, તેમાં ઘણું સારૂં છે. તમે એવા કામ કરો તથા એવી રીતે ચાલો કે, લોકો તમને ગધેડા જેવા નહિ કહે, સહુ તમારા વખાણુ કરે.

તમે માણુસનું પુતળું બનાવીને તેનું મોઢું બાળો છો, તેને ખરાબ બોલો છો, એવા કામ નહિ કરો. તમારા દીનમાં એ કામ દુરસ્ત નથી. એ તમારૂં કામ નથી. એ કામ શરીયતીનું છે. તરીકતી અથવા હકીકતીનું એ કામ નથી. કોઈ માણુસનું પુતળું બનાવીને તેનું મોઢું બાળો છો, તેને ખરાબ બોલો છો, એમ નહિ કરો, એ સારૂ કામ નથી, એ કામ શરીયતવાળાનું છે. માણુસને ગાળ દેવી વાજબ નથી. આમાં શું ફાયદો છે? તે માણુસ મરી ગયો, તેને બારસો વર્ષ વીતી ગયા, જ્યાં જવાનો હતો ત્યાં જઈ ચુકયો, પોતા-ની કરેલી કમાઇને પહોંચ્યો. તમે તેને ગાળ આપશો તો તમારૂં મોઢું ખરાબ થશે. કાંઈ સારૂં ફળ નહિ થાય. તે પોતાના ઇન્સાફને પહોંચ્યો. મોમનના મોઢામાંથી તલાન અથવા ખરાબ શબ્દો નીકળવા

ન જોઈએ. મોમનનું મોઢું બગીચા મિસાલ છે, જેના ફુલોમાંથી ખુશ્બો નીકળે.

તમે હમેશાં તમારા દીનમાં મશગુલ રહો. હમેશાં તમને દીનના ખ્યાલ કરવા જોઇએ. તમે ઇશ્કે હકીકી શોધો. ઇશ્ક તથા મહોબતથી ચાલો. ઉમેદ મોટે ઠેકાણે ઉપર જવાની કરો. મોટે ઠેકાણે પહોંચવાની આશા ધરાવો. હમેશાં ખુદાના ખ્યાલમાં રહો. એવા કામ કરો.

જવાન માણસ થઇ ભીખ માંગે એ ગુન્હા છે અને તેને ભીખ દેવી તે પણ ગુન્હા છે. પછી તે ધંધો કરશે નહિ તેને દેવું ગુન્હા છે. તેને કહો કે, નાદાન, બેઅકકલ! ખુદાએ તને હાથ પગ આપ્યા છે તો કમાઈ ખા. અગર બીજો કોઈ ધંધો ન મળે તો, રસ્તા ઉપરથી પથ્થર ઉપાડ, હમાલી કર, પણ ભીખ નહિ માંગ. આ મરદના માટે છે, બાઇઓ માટે નથી. બાઈમાણુસ હોય, લાચાર હોય, પાસે પૈસો ન હોય, તેને તરત મદદ કરો. બાઈમાણુસ અબળા છે. તેને ખુદાએ અશકત બનાવી છે. મરદનું કામ મહેનત, મજુરી કરવાનું છે. બાઈમાણુસ અબળા અને અશકત છે, તેમાં બાઈનો દોષ નથી. ખુદાએ તેને એવી પેદા કરી છે. મોમનને વાજબ છે કે ખુદાએ જે હાલતમાં પેદા કરેલ હોય તેથી નારાજ નહિ થવું જોઇએ.

**તમે દીનભાઇઓની ખિદમત કરો તે ખરેખર અમારી ખિદમત છે, તે કરતાં પણ વધારે ફાયદો છે.** તમે મોટા છો તે હમેશાં જમાતની ખિદમત કરજો. તમે એકબીજાની ખિદમત કરશો તેમાં તમને ઘણો ફાયદો થશે અને અમે ઘણા ખુશી થઈશું."

## ફરમાન ૧૫૯ મું.

દારેસ્સલામ તા. ૨૯-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમારો મઝહબ ઈસમાઇલી છે અને તમારો મઝહબ પણ ઈસિમાઇલી છે. જેઓ ઇસમાઈલી નથી તેઓને દીકરી દેવી અથવા

તેઓની દીકરી લેવી ઠીક નથી. તેઓને દીકરી દેવી અથવા તેઓની દીકરી લેવી ખરાબ છે. કોઈ ગામવાળો ઈશ્નાઅશરીને દીકરી આપે નહિ તેમ ઇશ્નાઅશરીની દીકરી લ્યે નહિ. અમે તમને મના ફરમાવીએ છીએ, કારણુ કે તમારો દીન અને તેઓનો દીન જુદો છે. ઘણો ફરક છે.

તમે વિચાર કરો, તમે તમારી દીકરી વહોરા, હિંદુ, મેમણ નસારા અથવા ખ્રિસ્તી અથવા બીજી કોઇ કોમમાં નથી આપતા. ઇશ્નાઅશરીઓનો દીન તો તમારા દીનથી ઘણો દુર છે, ત્યારે શા માટે દીકરીઓ આપો છો? તેઓને દીકરી આપવી ખરાબ છે. વહોરા તમને ઇશ્નાઅશરીથી નજીક છે. તમે પણ ઇસમાઇલી છો, તેમ વહોરા પણ ઇસમાઇલી છે. ઇશ્નાઅશરીઓ કરતાં તેઓ તમને વધારે નજીક છે. બીજા ઘણા મઝહબ છે, જે ઈશ્નાઅશરી મઝહબ કરતાં તમને વધારે નજીક છે.

સુફી મઝહબ આપણા ઇસમાઇલી દીનને લગતો છે. બીજા ઘણા મઝહબ છે જે આપણને ઇશ્નાઅશરી કરતાં વધારે નજીક છે.

"અસલ એક હતા." એ કેવી માન્યતા? અને કેવી સમજણ છે? તમે નાહક તમારી દીકરીઓ ઇશ્નાઅશરીઓને આપો છો. તેઓને દીકરી આપવી અને તેઓની દીકરી લેવી એ ઘણું જ ખરાબ છે.

જેઓ જાહેરીમાં સહી આપે અને જાહેરીમાં કહે કે હું ઇસમાઈલી છું, તે ઈસમાઈલી ગણાય, બાતુનમાં પાળે અથવા ન પાળે. બાતુન જોવાનું તમારૂં કામ નથી. બાતુન પોતાને ઠેકાણે પહોંચશે. તમારૂં કામ જાહેરીનું છે. બાતુનમાં જોઇએ તો લા મઝહબી હોય તેનું કાંઈ નહિ. જેઓ કહે કે અમે ઇસમાઈલી નથી, તેઓથી યહુદી, નસારાની માફક સગાઈ, સગપણ બાબતમાં દુર રહેવુ જોઇએ. તેઓની દુશ્મની નહિ કરવી. તેઓના દીન વિષે ઓછું અદકું બોલવું અથવા તેમને લાનત કરવી, એ મોટો ગુન્હો છે. જો તમે એમ કરશો તો તમારા દીનને માટે ઠીક નથી. તમે તેઓથી દુર રહો. સર્વે જણ આ બાબત ધ્યાનમાં રાખજો.

કોઈ અમલદારી કહે કે, ઈસ્નાઅશરીની દીકરી લ્યો અથવા ઇસ્નાઅશરીને દીકરી દીયો, તે અમલદારી નથી. અમલદારીમાંથી તે રદ છે. ઇસ્નાઅશરી માટે એવી શિફારસ કરે, તે અમલદારી નથી. જેઓ જાહેરીમાં સહી આપે તે ઇસ્માઇલી છે. બાતુનમાં ગમે તેવા હોય. બાતુન જોવાનુ તમારૂં કામ નથી.

તમે એવા થઇને ચાલો અને એવા કામ કરો કે, જે ઉત્તમ જગ્યાએથી તમે આવ્યા છો, તે અસલ મકાન ઉપર પાછા પહોંચી જાઓ.

અમારા ફરમાન ઉપર નહિ ચાલો તો કાળી શાહીના ટીકા પ્રમાણે તમારા ઉપર કાળા ડાઘ રહી જશે.

## ફરમાન ૧૬૦ મું.

દારેસ્સલામ તા. ૨૯-૯-૧૮૯૯.

હક મૌલાના ધણી સલામત દાતાર સરકાર **આગા સુલતાન મોહમ્મદ શાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમારા દીનના ઉસુલ વિષે ફરમાવીએ છીએ. તમારો "ઉસુલે દીન" શું છે? જેમ ઝાડનું મગજ હોય તે પ્રમાણે છે. બધા ઇન્સાનનો ખ્યાલ ઉસુલ તથા મગજ ઉપર હોય છે.

તમારામાં કેટલાક એવા છે કે જેમને પોતાના દીનની કાંઈ ખબર નથી.

જ્યારે તમે નવરા બેઠા હો ત્યારે, તમારે ખ્યાલ કરવો જોઇએ કે, ખાલક કોણ છે? મખલુક કોણ છે? તમે એવા ખ્યાલ કયારે પણ કીધા છે? કોઇ તમને પુછે કે તમે કોણ છો? ત્યારે તમે કહેશો કે, મારા બાપનો દીકરો; બલકે તમારી થોડીક પેઢી સુધી જવાબ આપી શકશો. જરા વધારે અકકલવાળો હશે તે, આદમ સુધી પહોંચશે, પછી ખલાસ.

તમે વિચાર કરો કે આદમ કયાંથી આવ્યો? આદમને કોણે મોકલ્યો? જે ઇન્સાન સુફી હશે તે આ ખ્યાલને પકડી લેશે

તમોએ જોયું છે કે, વરસાદ આસમાનમાંથી જમીન પર પડે છે, જમીન પર પડીને સુકાઇ જાય છે. જે ટીપું ટીપું થઇને નદીમાં મળે છે અને નદી દરિયામાં મળે છે. સઘળું પાણી અંતે પાછું દરિયામાં જાય છે. તેજ પ્રમાણે તમારો રૂહ અસલ છે, તેનું મકાન ઘણુંજ મોટું છે. જે અક્કલથી નથી સમજતો અને ઉપર જવાની ઉમેદ નથી રાખતો, તે જમીન ઉપર પડીને સુકાઇ ગયેલા પાણી મિસાલ છે. જેઓ ઉપર જવાની ઉમેદ ધરાવે છે તેઓ ઉપર પહોંચવા માટે બંદગી વધારે કરે છે અને મહોબત પણ વધારે કરે છે.

કેદખાનામાં ઇબાદત કરે અને સમજે કે મરી જશું ત્યારે કેદખાનામાંથી છુટા થઈ બહેશ્તમાં જશું. પરંતુ બહેશ્ત પણ કેદખાનુંજ છે.

તમારામાનાં જેઓ તમારા કરતાં વધારે અક્કલવાળા હતા, તેઓ અમારે રસ્તે ચાલ્યા છે; મિસાલ મનસુર ચાલ્યો; તેને વાસ્તે બહેશ્ત મોજુદ હતી; પણ તે કહેતો કે, ખાલી બહેશ્તમાં જઇને શું કરૂં; જ્યાં સુધી મગજને ચાખીશ નહિ ત્યાં સુધી પાછો નહિ વળું, આગળ વધીશ.

જ્યારે અસલની ખબર ન પડે, ત્યારે શું વળ્યું ? મુર્તઝાઅલીએ ફરમાવ્યું છે કે, 'જેણે પોતાને ઓળખ્યો તેણે જાણે કે ખુદાને ઓળખ્યો.' જ્યાં જોઇએ છીએ ત્યાં રૂહ–દોસ્તને જોઈએ છીએ. જ્યારે તમે માણસને જુઓ છો, ત્યારે માણસની શિકલ જોવામાં આવે છે. હાથ, પગ, મોઢું, આંખો, સર્વે દીઠામાં આવે છે, પણ રૂહ દીઠામાં આવતો નથી. તમે રૂહને જોવાની તજવીજ કરો.

તમને અત્યારે રૂહનો ખ્યાલ છે કે, બંદગી કરીને સુખ મેળવવાનો ખ્યાલ છે ?

ઇન્સાનનો દરજ્જો ઉંચો છે, પણ તે પોતાને પોતાના હાથે નીચે પાડી નાંખે છે. તમારામાંથી કોઇ કોશીષ કરે કે અમે પીર સદરદીન, પીર શમ્સ, તથા મનસુર જેવા થઈએ તો તમે તેવા થઈ શકો છો. તમે તેનાથી પણ ઉપર થઇ શકો છો.

અમે કહેતા નથી કે તમે કેવા થશો; પણ અમને બધી ખબર છે. જો તમે આપણા દીનના રસ્તા ઉપર મુસ્તકીમ થઇને ચાલશો તો તમે ઉંચે પહોંચી શકશો. તેની અમને ખબર છે. તમારૂં દિલ તથા મકસુદ સુફીમાં હોય તો તમે પહોંચો. આ બાબતમાં કેટલીક ચીજોની જરૂર છે, તેમાં બુલંદ હિંમત જોઇએ. તે હિંમત તમારામાં નથી. કેટલાક હજાર વર્ષો થઈ ગયા તેમાં કેટલા માણસો તે મકસુદને પહોંચ્યા? હ૦ ઇસા, હ૦ રસુલ સ૦, મનસુર, પીર શમ્સ અને દુનિયાના બીજા થોડા માણસો પહોંચ્યા છે. તે સર્વેના કામ તથા રસ્તો એક સરખાંજ હતા. જેઓ ત્યાં પહોંચ્યા તેઓ પોતાના રૂહના આશક હતા, રૂહના દોસ્ત હતા, તેઓ તે મકાને પહોંચ્યા.

દુનિયામાં ઘણા મઝહબ છે, જેઓ સુફી નથી. શરિયતી, નસારા, યહુદી, હિંદુ વિગેરે સર્વે મઝહબવાળાઓ સુફી નથી. તેઓના ખ્યાલ તથા બંદગી નીચે જવાની હોય છે. તેઓ જે ઉમેદ ધરાવે છે, તે ઉમેદ સારી નથી. તેઓને એ ઉમેદ છે કે, બહેશ્તમાં જઇ ત્યાં સારૂં સારૂં ખાવું, સારા લુગડા, ઝાઝી સ્ત્રીઓ અને બહેશ્તના સુખ પોતાને મળે. તેઓની આવી ઉમેદો સારી નથી. એવી ઉમેદો શરિયતીની છે. બહેશ્ત પણ દુનિયા માફક છે. રૂહની જે અસલ ઉમેદ છે તે જુદી વસ્તુ છે.

મૌલાના રૂમી કહી ગયો છે કે, હું પથ્થર હતો, તેમાંથી ઝાડમાં પેદા થયો, તેમાંથી બદલીને કીડીમાં પેદા થયો, ત્યારબાદ જાનવરમાં પહોંચ્યો, જાનવરમાંથી મટીને વાંદરામાં પહોંચ્યો; તેમાંથી ઇન્સાન થયો છું. ઈન્સાનમાંથી શું થઇશ? મલાએક બનીશ. ત્યાંથી ક્યાં જઈશ? તે કરતાં ઉંચે જઈશ.

તમે વિચાર કરો કે, ફના થઇએ. જે કોઈ ચાહે અને કોશીષ કરે તે ત્યાં પહોંચી શકશે. પણ તમારા ગુન્હા તમને પહોંચવા આપતા નથી. તે ગુન્હાઓએ તમને કેદખાનામાં બંધ કીધા છે. દુનિયાના ગુન્હાઓએ તમને કેદખાનામાં નાખેલાં છે. તેમજ ખોટું

બોલવાની આદતે તમને કેદમાં નાંખ્યા છે અને તમારી ઉમેદો જેવી કે, બહેસ્ત, હુરાઓ, સારા મેવા, એ સર્વે આશાઓએ તમને કેદ કરેલા છે. પણ રૂહ કેદખાનામાં કોઇ વખત ખુશી નથી. જુઓ વિચાર કરો, કોઇ બુલબુલ અથવા બીજા પક્ષીને પકડીને પાંજરામાં નાખવામાં આવે, તેને પાણી અને જે સારી સારી ચીજો જાનવરો ખાય છે તે આપવામાં આવે, તો પણ પક્ષી પાંજરામાં ખુશી નથી. તે ઉડીને હવામાં જવાને વધારે રાજી હોય છે. તેને પાંજરામાંથી ઉડી જવાનું મન થાય છે.

પક્ષીની પાંખો કાપીને પાંજરામાં રાખવામાં આવે અને પછી આસ્તે આસ્તે તેને પાંજરાની આદત આપવામાં આવે. પહેલાં તો તેનું મન થશે કે, પાંજરામાંથી બહાર નીકળી જાઉં. પણ તેની પાંખો કાપ્યા બાદ બે ત્રણ વર્ષ તેને પાંજરાની આદત આપવામાં આવે તો પછી પાંજરામાંથી બહાર નીકળવાનું તેને મન નહિ થાય. તમે પણ પક્ષીની મિસાલ છો.

જ્યારે તમે પહેલાં પાંજરામાં આવ્યા ત્યારે તમારો ખ્યાલ હતો કે ભાગી જઇએ પણ પછી પાંજરાની આદત પડી, તેની અંદરના ખોરાકથી ખુશી થયા. હવામાં ફરવા તમે ખુશી નથી. પુત્ર, કુટુંબ તેના કુટુંબ, તેના પુત્ર, તેમાં તમે એવા ફસાયા છો, એવા લોભાયા છો કે, કાપેલી પાંખવાળા પક્ષીની પેઠે પાંખ કાપેલા થયા. હવે તમે કયાં જાઓ?!

કોઈ બુલબુલ ઘણા વેગથી ઉડનારી હોય, તેને સોનાના પાંજરામાં રાખી, સારા સારા મેવા, પાણી વિગેરે આપવામાં આવે, તો પણ તેને એવું દિલ થશે કે, ઉડી જાઉં; પણ આસ્તે આસ્તે તેની પાંખો કાપી નાંખવામાં આવે, તેના બચ્ચાં એકઠા થતાં જાય, તો પચાસ વર્ષ બાદ તેમને બહાર કાઢતાં, તેઓ ઉડી નહિ શકે, કારણ કે, કેદખાનામાં તેઓનો જન્મ થયો છે. હવામાં ફરવાની અથવા ઉડવાની ખુબીઓથી તેઓ અજાણ છે.

તમે પણ બેખુદ છો. તમારા દીનની અસલ ખુબી તમે જાણતા નથી, તેની માયના સમજતા નથી. દીનની કેવી ઉમેદ છે તે વિષે તમને ખબર નથી.

તમારામાં ઘણાએક એવા છે કે જેઓએ પોતાના નામો ઈસમાઇલી મઝહબમાં રાખેલા છે અને કહે છે કે અમે ઇસમાઇલી છીએ; પણ ઈસમાઈલી મઝહબ શું છે અને તેની ખુબી શું છે તે વિષે તેઓને કાંઇ ખબર નથી. તેઓ નાદાન છે.

તમે પણ આસ્તે આસ્તે સુફીમાં દિલ લગાડો. એનાથી પણ ઉપર જવાનો ખ્યાલ રાખો. સુફી મઝહબ એ **તરીકત** છે, પછી **હકીકત**માં પહોંચશો. તમે આસ્તે આસ્તે ઉડવા લાગશો. ઇલ્મવાળો રૂહ પગથિયું પગથિયું ઉંચે ચડશે. તે એક દાદર પુરો કરી બીજા દાદર પર ચડી શકશે.

પણ જેને ઈલ્મ નથી તે કહે છે કે હું તો જતો નથી, અહીંયાજ બેઠો છું. આવા માણસના ઘટમાં અમારા ફરમાન ઘડ બેસતા નથી. જે સમજી શકતો નથી, તેના ઘટમાં કેમ ઘડ બેશે? અને તે કેમ ઈતબાર લાવે? અમારા ફરમાન જેઓ સમજી શકશે તેમને મીઠાશ લાગશે.

અમારા ફરમાન પ્રમાણે નહિ ચાલશો તો, તમે પરેશાન થશો. ત્યાં લોખંડ તથા આતશના ગુરજ તમારા માથામાં મારવામાં આવશે, ત્યારે તમે ત્યાં પોકાર કરશો અને કહેશો કે, "તૌબા તૌબા" રાત દિવસ ગુરજ માથામાં લાગશે. બે ખબરીનો ગુરજ ઘણો ઈજા પહોંચાડનાર છે. આતશના ગુરજથી ડરીને ધાસ્તીના લીધે ઇબાદત બંદગી કરે, તે મોમન નથી; પણ ખરૂં ડરવું એ છે કે, ખુદાના દીદારથી દુર ન થવાય; તેનાથી ડરવું જોઈએ.

જેમ હઝરત મુર્તઝાઅલીએ એક દિવસ, નમાઝની વખતે ફરમાવ્યું કે, 'ખુદાયા મને બહેશ્તની તમા નથી, તેમ હું દોઝખથી ડરતો નથી, જે દુઃખ દેવું હોય તે મને દે, મારાથી સારાઈ કર. હું તારો આશક છું.' હકીકત એ છે.

મુર્તઝાઅલી મોજીઝા કરતા હતા, પરંતુ મોજીઝા માણુસ પણ શીખે છે અને જાદુગરો બનાવી શકે છે. મુર્તઝાઅલીનો મોજીઝો એ હતો કે, પોતાની જગ્યા પર પહોંચાડે. **હકીકતના અસલ મકાને પહોંચો.**

જે તમારે પુછવું હોય તે પુછો કે, ફલાણી બાબત અમે સમજી શકતા નથી. તમે બેખબર છો. જેઓ બેખબર છે તે કેવા કેવા ખ્યાલ કરે છે કે, જે બિમાર હોય તેને તેની બિમારીમાંથી સાહેબ સારા કરે છે. એ અમારૂં કામ નથી. અમારૂં કામ એ છે કે તમને સીધો અને સાચો રસ્તો દેખાડીએ જેથી, તમે પાર પામી શકો અને તે જગ્યાએ પહોંચો. તમે ફના ફિલ્લાહ થાઓ.

ફના–કાંઈ નહિ.
ફિ–અંદર.
અલ્લાહ–ખુદા.
ફના ફિલ્લાહ–ખુદાવંદતઆલાની જાતમાં નાબુદ થઇ જવું.

તમે એવા ખ્યાલ કરો કે 'ભલા! ખુદા કોણ છે? અને ખુદામાં કેમ ન સમાઉં?!' એવી ઉમેદ રાખો.

તમે એવા ખ્યાલ નહિ રાખો કે અમોએ ફરમાન વ્યર્થ કર્યા છે. અમારા ફરમાન વાંચો, સાંભળો અને વિચાર કરો. જેમકે હઝરત ઇસા ખુદામાં ફના થયા હતા.

હઝરત ઈસા કોણ હતા? હઝરત ઇસા હકીકતી હતા, તે ખુદામાં ફના થયા. હઝરત રસુલ કરીમની મેઅરાજ વિષે તમોએ સાંભળ્યું છે. એ બાબતમાં તમોએ શું ખ્યાલ કર્યો? માણુસો કહે છે કે, હઝરત રસુલ ઘોડા ઉપર બેસી મેઅરાજ સીધાવ્યા, એ બધી લોકોની વાતો છે. ખુદા માત્ર આસમાનમાંજ છે, એમ નથી, ખુદા બધે ઠેકાણે છે; પણ તેઓ અસલ મકાને પહોંચી પાછા વળ્યા તે રાત મેઅરાંજની હતી. આ મેઅરાજ છે.

તમે એની માયના સમજતા નથી. પેગમ્બરે જે મિસાલો ફરમાવેલી છે તેની માયના અક્કલવાળા દાના હોય તે સમજે. પણ જે બેઅકકલ હોય, તે કહેશે કે કિસ્સા કહાણીઓ ખરી છે. અક્કલવાળો માણસ કહેશે કે, ઇન્સાન એ એક મોટી ચીજ છે. સારા નરસાને બરાબર ઓળખે તે ઇન્સાન છે. અક્કલવાળો જવાબ આપશે કે એ એક મિસાલ છે. એની તુલના કરીને સમજો, એ તમારા હાથમાં છે. એવો વિચાર નહિ કરતાં કે કામ ઘણું મુશ્કીલ છે.

એવું નથી કે માત્ર મુર્તઝાઅલીની ઓલાદ ત્યાં પહોંચે. જે કોઇ પક્ષીની માફક ઉડે, નિશ્ચય કરે તે પહોંચે. પહેલાં ઝાઝું ન ઉડાય તો થોડું ઉડે એમ કરતાં કરતાં અસલ બાઝ જેવો થશે અને બરાબર ઉડશે. આ સર્વે બાબતનો ખ્યાલ કરો. આમાં પક્ષીની કાંઇપણ મકસદ નથી. જો પક્ષીની મકસદ હોત તો, અમે તમને કહેતે નહિ.

દીન એં છે કે, ખોટા ખ્યાલ નહિ કરવા. ખુદાએ તમને પેદા કીધાં છે. તમે ખુદાને સિજદો કરો તેમાં ખુદાને શું ફાયદો? ખુદા ફકત એકમાં નથી. ખુદા સર્વે ઠેકાણે છે. તેને ખુશી કરવો એ બહેતર છે. **જ્યારે તમારૂં દિલ રાજી રહે, ત્યારે ખુદા રાજી રહે.**

તમે દુનિયામાં કેદમાં છો ત્યાંસુધી રાજી નહિ થશો. પોતાના પ્રાણનો ઘાત કરીને કેદમાંથી નીકળી જવું એમ નથી; મુઆ તો વળી મોટું કેદખાનું આગળ છે; એકમાંથી બીજું, ત્રીજું વિગેરે. પોતાના પ્રાણનો ઘાત કરીને છુટવું એમાં શું ફાયદો છે?

તમને ખબર નથી કે તમારા વડવા કેવા હતા?

અગાઉના જમાનામાં ઉમર ખેયામ એક સુન્ની માણસ શરીઅતી કાઝી હતો. તેના હાથમાં કિતાબ હતી. હાથ પગ ધોવાની નકામી વાતો કરતો હતો. એવી રીતે હાથ પગ ધોવા એ પોતાને હજામ બનાવવા બરાબર છે અને એ હજામનું કામ છે એમ તેને લાગ્યું. ત્યારબાદ તેણે આસ્તે આસ્તે ખુદાના ઇલ્મ વિષે ખ્યાલ કીધો.

પછી નાસર ખુશરૂ સાથે તેને દોસ્તી થઇ. નાસર ખુશરૂની દોસ્તી થયા પછી, ઉમર ખૈયામ આસ્તે આસ્તે મહેનત લઇને પોતાને દરજ્જે પહોંચ્યો. તે હમેશાં હૈયાત છે. તે પોતાની કિતાબમાં લખી ગયો છે કે હું હમેશાં જીવતો છું.

બંદગીનો શું અર્થ છે?

બંદ:—ઇન્સાનના પગ બાંધ્યા હોય તે.

અબ્દ:—ગુલામ.

અબ્દલ્લાહ:—ખુદાનો ગુલામ.

તમારો ગુલામ હોય તે ઘણા વર્ષ તમારી ખિદમત બરાબર કરે, તો શું તમે તેને આઝાદ નહિ કરશો? તમારો કોઈ ગુલામ હોય અને તે સારો માણસ હોય અને હમેશાં તમારી ખિદમત કરતો હોય, તો તમે તેના માટે શું કરશો? તેને પૈસા આપશો તો તે રાજી નહિ થશે. તેને આઝાદ કરશો, ત્યારે જ તે ખુશી થશે.

તમે બંદેખુદા છો. ખુદા રહેમુર રાહેમીન છે. ત્યારે શું તમને કોઇ વખત આઝાદ નહિ કરે? અમે નથી કહેતા કે આ દુનિયા પછી પણ તે આઝાદીમાં તમે પહોંચી શકશો. એ સર્વે સીધા રસ્તા ઉપર ચાલવા તથા આલા હિંમત ઉપર આધાર રાખે છે. એ સઘળું તમારા હાથમાંજ છે.

તમે ખ્યાલ કરો કે તમારો દીન શું છે? તમારા દીનનું ફરમાન છે કે તમે જોઈ વિચારીને ચાલો અને ખ્યાલ કરી જુઓ. દાખલા તરીકે તમે જંગલમાં ચાલો છો, ત્યાં ત્રણ ચાર ઠેકાણે પાણીના ખાબોચિયા છે, તેમાં પાણી ભરેલું છે, મગરબ વખતે જ્યારે સુરજ અસ્ત થાય છે ત્યારે, સુરજના નુરનો પ્રકાશ પાણી ઉપર પડે છે. જો તે જંગલમાં જનાર ઇન્સાન બે અકકલ હશે તો કહેશે કે આ નુરાની રંગ પાણીનો છે. પણ જો તે માણસ અકકલવાળો હશે તો તે કહેશે કે આ પાણીનો રંગ નથી, એ સુરજનું નુર છે. મેં એ પાણી દીઠેલું છે. અગાઉનો તથા હમણાનો પાણીનો રંગ સરખો

નથી. આ તો સુરજનું નુર પાણી ઉપર પડેલ છે. જ્યારે સુરજ અસ્ત થઈ જશે ત્યારે માલમ પડશે કે તે સુરજનું નુર હતું.

જ્યારે ઝાડ અથવા પહાડ ઉપર વીજળી પડે છે, ત્યારે તમે કહેશો કે એ વીજળી ડુંગર છે. એ બેઇલ્મી તથા નાદાનની વાતો છે.

તમે પોતે ખુદાનો દરજ્જો સમજો અને હકીકતના રસ્તાથી વાકેફગાર થાઓ, ત્યારે તમે આઝાદ થશો. **ખુદાનો દરજ્જો સમજ્યા અગાઉ પોતાનો દરજ્જો સમજો. ત્યારબાદ ખુદાના દરજ્જાની ખબર પડશે.**

ઈન્સાન રાત દિવસ પૈસા પેદા કરે, સારા કામ કરે પછી મરી જાય, ત્યારે શું ફાયદો? તેમજ હમેશાં બંદગી કરવા છતાં આઝાદીમાં ન પહોંચે તો શું વળ્યું? અકકલવાળો થોડાથી નારાજ થશે.

તમારી પાસે ગુલામ હોય, તેને વાંકી ટોપી પહેરાવો તથા પીળો લેબાસ બનાવી આપો, પણ જો તે ગુલામ અકકલવાળો હશે તો તેને ગમ થશે અને કહેશે કે હું નારાજ છું. તેને શું થવું જોઇએ? તેને ઘટારત છે કે આઝાદ થાય અને શેઠ બને, ત્યારે જ અકકલવાળો રાજી થાય. જો તે ગુલામ બેઅકકલ હશે, તો કહેશે કે હું ગુલામ છુ, સારૂં ખાવાનું, સારા કપડા તથા વાપરવાનું સર્વે સુખ છે. જો મારો ધણી મને આઝાદ કરી નાંખશે તો મારે મહેનત કરવી પડશે અને હું ભુખે મરી જઈશ, મને ગુલામી બહેતર છે. સઘળા ઇન્સાનનું આ પ્રમાણે છે.

અમારા ફરમાન તમારા દિલમાં ઘડ બેસે છે કે નહિ? અમે મુશ્કીલ સમજીએ છીએ; સબબ એ છે કે, અમે બીજા ખ્યાલમાં કહીએ છીએ અને તમે બીજા ખ્યાલમાં સમજો છો.

તમે ઈસમાઈલી દીનની માયના નથી સમજતા. તમે સહી ચોકકસ કરીને સમજો કે, તમારો દરજ્જો કેવો છે?

જે ઇન્સાનનો પહેરવેશ ખરાબ અને મેલો હોય, તેના લેબાસ ઉપર રસ્તામાં થોડી માટી તથા ચીકલ પડે તો તેને અફસોસ નહિ

થાય. તેના કપડા પહેલાંથી જ મેલા હતા, તેના ઉપર થોડા વધુ ડાઘા થવાથી તેને અફસોસ થશે નહિ; પણ જે ઈન્સાનનાં લુગડા ધોબી ધોએલા સ્વચ્છ હશે, તેને રસ્તે જતાં ગાડીનો થોડો ચીકલ લુગડા ઉપર લાગી જાય, તો તેને કચવાણુ લાગશે, કારણુ કે તેનો લેબાસ હમેશાં સાફ રહે છે. તે કહેશે કે જલદી ઘરે જાઉં અને આ લેબાસ બદલી નાંખું, જેથી મારા દોસ્તો મારી મશ્કરી ન કરે. તે ઘેર જઈ બીજા લુગડા પહેરી લેશે.

આની માયના સમજો છો? ચીકલ છે તે ગુન્હા છે. એ ચીકલ આ છે કે: (૧) પરાયો માલ ખાઈ જવો. (૨) પરાઈ ઓરત પર બદ નજર કરવી. (૩) મરદોનો ખ્યાલ પારકી સ્ત્રી ઉપર હોય. (૪) ફલાણુાના સો રૂપિયા મારા રૂપિયા સાથે છે, તે ખાઈ જાઉં. આ સઘળા ગુન્હા ચીકલ છે. મોમીન ઈન્સાન લેબાસ સારો પહેરે છે. તે થોડા ગુન્હા કરે તો પણ તેની નજરમાં તે ગુન્હા મોટા જણાય છે. તે જલદી બીજો પહેરવેશ પહેરી લેશે.

દોસ્ત, માશુકને મળવાની ઉમેદ રાખતો હોય અને તેનો લેબાસ ખરાબ હોય, તો માશુક તેને કબુલ નહિ કરે, કહેશે કે જાઓ જાઓ.

તે માશુક કોણ છે? તે માશુક ખુદાવંદતઆલા છે. ખરાબ લેબાસ તે ગુન્હા છે, રાત દિવસ ચીકલમાં લેટે, તે ગુલામ છે. તે કદી આઝાદીની તલબ રાખતો નથી. આ જે સઘળા ફરમાન થાય છે, તે તમે સમજો. હકીકત અને શરિયત શું છે? આ બીજી સોબત છે. "આ" અને "તે" કયારે પણ એક થવાના નથી. કયારે પણ એક નહિ થશે. "આ" કિતાબ, રોઝા, નમાઝ તથા બંદગી ને ચાહે છે. "તે" ઉમેદ આઝાદીની રાખે છે. એ બે વાતો છે. બન્નેના વિચારો જુદા જુદા છે. અમારા વાસ્તે ઘણી મહેનત છે.

"એ" બેઈલ્મી કેમ રાજી થાય? "એ" હકીકતને પકડતો નથી. એને હકીકત જોઈતી નથી. જેઓ બેઈલ્મ છે તેઓ હકીકતને છોડી આપે છે, પણ જે હકીકતી છે તે બીજે રસ્તે ચાલે છે. જેમ

આગળ (૧) ઈસા (૨) પીર સદરદ્દીન (૩) નાસર ખુશરૂ (૪) પીર શમ્સ (૫) માલાના રૂમી, એવી રીતના માણસો હકીકતના રસ્તા ઉપર ચાલ્યા. આ રસ્તો નાદાનને માટે બહુ મુશ્કીલ છે.

અમે જોઈએ છીએ કે અમારા દીનમાંથી ફરી જઇને કોઇ ઈશ્નાશઅરી અથવા સુન્ની તથા નસારા થઈ જાય છે, તેમાં અમે અજબ થતા નથી. કારણકે તે પોતે બેઇલ્મ છે. બેઅકકલ આદમ માટે હકીકતી દીન ઘણો જ મુશ્કીલ છે. બેઅકકલને માટે અમારો દીન ઘણો જ મુશ્કીલ છે. બેઅકકલ ફરી જાય, તેમાં અમને તાજુબી લાગતી નથી, કેમકે આ દીન ઘણો સખત છે.

જે ઇન્સાન અકકલનો ઝઇફ છે તે ખરાબ છે. તે હરામની પછવાડે દોડે છે; પણ જે દાના અકકલવાળો હશે તે કહેશે કે, આ રસ્તો સારો છે. તે તેનો વિચાર કરીને ચાલશે. અકકલવાળો કહેશે કે મારી આરઝુ આઝાદીની છે. હું અઝાદી પછવાડે દોડું છું, હું દોડીશ, હું શોધીશ!

તમે જ્યારે સિજદો કરો ત્યારે, માંગો કે અમને અસલ મકાને પહોંચાડ. જેમ બાળક પોતાની માતાથી જુદું પડે છે, ખોવાઇ ગયું હોય છે, ત્યારે તે રડે છે કે કયારે મા પાસે જઇ પહોંચુ! તમે પણ તેવા થાઓ.

અમોએ તમને ઘણા ફરમાન કર્યા, પણ ફાયદો ત્યારે જ થાય કે જ્યારે અમારા ફરમાન પ્રમાણે ચાલો. જો તમે અમારા ફરમાન પ્રમાણે અમલ કરો, તો જાણે અમે સવાર સુધી ફરમાન કીધાં એમ અમે સમજશું.

ઈન્શાઅલ્લાહ, તમારામાં કેટલાક હકીકતી છે. તેઓને અમારા ફરમાન ઘણો જ ફાયદો કરશે. તેઓના દિલમાં ઘડ બેસી જશે, પણ જેઓના દિલ ઝઈફ છે અને હિંમત નથી તેમના દિલમાં થોડો અથવા વધારે શક ઉત્પન્ન થશે, કારણ કે હકીકત ઉપર તેમને ઓછો ઈતબાર છે. તે અમે સઘળું સમજીએ છીએ. સઘળાના દિલની અમને ખબર છે.

શરિયતીઓ અમારા હકીકતી ફરમાન સાંભળે, તો તેમના દિલમાં અસર કરતા નથી. જેઓ હકીકતી નથી તેઓ બેઅકકલ છે.

ઇન્સાનને જોશ ઉત્પન્ન થાય છે તે ખોટો જોશ છે. તેને પણ ફરમાન અસર કરતાં નથી. તેઓને એમ થશે કે જેમ પાણીને આતશ ઉપર રાખવાથી હવા થઇને ઉડી જાય છે, તે આતશ ઉપર જોશમાં ઉકળે છે અને અવાજ કરે છે. દિલનો જોશ પણ પાણી માફક છે.

અમે અમારા દિલથી તમને દુઆ કરીયે છીએ કે, 'ખુદા યા! તેમના દિલમાં એવી તાકાત બક્ષ કે આઝાદ થાય, હકીકતી થાય અને ખરાબીથી દુર ભાગે. તેઓ સીધે રસ્તે ચાલે અને રસ્તો સવળો પકડે. ખુદા યા! તેઓને હકીકતી આંખો બક્ષ.' આ દુઆ સઘળી દુઆ કરતાં વધારે છે.

ઇન્શાઅલ્લાહ, અમારા ફરમાન હમેશાં દિલમાં રાખજો, ભુલી નહિ જશો. એમ ન બને કે, જયાં સુધી અમે જાહેરીમાં અતરે હાઝર છીએ ત્યાં સુધી અમારા ફરમાન વાંચો અને પછી ન વાંચો, એમ નહિ થવું જોઈએ. જેમ ગીનાન વાંચો છો તેમ અમારા ફરમાન વાંચજો. જેમ ગીનાનની માયના કાઢો છો તેમ અમારા ફરમાનની પણ માયના કાઢજો. અમારા ફરમાન એજ ગીનાન છે.

અમારા સિધાવ્યા બાદ એવું નહિ સમજતા કે સાહેબ સિધાવી ગયા. જેમ તમે ઈમામને હાઝર સમજો છો, તેમ હાઝર સમજજો. હાઝર ઈમામ જાહેરીમાં હમેશાં હાઝર નથી બેસી રહેતા, પણ તેઓને હાઝર સમજવા જોઈએ. અમે પણ હમેશાં તમારી પાસે બેઠા છીએ.

**સમાપ્ત.**

# કલામે ઇમામે મુબીન

## શબ્દોની અનુક્રમણિકા

**સુચના:** આ નીચે આપેલા શબ્દો તેની સામે આપેલા પાનાઓમાં આવેલાં છે.


અક્કલ-૫૪, ૫૫ ૬૬, ૧૩૮, ૩૦૮
અગ્રેજ-૯૦, ૧૯૬, ૧૯૯
અજામ-૧૨૦
અજીઝ-(ઇમામે ઝમાનનો) ૨૭૪
અઝરાઈલ-ફીરસ્તો મોતનો, ૨૩૨
અઝદાહ-જેના મોઢામાં આગ સળગી રહી છે, ૪૬
 દોઝખ તરીકે ૪૬
અઝાઝીલ-ફીરસ્તો રાન્ચો ગયેલો, ૧૮૭, ૨૮૦.
અટક-એક નદી, ૨૧૮
અદેખાઈ-૨૭૩
અધમગતી-૧૬૦, ૩૦૬
અંધારૂ (દિલમાં)-૩૧૪
અનલહક્ક-૨૬૪
અપીલ-૨૩૭
અરીણ-૧૦૨
અબ્દલ્લાહ-ખુદાનો ગુલામ, ૩૫૨
અબ્દ (ગુલામ)-૩૫૨
અબ્દુલ્લાહ-ઇમામ મહેદીના પીતાનુ નામ ૫
અબુશહર-એક શહેર-૬૯
અભ્યાસ ૩૦૬
અમદાવાદ-૭૧, ૭૩, ૭૪, ૧૫૧
અમરૂઆસ (જે દોસ્ત મટી દુશ્મન થયો)-૧૪૫
અમલ-દીન ઉપર, ફરમાન ઉપર, ૧૩૪, ૩૨૪
 -ફીરસ્તા જેવા, શેતાન જેવા, બદ.
 -નેક, ૩૪૦
અમલદારો-૯૨, ૨૯૧, ૨૯૨, ૨૯૬, ૩૧૦
અમ્ર-૮૮
અમાર ઇબ્ને આસર-(એક અસહાબ), ૩૪
અમીરૂલ મોમનીન-૧
અરબ-અરબો-ઈસિમાઈલી-૫૧, ૯૧, ૨૧૨
 -મુસલમાન ૯૬, ૧૦૧
અરબી (ભાષા)-૬૨, ૬૩, ૮૬
અરબસ્તાન-૩, ૨૧૨
અરશેઅઝીમ-૧૮૩
અલમાશ-૧૪૯
અસરાફીલ (ફીરસ્તો રૂહ ફુંકનાર)-૪૩, ૨૫૬
અસહાબો-૩૬, ૩૭, ૧૨૮, ૧૩૫, ૧૩૭ ૧૪૫ ૧૬૧, ૧૬૨, ૧૬૪, ૧૭૧, ૧૭૨
અહેલેબયત-૧૩૯
અવતાર-૭૯, ૧૫૯. ૧૮૨, ૧૮૬, ૨૯૦
અવલાદ-નુસેરીની, ૭
 -દુશ્મનોની, ૯

અવલાદ—ઇન્સાનની, પોતાની, ૫૦, ૧૬૧
-હઝરત ઉમરની, મુર્તઝાઅલી
ની, ૧૧૬, ૧૪૬, ૩૫૧
-નબી મહમદની ૧૩૧
-મોમનની ૧૫૫, ૨૨૫
-બે, ત્રણ, ચાર, ૧૫૭, ૨૪૭
-હઝરત આદમની, ૧૮૨
-સારી, ૨૪૭
-ઇમામે ઝમાનની, ૨૨૯
-રૂહાની, ૨૯૭, ૨૯૯
-દીકરીની, ૧૫૫, ૧૫૭
આકબત—૯, ૧૦
આકાર (પાણીના)—૬૪૩
આંક ગણીત (શીક્ષણમાં)—૨૯૫
આખરત—૨, ૫, ૬૭, ૭૩, ૭૫, ૭૭,
૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૩૦,
૧૩૩, ૧૯૯, ૨૭૬, ૩૦૩,
૩૨૮, ૩૩૩, ૩૩૪
આંખમીંચ—૩૦૬
આંખો—પવિત્ર, પાક, ૨૪૬, ૨૭૬,
૨૭૭, ૩૨૫
-દંડી, હકીકતી, ૨૫૪, ૩૫૬
-હાજર રહેલાઓની, દીલની,
૧૨૭, ૨૪૩, ૨૯૦
-બાતુની, ૫૨, ૫૫
આગ—જહન્નમની ૧૦૦
-ગુન્હાઓની સજા તરીકે, લાકડાની
૩૪, ૩૫
આંગળીઓ (પાંચ)—૮૧
આગાશાહ અલીશાહ દાતાર—૪૭મા
ઈમામ ૮, ૫૮, ૬૨, ૭૮,
૧૨૫, ૧૫૦, ૧૫૬
આગા શાહ ખલીલિલ્લાહ—૪૫મા ઇમામ
૭૮, ૨૧૬, ૩૨૫
આગાશાહ હસનઅલીશાહ—૪૬મા ઇમામ
૭૮, ૧૨૫, ૧૩૮, ૧૫૦,
૧૫૫ ૧૫૬, ૨૧૬, ૩૨૫
આઝાબ—૧૦૩
આદ ઉણાદ—૧૨૧
આદત-સારી, સારા કામની ૧૯૪,
૨૬૧, ૨૬૬, ૨૭૨, ૨૭૭ ૨૭૯.
-જુઠું, સાચું બોલવાની, ખરાબ
કામની ૨૬૬, ૨૭૨, ૨૭૪, ૨૭૯
-ચોખા માસ ખાવાની, ગુનાહની
૨૬૫, ૨૮૨, ૩૪૮
-સવાબના કામો કરવાની, ૨૭૮
-એકદીલી કરવાની, એક ૨૮૦,
૩૩૬
-પ્રીતના કરવાની, બદનજર કરવાની
૨૮૨
-તકકબુરી અને નીંદા કરવાની ૨૮૨
-મોમનની, માણસની, ૮૭, ૧૭૭
-કસરત કરવાની, જમાતખાને
જવાની, ૧૯૪, ૨૭૮, ૨૭૯
-રૂહને જેવી આપશો, પાંજરાની
૨૭૮, ૩૪૮
-શેતાનની, બાજી ખાવાની ૨૬૫
-સુસ્તી કરવાની ૨૭૨
-ઈબાદતની ૧૫૨, ૧૯૩, ૨૬૬
આદમ—૩૫૫
આદીલ (ખુદા)—૫૪
આધાર—નસીબ ઉપર, દુનિયા ઉપર,
૧૩૪, ૧૪૨
આબેસફા (નિયાજ)—૩૧૪

આંખા-૧૦, ૧૭૦
આમાલ-૧૦૦, ૧૦૫, ૧૦૬, ૧૨૦, ૧૩૦, ૧૩૭, ૧૩૯, ૧૭૮, ૨૮૬, ૩૦૨, ૩૨૦, ૩૨૧, ૩૨૯, ૩૩૩, ૩૪૦
આરઝુ-આઝાદીની, ૩૫૫
આલ-ઇમામની, ૫
-નબી મહમદની ૧, ૨, ૪, ૬, ૯, ૩૭, ૩૮, ૪૦, ૬૩
આલમ (અઢાર) ૪૩
આલીમો-(જેઓ હદીસોના અર્થ જાહેર કરી સમજાવે છે) ૫
આલે રસુલ-ઇમામે ઝમાન ૬, ૨, ૪
આશા-૭૨, ૩૪૮
આશક-ખુદાના, દીનના, રૂહના ૩૨૩, ૩૨૫, ૩૪૭
-જેની ચામડી ઉતારવામાં આવી ૭૮
-ઇમામે ઝમાનના ૭૮
આસમાન- ૧૫૨, ૧૬૦
-માંથી એક પત્થર પડયો ૪૨
આંસુ-૮, ૧૨૭
આળ-૭૫, ૯૫
ઇંજીલ (ઇલાહી કીતાબ)-૯૬
ઇતબાર-૩૫૬
ઇતેકાદ-૨૪૪
-દીન ઉપર, દીનનો, સાફ, ૯૦, ૧૪૨, ૧૪૫
ઈદ-હજની ૬
-બાર મહીનામાં બે ૨૨૭
-જેવા મોટા દિવસે ૩૨૭
ઇન્સાન-આદમના વંશજો ૬૮, ૬૯, ૭૭, ૧૦૦, ૧૦૧, ૧૦૫, ૧૨૮, ૧૩૦, ૧૩૨, ૧૫૩, ૧૫૭, ૧૫૮, ૧૬૦, ૧૬૧, ૧૬૩, ૧૯૪, ૧૯૮, ૧૯૯, ૨૦૬, ૩૦૨, ૩૦૭, ૩૨૯, ૩૫૧, ૩૫૨, ૩૫૩, ૩૫૪, ૩૫૫, ૩૫૬
-જેનાથી ડરી હઝરત ઇસા નાઠાં, ૧૩૫
-હકીકતી, સુફી, સમજદાર, ૧૬૭, ૩૧૭, ૩૪૫
-મૌલાના રૂમ, ૩૪૭
ઇનામ-૩૨૭
ઈન્સાફ (ખુદાને ત્યાં)-૫૧
-કોર્ટ જેવો ૨૬૪
-કમીટીએ આપેલો ૩૦૭
ઈબ્રાની (ભાષા)-૩૧૬
ઇબ્રાહીમ (કુલ કામડીયા)-૫૮
ઈબ્રાહીમ ઇબ્ને હારસ-(એક અરબ) ૪૧, ૪૨
ઇબાદત-(સલમાનની) ૩૬
-દુનિયાને ઢોંગ કરી દેખાડવાની,
-જબાનની ૭, ૯૪, ૯૫, ૧૫૮, ૧૫૯
-દોઝખની બીકથી ૧૦૮
-ત્રણ વાગાની ઈમાનની સલામતી સાથે ૧૩૮, ૧૩૯
-જાહેરની, બદનની, ગોસ્તની, જબાનની ૧૫૮, ૩૨૯
-મોમનની ૧૧૭
-અરબી ભાષામાં ૧૬૪

ઇબાદત–બાતુનની ૧૭૬
–મોટા ક્રામતવાળાઓની ૨૨૦
–શેતાનની, ૨૬ ૨૦૬, ૨૬૦
–ખુદાની ૨૩, ૨૪, ૪૪, ૭૪, ૧૩૫
–બંદગી ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮ ૧૬૯, ૨૦૦, ૨૦૨, ૨૦૩, ૨૦૪ ૨૦૬, ૨૦૭, ૨૪૬, ૩૦૨, ૩૦૪, ૩૦૫, ૩૨૭, ૩૨૮, ૩૨૯, ૩૩૫, ૩૩૬, ૩૪૬, ૩૪૯
ઈમાન (ચૌટામાં)–૮૩
–એક અનુપમ દાગીનો–૧૩૬
–ઝાડના પાંદડા જેવું, પહાડ જેવું ૧૭૨, ૧૮૩, ૧૯૩, ૨૧૭ ૨૮૯
–લીલી માટી જેવું ૧૬૨
–કે જે ૨૦, ૩૦ વર્ષ સંભાળ્યા પછી ખોઇ બેસે છે ૮૨
–કાચું ૨૫૮
–મનસુર જેવું ૨૬૪
–સાફ મોમનનું. મુરીદોનું ૧૮૦ ૨૮૯ ૩૩૫
–એક ઝવેરાત ૩૦૨
– ઇન્સાનનું, માણુસનાં) ૫ ૭૫ ૯૨ ૯૯ ૧૭૯
ઇમામ–(દુનિયાનો આધાર)–૫
–દુનિયામાં મોજુદ હોવો જ જોઇએ ૫
–ઇન્સાનનો તારનાર ૨૧૪
–માણુસોથી ડરનાર ૨૧૪
–ઇસમાઇલી ૩૨૪ ૩૩૩
ઇમામ ઝયનુલઆબેદીન–૨ ૪૯
ઇમામ જાફરસાદીક–૨૩
ઇમામ મોહમ્મદ બાકર–૪૩
ઇમામ શાહ ઇસમાઇલ–૮૪ ૮૬
ઈમામ હુસેન–૧૫ ૧૬ ૫૫ ૬૨ ૭૮ ૯૮ ૯૯ ૧૩૪ ૧૭૭ ૨૧૫ ૨૧૬ ૨૮૪ ૨૪૪ ૨૦૮
ઇરાન–એક દેશ ૬૭ ૬૮ ૨૧૨ ૨૧૬ ૨૫૭
ઇરાની–મુરીદ ૭૬
ઇલમ–૧૯ ૧૫૮ ૧૬૨ ૧૮૦ ૧૯૬ ૨૨૧ ૨૨૮ ૨૩૪ ૨૪૨ ૩૦૭ ૩૧૫ ૩૧૬ ૩૨૦ ૩૨૮
ઇલમનો દરીયો–(મુર્તઝાઅલી) ૨૩
ઇશ્ક–(ખુદાનો દુનિયાનો) ૩૧૩ ૩૨૮ ૩૨૯
–સ્ત્રીઓ સાથે ૩૧૭
–રૂહાની ઈમામનો ૩૦૮ ૩૧૦
ઇશનાઅશરી–(જે સતપંથમાં દાખલ થવા ઇચ્છતો હતો) ૨૦૨
–ફરેબ દેવા આવનાર૨૧૪
ઈશનાઅશરીઓ–(મુસા કાઝમથી માનનારા) ૮૪ ૮૬ ૮૮ ૨૧૬ ૨૧૭ ૩૦૭ ૩૪૪ ૩૫૫
ઈસમાઇલ (વારસ)–૫૮ ૫૯
ઇસમાઇલ કાસમાણી (કામડીઆ)–૬૬
એક જ નુર (જે અનાદી કાળથી ઉતરતુ આવે છે)–૮
એકદીલી–૮૫
એકરંગી–૮૩

એખલ્લાસ-૩૨૪
એબ-૨૭૭
એલચી (ઇમામે ઝમાનના)-૧૯૬
એલચીઓ (અમલદારીઓ)-૨૨૩
ઓરત-૭૨
-ગોલીને ૮૪
-મરદની ૨૪૬
-બીજી ૨૪૭
-પારકી, ૭૫, ૮૦, ૮૪, ૧૩૭, ૧૪૩, ૧૫૫, ૧૫૬, ૨૭૭, ૨૭૯, ૩૫૪
ઓરતો (બે)-૨૪૦
કતલ-સીતેર વખત ૭
કર્તવ્ય-૩૪૨
કદમ-સાબીત, આગળ અને આગળ, પાછો. જે જે ૧૫૨ ૨૦૦, ૩૩૨
-એક એક, એક, બે, ચાર, દશ, સો ૧૫૧, ૧૫૨, ૧૬૮, ૧૭૮ ૧૮૬ ૨૦૦ ૩૦૧, ૩૧૦, ૩૨૨
-બીબી સરકારના ૨૨૩
કપતાન-સ્ટીમરનો ૯૭
કબર, કબરો-૨૪૩
કમીટી-ઇન્સાફ આપનાર, વ્યવસ્થા માટે ૨૫૮ ૩૦૬
કયામત-૮ ૪૫ ૬૬ ૧૦૧ ૧૦૫ ૧૦૬ ૧૯૮
કરજ-હજાર તરેહના, મોટું પારકું ૯૮ ૧૨૮
કરબલા-૧૫ ૬૭ ૬૯ ૨૨૮
કરાંચી-૯૪ ૨૧૮
કરામતો-નબી અને ઇમામની જાહેર ૨
કલમ-પજેમાઇની. જંગબાર ખાતેની ૨૫૦ ૩૨૫ ૩૨૬
કલમો-૨૭૦
કવાયત-દીનની ૯૧
કસરત-બદનની. સહેલાઇથી, તાલીમખાનામાં ૨૭૮ ૩૨૬
-ઇબાદતની ૧૬૬ ૨૦૨ ૩૦૪
-રૂહને, રૂહાની, રૂહની, રૂહ સાથે ૧૫૩ ૧૬૫ ૧૬૬ ૨૭૯
-૨૭૮
કાઉન્સીલ-૨૬૩ ૨૬૪ ૨૯૬
કાંકણુ-૯૩ ૯૪ ૯૮
કાંગવો, કાંગવા-૮ ૯૨ ૯૩ ૯૪ ૧૨૧ ૧૪૧ ૧૪૯ ૧૬૫ ૧૬૯ ૧૭૩ ૧૭૫ ૧૮૩ ૧૯૯ ૨૦૮ ૨૧૦ ૨૧૧ ૨૯૯
કાઝી-શરીયતી ૩૫૧
કાઠીયાવાડ-૫૯ ૯૪ ૨૩૨ ૨૫૩
કાતીલ-આગાશાહ ખલીલુલ્લાહનો ૭૮
-શરીયતી ૩૫૧
કાંદા-૧૭૦
કાને કાન-એક બીજે ૩૪૧
-બાતુની ૫૨
-આ, એકથી બીજે, પહેલે, ૭૨ ૧૨૦ ૧૩૮ ૧૪૦ ૧૪૧ ૧૬૫
કાનજી રામજી-૮૭

કાફર—ઉંટના ચાર પગ પકડી ઉપાડનાર ૧૧
—ઈમામ જૈનુલઆબેદીનના વખતમાં ૪૯
—બાતુનમાં ૧૦૦
—બીજા ૧૨
—દુનિયાના ૫૩
કાબુલી—મુરીદ ૭૬
કામ, કામો,— સચ્ચાઇથી. સચ્ચાઇનું ૭૫, ૮૨
—પીર સદરદીનવાળું ૬૮
—સારા નરસા ૨૫ ૧૨૦ ૧૨૫ ૧૨૭ ૧૩૦ ૧૩૧ ૧૩૪ ૧૩૭ ૧૪૩ ૧૫૬ ૨૦૫ ૩૦૭ ૩૧૨ ૩૧૫ ૩૧૮ ૩૧૯ ૩૨૦ ૩૨૩ ૩૨૯ ૩૩૦ ૩૧૩ ૩૩૪ ૩૪૦ ૩૪૧ ૩૪૨ ૩૫૩
—સલાહથી દુવા પડવાનું ૭૬
—દીનભાઇઓના પંજેભાઇઓનાં ૮૦ ૯૭
—શરીયતનું. તરીકતનું. હકીકતીનું ૩૪૨
—જમાતના, મીજલસના, —સર્વેના ૬૮ ૬૯ ૯૩ ૩૦૫ ૩૦૬ ૩૪૭
—મરદનું ૩૪૩
—ઇમામે ઝમાનનું. મીશનરીઓનું ૯૭ ૨૧૫ ૩૧૦
—ફીરસ્તા જેવા, નેક, નેકીના ૧૨૦ ૧૯૧ ૨૫૨ ૩૨૩
—પાંચ—૧૩૩ ૧૩૪
કામ—ધરમનું, હકના, હલાલના ૭૫ ૨૧૦ ૨૨૧
—મુરીદોના, મોમનનું ૯૭ ૧૨૨ ૧૨૩ ૨૧૭
—હરામનું, નાફરમાનીનું, બદ ૨૩૨ ૨૪૫ ૨૪૭
—પાક, સાફ, સારૂં ૨૫૦ ૨૫૪ ૨૫૬
—દગલબાજીથી, બરાબર. હજામનું ૭૫ ૩૨૦ ૩૫૧
—ઇબાદતનું. જાહેરી, બાતુની ૯૬ ૨૬૫ ૨૬૬ ૩૪૪
—ગુનાહના ૨૬૬ ૨૭૪ ૨૮૯
—સ્કુલના ૨૯૮
—કાઉન્સીલનું ૨૯૭
—રૂહાની. મોટું ૧૮૦ ૨૯૮ ૩૧૨
—શેતાનના ૧૨૦ ૧૨૨ ૧૨૩ ૧૨૭ ૧૫૫ ૨૫૬ ૨૬૦
—ખુદાના, ખુદાના કાજે ૫૦ ૭૩
—દીનનું, દીનના, દુનિયાનું, આખરતનાં ૫૦ ૫૩ ૭૩ ૭૫ ૭૬ ૭૮ ૧૦૪ ૧૩૨ ૧૩૩ ૧૩૫ ૧૭૮ ૧૮૯ ૨૦૦ ૨૧૭ ૨૩૬ ૨૩૮ ૨૪૧ ૨૪૨ ૨૮૨ ૨૮૬ ૨૯૫ ૨૯૯ ૩૦૬ ૩૨૦ ૩૨૭ ૩૨૯ ૩૩૦ ૩૩૧

કામકાજ—જમાતના, સરકારી ૧૯૫ ૨૯૬

કાયદાઓ—૬

—કાઉન્સીલ માટે એક તલવાર ૩૫ છે ૨૬૪

—કાઉન્સીલના ૨૫૭ ૨૬૩ ૨૬૪ ૨૬૭

—દીનના ૮૯ ૨૩૬

—નમાઝ તથા દુઆના ૮૪

—રાજ્યના ૨૫૫

—જમાતના ૨૭૩

કાયદાસર—૨૦૩

કાયા—બહુ જાડી ૧૨૧ ૧૨૨

—નુરાની ૫૪

કાવો—એક પીણુ ૩૨૬

કાસદ ૧૯૬

કાસમ—વારસ ૫૮ ૫૯ ૧૪૪ ૧૪૮ ૧૭૯

કાસમ દામાણી—મુખી ૨૨૭

કાસરખાં—સાલેહનું અસલ નામ ૨૧

કાળ (અનાદી)—૮

કીડ—૮૦

કીડી—મૌલાના રૂમ ૩૪૭

કીતાબ—ગુજરાતી ૯૭

—નબીની આપેલ, હઝરત ઉસમાનની ૬૩ ૬૪

—મૌલાના રૂમની, શાહ શમ્સ તબ્રેઝની ૧૧૫ ૧૫૪ ૩૧૬

—કુરઆન ૪

—પારા દશ ૬૪

—કે જે માટે નબીએ નસીહત કરી ૬૩

કિતાબ—હાથમાં ૩૫૧

—હઝરત મુસાની ૧૭

—ઇલ્મની, ગીનાન તથા ફરમાનની ૧૪૩ ૨૧૭

—દીનની ૧૫૦ ૧૮૦ ૧૮૧ ૧૮૯ ૨૨૭ ૩૧૬

—તવારીખની, ફીલસુફીની, નસીહતોની ૩૦૯ ૩૧૮ ૩૩૯

—પરાઇ ભાષાની, ફારસી ૩૦૭

કીન્નો—દીન ભાઇઓમાં; દીનભાઇઓ તરફનો; પોતપોતાની વચ્ચે ૮૦; ૩૩૩; ૩૩૭

—દીલમાં; પેટમાં; મોમનને ૮૯; ૧૨૨

કીંમત—એક રતીની ૫

—સોનું ચાંદી; તાંબુ; લોખંડ પત્થરાઓની ૫

—મોતીઓની ૧૬૭

—કાયદાની; અમુલ્ય ૧૩૬; ૩૩૮

—ગાયની ૨૬, ૨૭

કીલ્લેબંધી—દીલને ૩૧૩

કીલ્લો—ખયબરનો ૧

—મજબુત ૮૩

કીસ્તી—૧૯; ૨૧

કુતરી, કુતરા—૯૫; ૧૫૮; ૧૫૯; ૧૬૦; ૧૬૭; ૩૪૨

—મોટી ઓરતના હક ડુબાડનાર મરદ ૧૧૭

કુદરત—પયગમ્બરની, ઇમામે ઝમાનની, કે જે ઇનસાન પાસે નથી ૨

કુદરત-મુર્તઝાઅલીની ૫૭
-ભાષા સમજી શકવાની ૮૭
કુંભ-એક ૧૦૭
કુરઆન શરીફ-૩, ૪, ૬, ૨૦, ૨૫, ૨૯, ૩૦, ૪૦, ૫૧, ૫૩, ૮૧, ૮૫, ૮૯, ૯૧, ૯૨, ૯૬, ૯૭, ૧૩૧, ૧૪૨, ૧૫૪, ૧૯૭, ૩૧૬, ૩૧૭, ૩૧૮
કુરઆન-જાનમાલ, માથું ૧૪૮, ૩૨૫
કુવ્વત-કેટલી, ઘણી, શરીરમાં, શરીરને, દુનિયાની ૮૧, ૧૬૭, ૩૨૬.
-ઇમાન તથા રૂહને ૧૭૧.
કુવો-૧૫૯
-ઇન્સાન અને ફિરસ્તાની અંદર ૧૫૩-કે જેમાં અઝદાહ છે,
-દોઝખ તરીકે ૪૬, ૪૭
કુસ્તી-કે જે લડવા દેવે (રાક્ષસે) ઇન્કાર કર્યો ૧૩
-તાલીમખાનામાં ૩૨૬
કેદ-અહેલેબેતને ૯૯
-(મોટુ) ૩૫૧
કેરા-કચ્છનું એક ગામ ૨૨૩
કેસ-બાઇ ભાઇના ૨૩૬, ૨૬૧
કેળવણી-ફરમાનની ૩૦૭
કોટ-વરસાદથી બચવા માટે ૨૮૧, ૨૮૨, ૨૮૭
કોથળી-૧૨૧
કોમ-હઝરત મુસાની ૨૬
કોમ-અલી અલ્લાહ માનનારી ૫૬ ૮૪, ૮૬, ૩૨૦, ૩૩૦
કોલ-છાસઠ જણનો, સીતેર કાફરોનો ૫૩, ૬૬
-ગીરભાવાસનો, પયગમ્બરને આપેલો મુર્તઝાઅલીને આપેલો ૫૩
-ઇમામે ઝમાનનો, મુરશીદને આપેલો ૭, ૧૭૫
કોહેતુર-એક પહાડ ૧૨, ૧૪૫
કોળીયા-મોઢામાં ૩૨૬
ખતરો-શેતાની ૮
ખબર-રસ્તાની, કીતાબોની, દીનની ૫૭, ૩૧૬, ૩૨૮, ૩૩૯
-આખરતમાં દુનિયામાં ૧૩૧
ખંભો-ગુલામનો ૧૪
ખ્યાલ-ખુદા સાથે, પાક ઇબાદત બદગીમાં, ખુદાના ૩૧. ૧૩૪, ૧૫૨, ૧૬૮, ૩૨૮, ૩૪૩
-પોતપોતાના માટે જમાતના, સર્વે બાબતનો ૯૩, ૩૦૩, ૩૫૧
-બદ, દુષ્ટ, ખરાબ, ખોટી ૨૦૬, ૨૪૪, ૨૬૫, ૩૪૦, ૩૪૨, ૩૫૧
-કરડવાના, શેતાની બદનઝરીના ૧૫૬, ૧૬૭, ૨૯૭
-દિલના, રૂહનો, દિલમાં ૧૨૦, ૧૪૩, ૧૬૪, ૩૨૩
-મોમનના, મોમનનો ૧૧૫, ૧૬૭, ૩૦૬
-દુનિયાના, દીનના, દીન ઉપર,

ખ્યાલ-દુનિયા ઉપર ૧૩૩, ૧૫૯, ૧૬૩, ૧૮૧, ૩૩૧, ૩૩૨, ૩૪૧, ૩૪૩
-ધર્મનો, મીશનરીઓનો ૨૦૫, ૩૧૦
-એક ફલાક, ફરમાન ઉપર ૩૩૯, ૩૪૧
-હસદ કરવાનો, ઇશ્કના ૧૬૮, ૩૩૪
-ખુદાના ઇલ્મ વિષે ૩૫૧
-બીજા. મરદોનો ૩૫૩. ૩૫૪
ખરચ-બારીસ્ટરોને. ખાવા પીવા વગેરેનો ૩૨૧. ૩૨૨
ખરાબ-બીજાઓને ૩૧૧
ખ્વાબ-૧૮૮, ૧૮૯
ખસલત-સીધપુરના મોમનાઓની, નેક ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૨૪૭
ખાતુને જન્નત-૧
ખાબોચ્યા-પાણીના ૩૫૨
ખાલુ-૨૧૨
ખાંસી-બચ્ચાને ૧૭૯
ખીતાબ-વઝીરનો ૧૭૯
ખિદમત-ખાંવંદની, ફરજદોની ૨૯૯
-ખુદાની, મૌલાની ૭૭, ૨૯૩
-એક બીજાની, પુરતી, મોમનની ૯૬, ૧૨૬, ૩૧૧, ૩૪૩
-હઝરત મુસાએ સાત વર્ષ બજાવેલી ૧૭૬
-દીનની, દીન ભાઇઓની, જમાતની, સરકારની, ઇમામે ઝમાનની ૭૭, ૧૪૯, ૧૫૧, ૧૫૪,
ખિદમત-૧૬૯, ૧૭૨, ૧૮૪, ૧૮૬, ૧૯૦, ૧૯૧, ૧૯૬, ૨૨૧, ૨૨૨, ૨૩૧, ૨૩૫, ૨૫૬, ૨૭૧, ૨૭૩, ૨૯૪, ૨૯૯, ૩૦૩, ૩૦૬, ૩૧૯, ૩૨૭, ૩૩૧, ૩૩૪; ૩૩૫; ૩૪૩
ખીલાત-૫૮; ૫૯; ૧૨૩
ખ્રીસ્તી-૩૪૪
ખુદપરસ્ત-૨૫૭
ખુદાના હાથ-મુર્તઝાઅલી ૧૫
ખુદા પરસ્ત-૨૫૭; ૩૦૮
ખુદાવંદતઆલા-૧૦, ૧૩; ૧૫; ૧૬; ૧૭; ૧૯; ૨૧; ૨૨; ૨૩; ૨૪; ૨૫; ૨૯; ૩૦; ૩૧; ૩૨; ૩૩; ૩૬; ૩૭; ૩૮; ૩૯; ૪૦, ૪૧; ૪૩; ૪૪; ૪૯; ૫૧; ૫૨; ૫૩; ૫૪: ૫૫; ૫૮; ૫૯; ૬૧; ૬૨; ૬૩; ૬૫; ૬૬; ૬૭; ;૭૦ ૭૨; ૭૮; ૮૭; ૯૩; ૯૮; ૧૦૨; ૧૦૩; ૧૦૪ ૧૦૫; ૧૦૭; ૧૦૮ ૧૧૧; ૧૧૨; ૧૧૪; ૧૧૫; ૧૧૬; ૧૧૯, ૧૨૦; ૧૨૪; ૧૨૫; ૧૩૩; ૧૩૮; ૧૪૦; ૧૪૩, ૧૪૫; ૧૪૬; ૧૪૯; ૧૫૧; ૧૫૭; ૧૫૯; ૧૬૩; ૧૬૮;

ખુદાવંદતઆલા–૧૮૧; ૧૯૨; ૧૯૩;
૧૯૮; ૨૨૭; ૨૩૦;
૨૩૨, ૨૩૩; ૨૩૪;
૨૫૧; ૨૫૨; ૨૫૯,
૨૭૭; ૨૭૯; ૨૮૪;
૨૮૮; ૨૯૦; ૨૯૪,
૩૦૯; ૩૧૦, ૩૧૬;
૩૨૦; ૩૨૮; ૩૨૯;
૩૩૧; ૩૩૩; ૩૩૭;
૩૪૦; ૩૪૬; ૩૫૦;
૩૫૧, ૩૫૪, ૩૫૬;
ખુબી–બદામના મગજની ૯૩
–ઈમામની ૩૦૮
–દીનની, ઉડવાની ૩૪૮
૩૪૯
ખુમ્સ–૩, ૪૧
ખુરાશાન–૭ ૨૧૩
ખુલાસો, ખુલાસા-દીનનો, દીનના, ગીનાનના. ૮૩, ૯૩.
ખુશબો–ફુલોમાંથી ૩૪૩
ખુશી–ઈબાદતમાં ૧૫૯
ખેડુત–૧૨૯
ખોજા–૭૬ ૮૫ ૮૮ ૯૩ ૧૪૪ ૧૫૫
૧૬૧
ગંજ–૧૫૮
ગુઝબ–૩૩૩.
ગંજીફા–૩૨૬
ગદીરે ખુમ –૩૮ ૪૧
ગધેડો–જાનવર ૯૫ ૧૦૧ ૧૦૪ ૧૫૮
૧૫૯ ૧૬૨ ૧૮૫ ૩૧૭ ૩૧૮
૩૪૨
ગફલત–૩૨૩
ગરીબ–કબુતર જેવા ૫૫
ગલબો–શેતાનનો ૩૧૩
ગલી–૧૬૧
ગાંગજી–વારસ ઇસમાઇલના પિતા ૮૫
ગાદી–મુર્તઝાઅલીની ૮
–ઈમામતી, ઈમામે ઝમાનની
૧૫૦ ૧૯૭
ગાદી વારસ–નબીની આલ ૬
–અલી અને નબીના ૧૦
ગાફલ–૩૨૮ ૩૩૮
ગાય–ઢોર ૧૩૩ ૧૫૮
–ઈન્સાફના કાર્ય માટે ૨૬ ૨૭
–ખુદાના ઠેકાણે ૧૪૫
ગાળ–૩૪૨
ગીનાન–ઇલ્મ ૮૧ ૯૫
–૫૦૦ વર્ષ પહેલાનાં ૧૪૬
–રૂહાની ૧૬૨
–પીરોના, પીર સદરદીનના ૨૯
૭૧ ૮૩ ૮૯ ૯૧ ૧૫૩ ૧૫૪
–જુના ૩૦૯
ગીબત–૫૧
–૩૨ ૬૬ ૮૫ ૧૦૩ ૧૨૬
૨૧૯ ૩૪૨
ગુનાહ–૩૦ ૩૨ ૩૩ ૫૨ ૫૩ ૫૪
૬૫ ૧૦૩ ૧૫૭ ૧૭૦ ૨૪૬
૩૪૭ ૩૫૪
ગુનેહગાર–૩૦૦
ગુપ્તી, ગુપ્તીઓ–મુરીદ ૭૬ ૧૫૪
ગુરજ–લોખંડ તથા આતશના, એબઅરીનો ૩૪૯

ગુલામ-શેતાનના, ખુદાનો, અક્કલવાળો, બેઅક્કલ ૩૫૨ ૩૫૩
ગુઆદર-એક શહેર ૬૭
ગુસ્સો-માવીત્રોનો ૬૮
ગોંડલ-કાઠીયાવાડનું એક શહેર ૧૭૪
ગોલી ગોલીયો-૬૦ ૮૪ ૩૪૦
ગોસ્ત-પારકા પૈસા હજમ કરનારનું ૭૨
ઘટ-માણસના ૩૪૯
ઘટપાટ-૭૧
ઘડ-બીજા દીલની, દીલમાં ૮૯ ૩૫૫
ઘર-રસુલનું, ખુદાનુ ૪,૭૭ ૮૮ ૩૧૬
-રહેવાને ૬૧
-ત્રણ, પાંચ, દશ, વીસ ૧૬૩ ૩૧૦
-સઅસ્તું ૧૦
-બહેસ્તમાં ૧૨૩
-અસલનું ૧૩૭
-બાતુની, નુરનું, ઝવાહીરના ૨૨૭ ૨૨૮
-મોટા ૩૧૭
-ઝમામે ઝમાનનું ૨ ૪ ૧૦ ૬૮
ઘરડા-એંસી વર્ષના ૪૩
ઘરે-ગરીબને ૩૨૨
ઘા-તલવારના ૧૧ ૨૬૨ ૨૬૩
ઘાત-પ્રણુનો ૩૫૧
ઘેર-માવતરને ૧૫૫
ઘોડો-ઘોડા ૮૨ ૧૮૨ ૧૮૫ ૨૦૫ ૨૦૬ ૩૧૮ ૩૫૦
ઘોડેસ્વાર-૮૨ ૮૩
ચટકો-૨૬૨
ચટાઈ-૧૩૨
ચા-૩૨૨ ૩૨૬
ચાકરી-૭૬ ૨૪૧
ચાલચલગત-૨૩૩
ચીકલ-ગાડીનો, ગુનાહ તરીકે ૩૫૪
ચીન-એક દેશ ૧૮૦
ચીરાગ-રૂહનો ૧૫૮
-ઇસમાઇલી દીનનો ૨૨૦
ચોકસી-મન સાથે, દિલ સાથે ૧૭૧ ૧૭૭ ૧૭૮
ચોપડી-દીન ધર્મની ૧૪૯
-ઇનામમાં ૨૯૮
-નમાઝની ૮૫
ચોર-પાંચ ૮૧
-ઇમાન લુંટનાર ૮૩
-ગાડીમાં, રેલ ગાડીમાં ૧૪૧ ૩૩૮
છાંટા-બક્ષામણીના ૯૩ ૯૪ ૯૮ ૧૦૩ ૨૧૦ ૨૯૯
છાપા-૧૬૨
છાંભો-રમતગમતની જગ્યા ૩૨૨
છીલટું છીલટાં-પ્યાજનું ૨૦૯
ફળનું ૨૪૩
બદામના ૯૨ ૯૩ ૯૪ ૯૭
છુટકારો-જમાત હકીકતના, જીવનો ૬૬ ૯૬
છોકરી-ચઉદ પંદર વર્ષની ૧૫૬
રીસાઇ માવતરના ઘેર જાય ૨૪૭
-મોટી ઉમરની ૨૨૫
છોકરા-જે માવીત્રોનું કહેવું ન માને ૬૫

છોકરા–દશ બાર વર્ષના ૮૯
–એક બીજાના ૧૨૩
–પાંચસો મુંબઈમાં ૧૫૪
–એક કાફર ૧૯ ૨૧
–ઇમામે ઝમાનનો ૩૩૨
–નુહ પયગમ્બરનો ૩૩૩
જખમ–દીલમાં દીલનું ૧૩૬
જંગ–જંગે જહાદ ૬૦ ૬૧
–દીનનું ૨૧૬
–સીતેર કાફરોનો ૫૩
–મુર્તઝાઅલીથી ૧૨૮
–કરબલાનું ૯૯ ૨૧૫
જંગબાર–૬૮ ૮૦ ૮૨ ૮૪ ૮૭
૮૮ ૯૪ ૯૫ ૯૮ ૧૦૧
૧૦૬ ૧૦૭ ૧૦૯ ૧૧૧
૧૧૪ ૨૨૬ ૨૨૭ ૨૨૮
૨૩૦ ૨૩૩ ૨૩૬ ૨૩૮
૨૪૦ ૨૪૧ ૨૪૨ ૨૪૪
૨૪૫ ૨૪૮ ૨૪૯ ૨૫૦
૨૫૧ ૨૫૩ ૨૫૪ ૨૫૫
૨૫૮ ૨૬૦ ૨૬૩ ૨૬૬
૨૯૬ ૩૧૩ ૩૧૪ ૩૧૫
૩૧૯ ૩૨૫
જંગલ–બીયાબાન ૩૧૦
જગ્યા–બીજી સરકારની કેરા કચ્છ ૨૨૩
–ખુદાને યાદ કરવાની અસલ ૨૪
૧૩૯
–જમાતખાનાની જમીનમાં ૧૯૦
૨૦૦
–તગ કુશાદે ૧૮૨ ૧૮૩
–હેવાનની ૧૩૫
જગ્યા–શેતાનને ૩૨૮
જજ–આખરતના ૩૧૧
જજમેન્ટ–મુંબઈ કેસનો ૮૫
જંજાળ–દુનિયાની ૯૧
જન્મ–મીસાલ ઢોરની, કેદખાનામાં
૧૫૦ ૩૪૮
–સીંધમાં ૧૨૧
જનાકારી–૬૪ ૬૫
જનાવર–મરેલુ જીવતુ ૧૩૫ ૧૩૯
–માંસાહારી ફાડી ખાનાર ૧૫૯
૧૬૦ ૧૬૨ ૧૭૨ ૨૭૯
જબાન–ગાય, બેલ વગેરેને ૧૫૮
–સીંધી, અરબી ૮૭ ૧૬૪
–મીઠી ૩૩૧ ૩૩૬
–પાક ૨૭૬ ૨૭૭ ૩૨૫
–જેમની જેવી ૩૧૬
–ગીનાનથી ૩૧૫
જમાત–મોમન સીધ્ધપુર ૧૫૪ ૧૫૫
–મુંબઇ ૧ ૪ ૮
–નંજેવડી–કાઠીયાવાડ ૧૭૪
૧૭૮
–ગોંડલ–કાઠીયાવાડ ૧૭૪
–વઢવાણકેમ્પ–કાઠીયાવાડ ૧૫૭
–ગુપ્તી–સુરત ૧૪૯ ૧૫૦
–ગુપ્તી–અમદાવાદ ૧૫૧
–અમદાવાદ ૭૧ ૭૪
–હૈદરાબાદ–સીંધ ૭૯ ૧૨૦
૧૨૧
–ગુઆદર–પરશીયન ગલ્ફ ૬૭
–૭સો માણસની ૨૩૪

જમાત-હઝરત મહમદ પયગમ્બરની ૪૪
-જંગબાર આફ્રીકા ૭૯ ૦૮
૮૪ ૮૮
-નાનો મોટી ૧૬૬
-હર કોઇ, બધી ૩૨૫ ૩૩૫
-કાઠીયાવાડની ૪૨ ૪૩ ૧૨૫
૧૨૬
-બધી, સર્વે ૬૮ ૭૮ ૧૫૪
-દુનિયાની સઘળી ૨૭૩
જમાતખાનુ-૪૮ ૫૦ ૫૧ ૫૯ ૪૬
૬૬ ૬૭ ૬૮ ૬૯ ૭૦ ૭૧
૭૨ ૭૩ ૭૫ ૭૬ ૭૭
૮૪ ૮૮ ૧૦૩ ૧૦૬
૧૧૩ ૧૧૪ ૧૧૬
૧૨૩ ૧૨૭ ૧૨૯ ૧૩૨
૧૩૩ ૧૩૫ ૧૩૯ ૧૪૯
૧૫૨ ૧૫૪ ૧૬૧ ૧૬૨
૧૬૩ ૧૬૬ ૧૭૧ ૧૭૬
૧૭૭ ૧૮૦ ૧૮૧ ૧૮૪
૧૮૭ ૧૮૯ ૧૯૦ ૧૯૧
૧૯૨ ૧૯૫ ૨૦૦ ૨૦૧
૨૦૨ ૨૦૪ ૨૦૭ ૨૦૯
૨૧૯ ૨૨૦ ૨૨૧ ૨૨૨
૨૨૭ ૨૨૮ ૨૩૦ ૨૩૫
૨૩૬ ૨૩૮ ૨૪૦ ૨૪૧
૨૪૨ ૨૪૪ ૨૪૫ ૨૪૮
૨૫૧ ૨૫૨ ૨૫૩ ૨૫૪
૨૫૫ ૨૬૩ ૨૬૬ ૨૬૭
૨૬૮ ૨૬૯ ૨૭૦ ૨૭૧
૨૭૨ ૨૮૫ ૨૮૮ ૨૯૩
૨૯૪ ૩૦૪ ૩૦૬ ૩૧૧
૩૧૩ ૩૨૪ ૩૨૭ ૩૩૦
૩૩૧ ૩૩૨ ૩૩૫ ૩૩૬
૩૩૭ ૩૩૯
જમાના-હાલના, અગાઉના ૩૨૫ ૩૩૩
જમાલ મેઘજી-મુખી ૧૪૪ ૧૫૩
જમીન-બે વાર ૧૩૭
-પાતાળ ૮૭
-ખેડવા માટે ૨૮૪
જુકી- ૨૮૧ ૨૮૨
જવાની-ઉગતી ૨૦૯
જવાહીર-૧૪૧ ૧૫૮ ૧૬૧ ૧૬૭
૧૭૨
જહન્નમ-દોઝખ ૨૨ ૨૫ ૨૯ ૪૨
૪૩ ૪૪ ૬૩ ૬૪ ૧૦૧
૧૦૩ ૧૦૪ ૧૦૫ ૧૫૨
૧૬૩ ૧૮૨ ૧૮૬ ૧૯૮
૩૧૧ ૩૩૨
જહાન-૨૮૮
જાદવજી-૫૯
જાનશીન-હઝરત મુસાના ૧૮
-પયગમ્બરના ૨૫
-મુર્તઝાઅલી ૪૦
જાંપ-અજપીવા ૨૫૨
જામનગર-એક શહેર ૧૨૮ ૧૩૦
૧૩૫ ૧૪૦ ૧૪૧ ૧૪૩
૧૮૮
જામા-નવા ૨૧૦
જાહેર પરસ્ત-૨૪૩
જાળ-શેતાનની ૧૨૮
જીંદગી-કેદખાનું ૧૩૮
જીન્નત-૧૦૪ ૧૦૬ ૧૮૬

જીબરા--એક કાફર ૧
જીબ્રાઈલ-૧૭ ૧૮ ૩૬ ૧૬૫ ૧૬૭ ૨૫૬
જીવાભાઇ-વારસ ૧૭૯
જીસમ-૯
જુગાર-૩૨૬ ૩૩૯
જુરો-ચાંદરાતની મીજલસમાં ૬૭
જુલમ-૩૨૫ ૩૩૦ ૩૩૫ ૩૩૬
જોમો-ઇમામનો ૨૧૫
-હાઝર ૬૩ ૧૬૨
જોર-કસરત કરવાનું ૨૦૨
જોશ-ખોટા દીલનો ૩૬૫
ઝઇફ-અકકલનો ૩૫૫
ઝંડા-બાળમોવાળા ૮૮
ઝબાન-૫૨ ૭૯ ૨૧૯
ઝંબુર-ઇલાહી કીતાબ ૯૬
ઝમાનો-આખરનો ૨ ૫ ૭
-મુર્તઝાઅલીનો ૬૨ ૧૪૧
-લાકડીઓ મારવાનો ૧૦૩
-નબી સાહેબનો ૧૨૮
-ઇમામ હુસેનનો ૧૬૪
ઝવેરાત-હજારો ૩૩૮
-ઇમામે ઝમાનને ઓળખવાવાળા ૫
-જવાહીર ૧૨૧ ૧૩૬ ૧૩૯
-હકીકતી ઇમાનરૂપી ૩૦૩
ઝહોરા--એક સુન્ની ૩૯
ઝાંઝવા-૨૪૩
ઝીયારત-કરબલાની ૬૯
ઝુલફીકાર--૩૪
ઝેર-સાપ અને વીંછીનું ૨૫
ટમાટા-તરકારી ૧૭૦
ટાઇમ--દુઆનો ૧૭૭
ટાંણો--મઝહબ ૩૩૫
ટીકા--શાહીના ૩૪૫
ટીપું, ટીપાં-હસ્તદનુ ૧૮૧
-શરાબનું ૨૪ ૨૫
--મધના ૪૬
ટેબલ-બીલીયર્ડ ૩૨૬
ટેલીગ્રાફ-૩૦૨
ટોળું ટોળાં-ઇમાની ૧૩૧
--એ ૧૩૦
ઠીકરી-જે આંધળાને અપાય ૨
ઠેકાણે-મલાએકના ૧૩૦
-ધરમના ૭૭
-દસ ૯૦
-એ ૮૨,
ડબા-રેલના ૨૭૧
ડર-ખુદાનો ૩૨.
ડોકટર-દીલના. દુનિયાનાં ૯૪, ૧૨૬, ૧૪૭
-બદનના બીમારીના ૬૫, ૧૦૨, ૧૪૬. ૩૧૮
-રૂહના ૧૪૬, ૧૪૭, ૩૧૮
-મુરશીદને ૧૭૯
ડાઘ-કાળા ૩૪૫, ૩૫૪
ડુંગર- ૨૦૮
-જેના ઉપરથી નુસેરીને ફેંકી દેવાયો ૫૬
-વજનદાર ૧૯૩
-દરિયામાં ૯૭
ડુડુ-એક બારીક જીવડો ૨૮૩ ૨૮૪

ઢગલો-ધુળનો ૧૫૮
-રોગાનનો ૧૫૮
-મોતીનો ૧૬૭
ઢાલ-૧૧
તકબ્બુરી-મુર્તઝાઅલી સામે, ઇમામ હુસેન સામે ૧૩૪
તકરાર-કોઇ બાબતની ૩૨૧
-છોકરાઓની ૧૨૩
તકસીર-માબાપોની ૧૬૯
-બચ્ચાંની ૧૬૯
-બીમારની ૨૯૩
-ડોકટરની ૨૯૩
-ઘોડાની ૮૨
-મુખી કામડીયાની ૧૭૦
-મજેલા માણસની ૮૨
તખ્ત-પયગમ્બરનો ૧૮
-ઇમામતની ગાદી ૧, ૬, ૧૧૧, ૨૫૩, ૨૫૪, ૨૭૧
તબેલો-તબેલા-ઘોડાના ૨૦૫, ૨૦૬, ૩૧૭, ૩૧૮
તમા-બહેસ્તની ૩૪૯
ત્યાગ-બુઢી ઓરતનો ૧૧૭
તરજુમો-કુરઆનનો ૮૫
-ખરો, ખોટો ૮૫
-ગુજરાતીમાં ૩૦૭, ૩૦૯
-ફારસી કીતાબોમાં ૩૦૭
તરીકત-૬૨, ૩૦૯
તરીકા-મોમનના, ચાર ૭૦, ૮૭
તરેહ-એક, હજારો, જુદી જુદી ૨૦૬, ૨૧૯, ૩૦૧
તલબ-દુનિયાની ૧૫
-૩૫૪
તવારીખ-૯૧
-પીર સદરદીન, ઇમામે જમાનની ૯૧, ૩૨૪, ૩૨૫
-સઘળી ૩૨૪
-હઝરત ખીઝરની ૧૯
-સલમાન ફારસની ૫૩
તલવાર-આબદાર ૧૪૭
તસ્બી-૧૫૨, ૨૦૧ ૨૦૭, ૨૭૨
તાકાત-દીલમાં ૩૫૬
-ભાડા જેટલી ૧૭૭
-દેવ (રાક્ષસ)ની ૧૩
તાબે-શેતાનને ૨૭૮
તાબેદારી-જે રાજાના મુલ્કમાં રહેતા હોઇએ તેની ૨૫૫
તાબુત-૨૨૪
તારીખ-અઠાવીસમી, કાચી, પાકી ૭૯, ૩૨૭
તારીફ-ઓલાદની, મૌલાની, ઇમામે-જમાનની ૧૦,૯૯
-પયગમ્બરની, નબીની આલની ૪,૨૪
-દીનની ૩૦૯, ૩૪૨.
તાલીકા-૨૩૮
તાલીમ-ગીનાનની ૨૨૧
-દસબાર વર્ષના છોકરાઓને ૮૯
-બદનની, રૂહની, ઇબાદતની ૯૪
-દીનની, માએનાં કાઢવાની ૨૦૮, ૨૦૯
તાલીમખાનુ-૩૨૬
તાવ-એક બીમારી ૧૦૪
તાવીજો-૨૪૫
તોબા-ગુનાહની, જનાકારીની ૫૪, ૬૫

તોરેત-ઇલાહી કીતાબ ૯૬
થંભ, થાંભલા-દીનના ૧૯૫
-તંબુને ટકાવી રાખનાર ૧૯૫
-સતપંથ ધર્મના ૧૯૫
થાવર લંધા-મીશનરી ૧૪૪
થાળ-ન્યામતનો ૬૦, ૬૧.
થાળ સુફરા-ધાર્મીક ૨૪૦.
દગો-દિલમાં ૧૫૧
-હીસાબમાં ૧૦૪.
દંડ-૧૫૫
દરકાર-દુનિયાની ૫૫
દરખાનું-મુંબઇ ૧, ૬.
દરગાહ-ખુદાતઅલાની ૨
દરજ્જે, દરજ્જો-મલાએકને, હજારો ૧૩૦, ૩૩૪
-ઇન્સાનનો, ખુદાનો ૧૯૮, ૨૨૨, ૩૪૬. ૩૫૩.
દ્રષ્ટાંત-એકદિલ થવાનુ, પંજેભાઇઓનુ ૮૧
-દરવેશે આપેલો ૪૮
-શાસ્ત્ર તથા કુરઆને શરીફના ૯૨.
દરદ-પગમાં ૧૪૬
દરબાર-ખુદાનો ૨૪
દરવાજો-કીલ્લાનો ૧
દરવેશ-એક લકબ ૪
-મિશનરી ૩૧૦
-સલમાનથી નીચા દરજ્જાના ૫૩
ઇમામે ઝમાન ૬૮. ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૩૦.
દરિયા, દરિયો-દુનિયા રૂપી ૨૧૮, ૨૧૯, ૨૮૧
-ઇમામે ઝમાન, ઇલ્મનો, રૂહનો મોટા ૨૩, ૨૧૮, ૩૧૭.
દવા-માથાની, પગની, ડાક્ટરની ૧૨૫. ૧૨૬. ૧૪૬
-દરદની. બીમારીની. શરૂઆતથી ૧૩૬, ૨૫૧, ૨૯૨, ૩૧૮
-દિલની ૯૪.
દસ્ત-જાહેરના ૩૦૪
દસ્તબોશી-ઇમામે ઝમાનની ૮ ૬૯, ૨૧૧, ૨૨૬, ૨૯૯. ૩૦૩, ૩૦૪.
દસોંદ-માલેવાજબાન ૬, ૭, ૭૨, ૮૪, ૯૫, ૧૨૮, ૨૦૯ ૨૭૦, ૨૮૫,
દાદર-એક, બીજા ૩૪૯
દનત-ખરાબ, પાછું આપવાની ૭૫
દામન-ઇમામે ઝમાનનો ૭,૧૭૩
દારૂલ હિકમત-૩૦૬
દારેસલામ-એક શહેર ૩૩૪, ૩૩૫, ૩૪૧, ૩૪૩, ૩૪૫
દાવો-મહેદીનો ૫
દીકરા-એક બાપના ૭૨, ૭૬, ૩૧૧
-માતાના ૧૫૬.
દીકરી-જે રીસાઈ માવતરને ઘેર આવે ૨૪૭
-ઇસ્નાઅશરીને, ઇસ્નાઅશરીની ૩૪૪, ૩૪૫
-બીજી કોઈ કોમમાં ૩૪૪
-લેવી દેવી ૩૪૪
-દીનમાંથી નીકળી જનારની ૨૦૪

મોમની ૧૫૯.
દીદાર-મુર્તઝાઅલીના, ખુદાના, બાતુની ૧૨, ૬૦, ૨૧૩, ૩૦૬, ૩૪૯
—પીરના ૨૨૩
—ઇમામે ઝમાનના ૮૦, ૧૮૦, ૨૧૩, ૨૨૭, ૩૧૧.
દીન-ઇસમાઇલી ૮૫, ૮૮, ૧૧૩. ૧૨૧, ૧૫૨, ૧૫૭, ૧૬૦, ૧૬૧, ૧૮૦, ૧૯૦. ૧૯૬, ૨૦૨, ૨૧૦, ૨૧૨. ૨૧૩, ૨૩૭, ૨૪૧. ૨૪૨, ૨૪૯, ૨૫૪, ૩૦૮, ૩૦૯, ૩૧૧, ૩૩૦. ૩૩૧, ૩૩૨, ૩૩૩, ૩૩૪. ૩૩૫ ૩૫૩.
—સતપંથ ૮૩. ૮૯, ૯૨, ૧૫૭, ૧૬૦, ૧૬૪, ૧૮૦. ૧૮૨, ૧૯૧. ૨૦૨, ૨૦૪, ૨૧૦, ૩૦૧.
—જીસમાની, રૂહાની, જાહેરી, બાતુ- ૧૫૮. ૧૭૦, ૧૮૫ ૨૩૧.
—દરવેશી, બુઝુર્ગ, અલમાસ જેવો ૧૧૦, ૧૩૩.
—ઓંતેર એક જ ૧૮૨, ૨૦૩
—ઇસ્નાઅશરીનો, મુસા કાસમને માનનારાઓનો ૮૮, ૩૩૩, ૩૪૪
—હલકો તથા ખોટો ૧૧૯
—અક્લ ઉપર રચાયેલો, ઉંચો, સાફ ૯૩, ૧૨૧, ૩૩૧
—ઝાંઝવાના પાણી જેવો ૨૪૩
—પુલસરાત ૯૮
—આઝાદ ૩૩૧
દીન-કયામત સુધી કાયમ રહેનાર ૮૮
—નુહ પયગમ્બરના ૩૩૩
—મરદનો ૨૪૪
—ત્રાટી ઉપર ૯૩
—ઇમામે ઝમાનનો ૭૮, ૭૯
—ઇસ્લામનો ૧૧, ૧૨
—કીલ્લા જેવો મજબુત ૮૩
—પીતાનો ૮૮
—હકીકતી ૮૯, ૧૧૦, ૧૧૩, ૧૫૦, ૩૧૩, ૩૩૧, ૩૫૫
—સત્ય, સાચો, સરસાઇનો ૭૧, ૮૦. ૮ , ૮૩, ૧૧૦, ૩૧૬
—સર્વના, બીજાના ૯૨, ૧૫૮
દીનભાઈ-૧૪૦
દિલ-નુરાની, મોમનનું ૨૨૬, ૨૫૩. ૩૦૮
—કીલ્લા જેવો મજબુત, પાક, સાફ ૧૩૪, ૧૩૯. ૧૫૧, ૧૬૮, ૧૭૬, ૧૮૬. ૨૦૪, ૨૦૫, ૨૨૭, ૨૪૩, ૨૮૯, ૩૩૫, ૩૩૭,
—મેલા, સીયાહ, શીયાહી જેવા, બે, ખરાબ ૯૪, ૧૩૧, ૧૩૬, ૧૬૨. ૧૬૫
—ફકીર જેવું, ફરીસ્તા જેવું, સફેદ ૧૯૧. ૩૦૨, ૩૩૫
—બધાના, ગરીબના, સઘળાના, રાજી ૩૨૩, ૩૫૦, ૩૫૬
—બીમાર, રંજીદા ૧૩૬, ૩૩૧
—ખુદા સાથે, સુરીમાં ૩૩૨, ૩૪૯
—બહેસ્તમાં. કોઇનું, માણસોના, ઝઇફ, ૩૦૨, ૩૨૯, ૩૫૫

દીલગીર- –૧૩૨
દીવસ–હજનો ૬
–એક, બીજા, ત્રીજો ૬૯, ૭૦, ૭૭, ૧૫૭, ૨૦૩, ૨૩૧, ૩૪૯
–મહોરમના ૭૯
–બે, ત્રણસો સાઠ ૧૫૮, ૧૬૩, ૧૬૮, ૧૭૧, ૨૩૧
–દહાડો કયામતનો ૪, ૨૪, ૨૫ ૫૪, ૬૪, ૧૦૬, ૧૮૯, ૨૪૭
–ચાંદરાતના ૨૪૫
દીવા–નુરના, આતશના ૧૧૬, ૨૯૦
દીવાને શમ્શ તબ્રીઝ–એક કીતાબ ૩૧૬
દુઆ–ખુદા પાસે ૩૨૮
–મગરબના વખતની ૨૦૬, ૨૦૭, ૨૦૯, ૨૪૮
–ભાઇઓના હકમાં, મોમનના હકમાં ૭૨, ૭૪, ૧૦૭, ૧૦૯
–મર્હુમના હકમાં, રૂહના હકમાં ૬૭, ૨૪૫
–ત્રણ વખતની ૫૧, ૮૪, ૮૫, ૧૪૯, ૨૦૭
–ઘરે, જમાત સાથે ૧૩૫
–ઇમામે ઝમાનની, બધા મુરીદોને ૩૦૫, ૩૨૦, ૩૩૫
–દીલથી, સઘળી ૩૫૬
દુઃખ–દોઝખના, જુદાઇનું ૫૫, ૧૮૮
દુનિયા–ફુલ સરાત મીસાલ છે ૧૧૫
–બીજી, આવતી, બંને ૧૪૨, ૧૫૬, ૩૦૧, ૩૧૧
–ઇમામ વગર ૪
–નઠારી સ્ત્રી જેવી, કેદખાનું ૧૩૭, ૧૩૮
દુનિયા–કે જેમાં જહન્નમ બોલાવવામાં આવશે ૪૩
–પેલી ૧૦૨, ૧૫૭, ૧૬૫ ૧૮૧, ૧૮૩, ૧૮૭, ૨૧૯, ૨૨૦, ૨૪૨
–કે જે સમજદાર મોમન માટે જહન્નમ છે ૧૦૪, ૧૦૫
–કે જે જંગ કરવા ઇચ્છનારને મીઠી લાગી ૬૧
–કે જેમાં નબી સાહેબે એ ચીઝ મુકી ગયા ૬૩
–ફાની ૬૭, ૭૩, ૧૩૭, ૧૪૨,
–એ દિવસની ૧૫૯
–૨, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૨૨, ૩૦, ૪૩, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૬૩ ૬૫, ૬૬, ૭૦, ૭૩, ૧૦૧, ૧૦૨, ૧૦૪, ૧૦૫, ૧૩૦, ૧૩૩, ૧૫૨, ૧૫૭, ૧૬૦, ૧૬૭, ૧૭૯, ૧૮૨, ૧૮૩, ૧૮૭, ૧૯૦, ૧૯૧, ૧૯૪, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૦૬, ૨૧૮, ૨૧૯, ૨૪૨, ૩૦૩, ૩૧૭, ૩૨૦, ૩૩૨, ૩૩૪, ૩૪૭, ૩૫૨
દુશ્મન-મુર્તઝાઅલીના ૬૬ ૧૪૫
–ઇમામે ઝમાનના ઘરનો ૧૪૨
–મોમનનો ૩૧૩
–દીનના ૬૦ ૧૩૧ ૧૩૬ ૨૩૬ ૨૪૪

દુશ્મન-ઈસ્માઈલીઓના ૩૦૯
 -કોઈની, કોઇ સાથે, બીજી કોમવાળા સાથે ૨૦૩ ૨૦૪ ૨૫૬ ૩૧૧
 -ઈસમાઈલી દીનની. એ દીન સાથે ૩૩૨ ૩૩૭
 -જમાતમાં, કોઇના દરદ તરીકે, માંહે માંહે ૧૫૦ ૨૬૪
 -દીનમાંથી નીકળી ગયા છે તેની ૨૦૮ ૨૧૯ ૨૬૭
 -કાફરની ૩૧૧
 -દીલમાંથી ૧૩૯
 -મુર્તઝાઅલીના ફરજંદોની ૧૨૮
 -પયગમ્બરની ૧૩૭
 -એક બીજા માટે ૧૮૧
દુષ્કાળ-કાઠીયાવાડનો ૧૨૯ ૧૪૦
દેવ-કે જે એક રાક્ષસ હતો ૧૩ ૧૪
દેવું-આખરતમાં ૧૪૩
દેવશી નથુ-વારસ ૧૭૯
દોઝખ-જહન્નમ ૫૩ ૬૫
દોર-માવીયાનો ૧૪૫
દોરી-મહોબતની ૨૨૩
દોસ્તી-ત્રણે જણા, રૂહના ૪૭ ૩૪૭
 મુર્તઝાઅલીનો. કોમનો દીલથી ૩૫
દોસ્ત-ઇમામે ઝમાન સાથે
 માવીયાની, નાસર ખુશરૂની ૧૪૫ ૩૫૨
 -હકીકતી મોમનની ૧૮૭
 -દુનિયાની, મઝહબની ધર્મની ૧૪૩
દોષ-બાઇનો ૩૪૩
દોલત-રૂપીયાની અખુટ ૨૨૧ ૧૧૩
 -દુનિયાની ૪૭ ૪૮ ૧૧૧
 -ઇમામ ઝેનુલ આબદીનની ૪૯.
ધંધો-ખેડુતનો ૨૦૧
 -દુનિયાનો, સત્યતાથી ૪૯ ૫૦ ૩૧૫, ૩૨૮, ૩૩૦.
 -હલાલ, હરામ રીતે ૮૦
 -સત્યતાથી ૮૧
ધર્મ-ઇસ્લામ ૩
 -એકજ ૫
 -હીંદુનો ૮૯
 -શેતાન ઉપાડી જાય છે ૧૨૬
 -દરવેશી ૧૫૦
 -હીંદુ, મુસલમાન અને દરવેશના ૧૫૦
 -સતપથ ૧૫૦ ૧૫૩ ૨૦૪
 -ઇસ્નાઅશરી જાહેરમાં ૨૧૩
 -ઇસમાઇલી બાતુનમાં ૨૧૩
 -જાહેરી, બાતુની ૮૫
 -દુનિયાના સઘળા ૩, ૯૧
ધ્યાન-માએનામાં ૧૪૪
નજદીક-ખુદાની ૩૧૭
નજર-હરામની, ખરાબ ૭૬ ૧૩૧ ૩૪૦
 -પાક ૧૮૬ ૧૯૯
 -બદ ૬૬ ૭૫ ૮૦ ૮૪ ૯૮ ૧૦૦ ૧૩૧ ૧૩૭ ૧૪૩ ૧૪૮ ૧૫૧ ૧૫૨ ૧૫૬ ૧૫૭ ૧૮૦ ૨૮૯ ૨૯૦ ૩૧૨ ૩૨૯ ૩૪૦ ૩૫૪.
નજરાણું વાર્ષીક વીસ લાખનું ૪૯
નજાત-નબીની ઉમતને ૧૩

નથુ-વારસ ૫૯, ૧૭૯
નદી-મીઠી પાણીની ૨૮૩
 -કે જે માંહેથી માછલી જીવતી થઈ ૧૮
 -અટક, સીંધુ ૨૧૮, ૨૧૯
 -સર્વે, બીજા દેશની ૨૧૮
 -કચ્છના મુલકમાં છે ૨૧૮ ૨૧૯
નફસાનફસી-જ્યારે થશે ત્યારે ઇબાદત કામ આવશે ૪૮
નફો-વેપારમાં ૮૩ ૧૩૦
નબીયો-કુલ્લ ૧૩
નબુવ્વત-દુનિયાની ૨૧૫
નમરૂદ-ખુદાઈ દાવો કરનાર ૧૫ ૧૬
નમાઝ-કે જે અરબી ભાષામાં છે, અરબી ૪૧ ૮૪ ૮૫ ૧૬૪
 -બસો રકાત ૬૧
 -પાંચ વખત ૩૨૯
 -એ ઇમાનીથી ૧૬૪
ન્યુઝપેપર-અખબાર ૧૬૨
નર શ્રી ઈસ્લામશાહ ૨૩૪
નસલે હરામ-હરામ નસલ ૧૨૪
નસારા-એક કોમ ૯૦ ૩૨૦ ૩૪૪ ૩૪૭ ૩૫૫
નસીહત-ઇમામે ઝમાનની ૧૨૭
 -મોટી પહેલી ૩૨૧
 -દોસ્ત બીરાદરોને ૧૯૫
 -દીનની ૮૮
 -બીજાઓને, બધાને ૧૨૯ ૧૫૫ ૧૮૬ ૨૨૧
 -માલેવાજબાતની ૩૩૩
 -જી, દુનિયાની ૩૧૪ ૩૨૧
નશો-અફીણનો ૧૦૨
નાગલપુર-કચ્છનું એક ગામ ૨૦૨ ૨૦૮ ૨૦૯ ૨૧૧ ૨૧૯
નામ નામો-મોમન, દરવેશ, ૧૫૬ ૩૨૨
 -પંજેભાઇમાં ૨૩૮ ૩૨૨
 -ઇમામે ઝમાનનું ૩૩૧
 -બચ્ચાઓના ૨૧૧
 -બાર ઇમામના, પેઢીઓના ૮૫
નાસર ખુશરૂ-દીનનો સીંહ ૨૫૭ ૩૫૨ ૩૫૫
નીગાહ-મોમનની, નુરાની ૧૬૭ ૩૦૯
નીંદા-ગીબત ૧૫૨
 -પારકી, કોઇની ૮૭ ૯૫ ૧૨૬ ૩૩૬ ૩૩૯ ૩૪૨
 -આપણી ૫૨
 -ઇસ્નાઅશરીની ૮૬
 -દીનભાઇની ૨૪
નીમણુંક-મુખી કામડીયાની ૧ ૧
નીયાઝ-આએસફા ૭૧ ૧૦૭ ૧૦૯ ૨૫૯ ૩૧૪
નીશાની-મોમનની, ઇમાનની ૧૦૫ ૧૪૨ ૧૪૩ ૧૬૭ ૩૦૧ ૩૦૪
 -નેકીની ૧૦
નીશાળ-ઇમામી ઇસમાઇલી ૨૨૦ ૨૨૧ ૨૩૩ ૨૩૪ ૨૩૫
નુકસાની-ઇમાનની ૩૩૨
 -દુનિયામાં ૧૪૨
 -સરકારને ૨૯૬
 -ધર્મનું ૧૨૬
 -વેપારમાં ૧૩૦

નુકશાની-એક બીજાને ૩૪૨
નુર-ઇમામે ઝમાનનું ૨ ૩૦૮
-અગાઉ થઇ ગયેલ સર્વે પેઢીમાં ૨૭૧
-હાલની અડતાલીસમી પેઢીમાં ૨૭૧
-મોમનના માથે ૫૫
-ખુદાનું ૧૩૩ ૧૪૨ ૧૪૩ ૧૫૨ ૨૯૦ ૩૨૯
-સુરજનું ૩૩૭ ૩૫૨ ૩૫૩
-એક જ અલીનું, મુર્તઝાઅલીનું, નબીનું ૧ ૨ ૮ ૧૨
નુસેરી-એક મોમન ૭
નેકી-ફિરસ્તા જેવી ૧૨૬
નૈરોબી-એક શહેર ૨૬૮ ૨૭૫ ૨૮૫
નોકર-મુખી, ચાકર ૭૭
પગ-પાક ૨૭૭
-કે જેમાં ડુકુ દાખલ થાય છે ૨૮૩
-ગાયના બચ્ચાના ૧૪૫
-સાત ઠેકાણે ૨૪૬
પગથીયું-એક, બીજુ. ત્રીજુ ૨૧૮
-એત્રણુ ૧૮૦
પંજાબ-એક મુલ્ક ૧૫૨
પંજેભાઇ-ચાંદરાતના (મુંબઇ) ૬૭
-શનીવારના (સુરત) ૧૫૧
-સુકરવારના નાના (ગુઆદર) ૨૨૪
-ચાંદરાતના (જંગબાર) ૨૪૫
-જંગબારના ૮૦ ૮૧ ૯૨ ૯૫ ૯૭
-રવિવારના (મુંબઇ) ૬૬
પંજેભાઈ-દીનનું લશ્કર ૩૦૪
-ચાંદરાતના, હકીકતી. જુવાન ૨૪૫ ૩૨૨ ૩૩૩
-મુંબઇના ૬૬
-મોમ્બાસાના ૨૯૩
પંજો-પયગમ્બરનો ૫૩
-હાથનો ૮૧
-ઉમર ઇબ્ને ખીતાબ લીધો ૪૧
-દુઆમાં, દીલ સાથે ૩૩ ૨૬૧ ૨૬૫
-એક બીજામાં ૨૬૯
પત્થર-મૌલાના રૂમ ૩૪૭
-કે જે આસમાનમાંથી આરબ ઉપર પડયો ૪૨
-દરિયામાં, રસ્તામાં, રસ્તા ઉપરથી ૯૭ ૩૨૩ ૩૨૭ ૩૪૩
-નેક આમાલ રૂપી ૨૦૮
પતંગીયું-એક ઉડતું જીવડું ૧૦૮
પયગમ્બર-દરેક જમાનાના ૧૪
-જે દુનિયામાં જાહેર થતાં હતા. બધા ૧૪ ૩૪૧
-સીતેર હજાર ૧૭
પ્રકાશ-ઇમાનના નુરનો ૧૮૦
-સુરજના નુરનો ૩૫૨
પરબ-કે જેથી ઇમાનવાળો પચુ ફરી જાય ૬૦ ૬૧ ૬૨
પ્રજાઓ-ઘણી ૮૫
પરહેજી પંદર જાતની ૧૨૨
પરિક્ષા-આખરતની ૨૭૫ ૨૭૬
-સ્કુલની ૨૯૮
પવન-નાણાનો ૩૨૩

પહાડ-ગીરનારનો ૧૮૦ ૧૮૩
કે જેના મુર્તઝાઅલી ટુકડે ટુકડા કરતા હતા ૧
પહેરવેશ-ઇન્સાનનો, બીજો ૩૫૩ ૩૫૪
પહેલવાન-દીનના, ફહના, કસરત કર-વાથી ૧૫૩ ૧૬૫
-બદનની તાલીમ લેનાર ૧૬૪
-કે જેઓની સાથે દેવ (રાક્ષસ) કુસ્તી કરવા જતો હતો ૧૩ ૧૪
-કે જેઓનું મુર્તઝાઅલી પાસે માન હતું ૧૪૭
પાળળ-પરદાની ૧૩
પાંજરાપોળ-જનાવરશાળા ૩૧૮
પાક અનંત અખાડાના. પાકાઇનો ૨૯ ૨૭૫
-ચાર ૨૭૬
પાણી-ઠંડુ, ગરમ, સુકાઈ ગયેલા ૧૨૨ ૩૪૬
-ઇશ્ક તથા મહોબ્બતના ઝાડને ૨૩૯
-વહાણમા ૧૯
-હોજે કૌસરનું ૩૮ ૪૨
-નજીસ, નીરમલ ૨૬૧ ૨૬૨
-તુરનુ, વરસાદનું ૨૨૬ ૨૭૯ ૨૮૧
-મોટી નદીનું ૩૧૭
પાદરી-મીશનરી ૩૧૦
પના-રમવાના ૩૩૯
પાપ-જો બદગી કરવાથી થતા હોય ૬૨
પાયરી-સો, હજાર ૧૪૦
પારસી-એક કોમ ૧૯૬
પીર કે જેને મોકલવામાં આવ્યા હતા ૪ ૭
પીર નસીરદીન-ચોવીસમા પીર ૨૩૪
પીર સદરદીન છવીસમા પીર ૨૯ ૬૪ ૭૧ ૭૨ ૭૩ ૮૪ ૮૫ ૮૯ ૯૧ ૯૨ ૯૯ ૧૦૦ ૧૦૧ ૧૧૪ ૧૧૭ ૧૧૯ ૧૨૧ ૧૨૬ ૧૩૯ ૧૪૬ ૧૫૨ ૧૫૩ ૧૫૪ ૧૬૨ ૨૩૪ ૨૫૭ ૩૧૬ ૩૧૭ ૩૪૬ ૩૫૫
પીર સાહેબદીન-૨૩૪
પીર શમ્સ-૩૧૭ ૩૪૬ ૩૪૭ ૩૫૫
પીર હસન કબીરદીન-સતાવીસમા પીર ૨૩૬
પીરા દેવજી-એક ઇસમાઇલી ૩૨૭
પુકાર-મલાએકના ૬૨
પુડી-પીરોની ૨૯૧
પુતળું-માણસનુ ૩૪૨
પુના-એક શહેર ૬૮ ૨૮૮ ૨૯૯ ૩૦૧ ૩૦૫ ૩૦૯
પુલસરાત-આ દુનિયામાં ૪૪ ૪૫ ૧૧૫ ૧૯૮ ૨૦૫
પેઢી-મુર્તઝાઅલીની અડતાલીસમા ૨૭૧
પેરવી-રસુલની, હકીકતની, દીનની ૧૦૧ ૧૧૬ ૩૩૩ ૩૩૪
પેશાની ગાયની ૨૬
પૈસો-બદકામ કરનારનો, દુશ્મનોનો ૯ ૧૧૯
-ખુદાનો, મોમનનો ૩૪
-એક ૩૦૫

ફેસો-યતીમ સાલેહનો ૨૧
-ઇમાનદારોનો, આતશ જેવો, સરકારી ૩ ૨૨૦
-કોઇનો, પારકો, બીજાના ૭૨ ૧૧૯ ૧૩૧ ૧૪૩
-૭ જણ પાસે, એકથી આઠ, ઘણા ૬૭ ૩૧૭
-આવક જાવકન, ૩૦૫
-માલના, હલાલના ૧૨૮ ૩૦૫
-અધુરા દીલથી આપનારાના ૩
ફકીરી-ખરી અને સાચી ૧૯૧
ફઝિલત-ઇનસાનની ૧૬૬
ફતેહઅલીશાહ-ઇરાનનો બાદશાહ ૭૮ ૨૧૬
ફના-ખુદામાં ૩૫૦
ફનાફિલ્લાહ-ખુદની જાતમાં નાબુદ થવું ૩૫૦
ફરજ-ઇમામે ઝમાનની ૩૧૯
-મુરીદની ૨૯૪
-મુખીયાણી તથા કામડીયાણીની ૨૪૭
-મિશનરીની ૩૧૧
ફરજંદ-કાફર મોમન, હકીકતી, પોતાનો ૧૪૨ ૨૨૬
-મુર્તઝાઅલીના ૧૬ ૧૨૮
-ઇમામે ઝમાનનો ૭૮
-એક જ માબાપના ૧૯૫ ૩૪૦
ફરમાન-છેલ્લું, ઘુરખાન ૧૦૦ ૧૨૫
-અગાઉ થઇ ગયેલા ઇમામોના ૧૪૬
-જે વખત સાથે બદલાય છે ૧૯૭
-ખાનગી ૨૩૮
ફરમાન-મુર્તઝાઅલીના. હઝરત ઇસાના ૪૫ ૫૭ ૧૩૨ ૧૩૬
-જંગબારના ૧૫૧ ૧૮૯
-એક કલાક, દશ કલાક ૧૦૬
-દુઆનું, ઇબાદતનું, દીનના, હકીકતી: ૫૧ ૫૮ ૩૨૮ ૩૫૬
-ગુરપીરના, મઝહબ વિશે ૯૫ ૩૨૩
-ખુદાઇ ૩ ૩૮ ૩૯ ૪૧
-મુરશીદનું ૫૭ ૧૩૨ ૧૪૬ ૨૩૮ ૨૭૧
-ઇમાન સાથે ૧૩૨
-ઇમામે ઝમનના ૧૨૦ ૧૨૪ ૧૩૦ ૧૩૧ ૧૩૨ ૧૩૪ ૧૪૦ ૧૪૧ ૧૪૬ ૧૬૨ ૨૪૧ ૩૧૮ ૩૧૯ ૩૨૩ ૩૨૯ ૩૩૧ ૩૩૫ ૩૩૭ ૩૩૮ ૩૩૯ ૩૪૦ ૩૪૧ ૩૪૯ ૩૫૦ ૩૫૫ ૩૫૬
ફરિયાદ-કોર્ટમાં ૩૨૧
ફરેબ-મુલ્લાઓના ચોરના ૨૧૬ ૩૩૮
-બીજાના. કોઇના ૧૯૪ ૧૯૬ ૧૯૭
-શેતાનની ૭ ૭૧ ૧૧૦ ૨૦૬ ૨૦૭ ૨૧૩ ૨૯૭ ૩૨૮ ૩૩૮
ફાયદો, ફાયદા-દુનિયાનો, આખરતના, દીનનો ૧૩૦ ૧૪૨ ૨૮૬
-ઇબાદતથી વધારે, અઝીમ ૧૫૪ ૨૪૭
-કાંગવાનો, સોગણો, દુઆનો ૧૪૧ ૧૪૩ ૧૭૭
-ફરજંદનો ૩ ૯

ફાયદો—બાતુની, જાહેરીનો ૨૦૩
ફારસી-ભાષા ૧૫૪
ફાળો—મજલશનો ૩૦૫
ફીતનો—કોઈ જાતનો ૧૫૦
ફીદા-માલ, ઔલાદ, જાન ૩૩૪
ફીરઓને-કાફર ૨૯૦
ફીરકો-ઇ ામીયા ૩
ફીરંગી—કે જે ઇમાન લાવ્યો ૬૨
ફીરસ્તા—૧૨૦
—મલાએક ૧૨૦ ૧૨૬ ૧૩૧ ૧૪૨ ૧૫૧ ૧૫૨ ૧૫૯ ૨૦૬
ફુરકાન—ઇલાહી કીતાબ ૯૬
ફુરાત—એક નદી ૫૬
ફેરા—લખ ચોરાસીના ૧૫૮ ૧૫૯
બકબકાટ, બકબક મોઢાથી. મોઢાની ૧૬૨ ૧૬૪
-નકામી, જબાનથી ૧૫૮ ૩૦૪
બચ્ચાં રૂહાની ૨૯૯
—સ્કુલના ૨૫૧
—બદ ૨૫૭
—મોમનના ૨૭૫
—જુવાન, એકજ માબાપના ૧૫૦ ૧૬૨
—ગાયનું ૧૪૫
બતી-વીજળીની ૧૫૮
—દુનિયાની ૧૫૮
—હઝરત મુસાએ જોએલી ૧૭૬
—ચીરાગની ૨૯૪
બદકામ-એક પણ. ગુનાહના ૧૬૮ ૨૪૫
બદખશાની-મુરીદ ૮૫
બદગોઇ—ઇસ્નાઅશરીઓની ૮૬
-તેઓની, તમારી ૮૬
બદન—ગાય, બેલ વગેરેને ૧૫૮
—ખેડુતનું ૨૦૧
—ઇમામના ૩૧૦
—આશકનું ૭૮
—પાક ૧૩૬
—ઇનસાનના ૨૭૮
બની ઇસરાઇલ—હઝરત મુસાના મુરીદ ૧૪૫
—કે જેના ઉપર ખુન કરવાનો આરોપ મુકાયો ૯૬
બરકત—માલ તથા ઔલાદમાં ૧૫૫ ૨૪૫ ૨૭૩
બસરા—એક શહેર ૬૯
બહાર—નાતની ૧૫૫
બહેનો—સગી ૧૫૬ ૨૪૦
—દીનની ૧૫૬ ૨૪૦ ૩૪૦
બહેસ્ત—સ્વર્ગ ૨૨ ૨૪ ૪૨ ૪૫ ૫૩ ૫૪ ૫૫ ૫૭ ૬૨ ૬૬ ૬૭ ૧૫૪ ૧૮૧ ૧૮૬ ૨૦૦ ૨૦૧ ૨૦૫ ૨૦૬ ૩૦૨ ૩૧૭ ૩૧૮ ૩૪૬ ૩૪૭ ૩૪૮
બક્ષીસ—સગાવહાલાઓને ૪૯
બંગલો—કે જે જંગ કરવાની ઇચ્છા રાખનારને મળ્યો ૬૦
—ઇમામને રહેવાનો ૩૦૮
—મોટા ૧૬૬ ૨૦૭
—મુંબઇમાં ૫૦
બંદગી—૩૧ ૩૨ ૫૨ ૫૮ ૬૩ ૧૬૧

૧૬૨ ૧૬૩ ૧૬૪ ૧૬૬
૧૬૮ ૨૦૦ ૨૦૨ ૨૦૩
૨૦૪ ૨૦૫ ૨૦૬ ૨૦૭
૩૦૨ ૩૦૫ ૩૧૨ ૩૨૪
૩૨૯ ૩૩૧ ૩૩૪ ૩૩૫ ૩૪૬
૩૪૭ ૩ ૯ ૩૫૨ ૩૫૩
–અયતુલ્લખ્યાલવાળાઓની મશ્કરી, બાતુની ૭ ૮૭
બંદો, બંદા–ખુદાના ૧૫ ૨૨ ૬૨
બાઇ–ઇમાનદાર, જુવાન ૨૬ ૨૪૬
–સર્વે ૧૩૧
બાગ–મુંબઇમાં ૫૦
–બહેસ્તના ૨૦૫
–ઇમામ ઝયનુલઆબેદીનના ૪૯
બાજી–શેતાનની ૭ ૧૪૪ ૧૫૦ ૧૫૮ ૧૭૧ ૧૮૦ ૧૮૧ ૧૮૨ ૧૮૫ ૨૦૪ ૨૦૬ ૨૦૭ ૨૧૧ ૨૧૨ ૨૧૩ ૨૧૪ ૨૧૭ ૨૨૨ ૨૨૯ ૨૩૬ ૨૩૯ ૨૪૨ ૨૪૬ ૨૪૮ ૨૪૯ ૨૫૦ ૨૫૧ ૨૫૮ ૨૬૦ ૨૬૫ ૨૬૮ ૨૭૬ ૨૮૩ ૨૯૦ ૨૯૫ ૨૯૭ ૩૦૧ ૩૦૨ ૩૦૪ ૩૦૯
–ખરાબ માણસની ૨૨૪
–કોઈની, બીજાની ૧૮૦ ૧૮૧ ૧૮૩ ૧૯૩ ૧૯૬ ૨૦૨
–દુનિયાની ૧૬૦
–હજારો તરેહની ૨૦૬
–યઝીદની, યઝીદ જેવાઓની ૧૪૨
બાજુ–બંને ૮૩
બાતુનપરસ્ત–બાતુન વસ્તુને માનનાર ૨૪૩
બાદશાહ–ખુદા ૪૯
–ઝાલીમ ૨૧
–સુન્ની ધર્મ પાળનાર ૨૧૨
–જે શિકાર કરવા ગયો ૪૬ ૪૭ ૪૮
–ઇમામે ઝમાન ૬૮
–દીનમાં ૩૩૯
–મીસરમાં ૩૨૪
બાદશાહી–દુનિયાની ૬૮
બાપદાદા–ઇમામે ઝમાનના ૭ ૧૨૬
બાયડી–જે જંગ કરવાની ઇચ્છા રાખનારને મળી ૬૧
–ખરાબ, રૂપાળી, કદરૂપી નેક ૩૩૧
–એક કરતાં વધારે, બે, ચાર ૮૪ ૩૨૯ ૩૪૦
બાર જણા–જેઓ પીર સદરદીનની સાથે હતા. ૯૨
બાળવય–મુર્તઝાઅલીની ૧૩
બીક–ખુદાની, દોઝખની ૫૫ ૩૨૮
બીડી–તંબાકુની ૭૧
બીબી ફાતમા–૧
બીમારી–દર્દ, રોગચાળો, બદનને ૧૦૪ ૧૪૦ ૩૦૮ ૩૧૮
–કોઢની, મરકીની, રગતપીતની ૨૫૯ ૨૬૨ ૨૬૯ ૨૭૦
બુદ્ધા–૫૪
બુતપરસ્ત–૩૦૮
બુરખો–દીલનો, શરમનો ૨૨૯ ૨૪૩
–જાહેરીનો, જાહેરીમાં, ૧૦૦ ૨૨૯ ૨૪૩
બેઇજ્જત–અહેલેબેતની ૯૯

ભૈયત-ઇમામે ઝમાનની ૮ ૧૪૦ ૧૪૧
ભગત-ગીનાનની માએના સાભળેવાવાળો ૯૨
-નસીહત કરવાવાળા
-કે જેઓ કેટલાક ગધેડા માફક છે ૯૦
ભદરેસર-કચ્છનું એક ગામ ૨૦૦
ભાઇઓ-ખોજા, ગુપ્તી, મુમના, કાઠીયાવાડી, કાબુલી, ઇરાની ૭૬ ૧૨૬
-ઓરમાડાવાળા ૧૨૧
-કાઠીયાવાડના, એક બીજાના ૯ ૧૫૦
ભાગ-કેટલેક ૨૦૯
ભાગામોયા-એક ગામ ૩૨૭ ૩૨૮ ૩૩૨
ભાથુ-આખરતનું ૭૫
ભાષા-અરબી, ફારસી અંગ્રેજી ગુજરાતી ૮૬ ૯૦ ૯૭ ૨૨૧ ૩૦૯
-સર્વે ૮૭
-હિન્દુસ્તાની ૮૪ ૮૫
-દુન્યવી ૩૩૨
ભાંગ-કેફી વસ્તુ ૧૦૨
ભીખ માંગે, દેવી ૩૪૩
ભીંત-યતીમના ઘરની ૨૦ ૨૧
-ગુનેહગારને ચણી લેવાની ૩૪
ભુત પ્રેત ૩૩૯
ભુલો-અણસમજમાં ૧૨૭
ભેદ-ખુદાના, ગીનાનના ૫૨ ૬૮ ૯૫
ભોમીયા રસ્તો દેખાડનાર ૫૭ ૫૮
મક્કા-હજનું સ્થળ ૬, ૧૩૭ ૨૦૧ ૨૨૨
મકસદ-ઇનસાનની, ઇમામે ઝમાનનો ૧૩૫ ૩૧૦ ૩૫૧
મકાન-અસલ, સારા, મોટા ૧૩૫ ૧૩૮ ૧૩૯
-અસલ નુરાની, ખુદાનું ૧૮૬ ૩૧૬ ૨૪૩ ૩૧૭ ૩૧૮ ૩૪૫ ૩૫૦ ૩૫૫
-દીલનું, સારૂ, રૂહનુ ૧૯૦ ૩૧૭ ૩૪૬
મગજ-પૈસાવાળાના ૬૨૩
ઇનસાનનું, પોતપોતાનુ ૬૮ ૯૩
બદામનુ, ઝાડનું ૯૨ ૯૩ ૯૪ ૯૭ ૩૪૫
-કે જેને કેટલાકોએ ઓળખ્યો છે ૯૪
-ધર્મનું ૨૮૦
મગરૂરી-મનમાં ૮૬
મજબુતી-દીનની ૩૦૭ ૩૩૮ ૩૩૯
-પહાડ જેવી ૨૨૦
-ઇમાનને, દીનમાં ૩૦૪ ૩૧૨
મજલા-બંગલા ઉપર ૨૦૮
મઝહબ-ઇસ્નાઅશરીનો ૪ ૩૪૪
-ખોજાઓનો, ઇસમાઇલી ૧૧૮ ૩૩૭ ૩૫૫ ૩૩૦ ૩૪૯
-દરવેશનો, સુફી, ઇમામે ઝમાનનો ૩૨૨ ૩૪૩ ૩૪૪ ૩૪૯
-બીજા ઘણાં, ઘણા ૩૪૪ ૩૪૭
મદદ-પૈસાની ૧૨૯
-ગરીબને ૧૨૯
મદીના-અરબસ્તાનનો એક મુલક ૧૩૭
મધ-બાયડી, છોકરા, માલ દોલત વગેરે ૪૬

મધ્ગત કે જ્યારે મલાએક અર્શમાંથી ઉતરે છે ૬૨
મનસુર—કે જેને સુળી પર ચડાવવામાં આવ્યો ૨૬૪ ૩૪૬ ૩૪૭
મના-ખાવા પીવાની ૩૨૬
મરકી-એક બીમારી ૧૦૪ ૨૫૯ ૨૬૨
મરદ—ઓરતનો શહેનશાહ ૨૪૧
—પારકા, પરાયા, બીજો, દીકરીનો ૧૫૬ ૨૪૬ ૩૩૦
—ઇસ્નાઅશરી ૨૪૪
—સ્ત્રીના ૯૮ ૨૦૬ ૨૪૭
મરામત-ભીતની ૨૧
મરીદ-ભટકતા ૧૬૧
મલાએક. મલાએકો-ફીરસ્તા ૬૨ ૧૨૦ ૧૧૩૦ ૩૬ ૧૪૨ ૨૧૭ ૩૩૩ ૩૩૯
—અજ્જીલ, મૌલાના રૂમ ૧૮૭ ૩૪૭
—બે ૧૦૦
મલુન—શેતાન ૧૮૭ ૩૩૭
મસ્જીદ— કે જેમાં મુર્તઝાઅલી ગયા ૬૩
મશ્કરી—બીજા દીનવાળાની ૨૦૨
મશગુલ—ઈબાદતમાં, દીનમાં ૧૩૮ ૨૨૨ ૩૪૩
મશનદ-ઈમામતની ૧
મશ્નવી—મૌલાના રૂમની ૧૫૪ ૩૧૬
મશવેરો—એક બીજા સાથે ૩૪૧
મહમ્મદ—નથુ વારસના ભાઈ ૫૯
મહાબળેશ્વર—હવાખોરીનું સ્થળ ૬૮ ૧૧૮ ૨૮૮
મહેરબાની—ખુદાની ૩૦૯
મહેતાજ પૈસાના ૯૪
મહોબ્બત—આખરત ઉપર ૧૭૯
—દીલમાં ૧૦ ૧૬૪
—જંગબાર જમાતની ૭૯
—એકબીજા ઉપર ૮૦
—ખુદાની ૪૬ ૧૦૮
—દુનિયાની, દુનિયા ઉપર ૩૪ ૧૩૯ ૧૪૨ ૨૯૯
—નબીની આલની
—મુર્તઝાઅલીની ૧૩
—જાતભાઈઓની ૭
—માવીતરને ૨૬૭
—નબી મહમ્મદ સાથે ૧૨૮
મહેર—સીજદા માટે ૫૭
—એક, સવાલાખ, સોનાની ૯ ૨૬
મંજેવડી—કાઠીઆવાડનું એક ગામ ૪૨ ૪૩ ૪૬ ૫૧ ૫૬ ૫૮ ૫૯ ૬૪ ૧૭૪ ૧૭૮ ૧૮૧ ૧૮૪ ૧૮૭ ૧૮૮
મંડળી-યુવાનોની. બાળકોની, મોટી ઉમરના મરદોની ૨૦૮
—ત્રણ ૨૦૮
માઝલ—બે ૧૭૨
માએના—કુરઆનની ૯૦ ૧૫૩ ૧૫૪
—મશનવીની ૧૫૩ ૧૫૪
—ઈલમની, ગીનાનની, ફરમાનની, મીહાસની, મીશનરીની ૭૬ ૮૦ ૯૨ ૯૬ ૧૩૪ ૧૪૪ ૧૫૩ ૧૫૪ ૨૨૦ ૨૪૪ ૨૯૧ ૩૧૩ ૩૩૮ ૩૩૯ ૩૪૧ ૩૫૬

માએના-ખરી, એક એક શબ્દની ૩૧૬ ૩૩૮
-કાંગવા, કાકણ છાંટાની ૯૨ ૯૩ ૯૪
-દીનની, ચાર તરેહની. હજારો ૯૦ ૯૬ ૩૩૮ ૩૩૯ ૩૫૩
માછલી-પાણી વગરની ૨૭૦
-સુકી ૧૮ ૧૯
-જીવતી ૧૨૨ ૨૬૯
-દરિયામાંથી છુટી પડેલી ૨૬૯
માણસ-સુતેલા ૧૩૮
-પાચ ૮૧
-ધર્મી, મોટા, જવાન ૨૧૨ ૩૪૩
-લાખ, એક. નાદાન, બદ. બદકાર ૧૩૫ ૧૩૬ ૧૮૭ ૨૨૨ ૩૩૨
-હઝરત ઇસાએ જોએલો ફકીર જેવો ૧૬૧ ૧૬૨ ૧૭૧ ૧૭૨
-ઇમાનદાર, બેઇમાન, ઇમાની ૯ ૮૯ ૧૫૪ ૩૧૨
-સો, બે, બસો ૨૨૦ ૩૨૨
-ચાર તરીકાના ૭૦
-ગધેડા જેવા ૧૫૯
-નરસામાં નરસા ૩૬ ૩૭
-બૈયત કરેલા ૧૪૧
-કાફલાના ૩૮
-કે જેઓ ઇમામને ૨૦/૩૦ વર્ષ સંભાળ્યા પછી બોઇ દે છે ૮૨
-ઢોર-જનાવર જેવા ૧૪૫
-હજારો, ઝાઝા ૧૫૩ ૨૨૦ ૩૨૮
-બેદીન, બેઇમાન, બેઇમાની ૧૬૨ ૩૨૭ ૩૩૨
માણસ-જે ૧૭૧
માન-મુર્તઝાઅલી પાસે ૧૪૭
-મુખીનું ૭૭
-ગવરનરને ૨૩૬
માનતા-પીરની, ઝંડાની ૮૮
માન્યતા-ઇસમાઇલી દીનની. અસલ એકહતાની ૩૧૨ ૩૪૪
માયા-દુનિયાની ૬૧
માલ-દુનિયાનો ૪૭ ૧૧૦ ૧૪૦
-વેપારના, ગેબનો. સરકારી ૨૦૬ ૨૪૮
-સો માણસનો ૮૧
-હલાલનો, હરામનો ૮૨ ૮૪ ૧૮૦ ૧૮૬ ૩૨૫
-કોઇનો, પારકો, પરાયો ૫૨ ૬૬ ૭૦ ૭૧ ૭૨ ૭૫ ૮૦ ૮૪ ૧૨૮ ૧૩૧ ૧૩૭ ૧૪૩ ૧૪૮ ૧૭૫ ૨૦૬ ૨૬૦ ૨૭૭ ૨૭૯ ૩૨૯ ૩૩૧ ૩૫૪
-માલમ સ્ટીમરમાં ૯૭
માલેવાજબાત--૭ ૬૪ ૮૪ ૧૦૩ ૩૦૦ ૩૨૭ ૩૩૩
માવજી-એક મોમન ૧૭૯
માવીયા-અઝીદનો બાપ ૧૩૪ ૧૪૫
માસ્તર-ધાર્મિક સ્કુલના, નીશાળને માટે ૨૨૧ ૨૩૩ ૨૩૪ ૨૩૫ ૨૯૭
માશુક-ખુદાનો૩૫૪
માંસ-ઇનસાનના મોઢાનું, ઇનસાનનું ૨૫ ૭૨ ૭૫ ૨૭૭
મીકાઇલ-એક ફરિસ્તો ૨૫૬

મીજલસ-ચાંદરાતની, દીનની ૬૬ ૬૭ ૩૩૭
-ગર્ગોદની, જાગરણની, રાતની ૧૪૪ ૨૦૮
-ચાલુ વાર્ષિક ૩૦૫
મીમ્બર-હઝરત મુસાનું ૧૭
મીસર-એક દેશ ૩૦૬ ૩૨૪
મીસાલ-ઢોરની, ગધેડા, પક્ષીની ૧૫૭ ૩૧૮ ૩૪૮
-સુરજ, બગીચા, પાણી ૩૦૭ ૩૪૩ ૩૪૬
-મનસુર ૩૪૬
મીશનરી, મીશનરીઓ-ખોટું નામ ધારણ કરનાર, ખરા ૩૧૧
-વાયઝ કરનાર ૨૯૧ ૩૦૬ ૩૧૦ ૩૧૧ ૩૧૨
મુખી-સીંધવાળા ૧૨૩
મુખી કામડીયા-જમાતના ૬૫ ૨૦૩
મુન્દ્રા-કચ્છનું એક ગામ ૧૮૯ ૧૯૨ ૧૯૫
મુનાફક-અધર્મી ૧૪૧
મુબારકી-સરવે જમાતને ૧૨૦
મુમના-મુરીદ, કુટુંબના ૭૬ ૧૫૫
મુર્તઝાઅલી-પહેલા ઈમામ ૧ ૨ ૭ ૮ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૨૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭ ૩૮ ૪૦ ૪૧ ૪૨ ૪૫ ૫૧ ૫૩ ૫૪ ૫૫ ૫૬ ૫૭ ૬૦ ૬૧ ૬૨ ૬૩ ૬૪ ૬૬ ૭૮
મુર્તઝાઅલી-૧૨૮ ૧૩૭ ૧૪૬ ૧૪૭ ૧૯૬ ૧૯૭ ૨૦૧ ૩૪૬ ૩૪૯ ૩૫૦
મુરશલ-હઝરત મુસા ૨૨
મુરશીદ-ઈમામે ઝમાન ૨ ૮ ૧૦ ૨૮ ૫૭
મુરીદ-નામના ૧૯૦
-મુર્તઝાઅલીનો ૧૫
-શેતાનનો ૨૯
-યઝીદના ૧૪૨
-હજરત મુસાના ૧૪૫
-ગુપ્તીઓમાં દાખલ થનાર નવા ૧૫૦
-ખોજા, અરબ, બદખશાની ૧૫૦
-ગેબ ઇમામના ૨૧૫
-વાઘ જેવા ૨૭૪
-બદખશાની, અરબો, ખુરાશાની ખાલુ. શામી ૧૮૦ ૨૧૨ ૨૧૩ ૨૨૨ ૩૩૯
-સાચા, ઈમાનદાર, અહેલેબેત જેવા ૯ ૨૧૮
-ઈરાનના, મોમના ૨૧૨ ૨૮૫
-આગાખાનના, ફીરસ્તા જેવા ૧૧૮ ૧૨૬ ૩૩૦
-હજારો, કેટલાક, સીતેર હજાર ૬૮ ૩૨૫
-ઇમામે ઝમાનના ૨૮ ૬૭ ૧૨૫ ૧૩૭ ૧૪૦ ૧૪૧ ૧૪૪ ૧૫૫ ૧૬૧ ૧૯૦ ૨૧૫ ૩૨૦ ૩૩૪ ૩૩૮

મુલક, મુલકો-સર્વે, કચ્છના, બીજા, દરેક ૨૧૮ ૨૨૦ ૩૧૬
મુલ્લાઓ ખુરાશાનમાં, બેદીન કરનારા ૨૧૩
-રીતના કરનાર ૬૨
મુલાકાત-બાદશાહની ૪૬
-આખરતમાં ૧૩૨
મુસ્તકીમ-ઇલ્લમ શીખીને ૧૫૨
-ઇમાનમાં, ઇમાન ઉપર ૨૯૭ ૩૦૧
-દીનમાં, દીન ઉપર, ધર્મ ૯૩ ૧૪૬ ૧૫૦ ૧૫૭ ૧૮૦ ૨૧૭ ૩૦૪ ૩૨૧ ૩૩૦ ૩૪૭
મુસલમાન-શરીયતી હોય ૬૨ ૯૦ ૯૬ ૧૦૧ ૧૪૨ ૨૦૪
મુસા કાઝમ-ઇમામ જાફર સાદકના બીજા ફરજંદ ૮૬ ૩૨૪
મુસાફર-દુનિયામાં ૧૩૭
મુસાફરી-રેલગાડીમાં, રેલ્વેની ૨૭૧ ૩૦૨
-વિલાયતની ૩૦૩
મુશાહેદો-ગીનાન તથા ફરમાનનો ૨૪૪ ૨૪૫ ૩૧૩ ૩૨૮ ૩૩૦ ૩૩૨
મુંબઇ એક શહેર ૧ ૬ ૧૧ ૧૨ ૧૫ ૧૭ ૨૩ ૨૬ ૨૮ ૩૦ ૩૪ ૩૬ ૩૮ ૫૦ ૬૬ ૭૭ ૯૪ ૧૨૬ ૧૭૯ ૨૫૩ ૨૭૩ ૨૮૫ ૨૮૮ ૨૯૬ ૩૦૧ ૩૦૩ ૩૦૪ ૩૦૬ ૩૦૭ ૩૦૮
મેઅરાજ-હઝરત રસુલની ૩૫૦
મેમ્બરો-કાઉન્સીલના ૨૫૭ ૨૬૪ ૨૯૧ ૨૯૯
મેમણ-મુસ્લીમ ૨૦૪ ૩૪૪
મેમાની-સીંધવાળા એક મુખીની ૧૨૨
-મુંબઇવાળા મામદ વાલજી પીરાની ૧૨૩
-લાલજી દેવરાજની ૧૨૮
-જામનગર જમાતની ૧૪૩
-નાના બચ્ચાંની ૨૯૫
-દશ ૨૫૯
-જાહેરમાં, બાતુનમાં, ૩૦૩
મેવો-ઇમામ જઇનુલઆબેદીનના બાગનો ૪૯
-ફળ ૧૧૨ ૧૬૫ ૧૬૯ ૧૭૦
-બહેસ્તના, ઉમદા, સારા, દીનમાં ૫૪ ૨૦૪ ૩૦૧ ૩૪૮
મેળો-મંજેવડીનો ૪૨
મહેયત-દીનભાઇના ૩૨૨
મોગલો-મુસ્લીમ ૧૦૧
મોજીઝો, મોજીઝા-પયગમ્બરના, મુર્તઝાઅલીનો ૨૧૫ ૩૫૦
મોટા-જમાતના ૩૩૭
-દીનના ૩૧૭
મોટાઇ-મુર્તઝાઅલીની ૧૨
-આખરતની, દુનિયાની ૫૦ ૧૪૨
-ખુદાની ૫૫
-ઇમામે ઝમાનની ૭૮
મોંઢુ-આખરતમાં ૧૪૩
-હેવાનનું, ઇન્સાનનું મોમનનું ૧૬૭ ૧૮૫ ૩૪૨ ૩૪૩

મોઢું-હુરાઓના, કાળા, સફેદ, ખરાબ
    ૧૩૧ ૧૪૩ ૧૮૧ ૩૪૨
મોત-બધા ઉપર ૧૩૨
મોમ્બાસા-એક શહેર ૨૮૫ ૨૮૮
    ૨૯૧ ૨૯૨ ૨૯૩ ૨૯૫
    ૨૯૬ ૨૯૭ ૨૯૮
મોમન-સાચા, ઇમાનદાર ૩ ૫ ૭ ૯
    ૧૦ ૨૪૬
    -હકીકતી ૭ ૮૩ ૧૦૪ ૧૦૭
    ૧૧૩ ૧૬૮ ૨૬૩ ૨૬૭ ૨૭૬
    ૩૦૦ ૩૦૨ ૩૧૫ ૩૩૪
    -જે દુનિયામાં હંમેશા ત્રણસોને
    તેર હોય છે. ૪૬
    -જે પોતાના ઇમાનની સંભાળ
    રાખે છે. ૮૨
    -જે પઇસા લઇ પોતાની દીકરી-
    ને પરણાવે છે ૨૭૪
    -અક્કલવાળાઓ ૧૦૫
    -બન્ને, બે જાતના ૧૨૨ ૨૦૦
    -જાહેરમાં ૧૦૦
    -પરિક્ષા કરનાર ૧૬૭
    -રૂહાની, બદનના, વડાઈના ૧૭૧
    ૨૦૦
    -ખુદાવંદના ૧૯૭
    -સતપંથી ૨૧૩
    -મસ્તાના સિંહ જેવો ૧૦૪
    -કોઇ ગરીબ હોય ૧૪૨
    -ઇમામે ઝમાનના ૯
    -હીન્દુસ્તાનમાં ૨૮૪
મૌલાના રૂમ-એક સુફી ૧૧૫ ૩૧૭
    ૩૪૭ ૩૫૫
યકીન-ઇમામે ઝમાનનું ૫૦
યકીન-ઇમાનમાં ૨૪૬
    -સાચા ૯
યઝીદ-મુર્તઝાઅલીનો ભત્રીજો ૧૩૧
    ૧૩૪ ૧૪૨
યતીમ-કાસરખાંનો છોકરો ૨૧
યવન બીજા મુલ્કનો રહેવાસી, મુસલ-
    માન ૧૯૨
યહુદી-એક કોમ ૪૯૦ ૩૨૦ ૩૪૪
    ૩૪૭
યાદ-મોમનની ૧૫૫
    ઇલમ ગીનાનની ૧૭૧
    ખુદાને ૩૨૯ ૩૩૩
યાદગીરી-દિલમાં ૩૧૪
યાદી-ફરમાનની ૩૦૭
    -આગા અલીશાહ દાતારની ૮
યુરોપ-એક ખંડ ૨૫૩
રગતપીત-એક રોગ ૨૬૯
રચના-કુદરતી ૧૬૬
રજા-રોજ, ચાર આઠ દિવસે, પંદર દિવ-
    સે કે મહિને ૯૫
    -ધણીની, બહાર જવાની ૯૫
રમઝાન-રોઝાનો મહીનો ૨૩, ૧૬૮
રમત, રમતો-ક્રીકેટની, પાનાની, સાત,
    આઠ ૩૨૬
    -સારી, પૈસાની ૩૨૬,
    ૩૩૯
રસ્તો-નેકીનો, હકનો ખુદા મળવાનો
    ૪ ૬૩ ૩૦૯
    -ઉંધો, સીધો, દિલમાં, સવળો
    ૬૫ ૧૨૫ ૩૫૬
    -ખુબીનો, ખજાનાનો ૧૦૧ ૧૩૮

રસ્તો, રસ્તે-બહેસ્તમાં જવાનો, ઇમામનો ૫૭ ૨૧૪
-પોત પોતાનો, તમારો, તેઓનો ૮૬ ૯૩
-ફકીરીનો, વડાઇનો, મોટાઇનો, ફિરસ્તા થવાનો ૧૯૧
-સીધો, સીધે, આસાન, સાચો ૭૩ ૧૦૪ ૨૦૮ ૩૫૦ ૩૫૬
-બેઈમાનીનો, હરામને, દીનને ૨૦૧ ૩૨૯ ૩૩૭ ૩૩૯
-બીજો, બીજે, તેઓને, તમારે ૭૧ ૮૪ ૧૨૬ ૩૫૫
-સાચો, સાચે, સુકો ૭૧ ૨૦૮ ૨૮૧
-સેતાનને, સારો, સારે ૧૩૦ ૧૩૧ ૨૯૦ ૩૨૪ ૩૩૧ ૩૫૫
-બે, જમીનનો, સહેલ ૯૭ ૧૬૦
-દીનના, સતપંથના, ધર્મનો, ધર્મના ૬૩ ૭૩ ૮૩ ૮૯ ૯૭ ૧૨૬ ૧૪૦ ૧૪૩ ૧૪૭ ૧૮૧ ૧૮૪ ૧૮૬ ૧૮૯ ૧૯૯ ૨૦૪ ૨૦૫ ૨૧૩ ૨૧૯ ૩૧૧ ૩૧૩ ૩૨૮ ૩૩૪
-પીર સદરદીને બતાવેલો, બાપદાદાના ૭૧
-હકીકતી, હકીકતનો ૯૧ ૧૧૬ ૩૫૩ ૩૫૫
-ગીનાનના દુનિયાના, ફિરસ્તાના ૭૪ ૧૧૬ ૨૯૦ ૩૨૮
રસી-બીમારી લાગુ ન પડે એ બાબતની ૨૫૧ ૨૫૯ ૨૬૨
રાજકોટ-કાઠીઆવાડનું એક શહેર ૧૬૬ ૧૭૧ ૧૭૨ ૩૧૦
રાજ્ય-અંગ્રેજ સરકારનું, જર્મન, ફ્રેન્ચ ૧૮૦ ૨૧૨ ૨૧૩ ૨૫૫
રાજા-અગાઉના, સુન્ની ૩ ૨૨૨
રાત જીયારતની, મેઅરાજની ૨૪૫ ૩૫૦
-એક, બે, ત્રણ ૬૬ ૭૪ ૧૨૧ ૧૨૫
-અર્ધી ૩૩૧
રાહ-ખુદાની ૫૧
રૂતબો-અહેલેબેતનો ૧૬૪
રૂપ-નદીના ૧૬૬
-ઇન્સાનનું ૨૧૭
-હજારો ૧૪૧
રૂહ-દિલના, બદનમાંથી, બદનમાં ૧૬૩ ૧૬૪ ૧૬૬
-ઇલમવાળો ૩૪૯
-જે બદનમાં કેદ છે, અસલ છે, કેદખાનામાં ૧૦૫ ૩૪૬ ૩૪૮
-ફિરસ્તા જેવો પહેલવાન મીસાલ ૧૮૫ ૨૭૮
-પાક, સાફ સફેદ ૧૭૩ ૧૮૭ ૩૩૫ ૩૩૭
-ઇન્સાનનો, બીમાર ૧૩૨ ૨૧૮ ૩૦૮ ૩૧૭ ૩૨૩ ૩૨૮ ૩૩૯
-આદમપણાનો, મોમનનો, ઇમામે ઝમાનનો ૧૮૨ ૩૧૦ ૩૧૧
-મરેલા શખ્સનો ૨૪૫
-લાડક મુખીના ૩૦૩
-રૂહને માનનારા ૩૦૮

રૂહ–ગામડાઓમાં રહેનારની ૧૭૦
રેસ– બાઇસીકલની ૩૨૭
રોજ–કયામતના, કયામતમાં ૧૫૭ ૧૭૧
રોજા–જે ખુદાએ રાખવા ફરમાવ્યું ૪૧ ૮૫
–ખ્યાલના, રમજાન મહીનામાં ૧૬૮
–ત્રણસો સાઠ, ત્રણ રીતના ૨૯૨
–હેવાનનો ૧૮૫
રોજી હકની, હલાલની ૭૪ ૭૬ ૮૪
રોટલી, રોટલો–જવની ૧
–ઘઉંની ૨૦૧
–ખાવાને ૨૮૫
–અર્ધી, આખી ૧૪૦
–કે જે કયામતના દિવસે ગરદન પકડશે ૧૦૪
–હરામનો, હકનો, હલાલનો ૫૦ ૭૩ ૭૫
રોશની જે હીરજી વારસના વખતમાં હતી ૧૭૪
–દિલમાં ૯૫ ૩૧૪ ૩૩૫
–બત્તીની, વધારે ૯૩ ૧૦૮
–દીનની ૧૩૮ ૩૦૮
–દુનિયામાં ૧૩૮
લકબ-દરવેશનો ૪
–સાહેબે ઝમાનનો ૫
–વઝીરાતનો ૨૯૪
લગ્ન–તોડયા વગર ૧૫૫ ૧૫૬
લગામ–ઈમાન તરીકે, ઘોડાની ૮૨ ૮૩ ૧૩૪ ૨૮૭
લડાઈ–ઉમર ઇબ્ને વદની ૧૧
–જંગે જેહાદ તરીકે ૬૦
–દીનની ૨૧૭
લસણ–મસાલો ૧૭૦
લશ્કર–ખયબરની લડાઇનું ૧
–ઇમામે ઝમાનનું ૧૨૯
–મૌલાનું ૧૭૧ ૨૩૯ ૨૯૩
–પંજેભાઇઓ ૨૫૦
–સ્કુલના બચ્ચાં ૨૫૧
લક્ષણ–મોમનના ૮૭ ૨૨૧ ૩૩૯
લાકડી ઈમામ હુસેનની, એક ૨૧૫ ૨૧૬
લાડક હાજી–મુખી ૬૬ ૩૦૩
લાભ–કલબનો, રમતનો ૩૨૬
–દિદારનો ૧૭૭
–દુઆ પડવાનો, ગીનાન મજલસનો, ફરમાનોનો ૧૭૭ ૩૦૯
લાઇબ્રેરી–વાંચનાલય, ઇસમાઇલી ૩૦૭ ૩૦૯
લાલચ-દુનિયાની, પાણીની ૧૫ ૨૪૩
–કે જેના ખાતર સીમરે ભુલ ખાધી ૧૫
–કે જેમાં જંગ કરવા ઇચ્છનાર ફસાયો ૬૧
લુગડાં–સુતર વગેરેના, ઇમામે ઝમાનના, ઇન્સાનના ૯૪ ૩૫૪
–સારા ૩૪૭
લોક–અરબ ૩૨૯
–બે દીન ૧૬૨
–બની ઇસરાઇલ ૧૪૫
–મોટા ૩૩૭
લોહી–ઇન્સાનનું ૭૫

લોહી-ગાયનું ૨૬ ૨૭
વકીલો-ઇમામે ઝમાનના ૩૩૭
વખત-આખરી, અગાઉના ૩૮ ૩૦૯
-દીનનો ૩૩૦
-મોહમ્મદ પયગમ્બરનો ૧૩ ૧૦૨ ૨૧૦
-જંગે જેહાદનો, અનંઓનો ૯૦ ૧૪૬
-મુર્તઝાઅલીનો, ઇમામ હુસેનનો ૬૬ ૮૭ ૧૯૨ ૨૧૦
-એક બીજો, ત્રીજો, બે, ત્રણ દશ, સીતેર ૭ ૭૦ ૨૪૨ ૩૦૩ ૩૨૮
-શાહ હસનઅલીના ૩૨૫
-દુઆનો ૧૨૭ ૧૩૫ ૨૦૧ ૨૦૭ ૨૫૨ ૨૬૬ ૩૦૨
-મગરબનો, ઘરમાં જ, દુકાનમાં જ ૧૭૭ ૨૪૫ ૨૪૮
-હીજી વારસનો ૧૭૪
-જે બદલાય છે ૧૯૭
-આદમનો. પયગમ્બરના ૧૩૭ ૨૦૧ ૨૦૩
-ઈબાદતનો, રાતનો સાંજનો ૧૫૯ ૨૫૦ ૩૦૪ ૩૨૩
-વર્ષમાં એક. સારો, ઉત્તમ ૧૪૪ ૧૬૦ ૩૩૬
-ફોકટ ૨૪૪
-નુરને, નમાઝની ૩૨૦ ૩૪૯
-મગરબ, દુઆ ૩૨૪ ૩૩૦ ૩૩૨ ૩૩૬ ૩૩૭ ૩૫૨
-ફુરસદ ૩૩૯
વરસાદ-ગુન્હા કરવાથી ૧૫૬
-અસમાનમાંથી ૩૪૬
-પથ્થરનો, નુરનો, આતશનો ૪૨ ૨૨૬ ૨૮૩
વસવસો-દીલમાં ૩૧૪
વસી-મુર્તઝાઅલીની ૪૦ ૪૧
વસિયત-સાલેહની ૨૧
-નબી મહમદની ૬૩ ૬૪
વહોરા-કે જેઓનો દીન પણ ઇસમાઇલી છે ૮૮ ૨૦૪ ૩૦૭ ૩૪૪
વાએઝ-જમાલ મુખીની. વારસ ઇસમાઇલની ૧૫૩
વાઘ-એક જનાવર ૧૬૨ ૧૭૨ ૨૬૨ ૨૭૪ ૨૭૯
-કે જેની મુલાકાત હ. ઇસા સાથે થઈ ૧૩૫
વાજબ-મોમનને, ઇસમાઇલીઓને ૧૫૬ ૨૯૧ ૩૩૧ ૩૪૩
-ઇન્સાનને ૧૯૪ ૩૩૮
વાજીંત્ર-હઝરત મુસાની શરાઅમાં હરામ છે ૧૦૨
વાત-કાયદાસરની, ખરી, સીધી ૧૨૩ ૧૩૨ ૧૭૯ ૨૪૪ ૩૩૧
-માવીઆની ૧૪૫
-શેતાનની, ગેરવાજબી ૧૮૭ ૩૦૪
-ઇન્સાફની ૨૯૬
-કુરઆનની ૨૦
-દુનિયાની ૭૫ ૩૧૪ ૩૨૧ ૩૩૬
-હાથપગ ધોવાની ૩૫૧
-બીજી, લોકોની, બે ૧૬૧ ૩૫૦ ૩૫૪

વાત-દીનની, ઇલમની. ૮૯ ૯૧ ૧૦૧ ૧૧૫ ૧૩૨ ૨૩૬ ૨૫૧ ૩૧૪ ૩૨૧ ૩૩૮ ૩૩૯ ૩૪૨
-નકામી, ઇમામે ઝમાનની, ખુદા સાથે ૩૧ ૧૩૮ ૧૬૪ ૩૧૬ ૩૨૬ ૩૩૬
-ગીનાનની ૯૧ ૧૦૧
-અરબોની, મોગલોની, હીંદુઓની ૯૯ ૧૦૦
-દુનિયાના ઇશ્કની, આપસમાં ૩૩૯ ૩૪૧
વારો-જે ઇમાનનો હોય ૯૬ ૧૪૬
વાવટો-દીનની સત્યનો ૩૩૦
વિલાત-એક દેશ ૬૮ ૨૩૨ ૨૭૩ ૩૦૩
વીંટી-સુલેમાન પયગમ્બરની ૩૨
-સોના ચાંદીની ૩૨
વેપાર-દાણાનો ૧૨૯
-શાદીમાં ૨૭૫
-દુનિયાના ૨૯૫ ૩૩૦ ૩૩૫ ૩૩૬
-હરામનો હલાલનો ૭૨
-મોમનનો ૧૧૭
વેરઝેર-દિલમાં ૨૧૯
વેરી-દીનનો ૧ ૯
વેળા-નુરની ૩૨૦
વૈદ-હકીમ ૬૫
સ્કુલ-સીંધી, બચ્ચાઓ માટે, દીનની ૨૪૯ ૨૫૧ ૨૮૭ ૩૦૭ ૩૧૫ ૩૧૬
સંગ નીચનો ૧૨૪
સગપણ-દીકરીઓનું ૧૮૫
સડક-બૈતુલ મુકદસની ૧૭૨
-એક, બીજી, આસમાની ૧૬૦
-ફિરસ્તાની બદનની, રૂહાની ૧૬૦
-ફીરસ્તા બનવાની, જાનવર થવાની ૨૯૦
સતપંથી-અરબ, બદકશાની, ખોજા, મોમના અને બીજા ઇસમાઇલીઓ ૧૫૭
સત્યતા-દીનની ૩૩૦
સતાડો-દીનના માટે ૮૭
સતોષ-પોતાની સ્ત્રીમાં ૩૪૦
સ્ત્રી-(પારકી) ૨૦૬ ૩૩૦ ૩૪૦ ૩૫૪
-ધણી, દુવાઓ, ઝાઝી ૩૧૭ ૩૪૭
સફાન ઇબ્ને અકલ (મૌલા મુર્તઝાઅલીનો દોસ્ત) ૩૪ ૩૫
સબંધ-પીર મુરશીદનો ૨૬૭
-મુરીદ મુરશીદનો ૨૮૬
સંભાળ-પોતાના દાગીનાની ૯૯
સંભો-મૌલાનો ૫૮ ૩૦૩
સરકાર-ઇમામે ઝમાન ૩૩
-જરમની ૮૪
-જે ગામમાં રહેતા ત્યાંની ૨૩૬
-ગવર્મેન્ટ ૨૫૧
સરદાર-જમાતના ૧૨૯ ૨૬૮
સલમાન ફારસ-હમશાયે સલમાન-૩૫ -૩૬ ૫૨ ૫૩ ૧૩૯ ૧૪૫ ૧૪૮ ૧૬૪ ૨૧૮
સલવાત-બંદગીમાં ૬૭
સલામતી-ઇમાનની ૩૩૬
સ્વાદ-મધનો ૪૬
-દુનિયાના ૪૫ ૫૨

સ્વાહીલી–આફ્રીકન પ્રજા ૯૭
સવાર–મોમન શખ્શ તરીકે ૮૨
—નફ્સ ઉપર ૧૪૭
સહી–જાહેરીમાં ૩૪૪, ૩૪૫
સાધનો–રમવાના ૩૨૬
સાધુ–મીશનરી ૩૧૦
સાપ–એક જનાવર ૫૪ ૫૫
સાબીતી–કુરઆનમાંથી દીનની ૯૦ ૯૨
સાલગ્રેહ–મોટા દિવસે ૩૨૭
સાલેહ–યતીમનો બાપ ૨૧
સીઝન–ગરમીની ૧૬૫
સીઝદો–મહોરના બદલામાં શરાબને, ખુદાને ૫૭ ૩૫૧
સીતારા–આસમાનના હોજે કૌસરની ચારે બાજુના ૪૦
સીધ્ધપુર–એક શહેર ૭૪ ૧૫૪ ૧૫૫ ૧૫૬
સીફારસ–ઇશ્નાઅશરી માટે ૩૪૫
સીંધ હૈદરાબાદ–એક શહેર ૭૯ ૧૨૦ ૧૨૧ ૧૨૪ ૧૨૭
સીંધુ–નદી ૨૧૮
સિંહ–એક જનાવર ૧૬૨ ૧૭૨ ૨૬૨ ૨૭૯
સુખ–બહેસ્તના, તબેલાના ૨૦૬ ૩૪૭
સુખન–ઇમામે ઝમાનના ૧૩૪
સુજીદા. બાર ૨૦૧
સુદ ભારે બ્યાજ ૨૪
સુન્ની, સુન્નીઓ–મુસ્લિમ ૩૯ ૯૦ ૧૯૬ ૩૨૦ ૩૫૫
સુર–અસરાફીલનો ૪૩
સુરજ–સુર્ય ૩૦૯
સુરત–બદન ૩૦૯
—શેતાનની, ઇનસાનની ૧૩૨ ૧૪૫
—હાથબાંધનારની ૧૪
—હેવાનની, મલાએકની ૧૩૦
—આખરતમાં ૧૪૩
સુરત–એક શહેર ૧૪૯
સુરીયાની–ભાષા ૩૧૬
સુલતાન–જંગબારનો ૧૧૪
સુસ્ત દીનની ૧૬૪
દીન ઉપર, મુરીદો થઇને ૧૪૩ ૧૪૪
સોડા–એક પીણું ૩૨૬
સોબત–બીજી ૩૫૪
—ખરાબ, ખરાબ માણસની, બદ માણસની ૮૯, ૧૮૭ ૨૦૧ ૩૪૨
—બેદીનની, બીજા દીનવાળાઓની ૮૯, ૨૦૯ ૨૩૬
શક–ઇમાનમાં, દીલમાં ૨૧૭ ૩૦૨
શખ્શ–એક ૧૨ ૧૩
—શાહે નજફ માંહેલો ૬૦
—ત્રણ, ચાર ૩૧૫
શદ્દાદ–કાફર ૨૯૦
શનાખત–ઇમામે ઝમાનની ૬૫ ૨૪૪
શબ્દો–લાનત, ખરાબ ૩૪૨
શમ્શ તબ્રેઝ–૩૧૭
શરતો–બાઇસીકલની ૩૨૬
શરબત–મીઠું પીણું ૩૨૨ ૩૨૬
શરાબ હઝરત મુસાની ૧૦૨
શરાબ–શેતાની, અંગુર યા ગુલાબનુ ૨૮ ૨૯
—કે જે હરામ છે ૨૪ ૨૫ ૨૯

૩૦ ૫૭ ૬૪ ૬૫ ૭૧ ૭૫ ૧૦૨
શરીયત-ઇસલામમાં ૬૨ ૩૦૯ ૩૫૪
શહેનશાહ-ઓરતનો ૨૪૧
શાદી બચ્ચાંઓની, છોકરીઓની ૭૯ ૧૦૪ ૧૫૭
શામ-એક દેશ ૭૮
શાહેનઝફ-એક શહેર ૬૦
શીમર-ઇમામ હુસેનનો કાતીલ ૧૫ ૫૫ ૯૯ ૧૩૧ ૧૬૪
શિક્ષણ-ધર્મનું, ઇસમાઇલી દીનનું ૨૨૧ ૨૩૫ ૩૧૨
શેતાન-અઝાઝીલ ૫૨ ૭૫ ૭૭ ૮૨ ૯૮ ૧૦૧ ૧૨૮ ૧૩૦ ૧૩૬ ૧૪૧ ૧૪૫ ૧૫૦ ૧૫૨ ૧૬૮ ૨૦૬ ૨૧૪ ૨૨૨ ૩૧૩ ૩૨૩ ૩૩૭ ૩૩૮
-બાઇઓની સુરતમાં ૯૮
-આલીમ અને આકીલ રૂપે ૭૪
-ઇન્સાનના રૂપમાં ૭૧ ૭૪ ૭૫ ૧૭૧ ૨૩૯ ૩૩૭ ૩૩૮
-બે જાતના જાહેર તથા બતુનના ૧૪૨ ૧૭૧
શેત્રંજ-એક રમત ૩૩૯
હક્ક-હાકમનાં ૩
-મુરશીદના, ઇમામે ઝમાનનો ૪
-મૌલાનો, ખુદાનો ૬૧ ૬૪
-જમાતના ૩૨૧
-ગરીબ અને નાણાવાળાનો ૬૭
-કોઇનો, પરાયો ૮૧ ૩૩૦
-ધણીનો, માબાપ અને સાસરીયાનો ૯૫
હકીકત-દીનની ૮૮ ૩૦૯ ૩૫૪
-ખરી ૧૨૩
હકીકતી-ત્રણસોને તેર ૫૫
-દરવેશી ધર્મને ૧૫૦
હકીમ-ડોકટર હકીકતીઓના, ઇમામે ઝમાન ૧૦૨ ૧૩૨
-એક દરવેશ ૪૬ ૪૮
હજ-બાતુની ૭
-મક્કાની, શરીયતી ૬ ૪૧
હઝરત આદમ-પહેલા પુરૂષ ૧૮૨ ૨૦૧ ૨૦૩
હઝરત ઇસા-પયગમ્બર ૫૩ ૧૩૫ ૧૩૬ ૧૬૧ ૧૬૨ ૧૬૭ ૧૬૮ ૧૭૨ ૧૭૩ ૧૮૬ ૩૪૭ ૩૫૦ ૩૫૫
હઝરત ઉમર-ખલીફા ૧૧
હઝરત ઉસમાન-ખલીફા ૯૬ ૯૭
હઝરત ખીઝર-પયગમ્બર ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩
હઝરત નબી મહમદ મુસ્તફા-પયગમ્બર ૧ ૨ ૬ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૬ ૨૦ ૨૪ ૨૫ ૨૯ ૩૦ ૩૫ ૩૬ ૩૭ ૩૮ ૩૯ ૪૦ ૪૧ ૪૨ ૫૨ ૫૩ ૫૪ ૬૩ ૬૪ ૧૦૧ ૧૦૨ ૧૦૩ ૧૦૫ ૧૩૭ ૧૩૯ ૧૪૫ ૨૧૫ ૨૫૭ ૨૭૪ ૨૯૨ ૩૪૭ ૩૫૦
હઝરત નુહ-પયગમ્બર ૨૩૭ ૩૩૩

હઝરત મુસા—પયગમ્બર ૧૨ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૨ ૨૩ ૨૬ ૧૦૨ ૧૪૫ ૧૬૮ ૧૭૬ ૧૮૬
હઝરત યુસા—હઝરત મુસાના જાનશીન ૧૮
હઝરત સુલેમાન—પયગમ્બર ૩૩૨
હઝરત હારૂન—૧૮
હદીસ—ઓહગ નામના એક સુન્નીની ૩૯
—હઝરત મુસાની ૧૭
—જાહેરમાં મોજુદ છે ૫ ૬ ૨૯ ૩૮ ૯૧
હમશાયે સલમાન સલમાન ફારસ—૩૫
હયાતી-પયગમ્બરની ૧૪૫
—પોતાની ૧૨૪
હરામ—દીનમાં ૩૨૬
હસદ—કોઇની, એક બીજા માટે, એક બીજા ઉપર ૮૭ ૧૮૧ ૧૮૭
—સવારમાં, દીનભાઇઓ તરફનો ૩૧૨ ૩૩૭
હસન બીન સબ્બાહ—દીનનો સિંહ ૨૫૭
હસનાબાદ—મુંબઇ ૬૬ ૨૨૩
હાકમ-ઈમામીયા ફીરકાના ૩ ૪
હાજરી—ટાઇમસર ૨૯૨
હાજી લોકો—મક્કે હજ કરવા જનાર ૬
હાથ—દેવ (રાક્ષસ) ના ૧૩ ૧૪
—મુર્તઝાઅલીના ૪૧
—ઉમ્મતનો ૫૪
—છોકરાઓનો, પોતાના ૫૯ ૩૨૮
—ઇમામે ઝમાનના, લોકોના ૯૪ ૧૨૪ ૧૨૭
હાથ—પાક ૧૯૯ ૨૭૬ ૨૭૭ ૩૨૫
હાથી—માણસ ઉપર હુમલો કરનાર ૪૬
હાલત—ખરાબ, અરબોની ૧૪૬
હાલત, હાલતો—ફીરસ્તાની, શેતાનની, હેવાનની ૧૩૧ ૧૫૯ ૧૮૬
હાંડો—પાણીનો ૧૫૯
હીન્જી—વારસ ૫૬ ૧૭૪ ૧૭૯
હીરો,—હીરા—સાચો, હજારો ૩૩૮
—ઝવેરાત ૧૨૧ ૧૨૬ ૧૪૧ ૧૭૨
હીંદુ, હીંદુઓ—એક કોમ ૭૧ ૯૧ ૯૬ ૧૯૬ ૧૯૯ ૨૦૪ ૩૨૦ ૩૪૪ ૩૪૭
હીંદુસ્થાન—એક દેશ ૬૮ ૧૨૧ ૧૪૬ ૨૧૬ ૨૨૨ ૨૩૪ ૨૩૫ ૨૫૩ ૨૬૮ ૨૮૮
હીમત—બુલંદ, માણસની, મોટી ૧૪૭ ૩૦૮ ૩૪૭
—ઈમામતપણાની ૨૧૭
—શીખવાની, આલા, ૩૨૮ ૩૫૨
હુકમ—અમલદારોના ૧૮૯
—ખુદાનો ૧૮ ૧૯ ૩૭ ૪૨
—હાઝર ઇમામનો, મુખી કામડીયાનો ૧૪૧ ૨૪૧ ૨૯૪ ૩૦૬ ૩૦૮
—વારસ કાસમનો ૧૪૮ ૧૭૯
—ભોમીયાનો ૫૭
—કમીટીના ૩૦૩ ૩૦૬
હુન્નર—૧૫૯
હુરાંઓ—બહેસ્તમાં ૩૪૮
હેરાન—આખરતમાં ૧૩૨

હેવાન-જનાવર ૧૩૦ ૧૩૫ ૧૫૮ ૧૫૯ ૧૬૦ ૧૬૧ ૧૬૩ ૧૬૫ ૧૬૬ ૨૦૬

હોજ-પાણીનો ૨૬૧ ૨૬૨

હોજે કૌસર-૩૮ ૩૯ ૪૦ ૪૨

## આભાર

કલામે ઇમામે મુબીન તૈયાર કરવામાં જે ભાઇઓનો સાથ અને સહકાર મળ્યાં છે તેમનો ઉલ્લેખ અત્રે કરવો જ જોઇએ.

ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડીયાના અમલદારોમાં ઓનરરી પ્રેસ સેક્રેટરી હુઝુર મુખી વલીમહમદ નાનજી હુદા, ઓનરરી માજી ચીફ સેક્રેટરી મી. ગુલામઅલી નઝરઅલી હાશમ "ગુલ", ઓનરરી મીશન સેક્રેટરી મી. અબ્દુલહુસેન કરીમ રહેમતુલા, ઓનરરી લાઇબ્રેરી સેક્રેટરી મી. અબ્દુલહુસેન લાડક ઉપરાંત મીશનરી મામદભાઇ મુરાદઅલી, મીશનરી અલીભાઇ મહમદ, મીશનરી જુમાભાઇ મહમદ, મીશનરી જાફરઅલી મહમદ, મીશનરી જમાલભાઇ વીરજી, મીશનરી અલીભાઇ હાશમ, મીશનરી અમીરઅલી કાસમ, તેમજ હુઝુર મુખી મહમદઅલીભાઇ મહમદે જે શ્રમ ઉઠાવ્યો છે તે તેમની ઇમામ અને કોમ પ્રત્યેની સેવાભાવનાનો પુરાવો છે.

હસ્તલિખિત જુના ચોપડાઓ અમને મોકલવા માટે નીચે જણાવેલા ભાઇઓનો ઘણો જ અહેસાનમંદ છું.

મી. સુંદરજીભાઇ કલ્યાણ (લખતર), મી. અલીભાઇ ડોસા (અમરેલી), મી. સવજીભાઇ રાજન (અમરેલી), મી. અલીભાઇ આમદ (જુનાગઢ), મી. રહેમતુલાભાઇ નથુ (જુનાગઢ), મી. જાદવજીભાઇ મામદ (લુણીધાર), મી. કાસમભાઇ દેવજી (રાજકોટ), મી. નજરઅલીભાઇ ડાયા (તલસાણા) અને મી. વલીમહમદ વૈયા ગાંગજી (કમ્પાલા આફ્રિકા)

આ પુસ્તકના શબ્દોની અનુક્રમણિકા તૈયાર કરી આપવા માટે આલીજાહ હુસેનભાઇ જી. મર્ચંટનો પણ ઘણો જ આભારી છું.

પ્રેસિડેન્ટ,

ઇસમાઇલીઆ એસોસિએશન ફોર ઇન્ડીઆ

This Page Intentionally Left Blank